
શ્રાવક પ્રજ્ઞપ્તિ પ્રકરણ

ગુજરાતી ભાવાનુવાદ



: ભાવાનુવાદકાર :
પ. આચાર્યશ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

॥ શ્રીધરણેન્દ્રપદ્માવતીસંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરીશ્વરેભ્યો નમઃ ॥
॥ ઐં નમઃ ॥

ગુજરાતી ભાવાનુવાદ સહિત

શ્રાવક પ્રજ્ઞપ્તિ પ્રકરણ

મૂલ ગ્રંથકાર

વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજા

ટીકાકાર

પ્રાતઃ સ્મરણીય શ્રીહરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા

ભાવાનુવાદકાર

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના વિનેયરત્ન
પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

002040
04.02

સંપાદક

પૂ. મુનિ શ્રી ધર્મશેખર વિજયજી

સહયોગ

પૂ. મુનિ શ્રી દિવ્યશેખર વિજયજી



- પુસ્તક :
  શ્રાવક પ્રજ્ઞપ્તિ પ્રકરણ
- ભાવાનુવાદકાર :
  પૂ. આચાર્યશ્રી રાજશેખરસૂરીશ્વરજી
- સંપાદક :
  પૂ. મુનિ શ્રી ધર્મશેખર વિજયજી
- સહયોગ :
  પૂ. મુનિ શ્રી દિવ્યશેખર વિજયજી
  વિ.સં. ૨૦૬૩, વીર સં. ૨૫૩૩, ઈ.સ. ૨૦૦૭
- કિંમત : રૂા. ૧૦૦/-
- પ્રત : ૧૦૦૦
- પ્રકાશક :
  શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ
  C/o. હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ : ૪૮૧, ગની એપાર્ટમેન્ટ,
  મુંબઈ-આગ્રા રોડ, ભીવંડી - ૪૨૧ ૩૦૫. (જિ. થાણા)

• વિશેષ સૂચના •

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહિ. વાંચવા માટે પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને અને જ્ઞાનભંડારને આ પુસ્તક વિના મૂલ્યે આપવામાં આવશે.

- મુદ્રક :
  Tejas Printers
  403, Vimal Vihar Apartment, 22, Saraswati Society,
  Near Jain Merchant Society, Paldi, **AHMEDABAD** - 7.
  Phone : (079) 26601045

સંપૂર્ણ આર્થિક સહકાર

વર્ધમાન તપોનિધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજ તથા અધ્યાત્મવિદ્યા વિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજની પાવન પ્રેરણાથી શ્રી કુંથુનાથ ભગવાન જૈન દહેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ (ગણેશ સિસોદરા – નવસારી) પોતાના જ્ઞાનનિધિ દ્રવ્યમાંથી આ પુસ્તકનો સંપૂર્ણ લાભ લીધેલ છે.

પૂ. સાધ્વીજી શ્રી સૌમ્યજ્યોતિશ્રીજીના શિષ્યા શ્રી શ્રુતપ્રજ્ઞાશ્રીજીની સિસોદરામાં દીક્ષા થઇ એ પ્રસંગે થયેલી જ્ઞાનખાતાની રકમનો તુરત સદુપયોગ કરી દેવામાં આવશે, એવી જાહેરાત કરી અને એ દ્રવ્યનો તરત સદુપયોગ કરવામાં આવ્યો. એ ખૂબ ખૂબ અનુમોદનીય છે. બીજા સંઘોએ પણ આ પ્રસંગથી પ્રેરણા લેવી જોઇએ.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ

પ્રાક્કથન

શ્રાવક પ્રજ્ઞપ્તિ મૂળ ગ્રંથના કર્તા વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજા છે કે સુગૃહીત નામધેય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા છે એ વિષે વિદ્વાનોમાં મતભેદ છે. આમ છતાં શ્રાવક પ્રજ્ઞપ્તિ ગ્રંથ વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત છે એવી વર્તમાનમાં પ્રસિદ્ધિ હોવાથી પ્રસ્તુત પુસ્તકમાં શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત એવો ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તુત ગ્રંથમાં મુખ્યતયા શ્રાવકનાં બાર વ્રતોનું વર્ણન છે. આથી શ્રાવકનાં બાર વ્રતોને વિસ્તારથી સમજવા માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી છે. પ્રસ્તુત ગ્રંથમાં મુખ્યતયા શ્રાવકનાં બાર વ્રતોનું વર્ણન હોવા છતાં પ્રસંગે પ્રસંગે બીજા અનેક વિષયોનું આમાં વર્ણન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત પુસ્તકમાં આપેલી અનુક્રમણિકા જોવાથી આનો ખ્યાલ આવી જશે. આથી આ ગ્રંથને ચિંતન-મનનપૂર્વક વાંચવામાં આવે તો ઘણો બોધ થાય. સંસ્કૃત ભાષાના અલ્પ બોધવાળા સાધુ-સાધ્વીઓના તથા જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓના બોધમાં આ ગ્રંથના વાંચનથી વૃદ્ધિ થાય એ હેતુથી આ ગ્રંથનો સટીક ગુજરાતી અનુવાદ કર્યો છે.

ગુજરાતી અનુવાદ કરવામાં જેમની દિવ્યકૃપાની સતત વૃષ્ટિ થઈ રહી છે તે સિદ્ધાંતમહોદધિ સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા, પરમગીતાર્થ સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજા અને વર્ધમાનતપોનિધિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલલિત-શેખરસૂરીશ્વરજી મહારાજાને નતમસ્તકે ભાવભરી વંદના કરું છું. પ્રસ્તુત ગ્રંથનું સંપાદન કાર્ય કરીને મુનિશ્રી ધર્મશેખરવિજયજી તથા પ્રુફ સંશોધન-વેયાવચ્ચ આદિ દ્વારા મુનિશ્રી દિવ્યશેખરવિજયજી સહાયક બન્યા છે. આથી તે બંને આ પ્રસંગે સ્મૃતિપથમાં આવે એ સહજ છે. પ્રસ્તુત અનુવાદની સુવાચ્ય અક્ષરોમાં પ્રેસકોપી તૈયાર કરવા દ્વારા ભક્તિ કરનારા સા.શ્રી રોહિતાશ્રીજીના શિષ્યા સાધ્વીજી શ્રી કૈવલ્યરત્નાશ્રીજી પણ સ્મૃતિમાં આવ્યા વિના રહેતા નથી.

સુશ્રાવક નરેશભાઈ પત્રાવાળાએ અનુવાદનું વાંચન કરીને યથાયોગ્ય સૂચનો કર્યા છે. આ અનુવાદમાં જિનાજ્ઞા વિરુદ્ધ કે ગ્રંથકાર-ટીકાકારના આશયથી વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તે બદલ ક્ષમાની યાચના કરવા સાથે ત્રિવિધ-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં થાઓ. અનુવાદમાં ક્ષતિ જણાય તો વિદ્વાન મહાશયો મારા ઉપર કૃપા કરીને જણાવે એ જ અભ્યર્થના.

શ્રી રામચંદ્રસૂરિ આરાધના ભવન - **આચાર્ય રાજશેખરસૂરિ**

૫, મહાવીરધામ સોસાયટી, વિ.સં. ૨૦૬૭,

હરણી રોડ, વડોદરા. પો.વ. દ્વિતીય આઠમ

અનુક્રમણિકા

વિષય ..... ગાથાંક

- મંગલ-અભિધેયાદિ ૧
- શ્રાવક શબ્દનો અર્થ ૨
- જિનવાણી શ્રવણથી થતા ગુણો ૩-૫
- શ્રાવકનાં બાર વ્રતોની ભૂમિકા ૬
- સમ્યક્ત્વ અને તેના ભેદોનો નિર્દેશ ૭
- જીવ અને કર્મનો સંબંધ ૮
- કર્મબંધના કારણે મિથ્યાત્વાદિ ૯
- કર્મના આઠ પ્રકાર ૧૦-૧૧
- જ્ઞાનાવરણનાં પાંચ પ્રકાર ૧૨
- દર્શનાવરણનાં નવ પ્રકાર ૧૩-૧૪
- મોહનીય કર્મના બે પ્રકાર ૧૫
- ચારિત્ર મોહનીયના પચીસ પ્રકાર ૧૬-૧૮
- આયુષ્યના ચાર પ્રકાર ૧૯
- નામકર્મના બેતાલીસ પ્રકાર ૨૦-૨૪
- ગોત્ર કર્મના બે પ્રકાર ૨૫
- અંતરાય કર્મના પાંચ પ્રકાર ૨૬
- કર્મની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૭-૩૦
- અંતઃકોડાકોડિ સ્થિતિ ૩૧-૩૨
- અપૂર્વકરણ દ્વારા સમ્યક્ત્વની પ્રાપ્તિ ૩૩
- સમ્યક્ત્વ પ્રાપ્તિ સંબંધી શંકા-સમાધાન ૩૪-૪૨
- સમ્યક્ત્વના ત્રણ પ્રકાર ૪૩
- ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ ૪૪
- ઔપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ ૪૫-૪૭
- ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ ૪૮
- કારક અને રોચક સમ્યક્ત્વનું સ્વરૂપ ૪૯
- દીપક સમ્યક્ત્વનું સ્વરૂપ ૫૦
- મિથ્યાત્વાણુ આદિના કારણે સમ્યક્ત્વની વિચિત્રતા ૫૧
- નિસર્ગરુચિ આદિ દશ પ્રકારનું સમ્યક્ત્વ ૫૨

- સમ્યક્‌ત્વનાં શમ-સંવેગ આદિ લક્ષણો ૫૩-૫૯
- સમ્યગ્‌દર્શનનું ફળ ૬૦
- નિશ્ચયનયની અપેક્ષાએ સમ્યક્‌ત્વ ૬૧
- તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્‌દર્શનં ૬૨

સાત તત્ત્વ અધિકાર (૬૩-૮૩)

- સાત તત્ત્વો ૬૩
- જીવના બે પ્રકાર ૬૪
- સંસારી જીવના છ દ્વારો ૬૫
- ભવ્ય-અભવ્ય ૬૬-૬૭
- આહારક-અનાહારક ૬૮-૬૯
- પર્યાપ્ત-અપર્યાપ્ત ૭૦-૭૧
- શુક્લપાક્ષિક-કૃષ્ણપાક્ષિક ૭૨-૭૩
- સોપક્રમ-નિરુપક્રમ ૭૪-૭૫
- સિદ્ધોના અનેક ભેદો ૭૬-૭૭
- ધર્મ-અધર્મ-આકાશ અને કાળનું સ્વરૂપ ૭૮
- આસ્રવનું સ્વરૂપ અને ભેદ ૭૯
- બંધનું સ્વરૂપ અને ભેદ ૮૦
- સંવરનું સ્વરૂપ અને હેતુ ૮૧
- નિર્જરાનું સ્વરૂપ ૮૨
- મોક્ષનું સ્વરૂપ ૮૩
- તત્ત્વની શ્રદ્ધા કરે તે સમ્યગ્‌દૃષ્ટિ ૮૪

સમ્યક્‌ત્વાતિચાર અધિકાર (૮૫-૧૦૫)

- તત્ત્વ અશ્રદ્ધાથી મિથ્યાત્વ ૮૫
- સમ્યક્‌ત્વના પાંચ અતિચાર ૮૬
- શંકા, કાંક્ષા અને વિચિકિત્સાનું સ્વરૂપ ૮૭
- પરપાષંડ પ્રશંસા અને પરપાષંડ સંસ્તવનું સ્વરૂપ ૮૮
- શંકા અતિચાર કેમ છે ? ૮૯
- શંકા કરવાથી થતા દોષો ૯૦-૯૧
- શંકા ઉપર બે બાળકોનું ઉદાહરણ ૯૦
- કાંક્ષા આદિમાં અતિચારપણું ૯૨
- કાંક્ષા ઉપર વિદ્યાસાધકનું દૃષ્ટાંત ૯૩

- વિચિકિત્સા ઉપર શ્રાવક પુત્રીનું દૃષ્ટાંત ૯૩
- પરપાષંડ પ્રશંસા ઉપર ચાણક્યનું દૃષ્ટાંત ૯૩
- પરપાષંડ સંસ્તવ ઉપર શ્રાવકનું દૃષ્ટાંત..... ૯૩
- અનુપબૃંહણા-અસ્થિરીકરણ..... ૯૪-૯૫
- શા માટે અતિચારોનો ત્યાગ કરવો ? ૯૬
- અતિચાર થવા ન થવામાં શંકા-સમાધાન ૯૭-૯૯
- અતિચાર છોડી શકાય ? શંકા-સમાધાન ૧૦૦-૧૦૫

બાર વ્રત અધિકાર (૧૦૬-૩૩૮)

- પાંચ અણુવ્રતોનો નિર્દેશ ૧૦૬
- પહેલું અણુવ્રત..... ૧૦૭
- વ્રત ગ્રહણ કરવાનો વિધિ..... ૧૦૮

વ્રતો ગુરુ પાસે સ્વીકારવાથી લાભ (૧૦૯-૧૧૩)

- દેશવિરતિના પરિણામ થવા ન થવામાં શંકા-સમાધાન ૧૦૯-૧૧૩

ગુરુને સૂક્ષ્મજીવોની હિંસાની અનુમતિનું પાપ ન લાગે (૧૧૪-૧૧૮)

- હિંસાનુમતિનું પાપ શંકા-સમાધાન ૧૧૪-૧૧૮
- શ્રેષ્ઠિપુત્રોનું દૃષ્ટાંત..... ૧૧૪

ત્રસભૂત પ્રાણીઓના વધની વિરતિ (૧૧૯-૧૩૨)

- ત્રસભૂત પ્રાણીની વધવિરતિ શંકા-સમાધાન ૧૧૯-૧૩૨

સંસારમોચકમત (૧૩૩-૧૬૩)

- દુઃખી જીવોના વધની નિવૃત્તિ ઉચિત નથી - શંકા-સમાધાન ૧૩૩-૧૬૩

આગંતુક દોષવાદ (૧૬૪-૧૭૫)

- સિંહાદિની વધવિરતિથી થતા દોષોની શંકા અને તેનું સમાધાન ૧૬૪-૧૭૫

નિત્યાનિત્યવાદ (૧૭૬-૧૯૧)

- નિત્યાનિત્યપક્ષમાં વધવિરતિનું નિર્વિષયપણું શંકા-સમાધાન ૧૭૬-૧૯૧

અકાલમરણાભાવવાદ (૧૯૨-૨૦૮)

- અકાલમરણના અભાવમાં વધવિરતિ વંધ્યાપુત્રના માંસભક્ષણની નિવૃત્તિ સમાન શંકા-સમાધાન ૧૯૨-૨૦૮

કર્મબંધ પ્રમાણે કર્મભોગવાદ (૨૦૯-૨૨૦)

- જેણે જેવું કર્મ કર્યું હોય તેણે તે અવશ્ય ભોગવવું પડે. વધમાં નિમિત્ત બનનારનો શો દોષ ? વધ્યનો જ દોષ છે કે તેણે આવું કર્મ કર્યું છે, માટે વધવિરતિ નિષ્ફળ છે. શંકા-સમાધાન ૨૦૯-૨૨૦

પરિણામ પ્રમાણે કર્મબંધ (૨૨૧-૨૩૪)

- બાળ, કુમાર આદિના વધમાં કર્મનો અધિક ઉપક્રમ થવાથી પાપ અધિક અને વૃદ્ધ આદિના વધમાં કર્મનો અલ્પ ઉપક્રમ થવાથી પાપ અલ્પ થાય. શંકા-સમાધાન..... ૨૨૧-૨૩૪

વધસંભવની વિરતિસંબંધીવાદ (૨૩૫-૨૫૫)

- કૃમિ-કીડી આદિના વધનો સંભવ છે માટે તેની વિરતિ ઉચિત છે પણ નારક આદિના વધનો સંભવ નથી માટે તેની વધવિરતિ નિષ્ફળ છે. શંકા-સમાધાન..... ૨૩૫-૨૫૫
- મિથ્યાદર્શનને વશ થયેલા ન ઘટે તેવું બોલે છે તે અસાર જાણવું ૨૫૬
- વ્રતનો સ્વીકાર કરી, અતિચારોને જાણી તેનો ત્યાગ કરવો ૨૫૭
- પહેલા અણુવ્રતના અતિચારો ૨૫૮
- ત્રસ જીવોની રક્ષા માટે શું કરવું ? ૨૫૯
- બીજું અણુવ્રત - સ્વરૂપ અને અતિચાર ૨૬૦-૨૬૪
- ત્રીજું અણુવ્રત - સ્વરૂપ અને અતિચાર ૨૬૫-૨૬૯
- ચોથું અણુવ્રત - સ્વરૂપ અને અતિચાર ૨૭૦-૨૭૪
- પાંચમું અણુવ્રત - સ્વરૂપ અને અતિચાર ૨૭૫-૨૭૯
- પહેલું ગુણવ્રત-સ્વરૂપ-લાભ-અતિચાર ૨૮૦-૨૮૩
- બીજું ગુણવ્રત-સ્વરૂપ ૨૮૪
- ભોજન આશ્રયી અતિચારો ૨૮૫-૨૮૬
- કર્મ આશ્રયી અતિચારો ૨૮૭-૨૮૮
- ત્રીજું ગુણવ્રત - સ્વરૂપ અને અતિચાર ૨૮૯-૨૯૧
- પહેલું શિક્ષાવ્રત - સામાયિકનું સ્વરૂપ.....૨૯૨
- સામાયિકમાં રહેલા શ્રાવકની સાધુતા સંબંધી શંકા-સમાધાન ૨૯૩-૨૯૪

- દશ દ્વારો દ્વારા સાધુ અને શ્રાવકમાં ભેદ ૨૯૫
- શિક્ષા દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ ૨૯૬
- ઉપપાત દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ..... ૩૦૦-૩૦૧
- સ્થિતિ દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ..... ૩૦૨
- ગતિ દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ ૩૦૩
- કષાયો દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ ૩૦૪
- બંધ દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ ૩૦૫-૩૦૮
- વેદ દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ ૩૦૯
- પ્રતિપત્તિ દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ ૩૧૦
- અતિક્રમ દ્વારા સાધુ-શ્રાવકનો ભેદ..... ૩૧૧
- સામાયિકના અતિચારો ૩૧૨-૩૧૭
- બીજું શિક્ષાવ્રત - દિગ્વ્રતનું સ્વરૂપ ૩૧૮
- દૃષ્ટિવિષ સર્પનું દૃષ્ટાંત ૩૧૯
- વૈદ્યનું દૃષ્ટાંત ૩૧૯
- દિગ્વ્રતના અતિચારો ૩૨૦
- ત્રીજું શિક્ષાવ્રત-પૌષધનું સ્વરૂપ-ભેદ ૩૨૧
- પૌષધના અતિચારો ૩૨૨
- ચોથું શિક્ષાવ્રત-અતિથિસંવિભાગ-સ્વરૂપ ૩૨૩
- અતિથિસંવિભાગના અતિચાર..... ૩૨૭
- અણુવ્રતોમાં કયા યાવત્કથિક અને કયા ઇત્વર ૩૨૮

પ્રત્યાખ્યાનના ૧૪૭ ભાંગા (૩૨૯-૩૩૧)

શ્રાવકને ત્રિવિધ-ત્રિવિધથી પ્રત્યાખ્યાન (૩૩૨-૩૩૮)

નિવાસ સામાચારી (૩૩૯-૩૪૨)

- શ્રાવક કેવા સ્થાનમાં રહે ?..... ૩૩૯-૩૪૨
- શ્રાવકની દિનચર્યા ૩૪૩-૩૬૩
- પ્રાતઃકાળે જાગેલો શ્રાવક સાત-આઠ નવકાર ગણે, વ્રત-નિયમ સંભારે, ચૈત્યવંદન કરે, વિધિપૂર્વક પ્રત્યાખ્યાન કરે..... ૩૪૩-૩૪૪
- પૂજામાં જીવહિંસા અંગે શંકા-સમાધાન ૩૪૫-૩૫૦
- ગુરુ સાક્ષીએ ધર્મ કરવાથી થતા લાભો ૩૫૧
- સાધુ પાસે ધર્મનું શ્રવણ કરે..... ૩૫૨

- અનિંદ્ય વેપાર કરે, અતિથિસંવિભાગ ૩૫૩
- સાધુઓની સેવા કરે, વૈભવોચિત જિનપૂજા કરે, એકાંતમાં શયન કરે ૩૫૪
- બ્રહ્મચર્યનું પાલન કરે, અબ્રહ્મનો નિયમ કરે, નિદ્રામાંથી જાગેલો અરિહંતનું સ્મરણ કરે ૩૫૫
- ચિંતન કરે.....૩૫૬-૩૬૨
- ચિંતન કરવાથી થતા લાભો ૩૬૩

પ્રવાસ વિધિ (૩૬૫-૩૭૫)

- સંઘવતી જિનમંદિરોમાં અને સાધુઓને અવશ્ય વંદન કરે.....૩૬૬-૩૭૦
- સંઘવતી વંદન ન કરવામાં દોષ..... ૩૭૧-૩૭૨
- સમયાભાવમાં પણ સંઘવતી નમસ્કાર કરે ૩૭૩-૩૭૪
- પ્રવાસવિધિને જાણીને વિધિપૂર્વક કરે છે તે કુશળ છે ૩૭૫

સંલેખના (૩૭૬-૩૮૫)

- બીજા અભિગ્રહો ગ્રહણ કરે ૩૭૬
- સંલેખનાની આરાધના..... ૩૭૮-૩૮૪
- સંલેખનાના અતિચાર ૩૮૫

શ્રાવકની ભાવના (૩૮૬-૪૦૦)

- જિનભાષિત ધર્મગુણો અને તેના અવ્યાબાધ ફળને વિચારે ૩૮૬-૪૦૦
- ગ્રંથકાર પોતાની ઉદ્ધતાઈનો અભાવ પ્રગટ કરે છે ૪૦૨
- અનુવાદકારની પ્રશસ્તિ.....૩૫૦
- ગાથાનામકાદ્યનુક્રમણિકા ૩૫૧



"ધરણેન્દ્ર-પદ્માવતીસંપૂજિતાય ૐ હ્રીઁ શ્રીઁ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ"
"શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ"

ऐं नमः

વાચકવર શ્રીઉમાસ્વાતિમહારાજ વિરચિત

પ્રાતઃસ્મરણીય શ્રીહરિભદ્રસૂરિમહારાજ વિરચિત

દિક્‌પ્રદા વ્યાખ્યા સહિત શ્રાવક પ્રજ્ઞપ્તિ પ્રકરણનો

આચાર્ય રાજશેખરસૂરિકૃત ગુજરાતી ભાવાનુવાદ

શ્રાવક પ્રજ્ઞપ્તિ

ટીકાકારનું મંગલાચરણ

स्मरणं यस्य सत्त्वानां, तीव्रपापौघशान्तये ।
उत्कृष्टगुणरूपाय तस्मै, श्रीशान्तये नमः ॥ १ ॥

જેમનું સ્મરણ જીવોના તીવ્ર પાપસમૂહના નાશ માટે થાય છે અને જે ઉત્કૃષ્ટ ગુણસ્વરૂપ છે, તે શ્રીશાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.

ગ્રંથકારનું મંગલાચરણ

स्वपरोपकाराय श्रावकप्रज्ञप्त्याख्यप्रकरणस्य व्याख्या प्रस्तूयते । तत्र चादावेवाचार्यः शिष्टसमयप्रतिपालनाय विघ्नविनायकोपशान्तये प्रयोजनादिप्रतिपादनार्थं चेदं गाथासूत्रमुपन्यस्तवान् ॥

સ્વ-પરના ઉપકાર માટે શ્રાવક પ્રજ્ઞપ્તિ નામના પ્રકરણની વ્યાખ્યાનો પ્રારંભ કરવામાં આવે છે. તેમાં પ્રારંભમાં ગ્રંથકર્તા આચાર્યે (=શ્રીઉમાસ્વાતિ મહારાજે) શિષ્ટાચારના પાલન માટે, વિઘ્ન સમૂહના નાશ માટે અને પ્રયોજન આદિનું પ્રતિપાદન કરવા માટે આ ગાથારૂપ [1]સૂત્રનો ઉપન્યાસ (=ઉલ્લેખ) કર્યો છે.

अरहंते वंदित्ता, सावगधम्मं दुवालसविहं पि ।
वोच्छामि समासेणं, गुरूवएसाणुसारेणं ॥ १ ॥

---

૧. સૂત્રો ગદ્ય અને પદ્ય એમ બે પ્રકારના હોય છે. ગાથા વિનાના જે સૂત્રો હોય તે ગદ્ય કહેવાય. ગાથાવાળા જે સૂત્રો હોય તે પદ્ય કહેવાય. પ્રસ્તુત પ્રકરણમાં ગાથાવાળા સૂત્રો હોવાથી "ગાથા રૂપ સૂત્ર" એમ કહ્યું છે.

[अर्हतो वन्दित्वा श्रावकधर्मं द्वादशविधमपि ।
वक्ष्ये समासेन गुरूपदेशानुसारेण ॥ १ ॥]

इह हि शिष्टानामयं समयो यदुत शिष्टाः क्वचिदिष्टे वस्तुनि प्रवर्तमानाः सन्त इष्टदेवतानमस्कारपूर्वकं प्रवर्तन्त इत्ययमप्याचार्यो न हि न शिष्ट इत्यतस्तत्समयप्रतिपालनाय, तथा श्रेयांसि बहुविघ्नानि भवन्तीति । उक्तं च

श्रेयांसि बहुविघ्नानि भवन्ति महतामपि ।
अश्रेयसि प्रवृत्तानां क्वापि यान्ति विनायकाः ॥)

इदं च प्रकरणं सम्यग्ज्ञानहेतुत्वाच्छ्रेयोभूतं वर्तते अतो मा भूद्विघ्न इति विघ्नविनायकोपशान्तये, तथा प्रेक्षापूर्वकारिणः प्रयोजनादिविरहेण न क्वचित्प्रवर्तन्त इत्यतः प्रयोजनादिप्रतिपादनार्थं च, तत्र 'अरहंते वंदित्ता' इत्यनेनेष्टदेवतानमस्कारमाह, अयमेव विघ्नविनायकोपशमहेतुः । सावगधम्ममित्यादिना तु प्रयोजनादि त्रयमिति गाथासमुदायार्थः ॥

अवयवार्थस्तु अशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तस्तीर्थंकरास्तानर्हतः । **वन्दित्वा** अभिवन्द्य । **श्रावका** वक्ष्यमाणशब्दार्थाः, तेषां **धर्मस्तं** किंभूतं द्वादश विधाः प्रकारा अस्येति **द्वादशविधस्तं** द्वादशविध**मपि** संपूर्णं नाणुव्रताद्येकदेशप्रतिबद्धमिति । **वक्ष्ये**ऽभिधास्ये ततश्च यथोदितश्रावकधर्माभिधानमेव प्रयोजनं, स एवाभिधीयमानो ऽभिधेयं, साध्यसाधनलक्षणश्च संबन्धः, तत्र साध्यः प्रकरणार्थः साधनमिदमेव वचनरूपापन्नमिति । आह– यद्येवं नार्थोऽनेन पूर्वाचार्यैरेव यथोदितश्रावकधर्मस्य ग्रन्थान्तरेष्वभिहितत्वात्, उच्यते– सत्यमभिहितः प्रपञ्चेन, इह तु संक्षेपरुचिसत्त्वानुग्रहार्थं **समासेण** संक्षेपेण वक्ष्ये । किं स्वमनीषिकया, नेत्याह– **गुरूपदेशानुसारेण** गृणाति शास्त्रार्थमिति गुरुस्तस्मादुपदेशो गुरूपदेशस्तदनुसारेण, तन्नीत्येत्यर्थः ॥ १ ॥

ગાથાર્થ– અરહંતોને વંદન કરીને બારે ય પ્રકારના શ્રાવક ધર્મને ગુરુના ઉપદેશના અનુસારે સંક્ષેપથી કહીશ. (૧)

ટીકાર્થ– અહીં શિષ્ટ પુરુષોનો આ આચાર છે કે ઈષ્ટ કાર્યમાં પ્રવૃત્તિ કરતા શિષ્ટ પુરુષો ઈષ્ટ દેવને નમસ્કાર કરવાપૂર્વક પ્રવૃત્તિ કરે છે. આ આચાર્ય (=શ્રીઉમાસ્વાતિ મહારાજા) પણ શિષ્ટ છે. આથી શિષ્ટાચારના પાલન માટે મંગલને જણાવનારી આ ગાથા કહી છે. તથા કલ્યાણકારી

કાર્યોમાં ઘણાં વિઘ્નોનો સંભવ છે. કહ્યું છે કે– "મોટાઓને પણ કલ્યાણકારી કાર્યોમાં ઘણાં વિઘ્નો આવે છે. અકલ્યાણકારી કાર્યોમાં વિઘ્નો ક્યાંય ભાગી જાય છે." આ પ્રકરણ સમ્યગ્જ્ઞાનનો હેતુ હોવાથી કલ્યાણકારી છે. આથી વિઘ્નસમૂહના નાશ માટે પણ મંગલ કરવા માટે આ ગાથા કહી છે.

વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા બુદ્ધિમાન પુરુષો પ્રયોજન વગેરેથી રહિત કાર્યમાં પ્રવૃત્તિ કરતા નથી. આથી પ્રયોજન આદિને જણાવવા માટે આ ગાથા કહી છે.

તેમાં **अरहंते वंदित्ता**='અરહંતોને વંદન કરીને' એ પદોથી ઇષ્ટ દેવને નમસ્કાર કહ્યો છે. ઇષ્ટ દેવને કરેલો આ નમસ્કાર જ વિઘ્નસમૂહના નાશનો હેતુ છે.

सावगधम्म ઇત્યાદિ પદોથી પ્રયોજન આદિ ત્રણનું પ્રતિપાદન કર્યું છે.

આ પ્રમાણે ગાથાનો આ સામાન્ય અર્થ છે. ગાથાનો વિશેષ અર્થ આ પ્રમાણે છે–

અરહંતોને વંદન કરીને– અશોકવૃક્ષ વગેરે આઠ[૧] મહાપ્રાતિહાર્ય આદિ સ્વરૂપ પૂજાને જે યોગ્ય છે તે અરહંત. અરહંત એટલે તીર્થંકર. તીર્થંકરોને વંદન કરીને.

બારે ય પ્રકારના શ્રાવક ધર્મને– અણુવ્રત વગેરે કોઇ એક વિભાગવાળા શ્રાવક ધર્મને કહીશ એમ નહિ, કિંતુ બારે ય પ્રકારના સંપૂર્ણ શ્રાવક ધર્મને કહીશ. શ્રાવક શબ્દનો અર્થ હવે પછી કહેવામાં આવશે.

---

૧. **अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।**
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

"અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુંદુભિ અને છત્ર આ આઠ પ્રાતિહાર્યો જિનેશ્વરોને હોય છે."

અશોકવૃક્ષ– અશોકવૃક્ષ સમવસરણના મધ્યમાં હોય છે. ભગવાનના શરીરથી બાર ગણું ઊંચું અને ગોળાકારે ચારે બાજુ યોજન સુધી પહોળું-વિસ્તારવાળું હોય છે. આની રચના વ્યંતર દેવો કરે છે. તેનો રંગ રક્ત=લાલ હોય છે.

સુરપુષ્પવૃષ્ટિ– સમવસરણની ભૂમિમાં ધૂળ શમાવવા માટે દેવો ઘનસાર આદિથી મિશ્રિત જળની વૃષ્ટિ કરે છે. ત્યારબાદ પુષ્પવૃષ્ટિ કરે છે. ડીંટા નીચે રહે તેમ, ઊંચાઇમાં જાનુ સુધી અને વિસ્તારમાં યોજન સુધી વિવિધ રંગનાં પુષ્પો વર્ષાવે છે. તેટલા પ્રમાણવાળા પણ પુષ્પોને સ્વેચ્છાથી ફરતા કોટાકોટિ દેવો અને મનુષ્યોના પગથી કચડાવા છતાં જરા પણ વેદના થતી નથી.

બારે ય પ્રકારના શ્રાવક ધર્મનું કથન કરવું એ જ આ ગ્રંથરચનાનું પ્રયોજન છે. આ પ્રકરણમાં કહેવાતો શ્રાવક ધર્મ અભિધેય છે. સાધ્ય-સાધન રૂપ સંબંધ છે. તેમાં પ્રકરણનો અર્થ (=શ્રાવક ધર્મનો અર્થ) સાધ્ય (કાર્ય) છે. વચનરૂપને પામેલું આ પ્રકરણ તેનું (=શ્રાવક ધર્મના અર્થને જાણવાનું) સાધન છે.

સંક્ષેપથી– પ્રશ્ન– અહીં શ્રાવક ધર્મને કહેવાની કોઇ જરૂર નથી. કેમ કે પૂર્વાચાર્યોએ જ યથોક્ત શ્રાવક ધર્મને અન્ય ગ્રંથોમાં કહ્યો છે.

ઉત્તર– પૂર્વાચાર્યોએ અન્ય ગ્રંથોમાં શ્રાવક ધર્મને કહ્યો છે એ તમારું કથન સાચું છે. પણ પૂર્વાચાર્યોએ શ્રાવક ધર્મ વિસ્તારથી કહ્યો છે. અહીં તો સંક્ષેપથી જાણવાની રુચિવાળા જીવોના અનુગ્રહ માટે સંક્ષેપથી કહીશ.

ગુરુના ઉપદેશના અનુસારે– શાસ્ત્રના અર્થને કહે તે ગુરુ. શ્રાવક ધર્મને મારી બુદ્ધિથી નહિ, કિંતુ ગુરુના ઉપદેશના અનુસારે કહીશ, અર્થાત્ ગણધર વગેરે ગુરુએ જે રીતે શ્રાવક ધર્મને કહ્યો છે તે રીતે કહીશ. (૧)

'શ્રાવક' શબ્દનો અર્થ (ગાથા ૨-૩-૪-૫)

श्रावकधर्मस्य प्रक्रान्तत्वात्तस्य श्रावकानुष्ठातृकत्वाच्छ्रावकशब्दार्थमेव प्रतिपादयति[1]–

संपत्तदंसणाई, पइदियहं जइजणा सुणेई य ।
सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥ २ ॥

દિવ્યધ્વનિ– ભગવાન માલકોશ રાગમાં દેશમાં આપે છે. ભગવાનના ધ્વનિને દેવો વીણા વગેરે વાજિંત્રોમાં પૂરે છે. આથી ભગવાનનો ધ્વનિ દિવ્ય છે. તે દિવ્યધ્વનિ યોજન સુધી પહોંચે છે.

ચામર– દેવો ભગવાનને શ્વેત ચામરો વીંઝે છે.

સિંહાસન– સમવસરણમાં ભગવાન સિંહાસન ઉપર આરૂઢ થાય છે. સિંહાસન આકાશ જેવા સ્વચ્છ સ્ફટિક રત્નનું હોય છે.

ભામંડલ– ભગવાનના મસ્તકની પાછળ ભામંડલ (=તેજનો સમૂહ) હોય છે.

દુંદુભિ– દેવો સમવસરણમાં અને વિહારમાં દુંદુભિ વગાડે છે. દુંદુભિના અવાજથી ભગવાનના આગમનની ખબર પડતાં ચારે બાજુના પ્રદેશોમાં રહેલા લોકો દર્શન-વંદન-વાણી શ્રવણ માટે દોડી આવે છે.

છત્ર– પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્રો લટકતાં હોય છે. તેમાં સૌથી નીચેનું છત્ર નાનું હોય છે. તેની ઉપરનું છત્ર તેનાથી મોટું હોય છે. ત્રીજું છત્ર તેનાથી પણ મોટું હોય છે.

૧. श्रावकानुगतत्वात् ।

[संप्राप्तदर्शनादिः प्रतिदिवसं यतिजनाच्छृणोत्येव ।
सामाचारीं परमां यः खलु तं श्रावकं ब्रुवते ॥ २ ॥]

संप्राप्तं दर्शनादि येनासौ संप्राप्तदर्शनादिः । दर्शनग्रहणात्सम्यग्दृष्टिरादिशब्दादणुव्रतादिपरिग्रहः । अनेन मिथ्यादृष्टेर्व्युदासः । स इत्थंभूतः **प्रतिदिवसं** प्रत्यहं **यतिजनात्**साधुलोकात् **श्रृणोत्येव** किं **सामाचारीं परमां** । तत्र समाचरणं समाचारः शिष्टाचरितः क्रियाकलापः, तस्य भावो "गुणवचनब्राह्मणादिभ्यः कर्मणि ष्यञ्" सामाचार्यं पुनः स्त्रीविवक्षायां "षिद्गौरादिभ्यश्च" इति ङीप्, यस्येत्यकारलोपः यस्य हल इत्यनेन तद्धितयकारलोपः परगमनं सामाचारी, तां सामाचारीं परमां प्रधानां साधुश्रावकसंबद्धामित्यर्थः । **यः खलु** य एव श्रृणोति **तं श्रावकं ब्रुवते** तं श्रावकं प्रतिपादयन्ति भगवन्तस्तीर्थकरगणधराः ॥

ततश्चायं पिण्डार्थः— अभ्युपेतसम्यक्त्वः प्रतिपन्नाणुव्रतोऽपि प्रतिदिवसं यतिभ्यः सकाशात्साधूनामगारिणां च सामाचारीं श्रृणोतीति श्रावकः इति ॥ २ ॥

અહીં શ્રાવકધર્મને કહેવાનું શરૂ કર્યું છે. શ્રાવકધર્મને આચરનાર શ્રાવક હોય છે. આથી ગ્રંથકાર શ્રાવક શબ્દના અર્થનું જ પ્રતિપાદન કરે છે.

ગાથાર્થ— સમ્યગ્દર્શનનાદિને પામેલો જે પ્રતિદિન સાધુઓની પાસે પરમ સામાચારીને અવશ્ય સાંભળે છે તેને શ્રાવક કહે છે.

ટીકાર્થ— સમ્યગ્દર્શન આદિને પામેલો— અહીં સમ્યગ્દર્શનને પામેલો એમ કહેવાથી સમ્યગ્દૃષ્ટિ જીવનું ગ્રહણ કર્યું છે. આથી જે સમ્યગ્દૃષ્ટિ છે તે શ્રાવક છે, મિથ્યાદૃષ્ટિ શ્રાવક નથી. આદિ શબ્દથી અણુવ્રતો વગેરેનું ગ્રહણ કરવું.

પરમ [1]સામાચારીને— સાધુ-શ્રાવકની પ્રધાન સામાચારીને. શિષ્ટોએ આચરેલો ક્રિયાસમૂહ સામાચારી છે.

કહે છે=તીર્થંકરો અને ગણધરો કહે છે.

ભાવાર્થ— જે જીવ સમ્યક્ત્વને પામ્યો છે અને અણુવ્રતો વગેરેનો પણ સ્વીકાર કર્યો છે તે જીવ દરરોજ સાધુઓ પાસેથી સાધુ-શ્રાવકની સામાચારીને અવશ્ય સાંભળે છે માટે તે શ્રાવક છે. (જે સાંભળે તે શ્રાવક એવો શ્રાવક શબ્દનો શબ્દાર્થ છે. આવો શબ્દાર્થ સમ્યક્ત્વને પામીને

૧. સમાચાર શબ્દથી સામાચારી શબ્દ બન્યો છે. તે આ પ્રમાણે— સમાચારનો ભાવ તે સામાચાર્ય. અહીં સમાચાર શબ્દ પછી ભાવ અર્થમાં સિ.હે.શ./૭/૧/૬૦ સૂત્રથી **ટ્યણ્** પ્રત્યય લાગતાં સામાચાર્ય શબ્દ બન્યો. પછી સ્ત્રીલિંગમાં સિ.હે.શ./૨/૪/૨૦ સૂત્રથી **ङी** પ્રત્યય લાગતાં સામાચારી શબ્દ બન્યો.

સાધુઓ પાસેથી દરરોજ સાધુ-શ્રાવકની સામાચારીને સાંભળનારમાં ઘટે છે માટે તે સાચો શ્રાવક છે. આનાથી એ સમજી શકાય છે કે, જેમ બ્રાહ્મણ કુળમાં જ ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ કહેવાય છે, તેમ અમુક કુળમાં જ ઉત્પન્ન થયેલો શ્રાવક કહેવાય એવું નથી. કારણ કે શ્રાવકપણાનું કારણ કુળ નથી, કિંતુ સમ્યગ્દર્શન અને સામાચારી શ્રવણ છે. આથી બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયેલો પણ જો સમ્યક્ત્વને પામીને સામાચારીને સાંભળે તો શ્રાવક કહેવાય. જૈન કુળમાં ઉત્પન્ન થયેલો પણ જો સમ્યક્ત્વને પામેલો ન હોય એથી સામાચારીને ન સાંભળે તો શ્રાવક ન કહેવાય.) (૨)

सांप्रतं श्रवणगुणान् प्रतिपादयति–

नवनवसंवेगो खलु, नाणावरणखओवसमभावो ।
तत्ताहिगमो य तहा, जिणवयणायन्नणस्स गुणा ॥ ३ ॥

[नवनवसंवेगः खलु ज्ञानावरणक्षयोपशमभावः ।
तत्त्वाधिगमश्च तथा जिनवचनाकर्णनस्य गुणाः ॥ ३ ॥]

नवनवसंवेगः प्रत्यग्रः प्रत्यग्रः संवेगः आर्द्रान्तःकरणता, मोक्षसुखाभिलाष इत्यन्ये । **खलु**शब्दः पूरणार्थः, संवेगस्य शेषगुणनिबन्धनत्वेन प्राधान्यख्यापनार्थो वा । तथा **ज्ञानावरणक्षयोपशमभावः** ज्ञानावरणक्षयोपशमसत्ता संवेगादेव । **तत्त्वाधिगमश्च** तत्त्वातत्त्वपरिच्छेदश्च **तथा जिनवचनाकर्णनस्य** तीर्थकर-भाषितश्रवणस्यैते **गुणा** इति । तीर्थकरभाषिता चासौ सामाचारीति ॥ ३ ॥

હવે જિનવચનનું શ્રવણ કરવાથી થતા ગુણોને જણાવે છે–

ગાથાર્થ– નવો નવો સંવેગ, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમભાવ અને તત્ત્વોનો બોધ– આ જિનવચનના શ્રવણથી થતા ગુણો (=લાભો) છે.

ટીકાર્થ– નવો નવો સંવેગ– અંતઃકરણ રસવાળું બને તે સંવેગ. (પૂર્વે ધર્મરસ આવતો ન હતો. જિનવાણીના શ્રવણથી ધર્મના પ્રભાવનું જ્ઞાન થયું. એથી હવે ધર્મમાં રસ આવવા લાગ્યો. એથી ધર્મમાં રસ વધવા લાગે. ધર્મમાં રસની વૃદ્ધિ એટલે જ નવો નવો સંવેગ.) બીજાઓ મોક્ષસુખનો અભિલાષ થાય તેને સંવેગ કહે છે. સંવેગગુણ અન્ય ગુણોનું કારણ છે. આથી સંવેગગુણની પ્રધાનતા જણાવવા માટે મૂળ ગાથામાં **खलु** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમભાવ– જિનવચનના શ્રવણથી સંવેગ થાય છે અને એ સંવેગથી જ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે.

તત્ત્વોનો બોધ=આ તત્ત્વ છે, આ અતત્ત્વ છે એવો નિર્ણય. (જ્ઞાનાવરણીય[1] કર્મના ક્ષયોપશમથી તત્ત્વ-અતત્ત્વનો નિર્ણય કરી શકાય છે.)

તીર્થંકરે જે કહ્યું છે તે સાંભળવાથી આ લાભો થાય છે. સામાચારી તીર્થંકરે કહેલી છે. (માટે શ્રાવક સામાચારીને અવશ્ય સાંભળે.) (૩)

किं च देहस्वजनवित्तप्रतिबद्धः कश्चिदहृदयो न श्रृणोतीत्येषामसारताख्यापनाय जिनवचनश्रवणस्य सारतामुपदर्शयन्नाह–

न वि तं करेइ देहो, न य सयणो नेय वित्तसंघाओ
जिणवयणसवणजणिया, जं संवेगाइया लोए ॥ ४ ॥

[नापि तत्करोति देहो न च स्वजनो न च वित्तसंघातः ।
जिनवचनश्रवणजनिता यत्संवेगादयो लोके ॥ ४ ॥]

नापि तत्करोति देहो न च स्वजनो न च वित्तसंघातः जिनवचनश्रवणजनिता यत्संवेगादयो लोके कुर्वन्ति । तथाह्यशाश्वतः प्रतिक्षणभङ्गुरो देहः शोकायासकारणं क्षणिकसंगमश्च स्वजनः अनिष्ठितायासव्यवसायास्पदं[2] च वित्तसंघात इत्यसारता । तीर्थकरभाषिताकर्णनोद्भवाश्च संवेगादयो जातिजरामरणरोगशोकाद्युपद्रवव्रातरहितापवर्गहेतव इति सारता । अतः श्रोतव्यं जिनवचनमिति ॥ ४ ॥

કોઇ મનુષ્ય શરીર-સ્વજન-ધનમાં આસક્ત હોય અને એથી હૃદયહીન હોય (=જિનવચન શ્રવણની ભાવનાથી રહિત હોય) એથી જિનવચન ન સાંભળે. આથી શરીર વગેરે અસારભૂત છે એ કહેવા માટે જિનવચનનું શ્રવણ સારભૂત છે એ બતાવતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– લોકમાં જિનવચનના શ્રવણથી ઉત્પન્ન થયેલા સંવેગ વગેરે ગુણો જે (લાભ) કરે છે તે શરીર, સ્વજન અને ધનસમૂહ ન કરે.

---

૧. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી માત્ર બોધ થાય છે. નિર્ણય દર્શનમોહનીયના ક્ષયોપશમથી થાય છે. આથી અહીં દર્શનમોહનીયના ક્ષયોપશમપૂર્વકનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ સમજવો.

૨. अनिष्ठितासद्व्यवसायास्पदं ।

ટીકાર્થ– શરીર અશાશ્વત છે, પ્રત્યેક ક્ષણે નાશ પામવાના સ્વભાવવાળું છે. સ્વજન શોક અને દુઃખનું કારણ છે. સ્વજનનો સંયોગ ક્ષણ વિનશ્વર છે. ધન સમૂહને મેળવવાનો કષ્ટભરેલો વ્યવસાય ક્યારે ય પૂર્ણ થતો નથી. આથી શરીર વગેરે અસારભૂત છે. તીર્થંકર વચનના શ્રવણથી પ્રગટેલા સંવેગ વગેરે ગુણો જન્મ-જરા-મરણ-રોગ-શોક વગેરે ઉપદ્રવ સમૂહથી રહિત મોક્ષનું કારણ છે. આથી સારભૂત છે. માટે જિનવચન સાંભળવું જોઇએ. (૪)

અથવા–

होइ दढं अणुराओ, जिणवयणे परमनिव्वुइकरम्मि ।
सवणाइगोयरो तह, सम्मद्दिट्ठिस्स जीवस्स ॥ ५ ॥

[भवति दृढमनुरागो जिनवचने परमनिर्वृतिकरे ।
श्रवणादिगोचरः तथा सम्यग्दृष्टेर्जीवस्य ॥ ५ ॥]

यद्वा किमनेन निसर्गत एव **भवति** जायते **दृढमत्यर्थमनुरागः** प्रीतिविशेषः क्व **जिनवचने** तीर्थकरभाषिते किंविशिष्टे **परमनिर्वृतिकरे** उत्कृष्ट-समाधिकरणशीले किंगोचरोऽनुरागो भवतीत्यत्राह– **श्रवणादिगोचरः** श्रवण-श्रद्धानानुष्ठानविषय इत्यर्थः । **तथा** तेन प्रकारेण कस्येत्यत्राह– **सम्यग्दृष्टे-र्जीवस्य** प्रक्रान्तत्वाच्छ्रावकस्येत्यर्थः । अतोऽसौ श्रवणे प्रवर्तत एव ततश्च शृणोतीति श्रावक इति युक्तमिति गाथाभिप्रायः ॥ ५ ॥

અથવા–

ગાથાર્થ– સમ્યગ્દષ્ટિ જીવને ઉત્કૃષ્ટ સમાધિ કરવાના સ્વભાવવાળા જિનવચનના શ્રવણ આદિમાં દઢ અનુરાગ હોય છે.

ટીકાર્થ– સમ્યગ્દષ્ટિ– અહીં શ્રાવકનું વર્ણન પ્રસ્તુત હોવાથી સમ્યગ્દષ્ટિ શબ્દથી સમ્યગ્દષ્ટિ શ્રાવક સમજવો.

અનુરાગ=પ્રીતિવિશેષ.

શ્રવણ આદિમાં– આદિ શબ્દથી શ્રદ્ધા અને આચરણ એ બેનું ગ્રહણ કરવું. સમ્યગ્દષ્ટિ શ્રાવકને જિનવચનના શ્રવણનો, જિનવચનની શ્રદ્ધાનો અને જિનવચનને આચરવાનો દઢ (=અત્યંત) અનુરાગ હોય છે.

અહીં ભાવાર્થ આ છે– ચોથી ગાથામાં જિનવચન સાંભળે એ માટે શરીર આદિની અસારતા અને સંવેગાદિની સારતા જણાવી છે. હવે આ ગાથામાં કહે છે કે જિનવચન શ્રવણ કરે એ માટે સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને શરીર આદિની અસારતા અને સંવેગાદિની સારતા બતાવવાની જરૂર જ નથી. સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને સ્વભાવથી જ જિનવચન શ્રવણનો તે રીતે અત્યંત દૃઢરાગ હોય છે કે જેથી તે જિનવચનના શ્રવણમાં પ્રવૃત્તિ કરે જ છે. તેથી "સાંભળે તે શ્રાવક" એ યુક્ત છે. (૫)

निरूपितः श्रावकशब्दार्थः । सांप्रतं द्वादशविधं श्रावकधर्ममुपन्यस्यन्नाह–

पंचेव अणुव्वयाइं, गुणव्वयाइं च हुंति तिन्नेव ।
सिक्खावयाइं चउरो, सावगधम्मो दुवालसहा ॥ ६ ॥

[पञ्चैवाणुव्रतानि गुणव्रतानि च भवन्ति त्रीण्येव ।
शिक्षाव्रतानि चत्वारि श्रावकधर्मो द्वादशधा ॥ ६ ॥]

पञ्चेति सङ्ख्या । **एव**कारोऽवधारणे, पञ्चैव न चत्वारि षड् वा । **अणूनि** च तानि **व्रतानि** चाणुव्रतानि महाव्रतापेक्षया चाणुत्वमिति स्थूलप्राणातिपातादिविनिवृत्तिरूपाणीत्यर्थः ॥ **गुणव्रतानि च** भवन्ति **त्रीण्येव** न न्यूनाधिकानि वा । अणुव्रतानामेवोत्तरगुणभूतानि व्रतानि गुणव्रतानि दिग्व्रतभोगोपभोगपरिमाणकरणानर्थदण्डविरतिलक्षणानि, एतानि च भवन्ति त्रीण्येव । **शिक्षापदानि** च शिक्षाव्रतानि वा, तत्र शिक्षा अभ्यासः स च चारित्रनिबन्धनविशिष्टक्रियाकलापविषयस्तस्य पदानि स्थानानि तद्विषयाणि वा व्रतानि शिक्षाव्रतानि, एतानि च **चत्वारि** सामायिकदेशावकाशिकपौषधोपवासातिथिसंविभागाख्यानि । एवं **श्रावकधर्मो द्वादशधा** द्वादशप्रकार इति गाथासमासार्थः । अवयवार्थं तु महता प्रपञ्चेन ग्रन्थकार एव वक्ष्यति ॥ ६ ॥

શ્રાવક શબ્દના અર્થનું નિરૂપણ કર્યું. હવે બાર પ્રકારના શ્રાવક ધર્મની ભૂમિકા કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એમ શ્રાવકધર્મ બાર પ્રકારનો છે.

ટીકાર્થ– પાંચ અણુવ્રતો– અણુવ્રતો પાંચ જ છે, છ કે ચાર નથી. અણુ એટલે નાનું. મહાવ્રતોની અપેક્ષાએ અણુ=નાનાં વ્રતો તે અણુવ્રતો. સ્થૂલ પ્રાણાતિપાત આદિથી વિરમણ સ્વરૂપ પાંચ અણુવ્રતો છે.

ત્રણ ગુણવ્રતો– ગુણવ્રતો ત્રણ જ છે, વધારે કે ઓછા નથી. અણુવ્રતોના જ ઉત્તર ગુણસ્વરૂપ વ્રતો તે ગુણવ્રતો. અણુવ્રતો સ્વીકાર્યા પછી ગુણવ્રતો સ્વીકારવામાં આવે છે. માટે ટીકામાં **उत्तर**શબ્દનો પ્રયોગ કર્યો છે. સ્વીકારેલા અણુવ્રતોમાં ગુણ કરનારા છે માટે ગુણવ્રતો કહેવાય છે. ગુણવ્રતો સ્વીકારવાથી અણુવ્રતો વધારે સારી રીતે પાળી શકાય છે. દિશાપરિમાણ, ભોગોપભોગ પરિમાણ, અને અનર્થદંડ વિરમણ એમ ત્રણ ગુણવ્રતો છે.

ચાર શિક્ષાવ્રતો– શિક્ષા એટલે અભ્યાસ. ચારિત્રનું કારણ બને તેવી વિશિષ્ટ ક્રિયાઓનો અભ્યાસ જેમાં થાય તેવાં વ્રતો તે શિક્ષાવ્રતો. સામાયિક, દેશાવગાશિક, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રતો છે. એ ચાર વ્રતોના પાલનથી ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી ચારિત્રની પ્રાપ્તિ થાય. માટે ટીકામાં **चारित्रनिबन्धन** એમ કહ્યું છે.

આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિશેષથી અર્થ તો ઘણા વિસ્તારથી ગ્રંથકાર જ કહે છે. (૬)

सम्यक्त्व अधिकार (गा. ७-६२)

तथा चाह–

एयस्स मूलवत्थू, सम्मत्तं तं च गंठिभेयम्मि ।
खयउवसमाइ तिविहं, सुहायपरिणामरूवं तु ॥ ७ ॥

[एतस्य मूलवस्तु सम्यक्त्वं तच्च ग्रन्थिभेदे ।
क्षायोपशमिकादि त्रिविधं शुभात्मपरिणामरूपं तु ॥ ७ ॥]

एतस्यानन्तरोपन्यस्तस्य श्रावकधर्मस्य **मूलवस्तु सम्यक्त्वं** । वसन्त्यस्मिन्नणुव्रतादयो गुणास्तद्भावभावित्वेनेति वस्तु । मूलभूतं च **तद्वस्तु च** मूलवस्तु । किं तत् ? सम्यक्त्वम् । उक्तं च–

मूलं द्वारं प्रतिष्ठानमाधारो भाजनं निधिः ।
द्विषट्कस्यास्य धर्मस्य सम्यक्त्वं परिकीर्तितम् ॥ १ ॥

तच्च सम्यक्त्वं **ग्रन्थिभेदे** वक्ष्यमाणलक्षणकर्मग्रन्थिभेदे (३१-३३) सति भवति नान्यथेति भावः । तच्च **क्षायोपशमिकादि**भेदा**त्त्रिविधं** क्षायोपशमिकमौपशमिकं क्षायिकं च, यद्वा कारकादि । **शुभात्मपरिणामरूपं तु** शुभः संक्लेशवर्जित आत्मपरिणामो जीवधर्मो रूपं यस्य तच्छुभात्मपरिणामरूपं

तुरवधारणे शुभात्मपरिणामरूपमेव । अनेन तद्व्यतिरिक्तलिङ्गादिधर्मव्यवच्छेदमाह । व्यतिरिक्तधर्मत्वे तत उपकारायोगादिति ॥ ७ ॥

ગ્રંથકાર વિસ્તારથી જ કહે છે–

ગાથાર્થ– બાર પ્રકારના શ્રાવકધર્મની મૂળ વસ્તુ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ ગ્રંથિનો ભેદ થયે છતે પ્રગટ થાય છે. સમ્યક્ત્વ ક્ષાયોપશમિક આદિ ત્રણ પ્રકારનું છે, અને આત્માના શુભ પરિણામરૂપ છે.

ટીકાર્થ– મૂલવસ્તુ– મૂળભૂત વસ્તુ તે મૂળવસ્તુ. સમ્યક્ત્વ હોય તો અણુવ્રતો વગેરે ગુણો હોય, અન્યથા નહિ. કારણ કે સમ્યક્ત્વ હોય તો જ અણુવ્રત વગેરેના ભાવ=પરિણામ થાય છે. સમ્યક્ત્વ વિના અણુવ્રત આદિના પરિણામ થઈ શકતા જ નથી. આ ભાવાર્થ ટીકામાં **वसन्त्यस्मिन्नणुव्रतादयो गुणा तद्भावभावित्वेनेति वस्तु** એમ વસ્તુ શબ્દની વ્યુત્પત્તિ દ્વારા કહ્યો છે.

સમ્યક્ત્વ શ્રાવકધર્મની મૂળ વસ્તુ છે એ વિષે કહ્યું છે કે– "સમ્યક્ત્વ બાર પ્રકારના શ્રાવક ધર્મનું મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, આધાર, ભાજન અને નિધિ છે."

મૂળ– વૃક્ષના મૂળની જેમ ધર્મરૂપી વૃક્ષનું મૂળ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વના બળથી જ ધર્મવૃક્ષ ટકે છે.

દ્વાર– નગરના દ્વારની જેમ ધર્મરૂપ નગરમાં પ્રવેશ કરવા માટે સમ્યક્ત્વ દ્વાર છે. સમ્યક્ત્વ વિના ધર્મમાં પ્રવેશ ન થાય. કેમ કે સમ્યક્ત્વ વિના વિરતિનો પરિણામ થતો નથી.

પ્રતિષ્ઠાન– મહેલના પાયાની જેમ ધર્મરૂપ મહેલનો પાયો સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વના આધારે જ વિરતિધર્મ સ્થિર રહે છે. સમ્યક્ત્વ જાય તો વિરતિનો પરિણામ પણ જાય.

આધાર– જેમ વિશ્વનો આધાર પૃથ્વી છે તેમ ધર્મરૂપ જગતનો આધાર સમ્યક્ત્વ છે. જેમ પૃથ્વી વિના જગત ન રહી શકે તેમ સમ્યક્ત્વ વિના વિરતિધર્મ ન રહી શકે.

ભાજન– દૂધ-ઘી વગેરે વસ્તુના ભાજનની જેમ ધર્મરૂપ વસ્તુનું ભાજન સમ્યક્ત્વ છે. જેમ ભાજન વિના વસ્તુ ન રહી શકે તેમ સમ્યક્ત્વ વિના વિરતિ ધર્મ ન રહી શકે.

નિધિ– જે પ્રમાણે નિધિ (=નિધાન) વિના મહાકિંમતી મણિ-મોતી-સુવર્ણ વગેરે દ્રવ્યો પ્રાપ્ત થતાં નથી, તે પ્રમાણે સમ્યક્ત્વ રૂપ નિધિ વિના વિરતિધર્મ પ્રાપ્ત ન થાય.

સમ્યક્ત્વ ગ્રંથિનો ભેદ થયે છતે થાય છે, અન્યથા નહિ. કર્મગ્રંથિનું (=કર્મની ગાંઠનું) વર્ણન હવે પછી (૩૧-૩૨ ગાથાઓમાં) કરવામાં આવશે.

સમ્યક્ત્વના ત્રણ પ્રકાર– સમ્યક્ત્વના ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકાર છે.

ક્ષાયોપશમિક– કર્મના ક્ષયથી અને ઉપશમથી પ્રગટતું સમ્યક્ત્વ ક્ષાયોપશમિક કહેવાય. પ્રસ્તુતમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય ત્યારે અનંતાનુબંધી કષાયના રસોદયનો સર્વથા અભાવ હોય છે, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના ઉદયનો સર્વથા અભાવ હોય છે. સમ્યક્ત્વ મોહનીય કર્મનો ઉદય હોય છે. અહીં અનંતાનુબંધી કષાય આદિના રસના ઉદયનો અભાવરૂપ ઉપશમ છે, અને સમ્યક્ત્વ મોહનીયનો ભોગવીને ક્ષય થાય છે.

આમ આ સમ્યક્ત્વ ઉપશમ અને ક્ષય એ બંનેથી યુક્ત હોવાથી ક્ષાયોપશમિક છે.

ક્ષાયિક– અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય એ સાતે ય કર્મોનો સત્તામાંથી પણ ક્ષય થતાં ક્ષાયિક સમકિત પ્રગટે છે.

ઔપશમિક– અનંતાનુબંધી ચાર કષાય અને ત્રણ દર્શનમોહનીય એ દર્શન સપ્તકનો ઉપશમ (=ઉદયનો સર્વથા અભાવ) થતાં ઉપશમ સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે. આ સમ્યક્ત્વ વધારેમાં વધારે અંતર્મુહૂર્ત્ત સુધી જ રહે છે.

અથવા સમ્યક્ત્વના કારક, રોચક અને દીપક એમ ત્રણ પ્રકાર છે.

કારક– સમ્યક્ત્વ પ્રગટ થયા પછી જે જીવ જિનાજ્ઞા મુજબ ક્રિયા-અનુષ્ઠાન કરનારો બને તે જીવનું કારક સમ્યક્ત્વ છે.

(અથવા જિનાજ્ઞા પ્રમાણે કરાતી શુદ્ધ ક્રિયા કારક સમ્યક્ત્વ છે. આ ક્રિયા જોવાથી અન્ય જીવોમાં સમ્યક્ત્વ પ્રગટવાનો સંભવ હોવાથી બીજાના સમ્યક્ત્વમાં કારણ બનતી ધર્મક્રિયા પણ ઉપચારથી સમ્યક્ત્વ કહેવાય.)

રોચક– જિનાજ્ઞા પ્રમાણે ક્રિયા કરવાની રુચિ હોવા છતાં અવિરતિવાળા શ્રેણિક, કૃષ્ણ વગેરેની જેમ જે જીવ ક્રિયાથી રહિત હોય તે જીવને રોચક સમ્યક્ત્વ હોય.

દીપક– જેમ દીપક પરને પ્રકાશિત કરે, તેમ સ્વયં મિથ્યાદૃષ્ટિ હોવા છતાં અંગારમર્દક આચાર્ય વગેરેની જેમ બીજાઓની આગળ જિનોક્ત પદાર્થોનું યથાવસ્થિત પ્રકાશન કરે તે કારણથી તેને દીપક સમ્યક્ત્વ હોય.

સમ્યક્ત્વ આત્માના શુભ પરિણામરૂપ છે– શુભ એટલે સંક્લેશ રહિત. સમ્યક્ત્વ આત્માના શુભ પરિણામસ્વરૂપ જ છે. આનાથી શુભ જીવપરિણામથી ભિન્ન એવા વેષ વગેરે ધર્મનો વ્યવચ્છેદ કર્યો. કારણ કે બાહ્ય વેષ વગેરે આત્મપરિણામથી ભિન્નધર્મ હોવાથી તેનાથી આત્માને ઉપકાર થતો નથી. (૭)

जं जीवकम्मजोए, जुज्जइ एयं अओ तयं पुव्विं ।
वोच्छं तओ कमेणं, पच्छा तिविहं पि सम्मत्तं ॥ ८ ॥

[यतो जीवकर्मयोगे युज्यते एतदतः तकं पूर्वम् ।
वक्ष्ये ततः क्रमेण पश्चात्त्रिविधमपि सम्यक्त्वम् ॥ ८ ॥]

यतो यस्मात्कारणाज्**जीवकर्मयोगे** जीवकर्मसंबन्धे सति **युज्यते एतत्** घटते इदं सम्यक्त्वं कर्मक्षयोपशमादिरूपत्वात् **अतो**ऽस्मात्कारणात् **तकं** जीवकर्मयोगं **पूर्वमादौ वक्ष्ये** ऽभिधास्ये । **ततस्तदुत्तरकालं क्रमेण** परिपाट्या **पश्चात्त्रिविधमपि** क्षायोपशमिकादि **सम्यक्त्वं** वक्ष्य इति ॥ ८ ॥

ગાથાર્થ-ટીકાર્થ– સમ્યક્ત્વ કર્મના ક્ષયોપશમાદિ રૂપ હોવાથી જીવ અને કર્મનો સંબંધ થયે છતે ઘટે છે. આથી પહેલાં જીવ-કર્મના સંયોગને કહીશ. ત્યારબાદ ક્રમશઃ ક્ષાયોપશમિકાદિ ત્રણે પ્રકારના સમ્યક્ત્વને કહીશ. (૮)

तत्राह–

जीवो अणाइनिहणो, नाणावरणाइकम्मसंजुत्तो ।
मिच्छत्ताइनिमित्तं, कम्मं पुण होइ अट्ठविहं ॥ ९ ॥

[जीवो ऽनादिनिधनो ज्ञानावरणादिकर्मसंयुक्तः ।
मिथ्यात्वादिनिमित्तं कर्म पुनर्भवत्यष्टविधम् ॥ ९ ॥]

जीवतीति **जीवः** । असौ **अनादिनिधनः** अनाद्यपर्यवसित इत्यर्थः । स च **ज्ञानावरणादिकर्मणा** समेकीभावेनान्योन्यव्याप्त्या **युक्तः** संबद्धो ज्ञानावरणादिकर्मसंयुक्तः । **मिथ्यात्वादिनिमित्तं** मिथ्यात्वादिकारणं, मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतव इति वचनात् (तत्त्वार्थाधिगमसूत्रम् ८-१) । **कर्म पुनर्ज्ञानावरणादि भवत्यष्टविधमष्टप्रकारमिति** ॥ ९ ॥

તે વિષે ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– જીવ અનાદિ-અનંત છે, અને જ્ઞાનાવરણાદિ કર્મથી સંયુક્ત છે. મિથ્યાત્વાદિના કારણે કર્મ (=કર્મનો બંધ) છે. કર્મ આઠ પ્રકારનું છે.

ટીકાર્થ– જીવ– જે જીવે તે જીવ.

સંયુક્ત– સં એટલે (દૂધ-પાણીની જેમ) એકી ભાવથી પરસ્પરની વ્યાપ્તિથી યુક્ત તે સંયુક્ત. આઠ રુચક પ્રદેશ સિવાય જેટલા આત્મપ્રદેશો છે તેટલા બધાય આત્મપ્રદેશોની સાથે કર્માણુઓ બંધાયેલા છે. અને જયાં જયાં કર્માણુઓ બંધાયેલા છે ત્યાં ત્યાં આત્મપ્રદેશો છે. આમ કર્મ અને આત્મા (દૂધ-પાણીની જેમ) એકી ભાવથી પરસ્પર વ્યાપીને રહેલા છે. આથી જીવ કર્મથી સંયુક્ત છે.

મિથ્યાત્વાદિના કારણે કર્મ છે– કારણ કે મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મબંધના હેતુઓ=કારણો છે, એવું વચન છે.

મિથ્યાદર્શન આદિનું વિશેષ વર્ણન

મિથ્યાદર્શન એટલે તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા. મિથ્યાદર્શન, મિથ્યાત્વ, અશ્રદ્ધા વગેરે શબ્દો એકાર્થક છે. મિથ્યાદર્શનના પાંચ ભેદો છે. (૧) આભિગ્રહિક (૨) અનાભિગ્રહિક (૩) આભિનિવેશિક (૪) સાંશયિક અને (૫) અનાભોગિક.

(૧) આભિગ્રહિક– અભિગ્રહ એટલે પકડ. વિપરીત સમજણથી અતાત્ત્વિક બૌદ્ધ આદિ કોઇ એક દર્શન ઉપર 'આ જ સત્ય છે' એવા અભિગ્રહથી= પકડથી યુક્ત જીવની તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા તે આભિગ્રહિક મિથ્યાત્વ. આમાં વિપરીત સમજણ તથા અભિગ્રહ=પકડ મુખ્ય ભાગ ભજવે છે.

(૨) **અનાભિગ્રહિક–** અનાભિગ્રહિક એટલે અભિગ્રહથી=પકડથી રહિત. અમુક જ દર્શન સત્ય છે એવા અભિગ્રહથી રહિત બનીને 'સર્વ દર્શનો સત્ય છે' એમ સર્વ દર્શનો ઉપર શ્રદ્ધા રાખનાર જીવની તત્ત્વો

પ્રત્યે અશ્રદ્ધા તે અનાભિગ્રહિક મિથ્યાત્વ. આમાં યથાર્થ સમજણનો અભાવ તથા સરળતા મુખ્ય કારણ છે.

(૩) **આભિનિવેશિક–** અભિનિવેશ એટલે કદાગ્રહ-પકડ. યથાવસ્થિત તત્ત્વોને જાણવા છતાં અહંકાર આદિના કારણે અસત્ય સિદ્ધાંતને પકડી રાખનાર જીવની તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા એ આભિનિવેશિક મિથ્યાત્વ. આમાં અહંકારની પ્રધાનતા છે. અસત્ય સિદ્ધાંત વિશે અભિનિવેશ=પકડ અહંકારના પ્રતાપે છે.

યદ્યપિ અભિગ્રહ અને અભિનિવેશ એ બેનો અર્થ પકડ છે. એટલે શબ્દાર્થની દૃષ્ટિએ બંનેનો અર્થ એક છે. છતાં બંનેમાં પકડના હેતુમાં ભેદ હોવાથી અર્થનો ભેદ પડે છે. આભિગ્રહિક મિથ્યાત્વમાં વિપરીત સમજણથી પકડ છે. જ્યારે આભિનિવેશિકમાં અંદરથી (હૃદયમાં) સત્ય હકીકતને સમજવા છતાં 'મારું માનેલું=મારું કહેલું હું કેમ ફેરવું ?' ઇત્યાદિ અહંકારના પ્રતાપે પોતાની અસત્ય માન્યતાને પકડી રાખે છે. બીજું, આભિગ્રહિકમાં સર્વ તત્ત્વો પ્રત્યે વિપરીત માન્યતા હોય છે, જ્યારે આભિનિવેશિકમાં કોઇ એકાદ તત્ત્વ વિશે કે કોઇ એક વિષયમાં વિપરીત માન્યતા હોય છે. આભિગ્રહિક મિથ્યાત્વ જૈનદર્શન સિવાય બૌદ્ધ આદિ કોઇ એક દર્શનના આગ્રહવાળાને હોય છે. જ્યારે આભિનિવેશિક મિથ્યાત્વ જૈનદર્શનને પામેલાને હોય છે. જેમ કે જમાલિ.

(૪) **સાંશયિક–** શ્રી સર્વજ્ઞદેવે કહેલા જીવાદિ તત્ત્વો સત્ય હશે કે નહિ એવી શંકા સાંશયિક મિથ્યાત્વ છે. અહીં શ્રીસર્વજ્ઞદેવ ઉપર અવિશ્વાસ એ મુખ્ય કારણ છે. શ્રીસર્વજ્ઞદેવ ઉપર પૂર્ણ વિશ્વાસ ન હોવાના કારણે તેમના વચનની પ્રામાણિકતાની બાબતમાં સંશય થાય છે અને તેથી તેમણે કહેલા જીવાદિ તત્ત્વો સત્ય હશે કે નહિ એવી શંકા થાય છે.

સાંશયિક મિથ્યાત્વ અને શંકા અતિચારમાં ભેદ–

પ્રશ્ન– સાંશયિક મિથ્યાત્વ અને શંકા અતિચાર એ બેમાં શો ભેદ છે ?

ઉત્તર– શ્રી સર્વજ્ઞ દેવે કહેલા જીવાદિ તત્ત્વો સત્ય હશે કે નહિ ? એવી શંકા સાંશયિક મિથ્યાત્વ છે. પોતાની મતિમંદતાથી આગમોક્ત પદાર્થો ન સમજી શકવાથી અમુક વસ્તુ અમુક સ્વરૂપે હશે કે નહિ ઇત્યાદિ શંકા તે શંકા અતિચાર છે.

આ વ્યાખ્યાઓથી એ સ્પષ્ટ થાય છે કે સાંશયિક મિથ્યાત્વમાં જિનવચનની પ્રામાણિકતામાં શંકા છે અને શંકા અતિચારમાં શાસ્ત્રમાં વર્ણવેલા પદાર્થો અંગે શંકા છે.

જો આત્મા સાવધ ન રહે તો શંકા અતિચાર થયા પછી સાંશયિક મિથ્યાત્વ ઉત્પન્ન થઈ જાય. ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનવાળા આત્માને (શ્રાવક કે સાધુને) સમ્યક્ત્વ મોહનીયનો ઉદય રહેલો હોવાથી તેના રસની વૃદ્ધિ થાય તો કોઈવાર સૂક્ષ્મ પદાર્થના વિષયમાં શંકા પેદા થઈ જાય અને તેથી શંકા અતિચાર લાગી જાય એ સંભવિત છે. પણ પછી તુરત **तमेव सच्चं निःशंकं जं जिणेहिं पवेइअं**="જિને કહેલું જ તત્ત્વ શંકા વિનાનું સાચું છે" એ આગમ વચનને યાદ કરીને એ શંકા દૂર કરવી જોઈએ. જો આ શંકા દૂર કરવામાં ન આવે તો તેમાંથી સાંશયિક મિથ્યાત્વ આવી જવાની પૂર્ણ સંભાવના છે.

પહેલા શંકા અતિચાર ઉત્પન્ન થાય, પછી સાવધ ન રહે તો જિનવચનની પ્રામાણિકતામાં સંશય ઉત્પન્ન થાય અને તેનાથી સાંશયિક મિથ્યાત્વ ઉત્પન્ન થાય. શંકા અતિચાર ચોથા વગેરે ગુણસ્થાને હોય અને સાંશયિક મિથ્યાત્વ પહેલા ગુણસ્થાને હોય. આમ શંકા અતિચાર અને સાંશયિક મિથ્યાત્વમાં ભેદ છે.

(૫) અનાભોગિક– અનાભોગ એટલે અજ્ઞાનતા. અજ્ઞાનતાના યોગે તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા (=શ્રદ્ધાનો અભાવ) તે અનાભોગિક મિથ્યાત્વ. અહીં સમજણ શક્તિનો અભાવ મુખ્ય કારણ છે. આ મિથ્યાત્વ એકેંદ્રિય આદિને તથા કોઈપણ દર્શનને=ધર્મને ન સ્વીકારનાર સંજ્ઞી પંચેંદ્રિય જીવોને હોય છે.

અહીં અશ્રદ્ધાના બે અર્થ છે. (૧) વિપરીત શ્રદ્ધા અને (૨) શ્રદ્ધાનો અભાવ. તેમાં પ્રથમના ત્રણ મિથ્યાત્વમાં વિપરીત શ્રદ્ધારૂપ અશ્રદ્ધા છે. ચોથા મિથ્યાત્વમાં મિશ્રભાવ છે, એટલે કે શ્રદ્ધાનો બિલકુલ અભાવ નથી, તેમ પૂર્ણ શ્રદ્ધા પણ નથી. આમાં વિપરીત શ્રદ્ધાનો બિલકુલ અભાવ છે. પાંચમા મિથ્યાત્વમાં શ્રદ્ધાના અભાવરૂપ મિથ્યાત્વ છે.

(૨) અવિરતિ– વિરતિનો અભાવ તે અવિરતિ. હિંસા આદિ પાપોથી પ્રતિજ્ઞાપૂર્વકની નિવૃત્તિ એ વિરતિ છે. આથી હિંસા આદિ પાપોથી પ્રતિજ્ઞાપૂર્વકની અનિવૃત્તિ એ અવિરતિ છે.

(૩) **પ્રમાદ–** ભૂલી જવું, ધાર્મિક અનુષ્ઠાનોમાં ઉત્સાહનો અભાવ, આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન (અશુભ વિચાર) તથા એનાથી થતી પ્રવૃત્તિ વગેરે પ્રમાદ છે. શાસ્ત્રોમાં મદ્ય (મદ અથવા માદક આહાર), વિષય (ઇંદ્રિયના સ્પર્શ આદિ પાંચ વિષયો), કષાય (ક્રોધાદિ ચાર), નિદ્રા અને (સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજકથા એ ચાર) વિકથા એમ પાંચ પ્રકારનો પ્રમાદ બતાવવામાં આવ્યો છે. પ્રકારાંતરથી આઠ પ્રકારનો પણ પ્રમાદ બતાવવામાં આવ્યો છે. અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ (ભૂલી જવું વગેરે) ધર્મને વિશે અનાદર અને યોગોનું દુષ્પ્રણિધાન (અયોગ્ય પ્રવૃત્તિ) એ આઠ પ્રકારનો પ્રમાદ છે.

(૪) **કષાય–** ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો છે.

(૫) **યોગ–** મન, વચન, કાય એ ત્રણ પ્રકારનો યોગ છે.

કર્મ જ્ઞાનાવરણ વગેરે આઠ પ્રકારનું છે. (૯)

તથા ચાહ–

પઢમં નાણાવરણં, બીયં પુણ હોઇ દંસણાવરણં ।
તઇયં ચ વેયણીયં, તહા ચઉત્થં ચ મોહણિયં ॥ ૧૦ ॥

[પ્રથમં જ્ઞાનાવરણં દ્વિતીયં પુનર્ભવતિ દર્શનાવરણમ્ ।
તૃતીયં ચ વેદનીયં તથા ચતુર્થં ચ મોહનીયમ્ ॥ ૧૦ ॥]

પ્રથમમાદ્યં જ્ઞાનાવરણં આવ્રિયતેઽનેનાવૃણોતીતિ વાવરણં, જ્ઞાનસ્યાવરણં જ્ઞાનાવરણં, જ્ઞાનં મતિજ્ઞાનાદિ । **દ્વિતીયં પુનર્ભવતિ દર્શનાવરણં** પુનઃશબ્દો વિશેષણાર્થઃ સામાન્યાવબોધાવારકત્વાત્, દર્શનં ચક્ષુર્દર્શનાદિ। **તૃતીયં ચ વેદનીયં** સાતાસાતરૂપેણ વેદ્યત ઇતિ વેદનીયં રૂઢશબ્દાત્પઙ્કજાદિવત્ । **તથા ચતુર્થં** કર્મ કિં અત આહ– **મોહનીયં** મોહયતીતિ મોહનીયં મિથ્યાત્વાદિરૂપત્વાદિતિ ॥ ૧૦ ॥

આઠ પ્રકારના કર્મને જ કહે છે–

ગાથાર્થ– પહેલું જ્ઞાનાવરણ, બીજું દર્શનાવરણ, ત્રીજું વેદનીય અને ચોથું મોહનીય કર્મ છે.

જ્ઞાનાવરણ– જે કર્મથી જ્ઞાન આવરાય=ઢંકાય, અથવા જે જ્ઞાનને આવરે=ઢાંકે, તે જ્ઞાનાવરણ. જ્ઞાન મતિજ્ઞાન વગેરે પાંચ છે.

દર્શનાવરણ– મૂળ ગાથામાં પુનઃ શબ્દ વિશેષ અર્થ બતાવવા છે.

તે વિશેષ અર્થ આ છે– જ્ઞાનાવરણ વિશેષ જ્ઞાનને આવરે છે. દર્શનાવરણ સામાન્યજ્ઞાનને આવરે છે. દર્શન એટલે સામાન્ય જ્ઞાન. દર્શનના ચક્ષુદર્શન વગેરે નવ ભેદો છે.

વેદનીય– સાતા-અસાતારૂપે જે વેદાય=અનુભવાય તે વેદનીય. જો કે વેદાય-અનુભવાય તે વેદનીય એવા શબ્દાર્થથી તો જે કોઈ વસ્તુ અનુભવાય તે સર્વ વસ્તુ વેદનીય કહેવાય. પણ અહીં વેદનીય શબ્દ રૂઢ અર્થવાળો હોવાથી સાતાવેદનીય અને અસાતાવેદનીય એ બે જ વેદનીય કહેવાય છે. જેમ કે– જે કાદવમાંથી ઉત્પન્ન થાય તે પંકજ. પંકજ શબ્દના આ શબ્દાર્થથી તો જે જે વસ્તુ કાદવમાંથી ઉત્પન્ન થાય તે બધી વસ્તુ પંકજ કહેવાય. પણ પંકજ શબ્દ કમળ અર્થમાં રૂઢ હોવાથી પંકજ એટલે કમળ એવો અર્થ છે.

મોહનીય– જે મુંઝવે તે મોહનીય. મોહનીય કર્મ મિથ્યાત્વ આદિ સ્વરૂપ હોવાથી જીવોને શ્રદ્ધા વગેરેમાં મુંઝવે છે, અર્થાત્ શ્રદ્ધા વગેરે થવા દેતું નથી. (૧૦)

आउअ नामं गोयं, चरमं पुण अंतरायं होइ ।
मूलपयडीउ एया, उत्तरपयडी अओ वुच्छं ॥ ११ ॥

[आयुष्कं नाम गोत्रं चरमं पुनरन्तरायं भवति ।
मूलप्रकृतय एता उत्तरप्रकृतीरतो वक्ष्ये ॥ ११ ॥]

आयुष्कं नाम गोत्रं । तत्रैति याति वेत्यायुरननुभूतमेत्यनुभूतं च यातीत्यर्थः सर्वमपि कर्मैवम्भूतं तथापि प्रक्रान्तभवप्रबन्धाविच्छेदादायुष्कमेव गृह्यते । अस्ति च विच्छेदो मिथ्यात्वादिषु । तथा गत्यादिशुभाशुभनमनान्नामयतीति नाम । तथा गां वाचं त्रायत इति गोत्रं, रुढिषु हि क्रिया कर्मव्युत्पत्त्यर्था नार्थक्रियार्था. इत्युच्चैर्भावादिनिबन्धनमदुष्टमित्यर्थः । **चरमं पुनः** पर्यन्तवर्ति तत्पुनरन्तरायं **भवति** दानादिविघ्नोऽन्तरायस्तत्कारणमन्तरायमिति । **मूलप्रकृतय एताः** सामान्यप्रकृतय इत्यर्थः । **उत्तरप्रकृती**रेतद्विशेषरूपा **अतो वक्ष्ये** अत ऊर्ध्वम-भिधास्य इति ॥ क्रमप्रयोजनं प्रथमगुणघातादि यथा कर्मप्रकृतिसंग्रहण्यामुक्तं तथैव द्रष्टव्यं, ग्रन्थविस्तरभयाद्वस्तुतोऽप्रक्रान्तत्वाच्च न लिखितमिति ॥ ११ ॥

ગાથાર્થ– આયુષ્ક, નામ, ગોત્ર અને છેલ્લું અંતરાય કર્મ છે. આ મૂળ પ્રકૃતિઓ છે. ઉત્તર પ્રકૃતિઓ હવે પછી કહીશ.

ટીકાર્થ– આયુષ્ક– જે આવે અને જાય તે આયુષ્ક. અર્થાત્ નહિ અનુભવેલું આયુષ્ય આવે છે અને અનુભવેલું આયુષ્ય જાય છે. જો કે બધા જ પ્રકારનાં કર્મો આવાં છે, તો પણ પ્રસ્તુત ભવના સાતત્યનો વિચ્છેદ થતો નથી, અર્થાત્ જેટલું આયુષ્ય હોય તેટલું ભોગવવું જ પડે છે, જ્યારે મિથ્યાત્વ આદિ કર્મમાં વિચ્છેદ થાય છે=મિથ્યાત્વ કર્મ આદિનો નાશ કરી શકાય છે. આયુષ્ય કર્મનો કોઇ પણ રીતે નાશ કરી શકાતો નથી. આથી અહીં જે આવે અને જાય તે આયુષ્ય એવા અર્થથી આયુષ્ય જ ગ્રહણ કરાય છે, અન્ય કર્મ નહિ.

નામ– જે નમાવે તે નામ. નામ કર્મ શુભ-અશુભ ગતિ આદિમાં નમાવે છે (=લઇ જાય છે) માટે શુભ-અશુભ ગતિ વગેરે નામકર્મ છે.

ગોત્ર– વાણીનું રક્ષણ કરે તે ગોત્ર.

પ્રશ્ન– ગોત્રના ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ બે ભેદ છે. જેનાથી જીવ ઉચ્ચકુળમાં જન્મે તે ઉચ્ચગોત્ર કર્મ. જેનાથી જીવ નીચગોત્રમાં જન્મે તે નીચગોત્ર કર્મ. આમાં વાણીનું રક્ષણ કરે તે ગોત્ર એવો અર્થ ઘટતો નથી.

ઉત્તર– શબ્દો રૂઢ અને યૌગિક એમ બે પ્રકારના હોય છે. પ્રકૃતિ અને પ્રત્યયના યોગથી થતો અર્થ જેમાં ઘટે તે યૌગિક શબ્દ છે અને પ્રકૃતિ-પ્રત્યયના યોગથી થતો અર્થ જેમાં ન ઘટે તે રૂઢ શબ્દ છે. આવા રૂઢ કર્મના નામોમાં ક્રિયા કર્મની (=કર્મના નામની) વ્યુત્પત્તિ પૂરતી હોય છે, કાર્ય માટે નહિ. અર્થાત્ વ્યુત્પત્તિ પ્રમાણે તેમાં કાર્ય ન હોય. આથી ઉચ્ચગોત્ર ઉચ્ચભાવનું (=ઉચ્ચકુળમાં જન્મેલો જીવ ઊંચો ગણાય એવા ભાવનું) કારણ છે ઇત્યાદિમાં કોઇ દોષ નથી.

અંતરાય– અંતરાય એટલે દાન આદિમાં વિઘ્ન. દાન આદિમાં વિઘ્નનું કારણ બને તે અંતરાય કર્મ.

અહીં પહેલાં જ્ઞાનાવરણ, પછી દર્શનાવરણ એવા ક્રમનું પ્રથમ ગુણઘાત વગેરે પ્રયોજન જેવી રીતે કર્મપ્રકૃતિ સંગ્રહણીમાં કહ્યું છે તે પ્રમાણે જાણવું. ગ્રંથનો વિસ્તાર થઇ જવાના ભયથી અને પરમાર્થથી અપ્રસ્તુત હોવાથી ક્રમનું પ્રયોજન અહીં લખ્યું નથી. (૧૧)

તથા–

पढमं पंचवियप्पं, मइसुयओहिमणकेवलावरणं ।
बीयं च नववियप्पं, निद्दापण दंसणचउक्कं ॥ १२ ॥

[प्रथमं पञ्चविकल्पं मतिश्रुतावधिमनः केवलावरणम् ।
द्वितीयं च नवविकल्पं निद्रापञ्चकं दर्शनचतुष्कम् ॥ १२ ॥]

इह सूत्रक्रमप्रामाण्यात्**प्रथम**माद्यं ज्ञानावरणं **पञ्चविकल्पमि**ति पञ्चभेदं । तानेव भेदानाह– **मतिश्रुतावधिमनःकेवलावरणं** मतिज्ञानाद्यावरणमित्यर्थः । **द्वितीयं च** दर्शनावरणं **नवविकल्पं निद्रापञ्चकं दर्शनचतुष्कं** चेति ॥ १२ ॥

ગાથાર્થ– પહેલું જ્ઞાનાવરણ કર્મ મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણ એમ પાંચ પ્રકારનું છે. બીજું દર્શનાવરણ નિદ્રાપંચક અને દર્શનચતુષ્ક એમ નવ પ્રકારનું છે. (૧૨)

निद्रापञ्चकमाह–

निद्दा निद्दानिद्दा, पयला तह होइ पयलपयला य ।
थीणद्धी अ सुरुद्दा, निद्दापणगं जिणाभिहियं ॥ १३ ॥

[निद्रा निद्रानिद्रा प्रचला तथा भवति प्रचलाप्रचला च ।
स्त्यानर्द्धिश्च सुरुद्रा निद्रापञ्चकं जिनाभिहितम् ॥ १३ ॥]

निद्रादीनां स्वरूपम्–

सुहपडिबोहा **निद्दा** दुहपडिबोहा य **निद्दनिद्दा** य ।
पयला होइ ठियस्स उ **पयलापयला** च चंक्कमओ ॥
अइसंकिलिट्ठकम्माणुवेयणे होइ **थीणगिद्धी** उ ।
महनिद्दा दिणचिन्तियवावारपसाहणी पायम् ॥

अत्रेत्थंभूतनिद्रादिकारणं कर्म अनन्तरं दर्शनविघातित्वाद्दर्शनावरणं ग्राह्य-मिति ॥ १३ ॥

નિદ્રાપંચકને કહે છે–

ગાથાર્થ– નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને અતિશય ભયંકર સ્ત્યાનગૃદ્ધિ એમ જિનોએ નિદ્રાપંચક કહ્યું છે.

ટીકાર્થ– નિદ્રા વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

સુખપૂર્વક (=વિશેષ પ્રયત્ન વિના) શીઘ્ર જાગી શકાય તેવી ઊંઘ તે નિદ્રા. દુઃખપૂર્વક (=ઘણા જ પ્રયત્નથી) જાગી શકાય તેવી ઊંઘ તે નિદ્રાનિદ્રા. બેઠેલાને ઊંઘ આવે તે પ્રચલા. ચાલતાને ઊંઘ આવે તે

પ્રચલાપ્રચલા. અતિસંક્લિષ્ટ કર્મના અનુભવમાં સ્ત્યાનગૃદ્ધિ હોય છે. આ મહાનિદ્રા છે. આ નિદ્રા દિવસે ચિંતવેલા વ્યાપારને પ્રાયઃ સાધનારી છે, અર્થાત્ દિવસે જે કાર્ય ચિંતવ્યું હોય તે કાર્ય રાતે ઊંઘમાં જ કરે તેવી નિદ્રા સ્ત્યાનગૃદ્ધિ છે. (**स्त्याना-बहुत्वेन संघातमापन्ना गृद्धिः-अभिकाङ्क्षा जाग्रदवस्थाध्यवसितार्थसाधनविषया स्वापावस्थायां सा स्त्यानगृद्धिः** । પ્રથમ કર્મગ્રંથ ૧૨મી ગાથાની ટીકા)

અહીં આ પ્રમાણે નિદ્રા આદિનું કારણ કર્મ અનંતર દર્શનનો વિઘાત કરનારું હોવાથી દર્શનાવરણ જાણવું. અહીં અનંતર એટલે પછી. નિદ્રાપંચક દર્શનલબ્ધિ પ્રાપ્ત થયા પછી દર્શનલબ્ધિનો નાશ કરે છે. જ્યારે દર્શન ચતુષ્ક મૂળથી જ દર્શનલબ્ધિને હણે છે, અર્થાત્ ચક્ષુદર્શનાવરણ આદિની વિદ્યમાનતામાં દર્શનલબ્ધિની પ્રાપ્તિ જ થતી નથી. આમ નિદ્રાપંચક અને દર્શનચતુષ્ટયનો ભેદ બતાવવા ટીકામાં **अनन्तरं** પદનો પ્રયોગ છે. (૧૩)

दर्शनचतुष्टयमाह–

नयणेयरोहिकेवल-दंसणवरणं चउव्विहं होइ ।
सायासाय दुभेयं, च वेयणिज्जं मुणेयव्वं ॥ १४ ॥

[नयनेतरावधिकेवलदर्शनावरणं चतुर्विधं भवति ।
सातासातद्विभेदं च वेदनीयं मुणितव्यम् ॥ १४ ॥]

नयनेतरावधिकेवलदर्शनावरणं चतुर्विधं भवति । आवरणशब्दः प्रत्येकमभिसंबध्यते । नयनं लोचनं चक्षुरिति पर्यायाः, ततश्च नयनदर्शनावरणं चक्षुर्दर्शनावरणं वेति चक्षुःसामान्योपयोगावरणमित्यर्थः । इतरग्रहणादचक्षुर्दर्शनावरणं शेषेन्द्रियदर्शनावरणमिति । एवमवधिकेवलयोरपि योजनीयं । **सातासातद्विभेदं च वेदनीयं मुणितव्यम्** । सातवेदनीयमसातवेदनीयं च । आल्हादरूपेण यद्वेद्यते तत्सातवेदनीयं । परितापरूपेण यद्वद्यते तदसातवेदनीयं । मुणितव्यं ज्ञातव्यमिति ॥ १४ ॥

દર્શન ચતુષ્ટયને કહે છે–

ગાથાર્થ– નયનદર્શનાવરણ, ઇતર દર્શનાવરણ, અવધિ દર્શનાવરણ અને કેવલદર્શનાવરણ એ દર્શન ચતુષ્ટય છે. સાતા વેદનીય અને અસાતા વેદનીય એમ બે પ્રકારનું વેદનીય જાણવું.

ટીકાર્થ– નયન, લોચન, ચક્ષુ એ પર્યાયવાચી શબ્દો છે. એથી નયનદર્શનાવરણ કે ચક્ષુદર્શનાવરણ એ બંનેનો એક જ અર્થ છે. ચક્ષુદર્શનાવરણ એટલે ચક્ષુના સામાન્ય ઉપયોગનું આવરણ.

ઇતર દર્શનાવરણ એટલે અચક્ષુદર્શનાવરણ, અર્થાત્ ચક્ષુ સિવાય શેષ ઇંદ્રિય દર્શનાવરણ. એ જ પ્રમાણે અવધિ અને કેવલદર્શનની પણ યોજના કરવી, અર્થાત્ આત્માથી સાક્ષાત્ દેખાતા રૂપી પદાર્થોના સામાન્ય દર્શનને આવરે તે અવધિદર્શનાવરણ. તેમ જ આત્માથી એકી સાથે સાક્ષાત્ દેખાતા જગતના રૂપી-અરૂપી સર્વ પદાર્થોના સામાન્ય દર્શનને આવરે તે કેવલદર્શનાવરણ. જે આહ્લાદરૂપે વેદાય-અનુભવાય તે સાતાવેદનીય. જે પરિતાપરૂપે-દુઃખરૂપે વેદાય તે અસાતાવેદનીય. (૧૪)

दुविहं च मोहणीयं, दंसणमोहं चरित्तमोहं च ।
दंसणमोहं तिविहं, सम्मेयरमीसवेयणियं ॥ १५ ॥

[द्विविधं च मोहनीयं दर्शनमोहनीयं चारित्रमोहनीयं च ।
दर्शनमोहनीयं त्रिविधं सम्यक्त्वेतरमिश्रवेदनीयम् ॥ १५ ॥]

द्वे विधेऽस्य तद् **द्विविधं** द्विप्रकारम् । **चः** समुच्चये । **मोहनीयं** प्राङ्निरूपितशब्दार्थम् । द्वैविध्यमेवाह- **दर्शनमोहनीयं चारित्रमोहनीयं च ।** तत्र दर्शनं सम्यग्दर्शनं तन्मोहयतीति दर्शनमोहनीयम् । चारित्रं विरतिरूपं तन्मोहयतीति चारित्रमोहनीयम् । तत्र **दर्शनमोहनीयं त्रिविधं** त्रिप्रकारं **सम्यक्त्वेतरमिश्रवेदनीयम्** । सम्यक्त्वरूपेण वेद्यते यत्तत्सम्यक्त्ववेदनीयम् । इतरग्रहणान्मिथ्यात्वरूपेण वेद्यते यत्तन्मिथ्यात्ववेदनीयम् । मिश्रग्रहणात्सम्यग्मिथ्यात्वरूपेण वेद्यते यत्तत्सम्यक्त्वमिथ्यात्ववेदनीयम् । एवमयं वेदनीयशब्दः प्रत्येकमभिसंबध्यते । इदं च बन्धं प्रत्येकविधमेव सन्कर्मतया त्रिविधमिति ॥ आह- सम्यक्त्ववेदनीयं कथं दर्शनमोहनीयं ? न हि तद्दर्शनं मोहयति तस्यैव दर्शनत्वात् । उच्यते– मिथ्यात्वप्रकृतित्वादतिचारसंभवादौपशमिकादिमोहनाच्च दर्शनमोहनीयमिति ॥ १५ ॥

ગાથાર્થ– મોહનીય કર્મ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય એમ બે પ્રકારનું છે. દર્શન મોહનીય સમ્યક્ત્વવેદનીય, મિશ્રવેદનીય અને મિથ્યાત્વવેદનીય એમ ત્રણ પ્રકારનું છે.

ટીકાર્થ– દર્શન એટલે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનમાં મુંઝવે (=સમ્યગ્દર્શન પ્રગટવા ન દે અથવા પ્રગટેલા સમ્યગ્દર્શનમાં અતિચારો લગાડે) તે દર્શન મોહનીય. ચારિત્ર એટલે વિરતિ. વિરતિમાં મુંઝવે (=વિરતિ ન થવા દે અથવા થયેલી વિરતિમાં અતિચારો લગાડે) તે ચારિત્ર મોહનીય. સમ્યક્રૂપે વેદાય તે સમ્યક્ત્વવેદનીય. મિથ્યાત્વરૂપે વેદાય તે મિથ્યાત્વવેદનીય. સમ્યગ્-મિથ્યારૂપે વેદાય તે મિશ્રવેદનીય. બંધ વખતે એક દર્શન મોહનીય (=મિથ્યાત્વમોહનીય) જ બંધાય છે. તેથી બંધમાં એક જ હોવા છતાં કર્મરૂપે ત્રણ પ્રકારનું થાય છે.

પ્રશ્ન– સમ્યક્ત્વવેદનીય દર્શન મોહનીય કેવી રીતે છે ? કારણ કે તે સ્વયં દર્શનરૂપ હોવાથી દર્શનમાં મુંઝવતું નથી.

ઉત્તર– સમ્યક્ત્વવેદનીય મિથ્યાત્વ કર્મની પ્રકૃતિ હોવાથી અતિચારનો સંભવ છે એથી અને ઔપશમિકાદિ સમ્યક્ત્વમાં મુંઝવતું હોવાથી (=પ્રગટ ન થવા દેતું હોવાથી) દર્શન મોહનીય છે. (૧૫)

दुविहं चरित्तमोहं, कसाय तह नोकसाय वेयणियं ।
सोलसनवभेयं पुण, जहासंखं मुणेयव्वं ॥ १६ ॥

[द्विविधं चारित्रमोहनीयं कषायवेदनीयं तथा नोकषायवेदनीयं ।
षोडशनवभेदं पुनर्यथासंख्यं मुणितव्यं ॥ १६ ॥]

द्विविधं द्विप्रकारं **चारित्रमोहनीयं** प्राङ्निरूपितशब्दार्थं । **कषायवेदनीयं तथा नोकषायवेदनीयं** चेति । वेदनीयशब्दः प्रत्येकमभिसंबध्यते । तत्र क्रोधादिकषायरूपेण यद्वेद्यते तत्कषायवेदनीयं । तथा स्त्रीवेदादिनोकषायरूपेण यद्वेद्यते तन्नोकषायवेदनीयम् । अस्यैव भेदानाह- **षोडश नवभेदं पुनर्यथासङ्ख्येन मुणितव्यं** । षोडशभेदं कषायवेदनीयम् । नवभेदं नोकषायवेदनीयम् । भेदाननन्तरं वक्ष्यत्येवेति ॥ १६ ॥

ગાથાર્થ– ચારિત્રમોહનીય કષાયવેદનીય અને નોકષાયવેદનીય એમ બે પ્રકારનું છે. તે બે અનુક્રમે સોળ પ્રકારે અને નવ પ્રકારે જાણવું.

ટીકાર્થ– ચારિત્રમોહનીયનો શબ્દાર્થ પહેલાં જણાવી દીધો છે. ક્રોધાદિ કષાયરૂપે જે વેદાય તે કષાય વેદનીય. સ્ત્રીવેદાદિ નોકષાયરૂપે જે વેદાય તે નોકષાયવેદનીય. કષાયવેદનીય સોળ પ્રકારનું છે. નોકષાયવેદનીય નવ પ્રકારનું છે. આ ભેદોને હવે પછી તુરત કહેશે જ. (૧૬)

तत्र कषायभेदानाह–

अण अप्पच्चक्खाणा, पच्चक्खाणावरणा य संजलणा ।
कोहमणमायलोहा, पत्तेयं चउवियप्पत्ति ॥ १७ ॥

[अनन्तानुबन्धिनोऽप्रत्याख्यानाः प्रत्याख्यानावरणाः च संज्वलनाः ।
क्रोधमानमायालोभाः प्रत्येकं चतुर्विकल्पा इति ॥ १७ ॥]

अण इति सूचनात्सूत्रमिति कृत्वा अनन्तानुबन्धिनो गृह्यन्ते, इह पारम्पर्येणानन्तं भवमनुबद्धुं शीलं येषामिति अनन्तानुबन्धिनः उदयस्थाः सम्यक्त्वविघातिन इति कृत्वा ॥ अविद्यमानप्रत्याख्याना **अप्रत्याख्याना** देशप्रत्याख्यानं सर्वप्रत्याख्यानं च नैषामुदये लभ्यते इत्यर्थः ॥ प्रत्याख्यान-मावृण्वन्ति मर्यादया ईषद्वेति **प्रत्याख्यानावरणाः**, आङ् मर्यादायामीषदर्थे वा, मर्यादायां सर्वविरतिमावृण्वन्ति न देशविरतिं, ईषदर्थेऽपि ईषद्वृण्वन्ति सर्वविरतिमेव न देशविरतिं, देशविरतिश्च भूयसी स्तोकादपि विरतस्य देशविरतिभावात् ॥ **चः** समुच्चये ॥ ईषत्परीषहादिसन्निपातज्वलनात्**संज्वलनाः** सम् शब्द ईषदर्थे इति ॥ एवं **क्रोधमानमायालोभाः** प्रतीतस्वरूपाः **प्रत्येकं चतुर्विकल्पा इति** । क्रोधोऽनन्तानुबन्ध्यादिभेदाच्चतुर्विकल्पः ॥ एवं मानादयोऽपीति ॥ स्वरूपं चैतेषामित्थमाहुः–

जलरेणुपुढविपव्वयराईसरिसो चउव्विहो कोहो ।
तिणिसलयाकट्ठट्ठियसेलत्थंभोवमो माणो ॥ १ ॥
मायावलेहिगोमुत्तिमिंढसिंगघणवंसमूलसमा ।
लोहो हलिद्दखंजणकद्दमकिमिरागसारित्थो ॥ २ ॥ (कर्मग्रंथ १-१९-२०)
पक्खचउम्मासवच्छरजावजीवाणुगामिणो कमसो ।
देवनरतिरियनारयगतिसाहणहेयवो भणिया ॥ ३ ॥ इति ॥ १७ ॥

તેમાં કષાયના ભેદોને કહે છે–

ગાથાર્થ– કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજવલન એમ ચાર પ્રકાર છે. તે દરેક પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકાર છે.

ટીકાર્થ– અનંતાનુબંધી– પરંપરાએ અનંતભવનો અનુબંધ કરવાનો જેમનો સ્વભાવ છે તે અનંતાનુબંધી. કારણ કે ઉદયમાં આવેલા અનંતાનુબંધી કષાયો સમ્યક્ત્વનો ઘાત કરે છે.

અપ્રત્યાખ્યાન– જેમના ઉદયમાં પ્રત્યાખ્યાન ન હોય તે અપ્રત્યાખ્યાન. અપ્રત્યાખ્યાનના ઉદયમાં જીવ દેશપ્રત્યાખ્યાન કે સર્વપ્રત્યાખ્યાનને પામતો નથી.

પ્રત્યાખ્યાનાવરણ– જે કષાયો મર્યાદાથી કે કંઈક પ્રત્યાખ્યાનને રોકે તે પ્રત્યાખ્યાનાવરણ. અહીં (**આવૃણ્વન્તિ** એ પ્રયોગમાં) આઙ્ ઉપસર્ગ મર્યાદામાં કે કંઈક અર્થમાં છે. મર્યાદા અર્થ કરવામાં પ્રત્યાખ્યાનાવરણનો અર્થ આ થાય→ સર્વવિરતિને રોકે છે, દેશવિરતિને નહિ. કંઈક અર્થમાં પણ કંઈક રોકે છે એવો અર્થ છે. કંઈક રોકે છે એટલે સર્વવિરતિને જ રોકે છે, દેશવિરતિને નહિ. (અપેક્ષાએ) દેશવિરતિ ઘણી છે. કારણ કે થોડાકથી (=એક વગેરે પણ અણુવ્રતાદિને સ્વીકારવાથી) પણ વિરત થયેલાને દેશવિરતિ થાય છે.

સંજ્વલન– સં શબ્દ કંઈક અર્થમાં છે. પરીષહ વગેરે આવે ત્યારે ચારિત્રને કંઈક બાળે=મલિન કરે તે સંજ્વલન. (આ કષાયના ઉદયથી જીવને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થતું નથી.)

સોળ કષાયો– અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાન ક્રોધ-માન-માયા-લોભ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ અને સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ એમ કષાયના કુલ સોળ ભેદો છે.

આ સોળ કષાયોનું સ્વરૂપ આ પ્રમાણે છે–

દૃષ્ટાંતોથી ક્રોધાદિ કષાયોનું સ્વરૂપ

ક્રોધ– સંજ્વલન ક્રોધ જલરેખા સમાન છે. જેમ લાકડીના પ્રહાર આદિથી જલમાં પડેલી રેખા પડતાંની સાથે તુરત વિના પ્રયત્ને નાશ પામે છે, તેમ ઉદય પામેલ સંજ્વલન ક્રોધ ખાસ પુરુષાર્થ કર્યા વિના શીઘ્ર નાશ પામે છે. જેમ કે મહાત્મા વિષ્ણુકુમારનો ક્રોધ. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ રેણુરેખા સમાન છે. જેમ રેતીમાં પડેલી રેખાનો (પવન આદિનો યોગ થતાં) થોડા વિલંબે નાશ થાય છે, તેમ ઉદય પામેલ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ જરા વિલંબથી નાશ પામે છે. અપ્રત્યાખ્યાન ક્રોધ પૃથ્વીરેખા સમાન છે. જેમ પૃથ્વીમાં પડેલી ફાટ કષ્ટથી વિલંબે પૂરાય છે, તેમ ઉદય પામેલ અપ્રત્યાખ્યાન ક્રોધ થોડા કષ્ટથી અને અધિક કાળે દૂર થાય છે. અનંતાનુબંધી ક્રોધ પર્વતરેખા સમાન છે. જેમ પર્વતમાં પડેલી ફાડ પૂરવી દુઃશક્ય છે તેમ અનંતાનુબંધી ક્રોધના ઉદયને દૂર કરવો

એ દુઃશક્ય બને છે. અહીં ક્રોધને રેખાની સાથે સરખાવવામાં ઘણું રહસ્ય રહેલું છે. રેખા પડવાથી વસ્તુનો ભેદ થાય છે, ઐક્ય નાશ પામે છે. તેમ ક્રોધના ઉદયથી પણ જીવોમાં પરસ્પર ભેદ પડે છે, અને ઐક્યનો=સંપનો નાશ થાય છે.

માન– સંજ્વલન માન નેતર સમાન છે. જેમ નેતર સહેલાઈથી વાળી શકાય છે, તેમ સંજ્વલન માનના ઉદયવાળો જીવ સ્વઆગ્રહનો ત્યાગ કરી શીઘ્ર નમવા તૈયાર થાય છે. જેમ કે બ્રાહ્મી-સુંદરીનાં વાક્યોથી મહાત્મા બાહુબલી. પ્રત્યાખ્યાનાવરણ માન કાષ્ઠ સમાન છે. જેમ કાષ્ઠને વાળવામાં થોડું કષ્ટ પડે છે તેમ પ્રત્યાખ્યાનાવરણ માનના ઉદયવાળો જીવ થોડો પ્રયત્ન કરવાથી નમે છે=નમ્ર બને છે. અપ્રત્યાખ્યાન માન અસ્થિ સમાન છે. જેમ હાડકાને વાળવામાં ઘણું કષ્ટ પડે છે, તેમ અપ્રત્યાખ્યાન માનના ઉદયવાળો જીવ ઘણા કષ્ટથી વિલંબે નમવા તૈયાર થાય છે. અનંતાનુબંધી માન પત્થરના સ્તંભ સમાન છે. જેમ પત્થરનો થાંભલો ન નમાવી શકાય, તેમ અનંતાનુબંધી માનવાળો જીવ નમે તે દુઃશક્ય છે. જેમ નેતર વગેરે પદાર્થો અક્કડ હોય છે તેમ માન કષાયવાળો જીવ અક્કડ રહે છે. આથી અહીં માનને નેતર આદિ અક્કડ વસ્તુ સાથે સરખાવવામાં આવેલ છે.

માયા– સંજ્વલન માયા ઇંદ્રધનુષ્યની રેખા સમાન છે. જેમ આકાશમાં થતી ઇંદ્રધનુષ્યની રેખા શીઘ્ર નાશ પામે છે. તેમ સંજ્વલન માયા જલદી દૂર થાય છે. પ્રત્યાખ્યાનાવરણ માયા બળદ આદિના મૂત્રની ધારા સમાન છે. જેમ મૂત્રની ધારા (તાપ આદિથી) જરા વિલંબે નાશ પામે છે તેમ આ માયા થોડા વિલંબે નાશ પામે છે. અપ્રત્યાખ્યાન માયા ઘેટાના શિંગડા સમાન છે. ઘેટાના શિંગડાની વક્રતા કષ્ટથી દૂર થાય છે, તેમ આ માયા ઘણા કષ્ટથી દૂર થાય છે. અનંતાનુબંધી માયા ઘનવાંસના મૂળિયા સમાન છે. જેમ ઘનવાંસના મૂળિયાની વક્રતા દૂર થઈ શકતી નથી તેમ અનંતાનુબંધી માયા પ્રાયઃ દૂર થતી નથી. જેમ ઇંદ્રધનુષ્યની રેખા વગેરે વક્ર હોય છે તેમ માયાવી જીવ વક્ર હોય છે. આથી અહીં માયાને ઇંદ્રધનુષ્યની રેખા આદિની ઉપમા આપી છે.

લોભ– સંજ્વલન લોભ હળદરના રંગ સમાન છે. વસ્ત્રમાં લાગેલો હળદરનો રંગ સૂર્યનો તાપ લાગવા માત્રથી શીઘ્ર નીકળી

જાય છે, તેમ સંજવલન લોભ કષ્ટ વિના શીઘ્ર દૂર થાય છે. પ્રત્યાખ્યાનાવરણ લોભ દીવાની મેશ સમાન છે. જેમ વસ્ત્રમાં લાગેલી દીવાની મેશ (કાજળ) જરા કષ્ટથી દૂર થાય છે તેમ આ લોભ થોડા કષ્ટથી વિલંબે દૂર થાય છે. અપ્રત્યાખ્યાન લોભ ગાડાના પૈડાની મળી સમાન છે. વસ્ત્રમાં લાગેલી ગાડાના પૈડાની મળી જેમ ઘણા કષ્ટથી દૂર થાય છે, તેમ આ લોભ પણ ઘણા કષ્ટથી દૂર થાય છે. અનંતાનુબંધી લોભ કૃમિરંગ (કીરમજી રંગ) સમાન છે. જેમ વસ્ત્રમાં લાગેલ કીરમજી રંગ વસ્ત્ર નાશ પામે ત્યાં સુધી રહે છે તેમ આ લોભ પ્રાયઃ જીવ મરે ત્યાં સુધી રહે છે. લોભ રાગ સ્વરૂપ છે. માટે અહીં લોભને હળદર આદિના રાગની=રંગની સાથે સરખાવેલ છે. અહીં કોઠો આ પ્રમાણે છે—

કષાય	સંજવલન	પ્રત્યાખ્યાનાવરણ	અપ્રત્યાખ્યાન	અનંતાનુબંધી
ક્રોધ	જલરેખા	રેણુરેખા	પૃથ્વીરેખા	પર્વતરેખા
માન	નેતર	કાષ્ઠ	અસ્થિ	પથ્થરસ્તંભ
માયા	ઇંદ્રધનુષ્ય રેખા	મૂત્ર ધારા	ઘેટાનાં શિંગડાં	ઘનવાંશ મૂળિયા
લોભ	હળદર રંગ	દીપક મેશ	શકટચક્ર મળી	કીરમજી રંગ

સંજવલન ૧૫ દિવસ સુધી, પ્રત્યાખ્યાનાવરણ ચાર માસ સુધી, અપ્રત્યાખ્યાની ૧૨ માસ સુધી અને અનંતાનુબંધી જીવનપર્યંત રહેનારા છે. ક્રમશઃ દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિને સાધવાના હેતુ કહ્યાં છે.

(ગતિનો આ નિયમ વ્યવહારથી (=સ્થૂલદૃષ્ટિથી) છે. કારણ કે અનંતાનુબંધી કષાયના ઉદયવાળા તાપસો, અકામનિર્જરા કરનારા જીવો, અભવ્યસંયમી વગેરે દેવલોકમાં કે મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે. તથા અપ્રત્યાખ્યાન કષાયના ઉદયવાળા સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો અને તિર્યંચો દેવગતિમાં અને દેવો મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે. પ્રત્યાખ્યાન કષાયના ઉદયવાળા દેશવિરતિ મનુષ્યો અને તિર્યંચો દેવગતિમાં ઉત્પન્ન થાય છે.) (૧૭)

अधुना नोकषायभेदानाह–

इत्थीपुरिसनपुंसगवेयतिगं चेव होइ नायव्वं ।
हास रइ अरइ भयं, सोग दुगंछा य छक्कं ति ॥ १८ ॥

[स्त्रीपुरुषनपुंसकवेदत्रिकं चैव भवति ज्ञातव्यम् ।
हास्यं रतिररतिर्भयं शोको जुगुप्सा चैव षट्कमिति ॥ १८ ॥]

स्त्रीपुरुषनपुंसकवेदत्रिकं चैव भवति ज्ञातव्यं नोकषायवेद्यतयेति[1] भावः । तत्र वेद्यत इति वेदः । स्त्रियः स्त्रीवेदोदयात्पुरुषाभिलाषः । पुरुषस्य पुरुषवेदोदयात्स्त्र्यभिलाषः । नपुंसकस्य तु नपुंसकवेदोदयादुभयाभिलाषः । **हास्यं रतिः अरतिर्भयं शोको जुगुप्सा चैव षट्कमिति** । तत्र सनिमित्तमनिमित्तं वा हास्यं प्रतीतमेव । बाह्याभ्यन्तरेषु वस्तुषु प्रीतिः रतिः । एतेष्वेवाप्रीतिररतिः । भयं त्रासः । परिदेवनादिलिङ्गं शोकः । चेतनाचेतनेषु वस्तुषु व्यलीककरणं जुगुप्सा । यदुदयादेते हास्यादयो भवन्ति ते नोकषायाख्या मोहनीयकर्मभेदा इति भावः । नोकषायता चैतेषामाद्यकषायत्रयविकल्पानुवर्तित्वेन । तथाहि– न क्षीणेषु द्वादशस्वमीषां भाव इति ॥ १८ ॥

હવે નોકષાયના ભેદોને કહે છે–

ગાથાર્થ– સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ એ વેદત્રિક અને હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા એ હાસ્યષટ્ક એમ નવ નોકષાય વેદનીયના ભેદો છે.

ટીકાર્થ– જે વેદાય (=અનુભવાય) તે વેદ. સ્ત્રીવેદોદયથી સ્ત્રીને પુરુષનો અભિલાષ થાય. પુરુષવેદોદયથી પુરુષને સ્ત્રીનો અભિલાષ થાય. નપુંસકવેદોદયથી નપુંસકને સ્ત્રી-પુરુષ ઉભયનો અભિલાષ થાય.

નિમિત્તથી કે નિમિત્ત વિના થતું હાસ્ય જાણીતું જ છે. બાહ્ય-અભ્યંતર વસ્તુઓમાં પ્રીતિ તે રતિ. બાહ્ય-અભ્યંતર વસ્તુઓમાં અપ્રીતિ તે અરતિ. ભય એટલે ત્રાસ. શોકના પરિદેવન[2] આદિ લિંગો છે. અર્થાત્ પરિદેવન આદિથી શોક જાણી શકાય છે. ચેતન-જડ વસ્તુઓમાં દુગંછા-ઘૃણા કરવી તે જુગુપ્સા. જેના ઉદયથી આ હાસ્ય વગેરે થાય છે તે નોકષાય સંજ્ઞાવાળા મોહનીય કર્મના ભેદો છે.

---

१. नोकषायभेदतयेति ।

२. બંધુ આદિના વિયોગથી વિલાપ કરવો, બીજાને દયા આવે એ પ્રમાણે દીન બનીને તેના વિયોગનું દુઃખ પ્રગટ કરવું વગેરે પરિદેવન છે.

હાસ્યાદિ નવ પ્રારંભના ત્રણ કષાયના ભેદોને અનુસરતા હોવાથી=પ્રારંભના ત્રણ કષાયના ભેદોની સાથે[1] રહેતા હોવાથી નોકષાય છે. (અહીં **નો** શબ્દ સાહચર્યવાચી છે. કષાયોની સાથે રહે તે નોકષાય. નોકષાયો પ્રારંભના ત્રણ કષાયોની સાથે રહે છે. આથી જ) આ બાર કષાયોનો ક્ષય થઈ જતાં નોકષાયો રહેતા નથી. (૧૮)

आउं च एत्थ कम्मं, चउव्विहं नवरं होइ नायव्वं ।
नारयतिरियनरामरगइभेयविभागओ भणिअं ॥ १९ ॥

[आयुष्कं च अत्र कर्म चतुर्विधं नवरं भवति ज्ञातव्यम् ।
नारकतिर्यङ्नरामरगतिभेदविभागतो भणितम् ॥ १९ ॥]

आयुष्कं च प्राङ्निरूपितशब्दार्थम्, **अत्र** प्रक्रमे, क्रियत इति **कर्म चतुर्विधं** चतुःप्रकारं **भवति ज्ञातव्यम् । नवर**मिति निपातः स्वगतानेकभेदप्रदर्शनार्थः । चातुर्विध्यमेवाह– **नारकतिर्यङ्नरामरगतिभेदविभागतो** गतिभेदविभागेन **भणितमुक्तं** तीर्थकरगणधरैः, तद्यथा नारकायुष्कं तिर्यगायुष्कं मनुष्यायुष्कं देवायुष्कमिति ॥ १९ ॥

ગાથાર્થ– અહીં આયુષ્ય કર્મ નરક-તિર્યંચ-મનુષ્ય-દેવ ગતિભેદોના વિભાગથી ચાર પ્રકારનું કહ્યું છે એમ જાણવુ.

ટીકાર્થ– નરકાદિ ચાર ગતિઓના જે ભેદો, એ ભેદોના વિભાગ પ્રમાણે નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ એમ ચાર પ્રકારનું આયુષ્ય તીર્થકર-ગણધરોએ કહ્યું છે. (૧૯)

नामं दुचत्तभेयं, गइजाइसरीरअंगुवंगे य ।
बंधणसंघायणसंघयणसंठाणनामं च ॥ २० ॥

[नाम द्विचत्वारिंशत्भेदं गतिजातिशरीराङ्गोपाङ्गानि च ।
बन्धनसंघातनसंहननसंस्थाननाम च ॥ २० ॥]

नाम प्रागभिहितशब्दार्थं **द्विचत्वारिंशत्प्रकारं** । भेदानाह– **गति**नाम यदुदयान्नरकादिगतिगमनम् । **जाति**नाम यदुदयादेकेन्द्रियादिजात्युत्पत्तिः, आह– स्पर्शनादीन्द्रियावरणक्षयोपशमसद्भावादेकेन्द्रियादित्वं नाम चौदयिको भावः

---

१. **कषायसहवर्तित्वात्, कषायप्रेरणादपि ।**
हास्यादिनवकस्योक्ता, नोकषायकषायता ॥ १ ॥ કર્મગ્રંથ ગાથા ૧૭ની ટીકા.

तत्कथमेतदिति, उच्यते- तदुपयोगादिहेतुः क्षयोपशम एकेन्द्रियादिसंज्ञानिबन्धनं च नामेति न दोषः । **शरीरनाम** यदुदयादौदारिकादिशरीरभावः । **अङ्गोपाङ्गनाम** यदुदयादङ्गोपाङ्गनिवृत्तिः, शिरःप्रभृतीन्यङ्गानि श्रोत्रादीन्यङ्गोपाङ्गानि । उक्तं च–

सीसमुरोदरपिट्ठी दो बाहू ऊरूभया य अट्ठंगा ।
अंगुलिमाइ उवंगा अंगोवंगाइं सेसाइं ॥ १ ॥

बन्धननाम यत्सर्वात्मप्रदेशैर्गृहीतानां गृह्यमाणानां च पुद्गलानां संबन्धजनकं अन्यशरीरपुद्गलैर्वा जतुकल्पमिति। **संघातननाम** यदुदयादौदारिकादिशरीरयोग्य-पुद्गलग्रहणे शरीररचना भवति। **संहनननाम** वज्रऋषभनाराचादिसंहनननिमित्तम् । **संस्थाननाम** समचतुरस्रादिसंस्थानकारणम् । **चः** समुच्चय इति गाथार्थः ॥ २० ॥

ગાથાર્થ– નામકર્મ ૪૨ પ્રકારનું છે. તે આ પ્રમાણે–

ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, બંધન, સંઘાત, સંઘયણ, સંસ્થાન.

ટીકાર્થ– નામ શબ્દનો અર્થ પૂર્વે કહ્યો છે.

ગતિ– જેના ઉદયથી નરકાદિ ગતિમાં જવાનું થાય તે ગતિ નામકર્મ.

જાતિ– જેના ઉદયથી એકેંદ્રિયાદિ જાતિમાં ઉત્પત્તિ થાય તે જાતિ નામકર્મ.

પ્રશ્ન– સ્પર્શન આદિ ઇંદ્રિયોના આવરણનો ક્ષયોપશમ થવાથી એકેંદ્રિયપણું વગેરે પ્રાપ્ત થાય છે. નામ ઔદયિકભાવ છે. તેથી એકેંદ્રિય વગેરે નામકર્મ કેમ કહેવાય ?

ઉત્તર– ઇંદ્રિયોના ઉપયોગ આદિનો હેતુ ક્ષયોપશમભાવ છે. આ જીવ એકેંદ્રિય છે, આ જીવ બેઇંદ્રિય છે ઇત્યાદિ જે સંજ્ઞા, એ સંજ્ઞાનું કારણ નામકર્મ છે. આમ અહીં કોઇ દોષ નથી.

શરીર– જેના ઉદયથી ઔદારિક વગેરે શરીરની પ્રાપ્તિ થાય તે શરીર નામકર્મ.

અંગોપાંગ– જેના ઉદયથી અંગોપાંગની રચના થાય તે અંગોપાંગ નામકર્મ. મસ્તક વગેરે અંગો છે અને કાન વગેરે ઉપાંગો છે. કહ્યું છે કે– "મસ્તક, છાતી, પેટ, પીઠ, બે હાથ, બે જંઘા (=પગ) એ આઠ અંગો છે. આંગળી વગેરે ઉપાંગો છે. બાકીના અવયવો અંગોપાંગો છે.

બંધન– સર્વ આત્મપ્રદેશોથી ગ્રહણ કરેલા અને ગ્રહણ કરાતા પુદ્ગલોનો લાખની જેમ (એકમેક) સંબંધ કરે તે બંધન નામકર્મ અથવા

ગ્રહણ કરેલા અને ગ્રહણ કરાતા પુદ્ગલોનો અન્ય શરીર પુદ્ગલોની સાથે લાખની જેમ (એકમેક) સંબંધ કરે તે બંધન નામકર્મ.

સંઘાતન– જેના ઉદયથી ઔદારિક વગેરે શરીરને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કર્યે છતે શરીરની રચના થાય છે તે સંઘાતન નામકર્મ.

સંઘયણ– જે વજ્રઋષભનારાચ આદિ સંઘયણનું નિમિત્ત બને તે સંઘયણ નામકર્મ.

સંસ્થાન– જે સમચતુરસ્ર વગેરે સંસ્થાનનું કારણ હોય તે સંસ્થાન નામકર્મ. (૨૦)

तह वन्नगंधरसफासनामअगुरुलहू य बोद्धव्वं ।
उवघायपराघायाणुपुव्विऊसासनामं च ॥ २१ ॥

[तथा वर्णगन्धरसस्पर्शनामागुरुलघु च बोद्धव्यम् ।
उपघातपराघातानुपूर्व्युच्छ्वासनाम च ॥ २१ ॥]

तथा वर्णनाम यदुदयात्कृष्णादिवर्णनिवृत्तिः । एवं **गन्धरसनस्पर्शेष्वपि** स्वभेदापेक्षया भावनीयमिति । अगुरुलघु **च बोद्धव्यं** अत्रानुस्वार-दीर्घत्वेऽलाक्षणिके सुखोच्चारणार्थे तूपन्यस्ते । **तत्रागुरुलघुनाम** यदुदयान्न गुरुर्नापि लघुर्भवति देह इति एकान्ततदभावे[1] सदा निमज्जनोर्ध्वगमनप्रसङ्गः । **उपघातनाम** यदुदयादुपहन्यते । **पराघातनाम** यदुदयात्परानाहन्ति । **आनुपूर्वीनाम** यदुदयादपान्तरालगतौ नियतदेशमनुश्रेणिगमनं, नियत एवाङ्गविन्यास इत्यन्ये । **उच्छ्वासनाम** यदुदयादुच्छ्वसनिःश्वासौ भवतः । आह यद्येवं पर्याप्तिनाम्नः क्वोपयोग इति उच्यते– पर्याप्तिः करणशक्तिः उच्छ्वासनामवत एव तन्निवृत्तौ सहकारिकारणं इषुक्षेपणशक्तिमतो धनु-र्ग्रहणशक्तिवत् । एवमन्यत्रापि भिन्नविषयता सूक्ष्मधियावसेया । **चः** समुच्चये इति ॥ २१ ॥

ગાથાર્થ– વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આનુપૂર્વી, ઉચ્છ્વાસ નામકર્મ જાણવું.

ટીકાર્થ– વર્ણ– જે કર્મના ઉદયથી કૃષ્ણાદિ વર્ણનું નિર્માણ થાય તે વર્ણ નામકર્મ.

---

૧. एकान्ततद्भावे ।

ગંધ– જે કર્મના ઉદયથી સુગંધ આદિનું નિર્માણ થાય તે ગંધ નામકર્મ.

રસ– જે કર્મના ઉદયથી તિક્ત આદિ રસનું નિર્માણ થાય તે રસ નામકર્મ.

સ્પર્શ– જે કર્મના ઉદયથી કર્કશ આદિ સ્પર્શનું નિર્માણ થાય તે સ્પર્શ નામકર્મ.

અગુરુલઘુ– જેના ઉદયથી શરીર ગુરુ (=ભારે) નહિ, અને લઘુ (=હલકુ) નહિ, કિંતુ અગુરુલઘુ બને તે અગુરુલઘુ નામકર્મ. જો શરીર એકાંતે અગુરુલઘુ ન હોય તો એટલે કે એકાંતે ગુરુ કે લઘુ હોય તો શરીરને નીચે કે ઊંચે જવાનો પ્રસંગ આવે.

ઉપઘાત– જે કર્મના ઉદયથી શરીરના અંગોનો કે ઉપાંગોનો ઉપઘાત (=ખંડન) થાય તે ઉપઘાત નામકર્મ.

પરાઘાત– જે કર્મના ઉદયથી જીવ બીજાઓને પરાભવ કરી શકે તે પરાઘાત નામકર્મ.

આનુપૂર્વી– જે કર્મના ઉદયથી પરભવ જતા અપાંતરાલ ગતિમાં નિયત સ્થાનમાં આકાશ પ્રદેશની શ્રેણિ અનુસાર ગમન કરે તે આનુપૂર્વી નામકર્મ.

બીજાઓ કહે છે કે શરીરના અંગોની નિયત રચના થાય તે આનુપૂર્વી નામકર્મ.

ઉચ્છ્વાસ– જે કર્મના ઉદયથી ઉચ્છ્વાસ-નિઃશ્વાસ થાય તે ઉચ્છ્વાસ નામકર્મ.

પ્રશ્ન– જો ઉચ્છ્વાસ નામકર્મથી શ્વાસોશ્વાસ થતા હોય તો શ્વાસોશ્વાસ પર્યાપ્તિ નામકર્મનો ઉપયોગ ક્યાં થાય ?

ઉત્તર– પર્યાપ્તિ કરણ શક્તિ છે. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયે છતે ઉચ્છ્વાસ નામ કર્મના ઉદયવાળાને જ તે શક્તિ સહકારી કારણ બને છે. જેમ કે બાણ ફેંકવાની શક્તિવાળા મનુષ્યને ધનુષ્યગ્રહણની શક્તિ સહકારી કારણ બને છે.

આ પ્રમાણે અન્ય સ્થળે પણ એક કર્મથી બીજા કર્મની ભિન્ન વિષયતા સૂક્ષ્મબુદ્ધિથી વિચારવી. (૨૧)

आयवउज्जोयविहायगई य तसथावराभिहाणं च ।
बायरसुहुमं पज्जत्तापज्जत्तं च नायव्वं ॥ २२ ॥

[आतपोद्योतविहायोगति त्रसस्थावराभिधानं च ।
बादरसूक्ष्मपर्याप्तापर्याप्तं च ज्ञातव्यं ॥ .२२ ॥]

आतपनाम यदुदयादातपवान्भवति पृथिवीकाये आदित्यमण्डलादिवत् । **उद्योतनाम** यदुदयादुद्योतवान्भवति खद्योतकादिवत् । **विहायोगतिनामा** यदुदयाच्चङ्क्रमणम्, इदं च द्विविधं प्रशस्ताप्रशस्तभेदात्, प्रशस्तं हंसगजादीनां अप्रशस्तमुष्ट्रादीनामिति । **त्रसनाम** यदुदयाच्चलनं स्पन्दनं च भवति, त्रसत्वमेवान्ये । **स्थावराभिधानं चेति** स्थावरनाम यदुदयादस्पन्दनो भवति, स्थावर एवान्ये । चः समुच्चये । **बादरनाम** यदुदयाद्बादरो भवति स्थूर इत्यर्थः, इन्द्रियगम्य इत्यन्ये । **सूक्ष्मनाम** यदुदयात्सूक्ष्मो भवति अत्यन्तश्लक्ष्णः अतीन्द्रिय इत्यर्थः । **पर्याप्तकनाम** यदुदयादिन्द्रियादिनिष्पत्तिर्भवति । **अपर्याप्तकनाम** उक्तविपरीतं यदुदयात्संपूर्णपर्याप्त्यनिवृत्तिर्न त्वाहार-शरीरेन्द्रियपर्याप्त्यनिवृत्तिरपि, यस्मादागामिभवायुष्कं बद्ध्वा म्रियन्ते सर्व एव देहिनः, तच्चाहारशरीरेन्द्रियपर्याप्त्या पर्याप्तानामेव बध्यत इति ॥ २२ ॥

ગાથાર્થ– આતપ, ઉદ્યોત, વિહાયોગતિ, ત્રસ, સ્થાવર, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત નામકર્મ જાણવું.

ટીકાર્થ– આતપ– જેના ઉદયથી જીવનું શરીર શીત હોવા છતાં ઉષ્ણ પ્રકાશવાળું હોય તે આતપ નામકર્મ. સૂર્યના વિમાનમાં રહેલા પૃથ્વીકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે. એમનું શરીર શીત સ્પર્શવાળુ હોય છે. પણ એમના શરીરમાંથી નીકળતો પ્રકાશ ઉષ્ણ હોય છે. (આથી જ વિમાનમાં રહેલા દેવોને જરા ય ગરમી લાગતી નથી.)

ઉદ્યોત– જેના ઉદયથી જીવનું શરીર અનુષ્ણ પ્રકાશરૂપ ઉદ્યોતને કરે તે ઉદ્યોત નામકર્મ. આગિયા વગેરે જીવોને આ કર્મનો ઉદય હોય છે.

વિહાયોગતિ– જેના ઉદયથી જીવ ગતિ કરી શકે તે વિહાયોગતિ નામકર્મ. ગતિ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારની છે. હંસ-ગજ વગેરેને (શુભ વિહાયોગતિના ઉદયથી) પ્રશસ્ત ગતિ હોય છે. ઊંટ વગેરેને (અશુભ વિહાયોગતિના ઉદયથી) અપ્રશસ્ત ગતિ હોય છે.

ત્રસ– જે કર્મના ઉદયથી જીવ (સ્વેચ્છાથી) ચાલી શકે, અને અંગાદિને હલાવી શકે છે, તે ત્રસ નામકર્મ.

બીજાઓ કહે છે કે જીવને ત્રસપણું જ મળે (એટલે કે જીવ ત્રસ કહેવાય) તે ત્રસ નામકર્મ.

સ્થાવર– જેના ઉદયથી જીવ (સ્વેચ્છાથી) ગતિ ન કરી શકે તે સ્થાવર નામકર્મ. બીજાઓ કહે છે કે જીવને સ્થાવરપણું જ [1]મળે (=એટલે કે જીવ સ્થાવર કહેવાય) તે સ્થાવર નામકર્મ.

બાદર– જેના ઉદયથી જીવ બાદર (=સ્થૂલ શરીરવાળો) થાય તે બાદર નામકર્મ.

બીજાઓ કહે છે કે જેના ઉદયથી જીવ ઇંદ્રિયોથી જાણી શકાય તે બાદર નામકર્મ.

સૂક્ષ્મ– જેના ઉદયથી જીવ અત્યંત સૂક્ષ્મ થાય, અર્થાત્ ઇંદ્રિયોથી ન જાણી શકાય તેવો થાય, તે સૂક્ષ્મ નામકર્મ.

પર્યાપ્ત– જેના ઉદયથી સ્વપ્રાયોગ્ય ઇંદ્રિય પર્યાપ્તિ વગેરે સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ થાય તે પર્યાપ્ત નામકર્મ.

અપર્યાપ્ત– જેના ઉદયથી સ્વપ્રાયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય તે અપર્યાપ્ત નામકર્મ.

અહીં આહાર-શરીર-ઇંદ્રિય પર્યાપ્તિની અપૂર્ણતા ન ગ્રહણ કરવી, કિંતુ શ્વાસોશ્વાસ આદિની અપૂર્ણતા ગ્રહણ કરવી. કારણ કે બધા ય જીવો આગામી ભવનું આયુષ્ય બાંધ્યા પછી જ મરે છે.

આગામી ભવનું આયુષ્ય આહાર-શરીર-ઇંદ્રિય પર્યાપ્તિથી પર્યાપ્ત જીવોને જ બંધાય છે.

(આથી આ ત્રણ પર્યાપ્તિઓ સર્વ જીવો અવશ્ય પૂર્ણ કરે છે.) (૨૨)

पत्तेयं साहारण-थिरमथिरसुहासुहं च नायव्वं ।
सूभगदूभगनामं, सूसर तह दूसरं चेव ॥ २३ ॥

[प्रत्येकं साधारणं स्थिरमस्थिरं शुभाशुभं च ज्ञातव्यम् ।
सुभगदुर्भगनाम सुस्वरं तथा दुःस्वरं चैव ॥ २३ ॥]

---

१. બીજી વ્યાખ્યા કરવાનું કારણ એ છે કે વાયુકાય-તેઉકાયના જીવો ગતિ કરે છે, છતાં તેમને સ્થાવર નામકર્મનો જ ઉદય હોય છે.

प्रत्येकनाम यदुदयादेको जीव एकमेव शरीरं निवर्तयति । **साधारणनाम** यदुदयाद्बहवो जीवा एकं शरीरं निवर्तयन्ति । **स्थिरनाम** यदुदयाच्छरीरावयवानां शिरोऽस्थिदन्तादीनां स्थिरता भवति । **अस्थिरनाम** यदुदयात्तदवयवानामेव चलता भवति कर्णजिह्वादीनां । **शुभाशुभं च ज्ञातव्यं** । तत्र शुभनाम यदुदयाच्छरीरावयवानां शुभता यथा शिरसः विपरीतमशुभनाम यथा पादयोस्तथा शिरसा स्पृष्टस्तुष्यति पादाहतस्तु रुष्यति, कामिनीव्यवहारे व्यभिचार इति चेत् न, तस्य मोहनीयनिबन्धनत्वात् वस्तुस्थितिश्चेह चिन्त्यत इति । **सुभगनाम** यदुदयात्काम्यो भवति । तद्विपरीतं च **दुर्भगनामेति** । **सुस्वरनाम** यदुदयात्सौस्वर्यं भवति श्रोतुः प्रीतिहेतुः । **तथा दुःस्वरं चैवेति** सुस्वरनामोक्तविपरीतमिति ॥ २३ ॥

ગાથાર્થ– પ્રત્યેક, સાધારણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ,, સુસ્વર, દુઃસ્વર નામકર્મ જાણવું.

ટીકાર્થ– પ્રત્યેક– જેના ઉદયથી એક જીવ એક જ શરીરની રચના કરે છે, તે પ્રત્યેક નામકર્મ.

સાધારણ– જેના ઉદયથી ઘણા જીવો એક શરીરની રચના કરે છે, તે સાધારણ નામકર્મ.

સ્થિર– જેના ઉદયથી શરીરના મસ્તક, હાડકાં, દાંત વગેરે અવયવો સ્થિર થાય તે સ્થિર નામકર્મ.

અસ્થિર– જેના ઉદયથી શરીરના કાન, જીભ આદિ અવયવો અસ્થિર થાય તે અસ્થિર નામકર્મ.

શુભ– જેના ઉદયથી શરીરના (નાભિથી ઉપરના) અવયવો શુભ ગણાય. જેમ કે મસ્તક શુભ ગણાય છે.

અશુભ– જેના ઉદયથી શરીરના (નાભિથી નીચેના) અવયવો અશુભ ગણાય. જેમ કે પગ અશુભ ગણાય છે.

મસ્તકથી સ્પર્શાયેલો (=નમસ્કાર કરાયેલો) મનુષ્ય ખુશ થાય છે, અને પગથી હણાયેલો (=મરાયેલો) જીવ ગુસ્સે થાય છે.

પૂર્વપક્ષ– કામિની પગથી હણે-સ્પર્શે તો જીવ ગુસ્સે થતો નથી, ખુશ થાય છે. આથી ત્યાં આ નિયમ લાગુ પડતો નથી.

ઉત્તરપક્ષ– તેનું કારણ મોહ છે. અહીં તો વસ્તુસ્થિતિ વિચારવામાં આવે છે.

સુભગ– જેના ઉદયથી (ઉપકાર ન કરવા છતાં) બીજાઓને પ્રિય બને છે તે સુભગ નામકર્મ.

દુર્ભગ– જેના ઉદયથી (ઉપકાર કરવા છતાં) બીજાઓને અપ્રિય બને છે તે દુર્ભગ નામકર્મ.

સુસ્વર– જેના ઉદયથી સાંભળનારને પ્રીતિનું કારણ બને તેવા સ્વરની પ્રાપ્તિ થાય તે સુસ્વર નામકર્મ.

દુઃસ્વર– જેના ઉદયથી સાંભળનારને અપ્રીતિનું કારણ બને તેવા સ્વરની પ્રાપ્તિ થાય તે દુઃસ્વર નામકર્મ. (૨૩)

आइज्जमणाइज्जं, जसकित्तीनाममजसकित्ती य ।
निम्माणनाममउलं, चरमं तित्थयरनामं च ॥ २४ ॥

[आदेयमनादेयं यशःकीर्तिनाम अयशःकीर्ति च ।
निर्माणनाम अतुलं चरमं तीर्थकरनाम च ॥ २४ ॥]

आदेयनाम यदुदयादादेयो भवति यच्चेष्टते भाषते वा तत्सर्वं लोकः प्रमाणीकरोति[1], तद्विपरीत**मनादेयम्** । **यशःकीर्तिनाम** यदुदयाद्यशःकीर्तिभावः, यशःकीर्त्योर्विशेषः– दानपुण्यफला कीर्तिः पराक्रमकृतं यशः । **अयशःकीर्तिनाम** चोक्तविपरीतम् । **निर्माणनाम** यदुदयात्सर्वजीवानां जातौ अङ्गोपाङ्गनिवेशो भवति, जातिलिङ्गाकृतिव्यवस्थानियम इत्यन्ये । **अतुलं** प्रधानम् । **चरमं** प्रधानत्वात्सूत्रक्रमप्रामाण्याच्चेति, **तीर्थकरनाम** यदुदयात्सदेवमनुष्यासुरस्य जगतः पूज्यो भवति । **चः** समुच्चये इति ॥ २४ ॥

ગાથાર્થ– આદેય, અનાદેય, યશકીર્તિ, અયશકીર્તિ, નિર્માણ, અતુલ અને ચરમ તીર્થંકર નામકર્મ છે.

ટીકાર્થ– આદેય– જેના ઉદયથી જીવ આદેય બને, એટલે કે તે જે આચરે અને બોલે તે બધુ લોક પ્રમાણ કરે.

અનાદેય– જેના ઉદયથી જીવ અનાદેય બને, એટલે કે તે જે આચરે અને બોલે (તે સત્ય હોય તો પણ) લોક તેને પ્રમાણ ન કરે.

---

૧. प्रमाणं करोति

યશકીર્તિ– જેના ઉદયથી યશ-કીર્તિ પ્રાપ્ત થાય તે યશકીર્તિ નામકર્મ છે. યશ અને કીર્તિમાં આ ભેદ છે– કીર્તિ દાનપુણ્યના ફળવાળી છે, અર્થાત્ દાનપુણ્યથી કીર્તિ મળે છે. યશ પરાક્રમથી કરાયેલું છે, અર્થાત્ પરાક્રમથી યશ મળે છે.

અયશકીર્તિ– જેના ઉદયથી અયશ-કીર્તિ પ્રાપ્ત થાય તે અયશ-કીર્તિ નામકર્મ.

નિર્માણ– જેના ઉદયથી તે તે જાતિમાં સર્વ જીવોના અંગોની અને ઉપાંગોની (પોતપોતાના નિયત સ્થાને) રચના થાય તે નિર્માણ નામકર્મ. બીજાઓ કહે છે કે તે તે જાતિ પ્રમાણે લિંગ અને આકૃતિની વ્યવસ્થાનું નિયમન જેના ઉદયથી થાય તે નિર્માણ નામકર્મ.

તીર્થંકર– જેના ઉદયથી મનુષ્ય દેવ-મનુષ્ય-અસુરોથી સહિત જગતને પૂજ્ય બને તે તીર્થંકર નામકર્મ. આ કર્મ અતુલ છે=સર્વ શુભ કર્મોમાં પ્રધાન છે. આ કર્મ પ્રધાન હોવાથી અને સૂત્રના ક્રમ પ્રમાણે છેલ્લું હોવાથી ચરમ (=અંતિમ) છે. (૨૪)

गोयं च दुविहभेयं, उच्चागोयं तहेव नीयं च ।
चरमं च पंचभेअं, पन्नत्तं वीयरागेहिं ॥ २५ ॥

[गोत्रं च द्विविधभेदमुच्चैर्गोत्रं तथैव नीचं च ।
चरमं च पञ्चभेदं प्रज्ञप्तं वीतरागैः ॥ २५ ॥]

गोत्रं प्राङ्निरूपितशब्दार्थं भवति **द्विविधं** द्विप्रकारम् उच्चैगोर्त्रं **तथैव** नीचं चेति नीचैर्गोत्रं च । **तत्रोच्चैर्गोत्रं** यदुदयादज्ञानी विरूपोऽपि सत्कुलमात्रादेव पूज्यते । **नीचैर्गोत्रं तु** यदुदयाज्ज्ञानादियुक्तोऽपि निन्द्यते ॥ **चरमं च** पर्यन्तवर्ति च सूत्रक्रमप्रामाण्यात्**पञ्चभेदं** पञ्चप्रकारं **प्रज्ञप्तं** प्ररूपितं **वीतरागै**रर्हद्भिरिति ॥ २५ ॥

ગાથાર્થ– ગોત્ર કર્મ ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ બે પ્રકારનું છે. ચરમ (અંતરાય) કર્મ અરિહંતોએ પાંચ પ્રકારનું કહ્યું છે.

ટીકાર્થ– ઉચ્ચગોત્ર– જેના ઉદયથી અજ્ઞાની અને કદ્રૂપો હોય તો પણ માત્ર સુકુળના કારણે જ પૂજાય તે ઉચ્ચગોત્ર નામકર્મ.

નીચગોત્ર– જેના ઉદયથી જ્ઞાનાદિ ગુણોથી યુક્ત હોવા છતાં નિંદાય છે તે નીચગોત્ર નામકર્મ.

ચરમ– ચરમ એટલે સૂત્રના ક્રમ પ્રમાણે છેલ્લું. (૨૫)

तं दाणलाभभोगोवभोगविरियंतराइयं जाण. ।
चित्तं पोग्गलरूवं, विन्नेयं सव्वमेवेयं ॥ २६ ॥

[तद्दानलाभभोगोपभोगवीर्यान्तरायिकं जानीहि ।
चित्रं पुद्गलरूपं विज्ञेयं सर्वमेवेदम् ॥ २६ ॥]

तद्दानलाभभोगोपभोगवीर्यान्तरायं जानीहि । तत्र दानान्तरायं यदुदयात्सति दातव्ये प्रतिग्राहके च पात्रविशेषे दानफलं च जानन्नोत्सहते दातुम् । लाभान्तरायं तु यदुदयात्सत्यपि प्रसिद्धे दातरि तस्यापि लभ्यस्य भावे याञ्चाकुशलोऽपि न लभते । भोगान्तरायं तु यदुदयात्सति विभवे अन्तरेण विरतिपरिणामं न भुङ्क्ते भोगान् । एवमुपभोगान्तरायमपि । नवरं भोगोपभोगयोरेवं विशेषः— सकृद्भुज्यत इति भोगः आहारमाल्यादिः, पुनः पुनरुपभुज्यत इत्युपभोगः भवनवलयादिः ॥ उक्तं च—

सइ भुज्जइत्ति भोगो, सो उण आहारफुल्लमाईसु ।
उवभोगो उ पुणो पुण, उवभुज्जइ भवणवलयाई ॥

वीर्यान्तरायं तु यदुदयान्निरुजो वयस्थश्चाल्पवीर्यो भवति । **चित्रं पुद्गलरूपं विज्ञेयं सर्वमेवेदं** चित्रमनेकरूपं चित्रफलहेतुत्वात्, पुद्गलरूपं परमाण्वात्मकं न वासनादिरूपममूर्तमिति, विज्ञेयं ज्ञातव्यं, भिन्नालम्बनं पुनः क्रियाभिधानमदुष्टमेव, सर्वमेवेदं ज्ञानावरणादि कर्मेति ॥ २६ ॥

गाथार्थ— તે ચરમ કર્મ દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય (એમ પાંચ પ્રકારનું) જાણ. જ્ઞાનાવરણ વગેરે આ સર્વ પ્રકારનું કર્મ વિચિત્ર અને પુદ્ગલ સ્વરૂપ જાણવું.

ટીકાર્થ— દાનાંતરાય— આપવા યોગ્ય વસ્તુ હોય, લેનાર વિશિષ્ટ પાત્ર હોય, દાનના ફળનું જ્ઞાન હોય, છતાં જેના ઉદયથી આપવાનો ઉત્સાહ ન થાય તે દાનાંતરાય કર્મ.

લાભાંતરાય— દાતા તરીકે પ્રસિદ્ધ મનુષ્ય વિદ્યમાન હોય, તેની પાસે મેળવવા યોગ્ય વસ્તુ પણ હોય, માગનાર માગવામાં કુશળ પણ હોય, આમ છતાં જેના ઉદયથી ન મેળવી શકે તે લાભાંતરાય કર્મ.

ભોગાંતરાય— વૈભવ હોય, વિરતિના પરિણામ ન થયા હોય, અર્થાત્ ભોગો ભોગવવાની ઇચ્છા હોય, આમ છતાં જેના ઉદયથી ભોગો ન ભોગવી શકે તે ભોગાંતરાય કર્મ.

ઉપભોગાંતરાય– ઉપભોગાંતરાયની વ્યાખ્યા પણ ભોગાંતરાયની જેમ જાણવી. પણ ભોગ-ઉપભોગમાં ભેદ આ પ્રમાણે છે– જે એક જ વાર ભોગવી શકાય તે આહાર અને પુષ્પમાળા વગેરે ભોગ છે. જે વારંવાર ભોગવી શકાય તે ઘર અને બંગડી વગેરે ઉપભોગ છે. કહ્યું છે કે– "જે એકવાર ભોગવાય તે ભોગ અને તે આહાર-પુષ્પમાળા વગેરે છે. વારંવાર ભોગવાય તે ઘર-બંગડી વગેરે ઉપભોગ છે."

વીર્યાંતરાય– નિરોગી અને યુવાન હોવા છતાં જેના ઉદયથી અલ્પ વીર્યવાળો થાય તે વીર્યાંતરાય કર્મ.

વિચિત્ર– જ્ઞાનાવરણ આદિ સર્વ કર્મ વિવિધ પ્રકારનું છે, અર્થાત્ એક જ પ્રકારનું નથી. કારણ કે વિવિધ ફળવાળું છે.

પુદ્ગલ સ્વરૂપ– કર્મ પરમાણુ સ્વરૂપ છે, વાસનાદિ રૂપ કે અમૂર્ત (=અરૂપી) નથી.

પ્રશ્ન– ગાથામાં **जाण** અને **विन्नेयं** એ બે વાર ક્રિયાનો પ્રયોગ દોષ રૂપ નથી ?

ઉત્તર– બંનેનું આલંબન ભિન્ન છે માટે દોષ નથી. (**जाण** ક્રિયાનું આલંબન પાંચ પ્રકાર છે. **विन्नेयं** ક્રિયાનું આલંબન વિચિત્ર પુદ્ગલરૂપ કર્મ છે.) (૨૬)

एयस्स एगपरिणामसंचियस्स उ ठिई समक्खाया ।
उक्कोसेयरभेया, तमहं वुच्छं समासेणं ॥ २७ ॥

[एतस्यैकपरिणामसंचितस्य तु स्थितिः समाख्याता ।
उत्कृष्टेतरभेदात्तामहं वक्ष्ये समासेन ॥ २७ ॥]

एतस्य चानन्तरोदितस्य कर्मणः **एकपरिणामसंचितस्य** तुशब्दस्य विशेषणार्थत्वात्प्रायः क्लिष्टैकपरिणामोपात्तस्येत्यर्थः **स्थितिः समाख्याता** सांसारिकाशुभफलदातृत्वेनावस्थानं उक्तमागम इति गम्यते । **उत्कृष्टेतरभेदाद्** उत्कृष्टा जघन्या च समाख्यातेति भावः, तां स्थितिमहं वक्ष्ये,**ऽहमित्यात्मनिर्देशे, वक्ष्ये**-ऽभिधास्ये, **समासेन** संक्षेपेण न तूत्तरप्रकृतिभेदस्थितिप्रतिपादन-प्रपञ्चेनेति ॥२७॥

ગાથાર્થ– એક પરિણામથી એકઠા કરેલા (=બાંધેલા) કર્મની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિ કહી છે. તેને હું સંક્ષેપથી કહીશ.

ટીકાર્થ– ગાથામાં રહેલો **तु** શબ્દ વિશેષ અર્થવાળો હોવાથી એક પરિણામથી એકઠા કરેલા એટલે પ્રાયઃ ક્લિષ્ટ એક પરિણામથી લીધેલા એવો અર્થ છે. સ્થિતિ એટલે સાંસારિક અશુભ ફળ આપવા માટે આત્મામાં રહેવું. અર્થાત્ ફળ આપવા માટે કર્મો જેટલો સમય આત્માની સાથે રહે તેને સ્થિતિ કહેવામાં આવે છે.

સંક્ષેપથી– ઉત્તર પ્રકૃતિના ભેદોની સ્થિતિનું પ્રતિપાદન કરવા રૂપ વિસ્તારથી નહિ, કિંતુ માત્ર મૂળ પ્રકૃતિના સ્થિતિનું પ્રતિપાદન કરવા રૂપ સંક્ષેપથી કહીશ. (૨૭)

आइल्लाणं तिन्हं, चरमस्स य तीस कोडिकोडीओ ।
अयराण मोहणिज्जस्स, सत्तरी होइ विन्नेया ॥ २८ ॥

[आद्यानां त्रयाणां चरमस्य च त्रिंशत्कोटिकोट्यः ।
अतराणां मोहनीयस्य सप्ततिर्भवति विज्ञेया ॥ २८ ॥]

आद्यानां त्रयाणां ज्ञानावरणदर्शनावरणवेदनीयानां **चरमस्य** च सूत्रक्रमप्रामाण्यात्पर्यन्तवर्तिनोऽन्तरायस्येति **त्रिंशत्सागरोपमकोटिकोट्यः अतराणामिति** सागरोपमानां **मोहनीयस्य सप्ततिर्भवति विज्ञेया** सागरोपमकोटिकोट्य इति ॥ २८ ॥

ગાથાર્થ– પ્રથમના ત્રણ (=જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય)ની અને અંતિમ (અંતરાય) કર્મની ત્રીશ કોડાકોડિ સાગરોપમ અને મોહનીયની સિત્તેર કોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. (૨૮)

नामस्स य गोयस्स य वीसं उक्कोसिया ठिई भणिया ।
तित्तीससागराइं, परमा आउस्स बोद्धव्वा ॥ २९ ॥

[नाम्नः च गोत्रस्य च विंशतिरुत्कृष्टा स्थितिर्भणिता ।
त्रयस्त्रिंशत्सागराणि परमा आयुषो बोद्धव्या ॥ २९ ॥]

नाम्नश्च गोत्रस्य च विंशतिः सागरोपमकोटिकोट्य इति गम्यते **उत्कृष्टा स्थितिर्भणिता** सर्वोत्तमा स्थितिः प्रतिपादिता तीर्थकरगणधरैरिति । **त्रयस्त्रिंशत्सागरोपमानि परमा प्रधानायुःकर्मणो बोद्धव्येति** ॥ २९ ॥

ગાથાર્થ– નામ અને ગોત્રની વીશ કોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે. આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ જાણવી. (૨૯)

અધુના જઘન્યામાહ–

वेयणियस्स य बारस, नामग्गोयाण अट्ठ उ मुहुत्ता ।
सेसाण जहन्नठिई, भिन्नमुहुत्तं विणिद्दिट्ठा ॥ ३० ॥

[वेदनीयस्य च द्वादश नामगोत्रयोरष्ट मुहूर्ताः ।
शेषाणां जघन्या स्थितिर्भिन्नमुहूर्तं विनिर्दिष्टा ॥ ३० ॥]

वेदनीयस्य कर्मणो जघन्या स्थितिरिति योगः **द्वादशमुहूर्ता नामगोत्रकर्मणोरष्टौ मुहूर्ता** इत्थं मुहूर्तशब्दः प्रत्येकमभिसंबध्यते । द्विघटिको मुहूर्तः । शेषाणां ज्ञानावरणादीनां जघन्या स्थितिर्भिन्नमुहूर्तं विनिर्दिष्टान्तर्मुहूर्तं प्रतिपादितेति ॥ ३० ॥

હવે જઘન્યસ્થિતિને કહે છે–

ગાથાર્થ– વેદનીયની બાર મુહૂર્ત્ત, નામ-ગોત્રની આઠ મુહૂર્ત્ત અને બાકીના કર્મોની અંતર્મુહૂર્ત્ત જઘન્યસ્થિતિ જણાવી છે.

ટીકાર્થ– બે ઘડી=એક મુહૂર્ત્ત. (૧ ઘડી=૨૪ મિનિટ) (૩૦)

प्रकृतयोजनायाह–

एवं ठिइयस्स जया, घंसणघोलणनिमित्तओ कहवि ।
खविया कोडाकोडी, सव्वा इक्कं पमुत्तूणं ॥ ३१ ॥

[एवंस्थितिकस्य यदा घर्षणघूर्णननिमित्ततः कथमपि ।
क्षपिताः कोटिकोट्यः सर्वा एकां प्रमुच्य ॥ ३१ ॥]

एवंस्थितेरस्य कर्मणः **यदा** यस्मिन्काले **घर्षणघूर्णननिमित्ततो** नानायोनिषु चित्रसुखदुःखानुभवनेनेत्यर्थः **कथमपि** केनचित्प्रकारेण **क्षपिताः** प्रलयं नीताः **कोटिकोट्यः सर्वा** ज्ञानावरणादिसंबन्धिन्यः **एकां विमुच्य** विहायेति ॥ ३१ ॥

तीइ वि य थोवमित्ते, खविए इत्थंतरम्मि जीवस्स ।
हवइ हु अभिन्नपुव्वो, गंठी एवं जिणा बिंति ॥ ३२ ॥

[तस्या अपि च स्तोकमात्रे क्षपितेऽत्रान्तरे जीवस्य ।
भवति हु अभिन्नपूर्वो ग्रन्थिरेवं जिना ब्रुवते ॥ ३२ ॥]

तस्या अपि च सागरोपमकोटिकोट्याः **स्तोकमात्रे** पल्योपमासङ्ख्येयभागे **क्षपितेऽपनीते अत्रान्तरेऽस्मिन्भागे जीवस्यात्मनः भवति अभिन्नपूर्वो** हुशब्दस्यावधारणार्थत्वाद्व्यवहितोपन्यासाच्चाभिन्नपूर्व एव **ग्रन्थिरिव** ग्रन्थिर्दुःखेनोद्वेष्ट्यमानत्वादेवं **जिना ब्रुवत** एवं तीर्थकराः प्रतिपादयन्तीति । उक्तं च तत्समयज्ञैः—

गंट्ठित्ति सुदुब्भेओ, कक्खडघणरूढगूढगंठिव्व ।
जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ॥ १ ॥ इति ॥ ३२ ॥

આ સ્થિતિની પ્રસ્તુતમાં યોજના કરવા માટે કહે છે—

ગાથાર્થ— આટલી સ્થિતિવાળા કર્મની જ્યારે ઘર્ષણ ઘૂર્ણન નિમિત્તથી કોઇ પણ રીતે એક કોડાકોડિને છોડીને સઘળી કોડાકોડિઓ ક્ષય કરી નાખવામાં આવે, તેમાંથી પણ અલ્પ પ્રમાણ સ્થિતિનો ક્ષય થઈ જતાં આ અવસરે [1]જીવની અભિન્નપૂર્વ ગ્રંથિ થાય છે, એમ તીર્થંકરો કહે છે.

ટીકાર્થ— ઘર્ષણ ઘૂર્ણન નિમિત્તથી— વિવિધ યોનિઓમાં વિવિધ સુખદુઃખના અનુભવથી.

અલ્પપ્રમાણ— પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ.

અભિન્નપૂર્વ— પૂર્વે ક્યારે પણ ભેદી ન હોય તેવી જ.

ગ્રંથિ— જેવી રીતે પાતળા દોરા વગેરેની મજબૂત ગાંઠ દુઃખે કરીને છોડી શકાય છે તેમ (રાગ-દ્વેષના તીવ્ર પરિણામરૂપ) આ ગાંઠ દુઃખે કરીને છોડી શકાય છે. માટે તે ગાંઠ કહેવાય છે.

અરિહંતનાં શાસ્ત્રોને જાણનારાઓએ કહ્યું છે કે—

ગ્રંથિ એટલે કાષ્ઠની કર્કશ, ઘન, રૂઢ (શુષ્ક) અને ગૂઢ ગાંઠની જેમ જીવનો અતિશય દુર્ભેદ્ય, કર્મજનિત અને અતિગાઢ એવો રાગદ્વેષનો પરિણામ. (વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૧૯૫) (૩૧-૩૨)

---

૧. જે જીવની આટલી કર્મસ્થિતિનો ક્ષય થઈ ગયો હોય તે જીવ ગ્રંથિસ્થાને આવ્યો કહેવાય. આટલી કર્મસ્થિતિના ક્ષયને (=કર્મસ્થિતિના ક્ષય બાદ થતી કર્મસ્થિતિને) ગ્રંથિસ્થાન એટલા માટે કહેવામાં આવે છે કે અહીં જ આવેલો જીવ ગ્રંથિભેદ કરવા સમર્થ બને છે. આનાથી વધારે કર્મસ્થિતિ હોય તો ગ્રંથિભેદ કરી શકતો નથી.

भिन्नंमि तंमि लाभो, जायइ परमपयहेउणो नियमा ।
सम्मत्तस्स पुणो तं, बंधेण न वोलइ कयाइ ॥ ३३ ॥

[भिन्ने तस्मिन् लाभो जायते परमपदहेतोर्नियमात् ।
सम्यक्त्वस्य पुनस्तं बन्धेन न व्यवलीयते कदाचित् ॥ ३३ ॥]

भिन्नेऽपूर्वकरणेन विदारिते **तस्मिन्** ग्रन्थावात्मनि **लाभः** प्राप्तिर्**जायते** संपद्यते **परमपदहेतो**र्मोक्षकारणस्य **नियमा**न्नियमेनावश्यंभावतयेत्यर्थः कस्य **सम्यक्त्वस्य** वक्ष्यमाणस्वरूपस्य । **पुनस्तं** ग्रन्थिमवाप्तसम्यग्दर्शनः सन् **बन्धेन** कर्मबन्धेन **न व्यवलीयते** नातिक्रामयति **कदाचित्**कस्मिंश्चित्काले न ह्यसावुत्कृष्टस्थितीनि कर्माणि बध्नाति तथाविधपरिणामाभावादिति ॥ ३३ ॥

ગાથાર્થ– ટીકાર્થ– અપૂર્વકરણ વડે તે ગ્રંથિ ભેદાયે છતે આત્મામાં મોક્ષનું કારણ એવા સમ્યગ્દર્શનની અવશ્ય પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરનાર જીવ કર્મબંધથી ક્યારે પણ ગ્રંથિને ઓળંગતો નથી, અર્થાત્ તે ક્યારેય ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં કર્મોને બાંધતો નથી. કારણ કે હવે તેને તેવા પ્રકારનો પરિણામ થતો નથી. (૩૩)

અત્રાહ–

तं जाविह संपत्ती, न जुज्जए तस्स निग्गुणत्तणओ ।
बहुतरबंधाओ खलु, सुत्तविरोहा जओ भणियं ॥ ३४ ॥

[तं यावदिह संप्राप्तिर्न युज्यते तस्य निर्गुणत्वात् ।
बहुतरबन्धात्खलु सूत्रविरोधात् यतो भणितम् ॥ ३४ ॥]

तं ग्रन्थिं **यावदिह** विचारे **संप्राप्तिर्न युज्यते** नैं घटते । कुत**स्तस्य निर्गुणत्वात्त**स्य जीवस्य सम्यग्दर्शनादिगुणरहितत्वात् । निर्गुणस्य च **बहुतरबन्धात् खलु**शब्दोऽवधारणे बहुतरबन्धादेव । इत्थं चैतदङ्गीकर्तव्यं । **सूत्रविरोधादन्यथा** सूत्रविरोध इत्यर्थः । कथमित्याह– **यतो भणितं** यस्मादुक्तमिति ॥ ३४ ॥

અહીં શિષ્ય કહે છે–

ગાથાર્થ– જીવનું ગ્રંથિ સુધી આગમન ઘટી શકતું નથી. કારણ કે જીવ નિર્ગુણ છે. નિર્ગુણ જીવને ઘણો બંધ થતો હોવાથી જ જીવનું ગ્રંથિ સુધી આગમન ઘટી શકતું નથી. જો એમ ન સ્વીકારવામાં આવે તો

સૂત્રનો વિરોધ આવે છે. કારણ કે સૂત્રમાં (હવેની ગાથાઓમાં કહેવાશે તે) કહ્યું છે.

ટીકાર્થ– નિર્ગુણ=સમ્યગ્દર્શનાદિ ગુણોથી રહિત. (૩૪)

किमुक्तमित्याह–

पल्ले महइमहल्ले, कुंभं पक्खिवइ सोहए नालिं ।
अस्संजए अविरए, बहु बंधइ निज्जरे थोवं ॥ ३५ ॥

[पल्येऽतिशयमहति कुम्भं प्रक्षिपति शोधयति नालिम् ।
असंयतोऽविरतो बहु बध्नाति निर्जरयति स्तोकं ॥ ३५ ॥]

पल्लवत्पल्यस्तस्मिन् **पल्ये** महति महल्ले **अतिशयमहति कुम्भं** लाटदेशप्रसिद्धमानरूपं धान्यस्येति गम्यते **प्रक्षिपति** स्थापयति **शोधयति नालिं** गृह्णाति सेतिकाम् । एष दृष्टान्तो ऽयमर्थोपनयः– यो **ऽसंयतः** सकलसम्यक्त्वादिगुणस्थानेष्वसंयतत्वान्मिथ्यादृष्टिः परिगृह्यते **अविरतः** काकमांसादेरप्यनिवृत्तो **बहु बध्नाति निर्जरयति स्तोकं** स्तोकतरं क्षपयति निर्गुणत्वात् । गुणनिबन्धना हि विशिष्टनिर्जरेति ॥ ३५ ॥

સૂત્રમાં શું કહ્યું છે તે કહે છે–

ગાથાર્થ– અતિશય મોટા [1]પલ્યમાં એક કુંભ જેટલું ધાન્ય નાખે અને સેતિકા જેટલું કાઢે (તો ધાન્ય ઓછું ન થાય. તે રીતે) અસંયત અને અવિરત કર્મો બાંધે છે ઘણાં અને કર્મો ખપાવે છે થોડાં.

ટીકાર્થ– અસંયત=સર્વ સમ્યક્ત્વાદિ ગુણસ્થાનોમાં અસંયત હોવાથી (બંધાયેલો ન હોવાથી) મિથ્યાદૃષ્ટિ.

અવિરત=કાગડાના માંસથી પણ નિવૃત્ત ન થયેલો.

અસંયત અને અવિરત ઘણાં કર્મો બાંધે છે અને થોડા કર્મો ખપાવે છે. કારણ કે તે સમ્યગ્દર્શનાદિ ગુણોથી રહિત છે. વિશિષ્ટ નિર્જરા ગુણના કારણે થાય છે. (૩૫)

पल्ले महइमहल्ले, कुंभं सोहेइ पक्खिवे नालिं ।
जे संजए पमत्ते, बहु निज्जरे बंधए थोवं ॥ ३६ ॥

---

૧. પલ્ય ધાન્ય રાખવાનું મોટું પાત્ર છે. કુંભ (લગભગ ઘડા જેટલું) પ્રાચીન સમયનું માપ છે. સેતિકા (લગભગ ખોબા જેટલું) પ્રાચીન સમયનું માપ છે.

[पल्येऽतिशयमहति कुम्भं शोधयति प्रक्षिपति नालिम् ।
यः संयतः प्रमत्तो बहु निर्जरयति बध्नानि स्तोकम् ॥ ३६ ॥]

पल्ये अतिशयमहति कुम्भं शोधयति प्रक्षिपति नालिं । एष दृष्टान्तो ऽयमर्थोपनयः— **यः संयतः** सम्यग्दृष्टिरीषत्**प्रमादवान्** प्रमत्तसंयत एव नान्ये **बहु निर्जरयति बध्नाति स्तोकं** सगुणत्वादिति ॥ ३६ ॥

ગાથાર્થ— અતિશય મોટા પલ્યમાંથી કુંભ જેટલું ધાન્ય કાઢે છે અને એક સેતિકા જેટલું ધાન્ય નાખે (તો ધાન્ય ઓછું થાય. તે રીતે) પ્રમત્ત સાધુ નિર્જરા ઘણી કરે છે અને બંધ થોડો કરે છે.

ટીકાર્થ— ઘણી નિર્જરા અને થોડો બંધ પ્રમત્ત સંયત જ કરે છે, અન્ય જીવ નહિ. કારણ કે સમ્યગ્દર્શનાદિ ગુણોથી યુક્ત છે. (૩૬)

पल्ले महइमहल्ले, कुंभं सोहेइ पक्खिवइ न किंचि ।
जे संजए अपमत्ते, बहु निज्जरे बंधइ न किंचि ॥ ३७ ॥

[पल्येऽतिशयमहति कुम्भं शोधयति प्रक्षिपति न किंचित् ।
यः संयतोऽप्रमत्तो बहु निर्जरयति बध्नाति न किंचित् ॥ ३७ ॥]

पल्ये ऽतिशयमहति कुम्भं शोधयति प्रक्षिपति न किंचित् । एष दृष्टान्तो ऽयमर्थोपनयः— **यः संयतो ऽप्रमत्तः** प्रमादरहितः साधुरित्यर्थः **बहु निर्जरयति बध्नाति न किंचिद्विशिष्टतरगुणत्वात्** बन्धकारणाभावादिति ॥ ३७ ॥

ગાથાર્થ— અતિશય મોટા પલ્યમાંથી કુંભ જેટલું ધાન્ય કાઢે છે અને જરા પણ નાખતો નથી (તે રીતે) અપ્રમત્ત સંયત નિર્જરા ઘણી કરે છે અને કર્મબંધ જરા પણ કરતો નથી.

ટીકાર્થ— અપ્રમત્ત સંયત એટલે પ્રમાદ રહિત સાધુ. પ્રમાદ રહિત સાધુ અધિક વિશિષ્ટ ગુણોથી યુક્ત હોવાના કારણે બંધનું કારણ ન હોવાથી જરા પણ બંધ કરતો નથી અને નિર્જરા ઘણી કરે છે. (૩૭)

ગુરુરાહ—

एयमिह ओहविसयं, भणियं सव्वे न एवमेवंति ।
अस्संजओ उ एवं, पडुच्च ओसन्नभावं तु ॥ ३८ ॥

[एतदिह ओघविषयं भणितं सर्वे न एवमेवेति ।
असंयतस्त्वेवं प्रतीत्य ओसन्नभावं तु ॥ ३८ ॥]

एतदिति पल्ले महइमहल्ले इत्यादि **इहा**स्मिन्विचारे **ओघविषयं** सामान्यविषयं **भणितमुक्तं । सर्वे न एवमेवेति** सर्वे नैवमेव बध्नन्ति । अस्यैव विषयमुपदर्शयति– **असंयतस्त्वेवं** मिथ्यादृष्टिरेव एवं बध्नाति नान्य इति । असावपि **प्रतीत्याङ्गीकृत्य ओसन्नभावं** बाहुल्यभावं तुरवधारणे ओसन्नभावमेव न तु नियममिति ॥ ३८ ॥

ગુરુ ઉત્તર આપે છે–

ગાથાર્થ– પલ્યના દૃષ્ટાંતથી ઘણું બાંધે અને અલ્પ નિર્જરા કરે એમ જે કહ્યું છે તે સામાન્યથી કહ્યું છે. બધા જ જીવો ઘણું બાંધે છે અને થોડી નિર્જરા કરે છે એવું નથી. મિથ્યાદૃષ્ટિ જ આ પ્રમાણે બાંધે છે, બીજા જીવો નહિ. મિથ્યાદૃષ્ટિ જ ઘણું બાંધે અને થોડી નિર્જરા કરે એ કથન પણ બહુલતાની અપેક્ષાએ જ છે, એટલે કે મિથ્યાદૃષ્ટિ જ ઘણું બાંધે એ નિયમ છે, પણ બધા જ મિથ્યાદૃષ્ટિ ઘણું બાંધે એવો નિયમ નથી. (૩૮)

नियमे दोषमाह–

पावइ बंधाभावो, उ अन्नहा पोग्गलाणभावाओ ।
इय वुड्ढिगहणओ ते, सव्वे जीवेहि जुज्जंति ॥ ३९ ॥

[प्राप्नोति बन्धाभावस्तु अन्यथा पुद्गलानामभावात् ।
इति वृद्धिग्रहणतः ते सर्वे जीवैर्युज्यन्ते ॥ ३९ ॥]

प्राप्नोति आपद्यते **बन्धाभावस्तु** बन्धाभाव एवा**न्यथा**न्येन प्रकारेण सर्वे असंयता एवं बध्नन्तीत्येवंलक्षणेन । किमित्यत्रोपपत्तिमाह– **पुद्गला-नामभावाद्ब**ध्यमानानां कर्मपुद्गलानामसंभवात् । तेषामेवाभावे उपपत्तिमाह– **इति वृद्धिग्रहणतः** एवमनन्तगुणरूपतया वृद्धिग्रहणेन **ते** कर्मपुद्गलाः **सर्वे जीवैर्युज्यन्ते** कालान्तरेण सर्वे जीवैः संबध्यन्ते प्रभूततरग्रहणादल्पतरमोक्षाच्च । सहस्रमिव प्रतिदिवसं पञ्चरूपकग्रहणे एकरूपकमोक्षे च दिवसत्रयान्तः पुरुषशतेनेति ॥ ३९ ॥

મિથ્યાદૃષ્ટિ ઘણું બાંધે જ એવા નિયમમાં દોષને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– બધા જ મિથ્યાદૃષ્ટિઓ ઘણું બાંધે એ નિયમથી તો બંધનો અભાવ થાય. કેમ કે બંધાતા કર્મપુદ્ગલોનો અસંભવ

(=અભાવ) થાય. બંધાતા કર્મપુદ્ગલોનો અસંભવ થાય તેમાં (ગાથાના ઉત્તરાર્ધથી) યુક્તિને કહે છે– આ પ્રમાણે અનંતગુણા કર્મપુદ્ગલો અધિક ગ્રહણ કરવાથી તે સર્વ કર્મ પુદ્ગલો (=વિશ્વમાં જેટલા કર્મપુદ્ગલો છે તેટલા બધા કર્મપુદ્ગલો) જીવોની સાથે જોડાય છે. અતિશય ઘણા કર્મપુદ્ગલોનું ગ્રહણ થવાથી અને અતિશય અલ્પ કર્મપુદ્ગલો છૂટા થવાથી સમય જતાં બધા જ કર્મપુદ્ગલો જીવોની સાથે સંબંધવાળા થાય છે. આ વિષે દૃષ્ટાંત આ પ્રમાણે છે– હજાર રૂપિયા છે. સો પુરુષો દરરોજ તેમાંથી પાંચ રૂપિયા લે અને એક રૂપિયો પાછો મૂકી દે તો ત્રણ દિવસમાં હજાર રૂપિયા પૂર્ણ થઇ જાય.

ઉપનય– જેવી રીતે અહીં હજાર રૂપિયામાંથી દરરોજ સો માણસો પાંચ રૂપિયા લે અને એક રૂપિયો મૂકે તો ત્રણ દિવસમાં હજાર રૂપિયા ખલાસ થઇ જાય, તેમ બધા જ મિથ્યાદૃષ્ટિ જીવો ઘણાં કર્મો બાંધે અને અત્યંત અલ્પ કર્મોની નિર્જરા કરે તો વિશ્વમાં જેટલા કર્મપુદ્ગલો (કાર્મણ વર્ગણાના પુદ્ગલો) છે તેટલા બધા કર્મપુદ્ગલોનો જીવોની સાથે સંબંધ થઇ જાય. એના કારણે વિશ્વમાં કર્મપુદ્ગલોનો સંપૂર્ણ અભાવ થઇ જાય, અને તેના કારણે કર્મબંધનો અભાવ થાય. (૩૯)

आह चोदकः–

मोक्खो ऽसंखिज्जाओ, कालाओ ते अ जं जिएहिंतो ।
भणिया णंतगुणा खलु, न एस दोसो तओ जुत्तो ॥ ४० ॥

[मोक्षोऽसङ्ख्येयात्कालात् ते च यतो जीवेभ्यः ।
भणिता अनन्तगुणाः खलु नैष दोषः ततो युक्तः ॥ ४० ॥]

मोक्षः परित्यागः **असङ्ख्येयात्कालाद**सङ्ख्येयेन कालेन उत्कृष्टतस्तेषां कर्मपुद्गलानाम् । तत ऊर्ध्वं कर्मस्थितेः प्रतिषिद्धत्वात् । **ते च** कर्माणवः **यतो** यस्माज्जीवेभ्यः सर्वेभ्य एव **भणिताः** प्रतिपादिता **अनन्तगुणाः खलु**शब्दस्यावधारणार्थत्वादनन्तगुणा एव । **नैष दोषो** ऽनन्तरोदितो बन्धाभावप्राप्तिकाललक्षणः **ततो युक्तो** बहुतरबन्धः प्रभूततरग्रहणेऽल्पतरमोक्षे च सत्यपि तेषामनन्तत्वात् स्तोककालाच्च मोक्षादिति । न हि शीर्षप्रहेलिकान्तस्य राशेः प्रतिदिवसं पञ्चरूपकग्रहणे एकरूपकमोक्षे च सति वर्षशतेनापि पुरुषशतेन योगो भवति प्रभूतत्वात् । एवं दार्ष्टान्तिके भावनीयमिति ॥ ४० ॥

અહીં શિષ્ય (બંધનો અભાવ ન થાય એ વિષે) કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– (આત્મા સાથે જોડાયેલા) કર્મપુદ્ગલોનો ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ પછી આત્માથી છૂટકારો થાય છે. કારણ કે અસંખ્ય કાળથી અધિક કર્મસ્થિતિનો નિષેધ છે. તે કર્માણુઓ સર્વ જીવોથી અનંતગુણા જ છે. આથી હમણાં "બંધાભાવની પ્રાપ્તિનો કાળ આવે" એવો જે દોષ કહ્યો તે દોષ નથી. તેથી અતિશય ઘણો બંધ યુક્ત છે. અતિશય ઘણા કર્માણુઓનું ગ્રહણ અને અતિશય અલ્પ ત્યાગ થવા છતાં કર્માણુઓ અનંત હોવાથી અને થોડા કાળ પછી ત્યાગ થતો હોવાથી અતિશય ઘણો બંધ યુક્ત છે.

શીર્ષ પ્રહેલિકા જેટલા ધનના ઢગલામાંથી સો પુરુષો દરરોજ પાંચ રૂપિયા લે અને એક રૂપિયો મૂકે તો સો વર્ષે પણ બધા રૂપિયાનો યોગ=સંબંધ ન થાય. અર્થાત્ રૂપિયા ખલાસ ન થાય. કારણ કે ઘણા છે.

એ પ્રમાણે દાર્ષ્ટાંતિકમાં (કર્માણુઓનો અભાવ થવામાં) વિચારવું.

તાત્પર્યાર્થ– પૂર્વે (૩૯મી ગાથામાં) બધા જ જીવો અતિશય ઘણા કર્મપુદ્ગલોને ગ્રહણ કરે અને અલ્પ નિર્જરા કરે તો સમય જતાં કર્માણુઓનો અભાવ થઈ જવાની આપત્તિ આપી હતી. તેના જવાબમા અહીં શિષ્ય કહે છે કે કર્માણુઓ અનંત છે અને બંધાયેલા કર્માણુઓ થોડા કાળ પછી છૂટા થતા હોવાથી કર્માણુઓનો અભાવ થવાની આપત્તિ આવતી નથી. (૪૦)

इत्थं चोदकेनोक्ते सति गुरुराह–

गहणमणंताण न किं, जायइ समएण ता कहमदोसो ।
आगम संसाराओ, न तहा णंताण गहणं तु ॥ ४१ ॥

[ग्रहणमनन्तानां न किं जायते समयेन तत्कथमदोषः ।
आगमसंसारान्न तथानन्तानां ग्रहणं तु ॥ ४१ ॥]

ग्रहणं कर्मपुद्गलानामादान**मनन्तानाम**त्यन्तप्रभूतानां **न किमि**ति गाथा-भङ्गभयाद्व्यत्ययः किं न **जायते समयेन**, जायत एवेत्यर्थः, समयः परमनिकृष्टः काल उच्यते । यतश्चैवं **तत्कथमदोषो** दोष एव शीर्षप्रहेलिकान्तस्यापि राशेः प्रतिदिवसं शतभागमात्रमहाराशिग्रहणेऽल्पतरमोक्षे च वर्षशतादारत एव पुरुषशतेन योगोपपत्तेः, एवं दार्ष्टान्तिकेऽपि भावना कार्या । स्यादेत**दागमसंसारान्न**

तथानन्तानां ग्रहणं तु । आगमस्तावत् "जाव णं अयं जीवे एयइ वेयइ चलइ फंदइ ताव णं अट्ठविहबन्धए वा सत्तविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा" इत्यादि । संसारस्तु प्रतिसमयबन्धकसत्त्वससृतिरूपः[१] प्रतीत एव । एवमागमात्संसाराच्च न तथानन्तानां ग्रहणमेव भवति यथा बध्यमानकर्मपुद्गलाभावाद्बन्धाभाव एवेति ॥ ४१ ॥

આ પ્રમાણે શિષ્યે કહ્યું એટલે ગુરુ શિષ્યને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– શું એક સમયમાં અનંત કર્મપુદ્ગલોનું ગ્રહણ થતું નથી ? અર્થાત્ થાય જ છે. તેથી અદોષ કેવી રીતે છે ? દોષ જ છે. કેમ કે શીર્ષ પ્રહેલિકા જેટલા ધનના ઢગલામાંથી પણ દરરોજ સોમા ભાગ જેટલો મહાન ઢગલો લેવામાં આવે અને અત્યંત અલ્પ તેમાં નાખવામાં આવે તો સો વર્ષ પહેલાં જ સઘળા ધનનો યોગ સો પુરુષોની સાથે ઘટી શકે છે, અર્થાત્ શીર્ષ પ્રહેલિકા જેટલો ધનનો મોટો ઢગલો ખલાસ થઈ જાય. જે કાળના કેવળી પણ બે વિભાગ ન કરી શકે તેટલો અત્યંત અલ્પકાળ સમય કહેવાય છે.

અહીં કદાચ કોઈ એમ કહે– આગમથી અને સંસારથી તે પ્રમાણે અનંત કર્મપુદ્ગલોનું ગ્રહણ ન થાય.

આગમ આ પ્રમાણે છે– "જ્યાં સુધી આ જીવ કંપે છે, વિશેષ કંપે છે, ચાલે છે, કંઈક હાલે છે ત્યાં સુધી આઠ પ્રકારના કર્મનો બંધક છે, અથવા સાત પ્રકારના કર્મનો બંધક છે, અથવા છ પ્રકારના કર્મનો બંધક છે, અથવા એક પ્રકારના કર્મનો બંધક છે-ઇત્યાદિ."

પ્રતિસમય કર્મબંધ કરનાર જીવોનો એક ગતિમાંથી બીજી ગતિમાં સંસરણ કરવા રૂપ સંસાર તો જાણીતો જ છે. (અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જીવો તે રીતે અનંત કર્મપુદ્ગલો ગ્રહણ કરતા નથી કે જેથી બંધનો અભાવ થાય. બંધનો અભાવ થતો હોય તો આ દેખીતો સંસાર જ ન હોય. જ્યારે સંસાર તો પ્રત્યક્ષ દેખાઈ જ રહ્યો છે.)

આ પ્રમાણે આગમથી અને સંસારથી એ નિશ્ચિત થાય છે કે તે રીતે અનંત કર્મપુદ્ગલોનુ ગ્રહણ થતું નથી જેથી બંધાતા (બધા) પુદ્ગલોનો અભાવ થવાથી કર્મબંધનો અભાવ જ થાય. (૪૧)

---

૧. प्रतिसमयबन्धकर्मत्वसंसृतिरूपः

एवं पराभिप्रायमाशङ्क्याह–

आगम मुक्खाउ ण किं, विसेसविसयत्तणेण सुत्तस्स ।
तं जाविह संपत्ती, न घडइ तम्हा अदोसो उ ॥ ४२ ॥

[आगममोक्षात्र किं विशेषविषयत्वेन सूत्रस्य ।
तं यावदिह संप्राप्तिर्न घटते तस्माददोषस्तु ॥ ४२ ॥]

आगममोक्षात्किं न विशेषविषयत्वेन सूत्रस्य पल्ले इत्यादिलक्षणस्य (३५-३७) **तं** ग्रन्थि **यावदिह** विचारे **संप्राप्तिर्न घटते** । द्वौ प्रतिषेधौ प्रकृतमर्थं गमयत इति कृत्वा घटत एव । **तस्माददोषस्तु** यस्मादेवं तस्मादेष दोष एव न भवति य उक्तस्तं यावदिह संप्राप्तिर्न युज्यते (३४) इत्यादि । तत्रागमस्तावत् "सम्मत्तंमि उ लद्धे" इत्यादि । मोक्षस्तु प्रकृष्टगुणानुष्ठानपूर्वकः प्रसिद्ध एव । अतो यथोक्तविशेषविषयमेव तत्सूत्रमिति । इत्थं चैतदङ्गीकर्तव्यम् । अन्यथा तदधिकारोक्तमेव "पक्खिवे न किंचि" (३७) इत्येतद्विरुध्यते । अप्रमत्तसंयतस्यापि बन्धकत्वात् । यथोक्तं–

"अपमत्तसंजयाणं, बंधट्ठिती होइ अट्ठमुहुत्ता ।
उक्कोसा उ जहन्ना, भिन्नमुहुत्तं नु विन्नेया ॥ १ ॥"

इत्यादि । तस्मादोघविषयमेवैतदिति ॥ ४२ ॥

આ પ્રમાણે બીજાના અભિપ્રાયની આશંકા કરીને ગ્રંથકાર તેનો પ્રત્યુત્તર કહે છે–

ગાથાર્થ– પલ્લે महइमहल्ले० ઇત્યાદિ (૩૫-૩૬-૩૭) સૂત્ર વિશેષવિષયવાળું છે. આથી આગમથી અને મોક્ષથી જીવને ગ્રંથિદેશની પ્રાપ્તિ (=ગ્રંથિદેશ સુધી આગમન) ઘટે જ છે. તેથી જીવને ગ્રંથિદેશની પ્રાપ્તિ ઘટતી નથી એમ જે દોષ પૂર્વે (૩૪મી ગાથામાં) કહ્યો હતો તે દોષ નથી. તેમાં આગમ આ પ્રમાણે છે–

"સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે રહેલી (अंतःकोडाकोडि) કર્મસ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે છે ત્યારે ઉપશમશ્રેણિની પ્રાપ્તિ થાય

છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે છે ત્યારે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય છે."

(**પ્રશ્ન**– બેથી નવ પલ્યોપમ વગેરે કર્મસ્થિતિ ક્રમશઃ જ ઘટે કે જલદી પણ ઘટે ?

ઉત્તર– બંને રીતે ઘટે છે. કોઇ જીવની ક્રમશઃ તેટલી સ્થિતિ ઘટે તો કોઇ જીવની વીર્યોલ્લાસથી વિશેષ પરિણામ પ્રગટે તો જલદી પણ ઘટી જાય.[૧])

પ્રકૃષ્ટ ગુણો અને પ્રકૃષ્ટ આચરણપૂર્વક થતો મોક્ષ પ્રસિદ્ધ જ છે. (અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જો જીવ ગ્રંથિદેશ સુધી આવતો ન હોય તો તેને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ ન થાય. એ ગુણોની પ્રાપ્તિ ન થાય તો મોક્ષ પણ ન થાય. જ્યારે મોક્ષ તો પ્રસિદ્ધ જ છે. એથી માનવું પડે કે જીવ ગ્રંથિદેશ સુધી આવે છે.)

આથી "ઘણું બાંધે છે થોડી નિર્જરા કરે છે" એ સૂત્ર વિશેષવિષયવાળું જ છે, અને આ આ પ્રમાણે જ સ્વીકારવું જોઇએ. અન્યથા એ સૂત્રના અધિકારમાં જ કહેલ "કુંભ જેટલું કાઢે છે અને કંઇપણ નાખતો નથી" એ (૩૭) સૂત્રનો વિરોધ આવે. કારણ કે અપ્રમત્ત સંયત પણ બંધક છે. કહ્યું છે કે– "અપ્રમત્ત સંયતની ઉત્કૃષ્ટ બંધસ્થિતિ આઠ મુહૂર્ત્ત અને જઘન્ય બંધસ્થિતિ અંતર્મુહૂર્ત્ત જાણવી." ઇત્યાદિ. આથી "ઘણું બાંધે છે અને થોડી નિર્જરા કરે છે" એ સૂત્ર સામાન્યવિષયવાળું જ છે, અર્થાત્ બધા જ મિથ્યાદૃષ્ટિ જીવો ઘણું બાંધે એવો નિયમ નથી. (૪૨)

અવસિતમાનુષઙ્ગિકમ્ અધુના પ્રકૃતં સમ્યક્ત્વમાહ–

સંમત્તં પિ ય તિવિહં, ખઓવસમિયં તહોવસમિયં ચ ।
ખઇયં ચ કારગાઇ વ, પન્નત્તં વીયરાગેહિં ॥ ૪૩ ॥

[સમ્યક્ત્વમપિ ચ ત્રિવિધં ક્ષાયોપશમિકં તથૌપશમિકમ્ ।
ક્ષાયિકં ચ કારકાદિ વા પ્રજ્ઞપ્તં વીતરાગૈઃ ॥ ૪૩ ॥]

સમ્યક્શબ્દઃ પ્રશંસાર્થઃ અવિરોધાર્થો વા, તદ્ભાવઃ **સમ્યક્ત્વં**, પ્રશસ્તઃ મોક્ષાવિરોધી વાત્મધર્મ ઇત્યર્થઃ । **અપિ તત્ત્રિવિધં** એતચ્ચોપાધિભેદાત્ત્રિપ્રકારમ્ ।

૧. ક્રમશઃ અને જલદી એમ બંને રીતે સ્થિતિ ઘટતી હોવા છતાં મોટા ભાગના જીવોની કર્મસ્થિતિ ક્રમશઃ ઘટે છે. બહુ જ ઓછા જીવોની કર્મસ્થિતિ જલદી ઘટે છે. આથી સામાન્યથી સમ્યક્ત્વપ્રાપ્તિ અને દેશવિરતિપ્રાપ્તિનો અંતરકાલ બેથી નવ પલ્યોપમ છે. ઉપદેશ રહસ્ય ગા.૨૩ની ટીકા.

अपिशब्दाच्छ्रावकधर्मस्य प्रकृतत्वात्तच्चारित्रमप्योघतोऽणुव्रतगुणव्रतशिक्षापद-भेदात् त्रिविधमेव । चशब्दः स्वगतानेकभेदसमुच्चयार्थः । उक्तं च– "तं च पंचहा सम्मत्तं उवसमं सासायणं खओवसमं वेदयं खइयं" । त्रैविध्य-मुपदर्शयति– **क्षायोपशमिकं तथौपशमिकं क्षायिकं च कारकादि वा** कारकं आदिशब्दाद्रोचकव्यञ्जकपरिग्रहः । एतच्च वक्ष्यत्येवेति न प्रतन्यते । इदं च **प्रज्ञप्तं** प्ररूपितं **वीतरागैरर्हद्भिरिति** ॥ ४३ ॥

આનુષંગિક વિષય પૂર્ણ થયો. હવે પ્રસ્તુત સમ્યક્ત્વને કહે છે–

ગાથાર્થ– અરિહંતોએ સમ્યક્ત્વ પણ ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારનું અથવા કારક આદિ ત્રણ પ્રકારનું કહ્યું છે.

ટીકાર્થ– સમ્યક્ત્વ– સમ્યક્ શબ્દ પ્રશંસા અર્થમાં કે અવિરોધ અર્થમાં છે. સમ્યક્નો ભાવ તે સમ્યક્ત્વ. સમ્યક્ત્વ એ પ્રશસ્ત અથવા મોક્ષનો અવિરોધી આત્મધર્મ છે.

સમ્યક્ત્વ પણ એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે– જેમ શ્રાવકનું ચારિત્ર સામાન્યથી અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાપદના ભેદથી ત્રણ પ્રકારનું જ છે તેમ સમ્યક્ત્વ પણ ત્રણ પ્રકારનું છે. મૂળ ગાથામાં **च** શબ્દ સમ્યક્ત્વના અનેક ભેદોના સંગ્રહ માટે છે, અર્થાત્ સમ્યક્ત્વના બીજા પણ અનેક ભેદો છે એ જણાવવા માટે છે. કહ્યું છે કે– "તે સમ્યક્ત્વ ઉપશમ, સાસ્વાદન, ક્ષયોપશમ, વેદક અને ક્ષાયિક એમ પાંચ પ્રકારનું છે."

'કારક આદિ' એ સ્થળે આદિ શબ્દથી રોચક અને વ્યંજક (=દીપક) એ બેનું ગ્રહણ કરવું. કારક આદિ ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ ગ્રંથકાર કહેશે જ. આથી અહીં તેનો વિસ્તાર કરાતો નથી. (૪૩)

सांप्रतं क्षायोपशमिकं सम्यक्त्वमभिधित्सुराह–

मिच्छत्तं जदुदिन्नं, तं खीणं अणुइयं च उवसंतं ।
मीसीभावपरिणयं, वेयिज्जंतं खओवसमं ॥ ४४ ॥

[मिथ्यात्वं यदुदीर्णं तत्क्षीणं अनुदितं चोपशान्तम् ।
मिश्रीभावपरिणतं वेद्यमानं क्षायोपशमिकम् ॥ ४४ ॥]

मिथ्यात्वं नाम मिथ्यात्वमोहनीयं कर्म । तत् **यदुदीर्णं** यदुद्भूतशक्ति उदयावलिकायां व्यवस्थितमित्यर्थः **तत्क्षीणं** प्रलयमुपगतं **अनुदितं** च अनुदीर्णं **चोपशान्तं** । उपशान्तं नाम विष्कम्भितोदयमपनीतमिथ्यात्वस्वभावं

च। विष्कम्भितोदयं शेषमिथ्यात्वमपनीतमिथ्यात्वस्वभावं मदनकोद्रवोदाहरण-त्रिपुञ्जिन्यायशोधितं सम्यक्त्वमेव । आहेह विष्कम्भितोदयस्य मिथ्यात्व-स्यानुदीर्णता युक्ता, न पुनः सम्यक्त्वस्य, विपाकेन वेदनात् । उच्यते— सत्यमेतत्, किं त्वपनीतमिथ्यात्वस्वभावत्वात्स्वरूपेणानुदयात्तस्याप्यनुदीर्णोपचार इति ॥ यद्वानुदीर्णत्वं मिथ्यात्वस्यैव युज्यते न तु सम्यक्त्वस्य। कथं ?। मिथ्यात्वं यदुदीर्णं तत् क्षीणं अनुदीर्णमुपशान्तं चेति । चशब्दस्य व्यवहितप्रयोगः। ततश्चानुदीर्णं मिथ्यात्वमुपशान्तं च सम्यक्त्वं परिगृह्यते । भावार्थः पूर्ववत् ॥ तदेवं **मिश्रीभावपरिणतं** क्षयोपशमस्वभावमापन्नं **वेद्यमानम**नुभूयमानं मिथ्यात्वं प्रदेशानुभवेन सम्यक्त्वं विपाकेन क्षयोपशमाभ्यां निवृत्तमिति कृत्वा **क्षायोपशमिकं** सम्यक्त्वमुच्यते। आहेदं सम्यक्त्वमौदयिको भावः मोहनीयोदयभेदत्वात् अतोऽयुक्तमस्य क्षायोपशमिकत्वं, न, अभिप्राया-परिज्ञानात्सम्यक्त्वं हि सांसिद्धिकमात्मपरिणामरूपं ज्ञानवत् न तु क्रोधादिवत् कर्माणुसंपर्कजं, तथाहि— तावति मिथ्यात्वघनपटले क्षीणे तथानुभवतोऽपि स्वच्छाभ्रकल्पान् सम्यक्त्वपरमाणून् तथाविधसवितृप्रकाशवत् सहज एवासौ तत्परिणाम इति क्षयोपशमनिष्पन्नश्चायं तमन्तरेणाभावात्, न ह्युदीर्णक्षयादनु-दीर्णोपशमव्यतिरेकेणास्य भावः । क्रोधादिपरिणामः पुनरुपधानसामर्थ्या-पादितस्फटिकमणिरक्ततावदसहज इति । आह— यदि परिणामः सम्यक्त्वं ततो मिश्रीभावपरिणतं वेद्यमानं क्षायोपशमिकमित्येतद्विरुध्यते मोहनीयभेदयोरेव मिश्रीभावपरिणतयोर्वेद्यमानत्वात्, न विरुध्यते, तथाविधपरिणामहेतुत्वेन तयोरेव सम्यक्त्वोपचारात् । कृतं विस्तरेणेति ॥ ४४ ॥

હવે ક્ષાયોપશમિક સમ્યક્ત્વને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે—

ગાથાર્થ— જે મિથ્યાત્વ ઉદયમાં આવ્યું તે ક્ષયને પામ્યું અને જે મિથ્યાત્વ ઉદયમાં નથી આવ્યું તે ઉપશમને પામ્યું. આ પ્રમાણે જે મિશ્રભાવરૂપે પરિણમેલું છે અને વર્તમાનમાં (સમ્યક્ત્વ મોહનીયરૂપે) વેદાઇ રહ્યું છે તે (=સમ્યક્ત્વ મોહનીય) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છે.

ટીકાર્થ— અહીં મિથ્યાત્વ એટલે મિથ્યાત્વ મોહનીય કર્મ સમજવું. જે મિથ્યાત્વ ઉદયમાં આવ્યું છે=જેનામાં ફળ આપવાની શક્તિ ઉત્પન્ન થઇ છે તેવું થયું છે, અર્થાત્ ઉદયાવલિકામાં રહેલું છે, તે ક્ષય પામ્યું અને જે ઉદયમાં નથી આવ્યું તે ઉપશાંત છે. અહીં ઉપશાંતના બે અર્થ છે.

એક અર્થ– જેનો ઉદય અટકી ગયો છે તે ઉપશાંત. બીજો અર્થ– જેમાંથી મિથ્યાત્વનો સ્વભાવ જતો રહ્યો છે તે ઉપશાંત. જેનો ઉદય અટકી ગયો છે તેવું ઉપશાંત એટલે બાકી રહેલું (=સત્તામાં પડેલું) મિથ્યાત્વ. જેમાંથી મિથ્યાત્વનો સ્વભાવ જતો રહ્યો છે તેવું ઉપશાંત એટલે મદન-કોદ્રવના દૃષ્ટાંતથી ત્રણ પુંજના ન્યાયથી શુદ્ધ કરેલું (સમ્યક્ત્વ મોહનીયરૂપ) સમ્યક્ત્વ જ જાણવું. (અહીં મિથ્યાત્વના રસનો ઉપશમ છે.)

પ્રશ્ન– અહીં જેનો ઉદય અટકી ગયો છે તે મિથ્યાત્વના ઉદયનો અભાવ યુક્ત છે, પણ સમ્યક્ત્વના ઉદયનો અભાવ યુક્ત નથી. કારણ કે તે વેદાઈ રહ્યું છે.

ઉત્તર– તમે કહ્યું તે સાચું છે. પણ સમ્યક્ત્વમાંથી મિથ્યાત્વનો સ્વભાવ જતો રહ્યો હોવાના કારણે સ્વરૂપથી ઉદયનો અભાવ હોવાથી ઉપચારથી સમ્યક્ત્વના પણ ઉદયનો અભાવ ગણાય. અથવા મિથ્યાત્વના જ ઉદયનો અભાવ ઘટે છે. સમ્યક્ત્વના ઉદયનો અભાવ નહિ.

પ્રશ્ન– મિથ્યાત્વના ઉદયનો અભાવ કેવી રીતે ઘટે છે ?

ઉત્તર– મૂળ ગાથામાં રહેલા **अनुदीर्ण** પદથી મિથ્યાત્વ ગ્રહણ કરવું, **उपशान्त** પદથી સમ્યક્ત્વનું ગ્રહણ કરવું. ભાવાર્થ પૂર્વની જેમ જ છે.

(પ્રથમ અર્થમાં જે **अनुदीर्ण** છે તે **उपशान्त** છે એવો અર્થ કર્યો હતો. બીજા અર્થમાં **अनुदीर्ण** અને **उपशान्त** એવો અર્થ છે. ભાવાર્થ તો બંનેમાં સમાન છે. પ્રથમ યોજનામાં જે મિથ્યાત્વ અનુદીર્ણ છે તે ઉપશાંત (=તેનો ઉદય અટકાવેલો) છે. બીજી યોજનામાં અનુદીર્ણ (=ઉદયમાં નહિ આવેલ) અને ઉપશાંત (=જેમાંથી મિથ્યાત્વનો સ્વભાવ જતો રહ્યો છે અને સમ્યક્ત્વ મોહનીયરૂપે વેદાઈ રહેલ) છે. બંને યોજનામાં મિથ્યાત્વ પ્રદેશોદયથી ભોગવાઈ રહેલ છે. ભોગવાઈને ક્ષય પામે છે.)

મિશ્રભાવરૂપે પરિણમેલું એટલે ક્ષય અને ઉપશમ ભાવને પામેલું. વેદાઈ રહ્યું છે એટલે અનુભવમાં આવી રહ્યું છે. વર્તમાનમાં જે વેદાઈ રહ્યું છે તે પ્રદેશાનુભવથી મિથ્યાત્વ છે અને વિપાકથી સમ્યક્ત્વ છે. આ પ્રમાણે આ સમ્યક્ત્વ ક્ષય અને ઉપશમથી થયેલું હોવાથી ક્ષાયોપશમિક છે.

(અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે ત્યારે પહેલાં દર્શન મોહનીયના કર્માણુઓમાંથી કેટલાક કર્માણુઓને શુદ્ધ (=રસ રહિત) કરે છે, કેટલાક કર્માણુઓને અર્ધ શુદ્ધ કરે છે અને કેટલાક કર્માણુઓ અશુદ્ધ જ રહે છે, એટલે કે પૂર્વે જેવા હતા તેવા જ રહે છે.

આ ત્રણમાંથી શુદ્ધ કર્માણુઓની સમ્યક્ત્વ મોહનીય એવી સંજ્ઞા છે. અર્ધ શુદ્ધ કર્માણુઓની મિક્ષ મોહનીય સંજ્ઞા છે. અશુદ્ધ કર્માણુઓની મિથ્યાત્વ મોહનીય સંજ્ઞા છે. આમાંથી જો શુદ્ધ કર્માણુઓનો ઉદય થાય તો જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે. ક્ષય અને ઉપશમ એ ભાવોથી જે સમ્યક્ત્વ પ્રગટે તે ક્ષાયોપશમિક છે. હવે આમાં ક્ષય અને ઉપશમ કેવી રીતે છે તે વિચારીએ. પૂર્વે (=સમ્યક્ત્વ પામ્યા પહેલાં) મિથ્યાત્વ કર્મના જે કર્માણુઓ ઉદયમાં આવ્યા હતા તેનો ભોગવીને ક્ષય કરી નાખ્યો છે. આથી ક્ષય ભાવ છે. સત્તામાં પડેલું મિથ્યાત્વ ઉદયમાં નથી આવ્યું તેથી ઉપશમ છે. આમ ક્ષય અને ઉપશમ એ બે ભાવોથી સમ્યક્ત્વ પ્રગટતું હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છે.

પ્રશ્ન– આ સમ્યક્ત્વ ઔદયિક ભાવ છે. કારણ કે સમ્યક્ત્વ મોહનીય મોહનીય કર્મના ઉદયનો ભેદ છે. આથી એનો ક્ષાયોપશમિકભાવ યુક્ત નથી.

ઉત્તર– તમોએ અભિપ્રાય જાણ્યો નથી. જેવી રીતે જ્ઞાનગુણ આત્માનો સાંસિદ્ધિક (=સહજ) પરિણામ છે, તેવી રીતે સમ્યક્ત્વ ગુણ પણ આત્માનો સાંસિદ્ધિક પરિણામ છે. ક્રોધ વગેરેની જેમ કર્માણુઓના સંબંધથી થયેલો પરિણામ નથી. તે આ પ્રમાણે– મિથ્યાત્વરૂપ વાદળસમૂહનો ક્ષય થયે છતે સ્વચ્છ આકાશ સમાન સમ્યક્ત્વના પરમાણુઓને જીવ તે રીતે અનુભવતો હોવા છતાં તે જીવને તેવા પ્રકારના (=વાદળ વિનાના) સૂર્યના પ્રકાશની જેમ સહજ જ આ સમ્યક્ત્વ પરિણામ હોય છે. આથી ક્ષયોપશમભાવથી ઉત્પન્ન થતો આ સમ્યક્ત્વપરિણામ ક્ષયોપશમ વિના ન થાય. આથી ઉદય નહિ પામેલા મિથ્યાત્વના ઉપશમ વિના ઉદય પામેલા મિથ્યાત્વના ક્ષયથી સમ્યક્ત્વ પરિણામ ન થાય. પણ ક્રોધાદિ પરિણામ ઉપધાનના (પાસે રહેલ જપાકુસુમ વગેરે વસ્તુના) સામર્થ્યથી થયેલી સ્ફટિક મણિની રક્તતાની (=લાલાશની) જેમ અસહજ છે.

પૂર્વપક્ષ– જો સમ્યક્ત્વ આત્મપરિણામ છે તો મિશ્રભાવરૂપે પરિણમેલું વેદાઇ રહ્યું છે અને ક્ષાયોપશમિક છે એનો વિરોધ આવે છે. કારણ કે મિશ્ર-ભાવરૂપે પરિણમેલા મોહનીયના જ ભેદો વેદાઇ=અનુભવાઇ રહ્યા છે.

ઉત્તરપક્ષ– આમાં વિરોધ નથી. તેવા પ્રકારના (શુભ) પરિણામના હેતુ હોવાથી મોહનીયના ભેદોમાં જ સમ્યક્ત્વનો ઉપચાર કરવામાં આવ્યો છે.

વિસ્તારથી સર્યું. (૪૪)

क्षायोपशमिकानन्तरमौपशमिकमाह–

उवसमगसेढिगयस्स होइ उवसामियं तु सम्मत्तं ।
जो वा अकयतिपुंजो, अखवियमिच्छो लहइ सम्मं ॥ ४५ ॥

[उपशमकश्रेणिगतस्य भवत्यौपशमिकं तु सम्यक्त्वम् ।
यो वा अकृतत्रिपुञ्जोऽक्षपितमिथ्यात्वो लभते सम्यक्त्वम् ॥ ४५ ॥]

उपशमकश्रेणिगतस्य औपशमिकीं श्रेणिमनुप्रविष्टस्य **भवत्यौपशमिकमेव सम्यक्त्वं** तुरवधारणे अनन्तानुबन्धिनां दर्शनमोहनीयस्य चोपशमेन निर्वृत्त-मिति कृत्वा औपशमिकं । **यो वा अकृतत्रिपुञ्ज**स्तथाविधपरिणामोपेतत्वात्सम्यङ्मिथ्यात्वोभयानिवर्तितत्रिपुञ्ज एव **अक्षपितमिथ्यात्वो** ऽक्षीणमिथ्यात्वदर्शनः क्षायिकव्यवच्छेदार्थमेतत् **लभते** प्राप्नोति **सम्यक्त्वं** तदप्यौपशमिकमेवेति ॥ ४५ ॥

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પછી હવે ઔપશમિક સમ્યક્ત્વને કહે છે–

ગાથાર્થ– ઉપશમશ્રેણિમાં પ્રવેશેલા મનુષ્યને ઔપશમિક જ સમ્યક્ત્વ હોય છે. અથવા જેણે ત્રણ પુંજ કર્યા નથી અને મિથ્યાત્વનો ક્ષય કર્યો નથી તે જીવ ઔપશમિક જ સમ્યક્ત્વને પામે છે.

ટીકાર્થ– ઉપશમથી થયેલું સમ્યક્ત્વ તે ઔપશમિક સમ્યક્ત્વ. અનંતાનુબંધી ચાર કષાયોના અને દર્શનમોહનીયના ઉપશમથી થયેલું હોવાથી ઔપશમિક સમ્યક્ત્વ છે.

તેવા પ્રકારના પરિણામથી યુક્ત હોવાથી જેણે સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને સમ્યક્-મિથ્યાત્વ એ ત્રણ પુંજ કર્યા નથી અને મિથ્યાદર્શનનો ક્ષય કર્યો નથી તે જીવ જે સમ્યક્ત્વને પામે છે તે પણ ઔપશમિક જ છે.

"જેણે મિથ્યાત્વનો ક્ષય કર્યો નથી" એવું વિશેષણ ક્ષાયિક સમ્યક્ત્વનો વિચ્છેદ કરવા માટે છે. (કારણ કે જેણે મિથ્યાત્વનો ક્ષય કર્યો છે તે જીવ ક્ષાયિક સમ્યક્ત્વને પામે છે.) (૪૫)

अमुमेवार्थं स्पष्टयन्नाह–

खीणंमि उइन्नंमि अ, अणुइज्जंते अ सेसमिच्छत्ते ।
अंतोमुहुत्तमित्तं, उवसमसम्मं लहइ जीवो ॥ ४६ ॥

[क्षीणे उदीर्णे ऽनुदीर्यमाणे च शेषमिथ्यात्वे ।
अन्तर्मुहूर्तमात्रं औपशमिकं सम्यक्त्वं लभते जीवः ॥ ४६ ॥]

क्षीण एवोदीर्णे अनुभवेनैव भुक्त इत्यर्थः, **अनुदीर्यमाणे** च मन्दपरिणामतया

उदयमगच्छति सति कस्मिन् **शेषमिथ्यात्वे** विष्कम्भितोदय इत्यर्थः, **अन्तर्मुहूर्तमात्रं** कालं तत ऊर्ध्वं नियामकाभावेन नियमेन मिथ्यात्वप्राप्तेरेतावन्तमेव कालमिति किं **औपशमिकं सम्यक्त्वं लभते जीव** इति ॥ ४६ ॥

આ જ અર્થને સ્પષ્ટ કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ઉદયમાં આવેલું મિથ્યાત્વ ક્ષીણ થયે છતે અને શેષ મિથ્યાત્વ ઉદયમાં ન આવી રહ્યું હોય ત્યારે જીવ અંતર્મુહૂર્ત્ત સુધી ઔપશમિક સમ્યક્ત્વને પામે છે.

ટીકાર્થ– ક્ષીણ થયે છતે=અનુભવથી જ ભોગવાયે છતે.

ઉદયમાં ન આવી રહ્યું હોય ત્યારે– મંદ પરિણામ હોવાના કારણે શેષ મિથ્યાત્વ ઉદયમાં ન આવી રહ્યું હોય ત્યારે, અર્થાત્ શેષ મિથ્યાત્વનો ઉદય અટકી ગયો હોય ત્યારે.

અંતર્મુહૂર્ત્ત સુધી– અંતર્મુહૂર્ત્તથી વધારે કાળ સુધી ઔપશમિક સમ્યક્ત્વ રહે એ અંગે નિયામક કોઈ ન હોવાથી અંતર્મુહૂર્ત્ત પછી અવશ્ય મિથ્યાત્વની પ્રાપ્તિ થતી હોવાથી અંતર્મુહૂર્ત્ત સુધી જ ઔપશમિક સમ્યક્ત્વ રહે છે. (૪૬)

इदमेव दृष्टान्तेन स्पष्टतरमभिधित्सुराह–

ऊसरदेसं दड्ढिल्लयं व विज्झाइ वणदवो पप्प ।
इय मिच्छस्साणुदए, उवसमसम्मं लहइ जीवो ॥ ४७ ॥

[ऊषरदेशं दग्धं वा विध्यायति वनदवः प्राप्य ।
इति मिथ्यात्वस्यानुदये औपशमिकं सम्यक्त्वं लभते जीवः ॥ ४७ ॥]

ऊषरदेशं ऊषरविभागं, ऊषरं नामं यत्र तृणादेरसंभवः, **दग्धं वा** पूर्वमेवाग्निना **विध्यायति वनदवो** दावानलः **प्राप्य** । कुतस्तत्र दाह्याभावात् । एष दृष्टान्तोऽयमर्थोपनयः– **इति** एवं तथाविधपरिणामा**न्मिथ्यात्वस्यानुदये** सति **औपशमिकं सम्यक्त्वं लभते जीव** इति । वनदवकल्पं ह्यत्र मिथ्यात्वं ऊषरादिदेशस्थानीयं तथाविधपरिणामकण्डकमिति । आह– क्षायोपशमिकादस्य को विशेष इति । उच्यते– तत्रोपशान्तस्यापि मिथ्यात्वस्य प्रदेशानुभवोऽस्ति न त्वौपशमिके । अन्ये तु व्याचक्षते– श्रेणिमध्यवर्तिन्येवौपशमिके प्रदेशानु-भवो नास्ति न तु द्वितीये, तथापि तत्र सम्यक्त्वाण्वनुभवाभाव एव विशेष इति ॥ ४७ ॥

આ જ વિષયને દૃષ્ટાંતથી અધિક સ્પષ્ટ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– જેવી રીતે દાવાનલ ઊષરદેશને કે દગ્ધસ્થાનને પામીને બુઝાઈ જાય છે, તેવી રીતે જીવ મિથ્યાત્વના ઉદયના અભાવમાં ઉપશમ સમ્યક્ત્વને પામે છે.

ટીકાર્થ– ઊષરદેશ– જ્યાં ઘાસ વગેરે બાળવા યોગ્ય કોઈ વસ્તુ ન હોય તેવો દેશ.

દગ્ધસ્થાન– પૂર્વે જ અગ્નિથી બળી ગયું હોય તેવું સ્થાન.

દાવાનલ ઊષરદેશને અને દગ્ધસ્થાનને પામીને બુઝાઈ જાય છે. કારણ કે ત્યાં બાળવા યોગ્ય કોઈ વસ્તુ નથી.

આ દૃષ્ટાંતના અર્થનો ઉપનય આ પ્રમાણે છે– તે રીતે તેવા પ્રકારના પરિણામથી મિથ્યાત્વના ઉદયનો અભાવ થતાં જીવ ઔપશમિક સમ્યક્ત્વને પામે છે.

અહીં દાવાનલ સમાન મિથ્યાત્વ છે. ઊષરાદિ દેશના સ્થાને તેવા પ્રકારનો પરિણામકંડક છે.

પ્રશ્ન– ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી આમાં શો ભેદ છે ?

ઉત્તર– ક્ષાયોપશમિકમાં મિથ્યાત્વ ઉપશાંત થયું હોવા છતાં મિથ્યાત્વના પ્રદેશોનો અનુભવ છે. ઔપશમિકમાં પ્રદેશોનો અનુભવ નથી.

અહીં બીજાઓ આ પ્રમાણે કહે છે– ઉપશમ શ્રેણિમાં રહેલા ઔપશમિક સમ્યક્ત્વમાં પ્રદેશાનુભવનો અભાવ છે, નહિ કે બીજામાં. તો પણ બીજા ઉપશમ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વના અણુઓના અનુભવનો અભાવ જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી ભેદ છે, અર્થાત્ બંને મતે ઔપશમિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વના અણુઓના અનુભવનો અભાવ છે, જ્યારે ક્ષાયોપશમિકમાં તેનો અનુભવ છે.

ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિનો ક્રમ


સંસાર સમુદ્રમાં અનંત પુદ્ગલ પરાવર્તો સુધી અનંત દુઃખ સહન કર્યા બાદ જીવના તથાભવ્યત્વનો પરિપાક થવાથી નદીઘોલપાષાણન્યાયે, એટલે કે ઘડવાના કોઈપણ જાતના પ્રયત્ન વિના માત્ર વારંવાર આમ તેમ અથડાવાથી નદીનો પથ્થર એની મેળે જ ગોળ બની જાય છે તેમ, અનાભોગથી ઉત્પન્ન થયેલ આત્માના વિશિષ્ટ શુભ અધ્યવસાય રૂપ યથાપ્રવૃત્તિકરણ વડે, આયુષ્ય વિના સાત કર્મોની સ્થિતિ ઘટીને માત્ર

અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ (પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ) થાય છે. આ પ્રમાણે જ્યારે આયુષ્ય વિના સાત કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે ત્યારે જીવ રાગદ્વેષની ગ્રંથિ (રાગ-દ્વેષનો તીવ્ર પરિણામ) પાસે=ગ્રંથિદેશે આવ્યો કહેવાય છે. અહીંથી રાગદ્વેષની દુર્ભેદ્ય ગ્રંથિને ભેદીને આગળ વધવા માટે ઘણા જ વીર્યોલ્લાસની જરૂર પડે છે.

ઘણા જીવો અહીં સુધી (=રાગદ્વેષની નિબિડ ગ્રંથિ સુધી) આવીને પાછા ફરે છે, અર્થાત્ સાત કર્મોની દીર્ઘ સ્થિતિ બાંધે છે, અને સંસારમાં પરિભ્રમણ કરે છે. અભવ્ય અને દૂરભવ્ય જીવો આ રાગ-દ્વેષની દુર્ભેદ્ય ગ્રંથિ સુધી આવીને ગ્રંથિનો ભેદ ન કરી શકવાથી અવશ્ય પાછા ફરે છે. પણ જે આસન્નભવ્ય જીવો છે=જે જીવોમાં આધ્યાત્મિક વિકાસ સાધવાની યોગ્યતા પ્રગટી છે, તે જીવો ગ્રંથિભેદ માટે જરૂરી અપૂર્વ વીર્યોલ્લાસરૂપ અપૂર્વકરણ વડે રાગ-દ્વેષની ગ્રંથિને ભેદી નાખે છે. ત્યારબાદ ઉત્તરોત્તર વિશુદ્ધ આત્મ-અધ્યવસાયરૂપ અનિવૃત્તિકરણ વડે જીવ ઉદયક્ષણથી અંતર્મુહૂર્ત્ત સુધીની મિથ્યાત્વની સ્થિતિની ઉપર અંતર્મુહૂર્ત્ત કાલ પ્રમાણ અંતરકરણ કરે છે.

અંતરકરણ એટલે મિથ્યાત્વના કર્મ દલિક વિનાની સ્થિતિ. અર્થાત્ ઉદયક્ષણથી અંતર્મુહૂર્ત્ત સુધીની મિથ્યાત્વની સ્થિતિથી ઉપરની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકોને ત્યાંથી લઇ લે છે અને એ સ્થિતિને ઘાસ વિનાની ઊખર ભૂમિની જેમ મિથ્યાત્વકર્મના દલિકો વિનાની કરે છે. મિથ્યાત્વકર્મના દલિકોથી રહિત અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિને અંતરકરણ કહેવામાં આવે છે.

યંત્ર–



અંતરકરણ થતાં મિથ્યાત્વ કર્મની સ્થિતિના બે વિભાગ થાય છે. એક વિભાગ અંતરકરણની નીચેની સ્થિતિનો અને બીજો વિભાગ અંતરકરણની ઉપરની સ્થિતિનો. તેમાં પ્રથમ સ્થિતિમાં=અંતરકરણની નીચેની સ્થિતિમાં મિથ્યાત્વનો ઉદય હોવાથી જીવ મિથ્યાદૃષ્ટિ છે. આ સ્થિતિનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. અંતર્મુહૂર્ત્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ સમાપ્ત થતાં અંતરકરણ શરૂ થાય છે. અંતરકરણના પ્રથમ સમયથી જ જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. કારણ કે અંતરકરણમાં મિથ્યાત્વનાં દલિકો ન હોવાથી મિથ્યાત્વકર્મના ઉદયનો અભાવ છે. જેમ દાવાનલ સળગતાં સળગતાં ઊખર ભૂમિ પાસે આવે છે ત્યારે શાંત થઈ જાય છે, તેમ મિથ્યાત્વ કર્મ અંતરકરણ પાસે આવતાં શાંત થઈ જાય છે.

અંતરકરણમાં રહેલો જીવ મિથ્યાત્વ મોહનીયનાં કર્મદલિકોને શુદ્ધ કરે છે. આથી તે દલિકોના ત્રણ પુંજો બને છે. (૧) શુદ્ધ પુંજ, (૨) અર્ધશુદ્ધપુંજ, (૩) અવિશુદ્ધપુંજ. આ ત્રણ પુંજના ત્રણ નામ પડે છે. શુદ્ધપુંજનું સમ્યક્ત્વ મોહનીય કર્મ, અર્ધશુદ્ધપુંજનું મિશ્ર મોહનીય કર્મ અને અવિશુદ્ધપુંજનું મિથ્યાત્વ મોહનીય કર્મ નામ છે. જેમ નશો પેદા કરનાર કોદરાને શુદ્ધ કરતાં તેમાંથી કેટલોક ભાગ શુદ્ધ થાય છે, કેટલોક ભાગ અર્ધશુદ્ધ થાય છે અને કેટલોક ભાગ અશુદ્ધ જ રહે છે; તેમ અહીં મિથ્યાત્વના દલિકોને શુદ્ધ કરતાં કેટલાક દલિકો શુદ્ધ થાય છે, કેટલાક અર્ધશુદ્ધ થાય છે અને કેટલાક અશુદ્ધ જ રહે છે. શુદ્ધ દલિકો એ શુદ્ધપુંજ, અર્ધશુદ્ધ દલિકો એ અર્ધશુદ્ધપુંજ અને અશુદ્ધ દલિકો એ અશુદ્ધપુંજ.

અંતરકરણનો કાળ સમાપ્ત થતાં જો શુદ્ધપુંજનો અર્થાત્ સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થાય તો જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે. અર્ધશુદ્ધપુંજનો અર્થાત્ મિશ્ર મોહનીયનો ઉદય થાય તો જીવ મિશ્ર સમ્યક્ત્વ પામે છે. અશુદ્ધપુંજનો અર્થાત્ મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય તો જીવ મિથ્યાત્વ પામે છે. (૪૭)

औपशमिकानन्तरं क्षायिकमाह–

खीणे दंसणमोहे, तिविहंमि वि भवनियाणभूयंमि ।
निप्पच्चवायमउलं, सम्मत्तं खाइयं होइ ॥ ४८ ॥

[क्षीणे दर्शनमोहनीये त्रिविधेऽपि भवनिदानभूते ।
निःप्रत्यपायमतुलं सम्यक्त्वं क्षायिकं भवति ॥ ४८ ॥]

क्षपकश्रेणिमनुप्रविष्टस्य सतः **क्षीणे दर्शनमोहनीये** एकान्तेनैव प्रलयमुपगते **त्रिविधेऽपि** मिथ्यात्वसम्यग्मिथ्यात्वसम्यक्त्वभेदभिन्ने किं विशिष्टे **भवनिदानभूते** भवन्त्यस्मिन् कर्मवशवर्तिनः प्राणिन इति भवः संसारस्तत्कारणभूते **निःप्रत्यपायं** अतिचारापायरहितं **अतुलमनन्यसदृशं** आसन्नतया मोक्षकारणत्वात् **सम्यक्त्वं** प्राङ्निरूपितशब्दार्थं **क्षायिकं भवति** मिथ्यात्वक्षयनिबन्धनत्वात्[१] इति ॥ ४८ ॥

ઔપશમિક પછી ક્ષાયિક સમ્યક્ત્વને કહે છે–

ગાથાર્થ– ભવના કારણભૂત ત્રણે પ્રકારના દર્શનમોહ કર્મ ક્ષીણ થયે છતે અપાયરહિત અને અતુલ એવું ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે.

ટીકાર્થ– ક્ષપકશ્રેણિમાં પ્રવેશેલા જીવના મિથ્યાત્વમોહ, સમ્યક્-મિથ્યાત્વમોહ અને સમ્યક્ત્વમોહ એ ત્રણે પ્રકારના દર્શનમોહ કર્મનો એકાંતે જ ક્ષય થઇ જતાં જીવને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

ભવના કારણભૂત– કર્મને વશ બનેલા જીવો જેમાં થાય=ઉત્પન્ન થાય તે ભવ. ભવ એટલે સંસાર. દર્શનમોહ સંસારનું (મુખ્ય) કારણ છે.

અપાયરહિત– (અપાય એટલે અનર્થ) અતિચારરૂપ અપાયથી રહિત.

અતુલ– તેના જેવું બીજું સમ્યક્ત્વ ન હોય તેવું. આ સમ્યક્ત્વથી નજીકમાં મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી અતુલ છે.

ક્ષાયિક શબ્દનો અર્થ પહેલાં (=પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધમાં) કહ્યો છે. મિથ્યાત્વના (સર્વથા) ક્ષયના કારણે થતું હોવાથી ક્ષાયિક છે. (૪૮)

क्षायिकानन्तरं कारकाद्याह–

जं जह भणियं तं तह, करेइ सइ जंमि कारगं तं तु ।
रोयगसम्मत्तं पुण, रुइमित्तकरं मुणेयव्वं ॥ ४९ ॥

[यद्यथा भणितं तत्तथा करोति सति यस्मिन् कारकं तत्तु ।
रोचकसम्यक्त्वं पुनः रुचिमात्रकरं मुणितव्यं ॥ ४९ ॥]

यद्यथा भणितं सूत्रेऽनुष्ठानं **तत्तथा करोति सति यस्मिन्**सम्यग्दर्शने परमशुद्धिरूपे **कारकं तत्तु** । कारयतीति कारकं ॥ **रोचकसम्यक्त्वं पुनः**

१. निर्कर्तनत्वा निर्कर्त्तत्वात् ।

रुचिमात्रकरं मुणितव्वं विहितानुष्ठाने तथाविधशुद्ध्यभावात्, रोचयतीति रोचकं ॥ ४९ ॥

ક્ષાયિક સમ્યક્ત્વ પછી કારક આદિ સમ્યક્ત્વને કહે છે–

ગાથાર્થ– જે સમ્યક્ત્વની વિદ્યમાનતામાં જે જે પ્રમાણે કહ્યું હોય તેને તે પ્રમાણે કરે તે કારક સમ્યગ્દર્શન છે. જે માત્ર રુચિને કરે તે સમ્યક્ત્વ રોચક જાણવું.

ટીકાર્થ– જે સમ્યક્ત્વની વિદ્યમાનતામાં સૂત્રમાં જે અનુષ્ઠાન જે પ્રમાણે કરવાનું કહ્યું હોય તે અનુષ્ઠાન તે પ્રમાણે કરે તે સમ્યક્ત્વ કારક છે. જે કરાવે તે કારક. કારક સમ્યક્ત્વ પરમ વિશુદ્ધિરૂપ છે. (આથી કારક સમ્યક્ત્વ સૂત્રમાં કહ્યા મુજબ અનુષ્ઠાન કરાવે છે.)

જે સમ્યક્ત્વ વિહિત અનુષ્ઠાનમાં માત્ર રુચિ ઉત્પન્ન કરે (પણ અનુષ્ઠાન કરાવે નહિ) તે સમ્યક્ત્વ રોચક છે. જે રુચિ ઉત્પન્ન કરે તે રોચક. આ સમ્યક્ત્વમાં તેવા પ્રકારની વિશુદ્ધિ ન હોવાથી આ સમ્યક્ત્વ વિહિત અનુષ્ઠાનમાં માત્ર રુચિ ઉત્પન્ન કરે છે. (૪૯)

सयमिह मिच्छद्दिट्ठी, धम्मकहाईहि दीवइ परस्स ।
सम्मत्तमिणं दीवग, कारणफलभावओ नेयं ॥ ५० ॥

[स्वयमिह मिथ्यादृष्टिः धर्मकथादिभिर्दीपयति परस्य ।
सम्यक्त्वमिदं दीपकं कारणफलभावतो ज्ञेयं ॥ ५० ॥]

स्वयमिह मिथ्यादृष्टिरभव्यो भव्यो वा कश्चिदङ्गारमर्दकवत् । अथ च **धर्मकथादिभि**र्धर्मकथया मातृस्थानानुष्ठानेनातिशयेन वा केनचि**द्दीपयती**ति प्रकाशयति **परस्य** श्रोतुः **सम्यक्त्वमिदं** व्यञ्जकम् । आह– मिथ्यादृष्टेः सम्यक्त्वमिति विरोधः सत्यं किन्तु **कारणफलभावतो ज्ञेयं**, तस्य हि मिथ्यादृष्टेरपि यः परिणामः स खलु प्रतिपत्तृसम्यक्त्वस्य कारणभावं प्रतिपद्यते तद्भावभावित्वात्तस्य, अतः कारणे एव कार्योपचारात्सम्यक्त्वाविरोधः यथायुर्घृतमिति ॥ ५० ॥

ગાથાર્થ– અહીં જે જીવ સ્વયં મિથ્યાદૃષ્ટિ હોવા છતાં ધર્મકથા આદિથી બીજાને દીપાવે=શ્રોતામાં સમ્યક્ત્વને ઉત્પન્ન કરે તેનું આ સમ્યક્ત્વ કારણ-કાર્યભાવથી દીપક જાણવું.

ટીકાર્થ– કોઇક અભવ્ય કે ભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવ અંગારમર્દક આચાર્ય વગેરેની જેમ ધર્મકથાથી, દંભવાળા હોવા છતાં (બાહ્યથી સારા) આચરણથી કે કોઇક અતિશયથી (=પોતાનામાં પ્રગટેલી કોઇ વિશેષતાથી) શ્રોતામાં સમ્યક્ત્વને દીપાવે=પ્રકાશિત કરે તેનું આ સમ્યક્ત્વ દીપક છે. દીપક સમ્યક્ત્વનું બીજું નામ વ્યંજક છે.

પૂર્વપક્ષ– મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વ હોય એ વિરોધ છે.

ઉત્તરપક્ષ– તમારી વાત સાચી છે. પણ અહીં કારણ-કાર્યભાવથી સમ્યક્ત્વ જાણવું. મિથ્યાદૃષ્ટિનો જે પરિણામ છે તે પરિણામ સમ્યક્ત્વને સ્વીકારનારના સમ્યક્ત્વના કારણભાવને પામે છે. કારણ કે તે સમ્યક્ત્વ મિથ્યાદૃષ્ટિના તેવા પરિણામથી થાય છે. આથી કારણમાં (=મિથ્યાદૃષ્ટિના તેવા પરિણામમાં) કાર્યનો (=સમ્યક્ત્વનો) ઉપચાર કરવાથી "ઘી આયુષ્ય છે" એની જેમ વિરોધ નથી. (૫૦)

समस्तस्यैव भावार्थमुपदर्शयति–

तव्विहखओवसमओ, तेसिमणूणं अभावओ चेव ।
एवं विचित्तरूवं, सनिबंधणमो मुणेयव्वं ॥ ५१ ॥

[तद्विधक्षयोपशमतस्तेषामणूनां अभावतश्चैव ।
एवं विचित्ररूपं सनिबन्धनमेव मुणितव्यं ॥ ५१ ॥]

तद्विधक्षयोपशमतस्तेषामणूनां मिथ्यात्वाणूनामित्यर्थः, **अभावतश्चैव** तेषामेविति वर्तते **एवं विचित्ररूपं** क्षायोपशमिकादिभेदेनेति भावः, **सनिबन्धनमेव** सकारणं **मुणितव्यम्** । तथाहि– त एव मिथ्यात्वपरमाणवस्तथाविधात्मपरिणामेन क्वचित्तथा शुद्धिमापद्यन्ते यथा क्षायोपशमिकं सम्यक्त्वं भवति, तत्रापि क्वचित्सातिचारं कालापेक्षया क्वचिन्निरतिचारं, अपरे तथा यथौपशमिकं, क्षयादेव क्षायिकमिति ॥ ५१ ॥

સર્વ પ્રકારના જ સમ્યક્ત્વના ભાવાર્થને બતાવે છે–

ગાથાર્થ– મિથ્યાત્વાણુઓના તેવા પ્રકારના ક્ષયોપશમથી અને મિથ્યાત્વાણુઓના અભાવથી જ સકારણ આવું વિચિત્રરૂપ સમ્યક્ત્વ જાણવું.

ટીકાર્થ– વિચિત્રરૂપ=ક્ષાયોપશમિક વગેરે ભેદથી વિવિધ પ્રકારનું.

સકારણ=કારણ સહિત. અર્થાત્ સમ્યક્ત્વના ક્ષાયોપશમિક વગેરે જે ભેદો છે તે ભેદો સકારણ છે, નિષ્કારણ નથી. તે આ પ્રમાણે–

તે જ મિથ્યાત્વપરમાણુઓ તેવા પ્રકારના આત્મપરિણામથી ક્યાંક (=કોઈક જીવમાં) તેવા પ્રકારની શુદ્ધિ પામે છે કે જેથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય છે. તેમાં પણ કાળની અપેક્ષાએ ક્યાંક (=કોઈક જીવમાં) સાતિચાર ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે તો ક્યાંક નિરતિચાર સમ્યક્ત્વ હોય છે.

બીજા મિથ્યાત્વપરમાણુઓ તેવા પ્રકારના આત્મપરિણામથી તેવા પ્રકારની અવસ્થાને પામે છે કે જેથી ઔપશમિક સમ્યક્ત્વ થાય છે.

બીજા મિથ્યાત્વપરમાણુઓનો ક્ષય થાય છે અને એ ક્ષયથી જ ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. (૫૧)

अपरेऽप्यस्य भेदाः संभवन्तीति कृत्वा तानपि सूचयन्नाह–

किं चेहुवाहिभेया, दसहावीमं परूवियं समए ।
ओहेण तंपिमेसिं, भेयाणमभिन्नरूवं तु ॥ ५२ ॥

[किं चेहोपाधिभेदात् दशधापीदं प्ररूपितं समये ।
ओघेन तदपि अमीषां भेदानामभिन्नरूपं तु ॥ ५२ ॥]

किं चेहोपाधिभेदादाज्ञादिविशेषणभेदादित्यर्थः दशधापीदं दशप्रकारमप्येतत्सम्यक्त्वं **प्ररूपितं समये** आगमे । यथोक्तं प्रज्ञापनायां

निसग्गुवएसरुई आणरुई सुत्तबीयरुइमेव ।
अभिगमवित्थाररुई किरियासंखेवधम्मरुई ॥ १ ॥

आह– तदेवेह कस्मान्नोक्तमिति उच्यते– **ओघेन** सामान्येन **तदपि** दशप्रकार–**ममीषां भेदानां** क्षायोपशमिकादीनां **अभिन्नरूपमेव** एतेषामेव केनचिद्भेदेन भेदात् । संक्षेपारम्भश्चायमतो न तेषामभिधानमिति ॥ ५२ ॥

સમ્યક્ત્વના બીજા પણ ભેદો સંભવે છે. આથી તે ભેદોની સૂચના કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– વળી અહીં શાસ્ત્રમાં ઉપાધિના ભેદથી દશ પ્રકારનું પણ સમ્યક્ત્વ કહ્યું છે. સામાન્યથી આ દશ પ્રકારનું પણ સમ્યક્ત્વ ક્ષાયોપશમિક વગેરે ભેદોનું અભિન્ન સ્વરૂપ છે.

ટીકાર્થ– ઉપાધિના ભેદથી=આજ્ઞા વગેરે વિશેષણોના ભેદથી, આજ્ઞા વગેરે વિશેષણોના ભેદથી દશ પ્રકારનું સમ્યક્ત્વ છે. આ વિષે પ્રજ્ઞાપના ઉપાંગમાં કહ્યું છે કે– નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ,

બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ એમ દશ પ્રકારનું સમ્યક્ત્વ છે.

નિસર્ગરુચિ– બીજાના ઉપદેશ વિના સ્વયમેવ જિનોક્ત નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર પ્રકારના જીવાદિ પદાર્થોની 'જિને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જ છે એમાં કોઇ ફેરફાર નથી' એવી શ્રદ્ધા કરનાર જીવ નિસર્ગરુચિ છે. (અર્થાત્ તેને નિસર્ગરુચિ સમ્યક્ત્વ હોય છે. આગળના ભેદોમાં પણ આ ભાવ સમજવો.)

ઉપદેશરુચિ– આ (પૂર્વોક્ત) જ જીવાદિ પદાર્થોની અન્ય કોઇ છદ્મસ્થના કે કેવલજ્ઞાનીના ઉપદેશથી શ્રદ્ધા કરનાર જીવ ઉપદેશરુચિ છે.

આજ્ઞારુચિ– રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાન નબળા બની જવાથી આચાર્ય વગેરેની આજ્ઞાથી જીવાદિ પદાર્થોની રુચિ=શ્રદ્ધા કરનાર જીવ (માષતુષ મુનિ વગેરેની જેમ) આજ્ઞારુચિ છે.

સૂત્રરુચિ– સૂત્રને ભણતો જે જીવ આચારાંગાદિ અંગસૂત્રથી કે ઉત્તરાધ્યયનાદિ અંગબાહ્યસૂત્રથી જીવાદિ પદાર્થોનું અવગાહન કરે છે=ઊંડા ઉતરીને સૂક્ષ્મજ્ઞાન મેળવે છે, અને એથી સમ્યક્ત્વને પામે છે તે જીવ (ગોવિંદ વાચક વગેરેની જેમ) સૂત્રરુચિ છે.

બીજરુચિ– જે જીવની જીવાદિ કોઇ એક તત્ત્વમાં થયેલી રુચિ=શ્રદ્ધા જેમ પાણીમાં પડેલું તેલનું બિંદુ સઘળા પાણીમાં ફેલાઇ જાય છે તેમ, બધા પદાર્થોમાં ફેલાઇ જાય, (અથવા જેમ એક બીજ અનેક બીજોને ઉત્પન્ન કરે તેમ એક પદાર્થમાં થયેલી રુચિ સઘળા પદાર્થોમાં રુચિ ઉત્પન્ન કરે) તે જીવ બીજરુચિ જાણવો.

અભિગમરુચિ– આચારાંગ વગેરે અગિયાર અંગો, ઔપપાતિક વગેરે ઉપાંગો, ઉત્તરાધ્યયન વગેરે પ્રકીર્ણકો અને દૃષ્ટિવાદ (=ચૌદપૂર્વાદિ) રૂપ શ્રુતજ્ઞાનને અર્થથી જાણનાર અભિગમરુચિ છે.

વિસ્તારરુચિ– પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણોથી અને નૈગમાદિ નયભેદોથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના એકત્વ, પૃથક્ત્વ વગેરે સર્વ પદાર્થોને જાણનાર વિસ્તારરુચિ છે.

ક્રિયારુચિ– દર્શન-જ્ઞાન-ચારિત્ર, તપ, વિનય અને સદ્ભૂત સમિતિ-ગુપ્તિમાં જે ક્રિયાના ભાવપૂર્વક રુચિવાળો છે, અર્થાત્ દર્શનાચાર આદિ અનુષ્ઠાનોમાં ભાવથી રુચિવાળો છે, તે નિશ્ચિત ક્રિયારુચિ છે.

સંક્ષેપરુચિ– જે જિનવચનમાં કુશળ નથી, જે કપિલાદિ મતોનો પણ જાણકાર નથી, અને જેણે બૌદ્ધાદિ મિથ્યાદર્શનોનો સ્વીકાર કર્યો નથી (=મિથ્યા દર્શનોમાં આગ્રહ રાખ્યો નથી), ચિલાતીપુત્રની જેમ સંક્ષેપથી જ તત્ત્વરુચિને પામનાર તે જીવ સંક્ષેપરુચિ છે.

ધર્મરુચિ– જિનોક્ત ધર્માસ્તિકાય વગેરેના ગતિસહાયકતા વગેરે ધર્મની, અંગપ્રવિષ્ટ વગેરે આગમ રૂપ શ્રુતધર્મની અને સામાયિક વગેરે ચારિત્રધર્મની શ્રદ્ધા કરનાર જીવ ધર્મરુચિ જાણવો.

પ્રશ્ન– દશ પ્રકારનું જ સમ્યક્ત્વ અહીં કેમ ન કહ્યું ?

ઉત્તર– એ દશ પ્રકાર સામાન્યથી ક્ષાયોપશમિક આદિથી અભિન્ન સ્વરૂપ જ છે, અર્થાત્ ક્ષાયોપશમિકાદિ સ્વરૂપ જ છે. કેમ કે એ દશ પ્રકાર કોઇક ભેદથી ક્ષાયોપશમિક આદિના જ ભેદો છે. વળી આ આરંભ સંક્ષેપથી કહેવા માટે છે. આથી તે દશ ભેદો અહીં કહ્યા નથી. (૫૨)

इदं च सम्यक्त्वमात्मपरिणामरूपत्वाच्छद्मस्थेन दुर्लक्ष्यमिति लक्षणमाह–

तं उवसमसंवेगाइएहि लक्खिज्जई उवाएहिं ।
आयपरिणामरूवं, बज्झेहिं पसत्थजोगेहिं ॥ ५३ ॥

[तदुपशमसंवेगादिकैर्लक्ष्यते उपायैः ।
आत्मपरिणामरूपं बाह्यैः प्रशस्तयोगैः ॥ ५३ ॥]

तत्सम्यक्त्वमुपशमसंवेगादिभिरिति उपशान्तिरुपशमः संवेगो मोक्षाभिलाषः आदिशब्दान्निर्वेदानुकम्पास्तिक्यपरिग्रहः **लक्ष्यते** चिह्यते एभिरुपशमादिभि**र्बाह्यैः प्रशस्तयोगै**रिति संबन्धः बाह्यवस्तुविषयत्वाद्बाह्याः प्रशस्तयोगाः शोभनव्यापारास्तैः किं विशिष्टं तत्सम्यक्त्वं **आत्मपरिणामरूपं** जीवधर्मरूपमिति ॥ ५३ ॥

આ સમ્યક્ત્વ આત્મપરિણામરૂપ હોવાથી છદ્મસ્થ જીવથી મુશ્કેલીથી જાણી શકાય તેવું છે. આથી સમ્યક્ત્વના લક્ષણોને કહે છે–

ગાથાર્થ– આત્મપરિણામરૂપ સમ્યક્ત્વ બાહ્ય પ્રશસ્ત યોગ એવા ઉપશમ-સંવેગ વગેરે ઉપાયોથી (=લક્ષણોથી) જાણી શકાય છે.

ટીકાર્થ– આત્મપરિણામરૂપ=જીવધર્મરૂપ.

બાહ્ય– ઉપશમ વગેરે પ્રશસ્ત યોગોનો વિષય બાહ્ય વસ્તુ હોવાથી ઉપશમ વગેરે પ્રશસ્ત યોગો બાહ્ય છે. (કોઇ પ્રતિકૂળ વર્તન કરે તો પણ

તેના ઉપર ક્રોધ ન કરવો, ઉપશમભાવ રાખવો. પ્રતિકૂળ વર્તન કરનાર ઉપશમનો વિષય છે. આમ ઉપશમનો વિષય બાહ્ય વસ્તુ છે. એમ સંવેગ વગેરેમાં પણ ઘટાડવું.)

પ્રશસ્ત યોગ=શુભ વ્યાપારો.

ઉપશમ-સંવેગ વગેરે– વગેરે શબ્દથી નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યનું ગ્રહણ કરવું. (૫૩)

તથા ચાહ–

इत्थ य परिणामो, खलु जीवस्स सुहो उ होइ विन्नेओ ।
किं मलकलंकमुक्कं, कणगं भुवि सामलं होइ ? ॥ ५४ ॥

[अत्र च परिणामः खलु जीवस्य शुभ एव भवति विज्ञेयः ।
किं मलकलङ्कमुक्तं कनकं भुवि ध्यामलं भवति ॥ ५४ ॥]

अत्र च सम्यक्त्वे सति किं, **परिणामो**ऽध्यवसायः **खलु**शब्दोऽवधारणार्थः **जीवस्य शुभ एव भवति विज्ञेयो** न त्वशुभः, अथवा किमत्र चित्रमिति प्रतिवस्तूपमामाह– **किं मलकलङ्करहितं कनकं भुवि ध्यामलं भवति ?** न भवतीत्यर्थः । एवमत्रापि मलकलङ्कस्थानीयं प्रभूतं क्लिष्टं कर्म ध्यामलत्व-तुल्यस्त्वशुभपरिणामः स प्रभूते क्लिष्टे कर्मणि क्षीणे जीवस्य न भवति ॥ ५४ ॥

સમ્યક્ત્વની વિદ્યમાનતામાં આત્મપરિણામ શુભ જ હોય એ વિષયને કહે છે–

ગાથાર્થ– સમ્યક્ત્વ પ્રગટ થયે છતે આત્મપરિણામ શુભ જ જાણવો. શું પૃથ્વીમાં મલરૂપ કલંકથી રહિત સુવર્ણ કાળું થાય ?

ટીકાર્થ– સમ્યક્ત્વ પ્રગટ થયે છતે જીવનો પરિણામ શુભ જ હોય, અશુભ નહિ. આમાં કોઈ આશ્ચર્ય નથી. અહીં સમાન વસ્તુની ઉપમાને કહે છે– શું પૃથ્વીમાં મલરૂપ કલંકથી રહિત સુવર્ણ કાળું થાય ? અર્થાત્ ન થાય. એમ અહીં પણ મલરૂપ કલંકના સ્થાને ઘણું ક્લિષ્ટ કર્મ છે. કાળાશતુલ્ય અશુભ પરિણામ છે. આ અશુભ પરિણામ જીવનું ઘણું ક્લિષ્ટ કર્મ ક્ષીણ થયે છતે ન હોય. (૫૪)

પ્રશમાદીનામેવ બાહ્યયોગત્વમુપદર્શનન્નાહ–

पयईइ व कम्माणं, वियाणिउं वा विवागमसुहं ति ।
अवरद्धे वि न कुप्पइ, उवसमओ सव्वकालंपि ॥ ५५ ॥

---

१. ष्यामलं.

[प्रकृत्या वा कर्मणां विज्ञाय वा विपाकमशुभमिति ।
अपराद्धयेऽपि न कुप्यति उपशमतः सर्वकालमपि ॥ ५५ ॥]

प्रकृत्या वा सम्यक्त्वाणुवेदकजीवस्वभावेन वा **कर्मणां** कषायनिबन्धनानां **विज्ञाय वा विपाकमशुभमिति** । तथाहि– कषायाविष्टोऽन्तर्मुहूर्तेन यत्कर्म बध्नाति तदनेकाभिः सागरोपमकोटयकोटिभिरपि दुःखेन वेदयतीत्यशुभो विपाकः, एतत् ज्ञात्वा किम् ? **अपराद्धयेपि न कुप्यति** अपराध्यत इति अपराद्धयः प्रतिकूलकारी तस्मिन्नपि कोपं न गच्छत्युपशमतः उपशमेन हेतुना **सर्वकालमपि** यावत्सम्यक्त्वपरिणाम इति ॥ ५५ ॥

પ્રશમાદિના જ બાહ્યયોગપણાને બતાવતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વભાવથી કે કર્મોના અશુભ વિપાકને જાણીને ઉપશમભાવના કારણે અપરાધી ઉપર પણ સર્વકાળ પણ ક્રોધ કરતો નથી.

ટીકાર્થ– સ્વભાવથી– સમ્યક્ત્વાણુઓનો અનુભવ કરનાર જીવના સ્વભાવથી. (આવા જીવનો એવો સ્વભાવ જ હોય કે જેથી અપરાધી ઉપર પણ ગુસ્સો ન આવે.)

કર્મોના અશુભ વિપાકને જાણીને– કષાયનું કારણ એવા કર્મોના અશુભ વિપાકને=ફળને જાણીને અપરાધી ઉપર પણ ક્રોધ ન કરે. તે આ પ્રમાણે– કષાયના આવેશવાળો જીવ અંતર્મુહૂર્ત્તમાં જે કર્મ બાંધે છે તેને અનેક કોટાકોટિ સાગરોપમ જેટલા કાળ સુધી દુઃખથી ભોગવે છે. આમ વિપાક અશુભ છે.

અપરાધી– પ્રતિકૂળ વર્તનકારી.

સર્વકાળ– જ્યાં સુધી સમ્યક્ત્વનો પરિણામ હોય ત્યાં સુધી. (૫૫)

તથા–

नरविबुहेसरसुक्खं, दुक्खं चिय भावओ य मन्नंतो ।
संवेगओ न मुक्खं, मुत्तूणं किंचि पत्थेइ ॥ ५६ ॥

[नरविबुधेश्वरसौख्यं दुःखमेव भावतः च मन्यमानः ।
संवेगतः न मोक्षं मुक्त्वा किंचित् प्रार्थयते ॥ ५६ ॥]

नरविबुधेश्वरसौख्यं चक्रवर्तीन्द्रसौख्यमित्यर्थः अस्वाभाविकत्वात् कर्म-

जनितत्वात्सावसानत्वाच्च **दुःखमेव भावतः** परमार्थतो **मन्यमानः संवेगतः** संवेगेन हेतुना **न मोक्षं** स्वाभाविकजीवरूपमकर्मजमपर्यवसानं **मुक्त्वा किंचित्प्रार्थयते**ऽभिलषतीति ॥ ५६ ॥

ગાથાર્થ– ચક્રવર્તીના અને ઇંદ્રના સુખને પરમાર્થથી દુઃખ જ માનતો સમ્યગ્દૃષ્ટિ જીવ સંવેગના કારણે મોક્ષ સિવાય બીજું કંઇ પણ ઇચ્છતો નથી.

ટીકાર્થ– ચક્રવર્તીનું અને ઇંદ્રનું સુખ પણ સ્વાભાવિક ન હોવાથી, (એથી જ) કર્મજનિત હોવાથી અને (એથી જ) અંતવાળું હોવાથી દુઃખરૂપ જ છે. મોક્ષ સ્વાભાવિક જીવસ્વરૂપ, (એથી જ) કર્મથી નહિ થનારું અને (એથી જ) અંતથી રહિત છે. માટે સમ્યગ્દૃષ્ટિ જીવ મોક્ષને છોડીને બીજું કંઇ પણ ઇચ્છતો નથી. (૫૬)

नारयतिरियनरामरभवेसु निव्वेयओ वसइ दुक्खं ।
अकयपरलोयमग्गो, ममत्तविसवेगरहिओ वि ॥ ५७ ॥

[नारकतिर्यङ्नरामरभवेषु निर्वेदतो वसति दुःखम् ।
अकृतपरलोकमार्गः ममत्वविषवेगरहितोऽपि ॥ ५७ ॥]

नारकतिर्यङ्नरामरभवेषु सर्वेष्वेव **निर्वेदतो** निर्वेदेन कारणेन **वसति दुःखं** । किंविशिष्टः सन् **अकृतपरलोकमार्गः** अकृतसदनुष्ठान इत्यर्थः । अयं हि जीवलोके परलोकानुष्ठानमन्तरेण सर्वमेवासारं मन्यते इति । **ममत्व-विषवेगरहितोऽपि** तथा ह्ययं प्रकृत्या निर्ममत्व एव भवति विदित-तत्त्वत्वादिति ॥ ५७ ॥

ગાથાર્થ– મમત્વરૂપ વિષના વેગથી રહિત હોવા છતાં જેણે સદનુષ્ઠાન (=ચારિત્ર) કર્યું નથી તેવો સમ્યગ્દૃષ્ટિ જીવ નરક-તિર્યંચ-મનુષ્ય-દેવભવોમાં નિર્વેદના કારણે દુઃખપૂર્વક રહે છે.

ટીકાર્થ– સમ્યગ્દૃષ્ટિ જીવ [1]જીવલોકમાં પરલોકમાં હિતકર એવા અનુષ્ઠાન (=ચારિત્ર) વિના સઘળું ય અસાર માને છે. સમ્યગ્દૃષ્ટિ જીવ મમત્વરૂપ વિષના વેગથી રહિત હોય છે, અર્થાત્ મમતાથી રહિત જ હોય છે. કેમ કે તેણે તત્ત્વ (=પરમાર્થ) જાણ્યું છે. (૫૭)

---

૧. જીવો જેમાં રહેલા છે તેવા લોકમાં=વિશ્વમાં.

तथा—

दट्ठूण पाणिनिवहं, भीमे भवसागरंमि दुक्खत्तं ।
अविसेसओ णुकंपं, दुहावि सामत्थओ कुणइ ॥ ५८ ॥

[दृष्ट्वा प्राणिनिवहं भीमे भवसागरे दुःखार्त्तं ।
अविशेषतः अनुकम्पां द्विधापि सामर्थ्यतः करोति ॥ ५८ ॥]

दृष्ट्वा प्राणिनिवहं जीवसंघातं क्व **भीमे** भयानके **भवसागरे** संसारसमुद्रे **दुःखार्तं** शारीरमानसैर्दुःखैरभिभूतमित्यर्थः **अविशेषतः** सामान्येनात्मीयेतरविचाराभावेनेत्यर्थः **अनुकम्पां** दयां **द्विधापि** द्रव्यतो भावतश्च, द्रव्यतः प्राशुकपिण्डादिदानेन भावतो मार्गयोजनया **सामर्थ्यतः** स्वशक्त्यनुरूपं **करोतीति** ॥ ५८ ॥

ગાથાર્થ— ભયંકર ભવસાગરમાં જીવસમૂહને દુઃખાર્ત્ત જોઈને ભેદભાવ વિના સ્વશક્તિ પ્રમાણે બંને પ્રકારે અનુકંપા કરે છે.

ટીકાર્થ— દુઃખાર્ત્ત— શારીરિક-માનસિક દુઃખોથી પરાભવ પામેલા.

ભેદભાવ વિના— આ મારો છે, આ પારકો છે એવા વિચાર વિના.

બંને પ્રકારે— દ્રવ્યથી અને ભાવથી એમ બંને પ્રકારે દયા કરે છે.

દ્રવ્યથી અચિત્ત આહારાદિ આપવા વડે અને ભાવથી માર્ગમાં (મોક્ષમાર્ગમાં) જોડવા વડે દયા કરે છે. (૫૮)

मन्नइ तमेव सच्चं, निस्संकं जं जिणेहि पन्नत्तं ।
सुहपरिणामो सव्वं, कंक्खाइविसुत्तियारहिओ ॥ ५९ ॥

[मन्यते तदेव सत्यं निःशङ्कं यज्जिनैः प्रज्ञप्तं ।
शुभपरिणामः सर्वं काङ्क्षादिविश्रोतसिकारहितः ॥ ५९ ॥]

मन्यते प्रतिपद्यते **तदेव सत्यं निःशङ्कं** शङ्कारहितं **यज्जिनैः प्रज्ञप्तं** यत्तीर्थकरैः प्रतिपादितं **शुभपरिणामः** सन् साकल्येनानन्तरोदितसमस्तगुणान्वितः **सर्वं** समस्तं मन्यते न तु किंचिन्मन्यते किंचिन्नेति भगवत्यविश्वासायोगात् । पुनरपि स एव विशिष्यते— किंविशिष्टः सन् । **काङ्क्षादिविश्रोतसिकारहितः** काङ्क्षा अन्योन्यदर्शनग्राह इत्युच्यते, आदिशब्दाद्विचिकित्सापरिग्रहः, विश्रोतसिका तु संयमशस्यमङ्गीकृत्याध्यवसायसलिलस्य विश्रोतोगमनमिति ॥ ५९ ॥

ગાથાર્થ– શુભ પરિણામવાળો અને કાંક્ષાદિવિસ્રોતસિકાથી રહિત સમ્યગ્દૃષ્ટિ જિનેશ્વરોએ જે કહ્યું છે તે જ બધું નિઃશંક (=કોઇ જાતની શંકા વિના) સત્ય માને છે.

ટીકાર્થ– શુભ પરિણામવાળો=શુભ પરિણામવાળો થયો છતો હમણાં કહેલા (ઉપશમાદિ) બધા ગુણોથી યુક્ત.

કાંક્ષાદિ વિસ્રોતસિકાથી રહિત– કાંક્ષા એટલે બીજા બીજા દર્શનનું ગ્રહણ કરવું. આદિ શબ્દથી વિચિકિત્સાનું ગ્રહણ કરવું. વિસ્રોતસિકા એટલે સંયમરૂપ ધાન્યને સ્વીકારીને (શુભ) અધ્યવસાયરૂપ પાણીનું ઊલટા પ્રવાહે જવું.

(તાત્પર્યાર્થ– જેમ ખેતરમાં કે વાડીમાં ધાન્ય વાવ્યા પછી પાણી ખેતર કે વાડી તરફ ન વહે, ઊલટી તરફ વહે, તો ધાન્યને પાણી ન મળવાના કારણે તેમાં અનાજનો પાક ન થાય, તેમ સંયમ સ્વીકાર્યા પછી અધ્યવસાયો શુભ ન રહે, અશુભ રહે તો સંયમનું ફળ ન મળે. વિસ્રોતસિકા એટલે મનનું વિમાર્ગમાં જવું=દુષ્ટ ચિંતન કરવું.

ટીકામાં સંયમને આશ્રયીને કહ્યું છે. પણ સંયમના ઉપલક્ષણથી દેશવિરતિ અને સમ્યગ્દર્શનને આશ્રયીને પણ આ સમજી લેવું જોઇએ.)

બધું– બધું જ માને છે. કંઇક માને અને કંઇક ન માને, એવું નથી. કારણ કે ભગવાન ઉપર પૂરેપૂરો વિશ્વાસ છે. (૫૯)

उपसंहरन्नाह–

एवंविहपरिणामो, सम्मद्दिट्ठी जिणेहिं पन्नत्तो ।
एसो य भवसमुद्दं, लंघइ थोवेण कालेण ॥ ६० ॥

[एवंविधपरिणामः सम्यग्दृष्टिर्जिनैः प्रज्ञप्तः ।
एष च भवसमुद्रं लङ्घयति स्तोकेन कालेन ॥ ६० ॥]

एवंविधपरिणाम इत्यनन्तरोदितप्रशमादिपरिणामः **सम्यग्दृष्टिर्जिनैः प्रज्ञप्त** इति प्रकटार्थः । अस्यैव फलमाह– **एष च भवसमुद्रं लङ्घयति** अतिक्रामति **स्तोकेन कालेन** । प्राप्तबीजत्वादुष्कृष्टतोऽप्युपार्धपुद्गलपरावर्तान्तः सिद्धिप्राप्तेरिति ॥ ६० ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– જિનેશ્વરોએ સમ્યગ્દૃષ્ટિને આવા પ્રકારના પરિણામવાળો કહ્યો છે. સમ્યગ્દર્શનના ફળને કહે છે– સમ્યગ્દૃષ્ટિ થોડા કાળમાં સંસાર સમુદ્રને ઓળંગી જાય છે.

ટીકાર્થ– આવા પ્રકારના પરિણામવાળો=હમણાં કહેલા પ્રશમાદિના પરિણામવાળો.

થોડા કાળમાં– (સમ્યગ્દર્શનરૂપ) બીજને પ્રાપ્ત કર્યું હોવાથી ઉત્કૃષ્ટથી પણ કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલા કાળમાં મુક્તિની પ્રાપ્તિ થતી હોવાના કારણે થોડા જ કાળમાં સંસાર સમુદ્રને ઓળંગી જાય છે. (૬૦)

एवंविधमेव सम्यक्त्वं इत्येतत्प्रतिपादयन्नाह–

जं मोणं तं सम्मं, जं सम्मं तमिह होइ मोणं ति ।
निच्छयओ इयरस्स उ, सम्मं सम्मत्तहेऊ वि ॥ ६१ ॥

[यन्मौनं तत्सम्यक् यत्सम्यक् तदिह भवति मौनमिति ।
निश्चयतः इतरस्य तु सम्यक्त्वं सम्यक्त्वहेतुरपि ॥ ६१ ॥]

मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिः तपस्वी, तद्भावो **मौनं,** अविकलं मुनिवृत्तमित्यर्थः । **यन्मौनं तत्सम्यक्** सम्यक्त्वं **यत्सम्यक् सम्यक्त्वं तदिह भवति मौनमिति** । उक्तं चाचाराङ्गे–

जं मोणंति पासहा तं सम्मंति पासहा ।
जं सम्मंति पासहा तं मोणंति पासहा ॥ इत्यादि

निश्चयतः परमार्थेन निश्चयनयमतेनैव एतदेवमिति ।

जो जहवायं न कुणइ, मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ।
वड्ढेइ य मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥

इत्यादि वचनप्रामाण्यात् । **इतरस्य तु** व्यवहारनयस्य **सम्यक्त्वं सम्यक्त्वहेतुरपि** अर्हच्छासनप्रीत्यादि कारणे कार्योपचारात् । एतदपि शुद्धचेतसां पारम्पर्येणापवर्गहेतुरिति । उक्तं च–

जइ जिणमयं पवज्जह, ता मा ववहारनिच्छए मुयह ।
ववहारनयउच्छेए, तित्थुच्छेओ जओऽवस्सं ॥ इत्यादीनि ॥ ६१ ॥

આવા જ પ્રકારનું સમ્યગ્દર્શન છે એ વિષયનું પ્રતિપાદન કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– અહીં નિશ્ચયથી જે મૌન છે તે સમ્યક્ત્વ છે. જે સમ્યક્ત્વ છે તે મૌન છે. ઇતરના=વ્યવહારનયના મતે સમ્યક્ત્વનો હેતુ પણ સમ્યક્ત્વ છે.

ટીકાર્થ=નિશ્ચયથી– જે મૌન છે તે સમ્યક્ત્વ છે. જે સમ્યક્ત્વ છે તે મૌન છે એ નિયમ નિશ્ચયનયના મતથી જ છે. (વ્યવહાર નયના મતથી નથી.)

મૌન– જગતની ત્રિકાળાવસ્થાને જાણે તે મુનિ. મુનિ=તપસ્વી. મુનિનો ભાવ તે મૌન, અર્થાત્ મુનિનું સંપૂર્ણ આચરણ.

આ વિષે આચારાંગમાં (અ.૫, ઉ.૩, સૂ.૧૫૫) કહ્યું છે કે– "જે મૌન છે તેને તમે સમ્યક્ત્વ જુઓ. જે સમ્યક્ત્વ છે તેને મૌન જુઓ."

અહીં ભાવ આ પ્રમાણે છે– સમ્યક્ શબ્દથી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ત્વ એ બંનેનું ગ્રહણ થાય. કારણ કે બંને સાથે રહેનારા છે. મૌન એટલે સંયમાનુષ્ઠાન. નિશ્ચયનયનું કહેવું છે કે જ્ઞાનનું ફળ વિરતિ છે. એટલે જ્ઞાનની સાથે વિરતિ હોય તો જ સમ્યગ્જ્ઞાન કહેવાય. જે કારણ પોતાનું કાર્ય ન કરે તેને કારણ ન કહેવાય. એથી જો સમ્યગ્જ્ઞાનની સાથે વિરતિ ન હોય તો સમ્યગ્જ્ઞાન પણ નથી. એથી નિશ્ચયની દૃષ્ટિએ સમ્યગ્જ્ઞાન અને સંયમાનુષ્ઠાન એ બંને સાથે રહેનારા થયા અને સમ્યગ્જ્ઞાન હોય ત્યાં સમ્યક્ત્વ હોય જ. માટે સમ્યક્ત્વ એ જ મૌન (=સંયમાનુષ્ઠાન) અને મૌન એ જ સમ્યક્ત્વ. આમ નિશ્ચયનયની દૃષ્ટિએ મુનિમાં જ સમ્યક્ત્વ હોય.

"જે જીવ આગમમાં વિહિત અનુષ્ઠાનોને આગમમાં કહ્યું છે તે પ્રમાણે કરતો નથી તેનાથી બીજો કયો જીવ મિથ્યાદૃષ્ટિ હોઇ શકે ? અર્થાત્ વિહિત અનુષ્ઠાનોને આગમ મુજબ નહિ કરનાર જ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે બીજાઓના મનમાં સદનુષ્ઠાન સંબંધી શંકા ઉત્પન્ન કરતો તે પોતાના (અને પરના) મિથ્યાત્વની વૃદ્ધિ કરે[1] છે."

ઇત્યાદિ વચન પ્રમાણભૂત હોવાથી નિશ્ચયનય સંયમાનુષ્ઠાન હોય ત્યારે જ સમ્યક્ત્વને સ્વીકારે છે. પણ વ્યવહારનય કહે છે કે જે સમ્યક્ત્વનો હેતુ હોય તેને પણ કારણમાં કાર્યના ઉપચારથી સમ્યક્ત્વ

---

૧. **ભાવાર્થ–** સાધુને અનુચિત આચરણ કરતો જોઇને બીજાને શંકા થાય કે જિન પ્રવચનમાં સદનુષ્ઠાનો કહ્યાં જણાતા નથી. જો જિન પ્રવચનમાં સદનુષ્ઠાનો કહ્યાં હોય તો આ અનુચિત આચરણ કેમ કરે ? આમ બીજાઓના મનમાં શંકા ઉત્પન્ન કરીને તે તેમનું મિથ્યાત્વ વધારે છે, અને તેમાં પોતે નિમિત્ત બનવાથી પોતાનું પણ મિથ્યાત્વ વધારે છે. (પંચવસ્તુક ગાથા ૧૬૬૬)

કહેવાય. અરિહંતના શાસન પ્રત્યે પ્રીતિ આદિ રૂપ સમ્યક્ત્વ નિશ્ચયનયને અભિપ્રેત સંયમાનુષ્ઠાનરૂપ સમ્યક્ત્વનો હેતુ બનવાનું જ છે. આ સમ્યક્ત્વ પણ શુદ્ધ ચિત્તવાળાઓને પંરપરાએ મોક્ષનું કારણ બનવાનું જ છે. કહ્યું છે કે– "જો તમે જિનમતને સ્વીકારો છો (માનો છો) તો વ્યવહાર-નિશ્ચય એ બંનેને ન મૂકો. કારણ કે વ્યવહારના ઉચ્છેદથી અવશ્ય તીર્થનો (શાસનનો) ઉચ્છેદ થાય." (પંચવસ્તુક ગાથા-૧૭૨) (૬૧)

वाचकमुख्येनोक्तं 'तत्त्वार्थश्रद्धानं सम्यगूदर्शनं' (तत्त्वार्थाधिगमसूत्रम् १-२)। तदपि प्रशमादिलिङ्गमेवेति दर्शयन्नाह–

तत्तत्थसद्दहाणं, सम्मत्तं तंमि पसममाईया ।
पढमकसाओवसमादविक्खया हुंति नियमेण ॥ ६२ ॥

[तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वं तस्मिन्प्रशमादयः ।
प्रथमकषायोपशमाद्यपेक्षया भवन्ति नियमेन ॥ ६२ ॥]

तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वं । तस्मिन्प्रशमादयोऽनन्तरोदिताः **प्रथम-कषायोपशमाद्यपेक्षया भवन्ति नियमेन** । अयमत्र भावार्थः– न ह्यनन्तानुबन्धिक्षयोपशमादिमन्तरेण तत्त्वार्थश्रद्धानं भवति । सति च तत्क्षयोपशमे तदुदयवद्भ्यः सकाशादपेक्षयास्य प्रशमादयो विद्यन्त एवेति तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वमित्युक्तं ॥ ६२ ॥

વાચક મુખ્યે (=ઉમાસ્વાતિ મહારાજે) કહ્યું છે કે– "તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે." તે (=વ્યવહાર નયને સંમત તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ) સમ્યક્ત્વ પણ પ્રશમાદિ લિંગવાળું જ છે એ પ્રમાણે બતાવતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શનની વિદ્યમાનતામાં પ્રથમ કષાયના ઉપશમ આદિની અપેક્ષાએ પ્રશમાદિ ગુણો અવશ્ય હોય છે.

ટીકાર્થ– અહીં ભાવાર્થ આ છે– અનંતાનુબંધી રૂપ પ્રથમ કષાયના ક્ષયોપશમ આદિ વિના તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા થતી નથી. અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ થયે છતે અનંતાનુબંધીના ઉદયવાળા જીવોની અપેક્ષાએ આ જીવને પ્રશમાદિ હોય જ છે.

સાર– અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમવાળા જીવને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળાને ઉપશમ વગેરે જેટલા તીવ્ર હોય છે તેટલા તીવ્ર ભલે ન હોય, પણ અનંતાનુબંધી કષાયના ઉદયવાળા જીવની અપેક્ષાએ તો ઉપશમ વગેરે હોય જ છે. અનંતાનુબંધી કષાયના ઉદયવાળા જીવમાં આસ્તિક્ય ગુણ હોતો જ નથી. આસ્તિક્ય ગુણ ન હોવાથી ઉપશમાદિ ગુણો પણ યથાર્થ ફળ આપનારા બનતા નથી.

આથી અહીં "તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યક્ત્વ છે" એમ કહ્યું છે. (૬૨)

સાત તત્ત્વ અધિકાર (ગા. ૬૩-૮૩)

કે એતે તત્ત્વાર્થા इत्येतदभिधित्सयाह–

जीवाजीवासवबंधसंवरा निज्जरा य मुक्खो य ।
तत्तत्था इत्थं पुण, दुविहा जीवा समक्खाया ॥ ६३ ॥

[जीवाजीवास्रवबन्धसंवरा निर्जरा च मोक्षश्च ।
तत्त्वार्था अत्र पुनः द्विविधा जीवाः समाख्याताः ॥ ६३ ॥]

जीवाजीवास्रवबन्धसंवरा निर्जरा च मोक्षश्च तत्त्वार्था इति । एषां स्वरूपं वक्ष्यत्येव । असमासकरणं गाथाभङ्गभयार्थं निर्जरामोक्षयोः फलत्वेन प्राधान्यख्यापनार्थं चेति । **अत्र पुनस्तत्त्वार्थचिन्तायां द्विविधा जीवाः समाख्याता**स्तीर्थकरगणधरैरिति ॥ ६३ ॥

આ તત્ત્વરૂપ જીવાદિ પદાર્થો કયા છે તે કહેવાની ઇચ્છાથી ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ (સાત) તત્ત્વરૂપ પદાર્થો છે. અહીં જીવો બે પ્રકારના કહ્યાં છે.

ટીકાર્થ– આ પદાર્થોનું સ્વરૂપ ગ્રંથકાર સ્વયં હવે પછી કહેશે જ.

પ્રશ્ન– અહીં નિર્જરા અને મોક્ષ એ બેનો જીવ આદિની સાથે સમાસ ન કરતાં અલગ ઉલ્લેખ કેમ કર્યો ?

ઉત્તર– ગાથાનો ભંગ થવાના ભયથી આમ કર્યું છે તથા નિર્જરા અને મોક્ષની પ્રધાનતા જણાવવા માટે આમ કર્યું છે. તત્ત્વોની શ્રદ્ધાનું મુખ્ય ફળ નિર્જરા અને મોક્ષ છે. માટે નિર્જરાની અને મોક્ષની પ્રધાનતા છે.

તત્ત્વરૂપ પદાર્થોની વિચારણામાં તીર્થંકર-ગણધરોએ જીવો બે પ્રકારના કહ્યાં છે. (૬૩)

द्वैविध्यमाह–

संसारिणो य मुत्ता, संसारी छव्विहा समासेण ।
पुढवीकाइअमादी तसकायंता पुढोभेया ॥ ६४ ॥

[संसारिणः च मुक्ताः संसारिणः षड्विधाः समासेन ।
पृथिवीकायिकादयस्त्रसकायान्ताः पृथग्भेदाः ॥ ६४ ॥]

चशब्दस्य व्यवहित उपन्यासः । **संसारिणो मुक्ताश्चेति** । तत्र **संसारिणः षड्विधाः** षट्प्रकाराः । **समासेन** जातिसंक्षेपेणेति भावः । षड्विधत्वमेवाह– **पृथिवीकायिकादयस्त्रसकायान्ताः** । यथोक्तं– "पुढविकाइया आउकाइया तेउकाइया वाउकाइया वणस्सइकाइया तसकाइया" **पृथग्भेदा** इति स्वातन्त्र्येण पृथग्भिन्नस्वरूपाः न तु परमपुरुषविकारा इति ॥ ६४ ॥

જીવોના બે પ્રકારને કહે છે–

ગાથાર્થ– સંસારી અને મુક્ત એમ બે પ્રકારના જીવો છે. સંસારી જીવો સંક્ષેપથી પૃથ્વીકાયથી આરંભી ત્રસકાય સુધી છ પ્રકારના છે. આ જીવો સ્વતંત્રપણે ભિન્ન સ્વરૂપવાળા છે.

ટીકાર્થ– સંક્ષેપથી એટલે જાતિના સંક્ષેપથી. કહ્યું છે કે– "પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એમ છ પ્રકારના સંસારી જીવો છે."

સ્વતંત્રપણે ભિન્ન સ્વરૂપવાળા– પૃથ્વીકાય આદિ દરેક જીવનું ભિન્ન ભિન્ન સ્વરૂપ છે.

પરમ પુરુષના વિકારરૂપ નથી.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– વેદાંતીઓનો પુરુષાદ્વૈત મત છે. પુરુષ એટલે પરમ પુરુષ. પરમ પુરુષ એટલે બ્રહ્મ. આથી આ મતને બ્રહ્માદ્વૈત પણ કહેવામાં આવે છે. પુરુષાદ્વૈત એટલે જગતમાં એક જ પરમ પુરુષ (=બ્રહ્મ) છે. જગતમાં જેટલા શરીરો છે તે બધામાં એક જ પરમ પુરુષ છે. અર્થાત્ એ બધા પરમ પુરુષના વિકાર રૂપ છે. જેમ પાણીમાંથી અનેક પરપોટા થાય છે તેમ બધા જીવો પરમ પુરુષમાંથી ઉત્પન્ન થયેલા

છે. એથી જેમ પરપોટા પાણીના વિકારરૂપ છે તેમ બધા જીવો પરમ પુરુષના વિકાર રૂપ છે. આથી આ મતે પાણીમાં પરપોટાની જેમ પરમ પુરુષમાં લય થઇ જવું એ મુક્તિ છે.

જૈન દર્શન દરેક જીવને સ્વતંત્ર અલગ માને છે. એથી મુક્તિમાં પણ દરેક જીવ અલગ અલગ હોય છે. (૬૪)

संसारिण एव प्रतिपादयन्द्वारगाथामाह–

भव्वाहारगपज्जत्तसुक्कसोवक्कमाउया चेव ।
सप्पडिपक्खा एए, भणिया कम्मट्ठमहणेहिं ॥ ६५ ॥

[भव्याहारकपर्याप्तशुक्लसोपक्रमायुषश्चैव ।
सप्रतिपक्षा एते भणिता अष्टकर्ममथनैः ॥ ६५ ॥]

भव्या आहारकाः पर्याप्ताः शुक्ला इति शुक्लपाक्षिकाः **सोपक्रमायुषश्चैव सप्रतिपक्षा एते भणिताः ।** तद्यथा– भव्याश्चाभव्याश्चाहारकाश्चेत्यादि । कैर्भणिता इत्याह– **अष्टकर्ममथनैः** तीर्थकरैरिति गाथाक्षरार्थः ॥ भावार्थं तु स्वयमेव वक्ष्यति ॥ ६५ ॥

સંસારી જીવોનું જ પ્રતિપાદન કરતા ગ્રંથકાર દ્વારગાથાને કહે છે–

ગાથાર્થ– તીર્થંકરોએ ભવ્ય, આહારક, પર્યાપ્ત, શુક્લપાક્ષિક અને સોપક્રમ આયુષ્યવાળા જીવો સપ્રતિપક્ષ (=પોતાના વિરોધીથી સહિત) કહ્યા છે.

ટીકાર્થ– તે આ પ્રમાણે– ભવ્ય-અભવ્ય, આહારક-અનાહારક, પર્યાપ્ત-અપર્યાપ્ત, શુક્લપાક્ષિક-કૃષ્ણપાક્ષિક, સોપક્રમ આયુષ્યવાળા-નિરુપક્રમ આયુષ્યવાળા.

આ દ્વારગાથાનો ભાવાર્થ તો ગ્રંથકાર સ્વયં જ કહેશે. (૬૫)

तत्राद्यद्वारमाह–

भव्वा जिणेहि भणिया, इह खलु जे सिद्धिगमणजोगाउ ।
ते पुण अणाइपरिणामभावओ हुंति नायव्वा ॥ ६६ ॥

[भव्या जिनैर्भणिता इह खलु ये सिद्धिगमनयोग्यास्तु ।
ते पुनरनादिपरिणामभावतो भवन्ति ज्ञातव्याः ॥ ६६ ॥]

भव्या जिनैर्भणिता इह खलु ये सिद्धिगमनयोग्यास्तु । इह लोके य

एव सिद्धिगमनयोग्याः खलुशब्दस्यावधारणार्थत्वात् तुशब्दोऽप्येवकारार्थः योग्या एव। न तु सर्वे सिद्धिगामिन एव। यथोक्तं– "भव्वा वि न सिज्जिस्सन्ति केइ" इत्यादि। भव्यत्वे निबन्धनमाह– **ते पुनरनादिपरिणामभावतो भवन्ति ज्ञातव्याः** । अनादिपारिणामिकभव्यभावयोगाद्भव्या इति ॥ ६६ ॥

तेमां पहेला द्वारने कहे छे–

गाथार्थ– जिनेश्वरोओ जे जीवो मोक्षमां जवाने योग्य छे तेमने ज भव्य कह्या छे. ते भव्य जीवो अनादि परिणामभावथी भव्य जाणवा.

टीकार्थ– लोकमां जे जीवो मोक्षमां जवाने योग्य छे ते ज जीवो भव्य छे. आनाथी ग्रंथकारे ओ कह्युं के मोक्षमां जवाने योग्य एवा भव्यो ज मोक्षमां जाय छे, पण भव्यो मोक्षमां जाय ज एवो नियम नथी. एथी भव्य जीवो बधा मोक्षमां जाय ज एवो नियम नथी. कह्युं छे के– "अनंता [1]भव्यो पण मोक्षमां नहि जाय." ईत्यादि.

भव्य जीवोनुं भव्यत्व शाना कारणे छे ते गाथाना उत्तरार्धथी कहे छे– अनादिथी रहेल परिणामभावथी जीवोने भव्य जाणवा, अर्थात् अनादिथी रहेल पारिणामिक भव्य भावथी जीवो भव्य छे.

भावार्थ– परिणामथी थता भावो पारिणामिक कहेवाय छे. परिणाम एटले जीवनुं पोतानुं ज स्वरूप. भव्यत्व जीवनुं पोतानुं स्वरूप छे, कोई कारणथी थयुं नथी, जीव अनादिथी छे माटे भव्यत्वरूप पारिणामिक भाव पण अनादिथी छे. जेनामां भव्यत्वरूप पारिणामिक भाव होय ते जीव भव्य कहेवाय. (६६)

विवरीया उ अभव्वा, न कयाइ भवन्नवस्स ते पारं ।
गच्छिंसु जंति व तहा, तत्तु च्चिय भावओ नवरं ॥ ६७ ॥

[विपरीतास्त्वभव्या न कदाचिद्भवार्णवस्य ते पारं ।
गतवन्तो यान्ति वा तथा तत एव भावात् नवरम् ॥ ६७ ॥]

विपरीतास्त्वभव्याः । तदेव विपरीतत्वमाह– **न कदाचिद्भवार्णवस्य** संसारसमुद्रस्य **ते पारं** पर्यन्तं **गतवन्तो यान्ति वा** । वाशब्दस्य विकल्पार्थत्वात् यास्यन्ति वा । **तथे**ति कुतो निमित्तादित्याह– **तत एव**

१. भव्वा वि ते अणंता, जे मुत्तिसुहं न पावंति ।
(बृहत्कल्प भाग-२, गा. ११३७ अंतर्गत पृ.३५४)

भावात् तस्मादेव अनादिपारिणामिकादभव्यत्वभावादिति भावः । **नवरमिति** साभिप्रायकम् अभिप्रायश्च नवरमेतावता वैपरीत्यमिति ॥ ६७ ॥

ગાથાર્થ– આનાથી વિપરીત અભવ્યો છે. અભવ્યો અનાદિ પારિણામિક અભવ્યત્વ ભાવથી જ ક્યારેય ભવસમુદ્રના પારને પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિ.

ટીકાર્થ– ગાથામાં **नवरं** શબ્દનો પ્રયોગ અભિપ્રાયવાળો છે. અભિપ્રાય આ છે– ભવ્યથી અભવ્યમાં આટલાથી જુદાપણું છે, અર્થાત્ અભવ્ય જીવ "મોક્ષમાં ન જાય" એ કારણથી અભવ્ય જીવ ભવ્ય જીવથી જુદો છે. આ જણાવવા ગાથામાં **नवरं** શબ્દનો પ્રયોગ કર્યો છે. (૬૭)

भव्यद्वारानन्तरमाहारकद्वारमाह–

विग्गहगइमावन्ना, केवलिणो समुहया अजोगी य ।
सिद्धा य अणाहारा, सेसा आहारगा जीवा ॥ ६८ ॥

[विग्रहगतिमापन्नाः केवलिनः समवहता अयोगिनश्च ।
सिद्धाश्चानाहारकाः शेषा आहारका जीवाः ॥ ६८ ॥]

विग्रहगतिमापन्ना अपान्तरालगतिवृत्तय इत्यर्थः । **केवलिनः समवहताः** समुद्घातं गताः । **अयोगिनश्च** केवलिन एव शैलेश्यवस्थायामिति । **सिद्धाश्च** मुक्तिभाजः । एतेऽ**नाहारका** ओजाद्याहाराणामन्यतमेनाप्यमी नाहारयन्तीत्यर्थः । **शेषा** उक्तविलक्षणा **आहारका जीवा** ओजलोमप्रक्षेपाहाराणां यथासंभवं येन केनचिदाहारेणेति ॥ ६८ ॥

ભવ્યદ્વાર પછી આહારકદ્વારને કહે છે–

ગાથાર્થ– વિગ્રહગતિને પામેલા, સમુદ્ઘાતને પામેલા કેવળીઓ, અયોગીઓ અને સિદ્ધો અનાહારક છે. બાકીના જીવો આહારક છે.

ટીકાર્થ– વિગ્રહ ગતિને પામેલા– એક ભવથી અન્ય ભવમાં જતાં અંતરાલગતિમાં વર્તતા જીવો વિગ્રહ(=વળાંકવાળી) ગતિથી જાય તો અનાહારક હોય છે.

અયોગીઓ– અહીં અયોગી કેવળી જ જાણવા. અયોગી કેવળી શૈલેશી અવસ્થામાં અનાહારક હોય.

અનાહારક– ઓજાહાર વગેરે કોઈ પણ પ્રકારનો આહાર કરતા નથી.

આહારક– [1]ઓજાહાર, લોમાહાર, પ્રક્ષેપાહાર એ ત્રણ પ્રકારમાંથી યથાસંભવ જે કોઈ પ્રકારનો આહાર કરનારા. (૬૮)

तेऽपि यावन्तं कालमनाहारकाः तांस्तथाभिधातुकाम आह–

एगाइ तिन्निसमया, तिन्नेव ऽन्तोमुहुत्तमित्तं च ।
साई अपज्जवसियं, कालमणाहारगा कमसो ॥ ६९ ॥

[एकाद्यांस्त्रीन्समयान् त्रीनेव अन्तर्मुहूर्तमात्रं च ।
साद्यपर्यवसितं कालमनाहारकाः क्रमशः ॥ ६९ ॥]

एकाद्यांस्त्रीन्समयान् विग्रहगतिमापन्ना अनाहारकाः । उक्तं च– "एकं द्वौ वानाहारकः" इति (तत्त्वार्थाधिगमसूत्रं २-३१) वाशब्दात्त्रिसमयग्रहः । **त्रीनेव** समयाननाहारकाः समुद्घाते केवलिनः । यथोक्तम्–

कार्मणशरीरयोगी, चतुर्थके पञ्चमे तृतीये च ॥ (प्रशमरति २७५-२७६)
समयत्रयेऽपि तस्मिन्, भवत्यनाहारको नियमात् ॥ १ ॥

अन्तर्मुहूर्तं चानाहारका अयोगिकेवलिनः तत ऊर्ध्वमयोगिकेवलित्वाभावादपवर्गप्राप्तेः । **साद्यपर्यवसितं कालमनाहारकाः** सिद्धा व्यक्त्यपेक्षया तेषां सादित्वादपर्यवसितत्वाच्च । अत एवाह– **क्रमश** एवंभूतेनैव क्रमेणेति गाथार्थः ॥ ६९ ॥

અનાહારક જીવો જેટલા કાળ સુધી અનાહારક હોય છે તેટલા કાળને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–

---

૧. **ઓજાહાર**– ઉત્પત્તિના પ્રથમ સમયથી શરીર પર્યાપ્તિની નિષ્પત્તિ સુધી (મતાંતરથી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિની નિષ્પત્તિ સુધી) ગ્રહણ કરાતા પુદ્ગલોનો આહાર.

લોમાહાર– શરીર પર્યાપ્તિ (મતાંતરે સ્વયોગ્ય પર્યાપ્તિ) પૂર્ણ થયા બાદ સ્પર્શનેંદ્રિય(=ચામડી) દ્વારા ગ્રહણ કરાતા પુદ્ગલોનો આહાર.

પ્રક્ષેપાહાર– કોળિયાથી ગ્રહણ કરાતો આહાર.

લોમાહારના આભોગ અને અનાભોગ એમ બે પ્રકાર છે. જાણતાં=ઇરાદાપૂર્વક કરાતો લોમાહાર તે આભોગ લોમાહાર. જેમ કે શિયાળામાં મનુષ્યાદિ પ્રાણીઓ ઠંડી દૂર કરવા સૂર્ય આદિના ઉષ્ણ પુદ્ગલોનું સેવન કરે છે. અજાણતાં=ઇરાદા વિના થતો લોમાહાર અનાભોગ લોમાહાર છે. જેમ કે શિયાળામાં શીતળ અને ઉનાળામાં ઉષ્ણ પુદ્ગલો ચામડી દ્વારા શરીરમાં પ્રવેશે છે. અનાભોગ લોમાહાર પ્રતિસમય થાય છે. આભોગ લોમાહાર અમુક સમયે જ થાય છે.

ગાથાર્થ– અનાહારક જીવો ક્રમશઃ એક વગેરે ત્રણ સમય, ત્રણ જ સમય, અંતર્મુહૂર્ત્ત અને સાદિ-અનંત કાળ સુધી અનાહારક હોય છે.

ટીકાર્થ– વિગ્રહગતિને પામેલા જીવો એક, બે કે ત્રણ સમય સુધી અનાહારક હોય છે. કહ્યું છે કે– "એક ભવથી બીજા ભવમાં જતાં અંતરાલગતિમાં જીવ એક કે બે સમય અનાહારક હોય છે." વિગ્રહ ગતિથી ઉત્પત્તિ સ્થાને પહોંચતા બેથી વધારે જેટલા સમય લાગે તેટલા સમય જીવ અનાહારક હોય છે. જો અંતરાલ ગતિમાં ત્રણ સમય લાગે તો એક સમય, ચાર સમય લાગે તો બે સમય અનાહારક હોય. સૂત્રમાં મૂકેલા **વા** શબ્દથી ત્રણ સમય અનાહારક હોય એમ સમજવું. અપાંતરાલ ગતિમાં પાંચ સમય થાય તો ત્રણ સમય અનાહારક હોય.

સમુદ્‌ઘાતમાં કેવળી ત્રણ જ સમય સુધી અનાહારક હોય. કહ્યું છે કે– "કેવળી ભગવંત સમુદ્‌ઘાતમાં ત્રીજા-ચોથા-પાંચમા સમયમાં કાર્મણ કાય-યોગવાળા હોય છે, અને તે ત્રણે ય સમયમાં નિયમા અનાહારક હોય છે."

અયોગી કેવળી ભગવંતો અંતર્મુહૂર્ત્ત સુધી અનાહારક હોય. કારણ કે અંતર્મુહૂર્ત્ત પછી મોક્ષપ્રાપ્તિ થવાથી અયોગી કેવલીપણાનો અભાવ થાય છે.

સિદ્ધો વ્યક્તિની અપેક્ષાએ સાદિ (=આદિ સહિત) હોવાથી અને અનંતકાળ સુધી રહેતા હોવાથી સાદિ-અનંતકાળ સુધી અનાહારક હોય છે. (૬૯)

व्याख्यातमाहारकद्वारं सांप्रतं पर्याप्तकद्वारमाह–

नारयदेवा तिरिमणुय गब्भया जे असंखवासाऊ ।
एए य अपज्जत्ता, उववाए चेव बोद्धव्वा ॥ ७० ॥

[नारकदेवाः तिर्यङ्मनुष्या गर्भजा येऽसंख्येयवर्षायुषः ।
एते चापर्याप्ता उपपात एव बोद्धव्याः ॥ ७० ॥]

नारकाश्च देवाश्च नारकदेवास्तथा **तिर्यङ्मनुष्याः** तिर्यञ्चश्च मनुष्याश्चेति विग्रहः **गर्भजा** गर्भव्युत्क्रान्तिकाः, संमूर्च्छिमव्यवच्छेदार्थमेतत् । ते च सङ्ख्येयवर्षायुषोऽपि भवन्ति तद्व्यवच्छेदार्थमाह– **येऽसङ्ख्येयवर्षायुष** इति । **एते चापर्याप्ता** आहारशरीरेन्द्रियप्राणापानभाषामनःपर्याप्तिभी रहिता **उपपात एव** उत्पद्यमानावस्थायामेव **बोद्धव्या** विज्ञेया न तूत्तरकालं पर्याप्ता लब्धितोऽपीति ॥ ७० ॥

આહારકદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે પર્યાપ્ત દ્વારને કહે છે–

ગાથાર્થ– નારકો, દેવો અને અસંખ્યવર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ-મનુષ્યો ઉપપાતમાં જ અપર્યાપ્તા જાણવા.

ટીકાર્થ– સંમૂર્છિમનો વ્યવચ્છેદ કરવા 'ગર્ભજ' વિશેષણ છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળાઓનો વ્યવચ્છેદ કરવા 'અસંખ્ય વર્ષના આયુષ્યવાળા' એવું વિશેષણ છે. નારકો વગેરે ઉપપાતમાં જ=ઉત્પન્ન થઈ રહ્યા હોય તે અવસ્થામાં જ આહાર-શરીર-ઇંદ્રિય-પ્રાણાપાન-ભાષા-મનઃ પર્યાપ્તિઓથી રહિત જાણવા, પછી નહિ. આ જીવો ઉત્પન્ન થઈ રહ્યા હોય તે અવસ્થામાં લબ્ધિથી પર્યાપ્ત હોવા છતાં કરણ અપર્યાપ્ત હોય છે. ઉત્પન્ન થઈ ગયા પછી કરણથી અને લબ્ધિથી એમ ઉભયથી પર્યાપ્ત છે. (૭૦)

सेसा उ तिरियमणुया, लद्धिं पप्पोववायकाले य ।
उभओ वि अ भइअव्वा, पज्जत्तियरेत्ति जिणवयणं ॥ ७१ ॥

[शेषास्तु तिर्यङ्मनुष्या लब्धिं प्राप्योपपातकाले च ।
उभयतोऽपि भाज्याः पर्याप्तेतरे इति जिनवचनम् ॥ ७१ ॥]

शेषास्तु तिर्यङ्मनुष्याः संमूर्छनजाः सङ्ख्येयवर्षायुषश्च गर्भजाः । **किं लब्धिं प्राप्य** पर्याप्तकलब्धिमधिकृत्य **उपपातकाले** चोत्पद्यमानावस्थायां च । किम् ? । **उभयतोऽपि भाज्या** विकल्पनीयाः **पर्याप्तका इतरे** वापर्याप्तकाः । एतदुक्तं भवति– लब्धितोऽपि पर्याप्ता अपर्याप्तका अपि भवन्ति । उपपातावस्थायां त्वपर्याप्तका एव । **इति जिनवचनम्** इत्येष आगम इति ॥ ७१ ॥

ગાથાર્થ– બાકીના તિર્યંચ-મનુષ્યો લબ્ધિને આશ્રયીને અને ઉપપાત કાલને આશ્રયીને પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બંને પ્રકારે વિકલ્પ કરવા યોગ્ય છે, એમ જિનવચન છે.

ટીકાર્થ– બાકીના=સંમૂર્છિમ તિર્યંચ-મનુષ્યો તથા ગર્ભજ અને સંખ્યેય વર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્યો.

લબ્ધિને આશ્રયીને=પર્યાપ્તક લબ્ધિને આશ્રયીને.

ઉપપાતકાલને આશ્રયીને=ઉત્પન્ન થઈ રહ્યા હોય તે અવસ્થાને આશ્રયીને.

વિકલ્પ કરવા યોગ્ય છે એ કથનનો ભાવ આ પ્રમાણે છે– લબ્ધિથી

પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બંને પ્રકારના હોય છે. ઉપપાત અવસ્થામાં તો અપર્યાપ્તા જ હોય છે. (૭૧)

व्याख्यातं पर्याप्तकद्वारम् । तदनन्तरं शुक्लपाक्षिकद्वारमाह–

जेसिमवड्ढो पुग्गलपरियट्टो सेसओ उ संसारो ।
ते सुक्कपक्खिआ खलु अहिए पुण किन्हपक्खीया ॥ ७२ ॥

[येषामपार्धःपुद्गलपरावर्त एव शेषः संसारः ।
ते शुक्लपाक्षिकाः खलु अधिके पुनः कृष्णपाक्षिकाः ॥ ७२ ॥]

येषामपार्धःपुद्गलपरावर्त एव शेषः संसारस्तत ऊर्ध्वं सेत्स्यन्ति **ते शुक्लपाक्षिकाः** क्षीणप्रायसंसाराः **खलु**शब्दो विशेषणार्थः प्राप्तदर्शना वा अप्राप्तदर्शना वा सन्तीति विशेषयति । **अधिके पुन**रपार्धपुद्गलपरावर्ते संसारे **कृष्णपाक्षिकाः** क्रूरकर्माण इत्यर्थः । पुद्गलपरावर्तो नाम त्रैलोक्यगत-पुद्गलानामौदारिकादिप्रकारेण ग्रहणम् । अपार्धपुद्गलपरावर्तस्तु किंचिन्न्यूनो-ऽर्धपुद्गलपरावर्त इति ॥ ७२ ॥

પર્યાપ્તદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે શુક્લપાક્ષિકદ્વારને કહે છે–

ગાથાર્થ– જે જીવોનો સંસાર કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલો બાકી છે તે જીવો શુક્લપાક્ષિક છે અને જેમનો સંસાર કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તથી અધિક છે તે જીવો કૃષ્ણપાક્ષિક છે.

ટીકાર્થ– જે જીવોનો સંસાર કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો જ બાકી છે તે જીવો તેટલા કાળ પછી સિદ્ધ થશે. આ જીવોનો સંસાર લગભગ ક્ષીણ થઈ ગયો છે. ગાથામાં **खलु** અવ્યય વિશેષ અર્થ જણાવવા માટે છે. વિશેષ અર્થ આ પ્રમાણે છે– શુક્લપાક્ષિક જીવોએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હોય કે પ્રાપ્ત ન પણ કર્યું હોય.

કૃષ્ણપાક્ષિક જીવો ક્રૂર કાર્યો કરનારા હોય છે.

પુદ્ગલ પરાવર્ત– ત્રણ લોકમાં રહેલા બધા પુદ્ગલોને કોઈ એક જીવ જેટલા કાળમાં ઔદારિક આદિરૂપે ગ્રહણ કરી લે તેટલા કાળને પુદ્ગલ પરાવર્ત કહેવામાં આવે છે. (૭૨)

एतद् द्वारोपयोग्येव वक्तव्यताशेषमाह–

पायमिह क्रूरकम्मा, भवसिद्धिया वि दाहिणिल्लेसु ।
नेरइयतिरियमणुया, सुरा य ठाणेसु गच्छंति ॥ ७३ ॥

[प्राय इह क्रूरकर्माणः भवसिद्धिका अपि दक्षिणेषु ।
नारकतिर्यङ्मनुष्याः सुराश्च स्थानेषु गच्छन्ति ॥ ७३ ॥]

प्राय इह क्रूरकर्माणः बाहुल्येनैतदेवमिति दर्शनार्थं प्रायोग्रहणं, **भवसिद्धिका अप्येकभवमोक्षयायिनोऽपि दक्षिणेषु नारकतिर्यङ्मनुष्याः सुराश्च स्थानेषु गच्छन्ति** । अत एवोक्तं– "दाहिणदिसिगामिए किण्हपक्खिए नेरइए" इत्यादि । एतदुक्तं भवति– नरकभवनद्वीपसमुद्रविमानेषु दक्षिण-दिग्भागव्यवस्थितेषु कृष्णपाक्षिका नारकादय उत्पद्यन्त इति । आह– भारतादितीर्थकरादिभिर्व्यभिचारः, न, तेषां प्रायोग्रहणेन व्युदासादिति ॥ ७३ ॥

આ દ્વારને ઉપયોગી જ બાકી રહેલી વક્તવ્યતાને કહે છે–

ગાથાર્થ– અહીં ભવસિદ્ધિક પણ ક્રૂર કાર્ય કરનારા નારકો, તિર્યંચો, મનુષ્યો અને દેવો પ્રાયઃ દક્ષિણ સ્થાનોમાં જાય છે.

ટીકાર્થ– ભવસિદ્ધિક=એક ભવથી મોક્ષમાં જનારા.

અહીં 'પ્રાયઃ' અવ્યયનું ગ્રહણ મોટાભાગે આવું બને છે એ જણાવવા માટે છે. ભવસિદ્ધિક પણ ક્રૂર કાર્ય કરનારા નારકો, તિર્યંચો, મનુષ્યો અને દેવો પ્રાયઃ દક્ષિણ સ્થાનોમાં જાય છે. એ વિષે કહ્યું છે કે– "કૃષ્ણપાક્ષિક નરકો દક્ષિણ દિશામાં જાય છે." અહીં આ કહેવાનું થાય છે કે– કૃષ્ણપાક્ષિક નારકો વગેરે દક્ષિણ દિશામાં રહેલા નરક-ભવન-દ્વીપ-સમુદ્ર-વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

પૂર્વપક્ષ– ભરતક્ષેત્ર વગેરેના તીર્થંકરો વગેરે દક્ષિણ દિશામાં ઉત્પન્ન થાય છે. તેઓ ક્રૂર કાર્ય કરનારા હોતા નથી. આથી ઉક્ત નિયમનો ભંગ થાય છે.

ઉત્તરપક્ષ– ઉક્ત નિયમનો ભંગ થતો નથી. કારણ કે ગાથામાં 'પ્રાયઃ' અવ્યયના ગ્રહણથી ભરતક્ષેત્ર વગેરેના તીર્થંકરો વગેરેનું નિવારણ કર્યું છે. (૭૩)

शुक्लपाक्षिकद्वारानन्तरं सोपक्रमायुर्द्वारमाह–

देवा नेरइया वा, असंखवासाउआ य तिरिमणुया ।
उत्तमपुरिसा य तहा, चरमसरीरा य निरुवक्कमा ॥ ७४ ॥

[देवा नारकाश्च असंख्येयवर्षायुषश्च तिर्यङ्मनुष्याः ।
उत्तमपुरुषाश्च तथा चरमशरीराश्च निरुपक्रमाः ॥ ७४ ॥]

देवा नारकाश्चैते सामान्येनैव । **असङ्ख्येयवर्षायुषश्च तिर्यङ्मनुष्या** एतेन सङ्ख्येयवर्षायुषां व्यवच्छेदः । **उत्तमपुरुषाश्चक्रवर्त्यादयो** गृह्यन्ते । **चरमशरीराश्चाविशेषेणैव** तीर्थकरादयः । **निरुपक्रमा** इत्येते निरुपक्रमायुष एव अकालमरणरहिता इति ॥ ७४ ॥

શુક્લપાક્ષિકદ્વાર પછી 'સોપક્રમ આયુષ્યવાળા' દ્વારને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– કોઈપણ દેવો, કોઈપણ નારકો, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો, ચક્રવર્તી વગેરે ઉત્તમ પુરુષો અને તીર્થંકર વગેરે કોઈપણ ચરમ શરીરી મનુષ્યો નિરુપક્રમ આયુષ્યવાળા જ હોય છે=અકાલમરણથી રહિત હોય છે. (૭૪)

सेसा संसारत्था, भइया सोवक्कमा व इयरे वा ।
सोवक्कमनिरुवक्कमभेओ भणिओ समासेणं ॥ ७५ ॥

[शेषाः संसारस्था भाज्याः सोपक्रमा वा इतरे वा ।
सोपक्रमानिरुपक्रमभेदो भणितः समासेन ॥ ७५ ॥]

शेषाः संसारस्था अनन्तरोदितव्यतिरिक्ताः सङ्ख्येयवर्षायुष अनुत्तमपुरुषा अचरमशरीराश्च । एते **भाज्या** विकल्पनीयाः । कथं **सोपक्रमा वा इतरे वा** कदाचित्सोपक्रमाः कदाचिन्निरुपक्रमा उभयमप्येतेषु संभवतीति **सोपक्रमनिरुपक्रमभेदो भणितः समासेन** संक्षेपेण । न तु कर्मभूमजादिविभागविस्तरेणेति ॥ ७५ ॥

ગાથાર્થ– શેષ સંસારમાં રહેલા જીવો સોપક્રમાયુષ્યવાળા હોય અને નિરુપક્રમ આયુષ્યવાળા પણ હોય એમ વિકલ્પ કરવા યોગ્ય છે. સોપક્રમ-નિરુપક્રમનો ભેદ સંક્ષેપથી કહ્યો.

ટીકાર્થ– શેષ=હમણાં કહ્યા તે સિવાયના સંખ્યાતવર્ષના આયુષ્યવાળા, ઉત્તમ પુરુષ ન હોય તેવા અને ચરમ શરીરી ન હોય તેવા.

શેષ સંસારમાં રહેલા જીવો ક્યારેક સોપક્રમ આયુષ્યવાળા હોય તો ક્યારેક નિરુપક્રમ આયુષ્યવાળા હોય એમ બંને પ્રકારના સંભવે છે.

સોપક્રમ-નિરુપક્રમનો ભેદ સંક્ષેપથી કહ્યો છે, કર્મભૂમિજ આદિ વિભાગ દ્વારા વિસ્તારથી નથી કહ્યો. (૭૫)

उक्तं सोपक्रमद्वारं, तदभिधानाच्च संसारिणो जीवाः (उक्ताः) । सांप्रतं मुक्तानभिधित्सुराह–

मुत्ता अणेगभेया, तित्थतित्थयरतदियरा चेव ।
सयपत्तेयविबुद्धा बुहबोहिय सन्नगिहिलिंगे ॥ ७६ ॥

[मुक्ता अनेकभेदाः तीर्थतीर्थकरतदितरे चैव ।
खयंप्रत्येकबुद्धा बुधबोधिताः स्वान्यगृहिलिङ्गाः ॥ ७६ ॥]

मुक्ताश्च सिद्धाः ते चा**नेकभेदा** अनेकप्रकाराः । **तीर्थतीर्थकरतदितरे चेति,** अनेन सूचनात्सूत्रमिति कृत्वा तीर्थसिद्धा अतीर्थसिद्धास्तीर्थकरसिद्धा अतीर्थकरसिद्धाश्च गृह्यन्ते । तत्र तीर्थे सिद्धास्तीर्थसिद्धाः । तीर्थं पुनश्चातुर्वर्णः श्रमणसंघः प्रथमगणधरो वा । तथा चोक्तं– "तित्थं भंते ! तित्थं तित्थगरे तित्थं ? गोयमा ! अरहं ताव नियमा तित्थंकरे तित्थं पुण चाउव्वन्नो समणसंघो पढमगणधरो वा" इत्यादि । ततश्च तस्मिन्नुत्पन्ने ये सिद्धास्ते तीर्थसिद्धाः । अतीर्थे सिद्धा अतीर्थसिद्धास्तीर्थान्तरसिद्धा इत्यर्थः, श्रूयते च– "जिणंतरे साहुवोच्छउत्ति" तत्रापि जातिस्मरणादिना अवाप्तापवर्गमार्गाः सिध्यन्ति एवं, मरुदेवीप्रभृतयो वा अतीर्थसिद्धास्तदा तीर्थस्यानुत्पन्नत्वात् । तीर्थकर सिद्धास्तीर्थकरा एव ॥ अतीर्थकरसिद्धा अन्ये सामान्यकेवलिनः । **स्वयंप्रत्येकबुद्धा** इत्यनेन स्वयंबुद्धसिद्धाः प्रत्येकबुद्धसिद्धाश्च गृह्यन्ते । तत्र स्वयंबुद्धसिद्धाः स्वयंबुद्धाः सन्तो ये सिद्धाः । प्रत्येकबुद्धसिद्धाः प्रत्येकबुद्धास्सन्तो ये सिद्धा इति । अथ स्वयंबुद्धप्रत्येकबुद्धयोः कः प्रतिविशेष इति ? उच्यते– बोध्युपधिश्रुतलिङ्गकृतो विशेषः । तथाहि– स्वयंबुद्धा बाह्यप्रत्ययमन्तरेणैव बुध्यन्ते, प्रत्येकबुद्धास्तु न तद्विरहेण, श्रूयते च बाह्यप्रत्ययवृषभादिसव्यपेक्षा करकण्ड्वादीनां प्रत्येकबुद्धानां बोधिरिति । उपधिस्तु स्वयंबुद्धानां द्वादशविधः पात्रादिः, प्रत्येकबुद्धानां तु नवविधः प्रावरणवर्जः । स्वयंबुद्धानां पूर्वाधीतश्रुतेऽनियमः, प्रत्येकबुद्धानां नियमतो भवत्येव । लिङ्गप्रतिपत्तिः स्वयंबुद्धानामाचार्यसन्निधावपि भवति, प्रत्येकबुद्धानां तु देवता प्रयच्छतीत्यलं विस्तरेण ॥ **बुद्धबोधिता** इति बुद्धबोधितसिद्धाः, बुद्धा आचार्यास्तैर्बोधिताः सन्तो ये सिद्धास्ते इह गृह्यन्ते । **स्वान्यगृहिलिङ्गा** इति स्वलिङ्गसिद्धा अन्यलिङ्गसिद्धा गृहिलिङ्गसिद्धाः । तत्र स्वलिङ्गसिद्धा द्रव्यलिङ्गं प्रति रजोहरणगोच्छकधारिणः । अन्यलिङ्गसिद्धाः परिव्राज-कादिलिङ्गसिद्धाः । गृहिलिङ्गिसिद्धा मरुदेवीप्रभृतय इति ॥ ७६ ॥

સોપક્રમદ્વાર કહ્યું. સોપક્રમદ્વારના કથનથી સંસારી જીવો કહ્યા. હવે મુક્ત જીવોને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– સિદ્ધો અનેક ભેદવાળા છે. તે આ પ્રમાણે– તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, સ્વયંબુદ્ધ સિદ્ધ, પ્રત્યેક સિદ્ધ, બુદ્ધબોધિત, સ્વલિંગ સિદ્ધ, અન્યલિંગ સિદ્ધ, ગૃહિલિંગ સિદ્ધ.

ટીકાર્થ– તીર્થસિદ્ધ– તીર્થમાં સિદ્ધ તે તીર્થસિદ્ધ. શ્રમણની પ્રધાનતાવાળો ચાર પ્રકારનો સંઘ અથવા પ્રથમ ગણધર તીર્થ છે. કહ્યું છે કે– "હે ભગવંત ! તીર્થ તીર્થ છે કે તીર્થંકર તીર્થ છે ? હે ગૌતમ ! અરિહંત નિયમા તીર્થંકર છે. શ્રમણની પ્રધાનતાવાળો ચાર પ્રકારનો સંઘ કે પ્રથમ ગણધર તીર્થ છે."

તીર્થ ઉત્પન્ન થયે છતે તીર્થની વિદ્યમાનતામાં જે સિદ્ધ થાય તે તીર્થ સિદ્ધ.

અતીર્થસિદ્ધ– અતીર્થમાં સિદ્ધ તે અતીર્થસિદ્ધ, અર્થાત્ તીર્થના આંતરામાં સિદ્ધ થયેલા. સંભળાય છે કે સુવિધિનાથ ભગવાનથી આરંભી શાંતિનાથ ભગવાન સુધી વચ્ચે તીર્થનો વિચ્છેદ થયો. સામાન્યથી એક તીર્થંકરનું તીર્થ ચાલતું હોય અને બીજા તીર્થંકરના તીર્થની સ્થાપના થઇ જાય. આમ વચ્ચે તીર્થનો (=ચાર પ્રકારના સંઘનો) વિચ્છેદ ન થાય. પણ આ અવસર્પિણીમાં સુવિધિનાથના તીર્થનો વિચ્છેદ થયા પછી શીતલનાથ ભગવાને તીર્થ સ્થાપના કરી. આમ આઠ તીર્થંકરોના સાત આંતરામાં તીર્થનો વિચ્છેદ થયો. તીર્થવિચ્છેદમાં પણ જાતિસ્મરણ આદિથી મોક્ષમાર્ગની આરાધના કરીને સિદ્ધ થાય.

અથવા મરુદેવી વગેરે અતીર્થ છે. કેમ કે તે વખતે તીર્થ ઉત્પન્ન થયું ન હતું.

તીર્થંકર સિદ્ધ– તીર્થંકરો જ તીર્થંકર સિદ્ધ છે.

અતીર્થંકર સિદ્ધ– તીર્થંકર સિવાયના સામાન્ય કેવળીઓ અતીર્થંકર સિદ્ધ છે.

સ્વયંબુદ્ધ સિદ્ધ– સ્વયંબુદ્ધ થયા છતાં જે સિદ્ધ થાય તે સ્વયંબુદ્ધ સિદ્ધ.

પ્રત્યેકબુદ્ધ સિદ્ધ– પ્રત્યેકબુદ્ધ થયા છતાં જે સિદ્ધ થાય તે પ્રત્યેકબુદ્ધ સિદ્ધ.

પ્રશ્ન– સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધમાં શો ભેદ છે ?

ઉત્તર– બોધિ, ઉપધિ, શ્રુત અને લિંગથી કરાયેલ ભેદ છે. તે આ પ્રમાણે– સ્વયંબુદ્ધો બાહ્ય નિમિત્ત વિના જ બોધ પામે છે. પ્રત્યેક બુદ્ધો બાહ્ય નિમિત્ત વિના બોધ પામતા નથી. કરકંડૂ આદિ પ્રત્યેક બુદ્ધોની બોધિ વૃષભ વગેરે બાહ્ય નિમિત્તની અપેક્ષાવાળી સંભળાય છે.

સ્વયંબુદ્ધોને પાત્ર વગેરે બાર પ્રકારનો ઉપધિ હોય છે. પ્રત્યેક બુદ્ધોને ત્રણ કપડા સિવાય નવ પ્રકારનો ઉપધિ હોય. (જઘન્યથી તો બે પ્રકારનો હોય.)

સ્વયંબુદ્ધને પૂર્વે (=પૂર્વ ભવમાં) ભણેલું શ્રુત હોય જ એવો નિયમ નથી. પ્રત્યેક બુદ્ધને નિયમા પૂર્વે ભણેલું શ્રુત હોય. (જઘન્યથી ૧૧ અંગો, ઉત્કૃષ્ટથી કંઇક ન્યૂન દશ પૂર્વો સુધીનું પૂર્વે ભણેલું શ્રુત હોય.)

સ્વયંબુદ્ધો લિંગ (=વેષ) આચાર્યની પાસે પણ સ્વીકારે. (જો પૂર્વાધીત શ્રુત હોય તો લિંગ દેવતા આપે, અથવા ગુરુની પાસે સ્વીકારે. જો પૂર્વાધીત શ્રુત ન હોય તો નિયમા આચાર્યની પાસે જઇને લિંગને સ્વીકારે.) પ્રત્યેક બુદ્ધોને તો નિયમા દેવતા લિંગ આપે.

બુદ્ધબોધિત સિદ્ધ– બુદ્ધ=આચાર્ય. આચાર્યથી બોધ પમાડાયેલા હોય તે બુદ્ધબોધિત. બુદ્ધબોધિત થયા છતાં જે સિદ્ધ થાય તે બુદ્ધબોધિત સિદ્ધ.

સ્વલિંગ સિદ્ધ– દ્રવ્ય લિંગને આશ્રયીને રજોહરણ અને ગુચ્છા સ્વલિંગ છે. રજોહરણ અને ગુચ્છાને ધારણ કરનારા જે સિદ્ધ થાય તે સ્વલિંગ સિદ્ધ છે.

(અહીં ઉપલક્ષણથી પાત્રાં વગેરે પણ સમજવું.)

અન્યલિંગ સિદ્ધ– પરિવ્રાજક વગેરેના લિંગથી સિદ્ધ થનારા અન્યલિંગ સિદ્ધ છે.

ગૃહિલિંગ સિદ્ધ– ગૃહસ્થના લિંગથી સિદ્ધ થનારા મરુદેવીમાતા વગેરે ગૃહિલિંગ સિદ્ધ છે. (૭૬)

इत्थीपुरिसनपुंसग, एगाणेग तह समयभिन्ना य ।
एसो जीवसमासो, इत्तो इयरं पवक्खामि ॥ ७७ ॥

[स्त्रीपुरुषनपुंसका एकानेके तथा समयभिन्नाश्च ।
एष जीवसमासोऽत इतरं प्रवक्ष्यामि ॥ ७७ ॥]

एते च सर्वेऽपि केचित् **स्त्री**लिङ्गसिद्धाः केचित् **पुँ**लिङ्गसिद्धाः केचि**न्नपुंसक**लिङ्गसिद्धाः । आह– किं तीर्थकरा अपि स्त्रीलिङ्गसिद्धा भवन्ति ? भवन्तीत्याह– यत उक्तं सिद्धप्राभृते "सव्वत्थोवा तित्थगरिसिद्धा तित्थगरितित्थे नोतित्थसिद्धा असंखेज्जगुणा तित्थगरितित्थे णोतित्थगरिसिद्धाउ संखेज्जगुणाउ तित्थगरितित्थे णोतित्थगरसिद्धा संखेज्जगुणा" इति । न नपुंसकलिङ्गे सिद्धाः । प्रत्येकबुद्धास्तु पुँलिङ्गा एव । **एकानेक** इति एकसिद्धा अनेकसिद्धाः । तत्रैकसिद्धा एकस्मिन्समये एक एव सिद्धः । अनेकसिद्धा एकस्मिन्मसये द्व्यादयो यावदष्टशतं सिद्धमिति । उक्तं च–

बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी य बोधव्वा
चुलसीई छन्नउई, दुरहिय अट्ठुत्तरसयं च ॥ १ ॥

तथा समयभिन्नाश्चेति प्रथमसमयसिद्धा अप्रथमसमयसिद्धा इत्यादि। तत्र अप्रथमसमयसिद्धाः परम्परसिद्धिविशेषणप्रथमसमयवर्तिनः सिद्धत्व-द्वितीयसमयवर्तिन इत्यर्थः, त्र्यादिषु तु द्विसमयसिद्धादयः प्रोच्यन्ते । यद्वा सामान्येन प्रथमसमयसिद्धाभिधानं[1] विशेषतो द्विसमयादिसिद्धाभिधानमिति। आह– तीर्थातीर्थसिद्धभेदद्वय एवान्तर्भावादलं शेषभेदैरिति, न, आद्य-भेदद्वयादेवोत्तरभेदाप्रतिपत्तेः शिष्यमतिविकाशार्थश्च शास्त्रारम्भ इति । **एष** उक्तलक्षणो **जीवसमासो** जीवसंक्षेपः, उक्त इति वाक्यशेषः । **अत ऊर्ध्वम**-जीवसमासं **प्रवक्ष्यामीति** गाथार्थः ॥ ७७ ॥

ગાથાર્થ– સ્ત્રીલિંગ સિદ્ધ, પુરુષલિંગ સિદ્ધ, નપુંસકલિંગ સિદ્ધ, એક સિદ્ધ, અનેક સિદ્ધ અને સમયભિન્ન સિદ્ધ. આ પ્રમાણે જીવસંક્ષેપ કહ્યો (=સંક્ષેપથી જીવો કહ્યા). હવે અજીવસંક્ષેપને કહીશ.

ટીકાર્થ– સ્ત્રીલિંગ સિદ્ધ– સ્ત્રીલિંગથી જે સિદ્ધ થાય તે સ્ત્રીલિંગ સિદ્ધ છે.

પ્રશ્ન– શું તીર્થંકરો પણ સ્ત્રીલિંગ સિદ્ધ હોય ?

ઉત્તર– હોય. કારણ કે સિદ્ધ પ્રાભૃત (ગાથા=૧૦૦)માં કહ્યું છે કે "તીર્થકરી સિદ્ધો સર્વથી થોડા છે. તીર્થકરી તીર્થમાં નોતીર્થસિદ્ધો[3](=પ્રત્યેકબુદ્ધ સિદ્ધો) સંખ્યાતગુણા છે. તીર્થકરી તીર્થમાં નોતીર્થકરી સિદ્ધો (=તીર્થકરી સિવાય સ્ત્રી સિદ્ધો) સંખ્યાતગુણા છે. તીર્થકરી તીર્થમાં નોતીર્થકર સિદ્ધો=તીર્થંકર સિવાય પુરુષ સિદ્ધો સંખ્યાતગુણા છે."

તીર્થંકરો નપુંસક લિંગમાં સિદ્ધ થતા નથી. પ્રત્યેક બુદ્ધો તો પુરુષ જ હોય છે. (જેમ તીર્થંકરો સ્ત્રીલિંગમાં પણ સિદ્ધ થાય છે તેમ પ્રત્યેક બુદ્ધો સ્ત્રીલિંગમાં સિદ્ધ થતા નથી એ જણાવવા અહીં પ્રત્યેક બુદ્ધો પુરુષ જ હોય છે=પુરુષલિંગમાં જ સિદ્ધ થાય છે એમ કહ્યું છે.)

એક સિદ્ધ– એક સમયમાં એક જ સિદ્ધ થાય તે એક સિદ્ધ.

---

૧. સિદ્ધ.

૨. (प्रथमसमयवर्तिनः सिद्धाभिधानं)

૩. **णोतित्थसिद्धा-पत्तेयबुद्धा** । સિદ્ધપ્રાભૃત ગાથા ૩૧ (તીર્થદ્વાર)ની ટીકા.

અનેક સિદ્ધ– એક સમયમાં બેથી આરંભી ૧૦૮ સુધી સિદ્ધ થાય તે અનેક સિદ્ધ છે. કહ્યું છે કે– "નિરંતર આઠ સમય સુધી ૧ થી ૩૨ સુધી જીવો સિદ્ધ થાય." અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– પહેલા સમયે જઘન્યથી એક કે બે અને ઉત્કૃષ્ટથી ૩૨ જીવો સિદ્ધ થાય. બીજા સમયે પણ જઘન્યથી એક કે બે અને ઉત્કૃષ્ટથી ૩૨ જીવો સિદ્ધ થાય. એ પ્રમાણે યાવદ્ આઠમા સમયે પણ જઘન્યથી એક કે બે અને ઉત્કૃષ્ટથી ૩૨ જીવો સિદ્ધ થાય. પછી અવશ્ય આંતરું પડે=એક પણ જીવ સિદ્ધ ન થાય.

નિરંતર સાત સમય સુધી ૩૩ થી ૪૮ જીવો સિદ્ધ થાય. પછી અવશ્ય આંતરું પડે. નિરંતર છ સમય સુધી ૪૯ થી ૬૦ જીવો સિદ્ધ થાય. પછી અવશ્ય આંતરું પડે. નિરંતર પાંચ સમય સુધી ૬૧ થી ૭૨ જીવો સિદ્ધ થાય. પછી અવશ્ય આંતરું પડે. નિરંતર ચાર સમય સુધી ૭૩ થી ૮૪ જીવો સિદ્ધ થાય. પછી અવશ્ય આંતરું પડે. નિરંતર ત્રણ સમય સુધી ૮૫ થી ૯૬ જીવો સિદ્ધ થાય. પછી અવશ્ય આંતરું પડે. નિરંતર બે સમય સુધી ૯૭ થી ૧૦૨ જીવો સિદ્ધ થાય. પછી અવશ્ય આંતરું પડે. એક સમયમાં ૧૦૩થી ૧૦૮ જીવો સિદ્ધ થાય."

આમ અનેક સિદ્ધો ઉત્કૃષ્ટથી ૧૦૮ જાણવા. અહીં કોઠો આ પ્રમાણે છે–

સતત કેટલા સમય સુધી	કેટલા જીવો મોક્ષે જાય
૮ સમય	૧ થી ૩૨
૭ સમય	૩૩ થી ૪૮
૬ સમય	૪૯ થી ૬૦
૫ સમય	૬૧ થી ૭૨
૪ સમય	૭૩ થી ૮૪
૩ સમય	૮૫ થી ૯૬
૨ સમય	૯૭ થી ૧૦૨
૧ સમય	૧૦૩ થી ૧૦૮

સમયભિન્ન સિદ્ધો– (સમયભિન્ન સિદ્ધોના [1]અનંતર સમય સિદ્ધ અને

૧. પન્નવણાસૂત્ર પહેલું પ્રજ્ઞાપનાપદ સૂત્ર ૭ વગેરે.

પરંપરસમય સિદ્ધ એમ બે ભેદો છે. તેમાં પ્રથમસમય સિદ્ધો, એટલે કે સિદ્ધત્વના પ્રથમસમયમાં વર્તમાન સિદ્ધો અનંતર સિદ્ધ છે. સિદ્ધત્વના બીજા, ત્રીજા, ચોથા વગેરે સમયમાં વર્તમાન સિદ્ધો અપ્રથમસમય સિદ્ધ છે. આ પ્રમાણે) સમયભિન્ન સિદ્ધોના પ્રથમસમય સિદ્ધ અને અપ્રથમ-સમય સિદ્ધ (=પ્રથમસમય સિવાયના બીજા વગેરે સમયોમાં સિદ્ધ થયેલા) એમ બે ભેદો છે. તેમાં અપ્રથમસમય સિદ્ધ એટલે (અનંતરસમય સિદ્ધોથી) પરંપર સિદ્ધોને જુદા કરનાર પ્રથમસમયવર્તી સિદ્ધો, અર્થાત્ સિદ્ધત્વના દ્વિતીયસમયવર્તી સિદ્ધો, ત્રણ આદિ સમયોમાં અનુક્રમે દ્વિસમય સિદ્ધો વગેરે કહેવાય છે.

અથવા સામાન્યથી પ્રથમસમય સિદ્ધો, દ્વિસમય સિદ્ધો ઇત્યાદિ કહેવું તે સમયભિન્ન સિદ્ધો છે.

પૂર્વપક્ષ– તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ એ બે ભેદોમાં જ બધા ભેદોનો અંતર્ભાવ થઇ જતો હોવાથી શેષ ભેદોને કહેવાની જરૂર નથી.

ઉત્તરપક્ષ– તમારું કથન બરોબર નથી. પ્રથમના બે ભેદો કહેવા માત્રથી જ પછીના ભેદોનું જ્ઞાન થતું નથી. તથા શિષ્યની બુદ્ધિના વિકાસ માટે શાસ્ત્રનો પ્રારંભ છે. આથી શેષભેદો પણ કહેવાની જરૂર છે. (૭૭)

धम्माधम्मागासा, पुग्गल चउहा अजीव मो एए ।
गइठिइअवगाहेहिं, फासाईहिं च गम्मंति ॥ ७८ ॥

धर्माधर्माकाशाः पुद्गलाश्चतुर्धा अजीवा एवैते ।
गतिस्थित्यवगाहैः स्पर्शादिभिश्च गम्यन्ते ॥ ७८ ॥

तत्र **धर्माधर्माकाशा** गतिस्थित्यवगाहैर्गम्यन्ते । **पुद्गलाश्च** स्पर्शादिभिः । असमासकरणं धर्मादीनां त्रयाणामप्यमूर्तत्वेन भिन्नज्ञातीयख्यापनार्थम् । इत्येष गाथाक्षरार्थः । भावार्थस्तु धर्मादिग्रहणेन पदैकदेशेऽपि पदप्रयोगदर्शना-द्धर्मास्तिकायादयो गृह्यन्ते । स्वरूपं चैतेषाम्–

जीवानां पुद्गलानां च, गत्युपष्टम्भकारणं ।
धर्मास्तिकायो ज्ञानस्य, दीपश्चक्षुष्मतो यथा ॥ १ ॥
जीवानां पुद्गलानां च, स्थित्युपष्टम्भकारणं ।
अधर्मः पुरुषस्येव, तिष्ठासोरवनिस्समा ॥ २ ॥
जीवानां पुद्गलानां च, धर्माधर्मास्तिकाययोः ।
बादराणां घटे यद्वदाकाशमवकाशदम् ॥ ३ ॥

स्पर्शरसगन्धवर्णशब्दा मूर्तस्वभावकाः ।
संघातभेदनिष्पन्नाः, पुद्गला जिनदेशिताः ॥ ४ ॥
इति । कृतं विस्तरेण ॥ ७८ ॥

ગાથાર્થ– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને ચાર પ્રકારના પુદ્ગલો આ અજીવો જ છે, તથા ગતિ, સ્થિતિ, અવગાહ અને સ્પર્શાદિથી જાણી શકાય છે.

ટીકાર્થ– ધર્માસ્તિકાય ગતિથી, અધર્માસ્તિકાય સ્થિતિથી, આકાશ અવગાહથી અને પુદ્ગલો સ્પર્શાદિથી જાણી શકાય છે.

પ્રશ્ન– ધર્મ આદિ ત્રણ શબ્દોની સાથે પુદ્ગલ શબ્દનો સમાસ કેમ ન કર્યો ?

ઉત્તર– ધર્મ આદિ ત્રણે ય અમૂર્ત છે, અને પુદ્ગલો મૂર્ત છે. એથી ધર્માદિ ત્રણ પુદ્ગલોથી ભિન્ન જાતિવાળા છે એ જણાવવા માટે સમાસ નથી કર્યો.

મૂળ ગાથામાં ધર્મ આદિના ગ્રહણથી "પદના એક દેશમાં પણ પદનો પ્રયોગ જોવામાં આવતો હોવાથી" ધર્માસ્તિકાય આદિ ગ્રહણ કરાય છે. ધર્માસ્તિકાય આદિનું સ્વરૂપ આ પ્રમાણે છે– જેવી રીતે આંખવાળાને અંધારામાં દીપક જ્ઞાનમાં સહાયક બને છે તેમ, ગતિમાં પ્રવૃત્ત થયેલા જીવ અને પુદ્ગલોને ગતિ કરવામાં ધર્માસ્તિકાય ઉપષ્ટંભનું=મદદનું કારણ છે, અર્થાત્ સહાયક બને છે. (૧) જેવી રીતે સ્થિર રહેવાની ઇચ્છાવાળા પુરુષને સમ પૃથ્વી સ્થિર રહેવામાં સહાયક બને છે, તેમ અધર્માસ્તિકાય જીવ-પુદ્ગલોને સ્થિતિ કરવામાં=સ્થિર રહેવામાં ઉપષ્ટંભનું=મદદનું કારણ છે, અર્થાત્ સહાયક બને છે. (૨) જેવી રીતે બાદર પાણીને ઘડો અવગાહ=જગ્યા આપે છે તેવી રીતે જીવો, પુદ્ગલો, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ ચારેને આકાશ અવકાશ=જગ્યા આપે છે. (૩) જિનોએ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ શબ્દોને મૂર્ત સ્વરૂપવાળા કહ્યાં છે. પુદ્ગલોને સંઘાત અને ભેદથી ઉત્પન્ન થનારા કહ્યા છે. (૪) વિસ્તારથી સર્યું. (૭૮)

उक्ता अजीवाः सांप्रतमास्रवद्वारमाह–

कायवयमणोकिरियाजोगो सो आसवो सुहो सो अ ।
पुन्नस्स मुणेयव्वो, विवरीओ होइ पावस्स ॥ ७९ ॥

[कायवाङ्मनःक्रियायोगः स आश्रवः शुभः स च ।
पुण्यस्य मुणितव्यो विपरीतो भवति पापस्य ॥ ७९ ॥]

कायवाङ्मनःक्रियायोगः । क्रिया कर्म व्यापार इत्यनर्थान्तरम् । युज्यत इति योगः, युज्यते वानेन करणभूतेनात्मा कर्मणेति योगो व्यापार एव, **स आस्त्रवः** । आस्त्रवत्यनेन कर्मेत्यास्त्रवः सरःसलिलावाहिस्रोतोवत् । **शुभः स चास्त्रवः पुण्यस्य मुणितव्यो विपरीतो भवति पापस्ये**ति । आत्मनि कर्माणुप्रवेशमात्रहेतुरास्त्रव इति ॥ ७९ ॥

અજીવો કહ્યા. હવે આસ્રવદ્વારને કહે છે–

ગાથાર્થ– મન-વચન-કાયાની ક્રિયા યોગ છે. યોગ આસ્રવ છે. પુણ્યના આસ્રવને શુભ જાણવો. પાપના આસ્રવને અશુભ જાણવો.

ટીકાર્થ– ક્રિયા– ક્રિયા, કર્મ, વ્યાપાર આ શબ્દો એક અર્થવાળા છે.

યોગ– જે જોડાય તે યોગ. અથવા આત્મા કરણસ્વરૂપ જેના વડે કર્મથી જોડાય તે યોગ. યોગ વ્યાપાર સ્વરૂપ જ છે.

આસ્રવ– સરોવરમાં પાણીને લાવનાર ઝરણાઓની જેમ જેનાથી કર્મ આત્મામાં આવે તે આસ્રવ. આત્મામાં કર્માણુઓને માત્ર પ્રવેશનું જે કારણ છે તે આસ્રવ છે. પુણ્યના આસ્રવને શુભ જાણવો. પાપના આસ્રવને અશુભ જાણવો. (૭૯)

उक्त आस्त्रवः । सांप्रतं बन्ध उच्यते–

सकषायत्ता जीवो, जोगे कम्मस्स पुग्गले लेइ ।
सो बंधो पयइठिईअणुभागपएसभेओ उ ॥ ८० ॥

[सकषायत्वाज्जीवो योग्यान् कर्मणः पुद्गलान् लाति ।
स बन्धः प्रकृतिस्थित्यनुभागप्रदेशभेद एव ॥ ८० ॥]

कषायाः क्रोधादयः, सह कषायैः सकषायः, तद्भावः (सकषायत्वम्,) तस्मात्, **सकषायत्वाज्जीवो योग्यानुचितान् कर्मणः** ज्ञानावरणादेः **पुद्गलान्** परमाणून् **लात्या**दत्ते गृह्णातीत्यनर्थान्तरं, **स बन्धः** । योऽसौ तथास्थित्या त्वादानविशेषः स बन्ध इत्युच्यते । स च **प्रकृतिस्थित्यनुभावप्रदेशभेद एव** भवति । प्रकृति-बन्धो ज्ञानावरणादिप्रकृतिरूपः । स्थितिबन्धोऽस्यैव जघन्येतरा स्थितिः । अनुभावबन्धो यस्य यथायत्यां विपाकानुभवनमिति । प्रदेशबन्धस्त्वात्म-प्रदेशैर्योगस्तथा कालेनैव विशिष्टविपाकरहितं वेदनमिति ॥ ८० ॥

આસ્રવ કહ્યો. હવે બંધ કહેવાય છે—

ગાથાર્થ— ક્રોધાદિ કષાયના કારણે જીવ (જ્ઞાનાવરણીય વગેરે) કર્મને યોગ્ય પુદ્ગલોને (=પરમાણુઓને) ગ્રહણ કરે તે બંધ છે. તે બંધ પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ-પ્રદેશ એમ ચાર પ્રકારનો જ છે.

ટીકાર્થ— બંધ— તેવા પ્રકારની મર્યાદાથી ગ્રહણવિશેષ (=કર્માણુઓને આત્માની સાથે દૂધ-પાણીની જેમ એકમેક કરવા) તે બંધ કહેવાય છે.

પ્રકૃતિબંધ— જ્ઞાનાવરણ વગેરે પ્રકૃતિરૂપ છે.

સ્થિતિબંધ— પ્રકૃતિબંધની જ જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ.

અનુભાગબંધ— ભવિષ્યમાં જે કર્મનો જે પ્રમાણે વિપાકનો (=ફળનો) અનુભવ થાય તે કર્મનો તે પ્રમાણે અનુભાગબંધ કહેવાય.

પ્રદેશબંધ— આત્મપ્રદેશોની સાથે કર્માણુઓનો યોગ થવો અને કાળે (=ભવિષ્યકાળે) જ વિશિષ્ટ વિપાક વિના જેનું વેદન થાય તે પ્રદેશબંધ. (૮૦)

उक्तो बन्ध इदानीं संवरमाह—

आसवनिरोह संवर, समिईगुत्ताइएहि नायव्वो ।
कम्माण णुवायाणं, भावत्थो होइ एयस्स ॥ ८१ ॥

[आश्रवनिरोधः संवरः समितिगुप्त्यादिभिर्ज्ञातव्यः ।
कर्मणामनुपादानं भावार्थो भवत्येतस्य ॥ ८१ ॥]

आश्रवनिरोधः संवरः । आश्रव उक्त एव । तन्निरोधः कात्स्न्र्येन निश्चयतः सर्वसंवर उच्यते । शेषो व्यवहारसंवर इति । स **समितिगुप्त्यादिभिर्ज्ञातव्यः** । उक्तं च— "स समितिगुप्तिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः" इत्यादि (तत्त्वार्थाधिगमसूत्रम् ९-४) **कर्मणामनुपादानं भावार्थो भवत्येतस्य** संवरस्य । इह यावानेवांशः कर्मणामनुपादानहेतुर्धर्मादीनां तावानेवेह गृह्यते । शेषस्य तपस्येवान्तर्भावात् तस्य च प्रागुपात्तक्षयनिमित्तत्वादिति । अत्र बहु वक्तव्यम् तत्तु नोच्यते गमनिकामात्रत्वादारम्भस्येति ॥ ८१ ॥

બંધ કહ્યો. હવે સંવરને કહે છે—

ગાથાર્થ— આસ્રવનો નિરોધ કરવો એ સંવર છે. સમિતિ-ગુપ્તિ આદિથી સંવર જાણવો, કર્મોનું ગ્રહણ ન કરવું એ સંવરનો ભાવાર્થ છે.

ટીકાર્થ– સંવર– નિશ્ચયનયની અપેક્ષાએ સંપૂર્ણપણે આસ્રવનો નિરોધ કરવો તે સંવર છે. સંપૂર્ણપણે આસ્રવના નિરોધને સર્વસંવર કહેવામાં આવે છે. દેશથી થતો સંવર વ્યવહાર સંવર છે. સમિતિ-ગુપ્તિ આદિથી સંવર થાય છે. કહ્યું છે કે– "સમિતિ, ગુપ્તિ, ધર્મ (=દશ પ્રકારનો યતિધર્મ), ભાવના (=અનિત્યાદિ ૧૨ ભાવના), પરીષહજય અને ચારિત્રથી સંવર થાય છે." કર્મોનું ગ્રહણ ન કરવું એ સંવરનો ભાવાર્થ છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– ધર્મ (સમિતિ, ગુપ્તિ, ધર્મ, ભાવના) વગેરેનો જેટલો અંશ કર્મનું ગ્રહણ ન કરવામાં હેતુ બને તેટલો જ અંશ અહીં (=સંવરમાં) ગ્રહણ કરાય છે. કારણ કે બાકીના અંશનો તપમાં જ અંતર્ભાવ થાય છે, અને તપ પૂર્વે ગ્રહણ કરેલા કર્મના ક્ષયનું કારણ છે. અહીં ઘણું કહેવા જેવું છે. પણ તે કહેવામાં આવતું નથી. કારણ કે પ્રસ્તુત આરંભ સંક્ષેપથી કહેવા માટે જ છે. (૮૧)

उक्तः संवरः । सांप्रतं निर्जरोच्यते–

तवसा उ निज्जरा इह, निज्जरणं खवणनासमेगट्ठा ।
कम्माभावापायणमिह निज्जरमो जिना बिंति ॥ ८२ ॥

[तपसा तु निर्जरा इह निर्जरणं क्षपणं नाश एकार्थाः ।
कर्माभावापादनमिह निर्जरा जिना ब्रुवते ॥ ८२ ॥]

तपसा तु निर्जरा इह । अनशनादिभेदभिन्नं तपः । तेन प्रागुपात्तस्य कर्मणो निर्जरा भवति । निर्जराशब्दार्थमेवाह– **निर्जरणं क्षपणं नाश इत्येकार्थाः** पर्यायशब्दा इति । नानादेशजविनेयगणप्रतिपत्त्यर्थं अज्ञातज्ञापनार्थं चैतेषामुपादानमदुष्टमेव । अस्या एव भावार्थमाह– **कर्माभावापादानमिह निर्जरा जिना ब्रुवते** प्रकटार्थमेतदिति ॥ ८२ ॥

સંવર કહ્યો. હવે નિર્જરા કહેવાય છે–

ગાથાર્થ– અહીં તપથી નિર્જરા થાય. નિર્જરણ, ક્ષપણ, નાશ એ શબ્દો એક અર્થવાળા છે. અહીં કર્મોનો અભાવ કરવો એને જિનો નિર્જરા કહે છે.

ટીકાર્થ– નિર્જરા– પૂર્વે ગ્રહણ કરેલા કર્મની અનશન આદિ ભેદવાળા તપથી નિર્જરા થાય. નિર્જરા શબ્દના અર્થને કહે છે– નિર્જરણ, ક્ષપણ, નાશ એ શબ્દો એક અર્થવાળા છે, અર્થાત્ નિર્જરા શબ્દના પર્યાયવાચી શબ્દો છે. જુદા-જુદા દેશના શિષ્યગણના બોધ માટે અને નહિ જાણનારને જણાવવા માટે આ પર્યાયવાચી શબ્દોનું ગ્રહણ દોષરહિત જ છે.

નિર્જરાના જ ભાવાર્થને કહે છે– અહીં કર્મનો અભાવ કરવો એને જિનો નિર્જરા કહે છે. (૮૨)

उक्ता निर्जरा । इदानीं मोक्षमाह–

नीसेसकम्मविगमो, मुक्खो जीवस्स सुद्धरूवस्स ।
साइ अपज्जवसाणं, अव्वाबाहं अवत्थाणं ॥ ८३ ॥

[निःशेषकर्मविगमो मोक्षो जीवस्य शुद्धस्वरूपस्य ।
साद्यपर्यवसानमव्याबाधमवस्थानम् ॥ ८३ ॥]

निःशेषकर्मविगमो मोक्षः । कृत्स्नकर्मक्षयान्मोक्ष इति वचनात् (तत्त्वार्थाधिगमसूत्रम् १०-३) । **जीवस्य शुद्धस्वरूपस्य** कर्मसंयोगापादित-रूपरहितस्येत्यर्थः । **साद्यपर्यवसानं अव्याबाधं** व्याबाधावर्जित-**मवस्थानम**वस्थितिः जीवस्यासौ मोक्ष इति । साद्यपर्यवसानता चेह व्यक्त्यपेक्षया न तु सामान्येन । मोक्षस्यापि अनादिमत्त्वमिति ॥ ८३ ॥

નિર્જરા કહી. હવે મોક્ષને કહે છે–

ગાથાર્થ– સર્વકર્મોનો ક્ષય મોક્ષ છે. શુદ્ધ સ્વરૂપવાળા જીવનું સાદિ-અનંતકાળ સુધી પીડારહિત રહેવું તે મોક્ષ છે.

ટીકાર્થ– સર્વકર્મોનો ક્ષય એ મોક્ષ છે. કારણ કે "સકલ કર્મોનો ક્ષય એ મોક્ષ છે" એવું વચન છે.

શુદ્ધ સ્વરૂપવાળા=કર્મના સંયોગથી કરાયેલ સ્વરૂપથી રહિત.

સાદિ-અનંતકાળ– અહીં સાદિ-અનંતકાળ એક જીવની અપેક્ષાએ છે, સામાન્યથી નહિ. સામાન્યથી તો મોક્ષનું પણ અનાદિપણું છે. (જીવનું તો અનાદિ-અનંતપણું છે જ, કિંતુ મોક્ષનું પણ અનાદિ-અનંતપણું છે, એમ **अपि** શબ્દનો અર્થ છે. (૮૩)

उक्तं तत्त्वम्, अधुना प्रकृतं योजयति–

एयमिह सद्दहंतो, सम्मद्दिट्ठी तओ अ नियमेण ।
भवनिव्वेयगुणाओ, पसमाइगुणासओ होइ ॥ ८४ ॥

[एतदिह श्रद्धानः सम्यग्दृष्टिः तकश्च नियमेन ।
भवनिर्वेदगुणात् प्रशमादिगुणाश्रयो भवति ॥ ८४ ॥]

एतदनन्तरोदितं જીવાજીવાદીह લોકે પ્રવચને વા **श्रद्दधानः** એવમેવેદમિત્યાર્દ્રાન્તઃકરણતયા પ્રતિપદ્યમાનઃ **सम्यग्दृष्टिरभिधीयते**, અવિપરીતદર્શનાદિતિ, **तकश्च नियमेना**સાવવશ્યંતયા **भवनिर्वेदगुणात्** સંસારનિર્વેદગુણેન **प्रशमादिगुणाश्रयो भवति** ઉક્તલક્ષણાનાં (૫૩) પ્રશમાદિગુણાનામાધારો ભવતિ । ભવતિ ચેત્થંજ્ઞાને સંસારનિર્વેદગુણઃ । તસ્માચ્ચ પ્રશમાદયઃ ॥ ૮૪ ॥

તત્ત્વો કહ્યાં. હવે પ્રસ્તુત વિષયને જોડે છે–

ગાથાર્થ– આની શ્રદ્ધા કરતો જીવ અહીં સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે, અને તે અવશ્ય ભવનિર્વેદ ગુણના કારણે પ્રશમાદિ ગુણોનો આધાર થાય છે.

ટીકાર્થ– આની=હમણાં જ કહેલા જીવ-અજીવ આદિ તત્ત્વોની.

શ્રદ્ધા કરતો="આ આ પ્રમાણે જ છે" એમ કોમળ અંતઃકરણથી સ્વીકારતો.

પ્રશ્ન– જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા કેમ કરે છે ?

ઉત્તર– જીવાદિ તત્ત્વોમાં વિરુદ્ધ નથી દેખાતું માટે શ્રદ્ધા કરે છે.

પ્રશમાદિ ગુણોનું લક્ષણ પૂર્વે ૫૩મી ગાથામાં કહી દીધું છે. આવા પ્રકારનું જ્ઞાન થતાં સંસાર પ્રત્યે નિર્વેદરૂપ ગુણ પ્રગટે છે. સંસાર પ્રત્યે નિર્વેદરૂપ ગુણથી પ્રશમ વગેરે ગુણો પ્રગટે છે. (૮૪)

सम्यक्त्वातियार अधिकार (गा. ८५-१०५)

प्रतीतमेतदिति अस्यैव व्यतिरेकमाह–

विवरीयसद्दहाणे, मिच्छभावाओ नत्थि केइ गुणा ।
अणभिनिवेसो उ कयाइ होइ सम्मत्तहेऊ वि ॥ ८५ ॥

[विपरीतश्रद्दधाने मिथ्याभावान्न सन्ति केचन गुणाः ।
अनभिनिवेशस्तु कदाचिद्भवति सम्यक्त्वहेतुरपि ॥ ८५ ॥]

विपरीतश्रद्धाने ઉક્તલક્ષણાનાં જીવાદિપદાર્થાનામન્યથા શ્રદ્ધાને **मिथ्याभावान्न सन्ति केचन गुणाः** સર્વત્રૈવ વિપર્યયાદિતિ ભાવઃ । વિપરીતશ્રદ્ધાને-ऽप्यनभिनिवेशस्तु એવમેવૈતદિત્યનધ્યવસાયસ્તુ **कदाचित्कस्मिंश्चित्काले** યદ્વા કદાચિત્ ન નિયમેનૈવ **भवति सम्यक्त्वहेतुरपि** જાયતે સમ્યક્ત્વકારણમપિ । યથેન્દ્રનાગાદીનામિતિ ।

ઇદં ચ સમ્યક્ત્વમતિચારરહિતમનુપાલનીયમિતિ ॥ ૮૫ ॥

તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વ પ્રગટે છે વગેરે પ્રસિદ્ધ જ છે. આથી આનાથી ઊલટું કહે છે–

ગાથાર્થ– વિપરીત શ્રદ્ધામાં મિથ્યાભાવના કારણે કોઇ ગુણો થતા નથી. અભિનિવેશનો અભાવ કદાચિત્ સમ્યક્ત્વનો હેતુ પણ થાય.

ટીકાર્થ– વિપરીત શ્રદ્ધામાં– જેમનું લક્ષણ અહીં જણાવ્યું છે તે જીવાદિ પદાર્થોની બીજી રીતે શ્રદ્ધા કરવામાં (=જીવાદિ પદાર્થો અહીં જેવા સ્વરૂપવાળા કહ્યા છે તેનાથી બીજા સ્વરૂપવાળા માનવામાં).

વિપરીત શ્રદ્ધા કરવામાં મિથ્યાભાવ (=મિથ્યાત્વ) થવાથી કોઇ ગુણો થતા નથી. કેમ કે બધા જ પદાર્થોમાં મિથ્યાજ્ઞાન થાય છે.

અભિનિવેશનો અભાવ– "આ આ પ્રમાણે જ છે" એવા અધ્યવસાયનો અભાવ.

વિપરીત શ્રદ્ધામાં પણ જો અભિનિવેશનો અભાવ હોય તો કદાચિત્ સમ્યક્ત્વનો હેતુ પણ થાય.

કદાચિત્– કોઇક કાળે અથવા કદાચ. આનો અર્થ એ થયો કે અભિનિવેશનો અભાવ સમ્યક્ત્વનું કારણ અવશ્ય બને એમ નહિ, કિંતુ કદાચ સમ્યક્ત્વનું કારણ બને પણ ખરો. જેમ કે ઇંદ્રનાગ વગેરેને અનભિનિવેશ સમ્યક્ત્વનું કારણ બન્યું.

ઇંદ્રનાગનો પ્રસંગ આ પ્રમાણે છે–

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના મધ્યખંડમાં પ્રાચીનકાળથી પ્રસિદ્ધ વસંતપુર નામનું નગર હતું. ઊંચા દેવમંદિરો, કિલ્લો, અટારી અને દુકાનોની શોભાથી તે જેમણે બહુ દેશો જોયેલા છે તેવા મુસાફરોના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન કરતું હતું. તેમાં સદા થતા ઉત્સવોમાં વાગતા વાજિંત્રોના ગંભીર અવાજથી અને મંગલ શબ્દોના અવાજના કારણે લોકોથી લોકોનો (=બીજા માણસોનો) શબ્દ સાંભળી શકાતો ન હતો. તેમાં દૃઢ પ્રતિજ્ઞાવાળા, સુશીલથી પૂર્ણ, [1]પહેલાં બોલાવનારા, કુશળ, કૃતજ્ઞ અને ધર્મકાર્યમાં તત્પર એવા લોકો વસતા હતા. પણ નગરના સઘળા ગુણોથી સમૃદ્ધ તે નગરમાં

૧. કોઇ સામે મળે તો તે બોલાવે એ પહેલાં પોતે બોલાવનાર.

૨. અહીં ગુણરૂપ દોષ સમજવો, અર્થાત્ પ્રશસ્ત દોષ સમજવો. ચિંતા દોષ છે, પણ પરલોકની ચિંતા પ્રશસ્ત ચિંતા છે, અથવા પરલોકની એટલે બીજા લોકોની ચિંતા કરનારા હતા એમ સમજવું, બીજાઓનું આત્મહિત કેમ થાય તેવી ચિંતામાં તત્પર દેખાતા હતા.

એક જ દોષ હતો કે સાધુઓ પણ સદા પરલોકની [૨]ચિંતામાં તત્પર દેખાતા હતા. શત્રુસેનાના ક્ષય માટે કાળ સમાન, ઉત્તમ પુરુષોરૂપી વૃક્ષો માટે ક્યારા સમાન અને સકલ ગુણસમૂહને પ્રાપ્ત કરનાર જિતશત્રુ નામનો રાજા તે નગરીનું પાલન કરતો હતો. તે નગરમાં ઉત્તમવેષને પહેરનાર, કળાઓમાં પ્રવીણ, ઋદ્ધિ-ગુણ-ગોત્રથી મહાન અને દીન આદિ જનોનો ઉદ્ધાર કરવામાં સુપ્રસિદ્ધ એવો એક શેઠ હતો. ભવિતવ્યતા વશ એકવાર તેના ઘરમાં તેવો મારી રોગ ઉત્પન્ન થયો, જેથી ઘરના બધા માણસો મરવા લાગ્યા. ઘરના બધા માણસો મરી જતાં ઘરનો માલિક, પુત્ર વગેરે મરી ગયા. આમ થતાં મડદાંઓને બહાર નાખવા પણ કોઈ માણસ તૈયાર ન હતો. તેના ઘરમાં મારીનો ઉપદ્રવ જોઈને લોકોએ ચેપના ભયથી બારણું કાંટાઓથી ભરી દીધું. તેમાં ઇંદ્રનાગ નામનો એક બાળક બચી ગયો. કારણ કે તેનું આયુષ્ય ઉપક્રમથી ન ઘટે તેવું હોવાથી બલવાન હતું. તૃષા-ક્ષુધાથી પીડિત તે પાણી માગવા લાગ્યો. બધા મરી ગયા છે એમ જોઈને ભય પામેલા તેણે બારણા તરફ નજર કરી. તેટલામાં માંસના લોભથી આવેલા કૂતરાને તેણે જોયો. તેને જોઈને ધ્રુજતો તે ઊંચા સ્વરે રડવા લાગ્યો. તેના રુદનના શબ્દો સાંભળીને ભય પામેલો કૂતરો વળીને નીકળી ગયો. બાળક પણ તે જ છીંડીથી ઘરમાંથી નીકળ્યો. કહ્યું છે કે– "જેની આશા ભાંગી ગઈ છે, જે કરંડિયામાં પૂરાયો છે, ભૂખથી જેની ઇંદ્રિયો ક્ષીણ થઈ ગઈ છે, એવા સર્પના મુખમાં રાતે કાણું પાડીને ઉંદર જાતે પડ્યો. તેના માંસથી તૃપ્ત થયેલ સર્પ તે જ માર્ગથી જલદી જતો રહ્યો. તમે સ્વસ્થ (=નિશ્ચિંત) રહો. કારણ કે માણસોની વૃદ્ધિ અને ક્ષય કરવામાં ભાગ્ય જ તત્પર છે." (અર્થાત્ ભાગ્ય કરે તેમ થાય, માટે ચિંતા કરવી નકામી છે.) તે ઠીબ (=ભાંગેલા ઘડાનો થોડો ભાગ) લઈને ઘરે ઘરે ભિક્ષા માગતો ફરે છે. લોકો પણ દયાથી તેને આહાર વગેરે આપે છે. વળી– તેને આવી અવસ્થાવાળો જોઈને, અને તેના ઘરની સંપત્તિને યાદ કરીને પોતાના ચિત્તમાં દુઃખ અનુભવતા લોકો સુપ્રસિદ્ધ આ (=નીચેની) ગાથાને યાદ કરતા હતા. "સંસારમાં અનાદિકાળથી વિવિધ કર્મોને વશ બનેલા જીવોનો એવો કોઈ બનાવ નથી કે જે ન બને." આ પ્રમાણે વધતા તેના કેટલાંક વર્ષો પસાર થયા.

એકવાર રાજગૃહ તરફ જવાની ઇચ્છાવાળા સિદ્ધાર્થ નામના સાર્થવાહે નગરમાં આ પ્રમાણે (=નીચે પ્રમાણે) ઘોષણા કરાવી. હમણાં જે કોઈ

રાજગૃહનગર જવાની ઇચ્છાવાળો હોય તે સાર્થની સાથે આવે. માર્ગમાં થાકથી થાકેલાઓની હું કાળજી કરીશ. આ પ્રમાણે સાંભળીને દીન, અનાથ વગેરે ઘણા માણસો સાર્થ સાથે ચાલ્યા. તેમાં ઇંદ્રનાગ ભિખારી પણ ચાલ્યો. સાર્થ પણ બપોર સુધી ચાલ્યો. પછી સાર્થે છાયાવાળા અને પાણીવાળા સ્થાનમાં મુકામ કર્યો. ભોજન તૈયાર થઇ જતાં ઇંદ્રનાગ પણ ભિક્ષા માટે સાર્થમાં આવ્યો. ભિક્ષામાં ઘીમિશ્રિત્ત ઉત્તમ ભાત મળ્યા. વૃક્ષ નીચે બેસીને તેણે ભાત ખાધા. પછી સાર્થની સાથે ચાલ્યો. અજીર્ણ દોષથી બીજા દિવસે તેને તેવી ભૂખ ન લાગી. તેથી તે ભિક્ષા માટે સાર્થમાં ન ગયો. શેઠે તેને ઝાડની નીચે ધ્યાનમાં રહેલા મુનિની જેમ બેઠેલો જોયો. આથી શેઠે પોતાના મનમાં વિચાર્યું કે આજે એણે ઉપવાસ કર્યો છે. [1]અવ્યક્ત લિંગવાળા તેને ત્રીજા દિવસે સાર્થમાં આવેલો જોઈને સાર્થપતિએ તેને સ્નિગ્ધ અને ઉત્તમ આહાર અપાવ્યો. અજીર્ણથી બે દિવસ સુધી તેની ભૂખ મરી ગઇ. શેઠે પણ જાણ્યું કે આ છઠ્ઠ કરીને પારણું કરશે. ચોથા દિવસે ભિક્ષા માટે સાર્થમાં ગયો. શેઠે પૂછ્યું: બે દિવસ ભિક્ષા માટે કેમ ન આવ્યા ? તે મૌન રહ્યો. શેઠે જાણ્યું કે આ છઠ્ઠ તપ કરે છે. કારણ કે કહ્યું છે કે– "ઉત્તમ પુરુષોનો ધર્મ ગુપ્ત હોય છે, પુરુષાર્થ પ્રગટ હોય છે, પરસ્ત્રીનો ત્યાગ હોય છે, અને જન્મ કલંકથી રહિત હોય છે." આ પ્રમાણે તપગુણથી અનુરાગી થયેલો તે તેને પારણાના દિવસે અત્યંત સ્નિગ્ધ વગેરે ગુણોવાળો આહાર હર્ષથી આપે છે.

તેની મદદથી અધિક અધિકતર ઉપવાસ કરવાથી ઇંદ્રનાગ મુનિ ક્રમે કરીને એક માસનો ઉપવાસી થયો. સિદ્ધાર્થે તેને કહ્યું: તું રાજગૃહનગર ન પહોંચે ત્યાં સુધી પારણા માટે તારે બીજા સ્થળે ન જવું. કારણ કે [2]ઔષધ, ભૈષજ, ખાદ્ય, પેય વગેરે જે કંઇ તારે યોગ્ય છે તે અમારા પણ સ્થાનમાં અવશ્ય થશે. લોકો પણ તેને નમ્યા અને તેના પ્રત્યે ગુણરાગથી અત્યંત અનુરાગી થયા. આથી તેને જ ગુણી તરીકે જુએ છે, બીજાનું નામ પણ લેતા નથી. બીજાઓ આ 'એકપિંડિક' છે એમ તેને કહેતા હતા. તેણે મેળવેલું આ વિશેષણ અર્થવાળું છે. કારણ કે તે બીજાઓએ નિમંત્રણ કર્યું હોવા છતાં (શેઠ સિવાય) બીજાનું ભોજન લેતો ન હતો. (એક જ ઘરનો

૧. સાધુનો વેશ ન હોવાથી અવ્યક્ત લિંગ (=વેશ)વાળો છે.

૨. એક જ વસ્તુ હોય તેવી દવાને ઔષધ કહેવાય અને જેમાં ઘણી વસ્તુઓ હોય તેવી દવાને ભૈષજ કહેવાય. ખાદ્ય=ચાવીને ખાવા લાયક. પેય=પીવા લાયક.

પિંડ=આહાર લે તે એકપિંડિક). ક્રમે કરીને બધા રાજગૃહનગરમાં આવ્યા. સાર્થવાહે પોતાના ઘરે જ તેનો મઠ કરાવ્યો. તેણે પણ માથું મૂંડાવ્યું. ભગવા રંગથી રંગેલા વસ્ત્રોને પહેરનાર તે નગરમાં પ્રસિદ્ધ બની ગયો. પછી તો શેઠ આહાર આપતો હોવા છતાં તે શેઠનો આહાર ઇચ્છતો ન હતો. પારણાના દિવસે લોકો પોતપોતાના ઘરમાં તેના માટે તૈયારીઓ કરી રાખતા હતા. પણ આ એક ઘરે પારણું કરીને પાછો વળી જતો હતો. જેના ઘરે પારણું કર્યું હોય તે સિવાયના લોકો આણે કોના ઘરે પારણું કર્યું એ ખબર ન પડવાથી પોતાના ઘરોમાં આહાર લઈને તેની રાહ જોયા કરતા હતા. તેથી બીજાઓને ખબર પડે એ માટે ઇંદ્રનાગ પ્રત્યે ભક્તિવાળા નગર લોકોએ પરસ્પર મળીને સંકેત કર્યો કે આ મુનિવર જે કોઇનો આહાર લે તેણે લોકોને ખબર પડે એ માટે ભેરી વગાડવી, જેથી પારણાનું જ્ઞાન થતાં લોકો પોતપોતાના કામમાં લાગી જાય. આ પ્રમાણે કાળ પસાર થાય છે.

હવે એકવાર પુર, પત્તન, ગામ, ખાણ અને નગરોથી વિભૂષિત પૃથ્વી ઉપર વિહાર કરતા શ્રીવર્ધમાનસ્વામી ત્યાં ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. સૂત્રપોરિસિ અને અર્થપોરિસિ પૂર્ણ થયા પછી ભિક્ષા માટે નીકળતા શ્રીગૌતમસ્વામીને શ્રી વીરે "અત્યારે અનેષણા છે" એમ કહીને રોક્યા. ગૌતમસ્વામીએ પૂછ્યું: હે સ્વામી ! અનેષણાનું કારણ શું છે ? સ્વામીએ કહ્યું: હે ગૌતમ ! ઇંદ્રનાગનું પારણું છે. હમણાં બધા ય લોકો તે કાર્યમાં વ્યાકુલ બનેલા છે. જેથી પ્રમાદી તે લોકો આપે તો પણ અનેષણા કરે. ક્ષણમાત્ર વીતી ગયા પછી ભગવાને કહ્યું: હમણાં ભિક્ષા માટે જા, અને તે મુનિને જોઇને આ પ્રમાણે કહેજે, હે અનેકપિંડિક ! તને એકપિંડિક જોવાને ઇચ્છે છે. ગૌતમ મુનિ પણ 'ઇચ્છં' (=હું ઇચ્છું છું) એમ કહીને નીકળ્યા. માર્ગમાં જતા શ્રીગૌતમસ્વામીએ તેને આવતો જોયો અને ભગવાને કહ્યું હતું તેમ કહ્યું. તેથી તે ગુસ્સે થઇને બોલ્યો: એક ઘરમાં જ લેતો હું અનેકપિંડિક કેવી રીતે ? બીજાઓની જેમ હું ભિક્ષા માટે ઘરે ઘરે ફરતો નથી. ક્ષણ પછી શાંત થયેલા તેણે વિચાર્યું કે— હા, મને જેવો કહ્યો તેવો હું છું. કારણ કે મારા પારણામાં લોકો અનેક ઘરોમાં આહાર તૈયાર કરે છે. આ મુનિવરો પોતાના માટે નહીં કરેલો અને નહીં કરાવેલો આહાર લે છે. માટે હું અનેકપિંડિક છું અને આ સાચે જ એકપિંડિક છે. એ પ્રમાણે વિચારતા તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વે ભણેલું શ્રુત યાદ આવ્યું. દેવતાએ આપેલો સાધુવેશ પહેર્યો. પ્રખ્યાત

કીર્તિવાળો તે પ્રત્યેકબુદ્ધ થયો. કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં ઇંદ્રનાગ અધ્યયન કહ્યું, અને બધાં કર્મોનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કર્યો.

આ પ્રમાણે મિથ્યાત્વના કદાગ્રહનો અભાવરૂપ ગુણથી જેમ ઇંદ્રનાગે સમ્યક્ત્વ વગેરે ગુણો પ્રાપ્ત કર્યા, તેમ બીજાઓ પણ પામે. (૮૫)

इदं च सम्यक्त्वमतिचाररहितमनुपालनीयमित्यतस्तानाह–

सम्मत्तस्सइयारा, संका कंखा तहेव वितिगिच्छा ।
परपासंडपसंसा, संथवमाई य नायव्वा ॥ ८६ ॥

[सम्यक्त्वस्यातिचाराः शङ्का काङ्क्षा तथैव विचिकित्सा ।
परपाषण्डप्रशंसा संस्तवादयश्च ज्ञातव्याः ॥ ८६ ॥]

सम्यक्त्वस्य प्राङ्निरूपितशब्दार्थ**स्यातिचारा** अतिचरणानि अतिचारा असदनुष्ठानविशेषाः यैः सम्यक्त्वमतिचरति विराधयति वा । ते च शङ्कादयः । तथा चाह– **शङ्का काङ्क्षा तथैव विचिकित्सा परपाषण्डप्रशंसा संस्तवादयश्च ज्ञातव्याः** । आदिशब्दादनुपबृंहणास्थिरीकरणादिपरिग्रहः । संस्तवादयश्च ज्ञातव्याः । शङ्कादीनां स्वरूपं वक्ष्यत्येवेति ॥ ८६ ॥

આ સમ્યક્ત્વ અતિચાર રહિત પાળવું જોઈએ. આથી સમ્યક્ત્વના અતિચારોને કહે છે–

ગાથાર્થ– શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરપાષંડપ્રશંસા અને પરપાષંડ-સંસ્તવ વગેરે સમ્યક્ત્વના અતિચારો જાણવા.

ટીકાર્થ– સમ્યક્ત્વ શબ્દનો અર્થ પૂર્વે ૪૩મી ગાથામાં કહ્યો છે. અતિચાર એટલે અતિચરણ. અતિચારો તેવા અસદ્ આચરણ વિશેષો છે કે જે અસદ્ આચરણ વિશેષોથી જીવ સમ્યક્ત્વને ઓળંગી જાય છે, અથવા વિરાધે છે.

મૂળ ગાથામાં રહેલા આદિ શબ્દથી અનુપબૃંહણા અને અસ્થિરીકરણ વગેરેનું ગ્રહણ કરવું.

શંકા આદિનું સ્વરૂપ ગ્રંથકાર જ હવે પછી કહેશે જ. (૮૬)

संसयकरणं संका, कंखा अन्नन्नदंसणग्गाहो ।
संतंमि वि वितिगिच्छा, सिज्झिज्ज न मे अयं अट्ठो ॥ ८७ ॥

[संशयकरणं शङ्का काङ्क्षान्योन्यदर्शनग्राहः ।
सत्यपि विचिकित्सा सिध्येत न मेऽयमर्थः ॥ ८७ ॥]

संशयकरणं शङ्का भगवदर्हत्प्रणीतेषु पदार्थेषु धर्मास्तिकायादिष्वत्यन्तगहनेषु मतिदौर्बल्यात्सम्यगनवधार्यमाणेषु संशय इत्यर्थः । किमेवं स्यान्नैवमिति । सा पुनर्द्विभेदा देशसर्वभेदात् । देशशङ्का देशविषया, यथा किमयमात्मासङ्ख्येयप्रदेशात्मकः स्यादथ निःप्रदेशो निरवयवः स्यादिति । सर्वशङ्का पुनः सकलास्तिकायव्रात एव किमेवं स्यान्नैवमिति । **काङ्क्षान्योन्यदर्शनग्राहः ।** सुगतादिप्रणीतेषु दर्शनेषु ग्राहोऽभिलाष इति । सा पुनर्द्विभेदा देशसर्वभेदात् । देशविषया एकमेव सौगतं दर्शनमाकाङ्क्षति चित्तजयोऽत्र प्रतिपादितोऽयमेव च प्रधानो मुक्तिहेतुरिति अतो घटमानकमिदं न दूरापेतमिति । सर्वकाङ्क्षा तु सर्वदर्शनान्येव काङ्क्षति अहिंसाप्रतिपादनपराणि सर्वाण्येव कपिलकणभक्षाक्षपादमतानीह लोके च नात्यन्तक्लेशप्रतिपादनपराणि अतः शोभनान्येवेति ॥ **सत्यपि विचिकित्सा सिध्येत न मेऽयमर्थ** इति । अयमत्र भावार्थः— विचिकित्सा मतिविभ्रमः, युक्त्यागमोपपन्नेऽप्यर्थे फलं प्रति संमोहः । किमस्य महतस्तपःक्लेशायासस्य सिकताकणकवलकल्पस्य कनकावल्यादेरायत्यां मम फलसंपद्भविष्यति किं वा नेति । उभयथेह क्रियाः फलवत्यो निष्फलाश्च दृश्यन्ते कृषीवलानाम् । न चेयं शङ्कातो न भिद्यते इत्याशङ्कनीयम् । शङ्का हि सकला सकलपदार्थभाक्त्वेन द्रव्यगुणविषया । इयं तु क्रियाविषयैव । तत्त्वतस्तु सर्व एते प्रायो मिथ्यात्वमोहनीयोदयतो भवन्तो जीवपरिणामविशेषाः सम्यक्त्वातिचारा उच्यन्ते । न सूक्ष्मेक्षिका अत्र कार्येति । अथवा विचिकित्सा विद्वद्जुगुप्सा । विद्वांसः साधवो विदितसंसारस्वभावाः परित्यक्तसर्वसङ्गास्तेषां जुगुप्सा निन्दा । तथाहि— तेऽस्नानात्प्रस्वेदजलक्लिन्नमलिनत्वात् दुर्गन्धवपुषो भवन्ति । तान्निन्दति । को दोषः स्याद्यदि प्राशुकेन वारिणाङ्गप्रक्षालनं कुर्वीरन् भगवन्त इति । इयमपि न कार्या । देहस्यैव परमार्थतोऽशुचित्वादिति ॥ ८७ ॥

ગાથાર્થ— સંશય કરવો તે શંકા. અન્ય અન્ય દર્શનની અભિલાષા તે કાંક્ષા, યુક્તિ અને આગમથી પદાર્થ સિદ્ધ થવા છતાં "આ મારું કાર્ય સિદ્ધ થશે કે નહિ" એવો સંશય કરવો તે વિચિકિત્સા.

ટીકાર્થ– શંકા– અરિહંત પ્રભુએ સિદ્ધ કરેલા અને અત્યંત ગહન એવા ધર્માસ્તિકાય આદિ પદાર્થો મતિની દુર્બલતાથી આ પદાર્થ આ પ્રમાણે જ છે એમ સમ્યગ્ ન અવધારી શકાય=નિશ્ચિત ન કરી શકાય ત્યારે આ પદાર્થ શું આ પ્રમાણે છે કે આ પ્રમાણે નથી એવો સંશય કરવો તે શંકા. શંકા દેશશંકા અને સર્વશંકા એમ બે પ્રકારની છે. દેશમાં (=અમુક કોઇ પદાર્થમાં) શંકા તે દેશશંકા. જેમ કે, આ આત્મા શું અસંખ્ય પ્રદેશાત્મક છે કે પ્રદેશથી રહિત નિરવયવ છે ? એવી શંકા. સર્વમાં શંકા તે સર્વશંકા. સર્વ અસ્તિકાય સમૂહમાં જ શું આ પ્રમાણે છે કે આ પ્રમાણે નથી ? એવી શંકા.

કાંક્ષા– બુદ્ધ આદિએ રચેલાં દર્શનોની ઇચ્છા કરવી. કાંક્ષા દેશકાંક્ષા અને સર્વકાંક્ષા એમ બે પ્રકારે છે. એક જ બૌદ્ધ દર્શનને ઇચ્છે. આ દર્શનમાં ચિત્તજય જણાવ્યો છે. ચિત્તજય જ મુક્તિનું મુખ્ય કારણ છે. એથી ઘટતું (=યુક્તિસંગત) આ દર્શન દૂર ગયેલું નથી, અર્થાત્ મુક્તિની નજીક છે. આ પ્રમાણે બૌદ્ધ દર્શનની ઇચ્છા કરવી તે દેશકાંક્ષા છે.

કપિલમત, કણભક્ષમત, અક્ષપાદમત એ સઘળા ય મતો અહિંસાનું પ્રતિપાદન કરવામાં તત્પર છે, અને આ લોકમાં અત્યંત ક્લેશનું (=કષ્ટનું) પ્રતિપાદન કરવામાં તત્પર નથી, આથી સુંદર જ છે. આ પ્રમાણે સઘળાં ય દર્શનોને ઇચ્છે તે સર્વકાંક્ષા.

વિચિકિત્સા– યુક્તિ અને આગમથી પદાર્થ સિદ્ધ થવા છતાં "આ મારું કાર્ય સિદ્ધ થશે કે નહિ ?" એવી શંકા કરવી તે વિચિકિત્સા છે.

અહીં ભાવાર્થ આ છે– વિચિકિત્સા એટલે મતિનો વિભ્રમ. યુક્તિ અને આગમથી સંગત પણ અર્થમાં ફલ પ્રત્યે સંમોહ થવો. તે આ પ્રમાણે– આ મહાન, ક્લેશપૂર્ણ, પ્રયત્નવાળા, રેતીકણના કોળિયા સમાન, કનકાવલી આદિ તપનું ભવિષ્યમાં મને ફલરૂપ સંપત્તિ શું થશે ? કે નહિ થાય ? લોકમાં ખેડૂતોની સફળ અને નિષ્ફળ એમ બંને પ્રકારની ક્રિયાઓ દેખાય છે.

વિચિકિત્સા શંકાથી ભિન્ન નથી એવી શંકા ન કરવી. સર્વ પ્રકારની શંકા સર્વ પદાર્થ સંબંધી હોવાથી શંકાનો વિષય દ્રવ્ય-ગુણ છે. વિચિકિત્સાનો વિષય ક્રિયા જ છે, અર્થાત્ શંકા દ્રવ્ય-ગુણમાં થાય છે અને વિચિકિત્સા ક્રિયામાં થાય છે. પરમાર્થથી તો આ બધા પ્રાયઃ

મિથ્યાત્વ મોહનીયના ઉદયથી થનારા જીવના પરિણામ વિશેષો છે. જીવના આ પરિણામવિશેષો સમ્યક્ત્વના અતિચારો કહેવાય છે.

અથવા વિચિકિત્સા એટલે વિદ્વાનોની જુગુપ્સા. વિદ્વાનો એટલે જેમણે સંસારનો સ્વભાવ જાણ્યો છે અને સર્વસંગનો ત્યાગ કર્યો છે એવા સાધુઓ. તેમની જુગુપ્સા-નિંદા કરવી. તે આ પ્રમાણે– સાધુઓ સ્નાન ન કરતા હોવાથી તેમનું શરીર પરસેવાના પાણીથી ભીનું થયેલું અને મલિન હોય છે, અને એથી દુર્ગંધી હોય છે. સાધુ ભગવંતો પ્રાસુક પાણીથી શરીરનું પ્રક્ષાલન કરે તો શો દોષ થાય ? અર્થાત્ ન થાય. આ જુગુપ્સા ન કરવી જોઈએ. કારણ કે પરમાર્થથી શરીર જ અશુચિ છે. (૮૭)

परपाषंडपसंसा, सक्काईणमिह वन्नवाओ उ ।
तेहिं सह परिचओ जो, स संथवो होइ नायव्वो ॥ ८८ ॥

[परपाषण्डप्रशंसा शाक्यादीनामिह वर्णवादस्तु ।
तैः सह परिचयो यः स संस्तवो भवति ज्ञातव्यः ॥ ८८ ॥]

परपाषण्डानां सर्वज्ञप्रणीतपाषण्डव्यतिरिक्तानां **प्रशंसेति** समासः । प्रशंसनं प्रशंसा स्तुतिरित्यर्थः । तथा चाह– **शाक्यादीनामिह वर्णवादस्तु** । शाक्या रक्तभिक्षव आदिशब्दात्परिव्राजकादिपरिग्रहः । वर्णवादः प्रशंसोच्यते । पुण्यभाज एते सुलब्धमेभिर्मानुजं जन्म दयालव एत इत्यादि ॥ **तैः** परपाषण्डैरनन्तरोदितैः **सह परिचयो यः स संस्तवो भवति ज्ञातव्यः** परपाषण्डसंस्तव इत्यर्थः । संस्तव इह संवादजनितः परिचयः संवसनभोजनालापादिलक्षणः परिगृह्यते न स्तवरूपः । तथा च लोके प्रतीत एव संपूर्वः स्तौतिः परिचय इति "असंस्तुतेषु प्रसभं भयेषु" इत्यादौ इति ॥ ८८ ॥

ગાથાર્થ– શાક્ય આદિનો વર્ણવાદ કરવો તે પરપાષંડ પ્રશંસા છે. તેમની સાથે પરિચય કરવો તે પરપાષંડસંસ્તવ જાણવો.

ટીકાર્થ– શાક્ય આદિની– શાક્ય એટલે રક્તવસ્ત્રવાળા ભિક્ષુઓ (=બૌદ્ધ સાધુઓ). આદિ શબ્દથી પરિવ્રાજક વગેરેનું ગ્રહણ કરવું.

વર્ણવાદ=પ્રશંસા. આ પુણ્યશાળી છે, એમનો મનુષ્ય જન્મ સફળ છે, તેઓ દયાળુ છે ઇત્યાદિ પ્રશંસા કરવી.

પરપાષંડપ્રશંસા– સર્વજ્ઞે સ્થાપેલા સાધુઓ સિવાય બીજા સાધુઓની પ્રશંસા કરવી. પ્રશંસા એટલે સ્તુતિ.

સંસ્તવ– અહીં સંસ્તવ એટલે પરસ્પર બોલવાથી થયેલો સાથે રહેવું, સાથે ભોજન કરવું, સાથે બોલવું વગેરે રૂપ પરિચય.

અહીં સ્તુતિરૂપ પરિચય ન સમજવો. લોકમાં સંપૂર્વક સ્તુ ધાતુ "असंस्तुतेषु प्रसभं भयेषु" ઇત્યાદિ સ્થળે પરિચય અર્થમાં પ્રસિદ્ધ જ છે. (૮૮)

અધુના શઙ્કાદીનામતિચારતામાહ–

संकाए मालिन्नं जायइ चित्तस्स पच्चओ अ जिणे ।
समत्ताणुचिओ खलु इइ अइआरो भवे संका ॥ ८९ ॥

[शङ्कायां मालिन्यं जायते चित्तस्य अप्रत्ययश्च जिने ।
सम्यक्त्वानुचितः खलु इति अतिचारो भवति शङ्का ॥ ८९ ॥]

शङ्कायामुक्तलक्षणायां सत्यां **मालिन्यं जायते**ऽवबोधश्रद्धाप्रकाशमङ्गीकृत्य ध्यामलत्वं जायते । कस्य **चित्तस्यान्तःकरणस्याप्रत्ययश्च** अविश्वासश्च क्व **जिने**ऽर्हति जायत इति वर्तते । न ह्यासतया प्रतिपन्नवचने संशयसमुद्भवः । **सम्यक्त्वानुचितः खलु** अयं च भगवत्यप्रत्ययः सम्यक्त्वानुचित एव । न हि सम्यक्त्वमालिन्यं तदभावमन्तरेणैव भवति । **इत्येवमनेन** प्रकारेण **अतिचारो भवति शङ्का** सम्यक्त्वस्येति प्रक्रमाद् गम्यते । अतिचारश्चेह परिणामविशेषान्नयमतभेदेन वा सत्येतस्मिन् तस्य स्खलनमात्रं तदभावो वा ग्राह्यः । तथा चान्यैरप्युक्तं–

एकस्मिन्नप्यर्थे, संदिग्धे प्रत्ययोऽर्हति हि नष्टः ।
मिथ्या च दर्शनं तत्, स चादिहेतुर्भवगतीनाम् ॥ इति ॥ ८९ ॥

હવે શંકા વગેરેના અતિચારપણાને (=શંકા વગેરે અતિચાર કેમ છે ? એ વિષયને) કહે છે–

ગાથાર્થ– શંકા થયે છતે ચિત્તની મલિનતા થાય છે અને જિનમાં અવિશ્વાસ થાય છે. સમ્યક્ત્વમાં જિનમાં અવિશ્વાસ અનુચિત જ છે. આ પ્રમાણે શંકા અતિચાર છે.

ટીકાર્થ– મલિનતા– જ્ઞાન-શ્રદ્ધાના પ્રકાશને આશ્રયીને કાળાશ ઉત્પન્ન થાય છે, અર્થાત્ જ્ઞાન-શ્રદ્ધા મલિન બને છે.

જિનમાં અવિશ્વાસ થાય છે– આપ્ત તરીકે સ્વીકારેલાના વચનમાં સંશય ઉદ્ભવે નહિ. (સંશય ઉદ્ભવ્યો છે એટલે નક્કી થયું કે જિનને આપ્ત (=વિશ્વાસ કરવા યોગ્ય) તરીકે સ્વીકાર્યા નથી. આમ સંશયથી જિનમાં અવિશ્વાસ થાય છે.)

સમ્યક્ત્વમાં જિનમાં અવિશ્વાસ અનુચિત જ છે– જિનમાં વિશ્વાસના અભાવ વિના સમ્યક્ત્વમાં મલિનતા ન જ થાય. આથી સમ્યક્ત્વની વિદ્યમાનતામાં જિનમાં અવિશ્વાસ કરવો એ અનુચિત જ છે.

આ રીતે શંકા સમ્યક્ત્વનો અતિચાર છે. અહીં પરિણામ વિશેષને આશ્રયીને અતિચાર જાણવો. અથવા અતિચાર થયે છતે નયમતના ભેદથી સમ્યક્ત્વમાં માત્ર સ્ખલના થાય છે, અથવા સમ્યક્ત્વનો અભાવ થાય છે. બીજાઓએ પણ કહ્યું છે કે– "એક પણ પદાર્થમાં શંકા થયે છતે અરિહંતમાં વિશ્વાસ નાશ પામે છે, અને તે દર્શન (=અવિશ્વાસવાળું દર્શન) મિથ્યા છે. અરિહંતમાં અવિશ્વાસ સંસારની ગતિઓનું પ્રથમ (=મુખ્ય) કારણ છે." (૮૯)

प्रतिपादितं शङ्काया अतिचारत्वम् अधुना दोषमाह–

नासइ इमीइ नियमा, तत्ताभिनिवेस मो सुक्किरिया य ।
तत्तो अ बंधदोसो, तम्हा एयं विवज्जिज्जा ॥ ९० ॥

[नश्यत्यनया नियमात्तत्त्वाभिनिवेशो मो सुक्रिया च ।
ततश्च बन्धदोषः तस्मादेनां विवर्जयेत् ॥ ९० ॥]

नश्यत्यनया शङ्कया हेतुभूतया अस्यां वा सत्यां **नियमान्नियमेनावश्यंतया तत्त्वाभिनिवेशः** सम्यक्त्वाध्यवसायः श्रद्धाभावादनुभवसिद्धमेतत् । **मो** इति पूरणार्थो निपातः । **सुक्रिया च** शोभना चात्यन्तोपयोगप्रधाना क्रिया च नश्यति श्रद्धाभावात् । एतदपि अनुभवसिद्धमेव । **ततश्च** तस्माच्च तत्त्वाभिनिवेशसुक्रियानाशात् **बन्धदोषः** कर्मबन्धापराधः । यस्मादेवं **तस्मादेनां** शङ्कां **विवर्जयेत्** । ततश्च मुमुक्षुणा व्यपगतशङ्केन सता मतिदौर्बल्यात्संशयास्पदमपि जिनवचनं सत्यमेव प्रतिपत्तव्यं सर्वज्ञाभिहितत्वात्तदन्यपदार्थवदिति ॥ ९० ॥

શંકાનું અતિચારપણું કહ્યું. હવે શંકાથી થતા દોષને કહે છે–

ગાથાર્થ– શંકાથી અવશ્ય તત્ત્વાભિનિવેશ અને સુક્રિયા નાશ પામે છે. તત્ત્વાભિનિવેશના અને સુક્રિયાના નાશથી બંધરૂપ દોષ થાય છે. તેથી શંકાનો ત્યાગ કરે.

ટીકાર્થ– તત્ત્વાભિનિવેશ=સમ્યક્ત્વનો અધ્યવસાય. શંકાથી શ્રદ્ધાનો અભાવ થવાથી સમ્યક્ત્વનો અધ્યવસાય નાશ પામે છે. આ અનુભવ સિદ્ધ જ છે, અર્થાત્ આ વિષય અનુભવથી જણાયેલું જ છે.

સુક્રિયા=અત્યંત ઉપયોગની પ્રધાનતાવાળી ક્રિયા. શંકાથી શ્રદ્ધાનો અભાવ થવાના કારણે સુક્રિયા નાશ પામે છે. આ પણ અનુભવસિદ્ધ જ છે.

શંકાના કારણે તત્ત્વાભિનિવેશ અને સુક્રિયા નાશ પામે છે અને એથી કર્મબંધરૂપ દોષ થતો હોવાથી મુમુક્ષુ શંકાનો ત્યાગ કરે. તેથી શંકારહિત બનેલા મુમુક્ષુએ મતિમંદતાના કારણે સંશયનું સ્થાન પણ જિનવચન (=કોઈક વચન શંકા ઉત્પન્ન થાય તેવું હોય તો પણ) સત્ય જ છે એમ સ્વીકારવું જોઈએ. કારણ કે એ વચન સર્વજ્ઞે કહ્યું છે. જેમ અન્ય પદાર્થો સર્વજ્ઞે કહેલા હોવાથી સત્ય છે તેમ આ વચન પણ સર્વજ્ઞે કહેલું હોવાથી સત્ય જ છે. (૯૦)

उक्तः पारलौकिको दोषः । अधुनैहलौकिकमाह–

इह लोगम्मि वि दिट्ठो, संकाए चेव दारुणो दोसो ।
अविसयविसयाए खलु, पेयापेया उदाहरणं ॥ ९१ ॥

[इह लोके ऽपि दृष्टः शङ्काया एव दारुणो दोषः ।
अविषयविषयायाः खलु पेयापेयावुदाहरणम् ॥ ९१ ॥]

इह लोकेऽप्यास्तां तावत्परलोक इति **दृष्ट** उपलब्धः **शङ्काया एव** सकाशाद् **दारुणो दोषः** रौद्रोऽपराधः । किमविशेषेणशङ्कायाः । नेत्याह– **अविषयविषयायाः खलु** । खलुशब्दोऽवधारणे । अविषयविषयाया एव । अविषयो नाम यत्र शङ्का न कार्यैव ।

पेयापेयावुदाहरणं । तच्चेदं– जहा एगंमि नगरे एगस्स सेट्ठिस्स दोन्नि पुत्ता लेहसालाए पढन्ति । सिणेहयाए तेसिं माया मा कोइ मुच्छिही अप्पसागारिए मइमेहाकारिं ओसहपेयं देहि । तत्थ परिभुंजमाणो चेव एगो चिंतेइ णूणं मच्छियाउ एयाउ । तस्स य संकाउ पुणो पुणो वमंतस्स वग्गुलीवाही जाओ मओ य । इहलोगभोगाण अणाभागी जाओ । अवरो न माया अहियं

चिंतेइ त्ति णिस्संको पियइ णिरुएण य गहिओ विज्जाकलाकलावो इहलोगियभोगाण य आभागी जाउत्ति । उपनयस्तु कृत एवेति ॥ ९१ ॥

શંકાથી થતો પરલોક સંબંધી દોષ કહ્યો, હવે આ લોક સંબંધી દોષને કહે છે–

ગાથાર્થ– જ્યાં શંકા કરવી જ ન જોઈએ ત્યાં શંકાથી આ લોકમાં પણ ભયંકર દોષ જોવાયો છે. આ વિષે રાબડીને પીનારા બે બાળકોનું ઉદાહરણ છે.

ટીકાર્થ– આ લોકમાં પણ– પરલોક દૂર રહો, આ લોકમાં પણ શંકાથી ભયંકર દોષ જોવાયો છે.

બે બાળકોનું ઉદાહરણ

રાબડીને પીનારા બે બાળકોનું ઉદાહરણ આ પ્રમાણે છે– એક નગરમાં એક શેઠના બંને પુત્રો લેખશાળામાં ભણે છે. તેમની મા કોઈની નજર ન લાગી જાય એ માટે એકાંતમાં મતિ-બુદ્ધિને કરનારી ઔષધિથી યુક્ત (અડદની) રાબડી તે બે બાળકોને આપે છે. તેમાં એક રાબડીને પીતો જ વિચારે છે કે ખરેખર ! આ માખીઓ છે. આવી શંકાથી ફરી ફરી ઊલટી કરતા તેને વગ્ગુલી વ્યાધિ (=રોગ વિશેષ) થયો. આથી તે મરી ગયો. આ લોકના ભોગોનો ભાગી ન થયો. બીજો માતા અહિત ન ચિંતવે એમ વિચારીને શંકા વિના રાબડી પીએ છે. નિરોગી તે ઘણી *વિદ્યાઓ અને કળાઓ ભણ્યો. આ લોકના ભોગોનો ભાગી થયો.* ઉપનય તો કરેલો જ છે. (૯૧)

सांप्रतं काङ्क्षादिष्वतिचारत्वमाह–

एवं कंखाईसु वि, अइयारत्तं तहेव दोषा य ।
जोइज्जा नाए पुण, पत्तेयं चेव वुच्छामि ॥ ९२ ॥

[एवं काङ्क्षादिष्वपि अतिचारत्वं तथैव दोषांश्च ।
योजयेत् ज्ञातानि पुनः प्रत्येकमेव वक्ष्ये ॥ ९२ ॥]

एवं काङ्क्षादिष्वपि यथा शङ्कायामतिचारत्वं **तथैव दोषांश्च योजयेत्** । यतः काङ्क्षायामपि मालिन्यं जायते चित्तस्याप्रत्ययश्च जिने भगवता प्रतिषिद्धत्वात् । एवं विचिकित्सादिष्वपि भावनीयम् । तस्मान्न कर्तव्याः काङ्क्षादयः । **ज्ञातानि पुनः प्रत्येकमेव** काङ्क्षादिषु **वक्ष्ये**ऽभिधास्य इति ॥ ९२ ॥

હવે કાંક્ષા આદિમાં અતિચારપણાને કહે છે—

ગાથાર્થ— કાંક્ષાદિમાં પણ એ પ્રમાણે અતિચારપણાની અને તે જ પ્રમાણે દોષોની યોજના કરવી. કાંક્ષાદિ પ્રત્યેકમાં જ દૃષ્ટાંતો કહીશ.

ટીકાર્થ— જે પ્રમાણે શંકામાં અતિચારપણાની અને દોષોની યોજના કરી તે જ પ્રમાણે કાંક્ષાદિમાં પણ અતિચારપણાની અને દોષોની યોજના કરવી. કારણ કે કાંક્ષામાં પણ ચિત્તની મલિનતા અને જિનમાં અવિશ્વાસ થાય છે. ભગવાને કાંક્ષા કરવાનો નિષેધ કર્યો છે. આ પ્રમાણે વિચિકિત્સા વગેરેમાં પણ ભાવના કરવી. આથી કાંક્ષા વગેરે ન કરવા જોઈએ. (૯૨)

रायामच्चो विज्जासाहगसड्ढगसुया य चाणक्को ।
सोरट्ठसावओ खलु, नाया कंखाइसु हवन्ति ॥ ९३ ॥

[राजामात्यौ विद्यासाधकः श्रावकसुता च चाणक्यः ।
सौराष्ट्रश्रावकः खलु ज्ञातानि काङ्क्षादिषु भवन्ति ॥ ९३ ॥]

तत्र **काङ्क्षायां राजामात्यौ,** रायामच्चो य अस्सेणावहरिया अडविं पविट्ठा। छुहापरट्ठा वणफलादिणि खायंति । पडिणियत्ताणं राया चिंतेइ लड्डुयपूयलगमाईणि सव्वाणि खामि । आगया दोवि जणा । रन्ना सूयारा भणिया जं लोए पयइ तं सव्वं सव्वे रंधेह । तेहिं रंधित्ता उवट्ठवियं रन्नो । सो राया पेच्छणयदिट्ठंतं करेइ । कप्पडिया बलिएहि धाडिज्जंति एवं मिट्ठस्स अवगासो होइ त्ति कणगकुंडगाईणि उंडेराणि वि खइयाणि । तहिं सूलेण मओ । अमच्चेण पुण वमणविरेयणाणि कयाणि । सो भोगाणं आभागी जाओ त्ति ॥

विचिकित्सायां **विद्यासाधक**सावगो, नंदीसरवरगमणं । दिव्वगंधा णं देवसंसग्गेण । मित्तस्स पुच्छणं । विज्जाए पदाणं । साहणं मसाणे । चउपायगसिक्कयं हेट्ठा इंगालखायरोयस्तलो । अट्ठसयवारा परिजवित्ता पादो सिक्कगस्स च्छिज्जइ । एवं बीओ तइओ य च्छिज्जइ । चउत्थे छिन्ने आगासेण वच्चइ । तेण सा विज्जा गहिया । कालचउद्दसिरत्तिं साहेइ मसाणे । चोरो य णयरारक्खिएहिं पारद्धो (पेल्लिओ) परिभममाणो तत्थेव अइगओ । ताहे वेढेउं मसाणं ठिया । पभाए घिप्पिही । सो य भमंतो तं विज्जासाहगं पेच्छइ । तेण पुच्छिओ सो भणइ विज्जं साहेमि । चोरो भणइ केण ते दिण्णा सो भणइ सावगेणं । चोरेण भणियं इमं दव्वं गिण्हाहि विज्जं देहि । सो सड्ढो विचिकिच्छइ सिज्झेज्जा न व इत्ति । तेणं दिन्ना । चोरो चिंतेइ सावगो कीडियाएवि पावं

नेच्छइ सच्चमेयं। सो साहिउमारद्धो। सिद्धा। इयरो सलोद्दो (सलुत्तो) गहिओ। तेण आगासगएण लोगो भेसिओ ताहे सो मुक्को। दोवि सावगा जायत्ति॥

विद्वज्जुगुप्सायां **श्रावकसुता**उदाहरणं– एगो सेट्ठी पव्वंते वल्लइ (तल्लइ)। तस्स धूयाविवाहे कहवि साहुणो आगया। सा पिउणा भणिया पुत्तिए पडिलाभेहि साहुणो। सा मंडियपसाहिया पडिलाभेइ। साहूण जल्लगंधो तीए आघातो। सा चिंतेइ– अहो अणवज्जो भट्टारगेहिं धम्मो देसिओ। जइ पुणा फासुएण पाणीएण ण्हाएज्जा को दोसो होज्जा। सा तस्स ट्ठाणस्स अणालोइय अपडिक्कंता कालं काऊणं रायगिहे गणियापाढे समुप्पन्ना। गब्भगया चेव अरइं जणेइ। गब्भसाडणेहि य ण सडइ॥ जाया समाणी उज्झिया। सा गंधेण तं वनं वासेइ। सेणिओ तेण पदेसेण णिगच्छइ सामिओ वंदिउ। सो खंधावारो तीए गंधं ण सहइ। रन्ना पुच्छियं किं एयं। तेहिं कहियं दारियाए गंधो। गंतूणं दिट्ठा। भणइ एस एव पढम पुच्छत्ति गओ वंदित्ता पुच्छइ। तओ भगवया तीए उट्ठाणपारियावणिया कहिया। तओ राया भणइ कहिं एसा पच्चणुभविस्सइ सुहं वा दुक्खं वा। सामी भणइ एएण कालेण वेइयं। इयाणिं सा तव चेव भज्जा भविस्सइ अग्गमहिसी। अट्ठ संवच्छराणि जाय तुब्भं रममाणस्स पट्टीएहं सो लीलं काहिइ तं जाणिज्ज। स वंदित्ता गओ। सा य अवगयगंधा आहीरेण गहिया संवड्ढिया जोव्वणत्था जाया। कोमुइचारं मायाए समं आगया। अभओ सेणिओ य पच्छन्ना कोमुइचारं पेच्छंति। तीए दारियाए अंगफासेण सेणिओ अज्जोववन्नो नाममुद्दं दसिया तीए बंधइ। अभयस्स कहियं नाममुद्दा हरिया मग्गाहि। तेण मणुस्सा दारेहिं बद्धेहिं ठविया। एक्केकं माणुस्सं पलोएऊण णीणिज्जइ। सा दारिया दिट्ठा। चोरित्ति गहिया परिणीया य। अन्नया य वस्सोकेण रमंति रायाणं। राणियाउ पोत्तेण वाहिंति। इयरी पोत्तं दाउं विलग्गा। रन्ना सरियं मुक्का य पव्वइया॥

परपाषण्डप्रशंसायां **चाणक्यः**। पाडलिपुत्ते चाणक्को। चंदगुत्तेण भिक्खुकाण वित्ती हरिया। ते तस्स धम्मं कहेंति। राया तुस्सइ। चाणक्कं पलोएइ ण पसंसइ तेण न देइ। तेहिं चाणक्कभज्जा उलग्गिया। तीए सो करणीं गाहिउ। तेहिं कहिए भणियं सुहासियं। रन्ना तं च अन्नं च दिन्नं। बीयदिवसे चाणक्को भणइ किस ते दिन्नं। राया भणइ तुम्हेहिं

पसंसियंति । सो भणइ ण मे पसंसियंति सव्वारंभपव्वत्ता कह लोयं पत्तिया-वेति । पच्छा ठिउ । केत्तिया एरिसंत्ति ॥

परपाषण्डसंस्तवे **सौराष्ट्रश्रावकः** । सो दुब्भिक्खे भिक्खुएहिं समं पयट्टो । भत्तं से देंति । अन्नया विसूइयाए मओ । चीवरेण पच्छाइओ । अविसुद्धोहिणा पासणं । भिक्खुगाणं दिव्वबाहाए आहारदाणं । सावगाणं खिंसा । जुगपहाणाण कहणं । विराहियगुणो त्ति आलोयणं । नमोकारपठणं । पडिबोहो । केत्तिया एरिसन्ति ॥ ९३ ॥

ગાથાર્થ– કાંક્ષા વગેરેમાં (અનુક્રમે) રાજા-પ્રધાન, વિદ્યાસાધક, શ્રાવકપુત્રી, ચાણક્ય અને સૌરાષ્ટ્ર શ્રાવક દૃષ્ટાંતો છે.

ટીકાર્થ– તેમાં કાંક્ષામાં રાજા અને પ્રધાનનું દૃષ્ટાંત આ પ્રમાણે છે–

રાજા અને પ્રધાનનું દૃષ્ટાંત

અશ્વથી હરણ કરાયેલા રાજા અને મંત્રી જંગલમાં પ્રવેશ્યા. ભૂખથી વ્યાકુલ બનેલા તેમણે વનનાં ફળો ખાધાં. પાછા ફરતા રાજાએ વિચાર્યું કે લાડુ અને માલપૂઆ વગેરે બધું ખાઈશ. બંને પોતાના સ્થાનમાં આવ્યા. રાજાએ રસોઈયાઓને કહ્યું: લોકમાં જે પ્રસિદ્ધ હોય તે સઘળું રાંધો. તેમણે બધું રાંધીને રાજાની પાસે મૂક્યું. આ વખતે રાજાએ મનમાં નાટકનું દૃષ્ટાંત યાદ કર્યું. જેવી રીતે નાટકમાં આગળ બેઠેલા નિર્બળ માણસોને ખસેડીને બળવાન માણસો બેસી જાય છે, એ રીતે અહીં પણ મિષ્ટાન્નને અવકાશ મળશે, અર્થાત્ પૂર્વે ખાધેલાં વનફળોને ખસેડીને મિષ્ટાન્ન પોતાની જગ્યા કરી લેશે. આમ વિચારીને રાજાએ કણકુંડગ (=ચોખાની વિશિષ્ટ વાનગી) અને મંડક (=ઘઉંની વિશિષ્ટ વાનગી) વગેરે પણ ખાધું. તેથી શૂલ થવાના કારણે રાજા મૃત્યુ પામ્યો. મંત્રીએ તો વમન-વિરેચન કર્યા. તેથી તે ભોગસુખનો ભાગી થયો.

વિદ્યાસાધકનું દૃષ્ટાંત

જિનદત્ત નામનો શ્રાવક નંદીશ્વર દ્વીપમાં ગયો. ત્યાં દેવના સંસર્ગથી તેનું શરીર દિવ્યગંધવાળું થઈ ગયું. મહોત્સવ પૂર્ણ થયા બાદ તે પોતાના નગરમાં આવ્યો. મહેશ્વરદત્ત નામના શ્રાવક મિત્રે તેને પૂછ્યું: તારા શરીરમાં દેવશરીરની જેવી સુગંધ કેમ છે ? તેણે કહ્યું: હું નંદીશ્વર દ્વીપ ગયો હતો. ત્યાં દેવશરીરની સુગંધથી મારું શરીર વાસિત થયું છે. મિત્રે પૂછ્યું: ત્યાં તું કેવી રીતે ગયો ? જિનદત્તે કહ્યું: આકાશગામિની વિદ્યાથી. મિત્રે તે વિદ્યાની માગણી કરી. આથી જિનદત્તે તે વિદ્યા તેને આપીને

વિદ્યા સાધવાનો વિધિ કહ્યો. તે આ પ્રમાણે– કૃષ્ણપક્ષની ચૌદશે રાત્રે સ્મશાનમાં જઈને ચાર દોરડાવાળું શીકું કરીને વૃક્ષ ઉપર બાંધવું. નીચે અંગારાથી ભરેલી ખાઈ કરવી. પછી શીકા ઉપર ચઢીને વિદ્યાનો ૧૦૮ વાર જાપ કરવો. પછી શીકાનું એક દોરડું છેદવું. આ પ્રમાણે વિદ્યાનો જાપ કરીને ક્રમશઃ બધાં દોરડાં છેદવાં. પછી આકાશથી જઈ શકાય.

મિત્રે તે વિદ્યા લીધી. કાળી ચૌદશની રાત્રે સ્મશાનમાં વિધિ પ્રમાણે વિદ્યા સાધવા લાગ્યો. પણ વિદ્યા સિદ્ધ થશે કે નહિ એવી શંકાવાળો થયો. આ દરમિયાન એક ચોર ચોરી કરીને તે સ્મશાનમાં આવ્યો. તેની પાછળ પડેલા રાજપુરુષોએ સવારે તેને પકડીશું એમ વિચારીને તે સ્મશાનને ઘેરીને રહ્યા. ભમતા ચોરે વિદ્યાસાધકને જોયો. તેણે વિદ્યાસાધકને પૂછ્યું: તું આ શું કરે છે ? શ્રાવકે કહ્યું: વિદ્યા સાધું છું. ચોરે પૂછ્યું: વિદ્યા કોણે આપી છે ? તેણે કહ્યું: શ્રાવકે આપી છે. ચોરે કહ્યું: આ ધન લે અને વિદ્યા આપ. તે શ્રાવકમિત્ર આ વિદ્યા મને સિદ્ધ થશે કે નહિ એવી વિચિકિત્સાવાળો હતો. આથી તેણે ચોરને વિદ્યા આપી. ચોરે વિચાર્યું કે શ્રાવક કીડીને પણ પીડા ન આપે, આથી આ વિદ્યા સત્ય છે. પછી તેણે વિદ્યા સાધવા માંડી. વિદ્યા સિદ્ધ થતાં તે આકાશમાં ઉપર ગયો. આ તરફ સ્મશાનને ઘેરીને રહેલા રાજપુરુષોએ ચોરીના માલ સાથે શ્રાવકને પકડ્યો. આ જોઈને આકાશમાં રહેલા ચોરે લોકોને ગભરાવ્યા. તેથી તેને મૂકી દીધો. લોકો પણ શ્રાવક બન્યા.

શ્રાવક પુત્રીનું દૃષ્ટાંત

વિદ્વત્કુત્સામાં શ્રાવક પુત્રીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે– એક શ્રાવક દેશના છેડે રહેતો હતો. તેની પુત્રીના વિવાહ સમયે કોઈ પણ રીતે સાધુઓ તેના ઘરે વહોરવા આવ્યા. પિતાએ તેને કહ્યું: હે પુત્રિ ! સાધુઓને આહાર-પાણી આપ. અલંકારોથી અલંકૃત તે સાધુઓને વહોરાવતી હતી ત્યારે સાધુઓના શરીરમાં રહેલ મેલની ગંધ તેને આવી. તેણે વિચાર્યું: અહો ! સાધુઓનો ધર્મ નિર્દોષ કહ્યો છે ! જો પ્રાસુક (=અચિત્ત) પાણીથી સાધુઓ સ્નાન કરે તો શો દોષ થાય ? તે શ્રાવકપુત્રી તે સ્થાનનું આલોચન-પ્રતિક્રમણ કર્યા વિના કાલ કરીને રાજગૃહી નગરીમાં ગણિકાના ઉદરમાં આવી. ગર્ભમાં રહેલી જ તે અરતિને ઉત્પન્ન કરવા લાગી. ગર્ભપાતના ઉપાયોથી પણ ગર્ભપાત ન થયો. જન્મી એટલે તેને

જંગલમાં મૂકી દીધી. તે દુર્ગંધથી જંગલને વાસિત કરવા લાગી. શ્રીમહાવીરસ્વામીને વંદન કરવા માટે શ્રેણિક રાજા તે સ્થાનથી પસાર થયો. તેની દુર્ગંધને સહન નહિ કરતો રાજાનો સૈન્યપરિવાર વિમુખ થઈને ભાગ્યો. રાજાએ પૂછ્યું: આ શું છે ? સૈન્યપરિવારે કહ્યું: બાલિકાની દુર્ગંધ છે. ત્યાં જઈને બાલિકાને જોઈને રાજા બોલ્યો: ભગવાનને સૌથી પહેલાં આ બાલિકા વિષે પૂછીશ. ભગવાન પાસે જઈને વંદન કરીને બાલિકા વિષે પૂછ્યું. આથી ભગવાને તેની ઉત્પત્તિની વિગત કહી. રાજાએ પૂછ્યું: આ બાલિકા સુખ કે દુઃખ ક્યાં અનુભવશે ? ભગવાને કહ્યું: આટલા કાળ સુધીમાં તેણે તે કર્મ ભોગવી લીધું છે. તે તારી જ પત્ની થશે. આઠ વર્ષ સુધી તારી પટ્ટરાણી તરીકે રહેશે. તેની સાથે રમતા એવા તારી પીઠ ઉપર ગર્વભરી ચેષ્ટા કરશે, ત્યારે તું તે આ છે એમ જાણજે. શ્રેણિક રાજા વંદન કરીને ગયા. ગંધરહિત બનેલી એવી તેને ભરવાડે લીધી. તેને મોટી કરી. હવે તે યૌવનને પામી. કૌમુદી પર્વના દિવસે માતાની સાથે ઉદ્યાનમાં આવી. રાજા અને અભયકુમાર ગુપ્તવેશમાં કૌમુદીના નાટક વગેરે ઉત્સવને જોતા હતા. તે યુવતિના અંગસ્પર્શથી રાજા તેના ઉપર અત્યંત આસક્ત થયો. પોતાના નામવાળી વીંટી ગુપ્ત રીતે તેની સાડીના છેડામાં બાંધી દીધી. પછી રાજાએ અભયકુમારને કહ્યું: મારી વીંટી કોઈએ ચોરી છે, તેની શોધ કર. અભયકુમારે બહાર નીકળવાના દરવાજા બંધ કરીને બધા માણસોને રોક્યા. એક એક માણસને તપાસીને નિર્ણય કરવા લાગ્યો. તે યુવતિને તપાસી. ચોર છે એમ માનીને તેને પકડી. પછી રાજા તેને પરણ્યો. એકવાર રાજા અને રાણીઓ પાસાની રમત રમતા હતા. તેમાં એવી શરત હતી કે જે જીતે તેને પીઠ ઉપર બેસાડવો. બીજી રાણીઓ રાજાને જીતતી હતી ત્યારે રાજાની પીઠ ઉપર વસ્ત્ર મૂકીને તે વસ્ત્ર ઉપર હાથ મૂકતી હતી. પણ દુર્ગંધા રાણી રાજાને જીતી ત્યારે રાજાની પીઠ ઉપર વસ્ત્ર મૂકીને પોતે તેના ઉપર બેસી ગઈ. રાજા ભગવાનનું વચન યાદ કરીને હસ્યો. વિલખી બનીને તેણે પૂછ્યું: તમે કેમ હસ્યા ? રાજાએ ભગવાને કહેલી તેની પૂર્વભવની અને આ ભવની બધી વિગત કહી. તેથી સંવેગ પામેલી તે રાણીએ રાજાની પાસે દીક્ષાની રજા માગી. રાજાએ તેને દીક્ષાની રજા આપી. પછી તેણે દીક્ષા લીધી.

પરપાષંડ પ્રશંસામાં ચાણક્યનું દૃષ્ટાંત આ પ્રમાણે છે–

ચાણક્યનું દૃષ્ટાંત

પાટલિપુત્ર નગરમાં ચંદ્રગુપ્ત રાજાનો ચાણક્ય મંત્રી છે. ચંદ્રગુપ્ત રાજાએ ભિક્ષુકોની આજીવિકા હરી લીધી. ભિક્ષુકો રાજાને ધર્મ કહે છે. રાજા તુષ્ટ થાય છે, પણ ચાણક્યના મુખ તરફ નજર કરે છે. ચાણક્ય પ્રશંસા કરતો નથી, તેથી રાજા આજીવિકાને આપતો નથી. ભિક્ષુકોએ ચાણક્યની પત્નીની સેવા કરી. તેના વડે ચાણક્ય પ્રશંસા કરવાનું સ્વીકાર કરાવાયો. ભિક્ષુકોએ રાજાને ધર્મોપદેશ આપ્યો એટલે ચાણક્ય "સારું કહ્યું" એમ બોલ્યો. આથી રાજાએ આજીવિકા અને બીજું આપ્યું. બીજા દિવસે ચાણક્યે રાજાને પૂછ્યું: તમે ભિક્ષુકોને કેમ આપ્યું ? રાજાએ કહ્યું: તમોએ પ્રશંસા કરી માટે આપ્યું. ચાણક્યે કહ્યું: મેં પ્રશંસા કરી નથી. સર્વ આરંભમાં પ્રવૃત્ત થયેલાઓ કેવી રીતે લોકને વિશ્વાસ કરાવે ? પછી રાજાએ આપવાનું બંધ કર્યું.

આવા (=પરપાષંડની પ્રશંસા ન કરનારા) કેટલા હોય ? અર્થાત્ બહુ જ થોડા હોય.

[1]શ્રાવકનું દૃષ્ટાંત

સૌરાષ્ટ્ર દેશમાં જીવ-અજીવ વગેરે તત્ત્વોનો જાણકાર અને જિનધર્મમાં પરાયણ એવો કોઈ શ્રેષ્ઠ શ્રાવક હતો. દેશમાં દુકાળનો ઉપદ્રવ થતાં તે એકવાર થોડું ભાતું લઈને બૌદ્ધ સાધુઓની સાથે ઉજ્જૈનીનગરી તરફ ચાલ્યો. તેથી બૌદ્ધ સાધુઓએ તેને મોક્ષ માટે બુદ્ધે કહેલા ધર્મનો ઉપદેશ આપ્યો. તેણે બૌદ્ધ સાધુઓને આ પ્રમાણે કહ્યું: હે ભિક્ષુકો ! બુદ્ધે કહેલો ધર્મ જૂઠા માણસે કરેલા ધર્મની જેમ મોક્ષ સાધક નથી. કારણ કે તે ધર્મ આપ્તપુરુષે કહ્યો નથી. એકાંત ક્ષણિકવાદની દેશના આપવાના કારણે બુદ્ધ આપ્ત નથી. કારણ કે "પદાર્થો એકાંતે ક્ષણિક છે" એ સિદ્ધાંત પ્રત્યક્ષથી બાધિત છે, અર્થાત્ પદાર્થો એકાંતે ક્ષણિક હોય (=ક્ષણે ક્ષણે નાશ પામતા હોય) તેવું આંખોથી જોવામાં આવતું ન હોવાથી પદાર્થો એકાંતે ક્ષણિક છે એવો બુદ્ધનો સિદ્ધાંત પ્રત્યક્ષથી ઘટતો નથી. એકાંત ક્ષણિકત્વમાં પદાર્થોનો બોધ પણ ન ઘટી શકે. (કારણ કે બીજી જ ક્ષણે બોધ કરનાર જીવ બદલાઈ જાય છે. આથી જ બીજી જ ક્ષણે બુદ્ધ પોતે કરેલી આજ્ઞા

૧. આ દૃષ્ટાંત શ્રાવક પ્રજ્ઞપ્તિ ગ્રંથમાં બહુ જ સંક્ષિપ્ત હોવાથી નવપદ પ્રકરણ ગ્રંથમાંથી અહીં લીધું છે.

વગેરેને ભૂલી જાય છે.) આજ્ઞા વગેરેને ભૂલી જનારાઓ ત્રિભુવનમાં કેવી રીતે પ્રસિદ્ધ થઇ શકે ?, અર્થાત્ ન થઇ શકે. ઇત્યાદિ યુક્તિઓથી તેમને એવા નિરુત્તર કરી દીધા કે જેથી તેમણે ફરી ક્યારે ય ધર્મસંબંધી વિચારણા ન કરી. એક વાર અર્ધા રસ્તે તેનું ભાતું ખૂંટી ગયેલું જોઇને બૌદ્ધસાધુઓએ તેને કહ્યું કે અમારું ભાતું લે. રસ્તામાં તને અમે જ ભોજન આપીશું, એમ તેમણે કહ્યું, અને તેણે વિચાર કર્યા વિના તેમનું વચન માની લીધું. એક દિવસ તે બૌદ્ધ સાધુઓની સાથે ઉજ્જૈનીનગરીમાં આવી પહોંચ્યો. ત્યાં તેને આહારના દોષથી વિસૂચિકા રોગ (=ખોરાકના અજીર્ણથી પેટપીડા વગેરે ઉપદ્રવ) થયો. નમસ્કાર મહામંત્રના સ્મરણમાં પરાયણ બનેલો તે વિસૂચિકા રોગથી શીઘ્ર મૃત્યુ પામ્યો. બૌદ્ધ સાધુઓએ તેનું શરીર પોતાના કપડાથી ઢાંકી દીધું. દેવોમાં ઉત્પન્ન થયેલા તેણે તત્કાલ વિચાર્યું કે હું દેવોમાં ઉત્પન્ન થયો એ કયા કર્મનું ફળ છે ? આ પ્રમાણે વિચારતા તેણે પ્રગટેલા અવધિજ્ઞાનથી બૌદ્ધ સાધુઓના કપડાથી વીંટળાયેલું પોતાનું જ શરીર જોયું. પોતાના શરીરને બૌદ્ધ સાધુઓના વસ્ત્રથી વીંટાયેલું જોઇને તેણે ફરી પણ વિચાર્યું કે, હું દેવભવને પામ્યો એ બૌદ્ધ સાધુઓની સેવાનો પ્રભાવ છે. આ પ્રમાણે વિચારીને તે ગુપ્ત રહીને જ દિવ્યહાથથી બૌદ્ધ સાધુઓને ભક્તિથી આહાર આપવા લાગ્યો. આથી બૌદ્ધોની પ્રભાવના થઇ. જૈનેતરો તે વખતે આમના દર્શનમાં દેવોનું સાંનિધ્ય નથી (=દેવો મદદ કરતા નથી) એ પ્રમાણે શ્રાવકોનો ઉપહાસ કરવા લાગ્યા. શ્રાવકોએ યુગપ્રધાન આચાર્યને આ વાત જણાવી. તેથી તેમણે જ્ઞાનથી જોઇને કહ્યું કે, આ પૂર્વજન્મમાં જૈન ધર્મનો જાણકાર શ્રાવક હતો. ત્યાંથી દેવ થયો. હમણાં બૌદ્ધ સાધુઓના સંસર્ગરૂપ દોષથી મિથ્યાત્વને પામ્યો છે. તેથી એની પાસે જઇને નમસ્કાર કરીને એને કહો કે, હે યક્ષ ! બોધ પામ, બોધ પામ, મોહને ન પામ. આચાર્યની આજ્ઞાથી શ્રાવકોએ તે પ્રમાણે કર્યું એટલે તે ત્યારથી મોહને છોડીને સમ્યક્ત્વથી ભાવિત થયો. સંસર્ગ દોષથી પણ આ પ્રમાણે મિથ્યાત્વ થાય છે. માટે સારી બુદ્ધિવાળાઓએ મિથ્યાદર્શનવાળાઓની સાથે સંગ ન કરવો જોઇએ. (૯૩)

अन्ने वि य अइयारा, आइसद्देण सूइया इत्थ ।
साहंमिअणुववूहणमथिरीकरणाइया ते उ ॥ ९४ ॥

[अन्ये ऽपि चातिचारा आदिशब्देन सूचिता अत्र ।
साधर्मिकानुपबृंहणास्थिरीकरणादयस्ते तु ॥ ९४ ॥]

अन्ये ऽपि चातिचारा आदिशब्देन सूचिता अत्र । अत्रेति सम्यक्त्वाधिकारे सम्मत्तस्सइयारा (८६) इत्यादिद्वारगाथायामादिशब्देनोल्लिङ्गिता इत्यर्थः । **समानधार्मिकानुपबृंहणास्थिरीकरणादयस्ते तु ।** अनुस्वारो ऽलाक्षणिकः ॥ समानधार्मिको हि सम्यग्दृष्टेः साधुः साध्वी श्रावकः श्राविका च । एतेषां कुशलमार्गप्रवृत्तानामुपबृंहणा कर्तव्या । धन्यस्त्वं पुण्यभाक्त्वं कर्तव्यमेतद्यद्भवतारब्धमिति । तद्भाव उपबृंहितव्यः । अनुपबृंहणे ऽतिचारः । एवं सद्धर्मानुष्ठाने विषीदन्[1] धर्म एव स्थिरीकर्तव्यः । अकरणे ऽतिचारः । आदिशब्दात्समानधार्मिकवात्सल्यतीर्थप्रभावनापरिग्रहः । समानधार्मिकस्य ह्यापद्गतोद्धरणादिना वात्सल्यं कर्तव्यं । तदकरणे ऽतिचारः । एवं स्वशक्त्या धर्मकथादिभिः प्रवचने प्रभावना कार्या । तदकरणे ऽतिचार इति ॥ ९४ ॥

ગાથાર્થ– અહીં આદિ શબ્દથી બીજા પણ અતિચારો સૂચવ્યા છે. તે અતિચારો સાધર્મિકોની અનુપબૃંહણા અને અસ્થિરીકરણ આદિ છે.

ટીકાર્થ– અહીં=સમ્યક્ત્વના અધિકારમાં સમ્મત્તસ્સઇયારા (૮૬) ઇત્યાદિ દ્વાર ગાથામાં.

સાધર્મિકોની અનુપબૃંહણા– સાધર્મિકોની એટલે સમાન ધાર્મિકોની. સમ્યગ્દૃષ્ટિના સમાનધાર્મિક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા છે. શુભમાર્ગમાં પ્રવર્તેલા તેમની ઉપબૃંહણા (=પ્રશંસા) કરવી જોઈએ. તમે ધન્ય છો. તમે ભાગ્યવાન છો. તમોએ જે કાર્ય આરંભ્યું છે તે કરવા જેવું છે. આ પ્રમાણે તેના ભાવની ઉપબૃંહણા કરવી જોઈએ. ઉપબૃંહણા ન કરવામાં અતિચાર લાગે.

અસ્થિરીકરણ– સદ્ધર્મના અનુષ્ઠાનમાં સીદાતા (=પ્રમાદ કરતા) સાધર્મિકને ધર્મમાં જ સ્થિર કરવો જોઈએ. ન કરવામાં અતિચાર લાગે.

આદિ શબ્દથી સમાન ધાર્મિકનું વાત્સલ્ય અને તીર્થપ્રભાવના વગેરેનું ગ્રહણ કરવું. આપત્તિમાં પડેલાનો ઉદ્ધાર કરવો વગેરે રીતે સમાન ધાર્મિકનું વાત્સલ્ય કરવું જોઈએ. તે ન કરવામાં અતિચાર લાગે. એ પ્રમાણે સ્વશક્તિથી ધર્મકથા આદિથી પ્રવચનની પ્રભાવના કરવી જોઈએ. તે ન કરવામાં અતિચાર લાગે. (૯૪)

---

૧. प्रमादन्.

तथा चाह–

नो खलु अप्परिवडिए, निच्छयओऽमइलिए व सम्मत्ते ।
होइ तओ परिणामो, जत्तो णुववूहणाईया ॥ ९५ ॥

[न खल्वप्रतिपतिते निश्चयतोऽमलिनीकृते वा सम्यक्त्वे ।
भवति तकः परिणामो यतो ऽनुपबृंहणादयः ॥ ९५ ॥]

न खल्विति नैव **अप्रतिप्रतितेऽ**नपगते **निश्चयतो** निश्चयनयमतेन (?ना) **मलिनीकृते वा** व्यवहारनयमतेन **सम्यक्त्वे** उक्तलक्षणे **भवति तकः परिणामो** जायते भावात्मस्वभावः **यतो** यस्मात्परिणामाद**नुपबृंहणादयो** भवन्तीति । उक्ताः सम्यक्त्वातिचारः । एते मुमुक्षुणा वर्जनीयाः ॥ ९५ ॥

તે પ્રમાણે (સમ્યક્ત્વનો અભાવ થયા વિના કે સમ્યક્ત્વને મલિન કર્યા વિના અતિચારો થતા નથી તે પ્રમાણે) કહે છે–

ગાથાર્થ– નિશ્ચયનયના મતથી સમ્યક્ત્વ જતું રહ્યું ન હોય અથવા વ્યવહારનયના મતથી સમ્યક્ત્વ મલિન ન કરાયું હોય તો તે પરિણામ થતો નથી, કે જે પરિણામથી અનુપબૃંહણા વગેરે થાય.

ટીકાર્થ– પરિણામ=પારમાર્થિક આત્મસ્વભાવ.

સમ્યક્ત્વના અતિચારો કહ્યા. મુમુક્ષુએ આ અતિચારો તજવા જોઈએ. (૯૫)

किमिति–

जं साइयारमेयं, खिप्पं नो मुक्खसाहगं भणिअं ।
तम्हा मुक्खट्ठी खलु, वज्जिज्ज इमे अईयारे ॥ ९६ ॥

[यत्सातिचारमेतत्क्षिप्रं न मोक्षसाधकं भणितम् ।
तस्मात् मोक्षार्थी खलु वर्जयेदेताननतिचारान् ॥ ९६ ॥]

यद्यस्मात्सातिचारं सदोषमेतत्सम्यक्त्वं **क्षिप्रं** शीघ्रं **न मोक्षसाधकं** नापवर्गनिर्वर्तकं **भणितं** तीर्थकरगणधरैः निरतिचारस्यैव विशिष्टकर्मक्षय-हेतुत्वात् **तस्मात् मोक्षार्थी** अपवर्गार्थी **खल्वि**ति खलुशब्दो ऽवधारणे मोक्षार्थ्येव **वर्जयेन्न** कुर्यादेताननतिचारान् शङ्कादीनिति ॥ ९६ ॥

શા માટે અતિચારો તજવા જોઈએ તે કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– તીર્થંકર-ગણધરોએ અતિચારવાળું સમ્યક્ત્વ જલદી મોક્ષસાધક કહ્યું નથી. કેમ કે અતિચાર રહિત જ સમ્યક્ત્વ વિશિષ્ટ કર્મક્ષયનો હેતુ છે. તેથી [1]મોક્ષાર્થી આ અતિચારોનો ત્યાગ કરે. (૯૬)

आह सुहे परिणामे, पइसमयं कम्मखवणओ कह णु ।
होइ तहसंकिलेसो, जत्तो एए अईयारा ॥ ९७ ॥

[आह शुभे परिणामे प्रतिसमयं कर्मक्षपणतः कथं नु ।
भवति तथासंक्लेशो यत एते ऽतिचाराः ॥ ९७ ॥]

एवं सातिचारे सम्यक्त्वे उक्ते सति पर **आह– शुभे परिणामे** सम्यक्त्वे सति प्रशमसंवेगादिलक्षणे **प्रतिसमयं** समयं समयं प्रति **कर्मक्षपणतः** विशिष्टकर्मक्षपणात् मिथ्यादृष्टेः सकाशात्सम्यग्दृष्टिर्विशिष्टकर्मक्षपणक एवेत्युक्तं **कथं** केन प्रकारेण **नु** इति क्षेपे **भवति तथासंक्लेशो** जायते चित्तविभ्रमः **यतो** यस्मात्संक्लेशादेते शङ्कादयोऽतिचारा भवन्ति ततश्चानुत्थानमेवैतेषामिति पराभिप्रायः ॥ ९७ ॥

ગાથાર્થ– અહીં કોઇ કહે છે– પ્રતિસમય શુભ પરિણામ થયે છતે કર્મક્ષય થવાથી કેવી રીતે તેવો સંક્લેશ થાય છે કે જે સંક્લેશથી આ અતિચારો થાય.

ટીકાર્થ– આ પ્રમાણે સાતિચાર સમ્યક્ત્વ કહ્યે છતે અન્ય કહે છે– શમ-સંવેગાદિ લક્ષણવાળું સમ્યક્ત્વ વિદ્યમાન હોય ત્યારે શુભ પરિણામમાં (=શુભ પરિણામથી) પ્રતિ સમય મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ વિશિષ્ટ કર્મક્ષય થવાથી સમ્યગ્દૃષ્ટિને વિશિષ્ટ કર્મક્ષય કરનારો જ કહ્યો છે. તેથી તેને કઇ રીતે તેવો સંક્લેશ=ચિત્ત વિભ્રમ થાય કે જે સંક્લેશથી શંકાદિ અતિચારો થાય. તેથી અતિચારોની ઉત્પત્તિ જ ન થાય. આ પ્રમાણે અન્યનો અભિપ્રાય છે. (૯૭)

अत्र गुरुर्भणति–

नाणावरणादुदया, तिव्वविवागा उ भंसणा तेसिं ।
सम्मत्तपुग्गलाणं, तहासहावाउ किं न भवे ॥ ९८ ॥

[ज्ञानावरणाद्युदयात्तीव्रविपाकात्तु भ्रंशना तेषाम् ।
सम्यक्त्वपुद्गलानां तथास्वभावत्वात् किं न भवति ॥ ९८ ॥]

१. અહીં મોક્ષાર્થી જ એમ જકારનો પ્રયોગ વાક્યની સરળતા માટે નથી કર્યો.

ज्ञानावरणाद्युदयात्किंविशिष्टात्तीव्रविपाकात्, न तु मन्दविपाकात्तस्मिन् सत्यपि अतिचारानुपपत्तेः सम्यग्दर्शनिनामपि मन्दविपाकस्य तस्य उदयात्, अतस्तीव्रानुभावादेव **भ्रंशना** स्वस्वभावच्युतिरूपा **तेषां सम्यक्त्वपुद्गलानां तथास्वभावत्वान्मिथ्यात्वदलिकत्वात्** जायत इत वाक्यशेषः अतः **किं न भवत्यसौ** संक्लेशो यत एतेऽतिचारा भवन्त्येवेत्यभिप्रायः । उक्तं च प्रज्ञापनायां कर्मप्रकृतिपदे बन्धचिन्तायां "कहन्नं भंते जीवे अट्ठकम्मप्पगडीउ बंधइ ? गोयमा ! णाणावरणिज्जस्स कम्मस्स उदएणं दंसणावरणिज्जं कम्मं नियच्छइ, दंसणावरणणिज्जस्स कम्मस्स उदयेणं दंसणमोहणिज्जं कम्मं नियच्छइ, दंसणमोहणिज्जस्स कम्मस्स उदएणं मिच्छत्तं णियच्छइ, मिच्छत्तेणं उदिन्नेणं एवं खलु जीवे अट्ठकम्मपगडीउ बंधइति" ॥ ९८ ॥

અહીં ગુરુ કહે છે–

ગાથાર્થ– તીવ્ર વિપાકવાળા જ્ઞાનાવરણીયાદિના ઉદયથી તે સમ્યક્ત્વ પુદ્ગલોની તેવા સ્વભાવના કારણે ભ્રંશના થાય છે. તેથી શું આ સંક્લેશ ન થાય ? અર્થાત્ થાય જ.

ટીકાર્થ– તીવ્ર વિપાકવાળા– મંદ વિપાકવાળા જ્ઞાનાવરણીય આદિનો ઉદય હોય તો પણ અતિચારોની ઉત્પત્તિ થતી નથી. કારણ કે સમ્યગ્દૃષ્ટિઓને પણ મંદ વિપાકવાળા જ્ઞાનાવરણીય આદિનો ઉદય હોય છે. આથી તીવ્રરસથી જ ભ્રંશના થાય.

ભ્રંશના=પોતાના સ્વભાવથી પતિત થવું.

તેવા સ્વભાવના કારણે– સમ્યક્ત્વ પુદ્ગલોનો તેવો સ્વભાવ જ છે કે, તીવ્ર વિપાકવાળા જ્ઞાનાવરણીય આદિના ઉદયથી પોતાના સ્વભાવથી પતિત થવું. મિથ્યાત્વના દલિકોમાંથી જ રૂપાંતરિત થયેલ હોવાથી સમ્યક્ત્વ પુદ્ગલોનો તીવ્ર વિપાકવાળા જ્ઞાનાવરણીય આદિના ઉદયથી પોતાના સ્વભાવથી પતિત થવાનો સ્વભાવ હોવાથી તીવ્ર વિપાકવાળા જ્ઞાનાવરણીય આદિના ઉદયથી સમ્યક્ત્વ પુદ્ગલોની ભ્રંશના થાય છે.

સમ્યક્ત્વના પુદ્ગલોની ભ્રંશનાથી સંક્લેશ થાય છે. એ સંક્લેશથી શંકાદિ અતિચારો અવશ્ય થાય છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં કર્મપ્રકૃતિ પદમાં બંધ વિચારણામાં કહ્યું છે કે– "હે ભગવંત ! જીવ આઠ કર્મ પ્રકૃતિઓ કેવી રીતે બાંધે છે ? હે ગૌતમ !

જ્ઞાનાવરણીય કર્મને ઉદયથી અનુભવતો જીવ દર્શનાવરણીયને ઉદયથી અનુભવે છે. દર્શનાવરણીયને ઉદયથી અનુભવતો જીવ દર્શન મોહનીય કર્મને ઉદયથી અનુભવે છે. દર્શન મોહનીયને ઉદયથી અનુભવતો જીવ મિથ્યાત્વને ઉદયથી અનુભવે છે. ઉદય પામેલા મિથ્યાત્વથી જીવ આ પ્રમાણે આઠ કર્મ પ્રકૃતિઓ બાંધે છે." (૯૮)

तत्र–

नेगंतेणं चिय जे, तदुदयभेया कुणंति ते मिच्छं ।
ततो हुंतिऽइयारा, वज्जेयव्वा पयत्तेणं ॥ ९९ ॥

[नैकान्तेनैव ये तदुदयभेदाः कुर्वन्ति तान् मिथ्यात्वम् ।
ततो भवन्त्यतिचारा वर्जयितव्याः प्रयत्नेन ॥ ९९ ॥]

नैकान्तेनैव न सर्वथैव **ये तदुदयभेदा** ज्ञानावरणाद्युदयप्रकाराः **कुर्वन्ति तान्** सम्यक्त्वपुद्गलान् **मिथ्यात्वं** अपि तु भ्रंशनामात्रमेव **ततस्तस्मात्** ज्ञानावरणाद्युदयाद्भवन्त्यतिचाराः शङ्कादयः ते च **वर्जयितव्याः प्रयत्नेनेति** ॥ ९९ ॥

तेमां–

गाथार्थ– જ્ઞાનાવરણીયાદિના ઉદયના જે ભેદો છે તે ભેદો સમ્યક્ત્વ પુદ્ગલોને સર્વથા જ મિથ્યાત્વ કરતા નથી, તેથી જ્ઞાનાવરણીયાદિના ઉદયથી શંકાદિ અતિચારો થાય છે. તે અતિચારોને પ્રયત્નથી તજવા જોઈએ.

ટીકાર્થ– મિથ્યાત્વ કરતા નથી– સમ્યક્ત્વ પુદ્ગલોને મિથ્યાત્વ પુદ્ગલો બનાવી દેતા નથી, કિંતુ માત્ર ભ્રંશના કરે છે. (૯૯)

जे नियमवेयणिज्जस्स उदयओ होंति तह कहं ते उ ।
वज्जिज्जंति हि खलु, सुद्धेणं जीववि‍रिएणं ॥ १०० ॥

[ये नियमवेदनीयस्योदयतो भवन्ति तथा कथं पुनस्ते ।
वर्ज्यन्ते इह खलु शुद्धेन जीववीर्येण ॥ १०० ॥]

स्यादेतत् **ये** शङ्कादयो **नियमवेदनीयस्य** ज्ञानावरणादेरुदयतो **भवन्ति, तथा** तेन प्रकारेण **कथं पुनस्ते वर्ज्यन्ते इह** प्रक्रमे प्रस्तावे, **खलु**शब्दादन्यत्रापि चारित्रादौ तत्कर्मणोऽफलत्वप्रसङ्गात्, इति आशङ्क्याह– **शुद्धेन जीववीर्येण,** कथञ्चित्प्रादुर्भूतेन प्रशस्तेनात्मपरिणामेनेति ॥ १०० ॥

ગાથાર્થ– પ્રશ્ન– અહીં જે અતિચારો અવશ્ય વેદવા યોગ્ય જ્ઞાનાવરણીયાદિના ઉદયથી તે રીતે થાય છે, તે અતિચારો કેવી રીતે તજી શકાય ?

ઉત્તર– શુદ્ધ જીવવીર્યથી તજી શકાય.

ટીકાર્થ– પ્રસ્તુતમાં પ્રશ્નકારનું કહેવું છે કે– અવશ્ય વેદવા યોગ્ય જ્ઞાનાવરણીયાદિના ઉદયથી જે અતિચારો થાય છે તે તજવા શક્ય નથી. કેમ કે જો અતિચારો તજી શકાય તો ઉદયમાં આવેલા તે કર્મની નિષ્ફલતાનો પ્રસંગ આવે. **खलु** શબ્દથી ચારિત્ર આદિમાં પણ આમ સમજવું. અર્થાત્ ચારિત્ર આદિમાં પણ થનારા અતિચારોને તજવા શક્ય નથી.

આ પ્રશ્નનો જવાબ આપતાં કહે છે કે– શુદ્ધ જીવવીર્યથી, એટલે કે કોઇપણ રીતે પ્રગટ થયેલા પ્રશસ્ત આત્મપરિણામથી, અતિચારોનો ત્યાગ કરી શકાય છે. (૧૦૦)

અમુમેવાર્થં સમર્થયન્નાહ–

कत्थइ जीवो बलिओ, कत्थइ कम्माइ हुंति बलियाइं ।
जम्हा णंता सिद्धा, चिट्ठंति भवंमि वि अणंता ॥ १०१ ॥

[क्वचित् जीवो बलिकः क्वचित्कर्माणि भवन्ति बलवन्ति ।
यस्मादनन्ताः सिद्धाः तिष्ठन्ति भवेऽप्यनन्ताः ॥ १०१ ॥]

क्वचिज्जीवो बली स्ववीर्यतः क्लिष्टकर्माभिभवेन सम्यग्दर्शनाद्यवाप्त्या अनन्तानां सिद्धत्वश्रवणात्, **क्वचित्कर्माणि भवन्ति बलवन्ति** यस्मादेवं वीर्यवन्तोऽपि ततोऽनन्तगुणाः कर्मानुभावतः संसार एव तिष्ठन्ति प्राणिन इति, तथा चाह– **यस्मादनन्ताः सिद्धास्तिष्ठन्ति भवेऽप्यनन्ता** इति ॥ १०१ ॥

આ જ અર્થનું સમર્થન કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ક્યાંક જીવ બલવાન થાય છે. ક્યાંક કર્મો બલવાન થાય છે. કારણ કે અનંતા જીવો સિદ્ધ થયેલા છે, અને સંસારમાં પણ અનંતા રહેલા છે.

ટીકાર્થ– ક્યાંક જીવ સ્વવીર્યથી ક્લિષ્ટ કર્મોનો પરાભવ કરીને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ કરવાથી બલવાન થાય છે. ક્યાંક કર્મો બલવાન થાય છે. આથી જ વીર્યવંત પણ (સિદ્ધથી) અનંતગુણા જીવો કર્મના પ્રભાવથી સંસારમાં જ રહે છે. મૂળ ગ્રંથકાર તે પ્રમાણે જ કહે

છે– અનંતા જીવો સિદ્ધ થયેલા છે, અને સંસારમાં પણ અનંતા જીવો રહેલા છે. આથી ક્યાંક જીવ બલવાન થાય છે, ક્યાંક કર્મો બલવાન થાય છે. (૧૦૧)

એતદેવ પ્રકટયતિ–

अच्चंतदारुणाइं, कम्माइं खवित्तु जीवविरिएणं ।
सिद्धिमणंता सत्ता, पत्ता जिणवयणजणिएणं ॥ १०२ ॥

[अत्यन्तदारुणानि कर्माणि क्षपयित्वा जीववीर्येण ।
सिद्धिमनन्ताः सत्त्वाः प्राप्ता जिनवचनजनितेन ॥ १०२ ॥]

अत्यन्तदारुणानि क्लिष्टविपाकानि **कर्माणि** ज्ञानावरणादीनि **क्षपयित्वा जीववीर्येण** प्रलयं नीत्वा शुभात्मपरिणामेन **सिद्धिं** मुक्तिं **अनन्ताः सत्त्वाः प्राप्ताः जिनवचनजनितेन** जीववीर्येण, इह वैराग्यहेतुः सर्वमेव वचनं जिनवचनमुच्यत इति ॥ १०२ ॥

આ જ વિષયને પ્રગટ કરે છે–

ગાથાર્થ– જિનવચનથી ઉત્પન્ન થયેલા આત્મવીર્યથી અત્યંત દારુણ જ્ઞાનાવરણીયાદિ કર્મોને ખપાવીને અનંતા જીવો સિદ્ધિને પામ્યા છે.

ટીકાર્થ– આત્મવીર્ય=શુભ આત્મપરિણામ.

અત્યંત દારુણ=પીડાદાયક વિપાકવાળા.

અહીં વૈરાગ્યનું કારણ સઘળાં ય વચનો જિનવચન કહેવાય છે. (આનાથી ટીકાકાર એ કહેવા માગે છે કે અન્યદર્શનના વચનથી વૈરાગ્ય થાય તો પણ એ વચન જિનવચન જ છે. કારણ કે અન્ય સર્વ દર્શનોનું મૂળ જિનદર્શન જ છે.) (૧૦૨)

तत्तो णंतगुणा खलु, कम्मेण विणिज्जिआ इह अडंति ।
सारीरमाणसाणं, दुक्खाणं पारमलहंता ॥ १०३ ॥

[ततो ऽनन्तगुणाः खलु कर्मणा विनिर्जिता इह अटन्ति ।
शारीरमानसानां दुःखानां पारमलभमानाः ॥ १०३ ॥]

ततः सिद्धिमुपगतेभ्यः सकाशादनन्तगुणा एव **कर्मणा विनिर्जिताः** सन्त **इह** संसारेऽटन्ति, यस्मादनादिमतापि कालेनैकस्य निगोदस्यानन्तभागः सिद्धः,

असङ्ख्येयाश्च निगोदा इति, कथमटन्तीत्यत्राह– **शारीरमानसानां दुःखानां पारमलभमानाः**, तत्र शारीराणि ज्वरकुष्ठादीनि, मानसानीष्टवियोगादीनि[1] ॥ १०३ ॥

ગાથાર્થ– તેનાથી અનંતગુણા જીવો કર્મથી જિતાયા છતાં શારીરિક માનસિક દુઃખોના પારને નહિ પામતા સંસારમાં ભમે છે.

ટીકાર્થ– તેનાથી– મોક્ષમાં ગયેલા જીવોથી. સિદ્ધોથી અનંતગુણા જીવો સંસારમાં ભમે છે. કારણ કે અનાદિકાળથી પણ એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધ થયો છે, અને નિગોદ અસંખ્યાત છે.

શારીરિક– માનસિક દુઃખો– તાવ-કોઢ રોગ વગેરે શારીરિક દુઃખો છે. ઇષ્ટનો વિયોગ આદિ માનસિક દુઃખો છે. (૧૦૩)

उपसंहरन्नाह–

तम्हा निच्चसईए, बहुमाणेणं च अहिगयगुणंमि ।
पडिवक्खदुगंच्छाए, परिणइ आलोयणेणं च ॥ १०४ ॥

[तस्मान्नित्यस्मृत्या बहुमानेन चाधिकृतगुणे ।
प्रतिपक्षजुगुप्सया परिणत्यालोचनेन च ॥ १०४ ॥]

यस्मादेवं **तस्मान्नित्यस्मृत्या** सदा अविस्मरणेन **बहुमानेन च** भाव-प्रतिबन्धेन चा**धिकृतगुणे** सम्यक्त्वादौ तथा **प्रतिपक्षजुगुप्सया** मिथ्यात्वाद्युद्वेगेन, **परिणत्यालोचनेन** च तेषामेव मिथ्यात्वादीनां दारुणफला एते इति विपाकालोचनेन चेति ॥ १०४ ॥

तीत्थंकरभत्तीए, सुसाहुजणपज्जुवासणाए य ।
उत्तरगुणसद्धाए, अपमाओ होइ कायव्वो ॥ १०५ ॥

[तीर्थङ्करभक्त्या सुसाधुजनपर्युपासनया च ।
उत्तरगुणश्रद्धयाऽप्रमादो भवति कर्तव्यः ॥ १०५ ॥]

तथा **तीर्थङ्करभक्त्या** परमगुरुविनयेन, **सुसाधुजनपर्युपासनया च** भावसाधुसेवनया, त**थोत्तरगुणश्रद्धया** च सम्यक्त्वे सत्यणुव्रताभिलाषेण तेषु सत्सु महाव्रताभिलाषेणेति भावः, एवमेतेन प्रकारेणा**प्रमादो भवति कर्तव्य** एवमप्रमादवान्नियमवेदनीयस्यापि कर्मणोऽपनयति शक्तिमित्येष शुद्धस्य जीववीर्यस्य करणे उपाय इति ॥ १०५ ॥

१. मानसानि प्रियविप्रयोगादीनि ।

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ–તેથી નિત્ય સ્મરણથી, અધિકૃત ગુણો ઉપર બહુમાનથી, પ્રતિપક્ષની દુગંછાથી, પરિણતિની વિચારણાથી, તીર્થંકરની ભક્તિથી, સુસાધુજનની પર્યુપાસનાથી અને ઉત્તરગુણોની શ્રદ્ધાથી અપ્રમાદ કરવો જોઈએ.

ટીકાર્થ– તેથી=કર્મને જીતવાથી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, અને કર્મથી જિતાયાથી સંસારમાં પરિભ્રમણ થાય છે માટે.

નિત્ય સ્મરણથી=સ્વીકારેલાં સમ્યક્ત્વને અને વ્રતોને ન ભૂલવાથી.

અધિકૃત ગુણો ઉપર બહુમાનથી– પ્રસ્તુત સમ્યક્ત્વ આદિ ગુણો ઉપર હાર્દિક રાગથી.

પ્રતિપક્ષની દુગંછાથી=સમ્યક્ત્વ આદિ ગુણોના વિરોધી એવા મિથ્યાત્વ આદિ ઉપર ઉદ્વેગ ધારણ કરવો જોઈએ.

પરિણતિની વિચારણાથી=તે જ મિથ્યાત્વ આદિ દોષોની "આ દારુણ ફળવાળા છે" એ પ્રમાણે વિપાકની વિચારણાથી.

તીર્થંકર ભક્તિથી=પરમ ગુરુનો વિનય કરવાથી.

સુસાધુજનની પર્યુપાસનાથી=ભાવ સાધુઓની સેવા કરવાથી.

ઉત્તર ગુણ શ્રદ્ધાથી=સ્વીકારેલા ગુણથી અધિક ગુણની ઇચ્છા રાખવાથી. જેમ કે સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો હોય તો અણુવ્રતોની ઇચ્છા રાખવી. અણુવ્રતોનો સ્વીકાર કર્યો હોય તો મહાવ્રતોની ઇચ્છા રાખવી.

આ રીતે (=નિત્ય સ્મરણ આદિથી) અપ્રમાદ (=પ્રમાદનો ત્યાગ) કરવો જોઈએ. અપ્રમાદી જીવ અવશ્ય વેદવા યોગ્ય પણ કર્મની શક્તિને દૂર કરે છે. આ પ્રમાણે આ (=અપ્રમાદ) શુદ્ધ આત્મવીર્યને કરવાનો (=ફોરવવાનો) ઉપાય છે. (૧૦૪-૧૦૫)

બાર વ્રત અધિકાર (ગા. ૧૦૬-૩૩૮)

सांप्रतं द्वादशप्रकारं श्रावकधर्ममुपन्यस्यता यदुक्तं पञ्चाणुव्रतादीनीति तान्यभिधित्सुराह–

पंच उ अणुव्वयाइं, थूलगपाणिवहविरमणाईणि ।
तत्थ पढमं इमं खलु, पन्नत्तं वीयरागेहिं ॥ १०६ ॥

[पञ्च त्वणुव्रतानि स्थूलप्राणवधविरमणादीनि ।
तत्र प्रथमं इदं खलु प्रज्ञप्तं वीतरागैः ॥ १०६ ॥]

पञ्च त्वणुव्रतानि, तुरेवकारार्थः, पञ्चैव, अणुत्वमेषां सर्वविरतिलक्षण-महाव्रतापेक्षया, तथा चाह– **स्थूलप्राणवधविरमणादीनि** स्थूरकप्राणिप्राण-वधविरमणमादिशब्दात्स्थूरमृषावादादिपरिग्रहः, **तत्र** तेष्वणुव्रतेषु **प्रथममाद्यमिदं खल्विति** इदमेव वक्ष्यमाणलक्षणं, शेषाणामस्यैव वस्तुत उत्तरगुणत्वात्, **प्रज्ञप्तं वीतरागैः** प्ररूपितमर्हद्भिरिति ॥ १०६ ॥

બાર પ્રકારના શ્રાવક ધર્મની ભૂમિકા કરતા ગ્રંથકારે પાંચ અણુવ્રતો વગેરે કહ્યું હતું. આથી હવે તે વ્રતોને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– સ્થૂલ પ્રાણવધ વિરમણ આદિ પાંચ જ અણુવ્રતો છે. તેમાં પહેલુ અણુવ્રત અરિહંતોએ આ (=નીચેની ગાથામાં કહેવાશે તે) કહ્યું છે.

ટીકાર્થ– સર્વવિરતિરૂપ મહાવ્રતોની અપેક્ષાએ આ પાંચ અણુ=નાનાં વ્રતો છે. તેમાં પહેલું અણુવ્રત મુખ્ય છે. કારણ કે બાકીનાં ચાર અણુવ્રતો પરમાર્થથી પહેલા વ્રતના જ ઉત્તર ગુણરૂપ છે. (૧૦૬)

थूलगपाणिवहस्साविरई दुविहो अ सो वहो होइ ।
संकप्पारंभेहि य, वज्जइ संकप्पओ विहिणा ॥ १०७ ॥

[स्थूरकप्राणवधस्य विरतिः द्विविधश्चासौ वधो भवति ।
संकल्पारम्भाभ्यां वर्जयति संकल्पतः विधिना ॥ १०७ ॥]

स्थूरकप्राणवधस्य विरतिः, स्थूरा एव स्थूरका द्वीन्द्रियादयस्तेषां प्राणाः शरीरेन्द्रियोच्छ्वासायुर्बललक्षणास्तेषां वधः जिघांसनं तस्य विरतिर्निवृत्तिरित्यर्थः, **द्विविधश्चासौ वधो भवति,** कथं ? **संकल्पारम्भाभ्यां,** तत्र व्यापादनाभिसंधिः संकल्पः, कृष्यादिकस्त्वारम्भः, तत्र **वर्जयति संकल्पतः,** परिहरति असौ श्रावकः प्राणवधं **संकल्पेन,** न त्वारम्भतोऽपि, तत्र नियमात् प्रवृत्तेः, **विधिना** प्रवचनोक्तेन वर्जयति न तु यथाकथञ्चिदिति, स चायं विधिः ॥ १०७ ॥

ગાથાર્થ– સ્થૂલ પ્રાણવધની વિરતિ એ પહેલું અણુવ્રત છે. વધ સંકલ્પથી અને આરંભથી એમ બે પ્રકારે છે. શ્રાવક વિધિથી સંકલ્પથી વધનો ત્યાગ કરે.

ટીકાર્થ– સ્થૂલ પ્રાણવધની વિરતિ– બેઇંદ્રિય વગેરે સ્થૂલ છે. શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, બલ એ પ્રાણ છે. સ્થૂલ પ્રાણીઓના પ્રાણોના વધની નિવૃત્તિ તે સ્થૂલપ્રાણવધની નિવૃત્તિ. મારવાનો ઇરાદો

તે સંકલ્પ. જેમાં જીવહિંસા થાય તેવા ખેતી આદિ કાર્યો આરંભ છે. તેમાં શ્રાવક સંકલ્પથી સ્થૂલપ્રાણવધનો ત્યાગ કરે, નહિ કે આરંભથી. કારણ કે તેમાં અવશ્ય તેની પ્રવૃત્તિ થાય. આ વધત્યાગ પણ ગમે તેમ નહિ, કિંતુ શાસ્ત્રોક્ત વિધિથી કરે. (૧૦૭)

उवउत्तो गुरुमूले, संविग्गो इत्तरं व इयरं वा ।
अणुदियहमणुसरंतो, पालेइ विसुद्धपरिणामो ॥ १०८ ॥

[उपयुक्तो गुरुमूले संविग्न इत्वरमितरद्वा ।
अनुदिवसमनुस्मरन् पालयति विशुद्धपरिणामः ॥ १०८ ॥]

उपयुक्तोऽन्तःकरणेन समाहितो, **गुरुमूले** आचार्यसन्निधौ, **संविग्नो** मोक्षसुखाभिलाषी न तु ऋद्धिकामः । **इत्वरं** चातुर्मासादिकालावधिना[१], **इतरद्वा** यावत्कथिकमेव, प्राणवधं वर्जयतीति वर्तते, एवं वर्जयित्वा**नुदिवसमनुस्मरन्**, स्मृतिमूलो धर्म इति कृत्वा, **पालयति विशुद्धपरिणामः**, न पुनस्तत्र चेतसापि प्रवर्तत इति ॥ १०८ ॥

તે વિધિ આ છે—

ગાથાર્થ— ઉપયુક્ત અને સંવિગ્ન શ્રાવક ગુરુની પાસે ઇત્વર કે યાવજ્જીવ સ્થૂલપ્રાણિવધનો ત્યાગ કરે. પછી દરરોજ તેને યાદ કરતો અને વિશુદ્ધ પરિણામવાળો તે તેનું પાલન કરે.

ટીકાર્થ— ઉપયુક્ત=અંતઃકરણથી સમાધિવાળો. (માત્ર બહાર દેખાવથી સમાધિવાળો નથી, કિંતુ પોતે સમાધિનો અનુભવ કરે છે.)

સંવિગ્ન=મોક્ષસુખનો અભિલાષી, નહિ કે ઋદ્ધિની ઇચ્છાવાળો.

ગુરુની=આચાર્યની.

ઇત્વર=ચાતુર્માસ આદિ કાળની અવધિ સુધી.

તેને યાદ કરતો— ધર્મનું મૂળ (લીધેલાં વ્રતોનું) સ્મરણ છે. (જેમ મૂળ વિના વૃક્ષ ન ટકે તેમ લીધેલાં વ્રતોને યાદ રાખ્યા વિના વ્રતો ન ટકે.) આથી શ્રાવક લીધેલાં વ્રતોને દરરોજ યાદ કરતો રહે.

પાલન કરે છે=ફરી તેમાં (=વધમાં) મનથી પણ પ્રવર્તતો નથી. ફરી તેમાં કાયાથી તો પ્રવર્તતો નથી, કિંતુ મનથી પણ પ્રવર્તતો નથી, અર્થાત્ મનથી પણ વ્રતભંગ કરતો નથી. (૧૦૮)

---

૧. कालं विधिना

વ્રતો ગુરુની પાસે સ્વીકારવાથી લાભ (ગા. ૧૦૯-૧૧૩)

अत्राह–

देसविरइपरिणामे, सइ किं गुरुणा फलस्स भावाओ ।
उभयपलिमंथदोसो, निरत्थओ मोहलिंगं तु ॥ १०९ ॥

[देशविरतिपरिणामे सति किं गुरुणा फलस्याभावात् ।
उभयपलिमन्थदोषः निरर्थको मोहलिङ्गं तु ॥ १०९ ॥]

इह श्रावको यदाणुव्रतं प्रतिपद्यते तदास्य देशविरतिपरिणामः स्याद्वा न वा किं चात उभयथापि दोषः । तमेवाह– **देशविरतिपरिणामे सति,** स्वत एव तथाविधाणुव्रतरूपाध्यवसाये सति, **किं गुरुणा,** किमाचार्येण यत्संनिधौ तद् गृह्यते, कुतः **फलस्याभावात्तत्संनिधावपि** प्रतिपत्तुः स एव फललाभः स च स्वत एव संजात इत्यफला गुरुमार्गणा, किं च **उभयपलिमन्थदोषः** तथाविधाणुव्रतरूपाध्यवसाये सत्येव गुरुसंनिधौ तत्प्रतिपत्त्यभ्युपगमे उभयोराचार्यशिष्ययोर्मुधाव्यापारदोषः स च **निरर्थको मोहलिङ्ग एव** न हि अमूढस्य प्रयोजनमन्तरेण प्रवृत्तिरिति ॥ १०९ ॥

અહીં કોઇ કહે છે–

ગાથાર્થ– દેશવિરતિના પરિણામ થયે છતે ગુરુની શી જરૂર છે ? કારણ કે ફળનો અભાવ છે. બંનેને વ્યર્થ વ્યાપારરૂપ દોષ છે. તે દોષ નિરર્થક અને મોહસૂચક છે.

ટીકાર્થ– શ્રાવક જ્યારે ગુરુની પાસે અણુવ્રતો સ્વીકારે છે ત્યારે તેને દેશવિરતિનો પરિણામ હોય કે નહિ ? ગુરુની પાસે વ્રત સ્વીકારથી પરિણામ થયો હોય કે ન થયો હોય એમ બંને રીતે દોષ છે. દોષને જ કહે છે– સ્વતઃ જ (=સ્વાભાવિક રીતે જ) અણુવ્રતનો તેવા પ્રકારનો અધ્યવસાય થયે છતે જેની પાસે વ્રત ગ્રહણ કરાય છે=વ્રત ગ્રહણની ક્રિયા કરાય છે તે આચાર્યથી શું ? અર્થાત્ આચાર્યની પાસે વ્રત સ્વીકારની ક્રિયા કરવાની જરૂર નથી. કારણ કે આચાર્યની પાસે વ્રત સ્વીકારનારને તે જ ફળનો લાભ થાય છે કે જે પૂર્વે સ્વતઃ (=પોતાની મેળે જ) થઇ ગયો છે. આથી ગુરુની શોધ કરવી નિષ્ફળ છે. વળી આચાર્ય અને શિષ્ય ઉભયને વ્યર્થ વ્યાપારરૂપ દોષ થાય. એ દોષ નિરર્થક અને મોહનો સૂચક છે. અમૂઢ માણસ પ્રયોજન વિના પ્રવૃત્તિ ન કરે. (૧૦૯)

द्वितीयं विकल्पमुररीकृत्याह–

दुन्हवि य मुसावाओ, तयभावे पालणस्स वि अभावो ।
न य परिणामेण विणा, इच्छिज्जइ पालणं समए ॥ ११० ॥

[द्वयोरपि मृषावादः तदभावे पालनस्याप्यभावः ।
न च परिणामेन विना इष्यते पालनं समये ॥ ११० ॥]

यदि न देशविरतिपरिणाम एव तर्हि **द्वयोरपि** प्रतिपत्तृप्रतिपादकयोः शिष्याचार्ययोः **मृषावादः** शिष्यस्यासदभ्युपगमाद् गुरोश्चासदभिधानादिति, किं च **तदभावे** देशविरतिपरिणामस्याभावे **पालनस्यापि** व्रतसंरक्षणस्याप्यभावः, एतदेव स्पष्टयति– **न च** नैव **परिणामेना**नन्तरोदितेन **विना इष्यते**ऽभ्युपगम्यते **पालनं** संरक्षणं, व्रतस्येति प्रक्रमाद् गम्यते, **समये** सिद्धान्ते, परमार्थेन तस्यैव व्रतत्वादिति ॥ ११० ॥

અણુવ્રતનો પરિણામ ન થયો હોય એ બીજા વિકલ્પને આશ્રયીને કહે છે–

ગાથાર્થ– અણુવ્રતનો પરિણામ ન થયો હોય તો બંનેને મૃષાવાદ થાય, અને પાલનનો પણ અભાવ થાય. સિદ્ધાંતમાં પરિણામ વિના પાલન ઇચ્છાતું નથી.

ટીકાર્થ– જો દેશવિરતિનો પરિણામ નથી થયો તો સ્વીકારનાર શિષ્ય અને સ્વીકાર કરનાર આચાર્ય એ બંનેને મૃષાવાદ થાય. કારણ કે શિષ્ય ખોટું સ્વીકારે છે અને ગુરુ ખોટું કહે છે. વળી દેશવિરતિ પરિણામના અભાવમાં પાલનનો=વ્રતરક્ષણનો પણ અભાવ થાય. ગ્રંથકાર આ જ વિષયને ગાથાના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરે છે– સિદ્ધાંતમાં દેશવિરતિ પરિણામ વિના વ્રતપાલન ઇચ્છાતું નથી=સ્વીકારાતું નથી. કારણ કે પરમાર્થથી દેશવિરતિનો પરિણામ જ વ્રત છે. (૧૧૦)

एवं पराभिप्रायमाशङ्क्य, पक्षद्वयेऽप्यदोष इत्यावेदयन्नाह–

संते विय परिणामे, गुरुमूलपवज्जणंमि एस गुणो ।
दढया आणाकरणं, कम्मखओवसमवुड्ढी य ॥ १११ ॥

[सत्यपि च परिणामे गुरुमूलप्रतिपादने एष गुणः ।
दृढता आज्ञाकरणं कर्मक्षयोपशमवृद्धिश्च ॥ १११ ॥]

सत्यपि च परिणामे देशविरतिरूपे, **गुरुमूलप्रतिपादने** आचार्यसन्निधौ प्रतिपत्तिकरणे, **एष गुण** एषोऽभ्युच्चयः, यदुत **दृढता** तस्मिन्नेव गुणे दार्ढ्यं,

तथाज्ञाकरणं अर्हदाज्ञासंपादनं, यतस्तस्यैव उपदेशो गुरुसन्निधौ व्रतग्रहणं कार्यमिति, तथा **कर्मक्षयोपशमवृद्धिश्च** तथाकरणे दार्ढ्याज्ञासंपादन-शुभपरिणामतः अधिकतरक्षयोपशमोपपत्तेरिति ॥ १११ ॥

આ પ્રમાણે અન્યના અભિપ્રાયની આશંકા કરીને બંને ય પક્ષમાં દોષ નથી એ પ્રમાણે જણાવતા ગ્રંથકાર કહે છે—

ગાથાર્થ— દેશવિરતિ પરિણામ થયો હોય તો પણ ગુરુની પાસે સ્વીકાર કરવામાં આ લાભ[1] છે કે દૃઢતા, આજ્ઞાકરણ અને કર્મક્ષયોપશમવૃદ્ધિ થાય.

ટીકાર્થ— દૃઢતા=તે જ ગુણમાં દૃઢતા થાય.

આજ્ઞાકરણ— અરિહંતની આજ્ઞાનું પાલન થાય. કારણ કે અરિહંતનો જ ઉપદેશ છે કે ગુરુની પાસે વ્રતનો સ્વીકાર કરવો જોઈએ.

કર્મક્ષયોપશમવૃદ્ધિ=ગુરની પાસે વ્રતને સ્વીકારવામાં દૃઢપણે આજ્ઞાપાલનના શુભ પરિણામથી પૂર્વથી (દેશવિરતિ સ્વીકારની ક્રિયા કરતાં પહેલાં જેટલો કર્મક્ષયોપશમ હતો તેનાથી) અધિક કર્મ ક્ષયોપશમની સિદ્ધિ થાય છે. (૧૧૧)

इय अहिए फलभावे, न होइ उभयपलिमंथदोसो उ ।
तयभावम्मि वि दुन्हवि, न मुसावाओवि गुणभावा ॥ ११२ ॥

[इय अधिके फलभावे न भवति उभयपलिमन्थदोषः ।
तदभावेऽपि द्वयोरपि न मृषावादोऽपि गुणभावात् ॥ ११२ ॥]

इय एव**मधिके फलभावे** पूर्वावस्थातः अभ्यधिकतरायां फलसत्तायां, **न भवति** न जायते, **उभयपलिमन्थदोषः** शिष्याचार्ययोर्मुधाव्यापारदोष इत्यर्थः । एवं परिहृतः प्रथमो विकल्पः । द्वितीयमधिकृत्याह— **तदभावेऽपि** देशविरतिपरिणामाभावेऽपि, **द्वयोरपि** प्रत्याख्यातृप्रत्याख्यापयित्रोर्गुरुशिष्ययोर्न **मृषावादोऽपि** प्राक् चोदितः, कुतो ? **गुणभावाद्** गुणसंभवादिति ॥ ११२ ॥

ગાથાર્થ— ટીકાર્થ— આ પ્રમાણે પૂર્વથી અધિક ફળ થવાના કારણે બંનેને વ્યર્થ-વ્યાપારરૂપ દોષ થતો નથી. આ પ્રમાણે પહેલા વિકલ્પનો પરિહાર (=નિરાકરણ) કર્યો. **બીજા વિકલ્પને આશ્રયીને કહે છે—**

---

૧. ટીકામાં **अभ्युच्चय** એટલે વૃદ્ધિ.

દેશવિરતિ પરિણામના અભાવમાં પણ બંનેને પૂર્વે કહેલો મૃષાવાદ દોષ પણ નથી. કારણ કે ગુણનો સંભવ છે. (૧૧૨)

गुणभावमेवाह–

तग्गहणउ च्चिय तओ, जायइ कालेण असढभावस्स ।
इयरस्स न देयं चिय, सुद्धो छलिओ वि जइ असढो ॥ ११३ ॥

[तद्ग्रहणत एव तको जायते कालेनाशठभावस्य ।
इतरस्य न देयमेव शुद्धः छलितो ऽपि यतिरशठः ॥ ११३ ॥]

तद्ग्रहणत एव विधिना गुरुसन्निधौ व्रतग्रहणादेव **तको जायते कालेन** असौ देशविरतिपरिणामो भवति कालेन तत् गुरुसन्निधिकारणत्वादित्यर्थः[१] । किंविशिष्टस्य **अशठभावस्य** श्राद्धस्य सत्त्वस्य शठविषयं दोषमाशङ्क्याह– **इतरस्य** शठस्य **न देयमेव,** व्रतं अस्थानदाने भगवदाशातनाप्रसङ्गात्, तद-ज्ञानविषयं दोषमाशङ्क्याह– **शुद्धः छलितोऽपि यतिरशठः** छद्मस्थप्रत्युपेक्षणया कृतयत्नो, मायाविना कथञ्चिद् व्यंसितोऽपि विप्रतारितोऽप्यार्जवः साधुरदोषवानेव, आज्ञानतिक्रमादिति ॥ ११३ ॥

ગુણના સંભવને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અશઠભાવવાળા શ્રાવકને ગુરુની પાસે વિધિથી વ્રતનો સ્વીકાર કરવાથી જ પૂર્વે ન થયેલો દેશવિરતિ પરિણામ કાળે કરીને થાય છે. કારણ કે ગુરુ સાંનિધ્ય દેશવિરતિ પરિણામનું કારણ છે.

શઠ સંબંધી દોષની આશંકા કરીને ગ્રંથકાર કહે છે– શઠને વ્રત ન જ આપવું. કારણ કે અયોગ્યને વ્રત આપવામાં ભગવાનની આશાતના થાય. આ શઠ છે એવું જ્ઞાન ન હોય એથી વ્રત આપે તો દોષની આશંકા કરીને ગ્રંથકાર કહે છે– માયાવીથી કોઇ પણ રીતે છેતરાયેલો પણ (=શઠને વ્રત આપી દીધું હોય તો પણ) અશઠ=સરળ સાધુ શુદ્ધ છે=દોષરહિત છે. કારણ કે તેણે આ શઠ નથી ને ? એમ છદ્મસ્થની દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરીને, આ અશઠ છે એમ જાણીને વ્રત આપ્યું છે અને એથી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી. (૧૧૩)

---

१. तत्कारणत्वादित्यर्थः

ગુરુને સૂક્ષ્મજીવોની હિંસાની અનુમતિનું પાપ ન લાગે (ગા. ૧૧૪-૧૧૮)

अपरस्त्वाह–

थूलगपाणाइवायं, पच्चक्खंतस्स कह न इयरंमि ।
होइणुमई जइस्स वि, तिविहेण तिदंडविरयस्स ॥ ११४ ॥

[स्थूरकप्राणातिपातं प्रत्याचक्षाणस्य कथं नेतरस्मिन् ।
भवत्यनुमतिर्यतेः त्रिविधेन त्रिदण्डविरतस्य ॥ ११४ ॥]

स्थूरकप्राणातिपातं द्वीन्द्रियादिप्राणजिघांसनं **प्रत्याचक्षाणस्य** तद्विषयां निवृत्तिं कारयतः **कथं नेतरस्मिन्** कथं न सूक्ष्मप्राणातिपाते **भवत्यनुमतिर्यते**-र्भवत्येवेत्यभिप्रायः, किंविशिष्टस्य यते**स्त्रिविधेन त्रिदण्डविरतस्य** मनसा वाचा कायेन सावद्यं प्रति कृतकारितानुमतिविरतस्य, तथा चान्यत्रापि निषिद्ध एव यतेरेवंजातीयोऽर्थः, यत उक्तं– "माणुमती केरिसा तुम्हे"त्ति ॥ ११४ ॥

બીજો કોઇ કહે છે–

ગાથાર્થ–સ્થૂલ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરાવતા અને ત્રિવિધથી ત્રિદંડથી વિરત એવા સા ને પણ અન્યમાં અનુમતિ કેમ ન થાય ? અર્થાત્ થાય જ.

ટીકાર્થ– સ્થૂલ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરાવતા– એટલે બેઇંદ્રિય આદિ પ્રાણીઓનો વધ કરવાની ઇચ્છાની નિવૃત્તિને કરાવતા.

ત્રિવિધથી ત્રિદંડથી વિરત– સાવદ્ય કાર્યથી મન-વચન-કાયા વડે કરવું-કરાવવું-અનુમોદવું એ ત્રણ પ્રકારે નિવૃત્ત થયેલા.

અન્યમાં– સૂક્ષ્મ પ્રાણાતિપાતમાં.

સ્થૂલ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરાવનાર મુનિને સૂક્ષ્મ પ્રાણાતિપાતની અનુમોદનાનું પાપ લાગે એમ અન્યનું કહેવું છે. બીજા સ્થળે પણ આવા પ્રકારના અર્થનો (=કાર્યનો) સાધુ માટે નિષેધ કર્યો છે.[1] (૧૧૪)

अत्र गुरुराह–

अविहीए होइ च्चिय, विहीइ नो सुयविसुद्धभावस्स ।
गाहावइसुअचोरग्गहणमोअणा इत्थ नायं तु ॥ ११५ ॥

[अविधिना भवत्येव विधिना न श्रुतविशुद्धभावस्य ।
गृहपतिसुतचोरग्रहणमोचनं अत्र ज्ञातं तु ॥ ११५ ॥]

१. **माणुमती केरिसा तुम्हे** આ પાઠનું સ્થળ ન મળવાથી અર્થ લખ્યો નથી.

अविधिना भवत्येव अणुव्रतग्रहणकाले सम्यगनाख्याय संसारासारताख्यापनपुरःसरं साधुधर्मं प्रमादतोऽणुव्रतानि यच्छतो भवत्येवानुमतिः, **विधिना** पुनः साधुधर्मकथनपुरःसरेण **नेति** न भवत्यनुमतिः, किंविशिष्टस्य **श्रुतविशुद्धभावस्य** तत्त्वज्ञानान्मध्यस्थस्येत्यर्थः, अस्मिन्नेवार्थे दृष्टान्तमाह– **गृहपतिसुतचोरग्रहणमोचना अत्र ज्ञातमिह** उदाहरणमित्यर्थः, तच्चेदं–

वंसतउरं नगरं, जियसत्तू राया धारिणी देवी । दणट्ठा (?णट्टा) तिसएण परितुट्ठो से भत्ता, भणिया य णेण, भण किं ते पियं कीरउ, तीए भणियं, कोमुदीए अंतेउराणं जहिच्छा पयारेण निसि ऊस्सवपसाउति । पडिसुयमणेण । समागओ सो दियहो । काराविय च अणेण घोसणं, जहा जो एत्थ अज्ज पुरिसो वसिही तस्स मए सारीरो णिग्गहो कायव्वो, उग्गदंडो य रायत्ति । तत्तो णिग्गया सव्वे पुरिसा, णवरमेगस्स सेट्ठिणो छ पुत्ता संववहारवावडयाए लहु ण णिग्गया । ढक्किया पओलिओ । भएण तत्थेव खुसिया । वत्तो रयणीऊसवो । बीयदिवहे य पउत्ता चारिया गवेसह को ण णिग्गउत्ति । तेहिं निउणबुद्धीए गवेसिऊण साहियं रन्नो, अमुगसेट्ठिस्स छसुया ण णिग्गयत्ति । कुविओ राया, भणियं चाणेण वावाएह ते दुरायारे । गहिया ते रायपुरिसेहिं । एयं वायं (सु)णिऊण णरवईसमीवं समागओ तेसिं पिया । विन्नतो य णेण राया देव खमसु एगमवराहं, मुयह एक्कवारं मम एए । मा अन्नो वि एवं काहित्ति ण मुयई राया । पुणो पुणो भन्नमाणेण मा कुलखओ भवउत्ति मुक्को से जेट्ठपुत्तो, वावाइया इयरे । ण य समभावस्स सव्वपुत्तेसु सेट्ठिस्स सेसवावायणेसु अणुमई त्ति । एस दिट्ठंतो, इमो एयस्स उवणओ । रायातुल्लो सावगो, वावाइज्जमाणवणियतुल्ला जीवणिकाया, पियतुल्लो साहू, विन्नवणतुल्ला अणुवयगहणकाले साधुधम्मदेसणा । एवं च अमुयणे वि सावगस्स ण साधुस्स दोसो ॥ ११५ ॥

અહીં ગુરુ કહે છે–

ગાથાર્થ– અવિધિથી અનુમતિ થાય જ છે. વિધિથી શ્રુત વિશુદ્ધ ભાવવાળા સાધુને અનુમતિ થતી નથી. આ વિષે ગૃહપતિના પકડાયેલા ચોર પુત્રોને છોડાવવાનું દૃષ્ટાંત છે.

ટીકાર્થ– અવિધિથી અનુમતિ થાય જ છે– શ્રાવક જ્યારે અણુવ્રતો સ્વીકારે ત્યારે સાધુએ સંસારની અસારતા જણાવીને સંસારના નાશ માટે સાધુ ધર્મ જ સ્વીકારવો જોઈએ એમ કહેવું જોઈએ. પ્રમાદથી આ પ્રમાણે

સારી રીતે કહ્યા વિના અણુવ્રતો આપનાર સાધુને અનુમતિ થાય જ છે=સૂક્ષ્મ પ્રાણાતિપાતની અનુમોદનાનો દોષ લાગે જ છે.

વિધિથી=સાધુધર્મને કહેવાપૂર્વક અણુવ્રતોનું પ્રદાન કરવું.

શ્રુતવિશુદ્ધભાવવાળા=તત્ત્વજ્ઞાનના કારણે મધ્યસ્થ.

અહીં દૃષ્ટાંત આ પ્રમાણે છે–

શ્રેષ્ઠિપુત્રોનું દૃષ્ટાંત

વસંતપુર નામનું નગર છે, તેમાં જિતશત્રુ નામનો રાજા છે. તેની ધારિણી નામની રાણી છે. અતિશય સુંદર [1]નૃત્ય કરવાથી તેનો પતિ તુષ્ટ થયો. તેણે રાણીને કહ્યું: હું તારું શું પ્રિય કરું તે કહે. રાણીએ કહ્યું: કૌમુદી પર્વમાં રાતે અંતઃપુરની સ્ત્રીઓ ઇચ્છા મુજબ ફરે અને ઉત્સવ કરે તેવી મહેરબાની કરો. રાજાએ તે સ્વીકાર્યું. તે દિવસ આવી ગયો. રાજાએ નગરમાં ઘોષણા કરાવી. તે આ પ્રમાણે– આજે રાતે જે પુરુષ નગરમાં રહેશે (=નગરની બહાર નહિ જાય) તેને હું શારીરિક સજા અને કઠોર દંડ કરીશ. તેથી રાતે બધા પુરુષો નગરમાંથી નીકળી ગયા. પણ એક શ્રેષ્ઠીના છ પુત્રો વ્યવહાર કરવામાં નામું લખવું વગેરે કાર્યોમાં રોકાયેલા હોવાથી જલદી ન નીકળ્યા. નગરના દરવાજા બંધ કરી દેવાયા. ભયથી ત્યાં જ રહ્યા. રાતે ઉત્સવ થઇ ગયો. બીજા દિવસે રાજાએ ચરપુરુષોને નગરમાં મોકલ્યા અને કહ્યું: કોણ નથી નીકળ્યો તે શોધો. તેમણે સૂક્ષ્મ બુદ્ધિથી શોધીને રાજાને કહ્યું: અમુક શ્રેષ્ઠીના છ પુત્રો નગરમાંથી નીકળ્યા નથી. ગુસ્સે થયેલા રાજાએ કહ્યું: દુર્વર્તન કરનારા તેમને મારી નાખો. રાજપુરુષોએ તેમને પકડ્યા. આ વાત સાંભળીને તેમનો પિતા રાજાની પાસે આવ્યો. તેણે રાજાને વિનંતિ કરી, હે દેવ ! એક અપરાધની ક્ષમા કરો. મારા પુત્રોને એકવાર છોડો. બીજો પણ કોઇ આ પ્રમાણે ન કરે એ કારણથી રાજા પુત્રોને છોડતો નથી. ફરી ફરી કહેવાતા રાજાએ "કુળનો ક્ષય ન થાઓ" એ કારણથી મોટા પુત્રને છોડી દીધો અને બાકીના પુત્રોને મારી નાખ્યા.

અહીં સર્વ પુત્રોમાં સમભાવવાળા શ્રેષ્ઠીની બાકીના પુત્રોને મારવામાં અનુમતિ નથી. આ દૃષ્ટાંત છે. આનો ઉપનય આ પ્રમાણે છે– રાજા

---

૧. એકવાર રાજા અંતઃપુરની અંદર સુંદર વાજિંત્ર વગાડી રહ્યો હતો ત્યારે ધારિણી રાણીએ રાજાના હૃદયને અતિશય આનંદ આપનારું નૃત્ય કર્યું હતું.

સમાન શ્રાવક છે. મારી નંખાતા વણિકપુત્રો સમાન જીવનિકાય છે. પિતાતુલ્ય સાધુ છે. વિનંતિતુલ્ય અણુવ્રતો સ્વીકારતી વખતે સાધુની ધર્મદેશના છે. આ પ્રમાણે શ્રાવક ન છોડે (=સૂક્ષ્મ પ્રાણીનો ઘાત કરે) તો પણ સાધુને દોષ નથી. (૧૧૫)

न चैतत्स्वमनीषिकया परिकल्पितं उक्तं च सूत्रकृताङ्गे "गाहावइसुय-चोरग्गहणविमोक्खणयाएत्ति" एतत्संग्राहकं चेदं गाथात्रयम्—

देवीतुट्ठो राया, ओरोहस्स निसि ऊसवपसाओ ।
घोसण नरनिग्गमणं, छव्वणियसुयाणनिक्खेवो ॥ ११६ ॥

[देव्यै तुष्टो राजा अन्तःपुरस्य निशि उत्सवप्रसादः ।
घोषणनरनिर्गमनं षड्वणिक्सुतानामनिक्षेपः ॥ ११६ ॥]

चारियकहिए वज्झा, मोएइ पिया न मिल्लइ राया ।
जिट्ठमुयणे समस्स उ, नाणुमई तस्स सेसेसु ॥ ११७ ॥

[चारिककथिते वध्या मोचयति पिता न मुञ्चति राजा ।
ज्येष्ठमोचने समस्य तु नानुमतिः तस्य शेषेषु ॥ ११७ ॥]

राया सड्ढो वणिया, काया साहू य तेसि पियतुल्ले ।
मोयइ अविसेसेणं, न मुयइ सो तस्स किं इत्थ ॥ ११८ ॥

[राजा श्राद्धः वणिक्पुत्राः कायाः साधुश्च तेषां पितृतुल्यः ।
मोचयति अविशेषेण न मुञ्चति स, तस्य किमत्र ॥ ११८ ॥]

एतद्गतार्थमिति न व्याख्यायते णवरमोरोहो अंतेउरं भन्नइ ॥ ११६-११७-११८॥

આ પોતાની બુદ્ધિથી કલ્પેલું કહ્યું નથી. સૂત્રકૃતાંગ (શ્રુત સ્કંધ-૨ અધ્યયન-૭, સૂત્ર-૭૫) સૂત્રમાં ગૃહપતિના પકડાયેલ[1] ચાર પુત્રોને છોડાવવાના દૃષ્ટાંતથી આ વિગત કહી છે. આ દૃષ્ટાંતનો સંગ્રહ કરનારી ત્રણ ગાથાઓ આ છે—

ગાથાર્થ— રાજા રાણી ઉપર તુષ્ટ થયો. રાતે અંતઃપુર ઉત્સવ કરે, એવી રાજાએ કૃપા કરી. રાજાએ ઘોષણા કરાવી. બધા પુરુષો નગરની

१. सूत्रकृतांगमां प्रारंभनो कथा प्रसंग आ प्रमाणे छे— कोई गृहपतिना छ पुत्रोओ बाप-दादाओनी परंपराथी आवेलुं धन घणुं होवा छतां तेवा प्रकारना कर्मना उदयथी राजकुळना भांडागारमां चोरी करी. राजपुरुषोओ तेमने पकडी लीधा.

બહાર નીકળી ગયા. છ વણિકપુત્રો ન નીકળ્યા. (૧૧૬) ચર પુરુષોએ કહ્યું તેથી રાજાએ તેમને મારવાની આજ્ઞા કરી. પિતા છોડાવે છે. રાજા છોડતો નથી. મોટા પુત્રને છોડી દીધો. સમભાવવાળા પિતાને બાકીના પુત્રોમાં (=પુત્રોના વધમાં) અનુમતિ નથી. (૧૧૭) રાજાના સ્થાને શ્રાવક છે. વણિક પુત્રો છ જીવનિકાય છે. સાધુ તેમના પિતાતુલ્ય છે. સાધુ બધાને છોડાવે છે. પણ શ્રાવક મૂકતો નથી. એમાં સાધુને શું (દોષ)? અર્થાત્ એમાં સાધુને અનુમતિ નથી. (૧૧૮)

ત્રસભૂત પ્રાણીઓના વધની વિરતિ (ગા. ૧૧૯-૧૩૨)

सांप्रतमन्यद्वादस्थानकं–

तसपाणघायविरई, तत्तो थावरगयाण वहभावा ।
नागरगवहनिवित्तीनायाओ केइ नेच्छंति ॥ ११९ ॥

[त्रसप्राणघातविरतिं ततः स्थावरगतानां वधभावात् ।
नागरकवधनिवृत्तिज्ञाततो केचन नेच्छन्ति ॥ ११९ ॥]

त्रसप्राणघातविरतिं द्वीन्द्रियादिप्राणव्यापत्तिनिवृत्तिं **ततस्तस्मात्त्रसकायात् स्थावरगतानां** पृथिव्यादिसमुत्पन्नानां **वधभावाद्** व्यापत्तिसंभवान्नागर-**कवधनिवृत्तिज्ञाततो** नागरकवधनिवृत्त्युदाहरणेन **केचन** वादिनो **नेच्छन्ति** नाभ्युपगच्छन्तीति गाथाक्षरार्थः ॥ ११९ ॥

હવે બીજું વાદસ્થાન

ગાથાર્થ– ત્રસમાંથી સ્થાવરમાં ગયેલા જીવોનો વધ થતો હોવાથી કોઈક વાદીઓ નગરજનના (=નગરના માણસના) વધની નિવૃત્તિના દૃષ્ટાંતથી ત્રસ જીવોના ઘાતની નિવૃત્તિને ઇચ્છતા નથી. (૧૧૯)

भावार्थं त्वाह–

पच्चक्खायंमि इहं, नागरगवहम्मि निग्गयं पि तओ ।
तं वहमाणस्स न किं, जायइ वहविरइभंगो उ ॥ १२० ॥

[प्रत्याख्याते इह नागरकवधे निर्गतमपि ततः ।
तं घ्नतो न किं जायते वधविरतिभङ्गः ॥ १२० ॥]

१. प्राणातिपात०

प्रत्याख्याते इह परित्यक्ते **अत्र** कस्मिन्नागरकजिघांसने **निर्गतमपि** निःक्रान्तमपि **ततो** नगरात् **तं** नागरकं **घ्नतो** व्यापादयतो ऽन्यत्रापि **न किं जायते वधविरतिभङ्गः** प्रत्याख्यानभङ्गो जायत एवेति ॥ १२० ॥

ઉક્ત ગાથાના ભાવાર્થને કહે છે–

ગાથાર્થ– નગરજનના વધનું પ્રત્યાખ્યાન કર્યે છતે કોઇ નગરજન નગરમાંથી નીકળી ગયો હોય તો પણ બીજા સ્થળે પણ તેનો વધ કરનારની વધવિરતિનો ભંગ શું નથી થતો ? અર્થાત્ થાય જ છે. (૧૨૦)

इत्थं दृष्टान्तमभिधाय अधुना दार्ष्टान्तिकयोजनां कुर्वन्नाह–

इय अविसेसा तसपाणघायविरइं काउ तं तत्तो ।
थावरकायमणुगयं वहमाणस्स धुवो भंगो ॥ १२१ ॥

[इय अविशेषात् त्रसप्राणघातविरतिं कृत्वा तं ततः ।
स्थावरकायमनुगतं घ्नतो ध्रुवो भङ्गः ॥ १२१ ॥]

इय एव**मविशेषात्सा**मान्येनैव **त्रसप्राणघातविरतिमपि कृत्वा तं** त्रसं **ततस्त्र**सकायात् द्वीन्द्रियादिलक्षणात् **स्थावरकायमनुगतं** विचित्रकर्मपरिणामा-**त्पश्चात्पृथि**व्यादिषूत्पन्नं **घ्नतो** व्यापादयतो **ध्रुवो भङ्गो**ऽवश्यमेव भङ्गो **निवृत्तेरिति** । संभवति चैतद्यत्त्रसोऽपि मृत्वा श्रावकारम्भविषये स्थावरः प्रत्यागच्छति, स च तं व्यापादयतीति । ततश्च विशेष्यप्रत्याख्यानं कर्तव्य-मनवद्यत्वादिति ॥ १२१ ॥

આ પ્રમાણે દૃષ્ટાંતને કહીને હવે તેની દાર્ષ્ટાન્તિકમાં યોજના કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– આ પ્રમાણે સામાન્યથી જ (=કોઇ વિશેષણ લખ્યા વિના) ત્રસ પ્રાણીઓના ઘાતની વિરતિ કરીને ત્રસમાંથી સ્થાવરમાં ગયેલા તે જીવનો ઘાત કરનારને અવશ્ય વ્રતભંગ થાય.

ટીકાર્થ– આ સંભવે છે કે ત્રસ પણ પછી મરીને વિચિત્ર કર્મપરિણામથી પૃથ્વીકાયાદિ સ્થાવરમાં ઉત્પન્ન થાય, અને શ્રાવકના આરંભનો વિષય બને. શ્રાવક તેને મારે. તેથી તેના વ્રતનો ભંગ થાય. આથી વિશેષથી (=ત્રસમાં વિશેષણ ઉમેરીને) પ્રત્યાખ્યાન કરવું જોઇએ. કારણ કે તેવું પ્રત્યાખ્યાન નિર્દોષ છે. (૧૨૧)

आह च–

तसभूयपाणविरई, तब्भावंमि वि न होइ भंगाय ।
खीरविगइपच्चक्खातदहियपरिभोगकिरिय व्व ॥ १२२ ॥

[त्रसभूतप्राणविरतिः तद्भावे ऽपि न भवति भङ्गाय ।
क्षीरविकृतिप्रत्याख्यातृदधिपरिभोगक्रियावत् ॥ १२२ ॥]

त्रसभूतप्राणविरतिस्त्रसपर्यायाध्यासितप्राणवधनिवृत्तिः **तद्भावे**ऽपि स्थावरगतव्यापत्तिभावे**ऽपि न भवति** प्रत्याख्यानभङ्गाय विशेष्यकृतत्वात्, किंवत्? **क्षीरविकृतिप्रत्याख्यातुर्दधिपरिभोगक्रियावत्** न हि क्षीरविकृतिप्रत्याख्यातुर्दधिपरिभोगक्रिया प्रत्याख्यानभङ्गाय क्षीरस्यैव दधिरूपत्वापत्तावपि विशेष्यप्रत्याख्यानादिति[1] ॥ १२२ ॥

વિશેષથી પ્રત્યાખ્યાનને કહે છે–

ગાથાર્થ– ત્રસભૂત પ્રાણીઓના વધની વિરતિ ત્રસમાંથી સ્થાવરમાં ગયેલા જીવોનો નાશ થવા છતાં પ્રત્યાખ્યાનના ભંગ માટે ન થાય. દૂધ વિગઈના પ્રત્યાખ્યાનમાં દહીંભોજનની ક્રિયાની જેમ.

ટીકાર્થ– ત્રસભૂત પ્રાણીઓના વધની વિરતિ=ત્રસપર્યાયમાં રહેલા પ્રાણીઓના વધની વિરતિ.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– ત્રસ જીવોના વધની વિરતિ સ્વીકારું છું એવો નિયમ ન લેવો જોઈએ. કિંતુ વર્તમાનમાં (=જે વખતે હિંસા થઈ રહી હોય ત્યારે) જે જીવો ત્રસ હોય તે જીવોના વધની વિરતિ સ્વીકારું છું એવો નિયમ લેવો જોઈએ. આવો નિયમ લેવાથી જે જીવો ત્રસમાંથી સ્થાવર થયા હોય તે જીવોનો વધ કરવા છતાં નિયમભંગ ન થાય. કેમ કે તે જીવો વર્તમાનમાં ત્રસ નથી. જેમ કે– કોઈ મારે દૂધ વિગઈનું ભક્ષણ ન કરવું એવો નિયમ લે. આવો નિયમ લેનાર દહીંનું ભક્ષણ કરે તો તેના દૂધ વિગઈ ત્યાગના નિયમનો ભંગ ન થાય. જો કે દૂધ જ દહીં બન્યું છે, તો પણ તેણે 'મારે દૂધ વિગઈનું ભક્ષણ ન કરવું" એમ વિશેષથી પચ્ચક્ખાણ લીધું છે. (૧૨૨)

उपसंहरन्नाह–

तम्हा विसेसिऊणं, इय विरई इत्थ होइ कायव्वा ।
अब्भक्खाणं दुन्ह वि, इय करणे नावगच्छंति ॥ १२३ ॥

१. प्रत्याख्यातत्त्वादिति

[तस्माद्विशिष्य इति विरतिरत्र भवति कर्तव्या ।
अभ्याख्यानं द्वयोरपि इति करणे नावगच्छन्ति ॥ १२३ ॥]

यस्मादेवं **तस्माद्विशिष्य** भूतशब्दोपादानेन **इति** एवं **विरतिर्**निवृत्तिरत्र प्राणातिपाते **भवति कर्तव्या** अन्यथा भङ्गप्रसङ्गात् । इति पूर्वपक्षः । अत्रोत्तरमाह– **अभ्याख्यानं** तद्गुणशून्यत्वेऽपि तद्गुणाभ्युपगमलक्षणं **द्वयोरपि** प्रत्याख्यातृप्रत्याख्यापयित्रोराचार्यश्रावकयोः **इति करणे** भूतशब्दसमन्वितप्रत्याख्यानासेवने **नावगच्छन्ति** नावबुध्यन्ते पूर्वपक्षवादिन इति ॥ १२३ ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– તેથી પ્રાણાતિપાતમાં આ પ્રમાણે વિશેષથી વિરતિ કરવી જોઈએ. આ પ્રમાણે કરવામાં બંનેના અભ્યાખ્યાનને જાણતા નથી.

ટીકાર્થ– વિશેષથી=ત્રસ શબ્દ પછી ભૂત શબ્દનું ગ્રહણ કરવા વડે. કારણ કે ભૂત શબ્દનું ગ્રહણ ન કરવામાં આવે તો વ્રતભંગનો પ્રસંગ આવે.

(ત્રસવધની વિરતિ એમ નહિ, કિંતુ ત્રસભૂતના વધની વિરતિ.)

અહીં સુધી પૂર્વપક્ષ કહ્યો. હવે પૂર્વપક્ષના વાદીઓને ઉત્તર આપે છે– ભૂત શબ્દયુક્ત પ્રત્યાખ્યાન કરવામાં પૂર્વપક્ષ વાદીઓ પ્રત્યાખ્યાન કરનાર શ્રાવક અને કરાવનાર આચાર્ય એ બંનેના અભ્યાખ્યાનને જાણતા નથી. તે ગુણથી (=અમુક કોઈ ગુણથી) શૂન્યપણામાં પણ તે ગુણનો (=અમુક કોઈ ગુણનો) સ્વીકાર કરવો તે અભ્યાખ્યાન. (૧૨૩)

तथा चाह–

ओवंमे तादत्थे, व हुज्ज एसित्थ भूयसद्दो त्ति ।
उभओ पओगकरणं, न संगयं समयनीईए ॥ १२४ ॥

[औपम्ये तादर्थ्ये वा भवेदेषो ऽत्र भूतशब्द इति ।
उभयथा प्रयोगकरणं न संगतं समयनीत्या ॥ १२४ ॥]

औपम्ये तादर्थ्ये वा भवेदेषोऽत्र प्रत्याख्यानविधौ **भूतशब्द इति । उभयथापि प्रयोगकरण**मस्य **न संगतं समयनीत्या** सिद्धान्तव्यवस्थयेति[१] गाथाक्षरार्थः ॥ १२४ ॥

१. व्यवस्थित्येति

તે પ્રમાણે જ કહે છે–

ગાથાર્થ– અહીં પ્રત્યાખ્યાન વિધિમાં આ **ભૂત** શબ્દ ઉપમામાં કે તાદર્થ્યમાં છે. સિદ્ધાંત વ્યવસ્થાથી બંને રીતે એનો પ્રયોગ કરવો ઉચિત નથી. (૧૨૪)

ભાવાર્થમાહ–

ओवंमे देसो खलु, एसो सुरलोयभूय मो एत्थ ।
देसु च्चिय सुरलोगो, न होइ एवं तसा तेवि ॥ १२५ ॥

[औपम्ये देशः खल्वेष सुरलोकभूत एव अत्र ।
देश एव सुरलोको न भवति एवं त्रसास्तेऽपि ॥ १२५ ॥]

औपम्ये उपमाभावे भूतशब्दप्रयोगो यथा **देशः खल्वेष** लाटदेशादिः ऋध्यादिगुणोपेतत्वात्**सुरलोकोपमः** मो इत्यवधारणार्थो निपातः **सूरलोकभूत एव अत्रास्मिन्** पक्षे **देश** एव **सुरलोको न भवति** तेनोपमीयमानत्वाद्देशस्य **एवं त्रसास्ते ऽपि** यद्विषया निवृत्तिः क्रियते ते ऽपि त्रसा न भवन्ति त्रसभूतत्वात्त्रसैरुपमीयमानत्वादिति ॥ १२५ ॥

ઉક્ત ગાથાના ભાવાર્થને કહે છે–

ગાથાર્થ– ઉપમામાં પ્રયોગ આ પ્રમાણે છે– આ દેશ દેવલોકભૂત જ છે. આ પક્ષમાં દેશ જ દેવલોક થતો નથી. એમ જેમની (=ત્રસભૂતોની) નિવૃત્તિ કરાય છે તે પણ ત્રસ નથી.

ટીકાર્થ– કોઈ લાટ વગેરે દેશ ઋદ્ધિ વગેરે ગુણયુક્ત હોવાથી તે દેશ દેવલોકભૂત છે=દેવલોક જેવો છે એમ કહેવાય છે. આ પક્ષમાં દેશ દેવલોક જેવો કહેવાય છે, પણ દેશ દેવલોક નથી. કેમ કે જેને જેની ઉપમા અપાય તે વસ્તુ જેની ઉપમા અપાય તે વસ્તુ સ્વરૂપ ન હોય. પ્રસ્તુતમાં દેશને દેવલોકની ઉપમા અપાય છે તે દેશ દેવલોક ન બને=ન કહેવાય. તે રીતે **ત્રસભૂત** ની (=ત્રસ જેવાની) નિવૃત્તિ કરવામાં ત્રસભૂત ત્રસ નથી=અત્રસ છે. કેમ કે ત્રસોથી ઉપમા અપાય છે. (૧૨૫)

ततः किमित्याह–

अतसवहनिवित्तीए, थावरघाए वि पावए तस्स ।
वहविरइभंगदोसो, अतसत्ता थावराणं तु ॥ १२६ ॥

[अत्रसवधनिवृत्तौ स्थावरघाते ऽपि प्राप्नोति तस्य ।
वधविरतिभङ्गदोषो ऽत्रसत्वात्स्थावराणां तु ॥ १२६ ॥]

उक्तन्यायाद**त्रसवधनिवृत्तौ** सत्यां **स्थावरवधेऽपि** कृते **प्राप्नोति तस्य** निवृत्तिकर्तुर्**वधविरतिभङ्गदोषः** कुतः **अत्रसत्वात्स्थावराणामेव** अत्रसाश्च त्रसभूता भवन्तीति अवसितः औपम्यपक्षः ॥ १२६ ॥

તેથી શું થયું તે કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અત્રસવધની નિવૃત્તિમાં નિવૃત્તિ કરનારને સ્થાવરના ઘાતમાં પણ વધવિરતિ ભંગરૂપ દોષ થાય. સ્થાવરો જ અત્રસ છે. કારણ કે અત્રસ ત્રસભૂત (=ત્રસ જેવા) થાય. (૧૨૬)

सांप्रतं तादर्थ्यपक्षमाह–

तादत्थे पुण एसो, सीईभूयमुदगंति निद्दिट्ठो ।
तज्जाइअणुच्छेया, न य सो तसथावराणं तु ॥ १२७ ॥

[तादर्थ्ये पुनरेष शीतीभूतमुदकमिति निर्दिष्टः ।
तज्जात्यनुच्छेदात् न चासौ त्रसस्थावरयोस्तु ॥ १२७ ॥]

तादर्थ्ये पुनस्तदर्थभावे **पुनरेष** भूतशब्दप्रयोगः **शीतीभूतमुदक**मुष्णं सत्पर्यायान्तरमापन्न**मिति निर्दिष्टस्तल्लक्षणज्ञैः** एवं प्रतिपादितः **तज्जात्यनुच्छेदात्** अत्रापि तदुदकजात्यनुच्छेदेनैवोष्णं सच्छीतीभूतं **न चासौ** जात्यनुच्छेद-**स्त्रसस्थावरयो**र्भिन्नजातित्वादिति ॥ १२७ ॥

ઉપમા પક્ષ પૂર્ણ થયો. હવે તાદર્થ્ય પક્ષને કહે છે–

ગાથાર્થ– તાદર્થ્યમાં ભૂત શબ્દનો પ્રયોગ પાણી **शीतीभूतम्**=ઠંડું થયું એ પ્રમાણે નિર્દિષ્ટ છે. આમાં તજ્જાતિનો (=તેની જાતિનો) ઉચ્છેદ થયો નથી. ત્રસ-સ્થાવરમાં જાતિનો ઉચ્છેદ છે.

ટીકાર્થ– तादर्थ्य=तदर्थभाव. (તદર્થભાવ એટલે તેના અર્થની સત્તા. પાણી ઠંડું થયું. અહીં પાણીનો જે અર્થ તે અર્થ વિદ્યમાન છે. માત્ર તેના પર્યાયમાં પરિવર્તન થયું છે. જે પાણી ગરમ હતું તે ઠંડું થયું.)

शीतीभूतमुदकं=પાણી ઠંડું થયું. પાણી ઠંડું થયું એનો અર્થ એ છે કે શીતરૂપ અન્ય પર્યાયને પામ્યું. અહીં પાણી જાતિના ઉચ્છેદ વિના ઉષ્ણ પાણી ઠંડું થયું છે. ત્રસ-સ્થાવરમાં જાતિનો ઉચ્છેદ થાય છે. કેમ કે ત્રસ

અને સ્થાવરની જાતિ ભિન્ન છે. આથી અહીં **ત્રસભૂત** એવો પ્રયોગ જ અસંગત છે. તાદર્થ્યમાં સમાન જાતિમાં જ **ભૂત** શબ્દનો પ્રયોગ થાય, અસમાન જાતિમાં નહિ. (૧૨૭)

सिय जीवजाइमहिगिच्च अत्थि किं तीइ अपडिकुट्ठाए ।
भूअगहणेवि एवं, दोसो अणिवारणिज्जो ओ ॥ १२८ ॥

[स्याज्जीवजातिमधिकृत्यास्ति किं तया अप्रतिक्रुष्टया ।
भूतग्रहणे ऽप्येवं दोषो ऽनिवारणीय एव ॥ १२८ ॥]

स्याज्जीवजातिमधिकृत्यास्ति जात्यनुच्छेदः द्वयोरपि जीवत्वानुच्छेदादित्याशङ्क्याह– **किं तया** जीवजात्या **अप्रतिक्रुष्टया** अनिषिद्धया न तेन जीवजातिवधविरतिः कृता येन सा चिन्त्यते, ततश्च **भूतग्रहणेऽप्येवमुक्तन्यायात् दोषोऽनिवारणीय** एवेति ॥ १२८ ॥

ગાથાર્થ– ટીકાર્થ– કદાચ પૂર્વપક્ષવાદી કહે કે જીવજાતિને આશ્રયીને જાતિનો ઉચ્છેદ નથી. કેમ કે ત્રસ-સ્થાવર એ બંને જીવજાતિ છે.

આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે– જેનો નિષેધ નથી કર્યો (=જેનો નિયમ નથી લીધો) તે જીવજાતિથી શું ? શ્રાવકે જીવજાતિના વધની વિરતિ કરી નથી, જેથી તેની વિચારણા કરાય. તેથી ત્રસભૂતની હિંસા ન કરવી એમ **ભૂત** શબ્દના ગ્રહણમાં પણ ઉક્ત રીતે દોષ દૂર કરી શકાતો જ નથી. (ઉપમાપક્ષમાં સ્થાવરની હિંસામાં વ્રત ભંગ રૂપ દોષ છે. તાદર્થ્યમાં **ત્રસભૂત** પ્રયોગથી અસંગતિ રૂપ દોષ છે.) (૧૨૮)

किं च–

तसभूयावि तसच्चिय, जं ता किं भूयसद्दगहणेणं ।
तब्भावओ अ सिद्धे, हंत विसेसत्थभावम्मि ॥ १२९ ॥

[त्रसभूता अपि त्रसा एव यत्तत्किं भूतशब्दग्रहणेन ।
तद्भावत एव सिद्धे हन्त विशेषार्थभावे ॥ १२९ ॥]

त्रसभूता अपि वस्तुस्थित्या **त्रसा एव** नान्ये **यद्** यस्मादेवं **तत्** तस्मात्किं **भूतशब्दग्रहणेन** न किंचिदित्यर्थः, **तद्भावत एव** त्रसभावत एव **सिद्धे हन्त विशेषार्थभावे** त्रसपर्यायलक्षणे, न हि त्रसपर्यायशून्यस्य त्रसत्वमिति ॥ १२९ ॥

વળી–

ગાથાર્થ– ત્રસભૂત પણ ત્રસ જ છે. ત્રસભાવથી જ ત્રસપર્યાયરૂપ વિશેષ અર્થભાવ સિદ્ધ થઈ જાય છે. તેથી '**ભૂત**' શબ્દ ગ્રહણથી શું ?

ટીકાર્થ– ત્રસભૂત પણ જીવો પરમાર્થથી ત્રસ જ છે, બીજા નથી. તથા ત્રસભાવથી જ ત્રસપર્યાયરૂપ વિશેષ અર્થભાવ (=વિશેષ અર્થનું હોવાપણું) સિદ્ધ થાય છે. કારણ કે ત્રસપર્યાયથી શૂન્યમાં ત્રસપણું ન હોય. આથી 'ભૂત' શબ્દના ગ્રહણની કોઈ જરૂર નથી. (૧૨૯)

किं च–

थावरसंभारकडेण कम्मणा जं च थावरा भणिया ।
इयरेणं तु तसा खलु, इत्तो च्चिय तेसि भेओ उ ॥ १३० ॥

[स्थावरसंभारकृतेन कर्मणा यच्च स्थावरा भणिताः ।
इतरेण तु त्रसाः खलु अत एव तयोर्भेदः ॥ १३० ॥]

स्थावरसंभारकृतेन पृथिव्यादिनिचयनिवर्तितेन **कर्मणा यच्च** यस्माच्च **स्थावरा भणिताः** परममुनिभिरिति गम्यते **इतरेण तु** त्रससंभारकृतेन तुरवधारणे त्रससंभारकृतेनैव **त्रसाः खल्विति** त्रसा एव खलुशब्दस्यावधारणार्थत्वात् **अत एवास्मादेव** निमित्तभेदात्**तयोस्त्रसस्थावरयोर्भेदः**, तस्मिन्सति अनर्थको भूतशब्द इति ॥ १३० ॥

વળી–

ગાથાર્થ– સ્થાવરસમૂહથી કરેલા કર્મથી જીવો સ્થાવર કહેવાયા છે, અને ત્રસસમૂહથી કરાયેલા કર્મથી ત્રસ જ કહેવાયા છે. નિમિત્તભેદથી જ તે બેનો ભેદ છે.

ટીકાર્થ– અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– જે જીવોએ ગતભવમાં સ્થાવર નામકર્મ બાંધ્યું તે જીવો વર્તમાનભવમાં સ્થાવર નામકર્મના ઉદયથી સ્થાવર કહેવાય છે. જે જીવોએ ગતભવમાં ત્રસનામકર્મ બાંધ્યું છે તે જીવો વર્તમાનભવમાં ત્રસ નામકર્મના ઉદયથી ત્રસ કહેવાય છે. આમ નિમિત્તના ભેદથી જ ત્રસ-સ્થાવરનો ભેદ સિદ્ધ થયે છતે ભૂત શબ્દનો પ્રયોગ નિરર્થક છે. (૧૩૦)

इदानीं दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमाह–

नागरगंमि वि गामाइसंकमे अवगयंमि तब्भावे ।
नत्थि हु वहे वि भंगो, अणवगए किमिह गामेण ॥ १३१ ॥

[नागरकेऽपि ग्रामादिसंक्रमे अपगते तद्भावे ।
नास्त्येव वधेऽपि भङ्गोऽनपगते किमिह ग्रामेण ॥ १३१ ॥]

नागरकेऽपि दृष्टान्ततयोपन्यस्त इदं चिन्त्यते । **ग्रामादिसंक्रमे** तस्य किमसौ नागरकभावोऽपैति वा न वा । यद्यपैति ततो ग्रामादिसंक्रमे सति, **अपगते तद्भावे** नागरकभावे **नास्त्येव वधेऽपि भङ्गः** प्रत्याख्यानस्य तथाभिसन्धेः । अथ नापैत्यत्राह– अनपगते आपुरुषमभिसन्धिना अनिवृत्ते नागरकभावे **किमिह ग्रामेण** तत्रापि वधविरतिविषयस्तथापुरुषभावानिवृत्तेरिति ॥ १३१ ॥

હવે દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકની વિષમતાને કહે છે–

ગાથાર્થ– નગરજનમાં પણ આ વિચારાય છે– નગરજન ગામ આદિમાં જાય ત્યારે જો તેનું નગરજનપણું જતું રહેતું હોય તો તેના વધમાં પણ વ્રતભંગ નથી. જો નગરજનપણું રહેતું હોય તો અહીં ગામથી શું ?

ટીકાર્થ– પૂર્વે ૧૨૦મી ગાથામાં પૂર્વપક્ષવાદીએ ત્રસવધની નિવૃત્તિ નહિ, કિંતુ ત્રસભૂતવધની નિવૃત્તિ કરવી જોઈએ એવા પોતાના મતના સમર્થનમાં નગરજનનું દૃષ્ટાંત કહ્યું હતું. અહીં એ દૃષ્ટાંતની વિષમતા જણાવવા બે પક્ષ સ્થાપ્યા છે. તે આ પ્રમાણે– નગરજન (=નગરનો માણસ) ગામ વગેરે સ્થળે જાય ત્યારે તેનું નગરજનપણું (=નાગરિકતા) રહે છે કે નહિ ? (૧)

વ્રત કરનારના તેવા પ્રકારના આશયથી (=નગરજન નગરમાં હોય ત્યારે ન મારવો એવા આશયથી) ગામ આદિ સ્થળે નગરજનપણું ન રહેતું હોય તો ત્યાં વધ કરવામાં વ્રતભંગ નથી. (૨) જો તેવા પ્રકારના આશયથી (નગરજન નગરમાં હોય કે નગરની બહાર ગમે ત્યાં હોય તો પણ નગરજનને ન મારવો એવા આશયથી) ગામ વગેરે સ્થળે નગરજનપણું રહેતું હોય તો ગામથી શું ? અર્થાત્ ગામમાં પણ નગરજન સંબંધી વધવિરતિ છે. કારણ કે તેવા પ્રકારના પુરુષભાવની (=નગરજનના ભાવની) નિવૃત્તિ થઈ નથી.

(અહીં ભાવ એ છે કે ઉક્ત દૃષ્ટાંતમાં એક જ પુરુષને આશ્રયીને નગરમાં કે નગરની બહાર એમ બંને રીતે વધ વિરતિ થઈ શકે છે. જ્યારે ત્રસમાં તેમ થઈ શકતું નથી. ત્રસમાં જીવ ત્રસપણામાં હોય ત્યારે જ વધવિરતિ થઈ શકે છે. આથી દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિકમાં વિષમતા છે. આ જ વિષયને નીચેની ગાથામાં કહે છે.) (૧૩૧)

न य सइ तसभावंमि, थावरकायगयं तु सो वहइ ।
तम्हा अणायमेयं, मुद्धमइविलोहणं नेयं ॥ १३२ ॥

[न च सति त्रसभावे स्थावरकायगतमसौ हन्ति ।
तस्मादज्ञातमेतत् मुग्धमतिविलोभनं ज्ञेयम् ॥ १३२ ॥]

न च सति त्रसभावे नैव विद्यमान एव त्रसत्वे **स्थावरकायगतमसौ हन्ति** अपरित्यक्ते त्रसत्वे स्थावरकायगमनाभावात् **तस्मादज्ञातमेतत्** उक्तन्यायादनुदाहरणमेतत् **मुग्धमतिविलोभनं ज्ञेयं** ऋजुमतिविस्मयकरं ज्ञातव्यमिति ॥ १३२ ॥

ગાથાર્થ– ટીકાર્થ– ત્રસવધનું વ્રત લેનાર શ્રાવક જ્યારે જીવનું ત્રસપણું વિદ્યમાન હોય ત્યારે સ્થાવરકાયમાં ગયેલા તેને હણતો નથી. કારણ કે ત્રસપણું વિદ્યમાન હોય ત્યારે તે જીવ સ્થાવરકાયમાં જઈ શકતો નથી. તેથી હમણાં કહ્યું તે રીતે આ દૃષ્ટાંત અહીં સંગત નથી, માત્ર સરળ મતિવાળા જીવોને વિસ્મય કરનારું જાણવું. (૧૩૨)

संसारमोचकमत (गा. १३३-१९३)

इदानीं अन्यद् वादस्थानकम्–

अन्ने उ दुहियसत्ता, संसारं परिअडंति पावेण ।
वावाएयव्वा खलु, ते तक्खवणट्ठया बिंति ॥ १३३ ॥

[अन्ये तु दुःखितसत्त्वाः संसारं पर्यटन्ति पापेन ।
व्यापादयितव्याः खलु ते तत्क्षपणार्थं ब्रुवते ॥ १३३ ॥]

अन्ये तु संसारमोचका **ब्रुवत** इति योगः । किं ब्रुवत इत्याह– **दुःखितसत्त्वाः** कृमिपिपीलिकादयः **संसारं पर्यटन्ति** संसारमवगाहन्ते **पापेना**पुण्येन हेतुना यतश्चैवमतो **व्यापादयितव्याः खलु ते** खल्वित्यवधारणे व्यापादयितव्या एव ते दुःखितसत्त्वाः, किमर्थमित्याह– **तत्क्षपणार्थं** पापक्षपणनिमित्तमिति ॥ १३३ ॥

હવે બીજું વાદસ્થાન

ગાથાર્થ– ટીકાર્થ– દુઃખયુક્ત કૃમિ-કીડી વગેરે જીવો પાપથી સંસારમાં ભમે છે. આથી પાપના નાશ માટે તે જીવોને મારી નાખવા જ જોઈએ. એમ બીજાઓ=સંસારમોચકો કહે છે. (૧૩૩)

તા પાણવહનિવિત્તી, નો અવિસેસેણ હોઇ કાયવ્વા ।
અવિ અ સુહિએસુ અન્નહ, કરણિજ્જનિસેહણે દોસો ॥ ૧૩૪ ॥

[તત્પ્રાણવધનિવૃત્તિઃ નો અવિશેષેણ ભવતિ કર્તવ્યા ।
અપિ ચ સુખિતેષુ અન્યથા કરણીયનિષેધને દોષઃ ॥ ૧૩૪ ॥]

યસ્માદેવં **તત્** તસ્માત્**પ્રાણવધનિવૃત્તિર્નાવિશેષેણ ભવતિ કર્તવ્યા અપિ ચ સુખિતેષુ** સુખિતવિષયે કર્તવ્યા તદ્વ્યાપાદન એવ દોષસંભવાદ્**અન્યથા** યદ્યેવં ન ક્રિયતે તતઃ **કરણીયનિષેધને દોષઃ**। કર્તવ્યો હિ પરલોકાર્થિના દુઃખિતાનાં પાપ-ક્ષયઃ। તન્નિવૃત્તિકરણે પ્રવ્રજ્યાદિદાનનિવૃત્તિકરણવદ્દોષ ઇત્યેષ પૂર્વપક્ષઃ ॥ ૧૩૪ ॥

ગાથાર્થ– તેથી પ્રાણવધનિવૃત્તિ સામાન્યથી ન કરવી જોઈએ, કિંતુ સુખી જીવોને આશ્રયીને કરવી જોઈએ. અન્યથા કર્તવ્યના નિષેધમાં દોષ થાય.

ટીકાર્થ– દુઃખી જીવોને તો મારી જ નાખવા જોઈએ તેથી પ્રાણવધની નિવૃત્તિ (=કોઈપણ ત્રસ જીવનો વધ ન કરવો એમ) સામાન્યથી ન કરવી જોઈએ, કિંતુ (સુખી ત્રસ જીવોનો વધ ન કરવો એમ) સુખી જીવોને આશ્રયીને કરવી જોઈએ. કારણ કે સુખી જીવોને જ મારવામાં દોષ થાય, દુઃખી જીવોને મારવામાં દોષ ન થાય. જો (સુખી ત્રસ જીવોનો વધ ન કરવો) એમ ન કરવામાં આવે તો જે (=દુઃખી જીવોને મારી નાખવા એ) કરવા યોગ્ય તેનો નિષેધ કરવામાં દોષ થાય. પરલોકના અર્થી જીવોએ દુઃખીઓના પાપનો ક્ષય કરવો જોઈએ. દુઃખીઓના પાપક્ષયની નિવૃત્તિ (=વિરતિ) કરવામાં પ્રવ્રજ્યાદિના દાનની નિવૃત્તિ કરવાની (=દીક્ષાદિને આપનારને રોકવાની) જેમ દોષ છે. આ પૂર્વપક્ષ છે. (૧૩૪)

અત્રોત્તરમાહ–

તહવહભાવે પાવક્ખઓ ત્તિ ન ઉ અટ્ટઝ્ઝાણઓ બંધો ।
તેસિમિહ કિં પ્રમાણં, નારગનાઓવગં વયણં ॥ ૧૩૫ ॥

[તથાવધભાવે પાપક્ષય ઇતિ ન ત્વાર્તધ્યાનતો બન્ધઃ ।
તેષામિહ કિં પ્રમાણં નારકન્યાયોપગં વચનમ્ ॥ ૧૩૫ ॥]

तथा तेन प्रकारेण **वधभावे** व्यापत्तिकरणे **पापक्षय** एव **न त्वार्तध्यानतो बन्धस्तेषां** दुःखितानामपि किं प्रमाणं न किंचिदित्यर्थः, **अत्राह– नारकन्यायोपगं वचनं** नारकन्यायानुसारि वचनं **प्रमाणमिति** ॥ १३५ ॥

અહીં ઉત્તર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– તે રીતે મારી નાખવામાં દુઃખી જીવોને પાપક્ષય જ થાય, આર્ત્તધ્યાનથી કર્મબંધ ન થાય તેમાં શું પ્રમાણ છે ? અર્થાત્ કોઇ પ્રમાણ નથી. અહીં પૂર્વપક્ષવાદી કહે છે– નારકોના દૃષ્ટાંતને અનુસરનારું વચન પ્રમાણ છે. (૧૩૫)

एतदेव भावयति–

तेसिं वहिज्जमाण वि, परमाहम्मिअसुरेहि अणवरयं ।
रुद्दज्झाणगयाण वि, न तहा बंधो जहा विगमो ॥ १३६ ॥

[तेषां वध्यमानानामपि परमाधार्मिकसुरैरनवरतम् ।
रौद्रध्यानगतानामपि न तथा बन्धो यथा विगमः ॥ १३६ ॥]

तेषां नारकाणां **वध्यमानानां** हन्यमानानामपि **कैः परमाधार्मिकसुरैरम्बादिभिरनवरतं** सततं **रौद्रध्यानगतानामपि न तथा बन्धो यथा विगमः** कर्मणो दुःखानुभवादिति गाथार्थः ॥ १३६ ॥

આ જ વિચારે છે–

ગાથાર્થ– ટીકાર્થ– પરમાધામી દેવોથી સતત હણાતા નારકો રૌદ્રધ્યાનને પામેલા હોવા છતાં તેમને તેટલો કર્મબંધ થતો નથી કે જેટલો દુઃખના અનુભવથી કર્મક્ષય થાય છે. (૧૩૬)

कथमेतन्निश्चीयत इत्यत्राह–

नरगाऊबंधविरहा, अणंतरं तंमि अणुववत्तीओ ।
तदभावेवि य खवणं, परुप्परं दुक्खकरणाओ ॥ १३७ ॥

[नरकार्युर्बन्धविरहादनन्तरं तस्मिन्ननुत्पत्तेः ।
तदभावेऽपि च क्षपणं परस्परं दुःखकरणात् ॥ १३७ ॥]

नरकायुर्बन्धविरहात् न कदाचिन्नारको नरकायुर्बध्नाति, अत्रैव युक्तिमाह– **अनन्तरं** नरकोद्वर्तनसमनन्तरमेव **तस्मिन्नरक** एवानुत्पत्तेरनुत्पादात् न चाव्यवहितमुत्पद्यत इति सिद्धान्तः, ततश्च यथेदं न वध्नाति तथान्यद-

पीत्यभिप्रायः । **तदभावेऽपि च** परमाधार्मिकाद्यभावेऽपि च पङ्कादिपृथिवीषु **क्षपणं** कर्मणस्तेषां **परस्परं दुःखकरणाद**न्योन्यपीडाकरणेन "परस्परोदीरितदुःखाः" (तत्त्वार्थाधिगमसूत्रम् ३/४) इति वचनात् नान्यनिमित्तं क्षपणमिति (? नानिमित्तं क्षपणमिति) ॥ १३७ ॥

આ કેવી રીતે નિશ્ચિત કરી શકાય એ અંગે કહે છે–

ગાથાર્થ– અનંતર નરકમાં ઉત્પત્તિ થતી ન હોવાના કારણે નરકાયુના બંધના અભાવથી આ નિશ્ચિત કરી શકાય છે. પરમાધામીના અભાવમાં પણ પરસ્પર દુઃખ કરવાથી કર્મક્ષય થાય છે.

ટીકાર્થ– નારકોની નરકમાંથી નીકળીને તરત જ નરકમાં ઉત્પત્તિ થતી નથી. એક ભવના વ્યવધાન વિના નારકો નરકમાં ઉત્પન્ન ન થાય એવો સિદ્ધાંત છે. આથી નારકો નરકાયુ બાંધતા નથી.

ચોથી વગેરે પૃથ્વીમાં પરમાધામીઓ ન હોવા છતાં નારકો પરસ્પર દુઃખ ઉત્પન્ન કરીને કર્મક્ષય કરે છે. ચોથી વગેરે નરકમાં પરસ્પર દુઃખ હોય એ વિષે "નારકો પરસ્પર ઉદીરિત (=નરકના જીવોથી પરસ્પર કરાતા) દુઃખવાળા હોય છે." એવું વચન છે. [1]નિમિત્ત વિના કર્મક્ષય નથી. (૧૩૭)

स्यादप्रतिष्ठाने नान्यनिमित्तमित्येतदाशङ्क्याह–

अपइट्ठाणंमि वि संकिलेसओ चेव कम्मखवणं त्ति ।
न हि तयभावंमि सुरो, तत्थ वि य खवेइ तं कम्मं ॥ १३८ ॥

[अप्रतिष्ठानेऽपि संक्लेशत एव कर्मक्षपणमिति ।
न हि तदभावे सुरस्तत्रापि च क्षपयति तत्कर्म ॥ १३८ ॥]

अप्रतिष्ठानेऽपि सप्तमनरकपृथिवीनरके[2] **संक्लेशत एव** तथोत्क्षेपनिपातजनितदुःखादेव **कर्मक्षपणमिति** नान्यथा, **न यस्मात्तदभावे** संक्लेशाभावे **सुरो** देव**स्तत्रापि** नरके यथासंभवं कथञ्चिद् गतः सन् **च**शब्दादन्यत्र च संक्लेशरहितः **क्षपयति तत्कर्म** यत्प्रवाहतो नरकवेदनीयमिति ॥ १३८ ॥

---

१. અહીં **नान्यनिमित्तं क्षपणमिति** એ પાઠના સ્થાને **नानिमित्तं क्षपणं** એવો પાઠ હોવો જોઈએ એમ સમજીને એ પાઠ પ્રમાણે અર્થ કર્યો છે.

૨. सप्तमनरके.

અપ્રતિષ્ઠાન નરકાવાસમાં અન્યનિમિત્ત નથી તો ત્યાં કર્મક્ષય કેવી રીતે થાય ? એવી આશંકા કરીને કહે છે–

ગાથાર્થ– અપ્રતિષ્ઠાનમાં પણ સંક્લેશથી જ કર્મક્ષય છે. દેવ નરકમાં પણ સંક્લેશના અભાવમાં તે કર્મ ખપાવતો નથી.

ટીકાર્થ– સાતમી નરક પૃથ્વીના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં પણ (ઉત્પત્તિના સમયે) તે રીતે ઊંચે ઉછળવું અને નીચે પતન આદિથી થયેલા દુઃખથી જ કર્મક્ષય થાય છે, બીજી રીતે નહિ. કોઈ પણ રીતે નરકમાં પણ ગયેલ કે બીજા કોઈ સ્થળે ગયેલ દેવ જે કર્મ નરકમાં પ્રવાહથી વેદવા યોગ્ય છે તે કર્મને સંક્લેશના અભાવમાં ખપાવતો નથી. (૧૩૮)

उपसंहरन्नाह–

तम्हा ते वहमाणो, अट्टज्झाणाइगं जणंतो वि ।
तक्कम्मक्खयहेउं, न दोसवं होइ णायव्वो ॥ १३९ ॥

[तस्मात्तान् घ्नन्नार्तध्यानादिकं जनयन्नपि ।
तेषां कर्मक्षयहेतुर्न दोषवान् भवति ज्ञातव्यः ॥ १३९ ॥]

यस्मादेवं **तस्मात्तान्** दुःखितान्प्राणिनः **घ्नन्** व्यापादयन् **आर्तध्यानादिकं जनयन्नपि** आर्तरौद्रध्यानं चित्रं च संक्लेशं कुर्वन्नपि **तेषां कर्मक्षयहेतुस्तेषां** दुःखितानां कर्मक्षयनिमित्तमिति कृत्वा **न दोषवान् भवति ज्ञातव्यः** संसारमोचक इति अयमपि पूर्वपक्षः ॥ १३९ ॥

પૂર્વપક્ષનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– તેથી તેમને હણતો આર્ત્તધ્યાન વગેરે ઉત્પન્ન કરતો હોવા છતાં તેમના કર્મક્ષયનો હેતુ હોવાથી દોષિત ન જાણવો.

ટીકાર્થ– સંક્લેશ વિના કર્મક્ષય નથી તેથી દુઃખી જીવોને હણતો સંસારમોચક જો કે દુઃખી જીવોના આર્ત્ત-રૌદ્રધ્યાનને અને વિચિત્ર સંક્લેશને ઉત્પન્ન કરે છે, તો પણ તે દુઃખી જીવોના કર્મક્ષયનું કારણ બનતો હોવાથી દોષિત નથી. આ પણ પૂર્વ પક્ષ છે. (૧૩૯)

अत्रोत्तरमाह–

चिट्ठउ ता इह अन्नं, तक्खवणे तस्स को गुणो होइ ।
कम्मक्खउ त्ति तं तुह, किंकारणगं विणिद्दिट्ठं ॥ १४० ॥

[तिष्ठतु तावदिहान्यत्तत्क्षपणे तस्य को गुणो भवति ।
कर्मक्षय इति तत्तव किंकारणकं निर्दिष्टम् ॥ १४० ॥]

तिष्ठतु तावदिह प्रक्रमेऽन्यद्वक्तव्यं **तत्क्षपणे** दुःखितसत्त्वकर्मक्षपणे **तस्य** क्षपयितुर्दुःखितसत्त्वव्यापादकस्य **को गुणो भवति** न हि फलमनपेक्ष्य प्रवर्तते प्रेक्षावानिति, अथैवं मन्यसे **कर्मक्षय इति** कर्मक्षयो गुण इत्याशङ्क्याह– **तत्कर्म तव** हे वादिन् **किंकारणं** किंनिमित्तं **निर्दिष्टं** प्रतिपादितं शास्त्र इति ॥ १४० ॥

અહીં ઉત્તર કહે છે–

ગાથાર્થ– પ્રસ્તુતમાં બીજું વક્તવ્ય એક બાજુ રહો. દુઃખી જીવોના કર્મક્ષયમાં કર્મક્ષય કરાવનારને શો લાભ થાય છે ? જો કર્મક્ષય (=પોતાના કર્મોનો ક્ષય) એ લાભ છે તો કર્મ કયા કારણવાળું કહ્યું છે ?

ટીકાર્થ– અહીં વાદીને ગ્રંથકારે પ્રશ્ન પૂછ્યો કે દુઃખી જીવોના કર્મનો ક્ષય થાય તેમાં દુઃખી જીવોને મારીને કર્મક્ષય કરાવનારને શો લાભ થાય છે ? આમ પૂછવાનું કારણ એ છે કે વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષો ફલની અપેક્ષા વિના પ્રવૃત્તિ ન કરે.

હવે જો તમે મારનારના કર્મનો ક્ષય થાય એ લાભ છે એમ માનો છો તો હે વાદી ! કર્મબંધ કયા કારણવાળું શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે ? અર્થાત્ શાસ્ત્રમાં કયા કારણથી કર્મબંધ થાય છે એમ જણાવ્યું છે ? (૧૪૦)

अन्नाणकारणं जइ, तदवगमा चेव अवगमो तस्स ।
किं वहकिरियाइ तओ, विवज्जओ तीइ अह हेऊ ॥ १४१ ॥

[अज्ञानकारणं यदि तदपगमादेवापगमस्तस्य ।
किं वधक्रियया ततः विपर्ययः तस्या अथ हेतुः ॥ १४१ ॥]

अज्ञानकारणं अज्ञाननिमित्तं **यदि** एतदाशङ्क्याह– **तदपगमादेवा**ज्ञाननिवृत्तेरे-**वापगमस्तस्य** निवृत्तिस्तस्य कर्मणः कारणाभावात् कार्याभाव इति न्यायात्**किं वधक्रियया ततः** अप्रतिपक्षत्वात्तस्या **विपर्ययः तस्या** वधक्रियायाः **अथ हेतु**रवधक्रियैवेति ॥ १४१ ॥

ગાથાર્થ– જો અજ્ઞાન કારણ છે તો અજ્ઞાનની નિવૃત્તિ થવાથી કર્મની નિવૃત્તિ થાય. તેથી વધક્રિયાથી શું ? હવે જો વધક્રિયાનો વિપર્યય અવધક્રિયા કર્મબંધનો હેતુ છે.

ટીકાર્થ– જો કર્મબંધનું કારણ અજ્ઞાન છે તો અજ્ઞાનની નિવૃત્તિ થવાથી જ કર્મબંધની નિવૃત્તિ થઈ જાય. કેમ કે કારણનો અભાવ થવાથી કાર્યનો અભાવ થઈ જાય એવો નિયમ છે. તેથી જીવવધ કરવાનું કોઈ પ્રયોજન નથી. કારણ કે જીવવધ ક્રિયા કર્મબંધની પ્રતિપક્ષ નથી. જો જીવવધ ક્રિયા કર્મબંધની પ્રતિપક્ષ (=વિરોધી) હોય તો તેનાથી કર્મક્ષય થાય. પણ જીવવધક્રિયા કર્મબંધની પ્રતિપક્ષ નથી. હવે જો તમે કહો કે વધક્રિયાથી કર્મક્ષય થાય છે. તેથી વધક્રિયાનો વિપર્યય જે અવધક્રિયા (=જીવોનો વધ ન કરવો) તે કર્મનું (=કર્મબંધનું) કારણ છે. (૧૪૧)

एतदाशङ्क्याह–

मुत्ताण कम्मबंधो, पावइ एवं निरत्थगा मुत्ती ।
अह तस्स पुन्नबंधो, तओ वि नो अंतरायाओ ॥ १४२ ॥

[मुक्तानां कर्मबन्धः प्राप्नोति एवं निरर्थका मुक्तिः ।
अथ तस्य पुण्यबन्धः तकोऽपि नान्तरायात् ॥ १४२ ॥]

मुक्तानां कर्मबन्धः प्राप्नोति तस्यावधक्रियानिमित्तत्वात् मुक्तानां चावधक्रियोपेतत्वात्, **एवं निरर्थका मुक्तिर्**बन्धोपद्रुतत्वात् । **अथै**वं मन्यसे **तस्य** दुःखितसत्त्वव्यापादकस्य **पुण्यबन्धो** गुणो न तु कर्मक्षय इत्येतदाशङ्क्याह–**तकोऽपि न** असावपि गुणो **नान्तरायात्**कारणादिति ॥ १४२ ॥

આની આશંકા કરીને કહે છે–

ગાથાર્થ– મુક્ત જીવોને કર્મબંધ પ્રાપ્ત થાય. એ પ્રમાણે મુક્તિ નિરર્થક બને. હવે જો તું એમ માને કે દુઃખી જીવોને મારનારને પુણ્યબંધ થાય, તો તે પણ ગુણ નથી. કેમ કે તેમને પુણ્યબંધનો અંતરાય થાય.

ટીકાર્થ– જો અવધક્રિયા કર્મનું કારણ હોય તો મુક્ત જીવોને કર્મબંધનો પ્રસંગ આવે. કારણ કે કર્મબંધનું કારણ અવધક્રિયા છે. મુક્તજીવો અવધક્રિયાથી યુક્ત છે. આ પ્રમાણે મુક્તિ કર્મબંધના ઉપદ્રવવાળી હોવાથી નિરર્થક બને. હવે જો તમે એમ માનો કે દુઃખી જીવોનો વધ કરનારને કર્મક્ષય નહિ, કિંતુ પુણ્યબંધ થાય, તો તે પુણ્યબંધ પણ ગુણરૂપ નથી. કેમ કે તેમને પુણ્યબંધનો અંતરાય થાય. (૧૪૨)

एतदेव भावयति–

वहमाणो ते नियमा, करेइ वहपुन्नमंतरायं से ।
ता कह णु तस्स पुन्नं, तेसिं खवणं व हेऊओ ॥ १४३ ॥

[घ्नन् तान् नियमात्करोति वधपुण्यान्तरायममीषाम् ।
तत्कथं तु तस्य पुण्यं तेषां क्षपणवदहेतुकत्वात् ॥ १४३ ॥]

घ्नन् व्यापादयं**स्तान्** दुःखितसत्त्वा**न्नियमाद**वश्यमेव **करोति** निर्वर्तयति असौ व्यापादकः **वधपुण्यान्तरायममीषां** दुःखितसत्त्वानां जीवन्तो हि तेऽन्यदुःखितवधेन पुण्यं कुर्वन्ति व्यापादने च तेषां अन्यवधाभावात्पुण्यान्तरायं यस्मादेवं **तत्** तस्मात्**कथं नु तस्य** व्यापादकस्य **पुण्यं** नैवेत्यर्थः कुतः अहेतुकत्वादिति योगः । न ह्यन्यपुण्यान्तरायकरणं पुण्यहेतुरिति सिद्ध एव हेतुः । दृष्टान्तमाह– **तेषां क्षपणवत्** तेषां दुःखितसत्त्वानां व्यापाद्यमानानां कर्मक्षपणवदिति, अयमत्र भावार्थः– दुःखितसत्त्वव्यापत्त्या कर्मक्षय इत्यभ्युपगमः ततश्च व्यापाद्यमानानामन्यव्यापादनाभावा**दहेतुकत्वात्**कुतः कर्मक्षय इति ॥ १४३ ॥

આને જ (મરનારાઓને પુણ્યબંધનો અંતરાય થાય એ વિષયને) વિચારે છે–

ગાથાર્થ– તેમને હણતો તે અવશ્ય એમના વધપુણ્યના અંતરાયને કરે છે. તેથી તેને પુણ્ય કેવી રીતે થાય ? કેમ કે કોઇ હેતુ નથી. તેમના કર્મક્ષયની જેમ.

ટીકાર્થ– દુઃખી જીવોને હણતો તે અવશ્ય દુઃખી જીવોના વધપુણ્યના=વધ નિમિત્તે થનારા પુણ્યના અંતરાયને કરે છે. અહીં ભાવાર્થ આ છે– જો તેણે દુઃખી જીવોને માર્યા ન હોત તો જીવતા રહેલા તે જીવો અન્ય જીવોનો વધ કરીને પુણ્યબંધ કરત. પણ તેણે મારી નાખ્યા તેથી તે જીવો અન્ય જીવોનો વધ કરીને પુણ્યબંધ કરી ન શક્યા. આમ દુઃખી જીવોનો વધ કરનાર દુઃખી જીવોના વધપુણ્યના=અન્ય જીવોનો વધ કરીને થનારા પુણ્યના અંતરાયને કરે છે. તેથી દુઃખી જીવોને હણનારને પુણ્યબંધ કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. કેમ કે (**અહેતુકત્વાદ્**=) પુણ્યબંધનું કોઇ કારણ નથી. અન્યના પુણ્યમાં અંતરાય કરવો એ પુણ્યનો હેતુ ન બને. આ પ્રમાણે **અહેતુકત્વ** હેતુ સિદ્ધ જ છે.

હવે દૃષ્ટાંતને કહે છે– તેમના કર્મક્ષયની જેમ. તેમના=મરાતા દુઃખી જીવોના કર્મના ક્ષયની જેમ. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– વાદીએ દુઃખી જીવોને મારવાથી મારનારના કર્મનો ક્ષય થાય એમ પૂર્વે સ્વીકાર્યું છે. તેના આ સિદ્ધાંત પ્રમાણે આ નિશ્ચિત થાય છે કે, જે જીવોને મારી

નાખવામાં આવે છે તે જીવો મરાયા ન હોત તો જીવતા રહેલા તે જીવો અન્ય જીવોનો વધ કરીને સ્વકર્મક્ષય કરત. પણ તેમને મારી નાખવામાં આવ્યા, તેથી તે જીવો અન્ય જીવોનો વધ કરીને સ્વકર્મક્ષય ન કરી શક્યા. આમ દુઃખી જીવોનો વધ કરનાર દુઃખી જીવોના કર્મક્ષયના અંતરાયને કરે છે. તેથી દુઃખી જીવોને હણનારને સ્વકર્મક્ષય ન થાય. કારણ કે કર્મક્ષયનું કોઇ કારણ નથી. જે બીજાના કર્મક્ષયમાં અંતરાય કરે તેને સ્વકર્મક્ષય ન થાય. આ પ્રમાણે દુઃખી જીવોને હણનારને જેમ સ્વકર્મક્ષય ન થાય, તેમ પુણ્યબંધ પણ ન થાય. (૧૪૩)

अह सगयं वहणं चिय, हेऊ तस्स त्ति किं परवहेणं ।
अप्पा खलु हंतव्वो, कम्मक्खयमिच्छमाणेणं ॥ १४४ ॥

[अथ स्वगतं हननमेव हेतुस्तस्य इति किं परवधेन ।
आत्मैव हन्तव्यः कर्मक्षयमिच्छता ॥ १४४ ॥]

अथैवं मन्यसे **स्वगतमात्मगतं हननमेव** जिघांसनमेव **हेतुस्तस्य** कर्मक्षयस्यैतदाशङ्क्याह– **इति किं परवधेन** एवं न किंचित्परव्यापादने**नात्मैव हन्तव्यः कर्मक्षयमिच्छता** स्वगतवधस्यैव तन्निमित्तत्वादिति ॥ १४४ ॥

ગાથાર્થ– હવે જો પોતાનો વધ કરવો એ જ કર્મક્ષયનું કારણ છે તો બીજાને હણવાથી શું ? કર્મક્ષયના અભિલાષીએ સ્વનો જ વધ કરવો જોઇએ. કારણ કે સ્વવધ જ કર્મક્ષયનું કારણ છે. (૧૪૪)

अह उभयक्खयहेऊ, वहु त्ति नो तस्स तन्निमित्ताओ ।
अविरुद्धहेउजस्स य, न निवित्ती इयरभावे वि ॥ १४५ ॥

[अथोभयक्षयहेतुर्वध इति न तस्य तन्निमित्तत्वात् ।
अविरुद्धहेतुजस्य च न निवृत्तिरितरभावेऽपि ॥ १४५ ॥]

अथैवं मन्यसे **उभयक्षयहेतुर्वधः** व्यापाद्यव्यापादककर्मक्षयहेतुर्व्यापादनं कर्तृ-कर्मभावेन तदुभयनिमित्तत्वाद**स्येत्ये**तदाशङ्क्याह– **नैतदेवं कुतस्तस्य** कर्मणस्त**न्नि-मित्तत्वात्त**द्विरुद्धवधक्रियाजन्यत्वात्, यदि नामैवं ततः किमिति अत्राह– **अविरुद्ध-हेतुजस्य च** निवृत्तिहेतुत्वाभिमताविरुद्धकारणजन्यस्य च वस्तुनो **न निवृत्ति**र्न विनाशः **इतरभावेऽपि** विनाशकारणाविरोधिपदार्थभावेऽपीति॥ १४५ ॥

ગાથાર્થ– હવે જો વધ ઉભયક્ષયનો હેતુ છે એમ માનવામાં આવે તો તે ન ઘટી શકે. કારણ કે કર્મ કર્મક્ષયથી વિરુદ્ધ વધક્રિયાથી થાય

છે. અવિરુદ્ધ હેતુથી થનારી વસ્તુનો વિનાશ કારણથી અવિરુદ્ધ પદાર્થની વિદ્યમાનતામાં પણ વિનાશ ન થાય.

ટીકાર્થ– હવે જો વાદી એમ માને કે દુઃખી જીવોનો વધ મરનાર અને મારનાર એ બંનેના કર્મક્ષયનો હેતુ છે. કારણ કે વધમાં મરનાર-મારનાર બંને કારણ છે. મારનાર કર્તૃભાવથી વધમાં કારણ છે અને મરનાર કર્મભાવથી વધમાં કારણ છે. વાદીની આ માન્યતા ઘટે તેવી નથી. કારણ કે કર્મ (=કર્મબંધ) કર્મક્ષયથી વિરુદ્ધ એવી વધક્રિયાથી થાય છે.

અહીં આ સિદ્ધાંત છે કે વિનાશના કારણ તરીકે જે અભિમત હોય તેના અવિરોધી કારણથી ઉત્પન્ન થનાર વસ્તુનો વિનાશનું કારણ એવા અવિરોધી પદાર્થની વિદ્યમાનતામાં પણ વિનાશ ન થાય.

પ્રસ્તુતમાં આની ઘટના આ પ્રમાણે છે– વાદીને કર્મવિનાશના કારણ તરીકે વધક્રિયા અભિપ્રેત છે. કર્મ અજ્ઞાનતાથી થાય છે. વાદીએ કર્મવિનાશના કારણ તરીકે માનેલ વધક્રિયા અજ્ઞાનતાની વિરોધી નથી, અર્થાત્ વધક્રિયા અવિરોધીકારણ છે. આથી અજ્ઞાનતાના કારણે થનાર કર્મનો વિનાશકારણ એવા અવિરોધી વધની વિદ્યમાનતામાં પણ નાશ ન થાય. કર્મનો નાશ વિરોધી કારણ એવા જ્ઞાનથી જ થાય. (૧૪૫)

एतदेव भावयति–

हिमजणियं सीयं चिय, अवेइ अनलाओ नायवो वेइ ।
एवं अणब्भुवगमे, अइप्पसंगो बला होइ ॥ १४६ ॥

[हिमजनितं शीतमेवापैत्यनलात् नातपोऽपैति ।
एवमनभ्युपगमेऽतिप्रसङ्गो बलाद्भवति ॥ १४६ ॥]

हिमजनितं शीतमेवापैत्यनलात् शीतकारणविरोधित्वादनलस्य **नातपोऽपैति** तत्कारणाविरोधित्वादनलस्य **एवमनभ्युपगमे** कारणविरोधिनः सकाशान्निवृत्तिरित्यनङ्गीकरणेऽ**तिप्रसङ्गो बलाद्भवति** तन्निवृत्तिवत्तदन्यनिवृत्तिलक्षणा अव्यवस्था नियमेनापद्यत इति ॥ १४६ ॥

આને જ (=ઉક્ત સિદ્ધાંતને જ) વિચારે છે–

ગાથાર્થ– અગ્નિથી હિમના કારણે થયેલ ઠંડી દૂર થાય, પણ આતપ દૂર ન થાય. આ પ્રમાણે ન સ્વીકારવામાં બળાત્કારથી અતિ પ્રસંગ થાય.

ટીકાર્થ– હિમથી થયેલ ઠંડી અગ્નિથી દૂર થાય, કારણ કે અગ્નિ શીતકારણ હિમનો વિરોધી છે. આતપ અગ્નિથી દૂર ન થાય. કારણ કે અગ્નિ આતપના કારણનો (=સૂર્યનો) અવિરોધી છે.

કારણના વિરોધીથી કાર્યનો નાશ થાય એમ ન સ્વીકારવામાં આવે તો બળાત્કારે અતિપ્રસંગ આવે, એટલે કે અવિરોધી કારણ વધથી કર્મનાશની જેમ કર્મ સિવાય અન્ય વસ્તુઓના નાશરૂપ અવ્યવસ્થા પ્રાપ્ત થાય, અર્થાત્ જે કોઈ કારણથી જે કોઈ વસ્તુનો નાશ થવાનો પ્રસંગ આવે. (૧૪૬)

एतदेवाह–

तब्भावंमि अ जं किंचि वत्थु जत्तो कुओ वि न हविज्जा ।
एवं च सव्वभावो, पावइ अन्नुन्नविक्खाए ॥ १४७ ॥

[तदभावेऽपि च यत्किंचित् वस्तु यतो कुतश्चित् न भवेत् ।
एवं च सर्वाभावः प्राप्नोत्यन्योन्यापेक्षया ॥ १४७ ॥]

तद्भावेऽपि चातिप्रसङ्गभावे **च यत्किंचिदत्र वस्तुजातं यतः कुतश्चित्सकाशान्न भवेत्** अप्रतिपक्षादपि निवृत्त्यभ्युपगमात् । अत्रानिष्टमाह– **एवं च** सति **सर्वाभावः प्राप्नोति** अशेषपदार्थाभाव आपद्यते, कुतो **ऽन्योन्यापेक्षया** अविरोधिनमप्यन्यमपेक्ष्यान्यस्य निवृत्तिरन्यं वान्यस्येति शून्यतापत्तिरिति ॥ १४७ ॥

આને જ (=અવ્યવસ્થાને જ) વિચારે છે–

ગાથાર્થ– અતિપ્રસંગ થવામાં જે કોઈ વસ્તુ જે કોઈ વસ્તુથી ન થાય. એમ થતાં અન્યોન્યની અપેક્ષાએ સર્વ વસ્તુનો અભાવ થાય.

ટીકાર્થ– અતિપ્રસંગ થાય તો જે કોઈ વસ્તુ જે કોઈ વસ્તુથી ન થાય=વિનાશ પામે. કારણ કે અવિરોધીથી પણ વિનાશનો સ્વીકાર કરાયો છે. જે કોઈ વસ્તુથી જે કોઈ વસ્તુ વિનાશ પામે તો થતા અનિષ્ટને કહે છે– અવિરોધી પણ અન્ય વસ્તુથી અન્ય વસ્તુનો નાશ થાય. વળી અવિરોધી અન્ય વસ્તુથી અન્ય વસ્તુનો નાશ થાય... એમ સર્વ વસ્તુનો અભાવ થાય. આ પ્રમાણે શૂન્યતાની પ્રાપ્તિ થાય. (૧૪૭)

अह तं अहेउगं चिय, कहं नु अत्थि त्ति अवगमो कह य ।
नागासमाइयाणं, कुओवि सिद्धो इह विणासो ॥ १४८ ॥

[अथ तदहेतुकमेव कथं त्वस्तीति अपगमः कथं च ।
नाकाशादीनां कुतश्चित्सिद्ध इह विनाशः ॥ १४८ ॥]

अथैवं मन्यसे **तत्कर्महेतुकमेव** निर्हेतुकमेवेत्येतदाशङ्क्याह– **कथं त्वस्तीति** नैवास्ति तदहेतुत्वात् खरविषाणादिवत्, आकाशादिना अहेतुकेन सता व्यभिचारमाशङ्क्याह– **अपगमः कथं** विनाशश्च कथमस्येति एतदेव भावयति **नाकाशादीनां** नाकाशधर्मास्तिकायप्रभृतीनां **कुतश्चित्कुत्यदेः सिद्ध इह विनाशः** अहेतुकत्वेन नित्यत्वादिति ॥ १४८ ॥

ગાથાર્થ– હવે જો વાદી એમ કહે કે કર્મ અહેતુક છે તો કર્મનું અસ્તિત્વ કેવી રીતે હોય, અને કર્મનો નાશ કેવી રીતે થાય ? આકાશ વગેરેનો નાશ કોઇ કારણથી સિદ્ધ નથી.

ટીકાર્થ– જો કર્મનું (=કર્મની ઉત્પત્તિનું) કોઇ કારણ જ ન હોય તો ખરવિષાણની જેમ કર્મનું અસ્તિત્વ જ ન હોય. જેમ ખરવિષાણની ઉત્પત્તિનું કોઇ કારણ નથી તો આ જગતમાં ખરવિષાણનું અસ્તિત્વ જ નથી. તેવી જ રીતે કર્મનું કોઇ કારણ ન હોય તો કર્મનું આ જગતમાં અસ્તિત્વ જ ન હોય.

પૂર્વપક્ષ– આકાશ વગેરેનું કોઇ કારણ નથી, છતાં તે પદાર્થોનું અસ્તિત્વ છે=તે પદાર્થો જગતમાં છે.

ઉત્તર– આકાશ-ધર્માસ્તિકાય વગેરે અહેતુક હોવા છતાં તેમનું અસ્તિત્વ ભલે છે, પણ તેમનો વિનાશ નથી. અહેતુક વસ્તુનો ક્યારે ય નાશ ન થાય. એથી જ આકાશ વગેરેનો લાકડી વગેરે કોઇ વસ્તુથી વિનાશ થતો નથી=આકાશ વગેરે સદા હોય છે.[1] (૧૪૮)

इत्तु च्चिय अफलत्ता, नो कायव्वो वहु त्ति जीवाणं ।
वहहेउगं चिय तयं, कहं निवित्ती तओ तस्स ॥ १४९ ॥

[अतोऽपि अफलत्वात् न कर्तव्यो वधो जीवानाम् ।
वधहेतुकमेव तत् कथं निवृत्तिस्ततस्तस्य ॥ १४९ ॥]

---

१. **नित्यं सत्त्वमसत्त्वं वा-ऽहेतोरन्यानपेक्षणात् ।**
अपेक्षातो हि भावानां, कादाचित्कत्वसंभवः ॥
અન્ય હેતુઓની અપેક્ષા ન રાખવાવાળો પદાર્થ સદા હોય, અથવા સદા ન હોય. અન્ય કારણોની અપેક્ષાથી જ પદાર્થમાં ક્યારેક હોવાપણું હોય. (યોગબિંદુ-૪૭૭)

अतो ऽपि चाहेतुककर्माविनाशित्वेन **अफलत्वात्** कर्मक्षयफलशून्यत्वात् **न कर्तव्यो वधो जीवानामिति** । **वधहेतुकमेव तत्स्याद्वधनिमित्तमेव** तत्कर्मेत्येतदाशङ्क्याह– **कथं** केन प्रकारेण **निवृत्तिर्व्यावृत्तिस्ततस्तस्माद्वधात्तस्य** कर्मणः न हि यद्यतो भवति तत्तत एव न भवति भवनाभावप्रसङ्गादिति ॥ १४९॥

ગાથાર્થ– આથી પણ ફલરહિત હોવાથી જીવોનો વધ ન કરવો જોઈએ. જો કર્મ વધહેતુક છે, તો વધથી કર્મની નિવૃત્તિ કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય.

ટીકાર્થ– કર્મ અહેતુક છે=કારણરહિત છે, તેથી કર્મનો વિનાશ થતો નથી. આથી વધ કર્મક્ષયરૂપ ફલથી રહિત છે, અર્થાત્ વધ કરવા છતાં કર્મક્ષયરૂપ ફળ મળતું નથી. આમ વધ ફળરહિત હોવાથી જીવોનો વધ ન કરવો જોઈએ.

હવે જો વાદી એમ કહે કે કર્મ વધહેતુક છે, એટલે કે કર્મનું કારણ વધ છે. તો વધથી કર્મની નિવૃત્તિ ન થાય. જે જેનાથી ઉત્પન્ન થાય તેનો તેનાથી જ નાશ ન થાય. જો એમ થાય તો અસ્તિત્વના અભાવનો પ્રસંગ આવે. કારણ કે જેનાથી ઉત્પન્ન થાય તેનાથી જ નાશ પામે. એટલે વસ્તુ રહે જ નહિ. (૧૪૯)

तम्हा पाणवहोवज्जियस्स कम्मस्स खवणहेउत्ता ।
तव्विरई कायव्वा, संवररूव त्ति नियमेणं ॥ १५० ॥

[तस्मात्प्राणवधोपार्जितस्य कर्मणः क्षपणहेतुत्वात् ।
तद्विरतिः कर्तव्या संवररूपेति नियमेन ॥ १५० ॥]

यस्मादेवं वधहेतुकमेव **तस्मात्प्राणवधोपार्जितस्य कर्मणः क्षपणहेतुत्वात्तद्विरतिर्वधविरतिः कर्तव्या संवररूपेति** वधविरतिविशेषणा **नियमेना**वश्यतयेति ॥ १५० ॥

ગાથાર્થ– કર્મ વધહેતુક હોવાથી (=કર્મબંધ વધના કારણે થતો હોવાથી) સંવરરૂપ પ્રાણવધવિરતિ અવશ્ય કરવી જોઈએ. કારણ કે પ્રાણવધ વિરતિ પ્રાણવધથી ઉપાર્જિત કર્મના ક્ષયનું કારણ છે. (૧૫૦)

किं च–

सुहिएसु वि वहविरई, कह कीरइ नत्थि पावमह तेसु ।
पुन्नक्खओ वि हु फलं, तब्भावे मुत्तिविरहाओ ॥ १५१ ॥

[सुखितेष्वपि वधविरतिः किं क्रियते नास्ति पापमथ तेषु ।
पुण्यक्षयोऽपि फलमेव तद्भावे मुक्तिविरहात् ॥ १५१ ॥]

सुखितेष्वपि प्राणिषु **वधविरति**र्व्यापादननिवृत्तिः **किं क्रियते** भवद्भिर्नास्ति **पापं** क्षपणीय**मथ तेषु** सुखितेषु पुण्यनिमित्तत्वात्सुखस्य एतदाशङ्क्याह– **पुण्यक्षयोऽपि** तद्व्यापत्तिजनितः **फलमेव** अतस्तेष्वपि वधविरतिप्रसङ्गः कथं पुण्यक्षयः फलं **तद्भावे** पुण्यभावे **मुक्तिविरहात्** मोक्षाख्यप्रधानफलाभावात् पुण्यापुण्यक्षयनिमित्तत्वात्तस्येति ॥ १५१ ॥

વળી–

ગાથાર્થ– પ્રશ્ન– સુખી જીવોને આશ્રયીને વધવિરતિ શા માટે કરાય છે ?

ઉત્તર– સુખી જીવોમાં પાપ નથી માટે.

પુણ્યક્ષય પણ ફળ જ છે. કારણ કે પુણ્યના સદ્ભાવમાં મુક્તિ થતી નથી.

ટીકાર્થ– સુખી જીવોને આશ્રયીને વધવિરતિ શા માટે કરાય છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં વાદી કહે છે કે પાપનાશ કરવા યોગ્ય છે. સુખી જીવોમાં પાપ નથી. સુખનું કારણ પુણ્ય છે. સુખી જીવોમાં પાપ નથી માટે સુખી જીવોને આશ્રયીને વધવિરતિ કરાય છે.

વાદીના આવા ઉત્તરના અનુસંધાનમાં ગ્રંથકાર કહે છે કે (પુણ્ય પણ ક્ષય કરવા યોગ્ય છે. આથી) સુખીના વધથી થયેલ પુણ્યક્ષય પણ ફળ જ છે. આથી સુખી જીવોને આશ્રયીને કરેલી વધવિરતિથી પુણ્યક્ષય ફળ કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. પુણ્યના સદ્ભાવમાં મુક્તિ=મોક્ષ નામનું પ્રધાનફળ ન થાય. કારણ કે મુક્તિ પુણ્ય-પાપ બંનેના ક્ષયથી થાય. (૧૫૧)

अह तं सयं चिय तओ, खवेइ इयरं पि किं न एमेव ।
कालेणं खवइ च्चिय, उवक्कमो कीरइ वहेण ॥ १५२ ॥

[अथ तत्स्वयमेव तकः क्षपयति इतरदपि किं न एवमेव ।
कालेन क्षपयत्येव उपक्रमः क्रियते वधेन ॥ १५२ ॥]

अथैवं मन्यसे **तत्पुण्यं स्वयमेव तक** आत्मनैवासौ सुखितः **क्षपयत्य**नुभवेनैव वेदयतीत्येतदाशङ्क्याह– **इतरदपि** पापं **किं न एवमेव** किं न स्वयमेव दुःखितः क्षपयति क्षपयत्येवेत्यर्थः । अथैवं मन्यसे **कालेन** प्रदीर्घेण **क्षपयत्येव**

नात्रान्यथाभाव **उपक्रमः क्रियते वधेन** तस्यैव प्रदीर्घकालवेद्यस्य पापस्य स्वल्पकालवेद्यत्वमापाद्यते व्यापत्तिकरणेनेति ॥ १५२ ॥

ગાથાર્થ– તે પુણ્યને સ્વયમેવ ખપાવે છે, તો દુઃખી પાપને પણ એ પ્રમાણે જ શું ન ખપાવે ? દુઃખી દીર્ઘકાળથી ખપાવે જ છે, વધથી ઉપક્રમ કરવામાં આવે છે.

ટીકાર્થ– હવે જો તમે એમ માનો છો કે સુખી જીવ પુણ્યને સ્વયમેવ ખપાવે છે=અનુભવથી જ વેદે છે, અર્થાત્ ભોગવીને જ ખપાવે છે, તો દુઃખી જીવ પાપને પણ એ પ્રમાણે જ=ભોગવીને શું ન ખપાવે ? હવે જો તમે એમ માનો છો કે દુઃખી દીર્ઘકાળથી ખપાવે જ છે, પણ વધથી ઉપક્રમ કરવામાં આવે છે, એટલે કે અતિશય ઘણા કાળથી ભોગવવા યોગ્ય પાપને વધ કરવા વડે અત્યંત અલ્પ કાળથી ભોગવી શકાય તેવું કરવામાં આવે છે. (૧૫૨)

एतदाशङ्क्याह–

इयरस्स किं न कीइ, सुहीण भोगंगसाहणेणेवं ।
न गुण त्ति तंमि खविए, सुहभावो चेव तत्तुत्ति ॥ १५३ ॥

[इतरस्य किं न क्रियते सुखिनां भोगाङ्गसाधनेन एवं ।
न गुण इति तस्मिन् क्षपिते सुखभावादेव तदिति ॥ १५३ ॥]

इतरस्येति पुण्यस्य **किं न क्रियते** उपक्रमः **सुखिनां भोगाङ्गसाधनेन** काश्मीरादेः कुङ्कुमादिसंपादनेन । **अथैवं** मन्यसे एवमुपक्रमद्वारेण **न गुण इति तस्मिन्पुण्ये क्षपिते** कुतः **सुखभावादेव तत् इति** ततः पुण्यात्सुखस्यैव प्रादुर्भावादिति ॥ १५३ ॥

આ (=પાપનો ઉપક્રમ કરાય છે એ) આશંકા કરીને કહે છે–

ગાથાર્થ– સુખી જીવોને ભોગનાં સાધનો પમાડવા વડે શું પુણ્યનો ઉપક્રમ ન કરાય ?

પુણ્યથી સુખ થતું હોવાથી જ એ પ્રમાણે પુણ્ય ખપાવ્યે છતે ગુણ નથી.

ટીકાર્થ– સુખી જીવોને ભોગનાં કાશ્મીર દેશ વગેરેનું કેશર વગેરે સાધનો પમાડવા દ્વારા શું પુણ્યનો ઉપક્રમ ન કરાય ? અર્થાત્ કરાય. હવે જો તમે એમ માનો છો કે પુણ્યથી સુખનો અનુભવ થતો હોવાથી જ એ પ્રમાણે=ઉપક્રમથી પુણ્યને ખપાવવામાં ગુણ=લાભ નથી. (૧૫૩)

एतदाशङ्क्याह–

निरुवमसुक्खो मुक्खो, न य सइ पुन्ने तओ त्ति किं न गुणो।
पावोदयसंदिद्धो, इयरंमि उ निच्छओ केण ॥ १५४ ॥

[निरुपमसौख्यो मोक्षः न च सति पुण्ये तक इति कथं न गुणः।
पापोदयसंदिग्ध इतरस्मिन् तु निश्चयः केन ॥ १५४ ॥]

निरुपमसौख्यो मोक्षः सकलाबाधानिवृत्तेरुभयसिद्धत्वान्न **च सति पुण्ये तको**ऽसौ पुण्यक्षयनिमित्तत्वात्त**स्येति** एवं **कथं न गुणः** पुण्योपक्रमकरणे गुण एव। अथैवं मन्यसे **पापोदयसंदिग्धो** ऽसौ न ह्यत्र निश्चय उपक्रमेण पुण्ये क्षपिते तस्य मोक्ष एव भविष्यति न तु पापोदय इति, एतदाशङ्क्याह– **इतरस्मिन् तु** दुःखितपापक्षपणे **निश्चयः केन** यदुत तस्यैवमेवार्थो न पुनरनर्थ इति ॥ १५४ ॥

આ (=પુણ્યને ખપાવવામાં ગુણ નથી એવી) આશંકા કરીને કહે છે–

ગાથાર્થ– મોક્ષ નિરુપમ સુખવાળો છે. પુણ્ય હોય ત્યાં સુધી મોક્ષ નથી. તેથી શું ગુણ નથી ? ઉપક્રમ પાપોદયથી સંદિગ્ધ છે. દુઃખી જીવના પાપને ખપાવવામાં નિશ્ચય કોનાથી થાય ?

ટીકાર્થ– મોક્ષ અનુપમ સુખવાળો છે. કારણ કે મોક્ષમાં સર્વ દુઃખોની નિવૃત્તિ થાય છે એ વાદી-પ્રતિવાદી ઉભયને સંમત છે. પુણ્ય હોય ત્યાં સુધી મોક્ષ ન થાય. કારણ કે મોક્ષ પુણ્યના ક્ષયથી થાય છે. આથી પુણ્યનો ઉપક્રમ કરવામાં ગુણ કેમ નથી ? અર્થાત્ ગુણ જ છે.

હવે જો તમે એમ માનો છો કે પુણ્યનો ઉપક્રમ પાપોદયના સંદેહવાળો છે, એટલે કે ઉપક્રમથી પુણ્યનો ક્ષય કર્યે છતે તે જીવનો મોક્ષ જ થશે, પાપોદય નહિ થાય એવો નિશ્ચય નથી. તો દુઃખી જીવના પાપનો ક્ષય કર્યે છતે શાનાથી નિશ્ચય કરી શકાય કે તેને આ પ્રમાણે જ ફળ મળશે અને કોઈ અનર્થ નહિ થાય, અર્થાત્ તેના પાપનો ક્ષય કર્યા પછી નવા પાપનો ઉદય નહિ જ થાય એવો નિશ્ચય કરી શકાતો નથી. (૧૫૪)

एतदेव भावयति–

दुहिओ वि नरगगामी, वहिओ सो अवहिओ बहू अन्ने ।
वहिऊण न गच्छिज्जा, कयाइ ता कह न संदेहो ॥ १५५ ॥

[दुःखितोऽपि नरकगामी हतः सो ऽहतो बहून्यान् ।
हत्वा न गच्छेत् कदाचित् तस्मात्कथं न संदेहः ॥ १५५ ॥]

दुःखितोऽपि मत्स्यबन्धादिर्**नरकगामी हतः** सन् कदाचित्स्यादिति योगः नरकसंवर्तनीयस्य कर्मणः आसकलनसंभवात् वेद्यमानोपक्रमे च तदुदयप्रसङ्गात् **स** एवा**हतो**ऽव्यापादितः सन् **बहूनन्यान्** दुःखितान् **हत्वा** त्वन्मतेनैव पापक्षयान्न **गच्छेत् कदाचित्** यस्मादेवं **तस्मात्कथं न संदेहः** दुःखित-पापक्षपणेऽपि संदेह एवेति ॥ १५५ ॥

આને (દુઃખીના પાપનો ક્ષય કરવામાં પણ સંદેહ છે એ વિષયને) જ વિચારે છે—

ગાથાર્થ— દુઃખી પણ હણાયો છતો નરકગામી થાય, નહિ હણાયેલો તે જ અન્ય ઘણાને મારીને ક્યારેક નરકમાં ન જાય. આથી સંદેહ કેમ નથી ?

ટીકાર્થ— દુઃખી પણ મચ્છીમાર વગેરે જીવ હણાયો છતો ક્યારેક નરકમાં જાય. કારણ કે નરકમાં ભોગવવા યોગ્ય કર્મનું ઉપાર્જન કર્યું હોય, અને હમણાં ભોગવાતા કર્મનો ઉપક્રમ થાય ત્યારે તેનો ઉદય થાય.

નહિ હણાયેલ તે જ જીવ તમારા મતે જ ઘણા દુઃખી જીવોને હણીને તેના પાપનો ક્ષય થવાથી ક્યારેક નરકમાં ન જાય. આ પ્રમાણે હોવાથી દુઃખી જીવના પાપનો ક્ષય કરવામાં પણ સંદેહ જ છે. (૧૫૫)

અધુના પ્રાગુપન્યસ્તં નારકન્યાયમધિકૃત્યાહ—

नेरइयाण वि तह देहवेयणातिसयभावओ पायं ।
नाईवसंकिलेसो, समोहयाणं व विन्नेओ ॥ १५६ ॥

[नारकाणामपि तथा देहवेदनातिशयभावतः प्रायः ।
नातीवसंक्लेशः समवहतानामिव विज्ञेयः ॥ १५६ ॥]

नारकाणामुप्युदाहरणतयोपन्यस्तानां **तथा** तेन प्रकारेण नरकवेदनीय-कर्मोदयजनितेन **देहवेदनातिशयभावतः** शरीरवेदना । यास्तीव्रभावेन **प्रायो** बाहुल्येन **नातीवसंक्लेशः** क्रूरादिपरिणामलक्षणः **समवहतानामिव विज्ञेयः** वेदनातिशयेनान्तःकरणव्यापाराभिभवादिति ॥ १५६ ॥

હવે પૂર્વે (ગાથા ૧૩૫ વગેરેમાં) મૂકેલા નારકના દૃષ્ટાંતને આશ્રયીને કહે છે—

ગાથાર્થ– નારકોને પણ તેવા પ્રકારની અતિશય શરીર વેદનાથી પ્રાયઃ સમુદ્‌ઘાતને પામેલાઓની જેમ અતિશય સંક્લેશ ન હોય.[1]

ટીકાર્થ– પૂર્વે દૃષ્ટાંતરૂપે મૂકેલા નારકોને પણ તેવા પ્રકારની=નરકમાં ભોગવવા યોગ્ય કર્મોના ઉદયથી થયેલી તીવ્ર શરીર વેદનાથી પ્રાયઃ ક્રૂરાદિ પરિણામરૂપ તીવ્ર સંક્લેશ ન હોય. કોની જેમ ? સમુદ્‌ઘાતને પામેલા જીવોની જેમ. સમુદ્‌ઘાતને પામેલા જીવોને જેમ અતિશય વેદનાથી અંતઃકરણના વ્યાપારનો પરાભવ થવાથી, અર્થાત્ અતિશય વેદનાના કારણે અંતઃકરણથી શૂન્ય બની જવાથી, અતિશય સંક્લેશ ન હોય તેમ નરકના જીવોને પણ તીવ્ર શારીરિક વેદનાના કારણે અંતઃકરણથી શૂન્ય બની જવાના કારણે અતિશય સંક્લેશ ન હોય. (૧૫૬)

एतदेवाह–

इत्थ वि समोहया मूढचेयणा वेयणाणुभवखिन्ना ।
तंमित्तचित्तकिरिया, न संकिलिस्संति अन्नत्थ ॥ १५७ ॥

[अत्रापि समवहता मूढचेतना वेदनानुभवखिन्नाः ।
तन्मात्रचित्तक्रिया न संक्लिश्यन्ते अन्यत्र ॥ १५७ ॥]

अत्रापि तिर्यग्लोके **समवहता** वेदनासमुद्‌घातेनावस्थान्तरमुपनीता **मूढचेतना** विशिष्टस्वव्यापाराक्षमचैतन्या **वेदनानुभवखिन्नाः** तीव्रवेदनासंवेदनेन श्रान्ताः **तन्मात्रचित्तक्रिया** वेदनानुभवमात्रचित्तव्यापारा **न संक्लिश्यन्ते** न रागादिपरिणामं यान्ति **अन्यत्र** स्त्र्यादौ तत्रैव निरोधादिति ॥ १५७ ॥

આને (=તીવ્રવેદનાના કારણે અતિસંક્લેશ ન હોય એ વિષયને) જ વિચારે છે–

ગાથાર્થ– અહીં પણ સમુદ્‌ઘાતને પામેલા, મૂઢ ચેતનાવાળા, વેદનાના અનુભવથી ખિન્ન, તન્માત્રચિત્તક્રિયાવાળા જીવો બીજી વસ્તુમાં સંક્લેશ પામતા નથી.

ટીકાર્થ– અહીં પણ=તિર્યગ્ લોકમાં પણ.

સમુદ્‌ઘાતને પામેલા=વેદના સમુદ્‌ઘાતથી અવસ્થાંતરને (=સ્વાભાવિક અવસ્થાથી અન્ય અવસ્થાને) પમાડાયેલા.

---

૧. પૂર્વે ગાથા ૧૩૮ વગેરેમાં પૂર્વપક્ષ વાદીએ "સંક્લેશથી જ કર્મક્ષય થાય" એવો પોતાનો મત નારકોના દૃષ્ટાંતથી સ્થાપિત કર્યો હતો. તેનું અહીં ખંડન કરે છે.

મૂઢ ચેતનાવાળા=પોતાનો વિશિષ્ટ વ્યાપાર કરવા માટે અસમર્થ ચૈતન્યવાળા.

વેદનાના અનુભવથી ખિન્ન=તીવ્ર વેદનાના સંવેદનથી થાકી ગયેલા.

તન્માત્રચિત્તક્રિયાવાળા=વેદનાના અનુભવમાં જ ચિત્તવ્યાપારવાળા, અર્થાત્ વેદનામાં જ ચિત્તવાળા.

બીજી વસ્તુમાં સંક્લેશ પામતા નથી=સ્ત્રી વગેરેમાં રાગાદિ પરિણામને પામતા નથી. કારણ કે ચિત્ત વેદનાના અનુભવમાં જ રોકાયેલું છે. (૧૫૭)

ता तिव्वरागदोसाभावे बंधो वि पयणुओ तेसिं ।
सम्मोहओ च्चिय तहा, खओ वि णेगंतमुक्कोसो ॥ १५८ ॥

[तत्तीव्ररागद्वेषाभावे बन्धोऽपि प्रतनुस्तेषाम् ।
सम्मोहत एव तथा क्षयोऽपि नैकान्तोत्कृष्टः ॥ १५८ ॥]

यस्मादेवं **तत्** तस्मात् **तीव्ररागद्वेषाभावे बन्धोऽपि प्रतनुस्तेषां** समवहतानां निमित्तदौर्बल्यात् **सम्मोहत एव तथा क्षयोऽपि** बन्धस्य **नैकान्तोत्कृष्टस्तेषां** सम्यग्ज्ञानादिविशिष्टतत्कारणाभावादिति ॥ १५८ ॥

ગાથાર્થ– તેથી તેમને તીવ્રરાગ-દ્વેષના અભાવમાં બંધ પણ અલ્પ હોય તથા સંમૂઢતાથી જ ક્ષય પણ એકાંતે ઉત્કૃષ્ટ ન હોય.

ટીકાર્થ– (સમુદ્ઘાતમાં તીવ્ર સંક્લેશ ન હોય) તેથી સમુદ્ઘાતને પામેલા જીવોને તીવ્ર રાગ-દ્વેષના અભાવમાં કર્મબંધ પણ અલ્પ હોય. કારણ કે નિમિત્ત દુર્બળ છે. (કર્મબંધનું મુખ્ય કારણ રાગ-દ્વેષ છે. રાગ-દ્વેષ તીવ્ર નથી. માટે નિમિત્ત દુર્બળ છે.) તથા સંમૂઢતાથી જ તેમને કર્મક્ષય પણ એકાંતે ઉત્કૃષ્ટ ન થાય. કારણ કે કર્મક્ષયના સમ્યગ્જ્ઞાનાદિ વિશિષ્ટ કારણોનો અભાવ છે. (૧૫૮)

यथा नोत्कृष्टक्षयस्तथा चाह–

जं नेरइओ कम्मं, खवेइ बहुआहि वासकोडीहिं ।
तन्नाणी तिहि गुत्तो, खवेइ ऊसासमित्तेण ॥ १५९ ॥

[यन्नारकः कर्म क्षपयति बह्वीभिर्वर्षकोटीभिः ।
तज्ज्ञानी तिसृभिर्गुप्तः क्षपयत्युच्छ्वासमात्रेण ॥ १५९ ॥]

यन्नारकः कर्म क्षपयति बह्वीभिर्वर्षकोटीभिस्तथा दुःखितः सन् क्रिया-मात्रक्षपणात् **तज्ज्ञानी तिसृभिर्गुप्तिभिर्गुप्तः क्षपयत्युच्छ्वासमात्रेण** संवेगा-दिशुभपरिणामस्य तत्क्षयहेतोस्तीव्रत्वात् ॥ १५९ ॥

જે પ્રમાણે ઉત્કૃષ્ટ કર્મક્ષય થતો નથી તે પ્રમાણે કહે છે–

ગાથાર્થ– નારક ઘણા ક્રોડો વર્ષોથી જેટલાં કર્મો ખપાવે છે, તેટલાં કર્મો ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત જ્ઞાની ઉચ્છ્વાસ માત્રથી ખપાવે છે.

ટીકાર્થ– તે રીતે દુઃખી થયેલો નારક માત્ર ક્રિયાથી (=દુઃખ સહવાની ક્રિયાથી) કર્મો ખપાવે છે. જ્ઞાની શુભ પરિણામથી કર્મો ખપાવે છે. જ્ઞાનીનો કર્મક્ષયનો હેતુ સંવેગાદિ શુભ પરિણામ તીવ્ર હોય છે. (૧૫૯)

નિગમયન્નાહ–

एएण कारणेणं, नेरइयाणं पि पावकम्माणं ।
तह दुक्खियाण वि इहं, न तहा बंधो जहा विगमो ॥ १६० ॥

[एतेन कारणेन नारकाणामपि पापकर्मणाम् ।
तथा दुःखितानामपीह न तथा बन्धो यथा विगमः ॥ १६० ॥]

एतेनानन्तरोदितेन कारणेन नारकाणामपि पापकर्मणां तथा तेन प्रकारेण **दुःखितानामपीह** विचारे **न तथा बन्धो यथा विगमः** प्रायो रौद्रध्याना-भावादिति ॥ १६० ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અહીં હમણાં કહેલા કારણથી પાપકર્મના ઉદયવાળા અને તે રીતે દુઃખયુક્ત નારકોને પણ તેટલો કર્મબંધ થતો નથી કે જેટલો કર્મક્ષય થાય છે. કારણ કે પ્રાયઃ રૌદ્રધ્યાનનો અભાવ હોય છે. (૧૬૦)

अह उ तहाभावंपि हु, कुणइ वहंतो न अन्नहा जेण ।
ता कायव्वो खु तओ, नो तप्पडिवक्खबंधाओ ॥ १६१ ॥

[अथ तु तथाभावमपि करोति घ्नन्नेव नान्यथा येन ।
तत्कर्तव्य एव तको नो तत्प्रतिपक्षबन्धात् ॥ १६१ ॥]

अथैवं मन्यसे **तथाभावमपि** सम्मोहभावमपि प्रतनुबन्धेन कर्मक्षयहेतुं **करोति घ्नन्नेव** व्यापादयन्नेव **नान्यथा येन** कारणेन **तत्** तस्मात्**कर्तव्य एव**

तको वध इत्याशङ्क्याह– **नो** नैतदेवं **तत्प्रतिपक्षबन्धाद्वध**प्रतिपक्षोऽवध-स्तस्माद्बन्धादन्यथावधात्तत्क्षयानुपपत्तिरविरोधादिति ॥ ૧૬૧ ॥

ગાથાર્થ– હવે જે કારણથી સંમૂઢતાને પણ હણતો જ તે કરે છે, તે કારણથી વધ કરવા યોગ્ય છે. આ બરોબર નથી. કેમ કે વધના પ્રતિપક્ષથી બંધ થાય.

ટીકાર્થ– ૧૫૮ વગેરે ગાથાઓમાં એવા ભાવનું કહેવામાં આવ્યું છે કે સંમૂઢતાના કારણે નારકોને પાપબંધ અલ્પ થાય છે, કર્મક્ષય અધિક થાય છે. આ વાતને લક્ષ્યમાં રાખીને અહીં વાદી એમ કહે છે કે વધ કરનાર જીવ વધ્યમાં સંમૂઢતા ઉત્પન્ન કરે છે. સંમૂઢતાના કારણે તેને કર્મબંધ અલ્પ થાય, કર્મક્ષય અધિક થાય. સંમૂઢતા વધ કરવાથી જ થાય. વાદીની આ માન્યતાને લક્ષમાં રાખીને ગ્રંથકાર અહીં કહે છે કે–

હવે જો તમે એમ માનો કે અલ્પબંધ દ્વારા કર્મક્ષયનું કારણ એવી સંમૂઢતાને પણ હણતો જ તે કરે છે. હણતો જ તે કરે છે એનો અર્થ એ છે કે હણવા સિવાય બીજી રીતે સંમૂઢતાને કરતો નથી, અર્થાત્ હણવા સિવાય બીજી રીતે સમૂંઢતા ઉત્પન્ન કરી શકાય તેમ નથી. આથી વધ કરવા યોગ્ય છે.

અહીં ગ્રંથકાર જવાબ આપે છે કે, આ બરોબર નથી. કારણ કે વધને કર્મક્ષયનું કારણ માનવામાં વધનો પ્રતિપક્ષ (=વિરોધી) જે અવધ, તેનાથી કર્મબંધ થાય. (આ વિષય પૂર્વે ગાથા ૧૪૧ વગેરેમાં જણાવ્યો છે.)

જો અવધ (=વધાભાવ)થી કર્મબંધ ન માનવામાં આવે તો વધથી કર્મક્ષય ઘટી શકે નહિ. આમાં (=અવધથી કર્મબંધ ન માનવામાં) વધથી કર્મક્ષય ન ઘટે તેમાં કોઇ વિરોધ નથી. (૧૬૧)

एवं च मुत्तबंधादओ इहं पुव्ववन्निया दोसा ।
अणिवारणिज्जपसरा, अब्भुवगयबाहगा नियमा ॥ ૧૬૨ ॥

[एवं च मुक्तबन्धादय इह पूर्ववर्णिता दोषाः ।
अनिवारितप्रसरा अभ्युपगमबाधका नियमेन ॥ ૧૬૨ ॥]

एवं चावधाद् बन्धापत्तौ **मुक्तबन्धादय इह पूर्ववर्णिता दोषा अनिवारितप्रसरा अभ्युपगमबाधका** वधात्कर्मक्षय इत्यङ्गीकृतविरोधिनो **नियमेन** अवश्यंतयेति ॥ ૧૬૨ ॥

ગાથાર્થ– આ પ્રમાણે પૂર્વે વર્ણવેલા મુક્તબંધ વગેરે દોષો, કે જે દોષો સ્વીકૃતના અવશ્ય બાધક છે, તે દોષોનો પ્રસર રોકી ન શકાય.

ટીકાર્થ– આ પ્રમાણે=અવધથી બંધની પ્રાપ્તિ થયે છતે.

મુક્તબંધ– મુક્તજીવોને પણ કર્મનો બંધ થાય.

સ્વીકૃતના=વધથી કર્મક્ષય થાય વગેરે સ્વીકારેલ પક્ષના.

પ્રસર=ફેલાવો.

અવધથી બંધની પ્રાપ્તિ થતાં મુક્ત જીવોને પણ કર્મબંધ થાય વગેરે દોષો આવે. આ દોષોનું ૧૪૧ વગેરે ગાથાઓમાં વર્ણન કર્યું છે. મુક્તબંધ વગેરે દોષો પોતે સ્વીકારેલા "વધથી કર્મક્ષય થાય" વગેરે પક્ષના બાધક છે. આવા મુક્તબંધ વગેરે દોષોનો ફેલાવો અવધથી બંધની પ્રાપ્તિ થતાં રોકી શકાય નહિ. (૧૬૨)

उपसंहरन्नाह–

इय एवं पुव्वावरलोगविरोहाइदोससयकलियं ।
मुद्धजणविम्हयकरं, मिच्छत्तमलं पसंगेणं ॥ १६३ ॥

[इति एवं पूर्वापरलोकविरोधादिदोषशतकलितम् ।
मुग्धजनविस्मयकरं मिथ्यात्वमलं प्रसङ्गेन ॥ १६३ ॥]

इति एवमेतत्पूर्वापरलोकविरोधादिदोषशतकलितं मुग्धजनविस्मयकरं संसारमोचकमतं **मिथ्यात्वं अलं** पर्याप्तं **प्रसङ्गेनेति** ॥ १६३ ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– આ પ્રમાણે પૂર્વાપરના (=આગળ-પાછળના) લોકવિરોધ વગેરે સેંકડો દોષોથી યુક્ત અને મુગ્ધ લોકને વિસ્મય પમાડનારો આ સંસારમોચક મત અસત્ય છે. પ્રાસંગિક વર્ણન આટલું બસ છે. (૧૬૩)

આગંતુક દોષવાદ (ગા. ૧૬૪-૧૭૫)

अधुनान्यद् वादस्थानकमाह–

अन्ने आगंतुगदोससंभवा बिंति वहनिवित्तीओ ।
दोण्ह वि जणाण पावं समयंमि अदिट्ठपरमत्था ॥ १६४ ॥

[अन्ये आगन्तुकदोषसंभवात् ब्रुवते वधनिवृत्तेः ।
द्वयोरपि जनयोः पापं समये अदृष्टपरमार्थाः ॥ १६४ ॥]

अन्ये वादिनः **आगन्तुकदोषसंभवात्कारणात्** **ब्रुवते** किं **वधनिवृत्तेः** सकाशात् **द्वयोरपि जनयोः** प्रत्याख्यातृप्रत्याख्यापयित्रोः **पापं समये** आगमे **अदृष्टपरमार्था** अनुपलब्धभावार्था इति ॥ १६४ ॥

હવે બીજું વાદસ્થાન

ગાથાર્થ– આગમ સંબંધી પરમાર્થને નહિ જાણનારા બીજા વાદીઓ આગંતુક (=વધવિરતિ કરવાના કારણે થનારા) દોષોની સંભાવનાથી વધનિવૃત્તિથી પચ્ચક્ખાણ કરનાર અને પચ્ચક્ખાણ કરાવનાર એ બંને માનવોને પાપ થાય એમ કહે છે. (૧૬૪)

આગન્તુકદોષસંભવમાહ–

सव्ववहसमत्थेणं, पडिवन्नाणुव्वएण सिंहाई ।
णो घाइओ त्ति तेणं, तु घाइतो जुगपहाणो उ ॥ १६५ ॥

[सर्ववधसमर्थेन प्रतिपन्नाणुव्रतेन सिंहादिः ।
न घातित इति तेन तु घातितो युगप्रधानस्तु ॥ १६५ ॥]

सर्ववधसमर्थेन सिंहादिक्रूरसत्त्वव्यापादनक्षमेण **प्रतिपन्नाणुव्रतेन** सता **सिंहादिः** सिंहः शरभो वा **न घातित इति तेन तु** सिंहादिना **घातितो युगप्रधानो** ऽनुयोगधर एक एवाचार्यः संभवत्येतदिति ॥ १६५ ॥

આગંતુક દોષોના સંભવને કહે છે–

ગાથાર્થ– સિંહ-શરભ વગેરે પ્રાણીને મારવા માટે સમર્થ એવા અણુવ્રત સ્વીકારનારે સિંહ-શરભ વગેરેને (નિયમના કારણે) ન માર્યો. તે સિંહ આદિએ યુગપ્રધાનને માર્યો. આ યુગપ્રધાન અનુયોગધર એક જ આચાર્ય હતા, અર્થાત્ બીજા કોઈ અનુયોગધર આચાર્ય ન હતા. આ સંભવી શકે છે. (૧૬૫)

तत्तो तित्थुच्छेओ, धणियमणत्थो पभूयसत्ताणं ।
ता कह न होइ दोसो, तेसिमिह निवित्तिवादीणं ॥ १६६ ॥

[ततः तीर्थोच्छेदः अत्यर्थं अनर्थः प्रभूतसत्त्वानाम् ।
तत् कथं न भवति दोषः तेषामिह निवृत्तिवादिनाम् ॥ १६६ ॥]

---

१. शरभ=अष्टापद. આઠ પગવાળો આ પશુ સિંહનો શત્રુ છે.

ततस्तस्मादाचार्यघातात्तीर्थोच्छेदः धनितमत्यर्थमनर्थः प्रभूतसत्त्वानां दर्शनाद्यनवाप्त्या मुमुक्षूणां यतश्चैवं **तत्** तस्मात् **कथं न भवति दोषः तेषां** प्रत्याख्यातृप्रत्याख्यापयितृणां **इह** विनाशकरणे **निवृत्तिवादिनां** भवत्येवेति ॥ १६६ ॥

ગાથાર્થ– આચાર્યના ઘાતથી તીર્થનો વિચ્છેદ થાય. તેથી મુમુક્ષુઓને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ ન થવાથી ઘણા જીવોને ઘણો અનર્થ થાય. તેથી વિનાશ કરવામાં નિવૃત્તિવાદી એવા પ્રત્યાખ્યાન કરનારાઓને અને પ્રત્યાખ્યાન કરાવનારાઓને દોષ કેમ ન થાય? અર્થાત્ દોષ થાય જ. (૧૬૬)

तम्हा नेव निवित्ती, कायव्वा अवि य अप्पणा चेव ।
अद्धोचियमालोचिय, अविरुद्धं होइ कायव्वं ॥ १६७ ॥

[तस्मात् नैव निवृत्तिः कार्या अपि चात्मनैव ।
अद्धोचितमालोच्य अविरुद्धं भवति कर्तव्यम् ॥ १६७ ॥]

यस्मादेवं **तस्मान्नैव निवृत्तिः कार्या अपि चात्मनैवाद्धोचितं** कालोचित**मालोच्य अविरुद्धं भवति कर्तव्यं** यद्यस्यामवस्थायां परलोकोपकारीति एषः पूर्वपक्षः ॥ १६७ ॥

ગાથાર્થ– તેથી વધવિરતિ ન જ કરવી જોઈએ. જાતે જ કાળને ઉચિત વિચારીને જે અવિરુદ્ધ હોય તે કરવું જોઈએ, અર્થાત્ જે અવસ્થામાં જે પરજનને ઉપકારી હોય તે કરવું જોઈએ. આ પૂર્વપક્ષ છે. (૧૬૭)

अत्रोत्तरमाह–

सीहवहरक्खिओ सो, उड्डाहं किंपि कहवि काऊणं ।
किं अप्पणो परस्स य, न होइ अवगारहेउ त्ति ॥ १६८ ॥

[सिंहवधरक्षितोऽसौ उड्डाहं किमपि कथमपि कृत्वा ।
किमात्मनः परस्य च न भवत्यपकारहेतुरिति ॥ १६८ ॥]

एवमपि दोषसंभवे नन्विदमपि संभवति । **सिंहवधरक्षितो ऽसावा**चार्य **उड्डाहमु**पघातं **किमपि** योषिदासेवनादिकं **कथमपि** क्लिष्टकर्मोदयात् **कृत्वा किमात्मनो**ऽबोधिलाभनिवर्तनीयकर्मबंधहेतुत्वेन **परस्य च** श्रावकादेर्विपरिणामकरणेन न **भवत्यपकारहेतु**र्भवत्येवेति ॥ १६८ ॥

અહીં ઉત્તર કહે છે–

गाथार्थ– સિંહથી રક્ષાયેલા તે આચાર્ય કોઈપણ રીતે કંઈ પણ ઉડ્ડાહ કરીને પોતાના અને પરના અપકારના હેતુ શું ન બને ?

टीकार्थ– જો આ પ્રમાણે (=વધવિરતિમાં) પણ દોષ સંભવ છે, તો આ પણ (=હવે કહેવાશે તે પણ) સંભવે છે.

સિંહવધથી રક્ષાયેલા તે આચાર્ય કોઈ પણ રીતે ક્લિષ્ટ કર્મના ઉદયથી શાસનનો ઉડ્ડાહ થાય તેવું સ્ત્રીસેવન આદિ કંઈ પણ (અનુચિત) કરે. આવું કાર્ય પોતાને ભવાંતરમાં બોધિનો લાભ ન થાય તેવા કર્મબંધનું કારણ છે, અને શ્રાવક વગેરેના વિપરિણામને કરનારું છે. આથી તે આચાર્ય શું પોતાના અને પરના અપકારના હેતુ ન બને ? અર્થાત્ બને જ. (१६८)

किं इय न तित्थहाणी, किं वा वहिओ न गच्छई नरयं ।
सीहो किं वा सम्मं, न पावई जीवमाणो उ ॥ १६९ ॥

[किमेवं न तीर्थहानिः किं वा वधितो न गच्छति नरकम् ।
सिंहः किं वा सम्यक्त्वं न प्राप्नोति जीवन् तु ॥ १६९ ॥]

किमेवं न तीर्थहानिस्तीर्थहानिरेव । किं वा वधितो व्यापादितः क्रूराशयत्वान्न **गच्छति नरकं सिंहो** गच्छत्येव । **किं वा सम्यक्त्वं न प्राप्नोति जीवन्** सिंहोऽतिशयवत्साधुसमीपे संभवति प्राप्तिरिति ॥ १६९ ॥

गाथार्थ– टीकार्थ– શું આ પ્રમાણે તીર્થહાનિ ન થાય ? થાય જ. અથવા મરાયેલો સિંહ ક્રૂર આશયથી નરકમાં ન જાય ? જાય જ. અથવા જીવતો તે સિંહ અતિશયવાળા સાધુની પાસે સમ્યક્ત્વને ન પામે ? અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ સંભવે છે. (१६९)

किं वा तेणावहिओ, कहिंचि अहिमाइणा न खज्जेज्जा ।
सो ता इहंपि दोसो, कहं न होइ त्ति चिंतमिणं ॥ १७० ॥

[किं वा तेनाहतः कथञ्चित् अह्यादिना न खाद्येत ।
स तस्मादिहापि दोषः कथं न भवतीति चिन्त्यमिदम् ॥ १७० ॥]

किं वा तेन सिंहेन**ाहतो**ऽव्यापादितः सन् **कथञ्चिद्** रजन्यां प्रमादा**दह्यादिना** सर्पेण गोनसेन वा **न खाद्येत स** आचार्यः संभवति सर्वमेतत् यस्मादेवं **तस्मादिहापि दोषो** भवदभिमतः **कथं न भवतीति चिन्त्यमिदं** विचारणीयमेतदिति ॥ १७० ॥

ગાથાર્થ– ટીકાર્થ– શું સિંહથી ન હણાયેલા આચાર્ય કોઈ પણ રીતે રાતે પ્રમાદથી સર્પ કે ગોનસ[1] આદિથી ન ખવાય=દંશાય ? આ બધું સંભવે છે. તેથી અહીં પણ (=વધની અનિવૃત્તિમાં પણ) તમોએ સ્વીકારેલ દોષ કેમ ન થાય ? અર્થાત્ થાય. આથી આ વિચારવું. (૧૭૦)

यतश्चैवमतः–

सव्वपवित्तिअभावो, पावइ एवं तु अन्नदाणे वि ।
तत्तो विसूइयाई, न संभवंतित्थ किं दोसा ॥ १७१ ॥

[सर्वप्रवृत्त्यभावः प्राप्नोत्येवं तु अन्नदानेऽपि ।
ततः विसूचिकादयः न संभवन्त्यत्र किं दोषाः ॥ १७१ ॥]

सर्वप्रवृत्त्यभावः प्राप्नोत्येवमागन्तुकदोषसंभवात् एवं च सत्यन्नदानेऽपि न प्रवर्तितव्यं । अपिशब्दाददानेऽपि । **ततो**ऽन्नदानादे**र्विसूचिकादयो** विसूचिका मरणं, अदाने प्रद्वेषतो धनहरणव्यापादनादयो **न संभवन्त्यत्रा**न्नदानादौ **किं दोषाः** ? संभवन्त्येवेति ॥ १७१ ॥

આ પ્રમાણે હોવાથી–

ગાથાર્થ– આ પ્રમાણે તો સર્વ પ્રવૃત્તિનો અભાવ પ્રાપ્ત થાય. અન્નદાનમાં પણ અન્નદાનથી વિસૂચિકા વગેરે દોષો શું નથી સંભવતા ?

ટીકાર્થ– આંગુતક દોષના સંભવથી સર્વ પ્રવૃત્તિનો અભાવ પ્રાપ્ત થાય. આ પ્રમાણે તો અન્નદાનમાં પણ પ્રવૃત્તિ ન કરવી જોઈએ. કારણ કે અન્નદાનથી વિસૂચિકા અને મરણ વગેરે દોષો સંભવે છે. અન્નદાન ન કરવામાં પણ પ્રદ્વેષથી ધનહરણ અને વધ વગેરે દોષોની સંભાવના છે. (જેને અન્નદાન ન કરવામાં આવે તે અન્નદાન ન કરનારનું ધન લૂંટી લે કે તેને મારી નાખે વગેરે દોષોની સંભાવના છે.) આમ અન્નદાન વગેરેમાં દોષો સંભવે જ છે. (૧૭૧)

तथा–

सयमवि य अपरिभोगो, एत्तो च्चिय एवं गमणमाई वि ।
सव्वं न जुज्जइ च्चिय, दोसासंकानिवित्तीओ ॥ १७२ ॥

[स्वयमपि चापरिभोगः अत एव एवं गमनाद्यपि ।
सर्वं न युज्यत एव दोषाशङ्कानिवृत्तेः ॥ १७२ ॥]

---

१. ગોનસ=એક જાતનો સાપ.

स्वयमपि चापरिभोगोऽन्नादेरत एवागन्तुकदोषसंभवादेव । एवं **गमनाद्यपि** गमनमागमनमवस्थानं **सर्वं न युज्यते एव दोषाशङ्कानिवृत्तेः** गच्छतोऽपि कण्टकवेधादिसंभवादागच्छतोऽपि अवस्थानेऽपि गृहपातादिसंभवदर्शनादिति ॥ १७२ ॥

तथा–

गाथार्थ– આગંતુક દોષના સંભવથી જ સ્વયં પણ અન્નાદિનો પરિભોગ ન કરવો જોઈએ. એ પ્રમાણે ગમન વગેરે સઘળું ય યોગ્ય ન જ થાય. કારણ કે દોષશંકાની નિવૃત્તિ થતી નથી.

ટીકાર્થ– જવામાં અને આવવામાં પણ પગમાં કાંટો વીંધાય વગેરે દોષનો અને એક સ્થળે રહેવામાં પણ ગૃહપતન વગેરે દોષનો સંભવ જોવામાં આવે છે. (૧૭૨)

अणिवित्ती वि हु एवं, कह कायव्व त्ति भणियदोसाओ ।
आलोयणं पि अवराहसंभवाओ ण जुत्तं ति ॥ १७३ ॥

[अनिवृत्तिरपि खलु एवं कथं कर्तव्येति भणितदोषात् ।
आलोचनमपि अपराधसंभवात् न युक्तमिति ॥ १७३ ॥]

अनिवृत्तिरप्येवं कथं कर्तव्येति भणितदोषादनिवृत्तित एव राजमयूरादिव्यापादनेन दोषसंभवात् । **आलोचनमपि** प्रागुपदिष्टं (१६७) आत्यन्तिककार्यविघ्नत्वात् किमप्येते आलोचयन्तीति चान्यापकारप्रवृत्ते**रपराधसंभवान्न युक्तमेवेति** ॥ १७३ ॥

गाथार्थ–આ પ્રમાણે કહેલા દોષના કારણે અનિવૃત્તિ પણ કેવી રીતે કરવી ? અપરાધનો સંભવ હોવાથી વિચારણા પણ યુક્ત નથી.

ટીકાર્થ– વાદીએ વધની વિરતિ કરવાથી થતા દોષો કહ્યાં. એ દોષો ન થાય એ માટે કોઈ વધની વિરતિ ન કરે તો, વધની વિરતિ ન કરવાથી જ રાજાના અને મોર વગેરેના વધથી દોષનો સંભવ છે. આથી વધની અવિરતિ પણ કેવી રીતે કરવી ? વધની વિરતિ ન કરી હોય એથી સંભવ છે કે રાજાનો વધ થઈ જાય કે મોર વગેરેનો વધ થઈ જાય (અથવા રાજાના મોરનો વધ થઈ જાય). આમ વધની અવિરતિમાં પણ દોષનો સંભવ છે. પૂર્વે ૧૬૭મી ગાથામાં કહેલી વિચારણા પણ કાર્ય કરવામાં બહુ વિઘ્નરૂપ છે તથા વિચારણા થતી હોય ત્યારે આ લોકો કંઈક (ખોટું) વિચારે છે એમ

અન્ય વિચારે એથી અન્યના અપકારમાં પ્રવૃત્તિ કરે. આમ વિચારણામાં દોષની સંભાવના હોવાથી વિચારણા કરવી પણ યુક્ત જ નથી. (૧૭૩)

ઉપસંહરન્નાહ–

इय अणुभवलोगागमविरुद्धमेयं न नायसमयाणं ।
मइविब्भमस्स हेऊ, वयणं भावत्थनिस्सारं ॥ १७४ ॥

[इति अनुभवलोकागमविरुद्धमेतत् न ज्ञातसमयानाम् ।
मतिविभ्रमस्य हेतुः वचनं भावार्थनिस्सारम् ॥ १७४ ॥]

इति एवं **अनुभवलोकागमविरुद्धमेतत् ।** निवृत्तौ परिणामशुद्ध्यनुभवादनुभवविरुद्धं समुद्रादिप्रतरणादिप्रवृत्तेर्लोकविरुद्धं यस्य कस्यचिद्विधानादागमविरुद्धं एतत्पूर्वपक्षवादिवचनमिति योगः । **न ज्ञातसमयानां** नावगतसिद्धान्तानां **मतिविभ्रमस्य हेतुः** कथमेतच्छोभनं मतिविप्लवस्य कारणं । किं विशिष्टं **वचनं भावार्थनिस्सारं** अभिप्रेतगर्भार्थशून्यमिति ॥ १७४ ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– આ પ્રમાણે અનુભવ-લોક-આગમથી વિરુદ્ધ અને અભિપ્રેત ભાવાર્થથી શૂન્ય આ વચન સિદ્ધાંતને જાણનારાઓના મતિવિભ્રમનું કારણ બનતું નથી.

ટીકાર્થ– અનુભવ-લોક-આગમથી વિરુદ્ધ– વધવિરતિ કરવામાં પરિણામની શુદ્ધિનો વધવિરતિ કરનારાઓને અનુભવ થાય છે. માટે આ વચન અનુભવથી વિરુદ્ધ છે. મરણ આદિની સંભાવના હોવા છતાં લોકો સાહસ કરીને સમુદ્રનું તરણ વગેરે પ્રવૃત્તિ કરે છે. આથી આ વચન લોકવિરુદ્ધ છે. આ વચન જે કોઈનું વિધાન હોવાથી, અર્થાત્ આગમના જ્ઞાનથી રહિતનું હોવાથી, આગમ વિરુદ્ધ છે.

આ વચન=પૂર્વપક્ષવાદીનું વચન.

મતિ વિભ્રમનું કારણ બનતું નથી– આ વચન સારું છે એમ મતિઘાતનું કારણ બનતુ નથી, અર્થાત્ આગમના જ્ઞાતાઓને આ વચન સારું જણાતું નથી. (૧૭૪)

યસ્માદેવં–

तम्हा विसुद्धचित्ता, जिणवयणविहीइ दोवि सद्धाला ।
वहविरइसमुज्जुत्ता, पावं छिंदंति धिइबलिणो ॥ १७५ ॥

[तस्माद्विशुद्धचित्तौ जिनवचनविधिना द्वावपि श्रद्धावन्तौ ।
वधविरतिसमुद्युक्तौ पापं छिंत्तः धृतिबलिनौ ॥ १७५ ॥]

तस्माद्विशुद्धचित्तौ अपेक्षारहितौ **जिनवचनविधिना** प्रवचनोक्तेन प्रकारेण **द्वावपि** प्रत्याख्यातृप्रत्याख्यापयितारौ **श्रद्धावन्तौ वधविरतिसमुद्युक्तौ** यथाशक्त्या पालनोद्यतौ **पापं छिंत्तः** कर्म क्षपयतः **धृतिबलिनौ** अप्रतिपतित-परिणामाविति ॥ १७५ ॥

જે કારણથી આ પ્રમાણે છે—

ગાથાર્થ— તેથી વિશુદ્ધ ચિત્તવાળા, શ્રદ્ધાળુ, પ્રવચનમાં કહેલી વિધિથી, વધવિરતિમાં ઉદ્યમવાળા અને ધૃતિ બળવાળા બંને પાપને કાપે છે.

ટીકાર્થ—વિશુદ્ધ ચિત્તવાળા=(આલોક-પરલોક સંબંધી) અપેક્ષાથી રહિત વધવિરતિમાં ઉદ્યમવાળા=યથાશક્તિ વધવિરતિના પાલનમાં ઉદ્યમવાળા. **ધૃતિબળવાળા**=જેમના (વધવિરતિના) પરિણામ પડી ગયા નથી તેવા.

બંને=પ્રત્યાખ્યાન કરનાર અને પ્રત્યાખ્યાન કરાવનાર.

ભાવાર્થ— આ લોક-પરલોક સંબંધી અપેક્ષાથી રહિત, જિનવચનમાં શ્રદ્ધાળુ, યથાશક્તિ વધવિરતિના પાલનમાં ઉદ્યમવાળા અને વધવિરતિના પરિણામવાળા પ્રત્યાખ્યાન કરનાર અને પ્રત્યાખ્યાન કરાવનાર એ બંને પાપકર્મની નિર્જરા કરે છે. (૧૭૫)

नित्यानित्यवाद (गा. १७६-१९१)

सांप्रतमन्यद् वादस्थानकम्—

निच्चाण वहाभावा, पयइअणिच्चाण चेव निव्विसया ।
एगंतेणेव इहं, वहविरइं केइ मन्नंति ॥ १७६ ॥

[नित्यानां वधाभावात्प्रकृत्यनित्यानां चैव निर्विषया ।
एकान्तेनैव इह वधविरतिः केचन मन्यन्ते ॥ १७६ ॥]

जीवाः किल नित्या वा स्युरनित्या वेत्युभयथापि दोषः, **नित्यानां वधाभावात् प्रकृत्यनित्यानां चैव** स्वभावभङ्गुराणां चैव वधाभावात् **निर्विषया** निरालम्बना **एकान्तेनैव अत्र** पक्षद्वये का **वधविरतिः** संभवाभावात् **केचन** वादिनो **मन्यन्त** इति ॥ १७६ ॥

હવે બીજું વાદસ્થાન

ગાથાર્થ– નિત્ય અને પ્રકૃતિથી અનિત્ય જીવોનો વધ ન થવાથી વધવિરતિ એકાંતે જ નિર્વિષય છે એમ કોઇક વાદીઓ માને છે.

ટીકાર્થ– જીવો નિત્ય હોય કે અનિત્ય હોય ઉભય રીતે દોષ છે. તે આ પ્રમાણે– નિત્ય જીવોનો વધ કરી શકાય નહિ. સ્વભાવથી જ ભંગુર=પોતાની મેળે જ નાશ પામનારા જીવોનો પણ વધ ન કરી શકાય. (કેમ કે પોતાની મેળે જ નાશ પામી જાય છે.) આથી વધવિરતિ નિર્વિષય=નિરાલંબન બની, અર્થાત્ કોઇ જીવ મારી શકાતો નથી. તેથી કોને મારવાનું ? જો કોઇને મારવાનું જ ન હોય તો વધની વિરતિનો કોઇ વિષય=આલંબન ન રહ્યો. (જેના વધની વિરતિ કરવાની હોય તે વધવિરતિનો વિષય=આલંબન કહેવાય.) (૧૭૬)

एतदेव भावयति–

एगसहावो निच्चो, तस्स कह वहो अणिच्चभावाओ ।
पयइअणिच्चस्स वि अन्नहेउभावाणवेक्खाओ ॥ १७७ ॥

[एकस्वभावो नित्यः तस्य कथं वधः अनित्यभावात् ।
प्रकृत्यनित्यस्यापि अन्यहेतुभावानपेक्षातः ॥ १७७ ॥]

एकस्वभावोऽप्रच्युतानुत्पन्नस्थिरैकधर्मा **नित्यः तस्य कथं वधः** जिघांसन**मनित्यभावाद**तादवस्थो नानित्यत्वापत्तेरित्यर्थः **प्रकृत्यनित्यस्यापि** स्वभावतोऽप्यनित्यस्य कथं वध इति वर्तते कथं च नेत्याह– **अन्यहेतु-भावानपेक्षातः** स्वव्यतिरिक्तहेतुसत्तानपेक्षत्वात् तत्स्वभावत्वे च स्वत एव निवृत्तेरिति ॥ १७७ ॥

આ જ વિષયને વિચારે છે–

ગાથાર્થ– નિત્ય એક સ્વભાવવાળો હોય. તેનો વધ કેવી રીતે ? કેમ કે વધ થાય તો અનિત્યભાવવાળો થઈ જાય. અન્ય હેતુભાવની અપેક્ષા ન રાખવાથી સ્વભાવથી અનિત્યનો પણ વધ કેવી રીતે થાય ?

ટીકાર્થ– નિત્ય એક સ્વભાવવાળો=નાશ ન પામે, ઉત્પન્ન પણ ન થાય, કિંતુ સ્થિર એક ધર્મવાળો રહે. આવા જીવનો વધ થાય તો અનિત્ય બની જાય, તેવી જ અવસ્થાવાળો ન રહે=સ્થિર એક ધર્મવાળો ન રહે.

સ્વભાવથી અનિત્યનો પણ વધ ન થાય. કેમ કે નાશમાં પોતાના સિવાય અન્ય હેતુઓની અપેક્ષા રાખતો નથી, અર્થાત્ પોતાની મેળે જ નાશ પામી જાય છે. (૧૭૭)

प्रक्रान्तोपचयमाह–

किं च सरीरा जीवो, अन्नो णन्नो व हुज्ज जइ अन्नो ।
ता कह देहवहंमि वि, तस्स वहो घडविणासेव्व ॥ १७८ ॥

[किं च शरीरात् जीवः अन्योऽनन्यो वा भवेत् यद्यन्यः ।
तत्कथं देहवधेऽपि तस्य वधः घटविनाश इव ॥ १७८ ॥]

किं चान्यच्छरीरात्सकाशाज्जीवोऽन्योऽनन्यो वा भवेत् द्वयीगतिः किं चातः **यद्यन्यस्तत्कथं देहवधे** प्रकृतिविकारत्वेनार्थान्तरभूतदेहविनाशे **तस्य जीवस्य** वधो नैवेत्यर्थः **घटविनाश इव** न हि घटे विनाशिते जीववधो दृष्टः तदर्थान्तरत्वादिति ॥ १७८ ॥

પ્રસ્તુત વિષયમાં વિશેષ કહે છે–

ગાથાર્થ– વળી– જીવ શરીરથી ભિન્ન હોય કે અભિન્ન હોય. જો ભિન્ન હોય તો દેહનો વધ થવા છતાં જીવનો વધ કેમ થાય ? જેમ કે ઘટવિનાશ.

ટીકાર્થ– વળી– જીવ શરીરથી ભિન્ન હોય કે અભિન્ન હોય એમ બે વિકલ્પ છે. જો જીવ શરીરથી ભિન્ન હોય તો શરીરના વધમાં જીવનો વધ કેવી રીતે થાય ? કારણ કે શરીર પ્રકૃતિનો વિકાર હોવાથી જીવથી અન્ય પદાર્થ છે. જેવી રીતે ઘટ જીવથી ભિન્ન હોવાથી ઘટના વિનાશમાં જીવનો વિનાશ જોવાયો નથી તેમ શરીરના વિનાશમાં જીવનો વિનાશ ન થાય. (૧૭૮)

द्वितीयं विकल्पमधिकृत्याह–

अह उ अणन्नो देह व्व सो तओ सव्वहा विणस्सिज्जा ।
एवं न पुण्णपावा, वहविरई किंनिमित्ता भे ॥ १७९ ॥

[अथ त्वनन्यः देह इवासौ ततः सर्वथा विनश्येत् ।
एवं न पुण्यपापे वधविरतिः किं निमित्ता भवताम् ॥ १७९ ॥]

अथ त्वनन्यः शरीराज्जीव इत्येतदाशङ्क्याह– **देह इवासौ ततः** अनन्यत्वाद्धेतोः **सर्वथा विनश्येत्** । शरीरं च विनश्यत्येव न परलोकयायि।

एवं च न पुण्यपापे भोक्तुरभावात् **वधविरतिः किंनिमित्ता भवतां** विरतिवादिनामिति । एष पूर्वपक्षः ॥ १७९ ॥

બીજા વિકલ્પને આશ્રયીને કહે છે–

ગાથાર્થ– હવે જો જીવ દેહથી અભિન્ન હોય તો શરીરની જેમ સર્વથા નાશ પામે. એ પ્રમાણે પુણ્ય-પાપ ન રહે. તમારી વધવિરતિ કયા નિમિત્તથી થાય ?

ટીકાર્થ– જીવ શરીરથી અભિન્ન છે એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે– જીવ શરીરથી અભિન્ન હોવાથી શરીરની જેમ સર્વથા વિનાશ પામે. શરીર નાશ પામે જ છે, પરલોકમાં જતુ નથી. આત્માનો નાશ થતાં પુણ્ય-પાપ ન રહે. કેમ કે પુણ્ય-પાપને ભોગવનાર કોઈ નથી. તથા વિરતિવાદી એવા તમારી વધવિરતિ કયા નિમિત્તથી થાય ? અર્થાત્ આત્મા જ નથી તેથી વધવિરતિનું કોઈ નિમિત્ત જ નથી. આ પૂર્વપક્ષ છે. (૧૭૯)

अत्रोत्तरमाह–

निच्चाणिच्चो जीवो, भिन्नाभिन्नो य तह सरीराओ ।
तस्स वहसंभवाओ, तव्विरई कहमविसया उ ॥ १८० ॥

[नित्यानित्यो जीवो भिन्नाभिन्नश्च तथा शरीरात् ।
तस्य वधसंभवात् तद्विरतिः कथमविषया तु ॥ १८० ॥]

एकान्तनित्यत्वादिभेदप्रतिषेधेन **नित्यानित्यो जीवो** द्रव्यपर्यायरूपत्वात् **भिन्नाभिन्नश्च तथा शरीरात्** तथोपलब्धेः अन्यथा दृष्टेष्टविरोधात् **तस्य वधसंभवाद्धेतोस्तद्विरति**र्वधविरतिः **कथमविषया** नैवेत्यर्थः ॥ १८० ॥

અહીં ઉત્તર કહે છે–

ગાથાર્થ– જીવ નિત્યાનિત્ય છે, અને શરીરથી ભિન્નાભિન્ન છે. જીવના વધનો સંભવ હોવાથી વધવિરતિ નિર્વિષય કેવી રીતે છે ? અર્થાત્ નિર્વિષય નથી.

ટીકાર્થ– જીવ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. આથી જીવ દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે.

(દરેક વસ્તુમાં બે અંશો હોય છે. (૧) દ્રવ્યાંશ (૨) પર્યાયાંશ. તેમાં દ્રવ્ય અંશ સ્થિર=નિત્ય હોય છે, અને પર્યાય અંશ અસ્થિર=અનિત્ય

(=ઉત્પત્તિ-વિનાશશીલ) હોય છે. જેમ કે સુવર્ણ. સુવર્ણ કુંડલ-હાર આદિ વિવિધ પર્યાયોને પામવા છતાં પોતાના સુવર્ણરૂપ મૂળ સ્વરૂપનો ત્યાગ કરતું નથી. તેથી સુવર્ણ દ્રવ્યરૂપે નિત્ય છે અને પર્યાયરૂપે અનિત્ય છે.

પ્રસ્તુતમાં જીવ જુદા જુદા પર્યાયોને પામે છે તેથી અનિત્ય છે, જુદા-જુદા પર્યાયોને પામવા છતાં પોતાના મૂળ સ્વરૂપનો ત્યાગ કરતો નથી માટે નિત્ય છે. જેમ કે એક જ જીવ દેવત્વ-મનુષ્યત્વ આદિ પર્યાયોને પામે છે, પણ તે બધા પર્યાયોમાં પોતાનું મૂળ જીવત્વ સ્વરૂપ કાયમ રહે છે.)

તથા જીવ શરીરથી કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. કારણ કે તે રીતે ઉપલબ્ધિ થાય છે. (ઉપલબ્ધિ એટલે અનુભવજ્ઞાન. આત્મા શરીરથી ભિન્ન છે એવો અનુભવ થતો હોવાથી "આ મારું શરીર છે" એમ બોલવામાં આવે છે. આત્મા શરીરથી કથંચિત્ અભિન્ન છે એવો અનુભવ થાય છે માટે જ "હું નિરોગી છું" વગેરે બોલવામાં આવે છે.)

જો આત્માને શરીરથી ભિન્નાભિન્ન ન માનવામાં આવે તો દૃષ્ટ-ઇષ્ટનો વિરોધ થાય.

(દૃષ્ટ એટલે સર્વલોકમાં પ્રસિદ્ધ. ઇષ્ટ એટલે શાસ્ત્રથી સિદ્ધ. આત્મા શરીરથી કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે એમ લોકમાં પૂર્વે કહ્યું તેમ પ્રસિદ્ધ છે અને શાસ્ત્રથી પણ સિદ્ધ છે. એથી આત્માને શરીરથી ભિન્નાભિન્ન ન માનવામાં દૃષ્ટનો અને ઇષ્ટનો વિરોધ થાય છે.)[1]

આ રીતે જીવવધનો સંભવ હોવાથી વધવિરતિ વિષયરહિત નથી. (૧૮૦)

नित्यानित्यत्वव्यवस्थापनायाह–

निच्चाणिच्चो संसारलोगववहारओ मुणेयव्वो ।
न य एगसहावंमी, संसाराई घडंति त्ति ॥ १८१ ॥

[नित्यानित्यः संसारलोकव्यवहारतः मुणितव्यः ।
न चैकस्वभावे संसारादयो घटन्त इति ॥ १८१ ॥]

नित्यानित्यो जीव इति गम्यते कुतः **संसाराल्लोकव्यवहारतो मुणितव्यः** त एव सत्त्वा नरकं व्रजन्तीत्यादि संसारात् गत आगत इति लोकव्यवहाराच्च

१. આના વિશેષ બોધ માટે હારિભદ્રીય અષ્ટક, ધર્મબિંદુ વગેરે ગ્રંથોનો ગુજરાતી ભાવાનુવાદ જોવો.

विज्ञेय इति । विपक्षव्यवच्छेदार्थमाह– **न चैकस्वभावे** न च नित्याद्येकधर्मिण्येवात्मनि **संसारादयो घटन्त इति** गाथासमुदायार्थः ॥ १८१ ॥

હવે નિત્યત્વ-અનિત્યત્વની સ્થાપના કરવા માટે કહે છે–

ગાથાર્થ– સંસારથી અને લોક વ્યવહારથી જીવ નિત્ય-અનિત્ય જાણવો. જો જીવ એક સ્વભાવવાળો હોય તો સંસાર વગેરે ન ઘટે.

ટીકાર્થ– "તે જ જીવો નરકમાં જાય છે" ઇત્યાદિ (ચાર ગતિ રૂપ) સંસારથી અને "જીવ ગયો જીવ આવ્યો" ઇત્યાદિ લોકવ્યવહારથી જીવ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય જાણવો. વિરુદ્ધ પક્ષનો વ્યવચ્છેદ (=નિષેધ) કરવા માટે કહે છે– નિત્યત્વ આદિ એક ધર્મવાળા જ આત્મામાં સંસાર વગેરે ન ઘટે.

આ પ્રમાણે ગાથાનો આ સામાન્ય અર્થ છે. (૧૮૧)

અધુના અવયવાર્થમાહ–

निच्चस्स सहावंतरमपावमाणस्स कह णु संसारो ।
जंमाणंतरनट्ठस्स चेव एगंतओ मूलो ॥ १८२ ॥

[नित्यस्य स्वभावान्तरमप्राप्नुवतः कथं नु संसारः ।
जन्मानन्तरनष्टस्यैव एकान्ततोऽमूलः ॥ १८२ ॥]

नित्यस्याप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावेन हेतुना **स्वभावान्तरमप्राप्नुवतः** सदैवैकरूपत्वात् **कथं नु संसारो** नैव विचित्रत्वात्तस्य **जन्मानन्तरनष्टस्यैव** च सर्वथोत्पत्त्यनन्तरापवर्गिणः एकान्ततोऽमूलः तस्यैव तथापरिणामवैकल्यत **एकान्तेनैवाकारणः** कुतः संसार इति ॥ १८२ ॥

હવે ઉક્ત ગાથાના વિશેષ અર્થને કહે છે–

ગાથાર્થ– અન્ય સ્વભાવને ન પામનારા નિત્ય આત્માનો સંસાર કેવી રીતે ઘટે ? ઉત્પત્તિ પછી તરત નાશ પામનારનો સંસાર એકાંતે મૂલરહિત છે.

ટીકાર્થ– નાશ અને ઉત્પત્તિથી રહિત સ્થિર એક સ્વભાવવાળો હોવાથી અન્ય સ્વભાવને (=સ્વરૂપને) ન પામનારા અને એથી જ સદાય એક સ્વરૂપવાળા આત્માનો સંસાર કેવી રીતે ઘટે ? અર્થાત્ ન ઘટે. કારણ કે સંસાર વિચિત્ર છે=વિવિધ સ્વરૂપવાળો છે. તથા ઉત્પત્તિ પછી તરત સર્વથા નાશ પામનારા આત્માનો સંસાર એકાંતે મૂલરહિત છે, અર્થાત્

આત્માના જ તેવા પ્રકારના પરિણામથી રહિત હોવાથી એકાંતે અકારણ=કારણ રહિત છે. આથી અનિત્ય આત્માનો સંસાર ક્યાંથી હોય? અર્થાત્ ન હોય. (૧૮૨)

एत्तो च्चिय ववहारो, गमणागमणाइ लोगसंसिद्धो ।
न घडइ जं परिणामी, तम्हा सो होइ नायव्वो ॥ १८३ ॥

[अत एव व्यवहारो गमानागमनादिर्लोकसंसिद्धः ।
न घटते यत् परिणामी तस्मात् असौ भवति ज्ञातव्यः ॥ १८३ ॥]

अत एवानन्तरोदितादेकान्तनित्यत्वादेर्हेतो**र्व्यवहारो गमनागमनादिर्न घटते** एकत्रैकस्वभावस्याध्यासितदेशव्यतिरेकेण देशान्तराध्यासायोगात् अन्यत्र च तस्यैवाभावेनापरानुत्पत्तेरिति । आदिशब्दात्स्थानशयनासनभोजनादिपरिग्रहः **यद्** यस्मादेवं **तस्मात्परिणाम्यसावात्मा भवति ज्ञातव्यः**, परिणामलक्षणं चेदं–

परिणामो ह्यर्थान्तरगमनं न तु सर्वथा व्यवस्थानं ।
न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ॥ १ ॥ इति ॥ १८३ ॥

गाथार्थ– આથી જ લોકમાં સિદ્ધ એવો ગમનાગમનાદિ વ્યવહાર ઘટતો નથી. તેથી આત્મા પરિણામી જાણવો.

ટીકાર્થ– આથી જ=હમણાં જ કહેલ એકાંત નિત્યત્વ આદિ કારણથી.

ગમનાગમનાદિ વ્યવહાર ઘટતો નથી– એક સ્વભાવવાળા આત્માનો સંબંધવાળા સ્થાન સિવાય (=પોતે જે સ્થાનમાં રહેલો છે તે સ્થાન સિવાય) અન્ય સ્થાનનો સંબંધ ન થાય. (જો અન્ય સ્થાનનો સંબંધ થાય તો આત્મા એક સ્વભાવવાળો ન રહે. પહેલા અમુક સ્થાનની સાથે સંબંધ હતો, હવે બીજા સ્થાનની સાથે સંબંધ થયો. આથી સ્વભાવ બદલાઇ ગયો.)

એકાંતે અનિત્યપક્ષમાં આત્માનો જ અભાવ થાય છે. ગમન આદિ કોઇ એક ક્રિયા કર્યા પછી આત્મા નાશ પામે છે તેથી બીજી ક્રિયા કરી શકતો નથી. દા.ત. ગમન કર્યું અને નાશ પામ્યો. તેથી આગમન ન થયું. ઊભો થયો અને નાશ પામ્યો, આથી બેસવાની ક્રિયા ન કરી શક્યો.

અહીં સંક્ષેપમાં સાર એ છે કે એકાંતે નિત્ય કે અનિત્ય આત્મા એક સ્થળેથી બીજા સ્થળે જઇ શકતો અને આવી શકતો પણ નથી.

ગમનાગમનાદિ એ સ્થળે રહેલા 'આદિ' શબ્દથી ઊભા રહેવું, સૂવું, બેસવું, ભોજન કરવું વગેરે વ્યવહાર સમજવો.

તેથી=એકાંતે નિત્ય-અનિત્ય આત્મામાં ગમનાગમનાદિ વ્યવહાર ઘટી શકતો ન હોવાથી.

આત્મા પરિણામી જાણવો– પરિણામનું લક્ષણ આ છે– "મૂળ વસ્તુ રૂપાંતરને પામે છે તે પરિણામ. પરિણામના જ્ઞાતાઓને મૂળ વસ્તુ સર્વથા નાશ ન પામે અને તેવીને તેવી ન રહે, કિંતુ રૂપાંતરને પામે તે પરિણામ ઇષ્ટ[1] છે." (૧૮૩)

एतदेव भावयति–

जह कंचणस्स कंचणभावेण अवट्ठियस्स कडगाई ।
उप्पज्जंति विणस्संति चेव भावा अणेगविहा ॥ १८४ ॥

[यथा काञ्चनस्य काञ्चनभावेन अवस्थितस्य कटकादयः ।
उत्पद्यन्ते विनश्यन्ति चैव भावा अनेकविधाः ॥ १८४ ॥]

यथा काञ्चनस्य सुवर्णस्य **काञ्चनभावेन** सर्वभावानुयायिन्या सुवर्णसत्तया **अवस्थितस्य कटकादयः** कटककेयूरकर्णालङ्कारादयः **उत्पद्यन्ते** आविर्भवन्ति **विनश्यन्ति च** तिरोभवन्ति च **भावाः** पर्यायाः **अनेकविधा** अन्वयव्यतिरेकवन्तः स्वसंवेदनसिद्धा अनेकप्रकारा इति ॥ १८४ ॥

---

१. तत्त्वार्थाधिगम सूत्रमां परिणामनुं लक्षण आ प्रमाणे छे– **तद्भावः परिणामः ॥ ५-४१ ॥ अर्थ–** तेनो (=द्रव्योनो अने गुणोनो) भाव ते परिणाम.

द्रव्यो अने गुणो जे स्वरूपे बने ते स्वरूप द्रव्योनो अने गुणोनो परिणाम छे. अर्थात् स्वजातिनो (=द्रव्यत्वनो के गुणत्वनो) त्याग कर्या विना द्रव्यनो के गुणनो जे विकार ते परिणाम.

द्रव्य के गुण प्रतिसमय विकारने (=अवस्थांतरने) पामे छे. छतां तेना मूळ स्वरूपमां कोई जातनो फेरफार थतो नथी. मनुष्य, देह, पशु आदि भिन्न भिन्न अवस्थाने (=विकारने) पामवा छतां जीवमां जीवत्व कायम रहे छे. जीवत्वमां कोई जातनो विकार थतो नथी. आथी मनुष्यत्व, देवत्व वगेरे जीवना परिणामो छे. ए प्रमाणे आत्माना चैतन्य गुणना घटज्ञान, पटज्ञान, घटदर्शन, पटदर्शन वगेरे विकारो थवा छतां मूळ चैतन्यगुणमां कोई जातनी विकृति थती नथी. आथी घटज्ञान, घटदर्शन वगेरे आत्माना चैतन्यगुणना परिणामो छे. चैतन्यनी ज्ञानोपयोग आदि विकृति थवा छतां ते दरेकमां चैतन्य कायम रहे छे.

पुद्गलना द्व्यणुक, त्र्यणुक, चतुरणुक आदि अनंत परिणामो छे. ते दरेकमां पुद्गलत्व (पुद्गल जाति) कायम रहे छे. रूप आदि गुणना श्वेत, नील आदि अनेक परिणामो छे. ते दरेकमां रूपत्व (=रूपजाति) आदि कायम रहे छे. आ प्रमाणे धर्मास्तिकाय आदि द्रव्यो विशे पण समजवुं.

આ જ વિષયને વિચારે છે–

ગાથાર્થ– જેમ કે સુવર્ણરૂપે રહેલા સુવર્ણના કટક વગેરે અનેક પ્રકારના અન્વય-વ્યતિરેકવાળા પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે.

ટીકાર્થ–સુવર્ણરૂપે રહેલા=સર્વ પર્યાયોમાં જનારી સુવર્ણસત્તારૂપે રહેલા.

કટક વગેરે=હાથમાં પહેરવાના કડાં, બાહુમાં પહેરવાના બાજુબંધ અને કાનના આભૂષણો વગેરે.

ઉત્પન્ન થાય છે=પ્રગટ થાય છે.

નાશ પામે છે=અદૃશ્ય થાય છે.

ભાવાર્થ– સુવર્ણમાંથી કડાં, કુંડલ વગેરે આભૂષણો બનાવવામાં આવે છે ત્યારે મૂળ વસ્તુ જે સુવર્ણ તે રૂપાંતરને પામે છે=અન્ય પર્યાયને પામે છે. આમાં સોનું દ્રવ્યરૂપે કાયમ રહીને રૂપાંતરને પામે છે. અહીં મૂળવસ્તુ તેવીને તેવી જ રહેતી નથી=રૂપાંતરને પામે છે, અને સર્વથા નાશ પણ પામતી નથી.

આ પ્રમાણે અન્વય-વ્યતિરેકવાળા અનેક પ્રકારના પર્યાયો બધાને સ્વાનુભવથી સિદ્ધ છે.

[અન્વય-વ્યતિરેકવાળા=અન્વય એટલે વૃત્તિ=સ્થિતિ. વ્યતિરેક એટલે અભાવ. જેમ કે સુવર્ણના હારને ભાંગીને કુંડલ બનાવવામાં કુંડલ અન્વયરૂપ પર્યાય છે. હાર વ્યતિરેક (=અભાવરૂપ) પર્યાય છે.] (૧૮૪)

एवं च जीवदव्वस्स दव्वपज्जवविसेसभइयस्स ।
निच्चत्तमणिच्चत्तं, च होइ णाओवलभंतं ॥ १८५ ॥

[एवं च जीवद्रव्यस्य द्रव्यपर्यायविशेषभक्तस्य ।
नित्यत्वमनित्यत्वं च भवति न्यायोपलभ्यमानम् ॥ १८५ ॥]

एवं च जीवद्रव्यस्य किंविशिष्टस्य **द्रव्यपर्यायविशेषभक्तस्या**नुभवसिद्धया उभयरूपतया विकल्पितस्य **नित्यत्वमनित्यत्वं च भवति न्यायोपलभ्यमानं**। पृथग्विभक्तिकरणं द्वयोरपि निमित्तभेदख्यापनार्थं। न्यायः पुनरिह नारकाद्यवस्थासु मिथो भिन्नास्वपि जीवान्वय उपलभ्यते तस्मिंश्च नारकादिभेद इति ॥ १८५ ॥

ગાથાર્થ– આ પ્રમાણે દ્રવ્ય-પર્યાયરૂપ વિશેષોથી વિભક્ત જીવદ્રવ્યનું નિત્યત્વ અને અનિત્યત્વ નીતિથી ઉપલબ્ધ થાય છે.

ટીકાર્થ– અનુભવસિદ્ધ એવા દ્રવ્ય અને પર્યાયરૂપ ઉભય સ્વરૂપથી ભિન્ન કરાયેલ જીવ દ્રવ્યનું નિત્યત્વ અને અનિત્યત્વ નીતિથી ઉપલબ્ધ થાય છે.

પ્રશ્ન– વિશેષ શબ્દના પ્રયોગથી ભેદ અર્થ સમજાઈ જવા છતાં **ભક્ત** શબ્દનો પ્રયોગ કેમ કર્યો ?

ઉત્તર– દ્રવ્ય અને પર્યાય એ બંનેના ભેદનું નિમિત્ત ભિન્ન છે. એ જણાવવા માટે **नित्यत्वमनित्यत्वं** એમ અલગ વિભક્તિનો પ્રયોગ કર્યો છે. (મૂળ વસ્તુને દ્રવ્ય કહેવાય અને મૂળ વસ્તુમાં થતા વિકારોને પર્યાય કહેવાય છે. આમ બંનેમાં ભેદનુ નિમિત્ત ભિન્ન છે.)

નીતિથી ઉપલબ્ધ થાય છે– પરસ્પર ભિન્ન પણ નારકાદિની અવસ્થાઓમાં જીવનો અન્વય ઉપલબ્ધ થાય છે, અને જીવમાં નારકાદિનો ભેદ ઉપલબ્ધ થાય છે. (૧૮૫)

द्वितीयपक्षमधिकृत्याह–

एगंतेण सरीरादन्नत्ते तस्स तक्कओ बंधो ।
न घडइ न य सो कत्ता, देहादत्थंतरभूओ ॥ १८६ ॥

[एकान्तेन शरीरादन्यत्वे तस्य तत्कृतः बन्धः ।
न घटते न चासौ कर्ता देहादर्थान्तरभूतः ॥ १८६ ॥]

एकान्तेन सर्वथा **शरीरादन्यत्वे** अभ्युपगम्यमाने **तस्य** जीवस्य किं **तत्कृतो बन्धः** जीवस्य शरीरनिवर्तितो बन्धो **न घटते** न हि स्वत एव गिरिशिखरपतितपाषाणतो जीवघाते देवदत्तस्य बन्ध इति । स्यादर्थान्तरस्यापि तत्करणकर्तृत्वेन बन्ध इत्येतदाशङ्क्याह– **न चासौ कर्ता देहादर्थान्तरभूतः** निःक्रियत्वान्मुक्तादिभिरतिप्रसङ्गादिति ॥ १८६ ॥

હવે બીજા ભિન્નાભિન્ન પક્ષને આશ્રયીને કહે છે–

ગાથાર્થ– જીવ જો એકાંતે શરીરથી ભિન્ન હોય તો શરીરથી કરાયેલો બંધ જીવને ન ઘટે. તથા કર્તા આત્મા શરીરથી ભિન્ન નથી.

ટીકાનો ભાવાર્થ– શરીર અને આત્માના એકાંત ભેદમાં બીજાઓને માર મારવો, બીજાઓનો તિરસ્કાર કરવો, વધ કરવો ઇત્યાદિ અશુભ આચરણથી અને દેવને નમવું, દેવની સ્તુતિ કરવી ઇત્યાદિ શુભ આચરણથી શરીરે ઉપાર્જન કરેલ શુભાશુભ કર્મબંધ જીવને ઘટે નહિ=એ

કર્મબંધનું ફળ આત્મા સુખ-દુઃખ દ્વારા અનુભવી શકે નહિ. બીજાએ ઉપાર્જન કરેલા શુભાશુભ કર્મને કોઈ ભોગવી શકે નહિ. શું પોતાની મેળે જ પર્વતના શિખર ઉપરથી પડેલા પથ્થરથી જીવઘાત થયે છતે દેવદત્તને બંધ થાય ? નહિ જ. (બીજાએ ઉપાર્જન કરેલા કર્મને ભોગવવામાં કૃતનાશ અને અકૃત આગમનો દોષ લાગે. કૃતનાશ એટલે કરેલાં કર્મોનો ભોગવ્યા વિના જ નાશ. અકૃત આગમ એટલે નહીં કરેલાં કર્મોનું આગમન, અર્થાત્ નહિ કરેલાં કર્મો ભોગવવા પડે તે અકૃત આગમ. જેમ કે ચંદ્રકાંતે અમુક કર્મો કર્યાં=બાંધ્યાં. હવે એ કર્મોને જો સૂર્યકાંત ભોગવે તો ચંદ્રકાંતને તો ભોગવ્યા વિના જ એ કર્મનો નાશ થયો. કારણ કે ચંદ્રકાંતે એ કર્મોને ભોગવ્યા નથી. આથી કૃતનાશ દોષ થયો. હવે સૂર્યકાંતે એ કર્મો કર્યા નથી છતાં ભોગવ્યા, એથી અકૃત આગમ દોષ થયો.)

પૂર્વપક્ષ– બંધનું કરણ=સાધન જે શરીર, તે શરીરનો જીવ કર્તા હોવાથી શરીરે શુભાશુભ આચરણથી કરેલો કર્મબંધ શરીરથી ભિન્ન પણ જીવને થાય.

ઉત્તરપક્ષ– શરીરથી એકાંત ભિન્ન આત્મા નિષ્ક્રિય હોવાથી શરીરાદિનો કર્તા ન થાય. જો શરીરથી એકાંતે ભિન્ન પણ આત્મા શરીરાદિનો કર્તા હોય તો મુક્ત આદિ જીવોમાં પણ કર્મકર્તૃત્વાદિની પ્રાપ્તિ થવારૂપ અતિપ્રસંગ થાય. (૧૮૬)

स्यादेतत्प्रकृतिः करोति पुरुष उपभुङ्क्त इत्येतदाशङ्क्याह–

अन्नकयफलुवभोगे, अइप्पसंगो अचेयणं कह य ।
कुणइ तकं तदभावे, भुंजइ य कहं अमुत्तो त्ति ॥ १८७ ॥

[अन्यकृतफलोपभोगेऽतिप्रसङ्गः अचेतनं कथं च ।
करोति तकं तदभावे भुङ्क्ते च कथं अमूर्त इति ॥ १८७ ॥]

अन्यकृतफलोपभोगे प्रकृत्यादिनिवर्तितफलानुभवेऽभ्युपगभ्यमानेऽ**तिप्रसङ्गः** भेदाविशेषेऽन्यकृतस्यान्यानुभवप्रसङ्गात् वास्तवसंबन्धाभावात् **अचेतनं च कथं करोति तत्**प्रधानं किञ्चिदध्यवसायशून्यत्वात् घटवत्, न हि घटस्यापराप्रेरितस्य क्वचित्करणमुपलब्धं, न च प्रेरकः पुरुषः उदासीनत्वादेकस्वभावत्वाच्च

तदभावे भोग्याभावे शरीराभावे वा **भुङ्क्ते च कथं अमूर्त इति** बुद्धिप्रतिबिम्बोदयरूपोऽपि भोगो न युज्यते, अमूर्तस्य प्रतिबिम्बाभावात् । भावेऽपि मुक्तादिभिरतिप्रसङ्गः । न च सन्निहितमपि किञ्चिदेव प्रतिबिम्ब्यते न सर्वं तत्स्वभावमिति विशेषहेत्वभावात् अलं प्रसङ्गेन ॥ १८७॥

પ્રકૃતિ કરે છે અને પુરુષ ઉપભોગ કરે છે એવી આશંકા કરીને કહે છે–

ગાથાર્થ– (૧) અન્યે કરેલા (કર્મના) ફળના ઉપભોગમાં અતિપ્રસંગ થાય. (૨) અચેતન પ્રધાન (કર્મ) કેવી રીતે કરે. (૩) શરીરના અભાવમાં અચેતન ભોગ કેવી રીતે કરે ?

ટીકાર્થ– (૧) અન્ય=પ્રકૃતિ (પ્રધાન). પ્રકૃતિ આદિએ કરેલા ફળને પુરુષ ભોગવે તો અતિપ્રસંગ થાય.

આ ગાથાના ટીકાર્થને સમજતાં પહેલા પ્રકૃતિ અને પુરુષને સમજી લઈએ. જેથી આ ટીકાર્થ જલદી સમજાઈ જાય.

(૧) જેવી રીતે જૈન દર્શનમાં કર્મ અને આત્મા છે, તેવી રીતે સાંખ્ય દર્શનમાં પ્રકૃતિ અને પુરુષ છે. સાંખ્યમતનો સિદ્ધાંત છે કે જે કંઈ કરે છે તે બધું પ્રકૃતિ જ કરે છે. પુરુષ તો કમલપત્રની જેમ નિર્લેપ છે. (प्रकृतिः कर्त्री, पुरुषस्तु पुष्करपलाशवद् निर्लेपः) (૨) પુરુષ ભોગ કરે છે એ પણ ઉપચારથી, પરમાર્થથી પુરુષ ભોગ પણ કરતો નથી. (૩) તે જ રીતે પ્રકૃતિ જડ છે અને પુરુષ ચેતન છે. પુરુષમાં ચૈતન્ય છે, પણ જ્ઞાન પુરુષનો ગુણ નથી, બુદ્ધિનો ગુણ છે એમ સાંખ્યો માને છે. (૪) પ્રકૃતિ અને પુરુષનો સંયોગ એ સંસાર છે. પુરુષ પ્રકૃતિના સંયોગથી રહિત બની જાય એ મોક્ષ છે. (૫) સાંખ્ય મત પ્રમાણે પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. બુદ્ધિ, મન, અંતઃકરણ આ બધા પર્યાયવાચી શબ્દો છે. પ્રકૃતિ જડ (અચેતન) હોવાથી બુદ્ધિ પણ જડ છે. તો પછી પ્રશ્ન થાય કે બુદ્ધિમાં (=મનમાં) ચૈતન્ય કેવી રીતે આવ્યું ? આના સમાધાનમાં સાંખ્યો કહે છે કે જેવી રીતે જપાકુસુમ વગેરે પદાર્થો પોતાના સ્વરૂપથી ચલાયમાન થયા વિના જ અન્ય વસ્તુને પોતાના જેવી બનાવે છે તેવી રીતે પુરુષ પોતાના સ્વરૂપથી ચલાયમાન થયા વિના બુદ્ધિને પોતાના જેવી=ચૈતન્યવાળી બનાવે છે. (૬) બુદ્ધિ બે બાજુ પારદર્શી દર્પણ સમાન છે. એથી બુદ્ધિમાં એક તરફ શબ્દાદિ વિષયોનું પ્રતિબિંબ પડે છે, તો બીજી બાજુ પુરુષનું પ્રતિબિંબ પડે છે. આમ પુરુષનું

અને શબ્દાદિ વિષયોનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડવું એ જ પુરુષનો ભોગ છે. બુદ્ધિમાં ચૈતન્ય અને શબ્દાદિ વિષય એ બંનેનું એક સાથે પ્રતિબિંબ પડવાથી પુરુષ પોતાને હું શબ્દાદિનો ભોક્તા છું એમ માને છે. (૭) તે જ રીતે પૂર્વે કહ્યું તેમ પુરુષનો જાણવાનો સ્વભાવ નથી, પણ બુદ્ધિમાં એક તરફ જ્ઞેય વિષયોનું પ્રતિબિંબ પડે છે, તો બીજી તરફ પુરુષનું પ્રતિબિંબ પડે છે. આથી પુરુષ પોતાને હું જ્ઞાતા છું એમ માને છે. આ વિષયને સ્વચ્છ પાણીના દૃષ્ટાંતથી સમજીએ. જેવી રીતે પાણી સ્વચ્છ છે તેવી રીતે બુદ્ધિ સ્વભાવથી નિર્મલ છે. જેવી રીતે ચંદ્ર સ્વભાવથી સ્વચ્છ પાણીમાં પોતાના પ્રતિબિંબને પાડવા સમર્થ છે, તેવી રીતે આત્મા પણ બુદ્ધિમાં પોતાનું પ્રતિબિંબ પાડવા સમર્થ છે. તે બુદ્ધિમાં આત્માનું અને શબ્દાદિ વિષયોનું પ્રતિબિંબ પડવું એ જ પુરુષનો ભોગ છે, પણ સાક્ષાત્ ભોગ નથી.

હવે આપણે ટીકાના અર્થને સમજીએ. અહીં ત્રણ મુદ્દા કહ્યાં છે. તેમાં પહેલો મુદ્દો એ કહ્યો છે કે પ્રકૃતિએ કરેલા કર્મને પુરુષ ભોગવે એમ માનવામાં અતિપ્રસંગ આવે. અતિપ્રસંગ કેમ આવે એમાં ટીકામાં ભેદાવિશેષે એ હેતુ આપ્યો છે. ભેદાવિશેષે એટલે ભિન્નતામાં કોઇ ભેદ નથી. જેમ પુરુષ અને પ્રકૃતિ એ બંને ભિન્ન છે તેમ રમેશ અને મહેશ એ બંને ભિન્ન છે. એથી આ બેમાં ભિન્નતાના ભેદમાં કોઇ તફાવત નથી. એથી જ જો પ્રકૃતિએ કરેલા કર્મને પુરુષ ભોગવે, તો રમેશે કરેલા કર્મને મહેશ ભોગવે એમ અતિપ્રસંગ આવે. પણ તેમ બનતું નથી.

હવે અહીં સાંખ્યો દલીલ કરે કે પુરુષને અને પ્રકૃતિને સંબંધ છે અને રમેશ-મહેશને કોઇ સંબંધ નથી. તેથી પ્રકૃતિએ કરેલા કર્મને પુરુષ ભોગવે. પણ રમેશે કરેલા કર્મને મહેશ ન ભોગવે.

આના જવાબમાં ટીકાકાર કહે છે કે– પ્રકૃતિ અને પુરુષને વાસ્તવિક કોઇ સંબંધ નથી. કારણ કે બંને એકાંતે તદ્દન અલગ છે.

અહીં બીજો મુદ્દો એ કહ્યો છે કે– અચેતન (=જડ) પ્રકૃતિ કર્મ કેવી રીતે કરી શકે ? કારણ કે પ્રકૃતિ અધ્યવસાયથી રહિત છે. જેમ કે ઘટ. ઘટ અધ્યવસાયથી (=લાગણીથી) રહિત હોવાથી બીજાની પ્રેરણા વિના કંઇ પણ કરતું જોવામાં આવ્યું નથી.

પૂર્વપક્ષ– પુરુષ પ્રેરક છે.

ઉત્તરપક્ષ– પુરુષ ઉદાસીન અને એક સ્વભાવવાળો છે. તેથી પ્રેરણા ન કરી શકે. જો પુરુષ પ્રેરણા કરે તો ઉદાસીન અને એક સ્વભાવવાળો ન રહ્યો.

અહીં ત્રીજો મુદ્દો એ કહ્યો છે કે– શરીરના અભાવમાં અમૂર્ત પુરુષ ભોગ કેવી રીતે કરે ? (સાંખ્ય મતે પુરુષ શરીરથી રહિત છે.)

આના જવાબમાં સાંખ્યો કહે છે કે પુરુષનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડવું એ ભોગ છે. આની સામે ટીકાકાર કહે છે કે પ્રતિબિંબ મૂર્તનું (=રૂપી પદાર્થનું) પડે, અમૂર્તનું નહિ. પુરુષ અમૂર્ત છે. આમ છતાં સાંખ્યો કહે કે અમૂર્તનું પણ પ્રતિબિંબ પડે તો ટીકાકાર કહે છે કે મુક્તજીવોનું પણ પ્રતિબિંબ પડે અને એથી મુક્તજીવોમાં પણ ભોગનો પ્રસંગ આવે.

આના બચાવમાં સાંખ્યો કહે છે કે નજીક પણ કોઈકનું જ પ્રતિબિંબ પડે, બધાનું ન પડે. કારણ કે બધી વસ્તુનો તેવો (=પ્રતિબિંબિત થવાનો) સ્વભાવ જ નથી. આના જવાબમાં ટીકાકાર કહે છે કે આમાં કોઈ વિશેષ હેતુ નથી, કોઈ વિશેષ હેતુ ન હોવાના કારણે કોઈક જ પ્રતિબિંબિત થાય એ વાત અસત્ય છે. (૧૮૭)

किं च–

न य चेयणा वि अणुभवसिद्धा देहंमि पावई एवं ।
तीए विरहंमि दढं, सुहदुक्खाई न जुज्जंति ॥ १८८ ॥

[न च चेतनापि अनुभवसिद्धा देहे प्राप्नोति एवम् ।
तस्या अभावे दृढं सुखदुःखादयो न युज्यन्ते ॥ १८८ ॥]

न च चेतनापि अनुभवसिद्धा स्पृष्टोपलब्धिद्वारेण **देहे प्राप्नोति एवमे**कान्तभेदे सति, न हि घटे काष्ठादिना स्पृष्टे चैतन्यं, वेद्यते च देह इति, **तस्याश्चेतनाया विरहे चाभावे च दृढमत्यर्थं सुखदुःखादयो न युज्यन्ते,** न हि पाषाणप्रतिमायां सुखादयोऽचेतनत्वादिति ॥ १८८ ॥

વળી–

ગાથાર્થ– શરીર અને આત્મામાં એકાંતે ભેદ હોય તો અનુભવસિદ્ધ ચેતના પણ દેહમાં પ્રાપ્ત ન થાય. શરીરમાં ચેતનાના અભાવમાં સુખ-દુઃખ વગેરે અત્યંત ન ઘટે.

ટીકાર્થ– શરીરની સાથે સ્પર્શાયેલી વસ્તુના જ્ઞાન દ્વારા શરીરમાં ચેતના છે એમ સર્વને અનુભવથી સિદ્ધ છે. જો શરીર અને આત્મા એકાંતે ભિન્ન

હોય તો આ રીતે શરીરમાં અનુભવથી સિદ્ધ ચેતના પ્રાપ્ત ન થાય. કાષ્ઠ આદિથી સ્પર્શાયેલા ઘટમાં ચૈતન્ય પ્રાપ્ત થતું નથી, પણ દેહમાં ચૈતન્યનો અનુભવ થાય છે. જો શરીરથી આત્મા એકાંતે ભિન્ન હોય તો કાષ્ઠથી સ્પર્શાયેલા ઘટની જેમ કોઇ વસ્તુથી સ્પર્શાયેલ દેહમાં ચૈતન્યનો અનુભવ ન થાય. શરીરમાં ચેતના ન હોય તો સુખ-દુઃખ વગેરે અત્યંત ન ઘટી શકે. પાષાણ પ્રતિમામાં સુખ-દુઃખ વગેરે નથી. કેમ કે પાષાણ અચેતન છે. (૧૮૮)

यदि न युज्यन्ते नाम का हानिरित्येतदाशङ्क्याह–

सगचंदणविससत्थाइजोगओ तस्स अह य दीसंति ।
तब्भावंमि वि तब्भिन्नवत्थुपगए ण एवं तु ॥ १८९ ॥

[स्रक्चन्दनविषशस्त्रादियोगतः तस्य अथ च दृश्यन्ते ।
तद्भावेऽपि तद्भिन्नवस्तुप्रगते न एवं तु ॥ १८९ ॥]

स्रक्चन्दनविषशस्त्रादियोगतस्तस्य शरीरस्याथ **च दृश्यन्ते** स्वकीयेऽनुभवेन अन्यदीये रोमाञ्चादिलिङ्गत इति । विपक्षे बाधामाह– **तद्भावेऽपि** स्रगादिभावेऽपि **तद्भिन्नवस्तुप्रगते** आत्मभिन्नघटादिवस्तुसङ्गते **न एवं** सुखादयो दृश्यन्ते । न हि घटे स्रगादिभिश्चर्चितेऽपि देवदत्तस्य सुखादय इति ॥ १८९ ॥

શરીરમાં સુખ-દુઃખ વગેરે ભલે ન ઘટે. એમાં શી હાનિ છે એવી આશંકા કરીને કહે છે–

ગાથાર્થ– માળા-ચંદન-વિષ-શસ્ત્ર આદિનો શરીરની સાથે સંબંધ થવાથી શરીરમાં સુખ-દુઃખ વગેરે દેખાય છે. માળાદિ વસ્તુઓનો આત્માથી ભિન્ન વસ્તુની સાથે સંબંધ થયે છતે સુખ-દુઃખ વગેરે દેખાતા નથી.

ટીકાર્થ– માળા આદિનો શરીરની સાથે સંબંધ થવાથી પોતાના શરીરમાં સ્વસંવેદનથી અને પરના શરીરમાં રોમાંચ વગેરે ચિહ્નથી સુખ-દુઃખાદિ દેખાય છે.

વિરુદ્ધ પક્ષમાં બાધાને કહે છે– માળાદિ વસ્તુઓનો આત્માથી ભિન્ન ઘટ વગેરે વસ્તુની સાથે સંબંધ થયે છતે સુખ-દુઃખ વગેરે દેખાતા નથી. ઘટ વગેરેની માળા વગેરેથી પૂજા કરવા છતાં દેવદત્તને સુખાદિનો અનુભવ થતો નથી. (કેમ કે ઘટ અને દેવદત્ત એકાંતે ભિન્ન છે.) (૧૮૯)

उपसंहरन्नाह–

अन्नुन्नाणुगमाओ, भिन्नाभिन्नो तओ सरीराओ ।
तस्स य वहंमि एवं, तस्स वहो होइ नायव्वो ॥ १९० ॥

[अन्योन्यानुगमात् भिन्नाभिन्नाऽसौ शरीरात् ।
तस्य च वधे एवं तस्य वधो भवति ज्ञातव्यः ॥ १९० ॥]

अन्योन्यानुगमात् जीवशरीरयोरन्योन्यानुवेधाद् **भिन्नाभिन्नो ऽसौ** जीवः **शरीरात्**। आह– अन्योन्यरूपानुवेधे इतरेतररूपापत्तिस्ततश्च

नामूर्तं मूर्ततां याति, मूर्तं नायात्यमूर्ततां ।
द्रव्यं त्रिष्वपि कालेषु, च्यवते नात्मरूपतः ॥

इति वचनाद्भगवन्मतविरोधः, न, भगवद्वोद्दढदानात्[1] आलदानात्, नह्यनुभव-विरुद्धवस्तुवादी भगवान् नयविषयत्वात्, **तस्य च** शरीरस्य **वधे** घाते **एवमु-क्तन्यायाज्जीवानुवेधसिद्धौ, तस्य** जीवस्य **वधो भवति ज्ञातव्य** इति ॥ १९० ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– પરસ્પર સંબંધ હોવાથી જીવ શરીરથી ભિન્નાભિન્ન છે. પરસ્પર સંબંધ સિદ્ધ થયે છતે દેહના વધમાં જીવનો વધ જાણવો.

ટીકાર્થ– જીવ-શરીરનો પરસ્પર સંબંધ હોવાથી (=જીવ-શરીર પરસ્પર મળેલા હોવાથી) જીવ શરીરથી કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે.

પૂર્વપક્ષ– જો જીવ-શરીરનો પરસ્પર સંબંધ છે (=જીવ-શરીર પરસ્પર મળેલા છે) તો પરસ્પરના સ્વરૂપની પ્રાપ્તિ થાય, અર્થાત્ જીવ કે જે અરૂપી છે તે રૂપી બને, અને શરીર કે જે રૂપી છે, તે અરૂપી બને. એમ થાય તો ભગવાનના વચનમાં વિરોધ આવે. ભગવાનનું વચન આ પ્રમાણે છે– "અરૂપી દ્રવ્ય ક્યારે ય રૂપી બનતું નથી અને રૂપી ક્યારે ય અરૂપી બનતું નથી. દ્રવ્ય ત્રણે ય કાળમાં પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ બનતું નથી."

જો પરસ્પરના સ્વરૂપની પ્રાપ્તિ થાય તો ભગવાનના આ વચનની સાથે વિરોધ આવે.

ઉત્તરપક્ષ– ભગવાનના ઉક્ત વચનની સાથે વિરોધ નથી. કારણ કે

---

૧. અહીં **भगवद्वोद्दढदानात् आलदानात्** આટલા પદો વધારે જણાય છે.

ભગવાન અનુભવથી વિરુદ્ધ વસ્તુ ન કહે. ભગવાનનું કથન નયનો વિષય છે. અર્થાત્ ઉપર ઉપરથી જોનારને વિરુદ્ધ પણ દેખાતું ભગવાનનું વચન તે તે નયની અપેક્ષાએ અવિરુદ્ધ હોય છે.

ઉક્ત નીતિથી જીવ-શરીરનો પરસ્પર સંબંધ સિદ્ધ થયે છતે દેહના વધમાં જીવનો વધ થયેલો જાણવો. (૧૯૦)

અધુના વધલક્ષણમેવાહ–

तप्पज्जायविणासो, दुक्खुप्पाओ अ संकिलेसो य ।
एस वहो जिणभणिओ, वज्जेयव्वो पयत्तेणं ॥ १९१ ॥

[तत्पर्यायविनाशः दुःखोत्पादश्च संक्लेशश्च ।
एष वधो जिनभणितः वर्जयितव्यः प्रयत्नेन ॥ १९१ ॥]

तत्पर्यायविनाशः मनुष्यादिजीवपर्यायविनाशः, **दुःखोत्पादश्च** व्यापाद्यमानस्य, चित्त**संक्लेशश्च** क्लिष्टचित्तोत्पादश्चात्मनः **एष वधो** व्यस्तः समस्तो वा ओघतो **जिनभणितः** तीर्थकरोक्तो **वर्जयितव्यः प्रयत्नेनो**-पयोगसारेणानुष्ठानेनेति ॥ १९१ ॥

હવે વધનું લક્ષણ કહે છે–

ગાથાર્થ– તત્પર્યાયનાશ, દુઃખોત્પત્તિ અને સંક્લેશ આ વધ છે. જિનોક્ત આ વધનો પ્રયત્નથી ત્યાગ કરવો જોઈએ.

ટીકાર્થ– તત્પર્યાયનાશ– મનુષ્યાદિ જે જીવપર્યાયો, એ પર્યાયનો નાશ કરવો.

દુઃખોત્પત્તિ– (પર્યાયનો નાશ ન થાય તેમ) પ્રાણવધ[1] ન કરાતા જીવને (શારીરિક-માનસિક) દુઃખ ઉત્પન્ન કરવું.

[2]**સંક્લેશ–** હું જીવને મારું એમ પોતાના ચિત્તમાં સંક્લેશ ઉત્પન્ન કરવો.

આ ત્રણમાંથી કોઈ એક વગેરે પ્રકારથી કે સર્વ પ્રકારથી વધ કરવો તે વધ=હિંસા છે.

પ્રયત્નથી=ઉપયોગપૂર્વકના આચરણથી. (૧૯૧)

---

૧. અહીં **व्यापाद्यमानजीवस्य**ના સ્થાને **अव्यापाद्यमान जीवस्य** એમ હોવું જોઈએ.
૨. જુઓ હારિભદ્રીય અષ્ટક ૧૬/૨.

अकालमरणाभाववाद (गा. १९२-२०८)

इदानीमन्यद्वादस्थानकम्—

अन्ने अकालमरणस्सभावओ वहनिवित्तिमो मोहा ।
वंझासुअपिसियासणनिवित्तितुल्लं ववइसंति ॥ १९२ ॥

[अन्येऽकालमरणस्याभावात् वधनिवृत्तिर्मोहात् ।
वन्ध्यासुतपिशिताशननिवृत्तितुल्यां व्यपदिशन्ति ॥ १९२ ॥]

अन्ये वादिनः स्वकृतकर्मफलं प्रत्युपभोगभावेन **अकालमरणस्याभावाद्वधनिवृत्तिमेव मोहाद्** हेतोर्**वन्ध्यासुतपिशिताशननिवृत्तितुल्यां व्यपदिशन्ति** वन्ध्यासुतस्यैवाभावात्तत्पिशितस्याप्यभावः, पिशितं मांसमुच्यते, तदभावाच्च कुतस्तस्याशनं भक्षणं, असति तस्मिन्निर्विषया तन्निवृत्तिः । एवमकालमरणाभावेन वधाभावाद्वधनिवृत्तिरपीति ॥ १९२ ॥

हवे अन्यवाद स्थान

गाथार्थ— अकाले मरणना अभावथी वधनिवृत्तिने बीजाओ मोहना कारणे वंध्यापुत्रना मांसभक्षणनी निवृत्ति तुल्य कहे छे.

टीकार्थ— जीवनुं जयारे मरण थाय छे त्यारे तेणे पोते करेलुं आयुष्य कर्म भोगवी लीधुं छे. एथी एनुं अकाल मरण नथी. आथी वधनिवृत्ति वंध्यापुत्रना मांसभक्षणनी निवृत्तितुल्य छे. वंध्यापुत्र ज नथी, तेथी तेनुं मांस पण नथी. मांस नथी तेथी मांसनुं भक्षण पण नथी. आथी वंध्यापुत्रना मांसभक्षणनी निवृत्ति निर्विषय छे=विषयथी रहित छे एम प्रमाणे अकालमरणनो अभाव होवाथी तेनो वध कर्यो न होवाथी वधनिवृत्ति पण निर्विषय छे. (१९२)

एतदेव समर्थयति—

अज्झीणे पुव्वकए, न मरइ झीणे य जीवइ न कोइ ।
सयमेव ता कह वहो, उवक्कमाओ वि नो जुत्तो ॥ १९३ ॥

[अक्षीणे पूर्वकृते न म्रियते क्षीणे च जीवति न कश्चित् ।
स्वयमेव तत्कथं वधः उपक्रमादपि न युक्तः ॥ १९३ ॥]

अक्षीणे पूर्वकृते आयुष्यकर्मणि **न म्रियते** कश्चित्, स्वकृतकर्मफलं प्रत्युपभोगाभावप्रसङ्गात्, **क्षीणे च** तस्मिन् **जीवति न कश्चित्** अकृता-

भ्यागमकृतनाशप्रसङ्गात्, **स्वयमेवात्मनैवैतदेवमिति तत्** तस्मात्**कथं वधो** निमित्ताभावात् नास्त्येवेत्यभिप्रायः । कर्मोपक्रमाद्भविष्यतीत्येतदाशङ्क्याह– **उपक्रमादपि** अपान्तराल एव तत्क्षयलक्षणान्न **युक्त** इति ॥ ૧૯૩ ॥

આનું જ (જીવનો વધ કરી શકાતો નથી એ વિષયનું જ) સમર્થન કરે છે–

ગાથાર્થ– પૂર્વકૃત કર્મના ક્ષય વિના જીવ મરતો નથી, અને કર્મનો ક્ષય થઇ જતાં કોઇ જીવતો રહેતો નથી. જીવ સ્વયં જ મરે છે. તેથી તેનો વધ કેવી રીતે કર્યો ગણાય ? ઉપક્રમથી પણ વધ યુક્ત નથી.

ટીકાર્થ– પૂર્વકૃત કર્મના ક્ષય વિના જીવ મરતો નથી. જો જીવ સ્વકૃત કર્મનો ક્ષય થયા વિના મરે તો સ્વકૃત કર્મનું ફળ તેણે ભોગવ્યું નહિ. એથી સ્વકૃત કર્મફળના ભોગના અભાવનો પ્રસંગ આવ્યો.

કર્મનો ક્ષય થઇ જતાં કોઇ જીવતો રહેતો નથી. કર્મનો ક્ષય થઇ જવા છતાં જીવતો રહે તો એનો અર્થ એ થાય કે એણે જે કર્મ કર્યું નથી તે કર્મને ભોગવે છે. એમ બને તો અકૃત (=નહિ કરેલા) કર્મનું આગમન થાય. જો અકૃત કર્મનું આગમન થતું હોય તો કરેલા કર્મનો નાશ પણ થાય. આમ અકૃતાગમ અને કૃતનાશ એ બે દોષો થાય. માટે કર્મનો ક્ષય થઇ જતાં કોઇ જીવતો રહેતો નથી.

આ રીતે કર્મના ક્ષયથી જીવ સ્વયં મરી જતો હોવાથી તેના વધમાં કોઇ નિમિત્ત બનતો ન હોવાથી બીજો કોઇ જીવ તેનો વધ કરતો નથી.

પૂર્વપક્ષ– વધ કરનારે તે જીવના કર્મનો ઉપક્રમ કર્યો. એથી વચ્ચે જ તેના કર્મનો ક્ષય થઇ ગયો. (=કર્મનો ક્ષય દીર્ઘકાળ પછી થવાનો હતો, તેના બદલે વહેલો થઇ ગયો.) આથી અન્ય જીવ તેમાં નિમિત્ત બનવાથી વધ કરનાર થયો.

ઉત્તરપક્ષ– ઉપક્રમ યુક્ત નથી. (૧૯૩)

अत्रैवोपपत्तिमाह–

कम्मोवक्कामिज्जइ, अपत्तकालं पि जइ तओ पत्ता ।
अकयागमकयनासा, मुक्खाणासासया दोसा ॥ ૧૯૪ ॥

[कर्मोपक्राम्यते अप्राप्तकालमपि यदि ततः प्राप्तौ ।
अकृतागमकृतनाशौ मोक्षानाश्वासता दोषाः ॥ ૧૯૪ ॥]

कर्मोपक्राम्यते અર્ધમાર્ગ એવ ક્ષયમુપનીયતે**ऽप्राप्तकालमपि** સ્વવિપાકાપેક્ષયા **यदि ततः प्राप्तावकृतागमकृतनाशौ** અપાન્તરાલ એવ મરણાદકૃતાગમઃ પ્રભૂતકાલોપભોગ્યસ્યારત એવ ક્ષયાત્કૃતનાશઃ **मोक्षानाश्वासता** અતઃ મોક્ષેऽનાશ્વાસતા અનાશ્વાસભાવઃ મૃત્યુવત્ અકૃતસ્યાપિ કર્મણો ભાવાશઙ્કાનિવૃત્તેઃ કૃતસ્યાપિ ચ કર્મક્ષયશ્ચ (? કર્મ ક્ષયસ્ય) નાશસંભવાદ્ એત એવ **दोषा** ઇતિ એષ પૂર્વપક્ષઃ ॥ ૧૯૪ ॥

ઉપક્રમ યુક્ત નથી એ વિષે જ હેતુ કહે છે–

ગાથાર્થ– જો અપ્રાપ્તકાળે પણ કર્મનો ઉપક્રમ કરાય તો અકૃતાગમ, કૃતનાશ અને મોક્ષની અશ્રદ્ધા એ દોષો થાય.

ટીકાર્થ– અપ્રાપ્તકાળે પણ=પોતાના વિપાકનો સમય ન થયો હોવા છતાં.

ઉપક્રમ કરાય=અર્ધામાર્ગે (=અધવચ્ચે) જ ક્ષય કરાય.

અકૃતાગમ– વચ્ચે જ મરણ થવાથી અકૃતનું આગમન થયું.

(વચ્ચે જ મરી જવાનું કર્મ તેણે કર્યું ન હતું છતાં વચ્ચે મરણ થયું એથી અકૃત=નહિ કરેલા કર્મનું આગમન થયું.)

કૃતનાશ=ઘણા કાળે ભોગવવા યોગ્ય કર્મનો જલદી જ ક્ષય થઈ જવાથી કૃતનાશ (=કરેલાનો ભોગવ્યા વિના નાશ) થયો.

મોક્ષની અશ્રદ્ધા– જેમ જલદી મૃત્યુ થવામાં નહિ કરેલા કર્મનું આગમન થાય છે તેમ મોક્ષમાં ગયા પછી પણ કર્મનું આગમન કેમ ન થાય ? આવી આશંકા દૂર ન થવાથી મોક્ષમાં શ્રદ્ધા ન રહે. કરેલા પણ કર્મક્ષયના નાશનો સંભવ હોવાથી મોક્ષમાં ગયા પછી પણ કર્મનું આગમન થવાની શંકા દૂર ન થાય.

ભાવાર્થ– સ્વવિપાકનો સમય થયા પહેલાં જ ઉપક્રમથી જલદી કર્મક્ષય કરવામાં અકૃતાગમ-કૃતનાશ અને મોક્ષની અશ્રદ્ધા એ દોષો થાય. આ પૂર્વપક્ષ છે. (૧૯૪)

અધુનોત્તરપક્ષમાહ–

न हि दीहकालियस्स विनासो तस्साणुभूइओ खिप्पं ।
बहुकालाहारस्स व, दुयमग्गियरोगिणो भोगो ॥ १९५ ॥

[न हि दीर्घकालिकस्यापि नाशः तस्यानुभूतित क्षिप्रम् ।
बहुकालाहारस्येव द्रुतमग्निकरोगिणो भोगः ॥ १९५ ॥]

न हि નૈવ **दीर्घकालिकस्यापि** પ્રભૂતકાલવેદ્યસ્યાપિ ઉપક્રમતઃ સ્વલ્પ-કાલવેદનેઽપિ **नाशस्तस्य** કર્મણઃ **अनुभूतितः क्षिप्रं** સમસ્તસ્યૈવ શીઘ્રમનુભૂતેઃ। અત્રૈવ નિદર્શનમાહ– **बहुकालाहारस्येव** સેતિકાપલભોગેન વર્ષશતાહારસ્યેવ **द्रुतं** શીઘ્ર**मग्निकरोगिणो** ભસ્મકવ્યાધિમતો **भोगः** સ હિ તમેકદિવસેનૈવ ભુઙ્ક્તે વ્યાધિસામર્થ્યાત્ ન ચ તત્ર કિઞ્ચિન્નશ્યતિ સંપૂર્ણભોગાત્ એવમુપક્રમ-કર્મભોગેઽપિ યોજ્યમિતિ ॥ ૧૯૫ ॥

હવે ઉત્તરપક્ષ કહે છે–

ગાથાર્થ– જેવી રીતે ઘણા કાળે ભોગવવા યોગ્ય આહારનો ભોગ ભસ્મક રોગીને જલદી થઈ જાય તેમ ઘણા કાળે ભોગવવા યોગ્ય પણ કર્મને જલદી ભોગવી લેવાથી કર્મનો નાશ થતો નથી.

ટીકાર્થ– દરરોજ સેતિકા કે પલ જેટલો આહાર ખાવાથી સો વર્ષે જેટલો આહાર ખવાય, તેટલો આહાર ભસ્મક રોગી જલદી ખાઈ જાય. તેટલો આહાર ભસ્મક રોગી રોગના બળથી એક જ દિવસમાં ખાઈ જાય. તેમાં આહારનો જરા પણ નાશ થતો નથી. કેમ કે સંપૂર્ણ આહાર ખાઈ જાય છે.

તેવી રીતે ઘણા કાળે ભોગવવા યોગ્ય સઘળા ય કર્મને ઉપક્રમના બળથી જલદી ભોગવી લે છે. તેથી ઘણા કાળે ભોગવવા યોગ્ય પણ કર્મને થોડા કાળમાં ભોગવી લેવા છતાં કૃતનાશ દોષ ન થાય. (૧૯૫)

એતદેવાહ–

सव्वं च पएसतया, भुज्जइ कम्ममणुभावओ भइयं ।
तेणावस्साणुभवे, के कयनासादओ तस्स ॥ १९६ ॥

[सर्वं च प्रदेशतया भुज्यते कर्म अनुभावतो भाज्यम् ।
तेनावश्यानुभवे के कृतनाशादयः तस्य[1]ः ॥ १९६ ॥]

सर्वं च प्रदेशतया કર્મપ્રદેશવિચટનક્ષપણલક્ષણયા **भुज्यते कर्म अनुभावतो भाज्यं** વિકલ્પનીયં વિપાકેન તુ કદાચિદ્ભુજ્યતે કદાચિન્નેતિ ક્ષપકશ્રેણિપરિણામાદાવન્યથાપિ ભોગસિદ્ધેરન્યથા નિર્મોક્ષપ્રસઙ્ગાત્ **तेन** કારણેન **अवश्यानुभवे** પ્રદેશતયા નિયમવેદને **के कृतनाशादयः** નૈવ કૃતનાશાદય ઇતિ ॥ ૧૯૬ ॥

---

૧. तस्य-हन्यमानस्य ।

આ જ વિષયને કહે છે–

ગાથાર્થ– પ્રદેશથી સઘળું કર્મ ભોગવાય છે, રસથી વિકલ્પનીય છે. તેથી અવશ્ય અનુભવવામાં તેને કૃતનાશ વગેરે કયા દોષો છે ?

ટીકાર્થ– કર્મને પ્રદેશોદયથી ખપાવવા વડે સઘળું કર્મ ભોગવાય છે. રસથી વિકલ્પનીય છે, એટલે કે ક્યારેક કર્મ રસથી ભોગવાય છે, ક્યારેક નહિ. ક્ષપકશ્રેણિમાં પ્રગટ થતા પરિણામ વગેરેમાં રસ વિના પણ ભોગવાય છે. જો ક્ષપકશ્રેણિમાં પણ રસથી જ કર્મ ભોગવાતું હોય તો મોક્ષ ન થવાની આપત્તિ આવે. તેથી પ્રદેશથી અવશ્ય સર્વ કર્મ ભોગવાઈ જતું હોવાથી કૃતનાશ વગેરે દોષો થતા જ નથી. (૧૯૬)

किञ्च–

उदयक्खयक्खओवसमोवसमा जं च कम्मुणो भणिया ।
दव्वाइपंचयं पइ, जुत्तमुवक्कामणमओ वि ॥ १९७ ॥

[उदयक्षयक्षयोपशमोपशमाः यच्च कर्मणो भणिताः ।
द्रव्यादिपञ्चकं प्रति युक्तमुपक्रामणमतोऽपि ॥ १९७ ॥]

उदयक्षयक्षयोपशमोपशमाः यच्च यस्मात्कारणात्**कर्मणो भणिता**-स्तीर्थकरगणधरैः **द्रव्यादिपञ्चकं प्रति** द्रव्यं क्षेत्रं कालं भवं भावं च प्रतीत्य यथा द्रव्यं माहिषं दधि क्षेत्रं जाङ्गलं कालं प्रावृड्लक्षणं भवमेकेन्द्रियादिकं भावमौदयादिकादिकमालस्यादिकं वा प्रतीत्योदयो निद्रावेदनीयस्स एवं व्यत्ययादिना क्षयादियोजना कार्या **युक्तमुपक्रामणमतोऽपि** अनेन कारणेन कर्मण उपक्रमो युज्यत इति । इत्थं चैतदङ्गीकर्तव्यम् ॥ १९७ ॥

વળી–

ગાથાર્થ– જે કારણથી દ્રવ્યાદિ પાંચને આશ્રયીને કર્મના ઉદય-ક્ષય-ક્ષયોપશમ-ઉપશમ કહ્યાં છે તે કારણથી પણ કર્મનો ઉપક્રમ ઘટે છે.

ટીકાર્થ– દ્રવ્યાદિ પાંચને આશ્રયીને કર્મનો ઉદયાદિ થાય છે. તે આ પ્રમાણે છે– **દ્રવ્ય**- ભેંસના દહીંથી, **ક્ષેત્ર**- વનવાળા ક્ષેત્રમાં, **કાળ**- વર્ષાઋતુમાં, **ભવ**- એકેંદ્રિયાદિના ભવમાં, **ભાવ**- ઔદયિક વગેરે કે આળસ વગેરેથી નિદ્રાવેદનીય કર્મનો ઉદય થાય છે. તેનાથી વિપરીત દ્રવ્ય આદિને આશ્રયીને નિદ્રાવેદનીયના ક્ષય વગેરેની યોજના કરવી.

આ પ્રમાણે દ્રવ્યાદિ પાંચને આશ્રયીને કર્મના ઉદયાદિ ભાવો થતા હોવાથી કર્મનો ઉપક્રમ ઘટે છે. (૧૯૭)

अन्यथेदमनिष्टमापद्यते इति दर्शयन्नाह–

जइ चाणुभूइओ च्चिय, खविज्जए कम्म नन्नहाणुमयं ।
तेणासंखभवज्जियनाणागइकारणत्तणओ ॥ १९८ ॥

[यदि चानुभूतित एव क्षप्यते कर्म नान्यथा अनुमतम् ।
तेनासङ्ख्यातभवार्जितनानागतिकारणत्वात् ॥ १९८ ॥]

यदि चानुभूतित एव विपाकानुभवेनैव **क्षप्यते कर्म नान्यथानुमतमुप**क्रमद्वारेण **तेन** प्रकारेण**असङ्ख्यातभवार्जितनानागतिकारणत्वात्** कर्मणः असङ्ख्यातभवार्जितं हि विचित्रगतिहेतुत्वान्नारकादिनानागतिकारणमेव भवतीति ॥ १९८ ॥

આ પ્રમાણે આ સ્વીકારવું જોઈએ. અન્યથા આ અનિષ્ટ આવે એમ બતાવવા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જો વિપાકાનુભવથી જ કર્મ ખપે, ઉપક્રમથી ન ખપે, તે રીતે તો અસંખ્ય ભવોમાં ઉપાર્જિત કરેલું કર્મ વિવિધ ગતિનું કારણ હોવાથી નારકાદિ વિવિધ ગતિનું જ કારણ થાય. (૧૯૮)

तत्र–

नाणाभवाणुभवणाभावा एगंमि पज्जएणं वा ।
अणुभवओ बंधाओ, मुक्खाभावो स चाणिट्ठो ॥ १९९ ॥

[नानाभवानुभवनाभावादेकस्मिन् पर्यायतो वा ।
अनुभवतः बन्धात् मोक्षाभावः स चानिष्टः ॥ १९९ ॥]

नानाभवानुभवनाभावादेकस्मिन् तथाहि– नानुपक्रमतो नारकादिनाना[1]भवानुभवनमेकस्मिन् भवे **पर्यायतो वानुभवतः** विपाकानुभवक्रमेण वा क्षपयतः **बन्धादि**ति नारकादिभवेषु चारित्राभावेन प्रभूततरबन्धा**न्मोक्षाभाव** आपद्यते **स चानिष्ट** इति ॥ १९९ ॥

१. नारकादीनामनुभवनमेकस्मिन् मनुष्यादिभवे

તેમાં–

ગાથાર્થ– ટીકાર્થ– ઉપક્રમ ન કરે તો નારકાદિ વિવિધ ભવમાં અનુભવવા યોગ્ય કર્મ મનુષ્યાદિ કોઈ એક ભવમાં ન અનુભવી શકાય. એથી ક્રમશઃ વિપાકથી ખપાવતા જીવને નારકાદિ ભવોમાં ચારિત્રનો અભાવ હોવાથી જેટલું કર્મ ભોગવાય તેનાથી અધિક બંધ થવાથી મોક્ષનો અભાવ પ્રાપ્ત થાય. મોક્ષનો અભાવ ઈષ્ટ નથી. (૧૯૯)

निदर्शनगर्भमुपपत्त्यन्तरमाह–

किंचिदकाले वि फलं, पाइज्जइ पच्चए य कालेण ।
तह कम्मं पाइज्जइ, कालेण विपच्चए चन्नं ॥ २०० ॥

[किञ्चिदकालेऽपि फलं पाच्यते पच्यते च कालेन ।
तथा कर्म पाच्यते कालेन विपच्यते चान्यत् ॥ २०० ॥]

किञ्चिदकालेऽपि पाककालादारतोऽपि **फलमाम्रफलादि पाच्यते** गर्ता-प्रक्षेपकोद्रवपलालस्थगनादिनोपायेन **पच्यते च कालेन** किञ्चित्तत्रस्थमेव स्वकालेन पच्यते । यथेदं **तथा कर्म पाच्यते** उपक्राम्यते विचित्रैरुपक्रमहेतुभिः **कालेन विपच्यते चान्यत्** विशिष्टानुपक्रमहेतून्विहाय विपाककालेनैव विपाकं गच्छतीति ॥ २०० ॥

દૃષ્ટાંતપૂર્વક અન્ય હેતુને કહે છે–

ગાથાર્થ– કોઈક ફળ અકાળે પકાવાય છે. કોઈક ફળ કાળથી પાકે છે. તે રીતે કોઈક કર્મ જલદી પકાવાય છે. અન્ય કર્મ કાળથી પાકે છે.

ટીકાર્થ– કોઈક આમ્ર વગેરે ફળ પાકના કાળ પહેલાં પણ ખાડામાં દાટવા, કોદરાની પરાળ વગેરેથી ઢાંકી દેવા વગેરે ઉપાયથી પકાવાય છે. કોઈક ફળ વૃક્ષમાં રહેલું જ સ્વકાળથી પાકે છે. તે રીતે આ કર્મ વિવિધ ઉપક્રમના હેતુઓથી પકાવાય છે. અન્ય કર્મ વિશિષ્ટ ઉપક્રમ હેતુઓના અભાવમાં વિપાકકાળથી વિપાકને પામે છે. (૨૦૦)

दृष्टान्तान्तरमाह–

भिन्नो जहेह कालो, तुल्ले वि पहंमि गइविसेसाओ ।
सत्थे व गहणकालो, मइमेहाभेयओ भिन्नो ॥ २०१ ॥

[भिन्नो यथेह कालः तुल्येऽपि पथि गतिविशेषात् ।
शास्त्रे वा ग्रहणकालो मतिमेधाभेदाद्भिन्नः ॥ २०१ ॥]

भिन्नो यथेह कालो ऽर्धप्रहरादिलक्षणस्तुल्ये ऽपि **पथि** समाने योजनादौ मार्गे **गतिविशेषाद्** गमनविशेषेण शीघ्रगतिरर्धप्रहरेण गच्छति मध्यमः प्रहरेणेत्यादि । **शास्त्रे वा** व्याकरणादौ **ग्रहणकालो मतिमेधाभेदाद्भिन्नः** कश्चिद्द्वादशभिर्वर्षैः तदधीते कश्चिद्वर्षद्वयेनेत्यादि ॥ २०१ ॥

બીજું દૃષ્ટાંત કહે છે—

ગાથાર્થ— જેવી રીતે અહીં તુલ્ય પણ માર્ગમાં ગતિવિશેષથી કાલ ભિન્ન થાય છે. અથવા શાસ્ત્રમાં મતિ-બુદ્ધિના ભેદથી ગ્રહણકાળ ભિન્ન થાય છે.

ટીકાર્થ— યોજન વગેરે જેટલા માર્ગમાં જે શીઘ્રગતિથી જાય તે અર્ધપ્રહર જેટલા કાળમાં જાય. જે મધ્યમગતિથી જાય તે એક પ્રહર જેટલા કાળમાં જાય. વ્યાકરણ વગેરે શાસ્ત્ર ભણવામાં મતિ-બુદ્ધિના ભેદથી કોઇ બાર વર્ષે શાસ્ત્ર ભણે, કોઇ બે વર્ષમાં ભણી લે. (૨૦૧)

एष दृष्टान्तोऽयमर्थोपनयः—

तह तुल्लंमि वि कम्मे, परिणामाइकिरियाविसेसाओ ।
भिन्नो अणुभवकालो, जिट्ठो मज्झो जहन्नो य ॥ २०२ ॥

[तथा तुल्येऽपि कर्मणि परिणामादिक्रियाविशेषात् ।
भिन्नोऽनुभवकालः ज्येष्ठः मध्यः जघन्यश्च ॥ २०२ ॥]

तथा तुल्येऽपि कर्मणि कर्मद्रव्यतया **परिणामादिक्रियाविशेषात्** तीव्रतीव्रतरपरिणामबाह्यसंयोगक्रियाविशेषण **भिन्नोऽनुभवकालः** कर्मणः कथं **ज्येष्ठो मध्यो जघन्यश्च** ज्येष्ठो निरुपक्रमस्य यथाबद्धवेदनकालः[1] मध्यस्तस्यैव तथाविधतपश्चरणभेदेन जघन्यः क्षपकश्रेण्यनुभवनकालः शैलेश्यनुभवनकालो वा तथाविधपरिणामबद्धस्य तत्तत्परिणामानुभवनेन अन्यथा विरोध इति ॥ २०२ ॥

આ દૃષ્ટાંત છે. એના અર્થનો ઉપનય આ છે—

ગાથાર્થ— તે પ્રમાણે તુલ્ય પણ કર્મમાં પરિણામાદિ ક્રિયા વિશેષથી અનુભવકાળ જ્યેષ્ઠ, મધ્યમ અને જઘન્ય એમ ભિન્ન છે.

ટીકાર્થ— કર્મદ્રવ્યરૂપે તુલ્ય પણ કર્મમાં આંતરિક પરિણામરૂપ બાહ્ય સંયોગવાળી ક્રિયાના ભેદથી કર્મનો અનુભવકાળ ભિન્ન છે. તે આ પ્રમાણે— ઉપક્રમથી રહિત કર્મનો જેવી રીતે બાંધ્યું છે તે રીતે અનુભવનો કાળ જ્યેષ્ઠ

૧. વેદને.

છે. તે જ કર્મનો તેવા પ્રકારની તપશ્ચર્યાના ભેદથી અનુભવનો કાળ મધ્યમ છે. ક્ષપકશ્રેણિમાં કે શૈલેશીકરણમાં અનુભવકાળ જઘન્ય છે. આમ તેવા પ્રકારના પરિણામથી બંધાયેલા કર્મનો તે તે પરિણામથી અનુભવ કરવા વડે અનુભવકાળ ભિન્ન છે. અન્યથા વિરોધ થાય. (૨૦૨)

दृष्टान्तान्तरमाह–

जह वा दीहा रज्जू, डज्झइ कालेण पुंजिया खिप्पं ।
वियओ पडो वि सूसइ, पिण्डीभूओ उ कालेणं ॥ २०३ ॥

[यथा वा दीर्घा रज्जुः दह्यते कालेन पुञ्जिता क्षिप्रम् ।
विततः पटोऽपि शुष्यति पिण्डीभूतस्तु कालेन ॥ २०३ ॥]

यथा वा दीर्घा रज्जुः पर्यन्तदीपिता सती तथाक्रमेणैव **दह्यते कालेन** प्रदीर्घेणेति भावः । **पुञ्जिता क्षिप्रं** शीघ्रमेव दह्यते । **विततः पटो** वा जलार्द्रोऽपि **शुष्यति** क्षिप्रमिति वर्तते **पिण्डीभूतस्तु कालेन** शुष्यति प्रदीर्घेणेति हृदयं न च तत्राधिकं जलमिति ॥ २०३ ॥

અન્ય દૃષ્ટાંતને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અથવા લાંબા દોરડાને અંતે (=છેડે) સળગાવવામાં આવે તો તેવા ક્રમથી બળતું તે લાંબા કાળે બળે છે અને ભેગું કરેલું તે જ દોરડું જલદી બળે છે. પાણીથી ભીનું વસ્ત્ર પહોળું કરીને સૂકવવામાં આવે તો જલદી સુકાઈ જાય છે, પહોળું કર્યા વિના પિંડીભૂત તે જ વસ્ત્ર લાંબા કાળે સુકાય છે. પિંડીભૂત વસ્ત્રમાં પાણી અધિક નથી. (૨૦૩)

अत्राह–

नणु तं न जहोवचियं, तहाणुभवओ कयागमाईया ।
तप्पाओग्गं चिय तेण तं चियं सज्झरोगु व्व ॥ २०४ ॥

[ननु तत् न यथोपचितं तथानुभवतः अकृतागमादयः ।
तत्प्रायोग्यमेव तेन तच्चितं साध्यरोगवत् ॥ २०४ ॥]

नन्वेवमपि तत्कर्म न यथोपचितं तथानुभवतः वर्षशतभोग्यतयोपचितं उपक्रमेणारादेवानुभवतोऽ**कृतागमादयस्तदवस्था** एव । अत्रोत्तरमाह– **तत्प्रायोग्यमेवो**पक्रमेप्रायोग्यमेव **तेन तच्चितं** बद्धं किंविदित्याह– **साध्यरोगवत्** साध्यरोगो हि मासादिवेद्योऽप्यौषधैरपान्तराल एवोमक्रम्यते इति ॥ २०४ ॥

અહીં વાદી કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અહીં પ્રશ્ન કરે છે– સો વર્ષ સુધી ભોગ્ય તરીકે બાંધેલું કર્મ ઉપક્રમથી જલદી ભોગવવામાં કર્મ જે રીતે બાંધ્યું હતું તે રીતે નહિ અનુભવતા જીવને અકૃતાગમ વગેરે દોષો થાય.

અહીં ઉત્તર કહે છે– તે જીવે તે કર્મ સાધ્યરોગની જેમ ઉપક્રમ પ્રાયોગ્ય જ બાંધ્યું હતું. સાધ્યરોગ માસ વગેરે કાળ સુધી ભોગવવા યોગ્ય હોવા છતાં ઔષધોથી માસાદિ કાળ પહેલાં જ ઉપક્રમ કરાય છે=ભોગવી લેવાય છે. (૨૦૪)

तथा चाह–

अणुवक्कमओ नासइ, कालेणोवक्कमेण खिप्पं पि ।
कालेणेवासज्झो, सज्झासज्झं तहा कम्मं ॥ २०५ ॥

[अनुपक्रमतः नश्यति कालेनोपक्रमेण क्षिप्रमपि ।
कालेनैवासाध्यः साध्यासाध्यं तथा कर्म ॥ २०५ ॥]

अनुपक्रमतः औषधोपक्रममन्तरेण **नश्यत्यपैति** **कालेनात्मीयेनैव उपक्रमेण क्षिप्रमपि** नश्यति साध्ये रोगे इयं स्थितिः **कालेनैवासाध्य** उभयमत्र न संभवति **साध्यासाध्यं तथा कर्म** साध्ये उभयं असाध्ये एक एव प्रकार इति ॥ २०५ ॥

તે પ્રમાણે જ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ઔષધરૂપ ઉપક્રમ વિના સાધ્યરોગ પોતાના કાળે જ નાશ પામે છે, ઉપક્રમથી જલદી પણ નાશ પામે છે. અસાધ્ય રોગ તો કાળથી ભોગવાય છે. તે રીતે કર્મ સાધ્ય અને અસાધ્ય એમ બે પ્રકારનું છે. સાધ્ય કર્મમાં કાળે ભોગવાય અને જલદી ભોગવાય એમ બંને પ્રકાર છે. અસાધ્યમાં કાળે જ ભોગવાય એમ એક જ પ્રકાર છે. (૨૦૫)

साध्यासाध्ययोरेव स्वरूपमाह–

सोवक्कममिह सज्झं, इयरमसज्झं त्ति होइ नायव्वं ।
सज्झासज्झविभागो, एसो नेओ जिणाभिहिओ ॥ २०६ ॥

[सोपक्रममिह साध्यं इतरदसाध्यमेव भवति ज्ञातव्यम् ।
साध्यासाध्यविभागः एष ज्ञेयः जिनाभिहितः ॥ २०६ ॥]

सोपक्रममिह साध्यं तथाविधपरिणामजनितत्वात् **इतरन्निरुपक्रममसाध्यमेव**

भवति ज्ञातव्यं साध्यासाध्यविभागः एष ज्ञेयो जिनाभिहितस्तीर्थकरोक्त इति ॥ ૨૦૬ ॥

સાધ્ય અને અસાધ્યનું સ્વરૂપ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સોપક્રમ કર્મ સાધ્ય છે. કેમ કે તેવું કર્મ તેવા પ્રકારના પરિણામથી ઉત્પન્ન કર્યું છે=બાંધ્યું છે. નિરુપક્રમ કર્મ અસાધ્ય જ જાણવું. જિને કહેલો આ સાધ્યાસાધ્યનો વિભાગ જાણવો. (૨૦૬)

નિગમયન્નાહ–

आउस्स उवक्कमणं, सिद्धं जिणवयणओ य सद्धेयं ।
जं छउमत्थो सम्मं, नो केवलिए मुणइ भावे ॥ ૨૦૭ ॥

[आयुष उपक्रमणं सिद्धं जिनवचनाच्च श्रद्धेयम् ।
यच्छद्मस्थः सम्यग् न केवलिकान् मुणति भावान् ॥ ૨૦૭ ॥]

आयुष उपक्रमणं सिद्धमुक्तन्यायात् जिनवचनाच्च भवति **श्रद्धेयं** किमित्यत्रोपपत्तिमाह– **यद्** यस्माच्**छद्मस्थः** अर्वाग्दर्शी **सम्यगशेषधर्मापेक्षया न केवलज्ञानगम्यान्** मुणति **भावान् जानाति** पदार्थानिति ॥ ૨૦૭ ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ઉક્ત નીતિથી આયુષ્યનો ઉપક્રમ સિદ્ધ થયો, અને જિનવચનથી તેની શ્રદ્ધા કરવી.

જિનવચનથી શ્રદ્ધા કરવાનું કેમ કહ્યું ? એ અંગે હેતુને કહે છે– કારણ કે કેવળીથી જાણી શકાય તેવા પદાર્થોને છદ્મસ્થજીવ સમ્યગ્ જાણી શકતો નથી.

છદ્મસ્થ=નજીકનું જોનાર.

સમ્યગ્– સઘળા ધર્મોની અપેક્ષાએ જાણતો નથી, પણ થોડા ધર્મોની અપેક્ષાએ તો કેવળીથી જાણી શકાય તેવા પદાર્થોને જાણે છે. જેમ કે– ઘટાદિના રૂપાદિને જાણી શકે છે. (૨૦૭)

પ્રકૃતયોજનાયાહ–

एयस्स य जो हेऊ, सो वहओ तेण तन्निवित्तीय ।
वंझासुयपिसियासणनिवित्तितुल्ला कहं होइ ॥ ૨૦૮ ॥

[एतस्य च यो हेतुः स वधकः तेन तन्निवृत्तिरिति ।
वन्ध्यासुतपिशिताशननिवृत्तितुल्या कथं भवति ॥ ૨૦૮ ॥]

एतस्य चोपक्रमस्य यो हेतुर्दण्डादिपीडाकरणेन स वधकः असौ हन्ता **येन** कारणेन **तन्निवृत्तिः** वधनिवृत्तिः **एवं वन्ध्यासुतपिशिताशननिवृत्तितुल्या कथं भवति** सविषयत्वाद्वधनिवृत्तेरिति ॥ २०८ ॥

પ્રસ્તુત વિષયને જોડવા માટે કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જે જીવ દંડાદિથી પીડા કરવા માટે ઉપક્રમનો હેતુ છે તે વધ કરનાર છે. તેથી વધની નિવૃત્તિ આ પ્રમાણે (=અહીં સુધી વિસ્તારથી કહ્યું તે પ્રમાણે) વંધ્યાપુત્રના માંસભક્ષણની નિવૃત્તિ તુલ્ય કેવી રીતે થાય? અર્થાત્ ન થાય. કેમ કે વધનિવૃત્તિ વિષયથી સહિત છે. (૨૦૮)

કર્મબંધ પ્રમાણે કર્મભોગવાદ (ગા. ૨૦૯-૨૨૦)

अधुनान्यद्वादस्थानकम्–

अन्ने भणंति कम्मं, जं जेण कयं स भुंजइ तयं तु ।
चित्तपरिणामरूवं, अणेगसहकारिसाविक्खं ॥ २०९ ॥

[अन्ये भणन्ति कर्म यद्येन कृतं स भुङ्क्ते तदेव ।
चित्रपरिणामरूपं अनेकसहकारिसापेक्षम् ॥ २०९ ॥]

अन्ये भणन्ति कर्म ज्ञानावरणादि **यद्येन कृतं** प्राणिना स **भुङ्क्ते तदेव चित्रपरिणामरूपं** कर्मानेकसहकारिसापेक्षं अस्मादिदं प्राप्तव्यमित्यादिरूपमिति ॥ २०९ ॥

હવે અન્યવાદ સ્થાન

ગાથાર્થ– ટીકાર્થ– બીજાઓ કહે છે કે– જે જીવ વડે વિચિત્ર પરિણામરૂપ અને અનેક સહકારીઓની અપેક્ષાવાળું જે કર્મ કરાયું (=બાંધ્યું) હોય તે જીવ તે જ કર્મને ભોગવે છે.

(વિચિત્ર પરિણામરૂપ=સુખ-દુઃખ, માન-અપમાન, આદર-અનાદર, જીવન-મરણ વગેરે વિવિધ પરિણામરૂપ.)

અનેક સહકારીઓની અપેક્ષાવાળું– આનાથી આ (=ઔષધ, આરોગ્ય, ધન, સુખ-દુઃખ, માન-અપમાન, આદર-અનાદર, જીવન-મરણ વગેરે) મારે પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ અનેક સહકારીઓની અપેક્ષાવાળું. (૨૦૯)

तक्कयसहकारित्तं, पवज्जमाणस्स को वहो तस्स ।
तस्सेव तओ दोसो, जं तह कम्मं कयमणेणं ॥ २१० ॥

[तत्कृतसहकारित्वं प्रपद्यमानस्य को वधस्तस्य ।
तस्यैव असौ दोषः यत्तथा कर्म कृतमनेन ॥ २१० ॥]

तत्कृतसहकारित्वं व्यापाद्यकृतसहकारित्वं **प्रपद्यमानस्य को वधस्तस्य** व्यापादकस्य **तस्यैव** व्यापाद्यस्यासौ **दोषो यत्तथा** कर्म अस्मान्मया मर्तव्यमिति विपाकरूपं **कृतमनेन** व्यापाद्येनेति ॥ २१० ॥

ગાથાર્થ– ટીકાર્થ– વધ કરવા યોગ્ય જીવે કરેલા સહકારને પામતા મારનાર જીવનો શો વધ ? અર્થાત્ તેણે વધ કર્યો નથી. વધ કરવા યોગ્ય જીવે જ તેવા પ્રકારનું કર્મ બાંધ્યું હતું કે મારું મૃત્યુ આ જીવના સહકારથી થાય. આથી વધ કરનાર જીવ વધ કરવા યોગ્ય જીવના કર્મથી જ તેના મૃત્યુમાં સહકાર આપે છે. આથી તેનો આમાં કોઇ દોષ નથી. આમાં વધ કરવા યોગ્ય જીવનો જ આ દોષ છે કે "આનાથી મારે મરવું એવા વિપાકવાળું કર્મ તેણે કર્યું." (૨૧૦)

एतदेव समर्थयति–

जइ तेण तहा अकए, तं वहइ तओ सतंतभावेण ।
अन्नं पि किं न एवं, वहेइ अणिवारियप्पसरो ॥ २११ ॥

[यदि तेन तथा अकृते तं हन्ति तकः स्वतन्त्रभावेन ।
अन्यमपि किं न एवं हन्ति अनिवारितप्रसरः ॥ २११ ॥]

यदि तेन व्यापाद्येन **तथा** तेन प्रकारेण अस्मान्मर्तव्यमित्यादिलक्षणेन **अकृते** अनुपात्ते कर्मणीति गम्यते **तं** व्यापाद्यं **हन्ति** व्यापादयति **तको** वधकः **स्वतन्त्रभावेन** स्वयमेव कथञ्चित् । अत्र दोषमाह– **अन्यमपि** देवदत्तादिकं **किं न एवं हन्ति** यथा तं निमित्ताभावस्याविशेषात्[१] **अनिवारितप्रसरः** स्वातन्त्र्येण व्यापादनशील इति ॥ २११ ॥

આ જ વિષયનું સમર્થન કરે છે–

ગાથાર્થ– ટીકાર્થ– કદાચ કોઇ એમ કહે કે, વધ કરવા યોગ્ય જીવે "મારે આનાથી મરવું" એવા પ્રકારનું કર્મ ન કર્યું હોવા છતાં વધ કરનાર સ્વતંત્રભાવથી (=પોતાના મારવાના સ્વભાવથી) સ્વયમેવ કોઇક રીતે તેને હણે છે.

---

१. प्रवृत्तिनिमित्तभावस्याविशेषात्

અહીં દોષ કહે છે– જો વધ કરનાર સ્વયમેવ પોતાના મારવાના સ્વભાવથી તેને હણે છે તો દેવદત્ત વગેરે બીજાને પણ કેમ હણતો નથી ? કારણ કે નિમિત્તભાવમાં કોઈ ભેદ નથી. નિમિત્તરૂપે દેવદત્ત વગેરે બધા સમાન છે. (૨૧૧)

न य सव्वो सव्वं चिय, वहेइ नियय्स्सभावओ अह न ।
वज्झस्स अफलकम्मं, वहगसहावेण मरणाओ ॥ २१२ ॥

[न च सर्वः सर्वमेव हन्ति नियतस्वभावतः अथ न ।
वध्यस्याफलं कर्म वधकस्वभावेन मरणात् ॥ २१२ ॥]

न च सर्वो व्यापादकः **सर्वमेव** व्यापाद्यं **हन्ति** अदर्शनान्नियतस्वभावतो **ऽथ न** अथैवं मन्यसे नियतहन्तृस्वभावात् न सर्वान्हन्तीत्येतदाशङ्क्याह– **वध्यस्य** व्यापाद्यस्याफलं **कर्म** कुतो **वधकस्वभावेन मरणात्** यो हि यद्व्यापादनस्वभावः स तं व्यापादयतीति निःफलं कर्मापद्यते, न चैतदेवं, तस्मात्तस्यैवासो दोषो यत्तथा कर्म कृतमनेनेति । वधकोऽनपराध इति एष पूर्वपक्षः ॥ २१२ ॥

गाथार्थ– टीकार्थ– જો વધ કરનાર પોતાના સ્વભાવથી વધ કરતો હોય તો બધાનો વધ થવો જોઈએ. આના અનુસંધાનમાં અહીં કહે છે કે– વધ કરનાર બધા જ વધ કરવાને યોગ્ય બધાને હણતા નથી. કેમ કે તેવું જોવામાં આવતું નથી.

હવે જો તમે એમ કહો કે, વધ કરનારનો અમુક જીવોને જ મારવા એવો નિયત સ્વભાવ છે, તેથી વધ કરનારા બધા જ બધાને હણતા નથી, આવી આશંકા કરીને કહે છે– એમ માનવામાં તો વધ કરવા યોગ્ય જીવનું કર્મ નિષ્ફળ થયું. કારણ કે તેનું મૃત્યુ પોતાના તેવા કર્મથી નહિ, કિંતુ વધ કરનારના સ્વભાવથી થયું છે. જે જેને મારવાના સ્વભાવવાળો હોય તે તેને મારે છે. એથી મરનારનું કર્મ નિષ્ફળ બને. આ આ પ્રમાણે નથી. (=મરનાર મારનારના સ્વભાવથી મરે છે એવું નથી.) તેથી મરનારનો જ આ દોષ છે કે તેણે "મારે આનાથી મરવું" એવા પ્રકારનું કર્મ કર્યું. તેથી વધ કરનાર નિર્દોષ છે. આ પૂર્વપક્ષ છે. (૨૧૨)

अत्रोत्तरमाह–

नियकयकम्मुवभोगे, वि संकिलेसो धुवं वहंतस्स ।
तत्तो बंधो तं खलु, तव्विरईए विवज्जिज्जा ॥ २१३ ॥

[निजकृतकर्मोपभोगे ऽपि संक्लेशः ध्रुवं घ्नतः ।
ततः बन्धः तं खलु तद्विरत्या वर्जयेत् ॥ २१३ ॥]

निजकृतकर्मोपभोगेऽपि व्यापाद्यव्यापत्तौ स्वकृतकर्मविपाकेऽपि सति तस्य **संक्लेशो**ऽकुशलपरिणामो **ध्रुवम**वश्यं **घ्नतो** व्यापदयत**स्ततस्त**स्मात्संक्लेशाद्ब**न्धस्तं खलु** तमेव बन्धं **तद्विरत्या** वधविरत्या **वर्जयेदिति** ॥ २१३ ॥

અહીં ઉત્તર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– વધ કરવા યોગ્ય જીવનો વધ સ્વકૃત કર્મના વિપાકથી થતો હોવા છતાં વધ કરનારને અવશ્ય સંક્લેશ (=અશુભ પરિણામ) થાય છે. એ સંક્લેશથી કર્મબંધ થાય છે. તેથી વધવિરતિથી વધનો ત્યાગ કરે. (૨૧૩)

तत्तु च्चिय मरियव्वं, इय बद्धे आउयंमि तव्विरई ।
नणु किं साहेइ फलं, तदारओ कम्मखवणं तु ॥ २१४ ॥

[ततः एव मर्तव्यं इति बद्धे आयुषि तद्विरतिः ।
ननु किं साधयति फलं तदारतः कर्मक्षपणम् ॥ २१४ ॥]

तत एव देवदत्तादेः सकाशात् **मर्तव्यमिति** एवमनेन प्रकारेण **बद्धे आयुषि** उपात्ते आयुष्कर्मणि व्यापाद्येन **वधविरतिर्ननु किं साधयति फलं** तस्यावश्यभावित्वेन तदसंभवात् विरत्यसंभवात् न किञ्चिदित्यभिप्रायः । अत्रोत्तरं– **तदारतः कर्मक्षपणं** तु मरणकालादारतः वधविरतिः कर्मक्षयमेव साधयतीति गाथार्थः ॥ २१४ ॥

ગાથાર્થ– ટીકાર્થ– મરનાર જીવે મારે દેવદત્ત આદિથી મરવું એવા પ્રકારનું આયુષ્ય કર્મ બાંધ્યું હોવાથી વધવિરતિ કયું ફળ મેળવે છે ? અર્થાત્ તે જીવનું તેનાથી જ અવશ્ય મૃત્યુ થવાનું હોવાથી વિરતિનો સંભવ ન હોવાથી વધવિરતિ કંઇ પણ ફળ પ્રાપ્ત કરતી નથી.

અહીં ઉત્તર કહે છે– મરણકાળના પૂર્વે કરાયેલી વધવિરતિ વધવિરતિ કરનારના કર્મક્ષયને સાધી આપે છે. (૨૧૪)

एतदेव भावयति–

तत्तु च्चिय सो भावो, जायइ सुद्धेण जीववीरिएण ।
कस्सइ जेण तयं खलु, अवहित्ता गच्छई मुक्खं ॥ २१५ ॥

[तत एव स भावः जायते शुद्धेन जीववीर्येण ।
कस्यचित् येन तकं खलु अहत्वा गच्छति मोक्षम् ॥ २१५ ॥]

तत एव वधविरतेः **स भावः** चित्तपरिणामलक्षणो **जायते शुद्धेन जीववीर्येण** कर्मानभिभूतेनात्मसामर्थ्येन **कस्यचित्**प्राणिनो **येन** भावेन **तकं** व्यापाद्यं **अवधित्वा** अहत्वैव **गच्छति मोक्षं** प्राप्नोति निर्वाणमिति ॥ २१५ ॥

આ જ વિષયને વિચારે છે–

ગાથાર્થ– ટીકાર્થ– વધવિરતિના કારણે કર્મથી અભિભૂત ન થયેલા શુદ્ધ આત્મસામર્થ્યથી તે ભાવ ઉત્પન્ન થાય છે કે જે ભાવથી તે પ્રાણીને હણ્યા વિના જ મોક્ષને પામે છે. (૨૧૫)

इय तस्स तयं कम्मं, न जहकयफलं ति पावई अह तु ।
तं नो अज्झवसाणा, ओवट्टणमाइभावाओ ॥ २१६ ॥

[इति तस्य तकं कर्म न यथाकृतफलमेव प्राप्नोति अथ तु ।
तन्न अध्यवसायात् अपवर्तनादिभावात् ॥ २१६ ॥]

इति एवमुक्तेन न्यायेन **तस्य** व्यापाद्यस्य **तत्कर्म** अस्मान्मर्तव्यमित्यादिलक्षणं **न यथाकृतफलमेव** ततो मरणाभावात्**प्राप्नोत्या**पद्यते **अथ त्व**मेवं मन्यसे इत्याशङ्क्याह– **तन्न** तदेतन्न **अध्यवसायात्त**थाविधचित्तविशेषात् **अपवर्तनादिभावात्त**था ह्राससंक्रमानुभवश्रेणिवेदनादिति गाथार्थः ॥ २१६ ॥

ગાથાર્થ– ટીકાર્થ– કદાચ તમે એમ માનો કે, ઉક્ત નીતિથી મરનારનું "મારે આનાથી મરવું" એવું કર્મ જે રીતે કર્યું હતું તે રીતે ફળ પામતું નથી. કારણ કે તેનાથી મરણ થયું નથી. આવી આશંકા કરીને કહે છે– તે બરોબર નથી. કારણ કે અધ્યવસાયથી અપવર્તના વગેરે થાય છે. અહીં ભાવાર્થ આ છે– જીવ તેવા પ્રકારની અધ્યવસાયશ્રેણિને અનુભવે છે કે જેમાં કર્મસ્થિતિની [1]અપવર્તના થાય, કર્મનો [2]સંક્રમ થાય અને કર્મફળનો [3]અનુભવ થાય. (આમ કર્મ બંધાયા પછી ઉદયમાં આવે એ પહેલાં તેમાં ઘણા ફેરફારો થતા હોવાથી કર્મ જે રીતે કર્યું હોય તે જ રીતે ભોગવાય એવો નિયમ નથી.) (૨૧૬)

૧. અપવર્તના=કર્મની સ્થિતિનો હ્રાસ=ઘટાડો.
૨. સંક્રમ=બંધાતી કર્મપ્રકૃતિમાં અન્ય કર્મપ્રકૃતિને નાખીને બંધાતી કર્મપ્રકૃતિરૂપે પરિણમાવવી.
૩. અનુભવ=કર્મફળનો ભોગ.

सकयं पि अणेगविहं, तेण पगारेण भुंजिउं सव्वं ।
अपुव्वकरणजोगा, पावइ मुक्खं तु किं तेण ॥ २१७ ॥

[स्वकृतमपि अनेकविधं तेन प्रकारेण अभुक्त्वा सर्वं ।
अपूर्वकरणयोगात् प्राप्नोति मोक्षं तु किं तेन ॥ २१७ ॥]

किं च **स्वकृतमप्यात्मोपात्तमप्यनेकविधं** चतुर्गतिनिबन्धनं **तेन प्रकारेण** चतुर्गतिवेद्यत्वेन **अभुक्त्वा सर्वमन**नुभूय निरवशेषं **अपूर्वकरणयोगात्** क्षपक-श्रेण्यारम्भकादपूर्वकरणसंबन्धात्**प्राप्नोति मोक्षमे**वासादयति निर्वाणमेव **किं तेन** व्यापादकभावनिबन्धनत्वपरिकल्पितेन कर्मणेति ॥ २१७ ॥

गाथार्थ– स्वकृत पण अनेक प्रकारना सर्व कर्मने अपूर्वकरणना योगथी ते रीते भोगव्या विना मोक्षने पामे छे. हिंसकभावना कारण तरीके कल्पेला कर्मथी शुं ?

टीकार्थ– अनेक प्रकारनुं=चार गतिनुं कारण बने तेवुं.

अपूर्वकरण=पूर्वे न थया होय तेवा आत्माना शुभ परिणाम.

(आ अपूर्वकरण आठमा गुणस्थाने होय.)

ते रीते=चारगतिमां भोगववा रूपे.

वध्य जीवे "मारे आनाथी मरवुं" एवुं जे कर्म कर्युं छे ते कर्म हिंसकभावनुं कारण छे. वध्य जीवे 'मारे आनाथी मरवुं" एवुं जे कर्म कर्युं छे ते कर्मना कारणे देवदत्त वगेरेमां हिंसकभाव उत्पन्न थाय छे. एथी **हिंसकभावना कारण तरीके कल्पेलुं कर्म** एटले वध्य जीवनुं "मारे आनाथी मरवुं" एवुं कर्म. (२१७)

स्यात्तस्मिन् सति न चरणभाव एवेति अत्राह–

परकयकम्मनिबंधा, चरणाभावंमि पावइ अभावो ।
सकयस्स निष्फलत्ता, सुहदुहसंसारमुक्खाणं ॥ २१८ ॥

[परकृतकर्मनिबन्धनात् चरणाभावे प्राप्नोत्यभावः ।
स्वकृतस्य निष्फलत्वं सुखदुःखसंसारमोक्षाणाम् ॥ २१८ ॥]

परकृतकर्मनिबन्धाद् व्यापाद्यकृतकर्मनिबन्धनेन व्यापादकस्य **चरणाभावे**

अभ्युपगम्यमाने **प्राप्नोत्यभावः सुखदुःखसंसारमोक्षाणामिति** योगः, कुतः **स्वकृतस्य निःफलत्वात्** निःफलत्वं चान्यकृतेन प्रतिबन्धादिति ॥ २१८ ॥

પૂર્વપક્ષ– વધ્યનું તે કર્મ જ્યાં સુધી હોય ત્યાં સુધી ચારિત્રનો ભાવ જ ન થાય. આ પૂર્વપક્ષનો અહીં ઉત્તર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– વધ્યે કરેલા કર્મના કારણે વધકના ચારિત્રના અભાવને સ્વીકારવામાં સુખ-દુઃખ અને સંસાર-મોક્ષનો અભાવ થાય. કારણ કે અન્યે કરેલા કર્મથી સ્વકૃતનો પ્રતિબંધ થવાથી અન્યે કરેલા કર્મના કારણે સ્વકૃત કર્મની નિષ્ફળતા થાય છે.

અહીં ભાવાર્થ આ છે– જો વધ્ય જીવે કરેલા કર્મથી વધકના ચારિત્રનો અભાવ થાય તો એનો અર્થ એ થયો કે વધ્યે કરેલું કર્મ મુખ્ય બન્યું. સ્વકૃત કર્મથી કંઈ ન થાય. જે કંઈ થાય તે અન્યકૃત કર્મથી થાય. એથી સ્વકૃતકર્મથી એને સુખ કે દુઃખ ન મળે. એથી સ્વકૃત કર્મથી એનો સંસાર ન થાય, અને સ્વકર્મના નાશથી મોક્ષ પણ ન થાય. (૨૧૮)

अकयागमकयनासा, सपरेगत्तं च पावई एवं ।
तच्चरणाउ च्चिय तओ, खओ वि अणिवारियप्पसरो ॥ २१९ ॥

[अकृतागमकृतनाशौ स्वपरैकत्वं च प्राप्नोत्येवम् ।
तच्चरणतः एव ततः क्षयो ऽपि अनिवारितप्रसरः ॥ २१९ ॥]

अकृतागमकृतनाशौ तेनाकृतमपि तस्य प्रतिबन्धकमित्यकृतागमः शुभपरिणामभावेऽपि च ततः प्रतिबन्धात्तत्फलमिति कृतनाशः **स्वपरैकत्वं च** प्रतिबन्धकाविशेषात् **प्राप्नोत्येवं तच्चरणत एव ततः क्षयोऽप्यनिवारितप्रसरस्तस्येति** ॥ २१९ ॥

ગાથાર્થ– એ પ્રમાણે અકૃતાગમ-કૃતનાશ અને સ્વ-પરનું એકત્વ થાય. તેથી તેના ચારિત્રથી જ પ્રતિબંધ વિના જ તેના કર્મનો ક્ષય થાય.

ટીકાર્થ– વધકે ચારિત્રમાં પ્રતિબંધ કરનાર કર્મ ન કર્યું હોવા છતાં વધ્યનું કર્મ ચારિત્રમાં પ્રતિબંધક થયું. એથી અકૃતનું આગમન થયું. વધકના આત્મામાં ચારિત્રનો શુભભાવ થયો હોવા છતાં તે પ્રતિબંધથી ચારિત્ર ન લઈ શકવાથી શુભભાવનું ફળ ન મળ્યું. એથી કૃતનો નાશ થયો. તથા પ્રતિબંધકનો ભેદ ન હોવાથી (વધક પણ વધ્યનો પ્રતિબંધક બની શકતો હોવાથી) સ્વ-પરની (=વધ્ય-વધકની) એકતા થાય.

સ્વપરની એકતા થવાથી વધકના ચારિત્રથી જ વધ્યના કર્મક્ષયને રોકી શકાય તેમ નથી. અર્થાત્ વધક ચારિત્ર લે તો વધ્ય જીવના "મારે આનાથી મરવું" એવા કર્મનો ક્ષય થાય. (૨૧૯)

उपसंहरन्नाह–

एवंपि य वहविरई, कायव्वा चेव सव्वजत्तेणं ।
तदभावंमि पमाया, बंधो भणिओ जिणिंदेहिं ॥ २२० ॥

[एवमपि च वधविरतिः कर्तव्या एव सर्वयत्नेन ।
तदभावे प्रमादात् बन्धो भणितः जिनेन्द्रैः ॥ २२० ॥]

एवमपि चोक्तप्रकारादुद्यविरतिः कर्तव्यैव सर्वयत्नेनाप्रमादेनेत्यर्थः । **तदभावे** च विरत्यभावे च **प्रमादाद्बन्धो भणितो जिनेन्द्रै**रिति ॥ २२० ॥

ઉપસંહાર કરતા કહે છે–

ગાથાર્થ–ટીકાર્થ– આ રીતે પણ (=વધક ચારિત્ર લે તો વધ્યયજીવના કર્મનો ક્ષય થાય તે રીતે પણ) પ્રમાદરહિત બનીને વધવિરતિ કરવી જ જોઈએ. જિનેશ્વરોએ વિરતિના અભાવમાં પ્રમાદથી કર્મબંધ કહ્યો છે. (૨૨૦)

પરિણામ પ્રમાણે કર્મબંધ (ગા. ૨૨૧-૨૩૪)

इदानीमन्यद्वादस्थानकम्–

केई बालाइवहे, बहुतरकम्मस्सुवक्कमाउ त्ति ।
मन्नंति पावमहियं, वुड्ढाईसुं विवज्जासं ॥ २२१ ॥

[केचित् बालादिवधे बहुतरकर्मण उपक्रमादेव ।
मन्यन्ते पापमधिकं वृद्धादिषु विपर्यासम् ॥ २२१ ॥]

केचिद् वादिनो **बालादिवधे** बालकुमारयुवव्यापादने **बहुतरकर्मण उपक्रमणात्कारणान्मन्यन्ते पापमधिकं । वृद्धादिषु विपर्यासं** स्तोकतरस्य कर्मण उपक्रमादिति ॥ २२१ ॥

હવે બીજું વાદસ્થાન

ગાથાર્થ– ટીકાર્થ– કોઈક વાદીઓ બાલ-કુમાર-યુવાનના વધમાં ઘણા કર્મનો ઉપક્રમ કરવાના કારણે અધિક પાપ માને છે. વૃદ્ધ આદિના વધમાં અલ્પકર્મનો ઉપક્રમ કરવાના કારણે અલ્પ પાપ માને છે. (૨૨૧)

अत्रोत्तरमाह–

एयं पि न जुत्तिखमं, जं परिणामाउ पावमिह वुत्तं ।
दव्वाइभेयभिन्ना, तह हिंसा वन्निया समए ॥ २२२ ॥

[एतदपि न युक्तिक्षमं यत्परिणामात्पापमिहोक्तम् ।
द्रव्यादिभेदभिन्ना तथा हिंसा वर्णिता समये ॥ २२२ ॥]

एतदपि न युक्तिक्षमं यद् यस्मात्**परिणामात्पापमिहोक्तं,** स च न नियतो, बालवृद्धादिषु क्लिष्टेतररूपो **द्रव्यादिभेदभिन्ना तथा हिंसा वर्णिता समये** यथोक्तं– "दव्वउ णामेगे हिंसा ण भावउ" इत्यादि ॥ २२२ ॥

અહીં ઉત્તર કહે છે–

ગાથાર્થ– આ પણ યુક્તિક્ષમ નથી. કારણ કે અહીં પરિણામથી પાપ કહ્યું છે. બાલ-વૃદ્ધ આદિમાં ક્લિષ્ટ-અક્લિષ્ટ પરિણામ નિયત ન હોય તથા શાસ્ત્રમાં હિંસા દ્રવ્યાદિના ભેદથી ભિન્ન (=તફાવતવાળી) જણાવી છે. કહ્યું છે કે "કોઇક હિંસા દ્રવ્યથી હોય, ભાવથી ન હોય." ઇત્યાદિ. (૨૨૨)

प्रथमहिंसाभेदमाह–

उच्चालियंमि पाए, इरियासमियस्स संकमट्ठाए ।
वावज्जिज्ज कुलिंगी, मरिज्ज तं जोगमासज्ज ॥ २२३ ॥

[उच्चालिते पादे ईर्यासमितस्य संक्रमार्थम् ।
व्यापद्येत कुलिङ्गी म्रियेत तं योगमासाद्य ॥ २२३ ॥]

उच्चालिते उत्क्षिप्ते **पादे संक्रमार्थं** गमनार्थमिति योगः **ईर्यासमितस्यो**पयुक्तस्य साधोः किं **व्यापद्येत** महतीं वेदनां प्राप्नुयात् **म्रियेत** प्राणत्यागं कुर्यात् **कुलिङ्गी** कुत्सितलिङ्गवान् द्वीन्द्रियादिसत्त्वः **तं योगमासाद्य** तथोपयुक्तसाधुव्यापारं प्राप्येति ॥ २२३ ॥

न य तस्स तन्निमित्तो, बंधो सुहुमो वि देसिओ समए ।
जम्हा सो अपमत्तो, सा उ पमाउ त्ति निद्दिट्ठा ॥ २२४ ॥

[न च तस्य तन्निमित्तः बन्धः सूक्ष्मोऽपि देशितः समये ।
यस्मात्सोऽप्रमत्तः सा च प्रमाद इति निर्दिष्टा ॥ २२४ ॥]

न च तस्य साधोस्**तन्निमित्तः** कुलिङ्गिव्यापत्तिकारणो **बन्धः सूक्ष्मोऽपि देशितः समये** किमिति **यस्मात्सोऽप्रमत्तः** सूत्राज्ञया प्रवृत्तेः **सा च** हिंसा **प्रमाद इत्येवं निर्दिष्टा** तीर्थकरगणधरैरिति इयं द्रव्यतो हिंसा न भावतः ॥ २२४ ॥

(દ્રવ્યથી હિંસા હોય, ભાવથી હિંસા ન હોય.
દ્રવ્યથી હિંસા ન હોય, ભાવથી હિંસા હોય.
દ્રવ્યથી હિંસા હોય, ભાવથી પણ હિંસા હોય.
દ્રવ્યથી હિંસા ન હોય, ભાવથી પણ હિંસા ન હોય.
એમ હિંસાના ચાર ભેદ છે.) તેમાં હિંસાના પ્રથમ ભેદને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ઈર્યાસમિતિમાં ઉપયુક્ત સાધુ જવા માટે પગ ઉપાડે ત્યારે સહસા તેના પગ નીચે બેઇંદ્રિય વગેરે જીવ આવી જાય, ઉપયુક્ત સાધુના વ્યાપારને પામીને ઘણી વેદનાને પામે અને મરી જાય. (૨૨૩) તે સાધુને બેઇંદ્રિય આદિ જીવ મરવાના કારણે શાસ્ત્રમાં સૂક્ષ્મ પણ કર્મબંધ કહ્યો નથી. કારણ કે તે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરતો હોવાથી અપ્રમત્ત છે. તીર્થંકર-ગણધરોએ પ્રમાદને હિંસા કહી છે. આ હિંસા દ્રવ્યથી છે, ભાવથી નથી. (૨૨૪)

साम्प्रतं भावतो न द्रव्यत इत्युच्यते–

मंदपगासे देसे, रज्जुं किह्णाहिसरिसयं दट्ठुं ।
अच्छित्तु तिक्खखग्गं, वहिज्ज तं तप्परीणामो ॥ २२५ ॥

[मन्दप्रकाशे देशे रज्जुं कृष्णाहिसदृशीं दृष्ट्वा ।
आकृष्य तीक्ष्णखड्गं हन्यात् तां तत्परिणामः ॥ २२५ ॥]

मन्दप्रकाशे देशे ध्यामले निम्नादौ **रज्जुं** दर्भादिविकाररूपां **कृष्णाहिसदृशी** कृष्णसर्पतुल्यां **दृष्ट्वा आकृष्य तीक्ष्णखड्गं वधेत्तां** हन्यादित्यर्थः **तत्परिणामो** वधपरिणाम इति ॥ २२५ ॥

सप्पवहाभावंमि वि, वहपरिणामाउ चेव एयस्स ।
नियमेण संपराइयबंधो खलु होइ नायव्वो ॥ २२६ ॥

[सर्पवधाभावेऽपि वधपरिणामादेवैतस्य ।
नियमेन सांपरायिको बन्धः खलु भवति ज्ञातव्यः ॥ २२६ ॥]

सर्पवधाभावेऽपि तत्त्वतः **वधपरिणामादेवैतस्य** व्यापादकस्य **नियमेन सांपरायिको बन्धो** भवपरम्पराहेतुः कर्मयोगः खलु भवति ज्ञातव्य इति ॥ २२६॥

હવે ભાવથી હિંસા છે, દ્રવ્યથી નથી એમ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અંધકારવાળા અને નીચાણવાળા વગેરે પ્રદેશમાં રહેલા, દર્ભ ઘાસ આદિમાંથી બનાવેલા, અને કાળા સર્પ સમાન દોરડાને

જોઈને (આ સર્પ છે એમ સમજીને) વધના પરિણામવાળો કોઈ તીક્ષ્ણ તલવારને ખેંચીને તેને હણે. (૨૨૫) અહીં સર્પનો વધ ન થવા છતાં પરમાર્થથી વધપરિણામથી જ વધ કરનારને અવશ્ય સાંપરાયિક બંધ જાણવો.

સાંપરાયિક=ભવપરંપરાનો હેતુ. (૨૨૬)

તૃતીયં હિંસાભેદમાહ–

मिगवहपरिणामगओ, आयण्णं कड्ढिऊण कोदंडं ।
मुत्तूण मिसुं उभओ, वहिज्ज तं पागडो एस ॥ २२७ ॥

[मृगवधपरिणामगतः आकर्णं आकृष्य कोदण्डम् ।
मुक्त्वा इषुं उभयतः हन्यात् तं प्रकट एषः ॥ २२७ ॥]

मृगवधपरिणामपरिणतः सन्नाकर्णमाकृष्य **कोदण्डं** धनुर्**मुक्त्वेषुं** बाणं **उभयतो** वधेत् **हन्यात्** द्रव्यतो भावतश्च **तं** मृगं **प्रकट एष** हिंसक इति ॥ २२७ ॥

ત્રીજા હિંસાભેદને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– મૃગવધના પરિણામવાળો શિકારી ધનુષ્યને કાન સુધી ખેંચીને અને બાણ છોડીને મૃગને હણે. આ પ્રગટ દ્રવ્યથી અને ભાવથી હિંસક છે. (૨૨૭)

ચતુર્થં ભેદમાહ–

उभयाभावे हिंसा, धणिमित्तं भंगयाणुपुव्वीए ।
तहवि य दंसिज्जंती, सीसमइविगोवणमदुट्ठा ॥ २२८ ॥

[उभयाभावे हिंसा ध्वनिमात्रं भङ्गकानुपूर्व्या ।
तथापि च दर्श्यमाना शिष्यमतिविकोपनाय अदुष्टा ॥ २२८ ॥]

उभयाभावे द्रव्यतो भावतश्च वधाभावे **हिंसा ध्वनिमात्रं** न विषयतः **भङ्गकानुपूर्व्या**याता **तथापि च दर्श्यमाना शिष्यमतिविकोपनं** विनेय-बुद्धिविकाशाया**दुष्टे**वेति ॥ २२८ ॥

ચોથા ભેદને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ભાંગાના ક્રમથી આવેલી દ્રવ્યથી અને ભાવથી ન હોય એવી હિંસા શબ્દોચ્ચાર માત્ર છે, વિષયથી નથી. તો પણ

શિષ્યબુદ્ધિના વિકાસ માટે બતાવાતી આ હિંસા નિર્દોષ જ છે, અર્થાત્ આ હિંસાને બતાવવામાં કોઇ દોષ નથી. (૨૨૮)

इय परिणामा बंधे, बालो वुड्ढुत्ति थोवमियमित्थ ।
बाले वि सो न तिव्वो, कयाइ वुड्ढे वि तिव्वुत्ति ॥ २२९ ॥

[इति परिणामाद्बन्धे बालो वृद्ध इति स्तोकमिदमत्र ।
बालेऽपि असौ न तीव्रः कदाचिद् वृद्धे ऽपि तीव्र इति ॥ २२९ ॥]

इति एवं **परिणामाद्बन्धे** सति **बालो वृद्ध इति स्तोकमिदमत्र** हिंसाप्रक्रमे किमिति **बालेप्यसौ न तीव्रः** परिणामः **कदाचिद्वृद्धेऽपि तीव्र इति** जिघांसतामाशयवैचित्र्यादिति ॥ २२९ ॥

ગાથાર્થ– ટીકાર્થ– આ પ્રમાણે પરિણામથી બંધ થતો હોવાથી બાલ-વૃદ્ધની હિંસા એ પ્રસ્તુતમાં અલ્પ છે, અર્થાત્ એનું મહત્વ નથી. ક્યારેક બાળકની હિંસામાં તીવ્રપરિણામ ન હોય અને ક્યારેક વૃદ્ધની હિંસામાં પણ તીવ્ર પરિણામ હોય. કારણ કે વધ કરનારાઓના આશય વિચિત્ર હોય છે. (૨૨૯)

अह परिणामाभावे, वहे वि बंधो न पावई एवं ।
कह न वहे परिणामो, तब्भावे कह य नो बंधो ॥ २३० ॥

[अथ परिणामाभावे वधेऽपि बन्धो न प्राप्नोत्येवम् ।
कथं न वधे परिणामः तद्भावे कथं च न बन्धः ॥ २३० ॥]

अथैवं मन्यसे **परिणामाभावे** सति **वधेऽप्यबन्ध** एव **प्राप्नोत्येवं** परिणामवादे एतदाशङ्क्याह– **कथं न वधे परिणामः** किं तर्हि भवत्येवादुष्टाशयस्य तत्राप्रवृत्तेः **तद्भावे** वधपरिणामभावे **कथं च** वधे **न बन्धो** बन्ध एवेति ॥ २३० ॥

ગાથાર્થ–ટીકાર્થ– હવે જો તમે માનતા હો કે પરિણામવાદમાં વધપરિણામ ન હોય તો વધ થવા છતાં બંધનો અભાવ જ થાય. આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે કે– વધમાં વધના પરિણામ કેમ ન હોય ? અર્થાત્ હોય જ. કારણ કે જેનો આશય દુષ્ટ નથી તેવો જીવ વધમાં પ્રવૃત્તિ ન કરે. હવે જો વધ પરિણામ છે તો વધમાં બંધ કેમ ન થાય ? અર્થાત્ થાય જ. (૨૩૦)

सिय न वहे परिणामो, अन्नाणकुसत्थभावणाओ य ।
उभयत्थ तदेव तओ, किलिट्ठबंधस्स हेउ त्ति ॥ २३१ ॥

[स्यान्न वधे परिणामः अज्ञानकुशास्त्रभावनातश्च ।
उभयत्र तदेव तकः क्लिष्टबन्धस्य हेतुरिति ॥ २३१ ॥]

स्यान्न वधे परिणामः क्लिष्टः अज्ञानात् **अज्ञानं** व्यापादयतः **कुशास्त्रभावनातश्च** यागादावेतदाशङ्क्याह– **उभयत्र तदेवाज्ञानमसौ** परिणामः **क्लिष्टबन्धस्य हेतुरिति** सांपरायिकस्येति ॥ २३१ ॥

હવે જો તમે એમ માનતા હો કે (હિંસા પાપ છે એવું જ્ઞાન ન હોવાના કારણે) અજ્ઞાનતાથી અને યજ્ઞ વગેરેમાં કુશાસ્ત્રના કારણે થયેલી ભાવનાથી વધ કરવામાં ક્લિષ્ટ વધપરિણામ ન હોય, આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે– ઉભય સ્થળે અજ્ઞાન જ વધપરિણામ છે. અને તે વધપરિણામ ક્લિષ્ટ બંધનો=સાંપરાયિક બંધનો હેતુ છે. (૨૩૧)

जम्हा सो परिणामो, अन्नाणादवगमेण नो होइ ।
तम्हा तयभावत्थी, नाणाईसुं सइ जइज्जा ॥ २३२ ॥

[यस्मादसौ परिणामः अज्ञानाद्यपगमेन न भवति ।
तस्मात्तदभावार्थी ज्ञानादिषु सदा यतेत ॥ २३२ ॥]

यस्मादसौ वधपरिणामो **अज्ञानाद्यपगमेन** हेतुना **न भवति** सति । त्वज्ञानादौ भवत्येव वस्तुतस्तस्यैव तद्रूपत्वात् **तस्मात्तदभावार्थी** वधपरिणामाभावार्थी **ज्ञानादिषु सदा यतेत** तत्प्रतिपक्षत्वात् इति ॥ २३२ ॥

અજ્ઞાનાદિ દૂર થવાથી વધપરિણામ થતો નથી. અજ્ઞાનાદિની વિદ્યમાનતામાં વધપરિણામ થાય જ છે. પરમાર્થથી અજ્ઞાનાદિ જ વધપરિણામરૂપ જ છે. તેથી વધપરિણામના અભાવના અર્થીએ સદા જ્ઞાનાદિમાં પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે જ્ઞાનાદિ વધપરિણામના વિરોધી છે. (૨૩૨)

एवं वस्तुस्थितिमभिधायाधुना परोपन्यस्तहेतोरनेकान्तिकत्वमुद्भावयति–

बहुतरकम्मोवक्कमभावो वेगंतिओ न जं केइ ।
बाला वि य थोवाऊ, हवंति वुड्ढा वि दीहाऊ ॥ २३३ ॥

[बहुतरकर्मोपक्रमभावोऽपि एकान्तिको न यत् केचित् ।
बाला अपि च स्तोकायुषः भवन्ति वृद्धा अपि दीर्घायुषः ॥ २३३ ॥]

बहुतरकर्मोपक्रमभावोऽपि बालादिवृद्धादिष्वेकान्तिको **न यद्** यस्मात्**केचन बाला अपि स्तोकायुषो भवन्ति वृद्धा अपि दीर्घायुषस्तथा** लोके दर्शनादिति ॥ २३३ ॥

આ પ્રમાણે વસ્તુસ્થિતિને કહીને હવે બીજાએ મૂકેલા હેતુમાં અનેકાંતિક દોષને ઉત્પન્ન કરે છે–

ગાથાર્થ– ટીકાર્થ– બાલાદિના વધમાં ઘણાં કર્મોનો ઉપક્રમ થાય છે એ પણ એકાંતિક નથી. કારણ કે કોઈક બાળકો પણ અલ્પ આયુષ્યવાળા હોય છે અને કોઈક વૃદ્ધો પણ દીર્ઘ આયુષ્યવાળા હોય છે. કેમ કે લોકમાં તેમ જોવામાં આવે છે. (૨૩૩)

तम्हा सव्वेसिं चिय, वहंमि पावं अपावभावेहिं ।
भणियमहिगाइभावो, परिणामविसेसओ पायं ॥ २३४ ॥

[तस्मात्सर्वेषामेव वधे पापं अपापभावैः ।
भणितमधिकादिभावः परिणामविशेषतः प्रायः ॥ २३४ ॥]

यस्मादेवं **तस्मात्सर्वेषामेव** बालादीनां **वधे पापमपापभावै**र्वीतरागैर्**भणितं अधिकादिभाव**स्तस्य पाप्मनः **परिणामविशेषतः प्रायो** भणित इति वर्तते प्रायोग्रहणं तपस्वीतरादिभेदसंग्रहार्थमिति ॥ २३४ ॥

ગાથાર્થ– ટીકાર્થ– તેથી બાલ વગેરે બધાયના વધમાં પાપ થાય. પાપ વધારે થાય કે ઓછું થાય ઇત્યાદિનો નિર્ણય પાપ કરનારના પરિણામ વિશેષથી થાય, એમ વીતરાગોએ કહ્યું છે. 'પ્રાય' શબ્દનું ગ્રહણ પાપ કરનારના સાધુ-ગૃહસ્થ વગેરે ભેદોના સંગ્રહ માટે છે. (૨૩૪)

વધસંભવની વિરતિ સંબંધી વાદ (ગા. ૨૩૫-૨૫૫)

सांप्रतमन्यद्वादस्थानकम्–

संभवइ वहो जेसिं, जुज्जइ तेसिं निवित्तिकरणं पि ।
आवडियाकरणंमि य, सत्तिनिरोहा फलं तत्थ ॥ २३५ ॥

[संभवति वधो येषु युज्यते तेषु निवृत्तिकरणमपि ।
आपतिताकरणे च शक्तिनिरोधात् फलं तत्र ॥ २३५ ॥]

संभवति वधो येषु कृमिपिपीलिकादिषु **युज्यते तेषु निवृत्तिकरणमपि** विषयाप्रवृत्तेः **आपतिताकरणे च** पर्युपस्थितानासेवने च सति **शक्ति-**

निरोधात्फलं तत्र युज्यत इति वर्तते अविषयशक्त्यभावयोस्तु कुतः फलमिति ॥ २३५ ॥

હવે બીજું વાદસ્થાન

ગાથાર્થ– ટીકાર્થ– જે જીવોના વધનો સંભવ છે તે કૃમિ-કીડી આદિ જીવોના વધની નિવૃત્તિ કરવી એ યોગ્ય છે. કારણ કે વધના વિષયમાં પ્રવૃત્તિ થતી નથી, અર્થાત્ મારી શકાય તેવા જીવોને મારવાની પ્રવૃત્તિ અટકી જાય છે. તથા મારી શકાય તેવા જીવોને મારવાનો પ્રસંગ આવી જવા છતાં ન મારવામાં શક્તિનો નિરોધ કરવાથી ફળ મળે છે. આમ વધના અવિષયમાં અને શક્તિના અભાવમાં ફળ ક્યાંથી મળે ? અર્થાત્ ન મળે.

સાર– અહીં વધનિવૃત્તિમાં બે મુદ્દા જણાવ્યા છે. (૧) જે જીવોના વધનો સંભવ હોય તે જીવોના વધની નિવૃત્તિ કરવી જોઈએ. (૨) જે જીવોનો વધ કરવાથી શક્તિ હોય તે જીવોના વધની નિવૃત્તિ કરવી જોઈએ. (૨૩૫)

तथा चाह–

नो अविसए पवित्ती, तन्निवित्तिइ अचरणपाणिस्स ।
झसनायधम्मतुल्लं, तत्थ फलमबहुमयं केइ ॥ २३६ ॥

[नोऽविषये प्रवृत्तिः तन्निवृत्त्या अचरणपाणेः ।
झषज्ञातधर्मतुल्यं तत्र फलमबहुमतं केचित् ॥ २३६ ॥]

नोऽविषये नारकादौ **प्रवृत्तिर्व**धक्रियायास्ततश्च **तन्निवृत्त्या** अविषय-प्रवृत्तिनिवृत्त्या **अचरणपाणेः** छिन्नगोदुकरस्य[१] **झषज्ञातधर्मतुल्यं** छिन्नगोदुकरस्य मत्स्यनाशे धर्म इत्येवं कल्पं **तत्र** निवृत्तौ **फलं अबहुमतं** विदुषामश्लाघ्यं **केचन** मन्यत इत्येषः पूर्वपक्षः ॥ २३६ ॥

તે પ્રમાણે જ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– નારક વગેરે જીવો કે જેમને મારી શકાય તેમ નથી તે જીવોને આશ્રયીને વધની નિવૃત્તિ એ અવિષયપ્રવૃત્તિની નિવૃત્તિ છે, અર્થાત્ જે જીવોનાં વધક્રિયાની પ્રવૃત્તિ ન કરી શકાય તેવા જીવોના વધની નિવૃત્તિ છે. આવી નિવૃત્તિ જેના હાથ-પગ છેદાઈ ગયા છે તેવા માણસને

१. सर्वेषूपलब्धपुस्तकादर्शेषु एतादृशमेवेति नास्माकं मनीषोन्मेषोऽत्र ।

માછલાના વધની નિવૃત્તિ કરવાથી થતા ધર્મતુલ્ય છે. તેવી નિવૃત્તિનું ફળ વિદ્વાનોને પ્રશંસનીય બનતું નથી. આમ કોઈક વાદીઓ માને છે. આ પ્રમાણે આ પૂર્વપક્ષ છે. (૨૩૬)

અત્રોત્તરમાહ– संभवति वधो येष्वित्युक्तं अथ कोऽयं संभव इति–

किं ताव तव्वहु च्चिय, उयाहु कालंतरेण वहणं तु ।
किंवावहु त्ति किं वा, सत्ती को संभवो एत्थ ॥ २३७ ॥

[किं तावत्तद्वध एव उताहो कालान्तरेण हननमेव ।
किं वा अवधः किं वा शक्तिः कः संभवः अत्र ॥ २३७ ॥]

किं तावत्तद्वध एव तेषां व्यापाद्यमानानां वधस्तद्वधः क्रियारूप एव **उताहो कालान्तरेण हननं** जिघांसनमेव **वा किं अवधो** अव्यापादनमित्यर्थः **किं वा शक्तिः** व्यापादकस्य व्यापाद्यविषया **कः संभवोऽत्र** प्रक्रम इति सर्वेऽप्यमी पक्षा दुष्टाः ॥ २३७ ॥

અહીં ઉત્તર કહે છે– "જે જીવોના વધનો સંભવ છે" એમ કહ્યું. તેથી હવે સંભવ શબ્દનો કયો અર્થ અભિપ્રેત છે એ અંગે કહે છે–

ગાથાર્થ– સંભવ શબ્દનો શું વધ કરાતા જીવોના વધની ક્રિયારૂપ વધ અર્થ છે ? અથવા કાલાંતરે (=ભવિષ્યમાં) વધ કરવો એ અર્થ છે ? અથવા અવધ અર્થ છે ? અથવા વધ કરનારની વધ્યને મારવાની શક્તિ અર્થ છે ? (૨૩૭)

तथा चाह–

जइ ताव तव्वहु च्चिय, अलं निवित्तिइ अविसयाए उ ।
कालंतरवहणंमि वि, किं तीए नियमभंगाओ ॥ २३८ ॥

[यदि तावत्तद्वध एव अलं निवृत्त्या अविषययैव ।
कालान्तरहननेऽपि किं या नियमभङ्गात् ॥ २३८ ॥]

यदि तावत्तद्वध एव तेषां व्यापाद्यमानवधक्रियैव संभव इति अत्र दोषमाह– **अलं निवृत्त्या** न किञ्चिद्वधनिवृत्त्या**विषययेति** हेतुः निमित्तकारणहेतुषु सर्वासां प्रायो दर्शनमिति वचनात् अविषयत्वं च वधक्रियाया एव संभवत्वात्संभवे च सति निवृत्त्यभ्युपगमात् ततश्च वधक्रियानियमभावे अविषया वधनिवृत्तिरिति । **कालान्तरहननेऽपि** नियमतः संभवेऽभ्युपगम्यमाने **किं तया**

निवृत्त्या न किञ्चिदित्यर्थः, कुत इत्याह– **नियमभङ्गात्** संभव एव सति निवृत्त्यभ्युपगमः संभवश्च कालान्तरहननमेवेति नियमभङ्ग इति ॥ २३८ ॥

આ બધા ય પક્ષો દોષથી યુક્ત છે. તે પ્રમાણે જ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– (૧) વધ કરાતા જીવના વધની ક્રિયા (=જીવને મારવાની ક્રિયા) જ સંભવ છે. તો નિવૃત્તિથી સર્યું, અર્થાત્ નિવૃત્તિનું પ્રયોજન નથી. કારણ કે નિવૃત્તિ વિષયથી રહિત છે. અહીં સંભવ શબ્દથી વધક્રિયા વિવક્ષિત છે. જ્યારે સંભવ હોય ત્યારે નિવૃત્તિનો સ્વીકાર કરાય છે. તેથી વધક્રિયાનો નિયમ (=પ્રતિજ્ઞા) થયો, વધનો નિયમ ન થયો. એથી વધનિવૃત્તિ વિષયરહિત છે.

(૨) હવે કાલાંતરે હણવામાં અવશ્ય સંભવ છે, અર્થાત્ સંભવ શબ્દનો અર્થ કાલાંતરે હણવામાં વિવક્ષિત છે, તો નિવૃત્તિથી સર્યું. કારણ કે નિયમનો ભંગ થાય. કારણ કે સંભવ હોય તો જ નિવૃત્તિનો સ્વીકાર છે. અને કાળાંતરે હનન જ સંભવ છે. (કાળાંતરે હનનનો સંભવ સદા જ રહે છે. એનો અર્થ એ થયો કે સંભવરૂપે હનન સદા છે. આથી લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ જ થઈ રહ્યો છે.) આથી નિયમભંગ થાય. (૨૩૮)

चरमविकल्पद्वयाभिधित्सयाह–

अवहे वि नो पमाणं, सुट्ठुयरं अविसओ य विसओ से ।
सत्ती उ कज्जगम्मा, सइ तंमि किं पुणो तीए ॥ २३९ ॥

[अवधेऽपि न प्रमाणं सुष्ठुतरं अविषयश्च विषयः तस्याः ।
शक्तिस्तु कार्यगम्या सति तस्मिन् किं पुनस्तया ॥ २३९ ॥]

अवधेऽपि न प्रमाणं यद्यवधः संभवः इत्यत्रापि प्रमाणं न ज्ञायते एतेषामस्मादवध इति **सुष्ठुतरं** अतितरां **अविषयश्च विषय; से तस्या** निवृत्तेः अविषयत्वं तु तेषां वधासंभवात् अवधस्यैव संभवत्वात्, अस्मिंश्च सति निवृत्त्यभ्युपगमादिति । **शक्तिस्तु कार्यगम्या** वधशक्तिरपि संभवो न युज्यते यतोऽसौ कार्यगम्यैवेति न वधमन्तरेण ज्ञायते **सति** च **तस्मिन्वधे किं पुनस्तया** निवृत्त्या तस्य संपादितत्वादेवेति ॥ २३९॥

હવે છેલ્લા બે વિકલ્પોને કહેવાની ઇચ્છાથી કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– (૩) જો અવધ સંભવ છે, અર્થાત્ સંભવ શબ્દનો અવધ અર્થ વિવક્ષિત છે, તો તેમાં કોઇ પ્રમાણ નથી, અર્થાત્ આ જીવોનો

આનાથી અવધ છે=વધ નથી થવાનો એમ જાણી શકાતું નથી. આથી સુતરાં નિવૃત્તિનો વિષય (વધ) વિષયથી રહિત છે. વળી વધનિવૃત્તિને સ્વીકારનાર જીવથી તે જીવોના વધનો સંભવ ન હોવાથી અવધનો જ સંભવ હોવાથી વિષયથી રહિતપણું છે, અર્થાત્ જીવો મરવાના જ નથી તેથી વધનો કોઇ વિષય જ નથી. કેમ કે અવધનો સંભવ હોય ત્યારે નિવૃત્તિનો સ્વીકાર કર્યો છે.

(૪) વધશક્તિ સંભવ છે એ પક્ષ પણ ઘટતો નથી. કારણ કે વધશક્તિ કાર્યથી જાણી શકાય છે. વધશક્તિ (આ જીવનો વધ કરવાની શક્તિ મારી છે કે નહિ તે) વધ કર્યા વિના ન જાણી શકાય. વધ કર્યે છતે વધનિવૃત્તિથી શું ? કારણ કે વધ કરી જ દીધો છે. (૨૩૯)

संभवमधिकृत्य पक्षान्तरमाह–

जज्जाईओ अ हओ, तज्जाईएसु संभवो तस्स ।
तेसु सफला निवित्ती, न जुत्तमेयं पि वभिचारा ॥ २४० ॥

[यज्जातीय एव हतः तज्जातीयेषु संभवस्तस्य ।
तेषु सफला निवृत्तिः न युक्तमेतदपि व्यभिचारात् ॥ २४० ॥]

यज्जातीय एव हतः स्यात् कृम्यादिस्तज्जातीयेषु **संभवस्तस्य** वधस्य अतस्तेषु **सफला निवृत्तिः** सविषयत्वादिति एतदाशङ्क्याह– **न युक्तमेतदपि व्यभिचारात् ॥ २४० ॥**

સંભવને આશ્રયીને અન્ય પક્ષને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જે જાતિનો કૃમિ આદિ જીવ હણાયો હોય તે જાતિવાળા જીવોમાં વધનો સંભવ છે. (અર્થાત્ તે જાતિવાળા જીવોનો વધ કરી શકાય છે.) આથી તે જાતિવાળા જીવોના વધની નિવૃત્તિ સફલ છે. કારણ કે નિવૃત્તિ વિષયસહિત છે. આવી વાદીના મતની શંકા કરીને ગ્રંથકાર કહે છે– આ પણ યુક્ત નથી. કેમ કે તેમાં વ્યભિચાર છે. (૨૪૦)

व्यभिचारमेवाह–

वावाइज्जइ कोई, हए वि मनुयंमि अन्नमणुएणं ।
अहए वि य सीहाओ, दीसइ वहणं पि वभिचारा ॥ २४१ ॥

[व्यापाद्यते कश्चित् हते ऽपि मनुष्ये ऽन्यमनुष्येण ।
अहतेऽपि च सिंहादौ दृश्यते हननं अपि व्यभिचारात् ॥ २४१ ॥]

व्यापाद्यते कश्चिदेव हते ऽपि मनुष्ये सकृत् **अन्यमनुष्येण** तथा लोके दर्शनात् अतो यज्जातीयस्तु हतस्तज्जातीयेषु संभवस्तस्येति नैकान्तः तेनैव अन्यमनुष्येणैव व्यापादनात् तथा **अहतेऽपि च सिंहादौ** आजन्म **दृश्यते हननं** कादाचित्कमिति **व्यभिचार** इति ॥ २४१ ॥

વ્યભિચારને જ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– (સર્પ આદિ વડે) કોઇક મનુષ્ય હણાયે છતે (તે સર્પ આદિ) અન્ય મનુષ્ય વડે જ હણાય છે. કારણ કે લોકમાં તેમ જોવામાં આવે છે. આથી જે જાતિનો જીવ હણાયો તે જાતિવાળા જીવોમાં વધનો સંભવ છે એવો નિયમ ન રહ્યો. (જો તેવો નિયમ હોય તો મનુષ્ય સર્પને ન મારે, કિંતુ સર્પ મનુષ્યને મારે. જ્યારે અહીં તો મનુષ્ય સર્પને મારે છે.)

તથા સિંહ વગેરે પ્રાણીઓ જીવનપર્યંત મનુષ્યથી હણાતા નથી. આમ છતાં ક્યારેક મનુષ્ય સિંહને મારી નાખે એવું દેખાય છે. (આનાથી એ નિશ્ચિત થયું કે જે જાતિવાળો જીવ ન હણાયો હોય તે જાતિવાળા જીવોમાં વધનો અસંભવ છે એવો નિયમ ન રહ્યો.)

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– પૂર્વે ૨૪૦મી ગાથામાં વાદીએ કહ્યું કે જે જાતિનો જીવ હણાયો હોય તે જાતિવાળા જીવોમાં વધનો સંભવ છે, એટલે કે તે જાતિવાળા જીવોનો વધ કરી શકાય છે. એથી તે જાતિવાળા જીવોના વધની નિવૃત્તિ કરવાથી વધનિવૃત્તિ સફળ બને છે.

વાદીના આ કથનની સામે ગ્રંથકાર કહે છે કે જે જાતિનો જીવ હણાયો હોય તે જાતિવાળા જીવોનો વધ કરી જ શકાય એવો નિયમ નથી. જેમ કે સર્પે કોઇ મનુષ્યને ડંશ આપીને મનુષ્યને મારી નાખ્યો. આનાથી એ નિયમ ન બનાવી શકાય કે સર્પ બધા મનુષ્યોને મારે છે. કારણ કે ક્યારેક મનુષ્ય જ સર્પને મારી નાખે છે. જો સર્પ બધા જ મનુષ્યોને મારતો હોય તો મનુષ્ય સર્પને ન મારે, કિંતુ સર્પ મનુષ્યને મારે.

હવે બીજી વાત. સિંહ કોઇથી મરાતો નથી એવું સામાન્યથી લોકમાં જોવાય છે. એટલે મનુષ્યમાં સિંહ જાતિવાળા જીવોને મારવાનો સંભવ નથી. આમ છતાં ક્યારેક મનુષ્ય સિંહને મારી નાખે એવું જોવામાં આવે છે. આથી જે જાતિનો જીવ હણાયો હોય તે જાતિવાળા જીવોમાં વધનો સંભવ છે એવો નિયમ ન રહ્યો. (૨૪૧)

नियमो न संभवो इह, हंतव्वा किं तु सत्तिमित्तं तु ।
सा जेण कज्जगम्मा, तयभावे किं न सेसेसु ॥ २४२ ॥

[नियमो न संभव इह हन्तव्याः किन्तु शक्तिमात्रमेव ।
सा येन कार्यगम्या तदभावे किं न शेषेषु ॥ २४२ ॥]

नियमो न संभव इहावश्यंता न संभव इहोच्यते यदुत यज्जातीय एको हतस्तज्जातीयाः सर्वे ऽपि **हन्तव्या** यज्जातीयस्तु न हतस्तज्जातीया न हन्तव्या एव **किन्तु शक्तिमात्रमेव** तज्जातीयेतरेषु व्यापादनशक्तिमात्रमेव संभवः । तत्कथं दोषो ऽनन्तरोदितो नैवेत्यभिप्राय इति एतदाशङ्क्याह– **सा येन कार्यगम्ये**ति सा शक्तिर्यस्मात्कार्यगम्या वर्तते अतो दोष इति वधमन्तरेण तदपरिज्ञानात् सति च तस्मिन् किं तयेत्यभिहितमेवैतत् ॥ अथ **सा** कार्यमन्तरेणाप्यभ्युपगम्यते इति एतदाशङ्क्याह– **तदभावे** कार्याभावे **किं न शेषेषु** सत्त्वेषु साभ्युपगम्यते तथा च सत्यविशेषत एव निवृत्तिसिद्धिरिति ॥ २४२ ॥

ગાથાર્થ– ટીકાર્થ– અહીં વાદી પોતાનો બચાવ કરતાં કહે છે કે– અહીં સંભવનો એવો અર્થ નથી કે જે જાતિનો એક જીવ હણાયો તે જાતિના બધા ય જીવો વધ્ય છે, અને જે જાતિનો એક જીવ ન હણાયો હોય તે જાતિના જીવો અવધ્ય જ છે. અહીં સંભવનો અર્થ શક્તિમાત્ર જ છે, એટલે કે જે જાતિનો એક જીવ હણાયો હોય તે જાતિના જીવોને મારવાની શક્તિ છે. જે જાતિનો એક જીવ ન હણાયો હોય તે જાતિના જીવોને મારવાની શક્તિ નથી. આમ મારવાની શક્તિમાત્ર જ સંભવ છે. આથી હમણાં (૨૪૧મી ગાથામાં) જે વ્યભિચાર દોષ જણાવ્યો તે દોષ છે જ નહિ.

વાદીના આવા મતની આશંકા કરીને ગ્રંથકાર કહે છે– તે શક્તિ કાર્યથી જાણી શકાય છે. વધ વિના તે શક્તિ જાણી શકાય નહિ. વધ થયે છતે વધ નિવૃત્તિથી શું ? આ વાત પૂર્વે (૨૩૯મી ગાથામાં) જણાવી જ છે.

હવે "વધશક્તિ વધ કર્યા વિના પણ જાણી શકાય છે એમ અમે સ્વીકારીએ છીએ", વાદીના મતની આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે– જો વધ કર્યા વિના પણ વધશક્તિ જાણી શકાય છે તો વિવક્ષિત જાતિ સિવાય અન્ય પ્રાણીઓ સંબંધી પણ વધશક્તિ કેમ સ્વીકારાતી નથી ? અર્થાત્ વિવક્ષિત કૃમિ આદિ જાતિ સિવાય અન્ય પ્રાણીઓને પણ

મારવાની શક્તિ કેમ સ્વીકારાતી નથી ? જો આ સ્વીકારાય તો (જે જીવોનો વધ સંભવ હોય તે જીવોના વધની નિવૃત્તિ કરવી ઇત્યાદિ) વિશેષ વિના જ સામાન્યથી (=જે કોઇ ત્રસ હોય તે જીવોના) વધનિવૃત્તિની સિદ્ધિ થાય. (૨૪૨)

स्यादेतन्न सर्वसत्त्वेषु सा अतो नाभ्युपगम्यत इति आह च–

नारगदेवाईसुं, असंभवा समयमाणसिद्धीओ ।
इत्तु च्चिय तस्सिद्धी, असुहासयवज्जणमदुट्ठा ॥ २४३ ॥

[नारकदेवादिष्वसंभवात्समयमानसिद्धेः ।
अत एव तत्सिद्धिः अशुभाशयवर्जनदुष्टा ॥ २४३ ॥]

नारकदेवादिष्वसंभवाद् व्यापादनशक्तेर्निरुपक्रमायुषस्त इति आदिशब्दादेव-कुरुनिवास्यादिपरिग्रहः कुत एतदिति चेत् **समयमानसिद्धेरा**गमप्रामाण्यादिति । एतदाशङ्क्याह– **अत एव** समयमानसिद्धेः **तत्सिद्धिः** सर्वप्राणातिपात-निर्वृत्तिसिद्धिः "सव्वं भंते पाणाइवायं पच्चक्खामि" इत्यादिवचनप्रामाण्याद् आगमस्याप्यविषयप्रवृत्तिर्दुष्टैवेति एतदाशङ्क्याह– **अशुभाशयवर्जनमि**ति कृत्वा **अदुष्टा** तद्वधनिवृत्तिः अन्तःकरणादिसंभवालम्बनत्वाच्चेति वक्ष्यतीति ॥ २४३ ॥

સર્વ જીવોના વધની શક્તિ નથી માટે સામાન્યથી વધનિવૃત્તિ સ્વીકારાતી નથી આવા પૂર્વપક્ષને કહે છે–

ગાથાર્થ– નારક-દેવોના અને દેવકુરુ નિવાસી વગેરે મનુષ્યોના વધની શક્તિ નથી. કારણ કે તે જીવો નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે. આ વિષયમાં આગમનું પ્રમાણ છે.

વાદીના આવા મતની આશંકા કરીને ગ્રંથકાર કહે છે– આગમના પ્રમાણથી જ સર્વ પ્રાણાતિપાતની નિવૃત્તિની સિદ્ધિ થાય છે. આગમના "હે ભગવંત ! હું સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું." ઇત્યાદિ વચન પ્રમાણરૂપ છે.

આગમની પણ વિષયરહિત પ્રવૃત્તિ દુષ્ટ જ છે, અર્થાત્ આગમમાં કહ્યું હોય તો પણ જે પ્રવૃત્તિનો કોઇ વિષય ન હોય=જે પ્રવૃત્તિથી કોઇ ફળ ન મળતું હોય તે પ્રવૃત્તિ દુષ્ટ છે એવી પૂર્વપક્ષની આશંકા કરીને ગ્રંથકાર કહે છે– સર્વ વધનિવૃત્તિમાં અશુભ આશયનો ત્યાગ થાય છે એથી સર્વ વધનિવૃત્તિ દોષરહિત છે. (**अन्तःकरणादिसंभवा०**=)

અંતઃકરણ આદિથી વધનો સંભવ પણ સર્વ વધનિવૃત્તિનું આલંબન છે. અંતઃકરણ આદિથી વધનો સંભવ છે તે હવે પછી (૨૫૪-૨૫૫ ગાથાઓમાં) કહેશે. (૨૪૩)

आवडियाकरणं पि हु, न अप्पमायाओ नियमओ अन्नं ।
अन्नत्ते तब्भावे, वि हंत विहला तई होइ ॥ २४४ ॥

[आपतिताकरणमपि नैवाप्रमादान्नियमतो ऽन्यत् ।
अन्यत्वे तद्भावे ऽपि हन्त विफला तका भवति ॥ २४४ ॥]

आपतिताकरणमपि पूर्वपक्षवाद्युपन्यस्तं **नाप्रमादान्नियमतोऽन्यत्** अपि त्वप्रमाद एव तदिति । **अन्यत्वे** ऽप्रमादादर्थान्तरत्वे आपतिताकरणस्य **तद्भावे ऽप्य**प्रमादभावे ऽपि **हन्त विफलासौ** निवृत्तिर्**भवति** इष्यते चाविप्रतिपत्त्या अप्रमत्ततायां फलमिति ॥ २४४ ॥

ગાથાર્થ– ટીકાર્થ– પૂર્વપક્ષવાદીએ પૂર્વે (૨૩૫મી ગાથામાં) કહેલું આપતિત અકરણ પણ (=મારી શકાય તેવા જીવોને મારવાનો પ્રસંગ આવી જાય તો પણ ન મારવા એ પણ) અપ્રમાદથી ભિન્ન નથી જ, કિંતુ અપ્રમાદ જ છે. જો આપતિત-અકરણ અપ્રમાદથી ભિન્ન હોય=પ્રમાદ હોય તો અપ્રમાદની વિદ્યમાનતામાં પણ વધનિવૃત્તિ નિષ્ફળ છે. કારણ કે કોઈ જાતના વિવાદ વિના અપ્રમત્તતામાં ફળ ઇચ્છાય છે. (આનો અર્થ એ થયો કે હિંસા ન થાય તો પણ પ્રમાદ હોય તો વધનિવૃત્તિનું ફળ ન મળે, અને હિંસા થાય તો પણ અપ્રમાદ હોય તો વધનિવૃત્તિનું ફળ મળે. આમ અહીં અપ્રમાદની મુખ્યતા છે અને જેનો વધ શક્ય નથી તે જીવો સંબંધી પણ અપ્રમાદભાવનો સંભવ છે. આથી સર્વસામાન્ય બધા જ ત્રસ જીવો સંબંધી વધનિવૃત્તિ કરવી એ જ યોગ્ય છે.) (૨૪૪)

अह परपीडाकरणे, ईसिंवहसत्तिविप्फुरणभावे ।
जो तीइ निरोहो खलु, आवडियाकरणमेयं तु ॥ २४५ ॥

[अथ परपीडाकरणे ईषद्वधशक्तिविस्फुरणभावे ।
यः तस्याः निरोधः खलु आपतिताकरणमेतदेव ॥ २४५ ॥]

अथैवं मन्येत परः **परपीडाकरणे** व्यापाद्यपीडासंपादने सति **ईषद्वध-शक्तिविस्फुरणभावे** व्यापादकस्य मनाग्वधसामर्थ्यविजृम्भणसत्तायां सत्यां **यस्तस्याः** शक्तेर्**निरोधो** दुष्करतर **आपतिताकरणमेतदेवेति** ॥ २४५ ॥

ગાથાર્થ– ટીકાર્થ– હવે જો વાદી એમ માને કે, વધ્યને પીડા કરવાથી વધકના વધસામર્થ્યનો કંઇક ખ્યાલ આવે છે. એ શક્તિનો અતિશય દુષ્કર એવો નિરોધ કરવો એ જ આપતિત-અકરણ છે. (૨૪૫)

एतदाशङ्क्याह–

विहिउत्तरमेवेयं, अणेण सत्ती उ कज्जगम्मत्ति ।
विप्फुरणं पि हु तीए, बुहाण नो बहुमयं लोए ॥ २४६ ॥

[विहितोत्तरमेवेदं अनेन शक्तिस्तु कार्यगम्येति ।
विस्फुरणमपि तस्या एव बुधानां न बहुमतं लोके ॥ २४६ ॥]

विहितोत्तरमेवेदं केनेति अत्राह– **अनेन शक्तिस्तु कार्यगम्येति** (२४२) **विस्फुरणमपि तस्याः** शक्तेर्**बुधानां न बहुमतं लोके** मरणाभावे ऽपि परपीडाकरणे बन्धादिति ॥ २४६ ॥

વાદીની આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– આનો ઉત્તર "શક્તિ કાર્યથી જાણી શકાય છે" (ગાથા ૨૩૯-૨૪૨) ઇત્યાદિથી આપી જ દીધો છે. આ રીતે શક્તિનો ખ્યાલ આવે એ પણ લોકમાં બુધજનોને પ્રશંસનીય નથી. કારણ કે મરણ ન થવા છતાં પરને પીડા કરવામા કર્મબંધ થાય છે. (૨૪૬)

एवं च जा निवित्ती, सा चेव वहो ऽहवावि वहहेऊ ।
विसओ वि सु च्चिय फुडं, अणुबंधा होइ नायव्वा ॥ २४७ ॥

[एवं च या अनिवृत्तिः सैव वधो ऽथवापि वधहेतुः ।
विषयो ऽपि सैव स्फुटं अनुबन्धात् भवति ज्ञातव्या ॥ २४७ ॥]

एवं च व्यवस्थिते सति, **या अनिवृत्तिः सैव वधो** निश्चयतः प्रमादरूपत्वात्, **अथवापि वधहेतुर**निवृत्तितो वधप्रवृत्तेः **विषयो ऽपि** वस्तुतो गोचरो ऽपि **सैवा**निवृत्तिर्वधस्य **स्फुटं** व्यक्तं **अनुबन्धात्**प्रवृत्त्यध्यवसायानुपरमलक्षणा**द्भवति ज्ञातव्या** । अस्या एव वधसाधकत्वप्राधान्यख्यापनार्थं हेतुविषयाभिधानमदुष्टमेवेति ॥ २४७ ॥

ગાથાર્થ– ટીકાર્થ– આ પ્રમાણે અનિવૃત્તિ એ જ વધ છે. કારણ કે નિશ્ચયનયથી અનિવૃત્તિ પ્રમાદરૂપ છે. અનિવૃત્તિ એ જ વધનો હેતુ છે. કારણ કે નિવૃત્તિ ન કરવાથી વધમાં પ્રવૃત્તિ થાય. પરમાર્થથી અનિવૃત્તિ

એ જ વધનો વિષય પણ છે. કારણ કે અનિવૃત્તિથી અનુબંધ થાય છે=વધ પ્રવૃત્તિના અધ્યવસાયો સતત રહે છે. આ સ્પષ્ટ છે.

અનિવૃત્તિ જ વધનું મુખ્ય કારણ છે એ જણાવવા માટે હેતુ અને વિષયનું કથન નિર્દોષ જ છે. (૨૪૭)

અમુમેવાર્થં સમર્થયન્નાહ–

हिंसाइपायगाओ, अप्पडिविरयस्स अत्थि अणुबंधो ।
अत्तो अणिवत्तीओ, कुलाइवेरं व नियमेण ॥ २४८ ॥

[हिंसादिपातकात् अप्रतिविरतस्य अस्त्यनुबन्धः ।
अतः अनिवृत्तेः कुलादिवैरवत् नियमेन ॥ २४८ ॥]

हिंसादिपातकादादिशब्दात् मृषावादादिपरिग्रहः **अप्रतिविरतस्या**निवृत्तस्यास्त्यनुबन्धः प्रवृत्त्यध्यवसायानुपरमलक्षणः उपपत्तिमाह– **अत एवानिवृत्तेः** प्रवृत्तेः **कुलादिवैरवन्नियमेना**वश्यंतयेति ॥ २४८ ॥

આ જ અર્થનું સમર્થન કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– હિંસાદિ પાપથી વિરામ નહિ પામેલા જીવને આ જ અનિવૃત્તિથી અવશ્ય કુલાદિ વૈરની જેમ અનુબંધ થાય છે.

ટીકાર્થ– હિંસાદિ એ સ્થળે આદિ શબ્દથી મૃષાવાદ વગેરેનું ગ્રહણ કરવું.

અનુબંધ=વધપ્રવૃત્તિના અધ્યવસાયનું સતત રહેવું.

अनिवृत्तेः प्रवृत्तेः એટલે અનિવૃત્તિની પ્રવૃત્તિથી એવો શબ્દાર્થ છે. ભાવાર્થ તો ગાથાર્થમાં લખ્યા પ્રમાણે જ છે. (૨૪૮)

दृष्टान्तं व्याचिख्यासुराह–

जेसि मिहो कुलवेरं, अप्पडिविरईउ तेसिमन्नोन्नं ।
वहकिरियाभावंमि वि, न तं सयं चेव उवसमइ ॥ २४९ ॥

[येषां मिथः कुलवैरं अप्रतिविरतेः तेषामन्योऽन्यम् ।
वधक्रियाभावे ऽपि न तत्स्वयमेवोपशाम्यति ॥ २४९ ॥]

येषां पुरुषाणां **मिथः** परस्परं **कुलवैरम**न्वयासंखडं **अप्रतिविरतेः** कारणात् **तेषां अन्योन्यं** परस्परं **वधक्रियाभावे ऽपि** सति **न तत्स्वयमेवोपशाम्यति** किं तूपशमितं सदिति ॥ २४९ ॥

દૃષ્ટાંતનું જ વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જેમને પરસ્પર કુલવૈર છે=વંશકલહ છે, તેઓમાં પરસ્પર વધક્રિયા ન થાય તો પણ કુલવૈરથી વિરામ ન પામે તો વૈર સ્વયમેવ ઉપશાંત થતું નથી, કિંતુ ઉપશાંત કરેલું જ ઉપશાંત થાય છે. (૨૪૯)

तत्तो य तन्निमित्तं, इह बंधणमाइ जह तहा बंधो ।
सव्वेसु नाभिसंधी, जह तेसुं तस्स तो नत्थि ॥ २५० ॥

[ततश्च तन्निमित्तं इह बन्धनादि यथा तथा बन्धः ।
सर्वेषु न अभिसंधिः यथा तेषु तस्य ततो नास्ति ॥ २५० ॥]

ततश्च तस्मादनुपशमात् **तन्निमित्तं** वैरनिबन्धनमिह **बन्धनादि** बन्धवधादि **यथा** भवति तेषां, **तथेतरेषामनिवृत्तानां तन्निबन्धनो बन्ध** इति अत्राह– **सर्वेषु** प्राणिषु **नाभिसंधिर्व्यापादनपरिणामो यथा तेषु** द्रङ्गनिवासिषु वैरवत इति **तस्य** प्रत्याख्यातुस्ततो **नास्ति** बन्धः इति । तथाहि– ते ऽपि न यथादर्शनमेव प्राणिनां बन्धादि कुर्वन्ति किन्तु वैरिद्रङ्गनिवासिनामेव । एवं प्रत्याख्यातुरपि न सर्वेषु वधाभिसंधिरिति तद्विषये बन्धाभाव इति ॥ २५० ॥

ગાથાર્થ– ટીકાર્થ– વૈર ઉપશાંત ન થવાના કારણે અહીં બંધ-વધ વગેરે જેવી રીતે થાય તે રીતે નિવૃત્ત ન થયેલા જીવોને અનિવૃત્તિના કારણે કર્મબંધ થાય.

અહીં વાદી કહે છે– જેવી રીતે વૈરવાળા માણસને દ્રંગનગર નિવાસી બધા માણસો ઉપર વૈર ન હોય તે રીતે પ્રત્યાખ્યાન કરનારને સર્વ જીવોમાં વધપરિણામ ન હોય=સર્વ જીવોને મારવાના પરિણામ ન હોય. તે આ પ્રમાણે– વૈરીઓ પણ જે કોઇ પ્રાણીને જુએ તે બધાને બંધ (=બાંધવું) વગેરે કરતા નથી, કિંતુ દ્રંગનિવાસી વૈરીઓને બંધ વગેરે કરે છે. એ રીતે પ્રત્યાખ્યાન કરનારમાં સર્વ જીવોનો વધ કરવાનો પરિણામ નથી. માટે સર્વજીવવધ સંબંધી કર્મબંધ ન થાય. (૨૫૦)

एतदाशङ्क्याह–

अत्थि च्चिय अभिसंधी, अविसेसपवित्तिओ जहा तेसु ।
अपवित्तीइ अणिवित्तिजो उ तेसिं व दोसो उ ॥ २५१ ॥

[अस्त्येवाभिसंधिरविशेषप्रवृत्तितः यथा तेषु ।
अप्रवृत्तावपि अनिवृत्तिज एव तेषां दोष एव ॥ २५१ ॥]

अस्त्येवाभिसंधिरनन्तरोदितलक्षणः सर्वेषु कुतो **ऽविशेषप्रवृत्तितः** सामान्येन वधप्रवृत्तेः **यथा तेषु** रिपुद्रङ्गनिवासिषु वैरवतः ततश्चाप्रवृत्तावपि वधे **अनिवृत्तिज एव तेषा**मिव वैरवतां **दोष** एवमनिवृत्तस्य गर्भार्थो भावित **एवे**ति ॥ ૨૫૧ ॥

વાદીની આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સર્વ જીવોના વધનો પરિણામ છે જ. કારણ કે સામાન્યથી વધપ્રવૃત્તિ થાય છે. જેમ કે, વૈરવાળાને દ્રંગનિવાસી સર્વ શત્રુઓમાં વૈર હોય છે. તેથી વૈરવાળાઓની વધમાં પ્રવૃત્તિ ન થવા છતાં વૈરવાળાઓને વૈરની અનિવૃત્તિથી જ થનારો દોષ છે જ. તેવી રીતે પ્રસ્તુતમાં વધમાં પ્રવૃત્તિ ન થવા છતાં અનિવૃત્તિથી થનારો દોષ છે જ. આ પ્રમાણે વધથી અનિવૃત્તના રહસ્યાર્થની ભાવના કરી જ છે. (૨૫૧)

अदृष्टान्त एवायं सर्वसत्त्वैर्वैरासंभवादिति आशङ्क्याह–

सव्वेसि विराहणओ, परिभोगाओ य हंत वेराई ।
सिद्धा अणाइनिहणो, जं संसारो विचित्तो य ॥ ૨૫૨ ॥

[सर्वेषां विराधनात् परिभोगाच्च हन्त वैरादयः ।
सिद्धाः अनादिनिधनो यत् संसारो विचित्रश्च ॥ ૨૫૨ ॥]

सर्वेषां प्राणिनां **विराधनात्** तेन तेन प्रकारेण **परिभोगाच्च** स्रक्चन्दनोपकरणत्वेन **हन्त वैरादयः सिद्धाः** हन्त संप्रेषणे स्थानान्तरप्रापणे सति वैरोन्माथकादयः कूटयन्त्रकादयः प्रतिष्ठिताः सर्वसत्त्वविषया इति। उपपत्त्यन्तरमाह– **अनादिनिधनो यत्संसारो विचित्रश्चा**तो युज्यते सर्वमेतदिति ॥ ૨૫૨ ॥

બધા જીવોની સાથે વૈરનો સંભવ ન હોવાથી આ દૃષ્ટાંત બરોબર નથી આવી આશંકા કરીને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સર્વ જીવોને તે તે રીતે દુઃખ આપવાથી અને સર્વ જીવોનો માળા-ચંદન વગેરે ઉપકરણરૂપે પરિભોગ કરવાથી વૈર વગેરે સિદ્ધ છે. એક સ્થાનથી બીજા સ્થાનની પ્રાપ્તિ થયે છતે સર્વ જીવો સંબંધી વૈર, (માછલા વગેરે પકડવાની) જાળ, પશુ પક્ષીઓને ફસાવવાના કૂટ યંત્રો વગેરે પ્રસિદ્ધ છે, અર્થાત્ જાળ અને કૂટયંત્રો આદિ દ્વારા સર્વ જીવોને દુઃખ આપ્યું છે. અહીં બીજી યુક્તિને કહે છે– સંસાર અનાદિ-અનંત છે અને વિચિત્ર છે. એથી આ બધું ઘટે છે.

[સર્વ જીવોને તે તે રીતે દુઃખ આપવાથી અને સર્વ જીવોનો માળા-ચંદન વગેરે ઉપકરણરૂપે પરિભોગ કરવાથી વૈર વગેરે સિદ્ધ છે— દરેક જીવે પોતાના સુખ માટે અપ્કાયને સચિત્ત પાણીને પીવા-ઉકાળવા વગેરેથી, પૃથ્વીકાયને સચિત્ત પૃથ્વીને ખેડવા વગેરેથી, તેઉકાયને અન્ન રાંધવા વગેરેથી, વાયુકાયને પંખાની હવાનો ઉપયોગ કરવા વગેરેથી, વનસ્પતિકાયને રાંધવા વગેરેથી, વિકલેંદ્રિય જીવને ખેતી આદિ આરંભ-સમારંભમાં મારવા વગેરેથી, પંચેંદ્રિય જીવોને માંસાહાર આદિ માટે વધ કરવાથી કે બળદ વગેરેને મારવા વગેરેથી સર્વ જીવોને દુઃખ આપ્યું છે. વ્યવહારરાશિમાં આવેલા દરેક જીવનો વ્યવહાર રાશિમાં આવેલા દરેક જીવની સાથે અનંતવાર સંબંધ થયો છે. તેમાં માળા-ચંદન વગેરે ઉપકરણરૂપે સર્વ જીવોનો પરિભોગ કર્યો છે અને તે તે રીતે દુઃખ આપ્યું છે. આથી વૈર વગેરે સિદ્ધ છે.

સર્વ જીવો પોતાના સ્વાર્થમાં જ રમે છે. એથી નિમિત્ત મળતાં જ પોતાના સ્વાર્થ માટે બીજાને દુઃખ આપે છે, બીજાની સાથે વૈર-વિરોધ કરે છે. દા.ત. વૃક્ષમાં રહેલો જીવ આજે કોઈને દુઃખ આપતો નથી, બલ્કે ઘણું સહન કરે છે. પણ એ જ જીવ પંચેંદ્રિય બને ત્યારે પોતાના સ્વાર્થ માટે બીજાને દુઃખ આપે છે. સિંહ બને તો બીજાને મારી નાખે. મનુષ્ય બને તો માછલા વગેરેને મારે. પોતાના બંધુઓ વગેરેની સાથે વૈર-વિરોધ કરે. જે બે બંધુઓમાં આજે અત્યંત પ્રેમ છે તે જ બે બંધુઓમાં સમય જતાં એક-બીજાનો સ્વાર્થ હણાય ત્યારે વૈર થાય છે, એટલું જ નહિ પણ એક-બીજાને મારી નાખે છે.

આનો અર્થ એ થયો કે જીવોમાં પોતાના સ્વાર્થના કારણે સર્વ જીવોની સાથે વૈર-વિરોધ કરવાની અને દુઃખ આપવાની વૃત્તિ પડેલી હોય છે. પણ સંયોગો ન મળવાના કારણે દબાયેલી પડી હોય છે. તેવા સંયોગો અને તેવા નિમિત્તો મળતાં જ એ વૃત્તિઓ પ્રગટ થાય છે. આથી ગ્રંથકારે કરેલી "સર્વ જીવોની સાથે વૈર વગેરે સિદ્ધ છે" એ વાત બહુ જ સુંદર છે, અને યુક્તિયુક્ત છે. અનાદિ-અનંત આ સંસારમાં આ બધું ઘટે છે. એમાં જરાય સંદેહ રાખવા જેવો નથી. આથી જ વધવૃત્તિ પણ જીવમાં અનાદિકાળથી પડેલી છે. માટે વધનિવૃત્તિ ન કરે તો વધ ન કરવા છતાં પાપ લાગે.] (૨૫૨)

उपसंहरन्नाह–

ता बंधमणिच्छंतो, कुज्जा सावज्जजोगविनिवित्तिं ।
अविसयअनिवित्तीए, सुहभावा दढयरं स भवे ॥ २५३ ॥

[तस्मात् बन्धमनिच्छन् कुर्यात् सावद्ययोगनिवृत्तिम् ।
अविषयानिवृत्त्या अशुभभावात् दृढतरं स भवेत् ॥ २५३ ॥]

यस्मादेवं **तस्माद्बन्धमनिच्छन्नात्मनः** कर्मणां **कुर्यात्सावद्ययोगविनिवृत्ति-मोघतः** सपापव्यापारनिवृत्तिमित्यर्थः **अविषयानिवृत्त्या** नारकादिवधाभावे ऽपि तदनिवृत्त्या **अशुभभावादविषये** पि वधविरतिं न करोतीत्यशुभो भावस्तस्मात् **दृढतरं** सुतरां **स भवेद्** बन्धो भावप्रधानत्वात्तस्येति ॥ २५३ ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– તેથી પોતાના કર્મબંધને નહિ ઇચ્છતા જીવે સાવદ્યયોગની નિવૃત્તિને (=[1]સામાન્યથી પાપવાળા વ્યાપારની નિવૃત્તિને) કરવી જોઇએ. અવિષયની અનિવૃત્તિના કારણે અશુભભાવથી સુતરાં બંધ થાય. કારણ કે બંધમાં ભાવ મુખ્ય છે.

અવિષયની અનિવૃત્તિ એટલે પોતે નારકો વગેરે જે જીવોને મારી શકે તેમ નથી તેવા જીવોને મારવાની નિવૃત્તિ ન કરવી. પોતે જે જીવોને મારી શકે તેમ નથી તેવા જીવોને પણ મારવાની નિવૃત્તિ નથી કરતો એથી જ એનામાં અશુભ ભાવ છે એ નિશ્ચિત થાય છે. આ અશુભભાવના કારણે નારક વગેરે જીવોને ન મારવા છતાં તેને અશુભ કર્મબંધ થાય. કારણ કે બંધમાં [2]ભાવની મુખ્યતા છે. (૨૫૩)

इत्तो य इमा जुत्ता, जोगतिगनिबन्धणा पवित्तीओ ।
जं ता इमीइ विसओ, सव्वु च्चिय होइ विन्नेओ ॥ २५४ ॥

[इतश्चेयं युक्ता योगत्रिकनिबन्धना प्रवृत्तिः ।
यद् अस्याः विषयः सर्व एव भवति विज्ञेयः ॥ २५४ ॥]

---

१. पूर्वे (गा. २૩५માં) वादीએ કહ્યું હતું કે જે જીવોના વધનો સંભવ છે તે જીવોના વધની નિવૃત્તિ યોગ્ય છે, અસંભવની નહિ. આથી અહીં 'सामान्यथी' એમ કહ્યું છે. સામાન્યથી એટલે સંભવ-અસંભવ એવો ભેદ પાડ્યા વિના સામાન્યથી.

२. **अशुभपरिणाम एव हि प्रधानं बन्धकारणं, तदङ्गतया तु बाह्यम् । तदङ्गतया तु=अशुभपरिणामकारणतया, बाह्यम्=अन्तःपुरादि** (ध.बिं. अ-७ सू-३)

इतश्चेयं निवृत्तिर्युक्ता **योगत्रिकनिबन्धना** मनोवाक्काययोगपूर्विका **प्रवृत्तिर्यद्** यस्मादस्या अनिवृत्तेर्**विषयः सर्व एव भवति विज्ञेयः** पाठान्तरं योगत्रिकनिबन्धना निवृत्तिर्यस्मात्संगतार्थमेवेति ॥ ૨૫૪ ॥

ગાથાર્થ– આથી નિવૃત્તિયુક્ત છે. પ્રવૃત્તિ મન-વચન-કાયાથી થાય છે. તેથી સઘળા ય જીવો અનિવૃત્તિના વિષય જાણવા.

ટીકાર્થ– જીવ કોઈ પણ પ્રવૃત્તિ મન-વચન-કાયાથી કરે છે. વધ પણ મન-વચન-કાયાથી કરે છે. આથી સઘળા ય જીવો અનિવૃત્તિનો વિષય છે. (આનાથી ગ્રંથકાર એ કહેવા માગે છે કે નરક વગેરેના જીવોનો કાયાથી ભલે વધ ન કરી શકાય, પણ મન-વચનથી તો કરી શકાય. માટે જ સર્વ જીવોના વધની મન-વચન-કાયાથી નિવૃત્તિ કરવી જોઈએ.)

અહીં ટીકાકાર મૂળ ગાથાના પૂર્વાર્ધમાં **પ્રવૃત્તિ** શબ્દના સ્થાને **નિવૃત્તિ** એવો પાઠાંતર જણાવે છે. એ પાઠાંતર પ્રમાણે ગાથાનો અર્થ આ પ્રમાણે છે– આથી નિવૃત્તિ યુક્ત છે. મન-વચન-કાયાથી નિવૃત્તિ થાય છે. તેથી નિવૃત્તિનો વિષય સઘળા ય જીવો જાણવા. (૨૫૪)

तथा चाह–

किं चिंतेइ न मणसा, किं वायाए न जंपए पावं ।
न य इत्तो वि न बंधो, ता विरई सव्वहा कुज्जा ॥ ૨૫૫ ॥

[किं चिन्तयति न मनसा किं वाचा न जल्पति पापम् ।
न चेतो ऽपि न बन्धः तस्माद्विरतिं सर्वथा कुर्यात् ॥ ૨૫૫ ॥]

किं चिन्तयति न मनसा अनिरुद्धत्वात्सर्वत्राप्रतिहतत्वात् तस्य **किं वाचा न जल्पति पापं** तस्या अपि प्रायोऽनिरुद्धत्वादिति **न चातो ऽपि** योगद्वयव्यापारान्न **बन्धः** ? किन्तु बन्ध एव, यस्मादेवं **तत्** तस्माद् **विरतिं सर्वथा कुर्यात्** अविशेषेण कुर्यादित्यर्थः ॥ ૨૫૫ ॥

તે પ્રમાણે (જીવો ત્રણ યોગથી પાપ કરે છે એ પ્રમાણે) કહે છે–

ગાથાર્થ– શું જીવ મનથી પાપ ચિંતવતો નથી ? શું વાણીથી પાપ બોલતો નથી ? આનાથી પણ બંધ નથી થતો એમ નથી. માટે વિરતિ સર્વથા કરવી જોઈએ.

ટીકાર્થ– જીવ મનથી પાપ ચિંતવે છે. કારણ કે મનને ક્યાંય રોકી

शકાતું નથી. જીવ વચનથી પણ પાપ બોલે છે. કારણ કે વાણી પણ પ્રાયઃ રોકી શકાતી નથી.

આ બે યોગોના વ્યાપારથી પણ અવશ્ય બંધ થાય છે. તેથી (સંભવ અસંભવ ઇત્યાદિ ભેદ વિના) સામાન્યથી જ વિરતિ કરવી જોઇએ. (૨૫૫)

एवं मिच्छादंसणवियप्पवसओ ऽसमञ्जसं केई ।
जंपंति जं पि अन्नं, तं पि असारं मुणेयव्वं ॥ २५६ ॥

[एवं मिथ्यादर्शनविकल्पवशतः असमञ्जसं केचित् ।
जल्पन्ति यदपि अन्यत् तदपि असारं मुणितव्यम् ॥ २५६ ॥]

एवमुक्तप्रकारं मिथ्यादर्शनविकल्पसामर्थ्येन असमञ्जसमघटमानकं केचन कुवादिनो **जल्पन्ति यदप्यन्यत्** किञ्चित्तदप्यसारं **मुणितव्यमुक्त**-न्यायानुसारत एवेति । उक्तमानुषङ्गिकम् ॥ २५६ ॥

गाथार्थ– આ પ્રમાણે કોઇક વાદીઓ મિથ્યાદર્શનના કારણે ઉત્પન્ન થયેલા વિકલ્પોના બળથી ન ઘટે તેવું બોલે છે. આ સિવાય બીજું પણ જે કંઇ તેઓ બોલે છે તે પણ ઉક્ત (=વિવિધ વાદસ્થાનોમાં જણાવેલી) નીતિ પ્રમાણે જ અસાર જાણવું. (૨૫૬)

અધુના પ્રકૃતમાહ–

पडिवज्जिऊण य वयं, तस्सइयारे जहाविहिं नाउं ।
संपुन्नपालणट्ठा, परिहरियव्वा पयत्तेणं ॥ २५७ ॥

[प्रतिपद्य च व्रतं तस्यातिचारा यथाविधि ज्ञात्वा ।
संपूर्णपालनार्थं परिहर्तव्याः प्रयत्नेन ॥ २५७ ॥]

प्रतिपद्य चाङ्गीकृत्य च व्रतं तस्य व्रतस्य**अतिचारा** अतिक्रमणहेतवो **यथाविधि** यथाप्रकारं **ज्ञात्वा परिहर्तव्याः** सर्वैः प्रकारैर्वर्जनीयाः **प्रयत्नेने**ति योगः, किमर्थं ? **संपूर्णपालनार्थं** न ह्यतिचारवतः संपूर्णा तत्पालना, तद्भावे तत्खण्डनादिप्रसङ्गादिति ॥ २५७ ॥

આનુષંગિક કહ્યું. હવે પ્રસ્તુતને કહે છે–

गाथार्थ– વ્રતને સ્વીકારીને તેના અતિચારોને યથાપ્રકાર જાણીને સંપૂર્ણ પાલન માટે પ્રયત્નથી સર્વ પ્રકારોથી અતિચારો તજવા જોઇએ.

ટીકાર્થ– યથાપ્રકાર જાણીને=જે વ્રતમાં જેટલા અતિચારો છે તેટલા અતિચારોને જાણીને. અથવા કેવી રીતે અતિચાર થાય તે જાણીને.

અતિચાર=આંશિક વ્રતખંડનના હેતુઓ.

સર્વ પ્રકારોથી=જે વ્રતના જેટલા પ્રકારના અતિચારો હોય તે બધા પ્રકારોથી.

અતિચારવાળાને વ્રતનું સંપૂર્ણ પાલન ન થાય. કારણ કે અતિચારમાં વ્રતનું ખંડન આદિ થાય. તેથી વ્રતનું સંપૂર્ણ પાલન કરવા માટે પ્રયત્નથી અતિચારોનો ત્યાગ કરવો જોઈએ. (૨૫૭)

તથા ચાહ–

बंधवहछविच्छेए, अइभारे भत्तपाणवुच्छेए ।
कोहाइदूसियमणो, गोमणुयाईण नो कुज्जा ॥ २५८ ॥

[बन्धवधछविच्छेदान् अतिभारं भक्तपानव्यवच्छेदम् ।
क्रोधादिदूषितमनाः गोमनुष्यादीनां न कुर्यात् ॥ २५८ ॥]

तत्र बन्धनं **बन्धः** संयमनं रज्जुदामनकादिभिः ।१। हननं **वधस्ताडनं** कषादिभिः ।२। **छविः** शरीरं तस्य **छेदः** पाटनं करपत्रादिभिः ।३। भरणं भारः अतिभरणं **अतिभारः** प्रभूतस्य पूगफलादेः स्कन्धपृष्ठारोपणमित्यर्थः ।४। **भक्तमशनमोदनादि पानं** पेयमुदकादि तस्य **व्यवच्छेदो** निरोधः अदानमित्यर्थः ।५। एतान्समाचरन्नतिचरति प्रथमाणुव्रतम्, एतान् **क्रोधादिदूषितमना न कुर्यादिति** अनेनापवादमाह अन्यथाकरणेऽप्रतिषेधावगमात् ॥

तदत्रायं पूर्वाचार्योक्तविधिः– बंधो दुविहो दुपयाणं चउप्पयाणं च अट्ठाए अणट्ठाए, अणट्ठाए न वट्टए बंधिउं, अट्ठाए दुविहो सावेक्खो निरवेक्खो य, निरवेक्खो निच्चलं धणियं जं बंधइ, सावेक्खो जं दामगंठिणा जं च सक्केइ पलिवणगादिसु मुंचिउं छिंदिउं वा, ण संसरपासएणं बंधेयव्वं, एयं ताव चउप्पयाणं, दुपयाणंपि दासो दासी वा चोरो वा पुत्तो वा ण पढंतगाइ जइ बज्झन्ति तो सावेक्खा बंधेयव्वा रक्खियव्वा य जहा अग्गिभयादिसु ण विणस्संति, ताणि किर दुपयचउप्पयाणि सावगेणं गेह्वियव्वाणि जाणि अबद्धाणि चेव अच्छंति । वहो वि तह चेव । वहो नाम तालणं, अणट्ठाए णिरवेक्खो निद्दयं तालेइ, सावेक्खो पुण पुव्वमेव भीयपरिसेण होयव्वं जइ न करेज्जं तो मम्मं मोत्तुं ताहे लयाए दोरेण वा एक्कं दो तिन्नि वा वारे

તાલેઇ । છવિચ્છેઓ અણટ્ઠાએ તહેવ, ણિરવેક્ખો હત્થપાયકન્નહોટ્ઠણક્કાઇ નિદ્દયાએ છિંદઇ, સાવેક્ખો ગંડં વા અરઇયં વા છિંદેજ્જ વા દહેજ્જ વા । અઇભારો ણ આરોવેયવ્વો, પુવ્વિ ચેવ જા વાહણાએ જીવિયા સા મુત્તવ્વા, ન હોજ્જ અન્ના જીવિયા તાહે દુપદો જં સયં ચેવ ઉક્ખિવઇ ઉત્તારેઇ વા ભારં એવં વહાવિજ્જઇ, બઇલ્લાણં જહા સાભાવિયાઓ વિ ભારાઓ ઊણઓ કીરઇ, હલસગડેસુ વિ વેલાએ ચેવ મુંચઇ, આસહત્થીસુ વિ એસ ચેવ વિહી। ભત્તપાણઓચ્છઓ ણ કસ્સઇ કાયવ્વો તિક્ખચ્છુહો મા મરેજ્જ, તહેવ અણટ્ઠાએ દોસા પરિહરેજ્જા, સાવેક્ખો પુણ રોગનિમિત્તં વા વાયાએ વા ભણેજ્જા અજ્જં ણ તે દેમિત્તિ, સંતિણિમિત્તં વા ઉવવાસં કારાવેજ્જા, સવ્વત્થ વિ જયણા, જહા થૂલગપાણાઇવાયસ્સ અઇયારો ન ભવઇ તહા પયઇવ્વંતિ ॥ ૨૫૮ ॥

પહેલા અણુવ્રતના અતિચારોને કહે છે—

ગાથાર્થ— બળદ-મનુષ્ય આદિના બંધ, વધ, છવિચ્છેદ, અતિભાર અને ભક્તપાન વિચ્છેદ ક્રોધાદિથી દૂષિત મનવાળો થઈને ન કરે.

ટીકાર્થ— બંધ-દોરડી-દોરડા આદિથી બાંધવું. **વધ**=ચાબુક આદિથી મારવું. **છવિચ્છેદ**=છવિ એટલે શરીર, તેનો છેદ કરવો અર્થાત્ કરવત આદિથી શરીરના અંગોને કાપવાં.

અતિભાર=શક્તિથી અધિક સોપારી વગેરેનો ભાર ખાંધ-પીઠ ઉપર મૂકવો.

ભક્તપાન વિચ્છેદ=ભક્ત એટલે ભાત વગેરે આહાર. પાન એટલે પાણી વગેરે પીવા યોગ્ય વસ્તુ. તેનો વિચ્છેદ કરવો અર્થાત્ ન આપવું તે ભક્ત-પાન વિચ્છેદ.

આ દોષોને સેવતો જીવ પ્રથમ અણુવ્રતનું ઉલ્લંઘન કરે છે. આ દોષોને ક્રોધાદિથી દૂષિત મનવાળો થઈને ન કરે એમ કહેવાથી અપવાદને કહે છે— બીજી રીતે કરવામાં નિષેધ જાણ્યો નથી.

અહીં પૂર્વાચાર્યોએ કહેલ વિધિ આ પ્રમાણે છે— **બંધ—** બે પગા કે ચારપગા પ્રાણીઓનો બંધ સકારણ અને નિષ્કારણ એમ બે પ્રકારે છે. તેમાં નિષ્કારણ બંધ કરવો યોગ્ય નથી. સકારણ બંધ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે. નિર્દય બનીને અતિશય મજબૂત બાંધવામાં આવે તે નિરપેક્ષ બંધ. આગ વગેરેના પ્રસંગે છોડી શકાય કે છેદી શકાય તેવી રીતે દોરીની ગાંઠ આદિથી બાંધવું તે સાપેક્ષબંધ. ચોપગા પ્રાણીના બંધની

હકીકત કહી. બે પગા (મનુષ્ય) પ્રાણીના બંધની હકીકત પણ એ પ્રમાણે જાણવી. અર્થાત્ દાસ-દાસી, ચોર કે ભણવામાં પ્રમાદી પુત્ર વગેરેને જો બાંધવાની જરૂર પડે તો તે ચાલી શકે-ખસી શકે કે અવસરે છૂટી શકે તે રીતે (ઢીલા બંધનથી) બાંધવું કે જેથી આગ વગેરેના પ્રસંગે તેનું મૃત્યુ ન થાય. શ્રાવકે બાંધ્યા વિના જ રાખી શકાય તેવા જ બેપગા અને ચોપગા પ્રાણી રાખવા જોઈએ.

વધ– વધમાં પણ બંધની જેમ જાણવું. તેમાં નિષ્કારણ નિરપેક્ષ વધ એટલે કારણ વિના નિર્દયપણે મારવું. સાપેક્ષ વધ અંગે એવો વિધિ છે કે શ્રાવકે ભીતપર્ષદ્ બનવું જોઈએ. જેથી પુત્રાદિ પરિવાર અવિનય વગેરે ન કરે, અને મારવાનો પ્રસંગ જ ન આવે. છતાં કોઈ અવિનય વગેરે કરે એથી મારવાનો પ્રસંગ આવે તો મર્મસ્થાનોને છોડીને લાત કે દોરીથી એક બે વાર મારવું.

છવિચ્છેદ– છવિચ્છેદ અંગે પણ બંધની જેમ જાણવું. નિર્દયપણે હાથ, પગ, કાન, નાક વગેરેનો છેદ કરવો એ નિરપેક્ષ છવિચ્છેદ છે. શરીરમાં થયેલ ગુમડું, ઘા-ચાંદી વગેરેને કાપી નાખવું કે બાળી નાખવું વગેરે સાપેક્ષ છવિચ્છેદ છે.

અતિભાર– શ્રાવકે પશુ આદિ ઉપર તે ન ઉપાડી શકે તેટલો ભાર ન મૂકવો જોઈએ. શ્રાવકે પ્રાણી ઉપર ભાર ઊંચકાવીને આજીવિકા ચાલે તેવો ધંધો ન કરવો જોઈએ. તેમ ન બની શકે તો મનુષ્ય પાસે તે સ્વયં ઊંચકી શકે અને નીચે ઉતારી શકે તેટલો જ ભાર ઊંચકાવવો જોઈએ. બળદો પાસે ઉચિતભારથી કંઈક ઓછો ભાર ઉપડાવવો જોઈએ. હળ, ગાડા વગેરેમાં જોડેલા પશુઓને સમયસર છોડી દેવા જોઈએ. અશ્વ અને હાથી વગેરેને આશ્રયીને પણ આ જ વિધિ છે.

ભક્તપાન વિચ્છેદ– આહાર-પાણીનો વિચ્છેદ કોઈને ન કરવો જોઈએ. અન્યથા અતિશય ભૂખથી મૃત્યુ થાય. ભક્તપાન વિચ્છેદના પણ સકારણ નિષ્કારણ વગેરે પ્રકારો બંધની જેમ જાણવા. રોગના વિનાશ માટે ભક્તપાનનો વિચ્છેદ સાપેક્ષ છે. અપરાધ કરનારને "આજે તને આહારાદિ નહીં આપું" એમ કહેવું. (પણ સમય થતાં આહારપાણી આપવા.) શાંતિ નિમિત્તે ઉપવાસ કરાવવો. સર્વત્ર યતના કરવી, અર્થાત્ વ્રતમાં અતિચાર ન લાગે તેમ કાળજીથી વર્તવું. (૨૫૮)

आह च–

परिसुद्धजलग्गहणं, दारुयधन्नाइयाण तह चेव ।
गहियाण वि परिभोगो, विहीइ तसरक्खणट्ठाए ॥ २५९ ॥

[परिशुद्धजलग्रहणं दारुधान्यादीनां तथैव च ।
गृहीतानामपि परिभोगो विधिना त्रसरक्षणार्थम् ॥ २५९ ॥]

परिशुद्धजलग्रहणं वस्त्रपूतत्रसरहितजलग्रहणमित्यर्थः, **दारुधान्यादीनां च तथैव** परिशुद्धानां ग्रहणं अनीलाजीर्णानां दारूणां, अकीटविशुद्धस्य धान्यस्य आदिशब्दात्तथाविधोपस्करपरिग्रहः । **गृहीतानामपि परिभोगो विधिना** कर्तव्यः परिमितप्रत्युपेक्षितादिना, किमर्थं ? **त्रसरक्षणार्थं** द्वीन्द्रियादि-पालनार्थमिति ॥ २५९ ॥

(વ્રતની શુદ્ધિ માટે) કહે છે–

ગાથાર્થ– ત્રસ જીવોની રક્ષા માટે પરિશુદ્ધ જળગ્રહણ કરવું, કાષ્ઠ-ધાન્યાદિ પરિશુદ્ધ ગ્રહણ કરવાં. ગ્રહણ કરેલાં તેમનો પરિભોગ વિધિથી કરવો.

ટીકાર્થ– વસ્ત્રથી ગાળેલું (એથી) ત્રસરહિત પાણીનું ગ્રહણ કરવું. લીલાં અને જીર્ણ ન હોય તેવાં કાષ્ઠો ગ્રહણ કરવાં. કીડાથી રહિત ધાન્ય ગ્રહણ કરવું. આદિ શબ્દથી ઘરમાં ઉપયોગી તેવા પ્રકારનાં ઉપકરણો=સાધનો સમજવાં. આ રીતે ગ્રહણ કરેલી વસ્તુઓનો ઉપયોગ પરિમિત કરવો, જોઈને કરવો ઇત્યાદિ વિધિથી કરવો. આ બધું બેઇંદ્રિય વગેરે ત્રસ જીવોની રક્ષા માટે છે. (૨૫૯)

उक्तं सातिचारं प्रथमाणुव्रतम् अधुना द्वितीयमुच्यते–

थूलमुसावायस्स उ, विरई दुच्चं स पंचहा होइ ।
कन्नागोभूआलियनासहरणकूडसक्खिज्जे ॥ २६० ॥

[स्थूलमृषावादस्य तु विरतिः द्वितीयं स पञ्चधा भवति ।
कन्यागोभूम्यनृतन्यासहरणकूटसाक्षित्वानि ॥ २६० ॥]

स्थूलमृषावादस्य तु विरतिर्द्वितीयमणुव्रतमिति गम्यते । मृषावादो हि द्विविधः स्थूलः सूक्ष्मश्च । तत्र परिस्थूलवस्तुविषयो ऽतिदुष्टविवक्षासमुद्भवः स्थूलो विपरीतस्त्वितरो, न च तेनेहाधिकारः श्रावकधर्माधिकारत्वात्स्थूलस्यैव प्रक्रान्तत्वात् । तथा चाह– **स पञ्चहा भवति** स स्थूलो मृषावादः पञ्चप्रकारो

भवति । **कन्यागोभूम्यनृतन्यासहरणकूटसाक्षित्वानि** । अनृतशब्दः पदत्रये प्रत्येकमभिसंबध्यते । तद्यथा– कन्यानृतमित्यादि, तत्र कन्याविषयमनृतं कन्यानृतम्, अभिन्नकन्यकामेव भिन्नकन्यकां वक्ति विपर्ययो वा । एवं गवानृतम्, अल्पक्षीरामेव बहुक्षीरां वक्ति विपर्ययो वा । एवं भूम्यनृतं, परसत्कामेवात्मसत्कां वक्ति व्यवहारे वा नियुक्तो ऽनाभवद्व्यवहारेणैव कस्यचिद्रागाद्यभिभूतो वक्ति अस्येयमाभवतीति । न्यस्यते निक्षिप्यत इति न्यासो रूपकाद्यर्पणं तस्यापहरणं न्यासापहारः । अदत्तादानरूपत्वादस्य कथं मृषावादत्वमिति उच्यते– अपलपतो मृषावाद इति । कूटसाक्षिकं उत्कोचमत्सराद्यभिभूतः प्रमाणीकृतः सन् कूटं वक्तीति ॥ २६० ॥

અતિચાર સહિત પહેલું અણુવ્રત કહ્યું. હવે બીજું અણુવ્રત કહેવાય છે–

ગાથાર્થ– સ્થૂલ મૃષાવાદની વિરતિ એ બીજું અણુવ્રત છે. સ્થૂલ મૃષાવાદ કન્યા-અસત્ય, ગાય-અસત્ય, ભૂમિ-અસત્ય, ન્યાસ-અપહરણ અને કૂટસાક્ષી એમ પાંચ પ્રકારે છે.

ટીકાર્થ– મૃષાવાદના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે ભેદ છે. તેમાં અતિદુષ્ટ વિવક્ષાથી ઉત્પન્ન થયેલું મોટી વસ્તુઓ સંબંધી અસત્ય સ્થૂલ છે, તેનાથી ઊલટું અસત્ય સૂક્ષ્મ છે. સૂક્ષ્મ અસત્યનું અહીં પ્રયોજન નથી. કારણ કે શ્રાવકનો અધિકાર હોવાથી સ્થૂલની જ વિરતિ કહેવાનું શરૂ કર્યું છે. તે મૃષાવાદ કન્યા-અસત્ય, ગાય-અસત્ય, ભૂમિ-અસત્ય, ન્યાસ-અપહાર અને કૂટસાક્ષી એમ પાંચ પ્રકારે છે.

કન્યા-અસત્ય– અખંડિત શીલવાલી કન્યાને ખંડિત શીલવાળી કહે. ખંડિત શીલવાળી કન્યાને અખંડિત શીલવાળી કહે.

ગાય-અસત્ય– અલ્પ દૂધ આપનારી ગાયને ઘણું દૂધ આપનારી કહે, ઘણું દૂધ આપનારી ગાયને અલ્પ દૂધ આપનારી કહે.

ભૂમિ-અસત્ય– બીજાની જમીનને પોતાની કહેવી અથવા ન્યાય આપવા માટે નિમાયેલ કોઇ જેની માલિકી ન હોય તેને જ ન્યાય આપવા માટે રાગાદિને વશ બનીને માલિક ન હોવા છતાં આ વસ્તુ આની જ છે એમ કહે.

ન્યાસાપહાર– ન્યાસ એટલે મૂકવું. બીજાએ વિશ્વાસથી મૂકેલી રૂપિયા વગેરે વસ્તુનું અપહરણ કરવું.

પ્રશ્ન– આ અદત્તાદાનરૂપ હોવાથી મૃષાવાદ કેવી રીતે કહેવાય ?

ઉત્તર– વચનથી અપલાપ કરે છે માટે મૃષાવાદ છે.

કૂટસાક્ષી– વિવાદમાં પ્રમાણ કરાયેલ કોઇ માનવ લાંચ અને ઇર્ષ્યા આદિને વશ બનીને જૂઠું બોલે. (૨૬૦)

वज्जणमिह पुव्वुत्तं, आह कुमाराइगोयरो कह णु ।
एयग्गहणाउ च्चिय, गहिओ णणु सो वि दट्ठव्वो ॥ २६१ ॥

[वर्जनमिह पूर्वोक्तं आह कुमारादिगोचरः कथं नु ।
एतद्ग्रहणादेव च गृहीतो ननु ऽसावपि दृष्टव्यः ॥ २६१ ॥]

वर्जनमिह मृषावादे **पूर्वोक्तं** "उवउत्तो गुरुमूले" (१०८) इत्यादिना ग्रन्थेन **आह परः कुमारादिगोचरः कथं नु** अकुमारं कुमारं ब्रुवतः आदिशब्दाद्-विधवाद्यनृतपरिग्रहः अतिदुष्टविवक्षासमुद्भवो ऽप्येष भवति न तु सूत्रे उपात्तः तदेतत्कथम् ? आचार्य आह– **एतद्ग्रहणादेव च** कन्यानृतादिग्रहणादेव च **ननु गृहीतो ऽसावपि** कुमारादिगोचरो मृषावादो **द्रष्टव्यः** उपलक्षणत्वादिति ॥ २६१ ॥

ગાથાર્થ– પૂર્વે (૧૦૮મી ગાથામાં) કહ્યું તેમ મૃષાવાદનો ત્યાગ કરીને મનથી પણ મૃષાવાદમાં ન પ્રવર્તવું.

પ્રશ્ન– અહીં જેવી રીતે અતિચારમાં ખંડિત શીલવાળી કન્યાને અખંડિત શીલવાળી કહે એમ કન્યા-અસત્ય અતિચાર જણાવ્યું તેમ અકુમારને કુમાર કહે એમ કુમાર-અસત્ય કેમ ન કહ્યું ? તથા વિધવા હોય તો તેને અવિધવા કહે ઇત્યાદિ કેમ ન કહ્યું ? કારણ કે આ અસત્ય અતિશય દુષ્ટ વિવક્ષાથી પણ ઉત્પન્ન થાય. તો પછી તેનું સૂત્રમાં કેમ ગ્રહણ ન કર્યું ?

ઉત્તર– કન્યા-અસત્ય આદિના ગ્રહણથી જ કુમાર-અસત્ય આદિ સંબંધી પણ મૃષાવાદ ગ્રહણ કરાયેલો જાણવો. કારણ કે કન્યા-અસત્ય ઉપલક્ષણ છે. (કન્યા અસત્યના ઉપલક્ષણથી બે પગવાળા બધા પ્રાણી સંબંધી અસત્યનો ત્યાગ થઇ જાય છે. તથા ગાય-અસત્યના ઉપલક્ષણથી ચાર પગવાળા સર્વ પ્રાણીસંબંધી અસત્યનો ત્યાગ થઇ જાય છે.) (૨૬૧)

पडिवज्जिऊण य वयं, तस्सइयारे जहाविहिं नाउं ।
संपुन्नपालणट्ठा, परिहरियव्वा पयत्तेणं ॥ २६२ ॥

પર્વવત્ (૨૫૭)

ગાથાર્થ– વ્રતને સ્વીકારીને તેને અતિચારોને યથાપ્રકાર જાણીને સંપૂર્ણ પાલન માટે પ્રયત્નથી સર્વ પ્રકારોથી અતિચારો તજવા જોઈએ.

ટીકાર્થ– ૨૫૭મી ગાથાના ટીકાર્થ પ્રમાણે છે. (૨૬૨)

सहसा अब्भक्खाणं, रहसा य सदारमंतभेयं च ।
मोसोवएसयं कूडलेहकरणं च वज्जिज्जा ॥ २६३ ॥

[सहसाभ्याख्यानं रहस्येन च स्वदारमंत्रभेदं च ।
मृषोपदेशं कूटलेखकरणं च वर्जयेत् ॥ २६३ ॥]

सहसानालोच्या**भ्याख्यानं** सहसाभ्याख्यानं अभ्याख्यानमभिशपनमसदध्यारोपणं, तद्यथा– "चौरः त्वं पारदारिको वा" इत्यादि ।१। **रहः** एकान्तस्तत्र भवं रहस्यं तेन तस्मिन्वा**भ्याख्यानं** रहस्याभ्याख्यानं, एतदुक्तं भवति– एकान्ते मन्त्रयमाणान् वक्त्येते हीदं चेदं च राजापकारित्वादि मन्त्रयन्ते इति ।२। **स्वदारमन्त्रभेदं च** स्वकलत्रविश्रब्धभाषितान्यकथनं चेत्यर्थः ।३। **मृषोपदेशम**सदुपदेशमिदमेवं चैवं च कुर्वित्यादिलक्षणं ।४। **कूटलेखकरणम**–न्यमुद्राक्षरबिम्बसरूपलेखकरणं **च वर्जयेत्** ।५। यत एतानि समाचरन्नतिचरति द्वितीयमणुव्रतमिति ॥ २६३ ॥

ગાથાર્થ– બીજા અણુવ્રતના અતિચારોને કહે છે–

સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતમાં સહસા-અભ્યાખ્યાન, રહસ્ય-અભ્યાખ્યાન, સ્વદારમંત્રભેદ, અસત્ય-ઉપદેશ, કૂટલેખ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે.

(૧) સહસા-અભ્યાખ્યાન– સહસા એટલે વિચાર્યા વિના. અભ્યાખ્યાન એટલે અવિદ્યમાન દોષોનો આરોપ મૂકવો. વિચાર્યા વિના ખોટો આરોપ મૂકવો એ સહસા અભ્યાખ્યાન છે. જેમ કે– વિચાર્યા વિના કોઈને તું ચોર છે, તું પરસ્ત્રીગમન કરનાર છે, વગેરે કહેવું.

(૨) રહસ્ય-અભ્યાખ્યાન– રહસ્ય એટલે એકાંતમાં થયેલ. અભ્યાખ્યાન એટલે કહેવું. એકાંતમાં બનેલું કહેવું તે રહસ્ય-અભ્યાખ્યાન. કોઈને એકાંતમાં મસલત કરતાં જોઈને કે સાંભળીને બીજાને કહે કે આ લોકો અમુક-અમુક રાજય વિરુદ્ધ વગેરે મસલત કરે છે.

(૩) સ્વદારમંત્રભેદ– દાર એટલે સ્ત્રી. મંત્ર એટલે ગુપ્ત વાત. ભેદ એટલે પ્રકાશન કરવું. પોતાની પત્નીએ મારી વાત બીજા પાસે નહિ જાય

એવા વિશ્વાસથી કરેલી ગુપ્ત વાત બીજાને કહેવી એ સ્વદારમંત્રભેદ છે. (પત્નીના ઉપલક્ષણથી મિત્ર આદિ માટે પણ તેમ સમજવું. અર્થાત્ કોઈપણ વ્યક્તિએ મારી વાત બીજા પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્ત વાત બીજાને કહેવી તે સ્વદારમંત્રભેદ છે.)

(૪) અસત્યઉપદેશ– બીજાને "આ આમ આમ કહે" ઇત્યાદિ જૂઠું બોલવાની સલાહ આપવી.

(૫) કૂટલેખકરણ– કૂટ એટલે ખોટું. લેખકરણ એટલે લખવું. ખોટું લખવું તે કૂટલેખકરણ. કૂટલેખકરણના અન્યનામ, અન્યમુદ્રા, અન્યઅક્ષર, અન્યબિંબ અને અન્યસ્વરૂપ એ પાંચ ભેદો છે. **અન્યનામ–** સહી વગેરેમાં પોતાનું નામ લખવાના બદલે બીજાનું નામ લખવું. અથવા અમુક વિગત લખે પોતે અને બીજાના નામે પ્રસિદ્ધ કરે. **અન્યમુદ્રા–** જે મહોર છાપ કરવાની હોય તેના બદલે બીજી મહોર છાપ કરે. **અન્યઅક્ષર–** પોતાના હસ્તાક્ષરોથી લખવાના બદલે બીજાના હસ્તાક્ષરોથી લખે. **અન્યબિંબ–** પોતાના જેવા અક્ષરો હોય તેનાથી જુદી જાતના અક્ષરોથી લખે. **અન્યસ્વરૂપ–** જે વિગત લખવી જોઈએ તે ન લખતાં બીજી જ વિગત લખે, અર્થાત્ સત્ય લખવાના બદલે અસત્ય લખે. આ દોષોને આચરતો જીવ વ્રતને દૂષિત કરે છે, માટે આ પાંચ દોષોનો ત્યાગ કરે. (૨૬૩)

बुद्धीइ निएऊणं, भासिज्जा उभयलोगपरिसुद्धं ।
सपरोभयाण जं खलु, न सव्वहा पीडजणगं तु ॥ २६४ ॥

[बुद्ध्या निरीक्ष्य भाषेत उभयलोकपरिशुद्धम् ।
स्वपरोभयानां यत् खलु न सर्वथा पीडाजनकं तु ॥ २६४ ॥]

बुद्ध्या निरीक्ष्य सम्यगालोच्येति भावः **भाषेत** ब्रूयात् **उभयलोकपरिशुद्धं** इहलोकपरलोकाविरुद्धं **स्वपरोभयानां यत् खलु न सर्वथा पीडाजनकं** तत्र स्वपीडाजनकं पिङ्गलस्थपतिवचनवत् परपीडाजनकं चौरस्त्वमित्यादि एवमुभयपीडाजनकमपि द्रष्टव्यमिति ॥ २६४ ॥

ગાથાર્થ– બુદ્ધિથી સારી રીતે વિચારીને જે વચન આ લોક અને પરલોકથી વિરુદ્ધ ન હોય અને સ્વ-પર-ઉભયને બધી રીતે પીડા કરનારું ન હોય તેવું વચન બોલે.

ટીકાર્થ– પિંગલ કારીગરના વચન જેવું વચન સ્વપીડા કરનારું છે. 'તું ચોર છે' ઇત્યાદિ વચન પરને પીડા કરનારું છે. એ પ્રમાણે સ્વ અને પર એમ ઉભયને પીડા કરનારા પણ વચનનો ત્યાગ કરવો.

[અહીં સ્વ-પર-ઉભયના પીડા કરનારા વચનની સ્પષ્ટતા માટે શ્રાવકનાં બાર વ્રતો યાને નવપદપ્રકરણ એ ગ્રંથનો અનુવાદ આ પ્રમાણે છે–

સ્વપીડાજનક વચન આ પ્રમાણે છે– રાજાએ એક સરોવર ખોદાવ્યું. પછી રાજાએ શું કરવાથી સરોવરમાં પાણી ટકી રહે એવો પ્રશ્ન પિંગલ નામના કારીગરને પૂછ્યો. તેણે કહ્યું કે "મારા જેવા (શુભ લક્ષણવાળા) પુરુષનું બલિદાન આપવામાં આવે તો સરોવરમાં પાણી ટકી રહે." રાજાએ તેવા પુરુષની શોધ કરાવી, પણ તેવો પુરુષ મળ્યો નહિ. આથી રાજાએ પિંગલને જ બલિદાનમાં હોમી દીધો. આમ પિંગલનું વચન પોતાના જ મૃત્યુ માટે થયું. આમ આ વચન સ્વપીડાજનક છે.

"આ ચોર જાય છે" એવું વચન પરપીડાજનક છે. કારણ કે આવું વચન કોટવાળ વગેરે સાંભળે તો તેનો (જેને ચોર કહ્યો તેનો) નાશ કરે. આથી આ વચન પરપીડાનું કારણ છે. આ જ વચન સ્વ-પર ઉભય પીડાજનક પણ છે. કારણ કે આ વચન સાંભળીને ઉત્પન્ન થયેલા ગુસ્સાથી કદાચ તેને (=બોલનારને) મારી પણ નાખે. તથા કોટવાળ વગેરે ચોર વગેરેને મારી નાખે. આ પ્રમાણે આ વચન ઉભયપીડાજનક છે.] (૨૬૪)

उक्तं द्वितीयाणुव्रतं सांप्रतं तृतीयमाह–

थूलमदत्तादाणे, विरई तच्चं दुहा य तं भणियं ।
सच्चित्ताचित्तगयं, समासओ वीयरागेहिं ॥ २६५ ॥

[स्थूलादत्तादाने विरतिः तच्च द्विधा च तद् भणितम् ।
सचित्ताचित्तगतं समासतः वीतरागैः ॥ २६५ ॥]

इहादत्तादानं द्विधा स्थूलं सूक्ष्मं च । तत्र परिस्थूलविषयं चौर्यारोपणहेतुत्वेन प्रसिद्धमतिदुष्टाध्यवसायपूर्वकं स्थूलम् । विपरीतमितरत् । तत्र **स्थूलादत्तादानविषया विरतिर्**निवृत्तिस्तृतीयमणुव्रतमिति गम्यते । **द्विधा च तद**दत्तादानं **भणितं समासतः** संक्षेपेण **वीतरागै**रर्हद्भिरिति योगः **सचित्ताचित्तगतमि**ति सचित्तादत्तादानं अचित्तादत्तादानं च । तत्र द्विपदादेर्वस्तुनः क्षेत्रादौ सुन्यस्त-

दुर्न्यस्तविस्मृतस्य स्वामिना अदत्तस्य चौर्यबुद्ध्या ग्रहणं सचित्तादत्तादानं तथा वस्त्रकनकादेरचित्तादत्तादानमिति ॥ २६५ ॥

બીજું અણુવ્રત કહ્યું. હવે ત્રીજા અણુવ્રતને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અહીં અદત્તાદાનના સ્થૂલ અને સૂક્ષ્મ એ બે પ્રકાર છે. તેમાં ચોરીના આરોપનો હેતુ હોવાના કારણે લોકવ્યવહારમાં ચોરી તરીકે પ્રસિદ્ધ થયેલ હોય તેવી અને અતિશય દુષ્ટ અધ્યવસાયપૂર્વક કરવામાં આવે તેવી ચોરી સ્થૂલ અદત્તાદાન છે. તેનાથી ઊલટી ચોરી સૂક્ષ્મ અદત્તાદાન છે. તેમાં સ્થૂલ અદત્તાદાનની વિરતિને અરિહંતોએ ત્રીજું અણુવ્રત કહ્યું છે. સ્થૂલ અદત્તાદાનના સચિત્ત વસ્તુ સંબંધી અને અચિત્તવસ્તુ સંબંધી એમ બે ભેદ છે. તેમાં ખેતર વગેરે સ્થળે સારી રીતે મૂકેલી, સારી રીતે નહિ મૂકેલી=ગમે તેમ મૂકેલી, ભૂલાઇ ગયેલી અને માલિકે નહિ આપેલી દ્વિપદ આદિ સચિત્ત વસ્તુનું ચોરીની બુદ્ધિથી ગ્રહણ કરવું તે સચિત્ત અદત્તાદાન છે. વસ્ત્ર-સુવર્ણ વગેરે અચિત્ત વસ્તુ ચોરીની બુદ્ધિથી લેવી તે અચિત્ત અદત્તાદાન છે. (૨૬૫)

भेएण लवणघोडगसुवन्नरुप्पाइयं अणेगविहं ।
वज्जणमिमस्स सम्मं, पुव्वुत्तेणेव विहिणा उ ॥ २६६ ॥

[भेदेन लवणघोटकरुप्यसुवर्णाद्यनेकविधम् ।
वर्जनमस्य सम्यक् पूर्वोक्तेनैव विधिना ॥ २६६ ॥]

भेदेन विशेषेणादत्तादानं **लवणघोटकरूप्यसुवर्णाद्यनेकविधम**नेकप्रकारं लवणघोटकग्रहणात्सचित्तपरिग्रहः रूप्यसुवर्णग्रहणादचित्तपरिग्रह इति **वर्जनमस्या**दत्तादानस्य **सम्यक् पूर्वोक्तेन विधिना** उपयुक्तो गुरुमूले (१०८) इत्यादिनेति ॥ २६६ ॥

ગાથાર્થ– વિશેષથી અદત્તાદાન મીઠું-અશ્વ-રૂપ્ય-સુવર્ણ વગેરે અનેક પ્રકારનું છે. પૂર્વે (૧૦૮મી ગાથામાં) કહેલ વિધિથી અદત્તાદાનનો સમ્યક્ ત્યાગ કરવો.

ટીકાર્થ– અહીં મીઠું અને અશ્વના ગ્રહણથી સચિત્ત અદત્તાદાન કહ્યું. રૂપ્ય અને સુવર્ણના ગ્રહણથી અચિત્ત અદત્તાદાન કહ્યું. (૨૬૬)

पडिवज्जिऊण य वयं, तस्सइयारे जहाविहिं नाउं ।
संपुन्नपालणट्ठा, परिहरियव्वा पयत्तेणं ॥ २६७ ॥

पूर्ववत् (२५७)

ગાથાર્થ– વ્રતને સ્વીકારીને તેના અતિચારોને યથાપ્રકાર જાણીને સંપૂર્ણ પાલન માટે પ્રયત્નથી સર્વપ્રકારોથી અતિચારો તજવા જોઈએ.

ટીકાર્થ– ૨૫૭મી ગાથાનો ટીકાર્થ જુઓ. (૨૬૭)

अतिचारानाह–

वज्जिज्जा तेनाहडतक्करजोगं विरुद्धरज्जं च ।
कूडतुलकूडमाणं, तप्पडिरूवं च ववहारं ॥ २६८ ॥

[वर्जयेत् स्तेनाहृतं तस्करप्रयोगं विरुद्धराज्यं च ।
कूटतुलाकूटमाने तत्प्रतिरूपं च व्यवहारम् ॥ २६८ ॥]

वर्जयेत् स्तेनाहृतं स्तेनाश्चौरास्तैराहृतमानीतं किञ्चित्कुङ्कुमादि देशान्तरात् तत्समर्थमिति लोभान्न गृह्णीयात् ।१। तथा **तस्करप्रयोगं** तस्कराश्चौरास्तेषां प्रयोगो हरणक्रियायां प्रेरणमभ्यनुज्ञा हरत यूयमिति तस्करप्रयोगः एनं च वर्जयेत् ।२। **विरुद्धराज्यमिति** च सूचनाद्विरुद्धराज्यातिक्रमं च वर्जयेत्, विरुद्धनृपयो राज्यं विरुद्धराज्यं, तत्रातिक्रमो, न हि ताभ्यां तत्र तदागमनमनुज्ञातमिति ।३। तथा **कूटतुलाकूटमाने** तुला प्रतीता मानं कुडवादि, कूटत्वं न्यूनाधिकत्वं, न्यूनया ददाति अधिकया गृह्णाति ।४। तथा **तत्प्रतिरूपव्यवहरणं** तेनाधिकृतेन प्रतिरूपं सदृशं तत्प्रतिरूपं, तेन व्यवहरणं, यद्यत्र घटते व्रीह्यादिघृतादिषु पलञ्जीवसादि तस्य तत्र प्रक्षेपेण विक्रयस्तं च वर्जयेत् ।५। यत एतानि समाचरन्नतिचरति तृतीयाणुव्रतमिति ॥ २६८ ॥

ત્રીજા વ્રતમાં અતિચારો કહે છે–

શ્રાવક ત્રીજા અણુવ્રતમાં સ્તેનાહૃત, તસ્કરપ્રયોગ, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, કૂટતુલ-કૂટમાન અને તત્પ્રતિરૂપ વ્યવહાર એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) સ્તેનાહૃત– સ્તેન એટલે ચોર. આહૃત એટલે ચોરી લાવેલું. ચોરોએ બીજા દેશમાંથી ચોરી લાવેલ કોઈક કેસર વગેરે વસ્તુ મૂલ્યવાન (=ઊંચી) છે એમ વિચારીને લોભથી લેવી તે સ્તેનાહૃત છે. શ્રાવકે આવી વસ્તુ ન લેવી.

(૨) તસ્કરપ્રયોગ– તસ્કર એટલે ચોર. પ્રયોગ એટલે ચોરી કરવામાં પ્રેરણા કરવી. ચોરને ચોરી કરવાની "તમે ચોરી કરો" એ પ્રમાણે પ્રેરણા કરવી તે તસ્કરપ્રયોગ છે. તેનો ત્યાગ કરવો.

(૩) **વિરુદ્ધ રાજ્યાતિક્રમ–** વિરુદ્ધ બે રાજાઓનું રાજ્ય તે વિરુદ્ધ રાજ્ય. વિરુદ્ધ રાજ્યમાં જવું તે વિરુદ્ધ રાજ્યાતિક્રમ. વિરુદ્ધ બે રાજાઓએ તે વખતે (=વિરોધ હોય ત્યારે) ત્યાં આવવાની રજા આપી નથી.

(૪) **કૂટતુલ-કૂટમાન–** કૂટ એટલે ખોટું, અર્થાત્ વધારે-ઓછું. તુલા એટલે જોખવાના (કિલો વગેરે) માપ. માન એટલે તલ વગેરે માપવાના કુડવ વગેરે માપાં. ઓછું આપે અને વધારે લે તે કૂટતુલ-કૂટમાન છે.

(૫) **તત્પ્રતિરૂપ વ્યવહાર–** તત્ એટલે શુદ્ધ વસ્તુ. પ્રતિરૂપ એટલે સમાન. વ્યવહાર એટલે વેચવું. ડાંગર અને ઘી વગેરે શુદ્ધ વસ્તુના ફોતરા અને ચરબી વગેરે અશુદ્ધ (=નકલી) વસ્તુ નાખીને વેંચે, અર્થાત્ જે શુદ્ધ વસ્તુમાં જે અશુદ્ધ વસ્તુ ભેળવી શકાય તેમાં તે વસ્તુ ભેળવીને વેચે તે તત્પ્રતિરૂપ વ્યવહાર છે. આનો ત્યાગ કરે. કારણ કે આ દોષોને આચરતો જીવ ત્રીજા વ્રતને દૂષિત કરે છે. (૨૬૮)

उचियं मुत्तूण कलं, दव्वाइकमागयं च उक्करिसं ।
निवडियमवि जाणंतो, परस्स संतं न गिन्हिज्जा ॥ २६९ ॥

[उचितां मुक्त्वा कलां द्रव्यादिक्रमायातं चोत्कर्षम् ।
निपतितमपि जानानः परस्य सत्कं न गृह्णीयात् ॥ २६९ ॥]

उचितां मुक्त्वा कलां पञ्चकशतवृद्ध्यादिलक्षणां । **द्रव्यादिक्रमायातं चोत्कर्षं** यदि कथञ्चित्पूगफलादेः क्रयः संवृत्त इत्यष्टगुणो लाभकः अक्रूराभिसंधिना ग्राह्य एवेत्यर्थः आदिशब्दः स्वभेदप्रख्यापकः । तथा **निपतितमपि जानानः परस्य सत्कं न गृह्णीयात्** प्रयोजनान्तरं चोद्दिश्य समर्पिते प्रतिबुध्यतीत्यादि गृहीत्वा प्रत्यर्पयेदपीति ॥ २६९ ॥

ગાથાર્થ– ઉચિત વ્યાજને અને દ્રવ્યાદિના ક્રમથી આવેલા ઉત્કર્ષને (=ભાવવૃદ્ધિને) છોડીને બીજાની વસ્તુ ન લે. આ કોઈનું પડી ગયેલું છે એમ જાણતો શ્રાવક પડી ગયેલી પણ બીજાની વસ્તુ ન લે.

ટીકાર્થ– ઉચિત વ્યાજને– શ્રાવક પોતાની રકમ વ્યાજે આપે તો ઉચિત વ્યાજ લે. જેમ કે, સો રૂપિયા વ્યાજે આપ્યા હોય તો પાંચ દ્રમ્મ (પાંચ આના) જેટલું વ્યાજ લેવું એ ઉચિત વ્યાજ છે. શ્રાવક ઉચિત વ્યાજ લે તો અદત્તાદાન ન ગણાય.

દ્રવ્યાદિના ક્રમથી આવેલા ઉત્કર્ષને છોડીને– પોતે સોપારી વગેરે જે

વસ્તુનો વેપાર કરતો હોય તે વસ્તુના ભાવ વધી જાય, એથી આઠ ગણો લાભ થાય. આવા સંયોગોમાં શ્રાવક પોતાના પરિણામને (=ભાવ વધ્યા તે સારું થયું ઇત્યાદિ વિચારથી) ક્રૂર કર્યા વિના આઠ ગણો લાભ લે તો અદત્તાદાનનો દોષ ન લાગે.

'દ્રવ્યાદિ' એ સ્થળે આદિ શબ્દ દ્રવ્યના ભેદોને જણાવનાર છે.

આ કોઈનું પડી ગયેલું છે એમ જાણતો શ્રાવક પડી ગયેલી પણ બીજાની વસ્તુને ન લે. આ વિષે અપવાદ આ પ્રમાણે છે– જેની વસ્તુ પડી ગઇ છે તેને હું આ વસ્તુ આપીશ તો એ પ્રતિબોધ પામશે ઇત્યાદિ લાભ જણાય તો એ વસ્તુ લઈને જેની હોય તેને આપે. (૨૬૯)

उक्तं तृतीयाणुव्रतं सांप्रतं चतुर्थमाह–

परदारपरिच्चाओ, सदारसंतोस मो वि य चउत्थं ।
दुविहं परदारं खलु, उरालवेउव्विभेएणं ॥ २७० ॥

[परदारपरित्यागः स्वदारसंतोषो ऽपि च चतुर्थम् ।
द्विविधं परदारं खलु औदारिकवैक्रियभेदेन ॥ २७० ॥]

परदारपरित्यागः परकलत्रपरिहारः न वेश्यापरित्यागः **स्वदारसंतोषश्च** स्वकलत्रसेवनमेव न वेश्यागमन**मपि चतुर्थमि**त्येतच्चतुर्थमणुव्रतं । **परदारमपि द्विविधमौ**दारिकवैक्रियभेदेन **औदारिकं** स्त्र्यादिषु **वैक्रियं** विद्याधर्यादिष्विति ॥ २७० ॥

ત્રીજું અણુવ્રત કહ્યું. હવે ચોથા અણુવ્રતને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– પરસ્ત્રીનો ત્યાગ અથવા સ્વસ્ત્રીમાં સંતોષ એ ચોથું અણુવ્રત છે. પરસ્ત્રીના ત્યાગમાં વેશ્યા આદિનો ત્યાગ થતો નથી. સ્વસ્ત્રી સંતોષમાં વેશ્યા આદિનો ત્યાગ થાય છે. પરસ્ત્રીના ઔદારિક અને વૈક્રિય એમ બે ભેદ છે. (સામાન્ય મનુષ્યોની) સ્ત્રીઓ વગેરે ઔદારિક છે. વિદ્યાધરીઓ વગેરે વૈક્રિય છે. (૨૭૦)

वज्जणमिह पुव्वुत्तं, पावमिणं जिणवरेहिं पन्नत्तं ।
रागाईण नियाणं, भवपायवबीयभूयाणं ॥ २७१ ॥

[वर्जनमिह पूर्वोक्तं पापमिदं जिनवरैः प्रज्ञप्तम् ।
रागादीनां निदानं भवपादपबीजभूतानाम् ॥ २७१ ॥]

वर्जनमिह पूर्वोक्तं उपयुक्त इत्यादिना ग्रन्थेन (१०८ गाथा), किमेतद्वर्ज्यते इत्याशङ्क्याह– **पापमिदं** परदारासेवनं **जिनवरैः प्रज्ञप्तं** तीर्थकरगणधरैः प्ररूपितमिति, किंविशिष्टं ? रागादीनां निदानं कारणं, किंविशिष्टानां ? **भवपादपबीजभूतानां** रागादीनामिति ॥ २७१ ॥

ગાથાર્થ– ટીકાર્થ– પૂર્વે (૧૦૮મી ગાથામાં) કહ્યું છે તેમ મનથી પણ પરસ્ત્રીસેવન ન કરવું. કારણ કે તીર્થંકર-ગણધરોએ પરસ્ત્રીસેવનને પાપ કહ્યું છે. તથા પરસ્ત્રીસેવન રાગ આદિનું કારણ છે. રાગાદિ દોષો ભવરૂપ વૃક્ષનાં બીજો છે. (૨૭૧)

पडिवज्जिऊण य वयं, तस्सइयारे जहाविहिं नाउं ।
संपुन्नपालणट्ठा, परिहरियव्वा पयत्तेणं ॥ २७२ ॥

पूर्ववत् (२५७)

ગાથાર્થ– વ્રતને સ્વીકારીને તેના અતિચારોને યથાપ્રકાર જાણીને સંપૂર્ણ પાલન માટે પ્રયત્નથી સર્વ પ્રકારોથી અતિચારો તજવા જોઈએ.

ટીકાર્થ– ૨૫૭મી ગાથાના ટીકાર્થ પ્રમાણે છે. (૨૭૨)

अतीचारानाह–

इत्तरियपरिग्गहियापरिगहियागमणणंगकीडं च ।
परवीवाहक्करणं कामे तिव्वाभिलासं च ॥ २७३ ॥

[इत्वरपरिगृहीतापरिगृहीतागमनानङ्गक्रीडाः च ।
परविवाहकरणं कामे तीव्राभिलाषः च ॥ २७३ ॥]

इत्वरपरिगृहीतागमनं स्तोककालपरिगृहीतागमनं भाटीप्रदानेन कियन्तमपि कालं स्ववशीकृतवेश्यामैथुनसेवनमित्यर्थः ॥१॥ **अपरिगृहीतागमनं** अपरिगृहीता नाम वेश्या अन्यसक्तागृहीतभाटी कुलाङ्गना वा अनाथेति तद्गमनं यथाक्रमं स्वदारसंतोषवत्परदारवर्जिनोरतीचारः ॥२॥ **अनङ्गक्रीडा** नाम कुचकक्षोरु-नाभिवदनांतरक्रीडा तीव्रकामाभिलाषेण वा परिसमाप्तसुरतस्याप्याहार्यैः स्थूल-कादिभिर्योषिदवाच्यप्रदेशासेवनमिति ॥३॥ **परविवाहकरणम**न्यापत्यस्य कन्याफललिप्सया स्नेहसंबन्धेन वा विवाहकरणं । स्वापत्येष्वपि सङ्ख्याभिग्रहो न्याय्य इति ॥४॥ **कामे तीव्राभिलाषश्चे**ति सूचनात्कामभोगतीव्राभिलाषः,

कामा शब्दादयः भोगा रसादयः, एतेषु तीव्राभिलाषः अत्यन्ततदध्यवसायित्वम् ॥५॥ एतानि समाचरन्नतिचरति चतुर्थमणुव्रतमिति ॥ ૨૭૩ ॥

અતિચારોને કહે છે–

ગાથાર્થ– ચોથા વ્રતના અતિચારોને કહે છે–

શ્રાવક ચોથા અણુવ્રતમાં ઇત્વરીગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ અને કામભોગતીવ્રાભિલાષ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) **ઇત્વરીગમન–** ઇત્વરી એટલે ભ્રમણ કરવાના સ્વભાવવાળી, અર્થાત્ (મૂલ્ય આપીને) થોડા સમય માટે સ્વીકારેલી વેશ્યા. (ગમન એટલે વિષયસેવન કરવું તે ઇત્વરીગમન.)

(૨) **અપરિગૃહીતાગમન–** અપરિગૃહીતા એટલે જેણે અન્યનું ભાડું નથી લીધું તેવી વેશ્યા, અથવા પતિ વિનાની કુલાંગના. અપરિગૃહીતા સાથે વિષયસેવન કરવું તે અપરિગૃહીતાગમન.

ઇત્વરીગમન સ્વસ્ત્રીસંતોષની અપેક્ષાએ અને અપરિગૃહીતાગમન પરસ્ત્રીત્યાગની અપેક્ષાએ અતિચાર છે.

(૩) **અનંગક્રીડા–** (અહીં મૈથુનની અપેક્ષાએ સ્ત્રીયોનિ અને પુરુષચિહ્ન અંગ છે.તે સિવાયના સ્તન વગેરે અવયવો અનંગ છે.) સ્ત્રીના સ્તન, બગલ, છાતી, નાભિ અને મુખ વગેરે અનંગોમાં તેવી ક્રીડા=વિષયચેષ્ટા કરવી તે અનંગક્રીડા છે. અથવા (અનંગ એટલે કામ=વિષયવાસના. કામની ક્રીડા તે અનંગક્રીડા.) સંભોગની ક્રિયા પૂર્ણ થવા છતાં તીવ્ર કામાભિલાષાના કારણે ચામડી વગેરેથી બનાવેલા પુરુષલિંગ જેવા સ્થાલક વગેરે કૃત્રિમ સાધનોથી સ્ત્રીના યોનિપ્રદેશને સેવે તે અનંગક્રીડા.

(૪) **પરવિવાહકરણ–** કન્યાફળ મેળવવાની ઇચ્છાથી કે સ્નેહના સંબંધથી બીજાઓના સંતાનોનો વિવાહ કરવો તે પરવિવાહકરણ. શ્રાવક માટે તો પોતાના સંતાનોમાં પણ આટલાથી વધારે સંતાનોનો વિવાહ નહિ કરું એમ સંખ્યાનો અભિગ્રહ કરવો એ વ્યાજબી છે.

(૫) **કામભોગતીવ્રાભિલાષ–** શબ્દ અને રૂપ કામ છે. ગંધ, રસ અને સ્પર્શ ભોગ છે. કામભોગોમાં તીવ્રાભિલાષ=અત્યંત કામ-ભોગના

અધ્યવસાયવાળા બનવું તે કામભોગતીવ્રાભિલાષ. આ દોષોને આચરતો જીવ ચોથા વ્રતને દૂષિત કરે છે. (૨૭૩)

वज्जिज्जा मोहकरं, परजुवइदंसणाइ सवियारं ।
एए खु मयणबाणा, चरित्तपाणे विणासंति ॥ २७४ ॥

[वर्जयेत् मोहकरं परयुवतिदर्शनादि सविकारम् ।
एते खलु मदनबाणाः चारित्रप्राणान् विनाशयन्ति ॥ २७४ ॥]

वर्जयेन्मोहकरं परयुवतिदर्शनं, आदिशब्दात्संभाषणादिपरिग्रहः, किंभूतं **सविकारं** सविभ्रमम् । **एते** दर्शनादयो यस्मान्**मदनबाणाश्चारित्रप्राणान् विनाशयन्ती**ति ॥ उक्तं च–

अनिशमशुभसंज्ञाभावनासन्निहत्या ।

कुरुत कुशलपक्षप्राणरक्षां नयज्ञाः ।

हृदयमितरथा हि स्त्रीविलासाभिधाना

मदनशबरबाणश्रेणयः काणयन्ति ॥ इति ॥ २७४ ॥

ગાથાર્થ– પરસ્ત્રીના મોહ કરનારા વિકાર સહિત દર્શન આદિનો ત્યાગ કરે. કારણ કે પરસ્ત્રીના વિકાર સહિત દર્શનાદિ કામનાં બાણો છે અને ચારિત્રરૂપ પ્રાણનો વિનાશ કરે છે.

ટીકાર્થ– 'દર્શન આદિ' એ સ્થળે 'આદિ' શબ્દથી સંભાષણ આદિ જાણવું. આ દર્શનાદિ ચારિત્રરૂપ પ્રાણનો વિનાશ કરે છે. કહ્યું છે કે– "હે નીતિવિચક્ષણો ! દરરોજ અશુભ સંજ્ઞાઓની અને અશુભ ભાવનાઓની સારી રીતે હત્યા કરવા વડે કલ્યાણપક્ષરૂપ પ્રાણોની રક્ષા કરો. અન્યથા સ્ત્રીવિલાસ નામની કામરૂપ ભીલની બાણશ્રેણિઓ હૃદયને કાણાવાળું કરી નાખે." (૨૭૪)

उक्तं चतुर्थमणुव्रतमधुना पञ्चममाह–

सच्चित्ताचित्तेसुं, इच्छापरिणाममो य पंचमयं ।
भणियं अणुव्वयं खलु, समासओ णंतनाणीहिं ॥ २७५ ॥

[सचित्ताचित्तेषु इच्छापरिमाणं च पञ्चमकम् ।
भणितमणुव्रतं खलु समासतः अनन्तज्ञानिभिः ॥ २७५ ॥]

सचित्ताचित्तेषु द्विपदादिहिरण्यादिषु **इच्छायाः परिमाणमिच्छापरिमाणं** एतावतामूर्ध्वमग्रहणमित्यर्थः । एत**त्पञ्चम**मुपन्यासक्रमप्रामाण्याद् **भणितमणुव्रतं खलु समासतः** सामान्येना**नन्तज्ञानिभि**स्तीर्थकरैरिति ॥ २७५ ॥

ચોથું અણુવ્રત કહ્યું. હવે પાંચમા અણુવ્રતને કહે છે–

ગાથાર્થ– તીર્થંકરોએ સામાન્યથી સચિત્ત-અચિત્ત વસ્તુઓમાં ઇચ્છાપરિમાણને પાંચમું અણુવ્રત કહ્યું છે.

ટીકાર્થ– દ્વિપદ વગેરે સચિત્ત છે. સુવર્ણ વગેરે અચિત્ત છે. ઇચ્છા પરિમાણ એટલે આ વસ્તુઓ આટલા પ્રમાણથી વધારે ગ્રહણ ન કરવી. (૨૭૫)

भेएण खित्तवत्थूहिरण्णमाईसु होइ नायव्वं ।
दुपयाईसु य सम्मं, वज्जणमेयस्स पुव्वुत्तं ॥ २७६ ॥

[भेदेन क्षेत्रवास्तुहिरण्यादिषु भवति ज्ञातव्यम् ।
द्विपदादिषु च सम्यक् वर्जनमेतस्य पूर्वोक्तम् ॥ २७६ ॥]

भेदेन विशेषेण **क्षेत्रवास्तुहिरण्यादिषु भवति ज्ञातव्यं,** किं इच्छा-परिमाणमिति वर्तते, तत्र क्षेत्रं सेतु केतु च उभयं च, वास्त्वगारं खातमुच्छ्रितं खातोच्छ्रितं च, हिरण्यं रजतमघटितमादिशब्दाद्धनधान्यादिपरिग्रहः, एतदचित्तविषयं **द्विपदादिषु** चेत्येतत्सचित्तविषयं द्विपदचतुःपदापदादिषु दासीहस्तिवृक्षादिषु **सम्यक्** प्रवचनोक्तेन विधिना **वर्जनमेतस्य** पञ्चमाणुव्रतविषयस्य **पूर्वोक्तं** उपयुक्तो गुरुमूले इत्यादिना ग्रन्थेनेति ॥ २७६ ॥

ગાથાર્થ– વિશેષથી ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય આદિમાં અને દ્વિપદ આદિમાં ઇચ્છાપરિમાણ જાણવું. પૂર્વે (૧૦૮મી ગાથામાં) કહેલ વિધિથી ઇચ્છાપરિમાણનો (=ક્ષેત્ર આદિનો) સારી રીતે ત્યાગ કરવો.

ટીકાર્થ– ક્ષેત્ર– (ક્ષેત્ર એટલે જેમાં અનાજ ઉત્પન્ન થાય તેવી ભૂમિ.) ક્ષેત્રના સેતુ, કેતુ અને સેતુ-કેતુ એમ ત્રણ ભેદ છે. તેમાં નદી આદિના પાણીથી, રેંટ કે કોશ આદિ દ્વારા જે ભૂમિ સિંચાય તે સેતુ છે. વર્ષાકાલના પાણીથી જ જે ભૂમિ સિંચાય તે કેતુ છે. નદી આદિના પાણીથી અને વર્ષાકાળના પાણીથી એમ ઉભયથી જે ભૂમિ સિંચાય તે સેતુ-કેતુ છે.

વાસ્તુ– (વાસ્તુ એટલે ઘર.) વાસ્તુના ખાત, ઉચ્છ્રિત અને ખાતોચ્છ્રિત એમ ત્રણ ભેદ છે. (તેમાં ભોંયરું ખાત છે. મહેલ ઉચ્છ્રિત છે. ભોંયરાવાળો મહેલ ખાતોચ્છ્રિત છે.)

હિરણ્ય=નહિ ઘડેલી ચાંદી. આદિ શબ્દથી ધન-ધાન્ય વગેરે સમજવું.

દ્વિપદ આદિમાં=દ્વિપદ વગેરે સચિત્ત છે. આદિ શબ્દથી ચતુષ્પદ, દાસી, હાથી અને વૃક્ષ વગેરે સમજવું. (૨૭૬)

पडिवज्जिऊण य वयं, तस्सइयारे जहाविहिं नाउं ।
संपुन्नपालणट्ठा, परिहरियव्वा पयत्तेणं ॥ २७७ ॥

પૂર્વવત્ (૨૫૭)

ગાથાર્થ– ૨૫૭મી ગાથાના ગાથાર્થ પ્રમાણે છે.

ટીકાર્થ– ૨૫૭મી ગાથાના ટીકાર્થ પ્રમાણે છે. (૨૭૭)

खित्ताइहिरन्नाईधणाइदुपयाइकुवियगस्स तहा ।
सम्मं विसुद्धचित्तो, न पमाणाइक्कमं कुज्जा ॥ २७८ ॥

[क्षेत्रादेः हिरण्यादेः धनादेः द्विपदादेः कुप्यकस्य तथा ।
सम्यग्विशुद्धचित्तो न प्रमाणातिक्रमं कुर्यात् ॥ २७८ ॥]

क्षेत्रादेरनन्तरोदितस्य तथा **हिरण्यादेर्धनादेर्द्विपदादेः कुप्यस्य तथा** आसन-शयनादेरुपस्करस्य **सम्यक् विशुद्धचित्तो** ऽनिर्मायो ऽप्रमत्तः सन् **न प्रमाणा-तिक्रमं कुर्या**दिति ॥ २७८ ॥

ગાથાર્થ– ટીકાર્થ– માયારહિત અને અપ્રમત્ત થયો છતો શ્રાવક ક્ષેત્ર આદિના, હિરણ્ય આદિના, ધન આદિના, દ્વિપદ આદિના, આસન–શયન આદિ ઘરમાં ઉપયોગી ઉપકરણના પ્રમાણાતિક્રમને ન કરે. (૨૭૮)

भाविज्ज य संतोसं, गहियमियाणिं अजाणमाणेणं ।
थोवं पुणो न एवं, गिह्हिस्सामोत्ति चिंतिज्जा ॥ २७९ ॥

[भावयेच्च संतोषं गृहीतमिदानीमजानानेन ।
स्तोकं पुनः न एवं ग्रहीष्यामीति चिन्तयेत् ॥ २७९ ॥]

भावयेच्च संतोषं किमनेन वस्तुना परिगृहीतेन तथा **गृहीतमिदानिमजानानेन स्तोकमि**च्छापरिमाणमिति **पुनर्नैवमन्यस्मिंश्चतुर्मासके गृहीष्यामीति न चिन्त-येद**तिचार एष इति गाथार्थः ॥

उक्तान्यणुव्रतानि । सांप्रतमेषामेवाणुव्रतानां परिपालनाय भावनाभूतानि गुणव्रतान्यभिधीयन्ते । तानि पुनस्त्रीणि भवन्ति । तद्यथा– दिग्व्रतमुप-भोगपरिभोगपरिमाणं अनर्थदण्डपरिवर्जनमिति ॥ २७९ ॥

ગાથાર્થ– ટીકાર્થ– આ વસ્તુને લેવાથી શું ? એમ સંતોષની ભાવના રાખે, તથા હમણાં અજાણતાં થોડું ઇચ્છાપરિમાણ કર્યું છે, અર્થાત્ થોડી છૂટ રાખી છે, આથી આવતા ચાતુર્માસમાં આ પ્રમાણે ઇચ્છાપરિમાણ નહિ કરું, અર્થાત્ વધારે છૂટ રાખીશ, એવું ન ચિંતવે. આવું ચિંતવવું એ અતિચાર છે. (૨૭૯)

तत्राद्यगुणव्रतस्वरूपाभिधित्सयाह–

उड्ढमहे तिरियं पि य, दिसासु परिमाणकरणमिह पढमं ।
भणियं गुणव्वयं खलु, सावगधम्मम्मि वीरेण ॥ २८० ॥

[ऊर्ध्वमधस्तिर्यगपि च दिक्षु परिमाणकरणमिह प्रथमम् ।
भणितं गुणव्रतं खलु श्रावकधर्मे वीरेण ॥ २८० ॥]

ऊर्ध्वमधस्तिर्यक् किं दिक्षु परिमाणमिति । दिशो ह्यनेकप्रकारा वर्णिताः शास्त्रे तत्र सूर्योपलक्षिता पूर्वा शेषाश्च दक्षिणादिकास्तदनुक्रमेण द्रष्टव्याः । तत्रोर्ध्वदिक्परिमाणमूर्ध्वदिग्व्रतमेतावती दिगूर्ध्वं पर्वताद्यारोहणादवगाहनीया न परत इति । एवम्भूतमधोदिक्परिमाणं अधोदिग्व्रतं एतावत्यधोदिक् इन्द्रकूपाद्यवतरणादवगाहनीया न परत इति । एवम्भूतं तिर्यग्दिक्परिमाणकरणं तिर्यग्दिग्व्रतं एतावती दिक्पूर्वेणावगाहनीया एतावती दक्षिणेनेत्यादि न परत इत्येवमात्मकं एतदित्थं त्रिधा दिक्षु परिमाणकरणं इह प्रवचने प्रथममाद्यं सूत्रक्रमप्रामाण्यात् गुणाय व्रतं गुणव्रतं इत्यस्मिन् हि सत्यवगृहीतक्षेत्राद्बहिः स्थावरजङ्गमप्राणिगोचरो दण्डः परित्यक्तो भवतीति गुणः **श्रावकधर्म** इति श्रावकधर्मविषयमेव केन भणितमिति आह– **वीरेण**

विदारयति यत्कर्म, तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ॥
तेन इति चरमतीर्थकृता गुणव्रतमित्युक्तम् ॥ २८० ॥

અણુવ્રતો કહ્યાં. હવે આ અણુવ્રતોના જ પાલન માટે ભાવનારૂપ ગુણવ્રતો કહેવાય છે. તે ગુણવ્રતો ત્રણ છે. તે આ પ્રમાણે– દિગ્વ્રત, ઉપભોગ-પરિભોગ પરિમાણ અને અનર્થ દંડત્યાગ. તેમાં પહેલા ગુણવ્રતના સ્વરૂપને કહેવાની ઇચ્છાથી ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– શ્રી વીર ભગવાને શ્રાવક ધર્મમાં ઊર્ધ્વ દિશામાં, અધો દિશામાં અને તિર્યગ્ દિશાઓમાં જવાનું પરિમાણ કરવું તે પ્રથમ ગુણવ્રત કહ્યું છે.

ટીકાર્થ– શાસ્ત્રમાં દિશાઓ અનેક પ્રકારની કહી છે. તેમાં જે દિશામાં સૂર્યનો ઉદય થાય તે પૂર્વદિશા. પછી અનુક્રમે દક્ષિણ વગેરે દિશાઓ જાણવી. તેમાં પર્વત વગેરે ઉપર આટલા સુધી ચડવું, આનાથી વધારે ન ચડવું એમ ઊર્ધ્વ દિશામાં પરિમાણ કરવું તે ઊર્ધ્વ દિગ્વ્રત છે. નીચે [1]ઇંદ્રકૂપ વગેરેમાં આટલા સુધી ઊતરવું, આનાથી વધારે ન ઊતરવું એમ અધો દિશામાં પરિમાણ કરવું તે અધો દિગ્વ્રત છે. પૂર્વ વગેરે દિશામાં આટલાથી વધારે ન જવું એમ દિશાપરિમાણ કરવું તે તિર્યગ્ દિગ્વ્રત છે. આ વ્રત લેવાથી નિશ્ચિત કરેલા ક્ષેત્રથી બહાર સ્થાવર અને ત્રસ જીવો સંબંધી દંડનો ત્યાગ થાય એ ગુણ થાય છે.

શ્રીવીર– કર્મને વિદારે છે=તોડે છે, તપથી શોભે છે, અને તપ-વીર્યથી યુક્ત છે, તેથી વીર કહેવાયા છે. (૨૮૦)

અતો ગુણદર્શનાયાહ, અથવા ગુણવ્રતાકરણે દોષમાહ–

तत्तायगोलकप्पो, पमत्तजीवोऽनिवारियप्पसरो ।
सव्वत्थ किं न कुज्जा, पावं तक्कारणाणुगओ ॥ २८१ ॥

[तप्तायोगोलकल्पः प्रमत्तजीवोऽनिवारितप्रसरः ।
सर्वत्र किं न कुर्यात् पापं तत्कारणानुगतः ॥ २८१ ॥]

तप्तायोगोलकल्पस्तप्तलोहपिण्डसदृशः कोऽसौ **प्रमत्तजीवः** प्रमादयुक्त आत्मासा**वनिवारितप्रसरो**ऽनिवृत्त्या अप्रतिहतप्रमादसामर्थ्यः सन् तथागतेः **सर्वत्र** क्षेत्रे **किं न कुर्यात्कुर्यादेव पापं** अपुण्यं **तत्कारणानुगतः** प्रमाद-पापकारणानुगत इति ॥ २८१ ॥

ગુણને કરનારા વ્રતો તે ગુણવ્રતો એમ કહ્યું. આથી ગુણને બતાવવા માટે કહે છે, અથવા ગુણવ્રતને ન કરવામાં દોષને કહે છે–

ગાથાર્થ– તપેલા લોઢાના ગોળા સમાન, પ્રમાદી, દિશાની નિવૃત્તિ ન કરવાથી જેણે પ્રમાદના બળને હણ્યો નથી તેવો, પાપનું કારણ એવા પ્રમાદને અનુસરેલો જીવ બધા ક્ષેત્રમાં તે રીતે ગમન કરવાથી શું પાપ ન કરે ? અર્થાત્ કરે જ. (૨૮૧)

---

૧. ઇંદ્રકૂપ શબ્દનો અર્થ શબ્દકોષમાં જોવામાં આવ્યો નથી. પણ પ્રસ્તુતમાં ઊંડો કૂવો એવો અર્થ સંભવે છે.

पडिवन्नम्मि य विहिणा, इमम्मि तव्वज्जणं गुणो नियमा ।
अइयाररहियपालणभावस्स वि तप्पसूईओ ॥ २८२ ॥

[प्रतिपन्ने च विधिना अस्मिन् तद्वर्जनं गुणो नियमात् ।
अतिचाररहितपालनभावस्यापि तत्प्रसूतेः ॥ २८२ ॥]

प्रतिपन्ने चाङ्गीकृते च विधिना सूत्रोक्तेन **अस्मिन्** गुणव्रते **तद्वर्जनं** प्रमादपापवर्जनं **गुणो नियमादात्मोपकारोऽवश्यंभावी** । न चैवं मन्तव्यं एतदर्थपरिपालनभाव एव ज्यायान् नत्वेतत्प्रतिपत्तिः, कथ**मतिचाररहित-पालनभावस्यापि** निरतिचारपालनभावस्यापि **तत्प्रसूते**र्गुणव्रतादेवोत्पादात्तथा-प्रतिपत्तौ हि तथाप्रतिपन्न इति इदमतिचाररहितमनुपालनीयम् ॥ २८२ ॥

ગાથાર્થ– ટીકાર્થ– સૂત્રોક્ત વિધિથી આ ગુણવ્રત સ્વીકાર્યે છતે પ્રમાદ અને પાપનો ત્યાગ એ નિયમા ગુણ=આત્મોપકાર થાય.

પૂર્વપક્ષ– આ વ્રતનો જે હેતુ છે તે હેતુનું પરિપાલન કરવું એ જ શ્રેષ્ઠ છે. વ્રતનો સ્વીકાર શા માટે કરવો ?

ઉત્તરપક્ષ– અતિચારરહિત વ્રતપાલનનો ભાવ પણ ગુણવ્રતથી જ=ગુણવ્રત સ્વીકારથી ઉત્પન્ન થાય છે. તે રીતે ગુણવ્રતને સ્વીકાર્યે છતે જીવને એમ થાય કે મેં તે રીતે ગુણવ્રતનો સ્વીકાર કર્યો છે, માટે મારે આ અતિચાર રહિત પાળવું જોઈએ. આથી વ્રતનો સ્વીકાર કરવો જોઈએ. (૨૮૨)

अतोऽस्यैवातिचारानभिधित्सुराह–

उड्ढमहे तिरियं पि य, न पमाणाइक्कमं सया कुज्जा ।
तह चेव खित्तवुड्ढिं, कहिंचि सइअंतरद्धं च ॥ २८३ ॥

[ऊर्ध्वमधस्तिर्यगपि च न प्रमाणातिक्रमं सदा कुर्यात् ।
तथैव क्षेत्रवृद्धिं कथञ्चित् स्मृत्यन्तर्धानं च ॥ २८३ ॥]

ऊर्ध्वमधस्तिर्यगपि च न प्रमाणातिक्रमं सदा कुर्यादिति ऊर्ध्व-दिक्प्रमाणातिक्रमो यावत्परिमाणं गृहीतं तस्य अतिलङ्घनं तन्न कुर्यात् ॥१॥ एवमधोदिक्तिर्यक्दिक्प्रमाणातिक्रमयोरपि भावनीयं ॥२,३॥ **तथैव क्षेत्रवृद्धिं** न कुर्यात् । यथेदं अतिचारत्रयं क्षेत्रवृद्धिश्चैकतो योजनशतमभिगृहीतमन्यतो दशयोजनानि, ततस्तस्यां दिशि समुत्पन्ने कार्ये योजनशतमध्यादपनीयान्येषां

दशादियोजनानां तत्रैव स्वबुद्ध्या प्रक्षेपो वृद्धिकरणमिति ॥४॥ **कथञ्चित् स्मृत्यन्तर्धानं** न कुर्यादिति वर्तते, स्मृतेर्भ्रंशोऽन्तर्धानं स्मृत्यन्तर्धानं, किं मया परिगृहीतं कया वा मर्यादयेत्येवमनुस्मरणमित्यर्थः । स्मृतिमूलं हि नियमानुष्ठानं तद्भ्रंशे तु नियमत एव तद्भ्रंश इति अतिचारतेति ॥५॥

तत्र वृद्धसंप्रदायः— उड्ढं जं पमाणं गहियं तस्स उवरिं पव्वयसिहरे रुखे वा पक्खी वा मक्कडो वा सावगस्स वत्थं वा आभरणं वा गिण्हिउ पमाणाइरेगं भूमिं वच्चेज्जा, तत्थ से ण कप्पए गंतुं, जाहे तं पडियं अन्नेण वा आणियं ताहे कप्पइ । एयं पुण अट्ठावयउज्जंतादिसु हवेज्जा । एवं अहे कुवियाईसु विभासा । तिरियं जं पमाणं गहियं तं तिविहेण वि करणेण णाइक्कमियव्वं। खेत्तवुड्ढी ण कायव्वा । सो पुव्वेणं भंडं गहाय गओ जाव तं परिमाणं, तओ परेण तं भंडं अग्घइत्ति काउं अवरेण जाणि जोयणाणि ताणि पुव्वदिसाए ण छुभेज्जा । सिय वोलीणो होज्जा णियत्तियव्वं विस्सरीए वा ण गंतव्वं। अन्नो वि न विसज्जियव्वो । अणाणाए कोइ गओ होज्जा जं विसुमरियखेत्तगएण लद्धं अणाणाहिगएण वा तं ण गिह्णिज्जइ ॥ २८३ ॥

આથી દિગ્વ્રતના જ અતિચારોને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે—

ગાથાર્થ— ઊર્ધ્વદિશા, અધોદિશા, તિર્યગ્દિશા એ ત્રણ દિશામાં સદા પ્રમાણાતિક્રમ ન કરે. તે જ પ્રમાણે ક્ષેત્રવૃદ્ધિ અને કોઇ પણ રીતે સ્મૃતિ-અંતર્ધાન ન કરે.

ટીકાર્થ— ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ— ઊર્ધ્વ દિશામાં જેટલું પરિમાણ ગ્રહણ કર્યું હોય તેનું ઉલ્લંઘન ન કરે. તેનાથી વધારે જાય તો ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ અતિચાર લાગે. એ જ રીતે અધોદિશા પ્રમાણાતિક્રમ અને તિર્યગ્દિશાપ્રમાણાતિક્રમમાં પણ જાણવું.

ક્ષેત્રવૃદ્ધિ— એક દિશામાં સો યોજનનો અભિગ્રહ લીધો. બીજી દિશામાં દશ યોજનનો અભિગ્રહ લીધો. આ દિશામાં કાર્ય ઉત્પન્ન થતાં દશયોજનથી આગળ જવાની જરૂર પડી. આથી સો યોજનમાંથી ઓછા કરીને દશયોજનમાં અમુક યોજનનો ઉમેરો કરે. આ પ્રમાણે સ્વબુદ્ધિથી એક દિશામાંથી ઘટાડી બીજી દિશામાં નાંખવું=વૃદ્ધિ કરવી તે ક્ષેત્રવૃદ્ધિ અતિચાર છે.

સ્મૃતિ અંતર્ધાન– મેં શું સ્વીકાર્યું અને કઈ મર્યાદાથી સ્વીકાર્યું એમ ભૂલી જવું તે સ્મૃતિ-અંતર્ધાન. નિયમના પાલનનું મૂળ નિયમની સ્મૃતિ છે. આથી નિયમની સ્મૃતિનો નાશ થતાં અવશ્ય નિયમનો નાશ થાય. આથી સ્મૃતિ-અંતર્ધાન અતિચાર છે. અહીં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે– ઉપરની દિશામાં જે પ્રમાણ કર્યું હોય તેનાથી વધારે દૂર પર્વતના શિખર કે વૃક્ષ ઉપર વાંદરો કે પક્ષી વસ્ત્ર કે આભૂષણ લઈને જાય તો ત્યાં ન જઈ શકાય. જો તે વસ્તુ (વસ્ત્ર કે આભૂષણ) પડી જાય કે બીજો કોઈ લઈ આવે તો લઈ શકાય. અષ્ટાપદ, ગિરનાર વગેરે પર્વતોમાં આવું બને. એ જ પ્રમાણે નીચે કૂવા વગેરેમાં પણ સમજવું. તથા તિર્છી દિશામાં જે પ્રમાણ લીધું હોય તેનું મન-વચન-કાયાથી ઉલ્લંઘન નહિ કરવું તથા એક દિશામાંથી બીજી દિશામાં ઉમેરીને ક્ષેત્રવૃદ્ધિ નહિ કરવી જોઈએ. તે આ પ્રમાણે– કરિયાણું લઈને પૂર્વદિશા તરફ પરિમાણ લીધું હોય ત્યાં સુધી જાય-પણ ત્યાં સુધીમાં કરિયાણું વેચાયું નહિ, આગળ જાય તો કરિયાણું વેચાય. આથી પશ્ચિમ દિશામાં જેટલા ગાઉ છૂટા હોય તે પૂર્વ દિશામાં ઉમેરી દે. પણ આમ ન કરવું જોઈએ. આમ કરવાથી અતિચાર લાગે. જો અજાણતાં પરિમાણનું ઉલ્લંઘન થઈ જાય તો ખ્યાલ આવે એટલે તુરત ત્યાંથી પાછા ફરવું જોઈએ.

વિસ્મૃત થઈ ગયું હોય (અહીંથી આગળ જવાનો નિયમ છે કે નહિ એમ વિસ્મરણ થઈ ગયું હોય) તો આગળ ન જવું જોઈએ. બીજાને પણ ન મોકલવો જોઈએ. મોકલ્યા વિના બીજો કોઈ ગયો હોય તો તેણે વિસ્મૃતક્ષેત્રમાં જે મેળવ્યું હોય તે ન લેવું જોઈએ. અથવા અજાણતાં સ્વયં જાય તો ત્યાંથી કોઈ વસ્તુ ન લેવી જોઈએ. (૨૮૩)

उक्तं सातिचारं प्रथमं गुणव्रतम् अधुना द्वितीयमुच्यते–

उवभोगपरीभोगे, बीयं परिमाणकरणमो नेयं ।
अणियमियवाविदोसा, न भवंति कयम्मि गुणभावो ॥ २८४ ॥

[उपभोगपरिभोगयोः द्वितीयं परिमाणकरणं विज्ञेयम् ।
अनियमितव्यापिदोषाः न भवन्ति कृते गुणभावः ॥ २८४ ॥]

उपभोगपरिभोगयोरिति उपभोगपरिभोगविषये यत्**परिमाणकरणं** तदेव **द्वितीयं** गुणव्रतं **विज्ञेयमि**ति पदघटना । पदार्थस्तु– उपभुज्यत इत्युपभोगः

अशनादिरुपशब्दस्य सकृदर्थत्वात्सकृद् भुज्यत इत्यर्थः । परिभुज्यत इति परिभोगो वस्त्रादिः, पुनः पुनः भुज्यत इति भावः । परिशब्दस्याभ्यावृत्त्यर्थत्वादयं चात्मक्रियारूपो पि भावतो विषये उपचरितो विषयविषयिणोरभेदोपचारादन्तर्भोगो वा उपभोगः उपशब्दस्यान्तर्वचनत्वात्, बहिर्भोगो वा परिभोगः, परिशब्दस्य बहिर्वाचकत्वादेतत्परिमाणकरणं एतावदिदं भोक्तव्युपभोक्तव्यं वा अतोऽन्यन्नेत्येवंरूपम् अस्मिन् कृते गुणमाह– **अनियमिते** असंकल्पिते ये **व्यापिनस्तद्विषयं** व्यासुं शीला **दोषास्ते न भवन्ति कृते**ऽस्मिंस्तद्विरतेरिति **गुणभावो**ऽयमत्र गुण इति ॥ २८४ ॥

અતિચાર સહિત પ્રથમ ગુણવ્રત કહ્યું. હવે બીજું ગુણવ્રત કહેવાય છે–

ગાથાર્થ– ઉપભોગ-પરિભોગનું પરિણામ કરવું તે બીજું ગુણવ્રત જાણવું. આ નિયમ કર્યે છતે નિયમના અભાવમાં ફેલાનારા દોષો ન થાય તે ગુણ છે.

ટીકાર્થ– ઉપભોગ-પરિભોગ– જે અશન વગેરે એકવાર ભોગવાય તે ઉપભોગ. જે વસ્ત્ર વગેરે અનેકવાર ભોગવાય તે પરિભોગ અથવા જે શરીરની અંદર ભોગવાય તે ઉપભોગ અને જે શરીરની બહાર ભોગવાય તે પરિભોગ. જો કે ઉપભોગ અને પરિભોગ પરમાર્થથી આત્માની ક્રિયારૂપ છે, આમ છતાં વિષય અને વિષયીના અભેદ ઉપચારથી વિષયને (વસ્તુને) પણ ઉપભોગ-પરિભોગ કહેવાય છે.

આ વસ્તુ આટલી જ વાપરવી, આનાથી વધારે ન વાપરવી એ પ્રમાણે પરિમાણ કરવું તે ઉપભોગ-પરિભોગ પરિમાણ. (૨૮૪)

सांप्रतमुपभोगादिभेदमाह–

सो दुविहो भोयणओ, कम्मयओ चेव होइ नायव्वो ।
अइयारे वि य इत्थं, वुच्छमि पुढो समासेणं ॥ २८५ ॥

[स द्विविधः भोजनतो कर्मतश्चैव भवति ज्ञातव्यः ।
अतिचारानपि च एतयोः वक्ष्ये पृथक् समासेन ॥ २८५ ॥]

स उपभोगः परिभोगश्च **द्विविधो** द्विप्रकारः **भोजनतो** भोजनमाश्रित्य **कर्मतश्चैव भवति ज्ञातव्यः** कर्म चाङ्गीकृत्येत्यर्थः । तत्र भोजनतः श्रावकेणोत्सर्गतो निरवद्याहारभोजिना भवितव्यं । कर्मतो ऽपि प्रायो

निरवद्यकर्मानुष्ठानयुक्तेन । विचित्रत्वाच्च देशविरतेश्चित्रो ऽत्रापवाद इत्यत एवेदमेवेदमेवेति वा सूत्रे न नियमितमतिचाराभिधानाच्च विचित्रस्तद्विधिः स्वधियावसेय इति ।

तथा च वृद्धसंप्रदायः— "भोजनओ सावगो उस्सग्गेण फासुयं एसणियं आहारं आहारेज्जा, तस्सासति अणेसणीयमवि सचित्तवज्जं तस्सासति अणंतकायं बहुबीयाणि परिहरेज्जा, असणे अल्लगमूलगमंसादि पाणे मंसरसमज्जाइ खाइमे पंचुंबरिगादि सादिमे महुमाइ । एवं परिभोगे वि वत्थाणि थूलधवलप्पमुल्लाणि परिमियाणि परिभुंजेज्जा । सासणगोरवत्थमुवरि विभासा याव देवदूसाइ परिभोगेण वि परिमाणं करेज्जा । कम्मओ वि अकम्मो ण तरइ जीविउं ताहे अच्चन्तसावज्जाणि परिहरेज्जा । एत्थं पि एक्कसिं चेव जं कीरइ कम्मं पहरववहरणादि विवक्खाए तमुवभोगो पुणो पुणो य जं तं पुण परिभोगो त्ति । अन्ने पुण कम्मपखे उवभोगपरिभोगजोयणं ण करिंति । उवन्नासो य एयस्सुवभोगपरिभोगकारणभावेणंति" इति कृतं प्रसङ्गेन ।

इहेदमपि चातिचाररहितमनुपालनीयमिति तदभिधित्सयाह— **अतिचारानपि चैतयोर्भोजनकर्मणोर्वक्ष्ये**ऽभिधास्ये **पृथक्** प्रत्येकं **समासेन** संक्षेपेणेति॥ २८५॥

હવે ઉપભોગ આદિના ભેદને કહે છે—

ગાથાર્થ— ઉપભોગ-પરિભોગ ભોજનથી અને કર્મથી એમ બે પ્રકારે જાણવો. આ બેના અતિચારોને પણ સંક્ષેપથી જુદા કહીશ.

ટીકાર્થ— ઉપભોગ-પરિભોગ ભોજનને આશ્રયીને અને કર્મને (=ધંધાને) આશ્રયીને એમ બે પ્રકારે છે. તેમાં ભોજનને આશ્રયીને શ્રાવકે ઉત્સર્ગથી નિરવદ્ય[1] આહારનું ભોજન કરવું જોઈએ. કર્મને આશ્રયીને પણ પ્રાયઃ નિરવદ્ય (=અલ્પ પાપવાળો) ધંધો કરવો જોઈએ. દેશવિરતિના અનેક પ્રકારો (=ભાંગા) હોવાથી દેશવિરતિમાં વિવિધ અપવાદો છે. આથી જ આ જ કરવું આ જ કરવું એમ સૂત્રમાં નિયમન કર્યું નથી. તથા અતિચારના કથનથી દેશવિરતિનો વિવિધ વિધિ સ્વબુદ્ધિથી જાણવો.

અહીં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે— (ભોજન સંબંધી વૃદ્ધ સંપ્રદાય) શ્રાવકે મુખ્યતયા એષણીય (=પોતાના માટે અલગ આરંભ કરીને ન

૧. નિરવદ્ય એટલે સચિત્ત આદિના ત્યાગથી નિર્દોષ.

બનાવેલ) અને અચિત્ત આહાર કરવો જોઈએ. અનેષણીય (=પોતાના માટે અલગ આરંભ કરીને બનાવેલ) આહાર લેવો પડે તો પણ સચિત્તનો ત્યાગ કરવો જોઈએ. સચિત્તનો પણ સર્વથા ત્યાગ ન થઈ શકે તો અનંતકાય, બહુબીજ વગેરેનો ત્યાગ કરવો જોઈએ. તેમાં અશનમાં આદુ, મૂળા, માંસ વગેરેનો, પાણીમાં માંસરસ, દારૂ વગેરેનો, ખાદિમમાં ઉદુંબર પંચક વગેરેનો, સ્વાદિમમાં મધ વગેરેનો ત્યાગ કરવો જોઈએ. એ પ્રમાણે વસ્ત્ર વગેરે પરિભોગમાં પણ સમજવું. શ્રાવકે જાડાં, સફેદ, અલ્પમૂલ્ય અને પરિમિત વસ્ત્રો પહેરવાં જોઈએ. શાસનના ગૌરવ માટે ઉપરનાં વસ્ત્રો વિષે વિકલ્પ છે, અર્થાત્ શાસનની પ્રભાવના માટે શરીરની ઉપરનાં વસ્ત્રો સૂક્ષ્મ, રંગીન અને બહુમૂલ્ય પણ પહેરે, યાવત્ દેવદૂષ્ય વગેરે વસ્ત્રો પણ પહેરે. પણ તેનુ આટલાથી વધારે ન વાપરવાં એમ પરિમાણ કરવું જોઈએ. (કર્મસંબંધી વૃદ્ધસંપ્રદાય)— શ્રાવકે જો ધંધા વિના આજીવિકા ન ચાલી શકે તો અતિશય પાપવાળા ધંધાનો ત્યાગ કરવો જોઈએ. અહીં ઉપભોગ-પરિભોગ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે— એક પ્રહર સુધી વેપાર થાય તે એકવાર ગણાય ઈત્યાદિ વિવક્ષાથી જે કર્મ એકવાર કરાય તે ઉપભોગ કહેવાય છે. જે કર્મ વારંવાર કરાય તે પરિભોગ છે. કેટલાકો કર્મમાં ઉપભોગ-પરિભોગ શબ્દનો અર્થ ઘટાવતા નથી.

પ્રશ્ન— ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતમાં ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું પરિમાણ આવે. જ્યારે અહીં કર્મનું પરિમાણ પણ જણાવ્યું છે. આનું શું કારણ ?

ઉત્તર— કર્મ ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું કારણ છે. વેપાર આદિ કર્મ વિના ઉપભોગ-પરિભોગની વસ્તુઓ પ્રાપ્ત ન થાય. પાપભીરુએ ઉપભોગ-પરિભોગની વસ્તુઓના પરિમાણની જેમ તેના કારણ કર્મનું પણ પરિમાણ કરવું જોઈએ. આથી ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતમાં કર્મના પરિમાણનો પણ સમાવેશ છે. (૨૮૫)

तत्र भोजनतोऽभिधित्सयाह—

सच्चित्ताहारं खलु, तप्पडिबद्धं च वज्जए सम्मं ।
अप्पोलियदुप्पोलियतुच्छोसहिभक्खणं चेव ॥ २८६ ॥

[सचित्ताहारं खलु तत्प्रतिबद्धं च वर्जयेत् सम्यक् ।
अपक्वदुःपक्वतुच्छौषधिभक्षणं चैव ॥ २८६ ॥]

सचित्ताहारं खलु सचेतनं मूलकन्दादिकं **तत्प्रतिबद्धं च** वृक्षस्थगुन्दपक्वफलादिलक्षणं **वर्जयेन्निहरेत्सम्यक्** प्रवचनोक्तेन विधिना । तथा **अपक्वदुःपक्वतुच्छौषधिभक्षणं च** वर्जयेदिति वर्तते । तत्रापक्वाः प्रसिद्धाः दुःपक्वास्त्वर्धस्विन्नाः तुच्छास्त्वसारा मुद्गफलीप्रभृतय इति ॥ २८६ ॥

તેમાં ભોજનને આશ્રયીને અતિચારોને કહેવાની ઇચ્છાથી કહે છે–

ગાથાર્થ– સચિત્ત, સચિત્તપ્રતિબદ્ધ, અપક્વ, દુષ્પક્વ આહારનો અને તુચ્છ ઔષધિભક્ષણ એ પાંચ અતિચારોનો સમ્યક્ ત્યાગ કરે.

ટીકાર્થ– સચિત્ત મૂળ-કંદ વગેરે સચિત્ત આહાર છે. વૃક્ષમાં રહેલ ગુંદર અને પાકાં ફળો વગેરે સચિત્ત પ્રતિબદ્ધ આહાર છે. અપક્વ આહાર પ્રસિદ્ધ છે. અર્ધ રંધાયેલ દુષ્પક્વ આહાર છે. તુચ્છ એટલે અસાર. મગની શિંગો વગેરે તુચ્છ આહાર છે. (૨૮૬)

उक्ता भोजनातिचाराः । साम्प्रतं कर्माश्रित्याह–

इंगालीवणसाडीभाडीफोडीसु वज्जए कम्मं ।
वाणिज्जं चेव दंतलक्खरसकेसविसविसयं ॥ २८७ ॥

[अङ्गारवनशकटभाटकस्फोटनेषु वर्जयेत् कर्म ।
वाणिज्यं चैव दन्तलाक्षारसकेशविषविषयम् ॥ २८७ ॥]

अङ्गारवनशकटभाटकस्फोटनेषु एतद्विषयं **वर्जयेत् कर्म** न कुर्यात् । तत्राङ्गारकर्माङ्गारकरणविक्रयविषयम् । एवं शेषेष्वप्यक्षरगमनिका कार्या । तथा **वाणिज्यं चैव** दन्तलाक्षारसकेशविषविषयं दन्तादिगोचरं वर्जयेत्परिहरेदिति ॥ २८७ ॥

एवं खु जंतपीलणकम्मं निल्लंछणं च दवदाणं ।
सरदहतलायसोसं, असईपोसं च वज्जिज्जा ॥ २८८ ॥

[एवं खलु यन्त्रपीडनकर्मनिर्लाञ्छनं च दवदानम् ।
सरोह्रदतडागशोषं असतीपोषं च वर्जयेत् ॥ २८८ ॥]

एवमेव शास्त्रोक्तेन विधिना **यन्त्रपीडनकर्म निर्लञ्छनं च** कर्म **दवदानं सरोह्रदतडागशोषं असतीपोषं च वर्जयेदिति** गाथाद्वयाक्षरार्थः । भावार्थस्तु वृद्धसम्प्रदायादेव अवसेयः । स चायम्–

इंगालकम्मंति इंगाले दहिउं विक्किणइ । तत्थ छह्णं कायाणं वहो । तं न कप्पइ। **वणकम्मं** जो वणं किणइ पच्छा रुखे छिंदिउं मुल्लेण जीवइ। एवं पत्तिगाइवि पडिसिद्धा भवंति । **साडीकम्मं** सागडियत्तणेण जीवइ । तत्थ बंधवहाई बहुदोसा । **भाडीकम्मं** सएण भंडोवक्खरेण भाडएण वहइ। परायगं ण कप्पइ । अन्नेसिं वा सगडे बइल्ले य देइ । एवमाइ ण कप्पइ। **फोडीकम्मं** उडत्तणं हलेण वा भूमिं फाडेउं जीवइ । **दंतवाणिज्जं** पुव्वं चेव पुलिंदाणं मुल्लं देइ दंते देज्जाहित्ति पच्छा पुल्लिंदा हत्थि घाएंति अचिरा सो वाणियओ एतित्ति काउं । एवं धीवराणं संखमुल्लं देइ । एवमाइ न कप्पइ । पुव्वाणीयं किणइ। **लक्खवाणिज्जे** वि एए चेव दोसा । तत्थ किमिया होंति । **रसवाणिज्जं** कल्लावालगत्तणं । तत्थ सुरादिपाणे बहुदोसा मारण अक्कोस वहाई तम्हा न कप्पइ । **केसवाणिज्जं** दासीओ गहाय अन्नत्थ विक्किणइ जत्थ अग्घेति । एत्थ वि अणेगे दोसा परवसत्तादयो। **विसवाणिज्जं** विसविक्कओ । सो ण कप्पइ । तेण बहूण जीवाण विराहणा। **जंतपीलणकम्मं** तेल्लियजंतं उच्छुजंतं चक्कमादी तं न कप्पइ । **निल्लंछणकम्मं** वड्ढेउं बल्लद्दाइ न कप्पइ । **दवग्गिदावणयाकम्मं** वणदवं देइ छेत्तरक्खणनिमित्तं। जहा उत्तरावहे । पच्छा दड्ढे तरुणगतणं उट्ठेइ । तत्थ सत्ताणं सयसहस्साण वहो । **सरदह-तलायसोसणयाकम्मं** सरदहतलागाईणि सोसेइ पच्छा वाविज्जइ । एयं ण कप्पइ । **असईपोसणयाकम्मं** असईओ पोसेइ । जहा गोल्लविसए जोणिपोसगा दासीण धणियं भार्डि गेह्णंति ।"

प्रदर्शनं चैतद्बहुसावद्यानां कर्मणामेवम्जातीयानां न पुन. परिगणनमिति॥ २८८॥

ભોજનના અતિચારો કહ્યાં. હવે કર્મને આશ્રયીને અતિચારો કહે છે–

ગાથાર્થ– અંગાર, વન, શકટ, ભાટક અને સ્ફોટક એ પાંચ કર્મનો ત્યાગ કરે. દંત, લાક્ષા, રસ, કેશ અને વિષ એ પાંચ વાણિજ્યનો ત્યાગ કરે.

ગાથાર્થ– યંત્રપીલન કર્મ, નિર્લાંછન, દવદાન, સર-દ્રહ, તડાગશોષણ,અસતી પોષણ એ પાંચનો ત્યાગ કરે.

ટીકાર્થ– લાકડાં બાળીને કોલસા બનાવવા અને વેચવા તે અંગારકર્મ. એ પ્રમાણે અન્ય કર્મોમાં પણ સંક્ષેપથી અર્થ કરવો.

અહીં ભાવાર્થ વૃદ્ધસંપ્રદાયથી જાણવો. તે આ છે–

અંગારકર્મ– લાકડા બાળીને કોલસા બનાવીને વેચે. તેમાં છ જીવનિકાયની વિરાધના થાય. **વનકર્મ–** વન ખરીદીને વૃક્ષોને છેદીને મૂલ્યથી વેચે. એ પ્રમાણે પત્રાદિનો પણ પ્રતિષેધ છે. **શકટકર્મ–** ગાડું ચલાવીને નિર્વાહ કરે. તેમાં વધ અને બંધ વગેરે બહુ દોષો થાય. **ભાટકકર્મ–** પોતાના ગાડાં વગેરેમાં બીજાના વાસણ, ઘરમાં ઉપયોગી ઉપકરણો વગેરે ભાડેથી લઇ જાય-લઇ આવે તે ભાટકકર્મ. આ રીતે પારકી વસ્તુઓ લઇ જવી-લઇ આવવી ન કલ્પે. અથવા પોતાના ગાડાં અને બળદ વગેરે બીજાને ભાડેથી આપે. ઇત્યાદિ શ્રાવકને ન કલ્પે. **સ્ફોટકકર્મ–** નીચે ઊંડે સુધી ખોદીને અથવા હળથી ભૂમિને ફાડીને આજીવિકા ચલાવે. **દંતવાણિજ્ય–** દાંત આપજે એમ કહીને પહેલેથી ભીલોને મૂલ્ય આપે. તેથી ભીલો તે વાણિયો જલદી આવશે એમ વિચારીને જલદી હાથીને મારે. એ રીતે માચ્છીમારોને પહેલેથી શંખનું મૂલ્ય આપે. ઇત્યાદિ ન કલ્પે. ભીલો પહેલેથી હાથીદાંત લઇ આવ્યા હોય અને માચ્છીમારો શંખ લઇ આવ્યા હોય તો ખરીદે. **લાક્ષાવાણિજ્ય–** લાખના વેપારમાં આ જ દોષો છે. લાખમાં કૃમિઓ ઉત્પન્ન થાય. **રસવાણિજ્ય–** દારૂ વેચવાનો વેપાર. મદિરાપાનમાં માર મારવો, આક્રોશ કરવો, વધ કરવો વગેરે ઘણા દોષો છે. માટે રસવાણિજ્ય ન કલ્પે. **કેશવાણિજ્ય–** દાસીઓ લઇને બીજા સ્થળે જ્યાં સારી કિંમત મળે ત્યાં વેચે. આમાં પણ પરાધીનતા વગેરે અનેક દોષો છે. **વિષવાણિજ્ય–** વિષનું વેચાણ ન કલ્પે. તેનાથી ઘણા જીવોની વિરાધના થાય. **યંત્રપીલણકર્મ–** તલ પીલવાનું યંત્ર, શેરડી પીલવાનું યંત્ર, ચક્ર વગેરે ન કલ્પે. **નિર્લાંછનકર્મ–** બળદ આદિને નપુંસક કરવાનું ન કલ્પે. **દવાગ્નિદાપનતાકર્મ–** ક્ષેત્રની રક્ષા માટે જંગલમાં આગ લગાડે. જેમ કે ઉત્તરાપથ દેશમાં. પછી ક્ષેત્ર બળી ગયે છતે નવું ઘાસ ઊગે. તેમાં લાખો જીવોનો વધ થાય. **સર-દહ-તડાગ-શોષણ કર્મ–** સરોવર, મોટું જલાશય અને તળાવને સુકાવે, પછી તેમાં અનાજ વગેરે વાવે. આ ન કલ્પે. **અસતીપોષણતાકર્મ–** દુરાચારિણી સ્ત્રીઓને પોષે. જેમ કે ગોલ્લદેશમાં. યોનિપોષકો (દુરાચાર કરાવવા દ્વારા પોતાની આજીવિકા ચલાવનારાઓ) દાસીઓનું ઘણું ભાડું લે છે.

આ બહુ સાવદ્ય કર્મો બતાવ્યાં. આનાથી સાવદ્ય કર્મો આટલાં જ

છે એમ ન સમજવું. આવા પ્રકારના બીજાં પણ જે જે બહુ સાવદ્ય કર્મો હોય તે પણ ત્યાજ્ય જાણવાં. (૨૮૭-૨૮૮)

उक्तं सातिचारं द्वितीयं गुणव्रतम् साम्प्रतं तृतीयमाह—

विरई अणत्थदंडे, तच्चं स चउव्विहो अवज्झाणो ।
पमायायरियहिंसप्पयाणपावोवएसे य ॥ २८९ ॥

[विरतिरनर्थदण्डे तृतीयं स चतुर्विधः अपध्यानः ।
प्रमादाचरितः हिंसाप्रदानः पापोपदेशश्च ॥ २८९ ॥]

विरतिर्निवृत्तिरनर्थदण्डे अनर्थदण्डविषया इह लोकमप्यङ्गीकृत्य निःप्रयोजनभूतोपमर्दनिग्रहविषया **तृतीयं** गुणव्रतमिति गम्यते । **स चतुर्विधः** सोऽनर्थदण्डः चतुःप्रकारः । **अपध्यान** इति अपध्यानाचरितोऽप्रशस्तध्यानेनासेवितः । अत्र देवदत्तश्रावककोङ्कणार्यकसाधुप्रभृतयो ज्ञापकं । **प्रमादाचरितो** मद्यादिप्रमादेनासेवितः । अनर्थदण्डत्वं चास्योक्तशब्दार्थद्वारेण स्वबुद्ध्या भावनीयं । **हिंसाप्रदानं** इह हिंसाहेतुत्वादायुधानलविषादयो हिंसोच्यते कारणे कार्योपचारात् । तेषां प्रदानमन्यस्मै क्रोधाभिभूतायानभिभूताय वेति । **पापोपदेशश्चेति** सूचनात्सूत्रमिति न्यायात्पापकर्मोपदेशः । पापं यत्कर्म कृष्यादि तदुपदेशो । यथा कृष्यादि कुर्वित्यादि ॥ २८९ ॥

અતિચાર સહિત બીજું ગુણવ્રત કહ્યું. હવે ત્રીજું ગુણવ્રત કહે છે—

ગાથાર્થ— અનર્થદંડની વિરતિ એ ત્રીજું ગુણવ્રત છે. અનર્થદંડના અશુભધ્યાન, પ્રમાદાચરણ, હિંસાપ્રદાન અને પાપોપદેશ એમ ચાર ભેદ છે.

ટીકાર્થ— અનર્થદંડ=નિષ્કારણ જીવહિંસા. અનર્થદંડની વિરતિથી આ લોકની અપેક્ષાએ પણ નિષ્કારણ જીવહિંસા બંધ થાય છે.

(૧) **અશુભધ્યાન**=અશુભધ્યાનથી આચરેલો અનર્થદંડ. અહીં દેવદત્ત શ્રાવક અને કોંકણદેશના પૂજ્ય સાધુ વગેરે દૃષ્ટાંત છે.

(૨) **પ્રમાદાચરણ**=મદ્ય વગેરે પ્રમાદથી આચરેલો અનર્થદંડ. પ્રમાદાચરણનું અનર્થદંડપણું જણાવેલા અનર્થદંડના શબ્દાર્થથી સ્વબુદ્ધિથી વિચારવું.

(૩) **હિંસાપ્રદાન—** શસ્ત્ર, અગ્નિ, ઝેર વગેરે હિંસાના હેતુ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી હિંસા કહેવાય છે. ક્રોધથી પરાભવ પામેલા કે ક્રોધથી પરાભવ નહિ પામેલા બીજાને શસ્ત્ર વગેરે આપવા તે હિંસાપ્રદાન.

(૪) **પાપોપદેશ–** સૂચન કરે તે સૂત્ર એવા ન્યાયથી પાપોપદેશ એટલે પાપકર્મનો ઉપદેશ. પાપરૂપ ખેતી વગેરે કર્મનો ઉપદેશ આપવો તે પાપકર્મોપદેશ. જેમ કે ખેતી વગેરે કર. (૨૮૯)

अनर्थदण्डस्यैव बहुबन्धहेतुतां ख्यापयन्नाह–

अट्ठेण तं न बंधइ, जमणट्ठेणं तु थेवबहुभावा ।
अट्ठे कालाईया, नियामगा न उ अणट्ठाए ॥ २९० ॥

[अर्थेन तत् न बध्नाति यदनर्थेन स्तोकबहुभावात् ।
अर्थे कालादयो नियामकाः न त्वनर्थे ॥ २९० ॥]

अर्थेन कुटुम्बादिनिमित्तेन प्रवर्तमानस्**तन्न बध्नाति** तत्कर्म नादत्ते (ग्रं.-१५००) **यदनर्थेन** यद्विना प्रयोजनेन प्रवर्तमानः । कुतः **स्तोकबहुभावात्** स्तोकभावेन स्तोकं प्रयोजनं परिमितत्वात्, बह्वप्रयोजनं प्रमादापरिमितत्वात् । तथा चाह– **अर्थे** प्रयोजने **कालादयो नियामकाः** कालाद्यपेक्षं हि कृष्याद्यपि भवति । **न त्वनर्थाय** प्रयोजनमन्तरेणापि प्रवृत्तौ सदा प्रवृत्तेरिति ॥ २९० ॥

અનર્થદંડ જ ઘણા બંધનું કારણ છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– પ્રયોજનથી પ્રવર્તતો જીવ તે કર્મ નથી બાંધતો કે જે કર્મ પ્રયોજન વિના પ્રવર્તતો જીવ બાંધે છે. કારણ કે પ્રયોજન પરિમિત હોય છે. અપ્રયોજન ઘણું હોય છે. પ્રયોજનમાં કાળ વગેરે નિયામક (=નિયમન કરનાર) છે. અનર્થમાં કોઈ નિયામક નથી.

ટીકાર્થ– કુટુંબ વગેરે નિમિત્તથી પ્રવર્તતો જીવ તે (=તેટલું) કર્મ નથી બાંધતો કે જે (=જેટલું) કર્મ પ્રયોજન વિના પ્રવર્તતો જીવ બાંધે છે. કારણ કે પ્રયોજન પરિમિત હોય છે. અપ્રયોજન ઘણું હોય છે. કારણ કે પ્રમાદનું કોઈ પરિમાણ હોતું નથી. પ્રયોજનમાં કાળ વગેરે નિયામક છે. ખેતી વગેરે પણ કાળ વગેરેની અપેક્ષાએ થાય છે. પણ અનર્થમાં કોઈ નિયામક નથી. કારણ કે અનર્થમાં પ્રયોજન વિના પણ પ્રવૃત્તિ થયે છતે સદા પ્રવૃત્તિ થાય છે. (૨૯૦)

इदमपि चातिचाररहितमेवानुपालनीयमिति अतः तानाह–

कंदप्पं कुक्कुइयं, मोहरियं संजुयाहिगरणं च ।
उवभोगपरीभोगाइरेयगयं चित्थ वज्जइ ॥ २९१ ॥

[कंदर्पं कौत्कुच्यं मौखर्यं संयुक्ताधिकरणं च ।
उपभोगपरिभोगातिरेकतां चैव वर्जयेत् ॥ २९१ ॥]

इति पदघटना । पदार्थस्तु– **कन्दर्पः** कामस्तद्धेतुर्विशिष्टो वाक्प्रयोगोऽपि कन्दर्प उच्यते, रागोद्रेकात्प्रहासमिश्रो मोहोद्दीपको नर्मेति भावः । इह च सामाचारी– सावगस्स अट्टट्टहासो न वट्टइ । जइ नाम हसियव्वं तउ इसिं चेव हसियव्वं ति ॥१॥ **कौत्कुच्यं** कुत्सितसंकोचनादिक्रियायुक्तः कुत्कुचः । तस्य भावः कौत्कुच्यम्, अनेकप्रकारमुखनयनौष्ठकरचरणभ्रूविकारपूर्विका परिहासादिजनिका भाण्डादीनामिव विडम्बनक्रियेत्यर्थः । एत्थ सामाचारी– "तारिसगाणि भासिउं न कप्पंति जारिसेहिं लोगस्स हासो उप्पज्जइ । एवं गतीए ठाणेण वा ठाइउं ति" ॥२॥ **मौखर्यं** धाष्ट्र्यात्प्रायोऽसत्यासंबद्धप्रलापित्वमुच्यते । "मुहेण वा अरिमाणेइ जहा कुमारामच्चेणं । सो वारहडो विसज्जिओ रन्नो णिवेदियं । ताए जीवियाए वित्ती दिन्ना । अन्नदा रुट्ठेण मारिओ कुमारामच्चो" ॥३॥ **संयुक्ताधिकरणं** अधिक्रियते नरकादिष्वनेनेत्यधिकरणं वास्युदूखलशिलापुत्रकं गोधूमयन्त्रकादिषु संयुक्तमर्थक्रियाकरणयोग्यं । संयुक्तं च तदधिकरणं चेति समासः । एत्थ सामाचारी– "सावगेणं संजुत्ताणि चेव सगडाईणि न धरेयव्वाणि । एवं वासीपरसुमाइ विभासा" ॥४॥ **उवभोगपरिभोगाइरेगयत्ति** ॥ उपभोगपरिभोगशब्दार्थो निरूपित एव । तदतिरेकस्तदधिकभावः । एत्थ वि सामाचारी– "उवभोगातिरित्तं जइ तेल्लामलए बहुए गेण्हइ तो बहुगा ण्हायगा वच्चंति तस्स लोलियाए अन्ने वि ण्हायगा ण्हायंति । पच्छा पूयरगआउकायादिवहो होइ । एवं पुप्फतंबोलादिसु विभासा । एवं न वट्टइ । का विही सावगस्स उवभोगे ण्हाणे घरे ण्हाइयव्वं नत्थि ताहे तेल्लामलएहिं सीसं घसित्ता सव्वे साडविऊण ताहे तलागाईणं तडे निविट्ठो अंजलीहिं ण्हाइ । एवं जेसु य पुप्फेसु पुप्फकुंथू ताणि परिहरइ" ॥५॥

उक्तं सातिचारं तृतीयगुणव्रतं । गुणव्रतानन्तरं शिक्षापदव्रतान्याह । तानि चत्वारि भवन्ति । तद्यथा– सामायिकं देशावकाशिकं पौषधोपवासः अतिथिसंविभागश्चेति ॥ २९१ ॥

આ વ્રત પણ અતિચાર૨હિત જ પાળવું જોઈએ. આથી અતિચારોને કહે છે–

ગાથાર્થ– અહીં કંદર્પ, કૌત્કુચ્ય, મૌખરિક, સંયુક્તાધિકરણ અને ઉપભોગ-પરિભોગાતિરેક્તાનો ત્યાગ કરે.

ટીકાર્થ– (૧) કંદર્પ– કંદર્પ એટલે કામ. કામનો હેતુ એવો વિશિષ્ટ વચનપ્રયોગ પણ કામ કહેવાય છે. અતિશય રાગના કારણે પ્રકૃષ્ટ હાસ્યથી મિશ્ર અને મોહને પ્રદીપ્ત કરનાર વચન બોલવું, અર્થાત્ હાંસી કરવી એ કંદર્પ છે. અહીં સામાચારી આ પ્રમાણે છે– "શ્રાવકે અટ્ટહાસ્ય ન કરવું જોઈએ=જોરથી ખડખડાટ ન હસવું જોઈએ. હસવું હોય (=હસવું આવી જાય) તો સામાન્યથી મોઢું મલકે તેટલું અલ્પ હસવું જોઈએ."

(૨) **કૌત્કુચ્ય–** શરીરના અંગોને અનુચિત રીતે સંકોચવા વગેરે ક્રિયાથી યુક્ત જીવ કુત્કુચ છે. કુત્કુચનો ભાવ તે કૌત્કુચ્ય. અર્થાત્ મુખ, આંખો, હોઠ, હાથ, પગ અને ભવાંના વિકારવાળી અને હાંસી-મશ્કરી આદિથી કરેલી ભાંડના જેવી નિરર્થક ચેષ્ટા તે કૌત્કુચ્ય છે. અહીં સામાચારી આ પ્રમાણે છે– "જેનાથી લોકોને હસવું આવે તેવાં વચનો બોલવા કે તેવી બેસવા-ઊઠવાની અને ચાલવાની ક્રિયા કરવી એ શ્રાવકને ન કલ્પે."

(૩) **મૌખર્ય–** ધિટ્ટાઈથી અસત્ય અને સંબંધ રહિત પ્રલાપ કરવો તે મૌખર્ય. અથવા મુખથી શત્રુને લાવે=ઉત્પન્ન કરે તે મુખર.[૧] (મુખરનો ભાવ તે મૌખર્ય.)

(૪) **સંયુક્તાધિકરણ–** જેનાથી આત્મા નરકાદિમાં જોડાય તે અધિકરણ. કુહાડો, ખાંડણિયું, વાટવાનો પથ્થર અને ઘંટી વગેરે (હિંસા દ્વારા દુર્ગતિનું કારણ હોવાથી) અધિકરણ છે. સંયુક્ત એટલે જોડેલું.[૨] હિંસક સાધનોને ગોઠવીને (જોડેલાં) તૈયાર રાખવા તે સંયુક્ત અધિકરણ છે. અહીં

---

૧. અહીં ટીકામાં જહા... ઇત્યાદિથી મૌખર્યના કારણે થતા અનર્થને જણાવતો એક પ્રસંગ ટૂંકમાં જણાવ્યો છે. તે પ્રસંગ ખ્યાલમાં ન હોવાથી ભાવાનુવાદમાં તેનો અર્થ લખ્યો નથી.

૨. સાધનો ગોઠવીને (=જોડેલા) તૈયાર હોય તો પોતાનું કાર્ય કરી શકે. છૂટા હોય તો ન કરી શકે. જેમ કે ગાડા સાથે ધોંસરી જોડેલી હોય તો જ ગાડું સ્વકાર્ય કરી શકે. આથી ટીકામાં 'અર્થક્રિયાકરણયોગ્યં' નો તાત્પર્યાર્થ જોડેલું એવો છે. અર્થ એટલે પદાર્થ-વસ્તુ. ક્રિયા એટલે કાર્ય. દા.ત. ઘટરૂપ પદાર્થની ક્રિયા=કાર્ય જલાનયન છે. કરણયોગ્ય એટલે કરવા માટે યોગ્ય. ગાડાનું જે કાર્ય છે તે કાર્ય કરવા ગાડું ત્યારે જ યોગ્ય બને કે જ્યારે ગાડું ધોસરી વગેરેથી યુક્ત હોય. આમ અર્થક્રિયાકરણયોગ્યં નો ભાવાર્થ જોડેલું થાય.

સામાચારી આ પ્રમાણે છે– શ્રાવકે ગાડું વગેરે સાધનોને જોડેલાં તૈયાર ન રાખવા જોઈએ. એ પ્રમાણે કુહાડો, વાંસલો વગેરેમાં પણ જાણવું.

(૫) ઉપભોગ-પરિભોગાતિરેક્તા– ઉપભોગ અને પરિભોગ શબ્દનો અર્થ પહેલાં કહેલો જ છે. ઉપભોગ-પરિભોગની અધિકતા તે ઉપભોગ-પરિભોગાતિરેક્તા. અહીં પણ સામાચારી આ પ્રમાણે છે– શ્રાવક તેલ-આમળાં (-સાબુ) ઘણાં લે તો તેના લોભથી ઘણા સ્નાન કરવા તળાવ આદિ સ્થળે જાય. તેથી પાણીના જીવોની અને તેમાં રહેલા પોરા વગેરે જીવોની અધિક વિરાધના થાય. એ પ્રમાણે પુષ્પ, તંબોલપાન આદિ વિષે પણ સમજવું. આથી શ્રાવકે તેવી સામગ્રી જરૂરિયાત કરતાં વધારે નહિ લેવી જોઈએ.

પ્રશ્ન– શ્રાવકને સ્નાન કરવાનો વિધિ શો છે ? **ઉત્તર–** મુખ્યતયા શ્રાવકે ઘરે જ સ્નાન કરવું જોઈએ. ઘરે સ્નાન કરવાની અનુકૂળતા ન હોય તો ઘરે તેલ-આમળાંથી માથું ઘસીને માથા ઉપરથી તેલ-આમળાં ખંખેરીને તળાવ વગેરે સ્થળે જાય ત્યાં તળાવ આદિના કિનારે બેસીને અંજલિથી (ખોબા ભરીને) સ્નાન કરે. (અર્થાત્ તળાવ આદિમાં પ્રવેશીને સ્નાન ન કરે, તથા બહુ પાણી ન વાપરે.) તથા જેમાં કુંથુઆ વગેરે જીવો હોય તેવાં પુષ્પો વગેરેનો ઉપયોગ નહિ કરવો જોઈએ. (૨૯૧)

तत्राद्यमाह–

सिक्खापयं च पढमं, सामाइयमेव तं तु नायव्वं ।
सावज्जेयरजोगाण वज्जणासेवणारूवं ॥ २९२ ॥

[शिक्षापदं च प्रथमं सामायिकमेव तत्तु ज्ञातव्यम् ।
सावद्येतरयोगानां वर्जनासेवनारूपम् ॥ २९२ ॥]

शिक्षा परमपदप्रापिका क्रिया, तस्याः **पदं** शिक्षापदं । **तच्च प्रथममाद्यं** सूत्रक्रमप्रामाण्यात्सामायिकमेव । समो रागद्वेषवियुक्तो यः सर्वभूतान्यात्मवत्पश्यति। आयो लाभः प्राप्तिरिति पर्यायाः, समस्यायः समायः । समो हि प्रतिक्षणमपूर्वैर्ज्ञानदर्शनचारित्रपर्यायैर्निरुपमसुखहेतुभिरधःकृतचिन्तामणिकल्पद्रुमोपमैर्युज्यते । स एव समायः प्रयोजनमस्य क्रियानुष्ठानस्येति **सामायिकं** । समाय **एव** वा भवं सामायिकमिति शब्दार्थः । एतत्स्वरूपमाह– **तत्तु** सामायिकं **ज्ञातव्यं** विज्ञेयं स्वरूपतः कीदृगिति आह– **सावद्येतरयोगानां**

यथासंख्यं **वर्जनासेवनरूपमिति** । तत्रावद्यं गर्हितं पापं सहावद्येन सावद्यं, योगा व्यापाराः, तेषां वर्जनारूपं परित्यागरूपमित्यर्थः । कालावधिनैवेति गम्यते, मा भूत्सावद्ययोगपरिवर्जनामात्रमपापव्यापारासेवनाशून्यमेव सामायिकमिति अत आह– इतरयोगासेवनारूपं निवरद्ययोगप्रतिसेवनारूपं चेति । सावद्ययोगपरिवर्जनवन्निरवद्ययोगपरिसेवनेऽपि अहर्निशं यत्नः कार्य इति दर्शनार्थमेतदिति । एत्थ पुण सम्माचारी– "सामाइयं सावगेणं कहं कायव्वंति इह सावगो दुविहो इड्ढिपत्तो अणिड्ढिपत्तो य । जो सो अणिड्ढिपत्तो सो चेइयघरे साहुसमीवे घरे वा पोसहसालाए वा जत्थ वा वीसमइ अच्छइ वा निव्वावारो सव्वत्थ करेइ सव्वं । चउसु ठाणेसु णियमा कायव्वं चेइयघरे साहुमूले पोसहसालाए घरे आवस्सगं करोति त्ति तत्थ जइ साहुसगासे करेइ तत्थ को विही जइ परंपरभयं णत्थि जइ विय केणइ समं विवाओ णत्थि जइ कस्सइ न धरेइ मा तेण अंच्छवियंछी कज्जिहि जइ धारणगं दट्ठूण न गेण्हइ मा भज्जिहिइ जइ वावारं ण करेइ ताहे घरे चेव सामाइयं काऊण वच्चइ पंचसमिओ तिगुत्तो इरियाउवउत्तो जहा साहू भासाए सावज्जं परिहरंतो एसणाए कट्ठं लेट्ठुं वा पडिलेहिउं पमज्जिउं एवं आयाणे निक्खिवणे खेलसिंघाणए न विगिंचइ विगिंचंतो वा पडिलेहेइ पमज्जइ य, जत्थ चिट्ठइ तत्थ तिगुत्तिणिरोहं करेइ, एयाए विहीए गंता तिविहेण नमिऊण साहुणो पच्छा सामाइयं करेइ, करेमि भंते सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविहं तिविहेणं जाव साहुं पज्जुवासामित्ति काऊण पच्छा इरियावहियं पडिक्कमइ पच्छा आलोएत्ता वंदइ आयरियाइ जहारायणियाए पुणो वि गुरुं वंदित्ता पडिलेहित्ता निविट्ठो पुच्छइ पढइ वा एवं चेइएसु वि जया सगिहे पोसहसालाए वा तत्थ नवरि गमणं णत्थि । जो इड्ढिपत्तो सो सव्विड्ढीए एइ तेण जणस्स अत्थाढा होइ आढियाय साहुणो सुपुरिसपरिग्गहेणं जइ सो कयसामाइओ एइ ताहे आसहत्थिमाइजणेणय अधिगरणं न वट्टइ ताहे ण करेइ कयसामाइएण य पाएहिं आगंतव्वं तेण ण करेइ आगओ साहुसमीवे करेइ जइ सो सावगो तो ण कोइ उट्ठेइ अह अहाभद्दओ जइ पूया कया होउत्ति भणंति ताहे पुव्वरइयं आसणं कीरइ आयरिया उट्ठिया य अच्छंति तत्थ उट्ठितमणुट्ठिते दोसा विभासियव्वा पच्छा सो इड्ढिपत्तो सामाइयं करेइ अणेण विहिणा करेमि भंते सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविहं तिविहेणं

जाव णियमं पज्जुवासामित्ति एवं सामाइयं काउं पडिक्कंतो वंदित्ता पुच्छइ सो य किर सामाइयं करेंतो मउडं अवणेइ कुंडलाणि णाममुद्दं पुप्फं तंबोलं पावारगमाइ वा वोसिरइ एसो विही सामाइयस्स" ॥ २९२ ॥

અતિચાર સહિત ત્રીજું ગુણવ્રત કહ્યું. ગુણવ્રતો પછી શિક્ષાપદ વ્રતોને કહે છે. તે શિક્ષાપદો ચાર છે. તે આ પ્રમાણે– સામાયિક, દેશાવગાશિક, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ. તેમાં પહેલા શિક્ષાપદ વ્રતને કહે છે–

ગાથાર્થ– સામાયિક જ પહેલું શિક્ષાપદ વ્રત જાણવું. તે સામાયિક સાવદ્યયોગોના ત્યાગરૂપ અને નિરવદ્યયોગોના આસેવનરૂપ જાણવું.

ટીકાર્થ– શિક્ષાપદ– શિક્ષા એટલે મોક્ષપદને પ્રાપ્ત કરાવનારી ક્રિયા. તેનું પદ તે શિક્ષાપદ.

સામાયિક– સમ એટલે રાગ-દ્વેષથી રહિત જીવ. રાગ-દ્વેષથી રહિત જીવ સર્વજીવોને પોતાની જેમ જુએ છે. આય, લાભ, પ્રાપ્તિ એ પર્યાયવાચી શબ્દો છે. સમનો જે આય=લાભ થાય તે સમાય. સમ (=રાગ-દ્વેષથી રહિત) જીવને અનુપમ સુખના હેતુ, ચિંતામણિ અને કલ્પવૃક્ષનો તિરસ્કાર કરનારા, અને અપૂર્વ એવા જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોનો પ્રતિક્ષણ યોગ (=લાભ) થાય છે, અર્થાત્ સમભાવવાળા જીવને ઉક્ત પ્રકારના જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોનો લાભ થાય તે સમાય છે. જે ક્રિયા કરવાનું પ્રયોજન સમાય છે તે સામાયિક, અથવા જે સમાયમાં જ થાય તે સામાયિક. આ પ્રમાણે સામાયિક એવા શબ્દનો અર્થ છે. સામાયિકનું સ્વરૂપ આ પ્રમાણે છે– સામાયિક સાવદ્યયોગોના ત્યાગરૂપ છે. અવદ્ય એટલે ગર્હિત એવું પાપ. અવદ્યથી=પાપથી સહિત તે સાવદ્ય. યોગો એટલે વ્યાપારો (પ્રવૃત્તિઓ). તેમનો ત્યાગ તે સાવદ્યયોગોનો ત્યાગ. સામાયિકમાં સાવદ્યયોગોનો ત્યાગ કાળની મર્યાદા સુધી થાય છે. સામાયિક નિષ્પાપ વ્યાપારના સેવનથી રહિત માત્ર સાવદ્યવ્યાપારના ત્યાગરૂપ ન થાય એટલા માટે અહીં ગ્રંથકાર કહે છે– સામાયિક નિરવદ્યયોગોના સેવનરૂપ પણ છે. આથી સામાયિકમાં સાવદ્યયોગોના ત્યાગની જેમ નિરવદ્ય યોગોના સેવનમાં પણ દિવસ-રાત પ્રયત્ન કરવો જોઈએ એમ જણાવવા માટે સામાયિક નિરવદ્યયોગોના સેવનરૂપ પણ છે એમ કહ્યું છે.

અહીં સામાચારી આ પ્રમાણે છે– શ્રાવકના ધનાઢ્ય અને અલ્પધનવાળા એવા બે ભેદ છે. અલ્પ ધનવાળો શ્રાવક [1]જિનમંદિરમાં, સાધુની પાસે,

ઘરમાં, પૌષધશાળામાં કે પોતે જ્યાં શાંતિથી બેસતો હોય કે આરામ કરતો હોય તે બધા સ્થાનમાં સામાયિક કરે. પણ મુખ્યતયા જિનમંદિર, સાધુની પાસે, પૌષધશાળા અને ઘર એ ચાર સ્થાનોમાં સામાયિક કરે. કારણ કે એ ચાર સ્થાનોમાં પ્રતિક્રમણ કરે છે. તેમાં જો સાધુની પાસે સામાયિક કરે તો તેનો વિધિ આ પ્રમાણે છે— જો શત્રુ આદિથી ભય ન હોય, કોઈની સાથે તકરાર ન હોય, કોઈનો દેવાદાર ન હોય જેથી તેની સાથે ખેંચતાણ ન કરે, દેવાદાર હોય પણ લેણદાર સામાયિકનો ભંગ ન થાય એટલા માટે પકડે તેવો ન હોય, રસ્તામાં વેપાર ન કરે, તો શ્રાવક ઘરે સામાયિક લઈને ગુરુની પાસે જાય. ગુરુની પાસે જતાં રસ્તામાં સાધુની જેમ ઈર્યાસમિતિનું પાલન કરે, સાવદ્ય ભાષાનો ત્યાગ કરે, કાષ્ઠ અને ઢેફાં વગેરે જરૂર પડે તો જોઈને પૂંજીને અને યાચીને લે, કોઈ વસ્તુ લેવા-મૂકવામાં નિરીક્ષણ કરીને પ્રમાર્જન કરે, રસ્તામાં શ્લેષ્મ, થૂંક વગેરે ન કાઢે, કાઢે તો જગ્યાને જોઈને-પ્રમાર્જીને કાઢે. જ્યાં ઊભો રહે ત્યાં પણ ગુપ્તિનું પાલન કરે.

આ રીતે સમિતિ-ગુપ્તિના પાલનપૂર્વક ગુરુની પાસે જઈને મન-વચન-કાયાથી સાધુઓને નમસ્કાર કરીને કરેમિ ભંતે સૂત્રનો પાઠ બોલીને સામાયિક કરે. પછી ઈરિયાવહી કરી ગમણાગમણે આલોવીને (=રસ્તામાં લાગેલા દોષોની આલોચના કરીને) આચાર્ય વગેરે બધા સાધુઓને દીક્ષાપર્યાયથી મોટાના ક્રમથી વંદન કરે. પછી ફરી ગુરુને વંદન કરીને બેસવાની જગ્યા પૂંજીને બેસે અને ગુરુને પ્રશ્નો પૂછે કે પાઠ કરે. જિનમંદિરમાં સામાયિક કરે તો પણ આ વિધિ સમજવો. પૌષધશાળામાં કે ઘરમાં સામાયિક કરે તો બીજે જવાનું ન હોય. (આથી ઘરેથી જવા વગેરેનો વિધિ પણ ન હોય.)

ધનાઢ્ય શ્રાવક સર્વ ઋદ્ધિ સાથે (આડંબરથી) ગુરુની પાસે સામાયિક કરવા જાય. તેથી લોકોને લાભ થાય. આ સાધુઓનો સારા પુરુષે સ્વીકાર કર્યો છે એમ સાધુઓનો આદર થાય. જો સામાયિક કરીને સાધુની પાસે જાય તો અશ્વ, હાથી, લોક વગેરે અધિકરણ બને, આથી આડંબરપૂર્વક ન જઈ શકાય. તથા પગે ચાલીને જવું પડે. આથી ધનાઢ્ય શ્રાવક ઘરેથી સામાયિક કરીને ન જાય.

---

૧. પૂર્વકાળમાં જિનમંદિરની તદ્દન પાસે વ્યાખ્યાન આદિ માટે સભામંડપ રહેતો હતો. ત્યાં સામાયિક કરવાનો વિધિ છે. હાલ સભામંડપની પ્રથા ન હોવાથી તે વિધિ નથી.

આ રીતે આડંબરથી સામાયિક લેવા આવનાર જો શ્રાવક હોય તો કોઇ સાધુ ઊભા થઇને તેનો આદર ન કરે, પણ જો ભદ્રક (રાજા વગેરે) હોય તો તેનો સત્કાર થાય એ માટે પહેલેથી આસન ગોઠવી રાખે અને આચાર્ય એના આવ્યા પહેલાં ઊભા થઇ જાય. જો આવે ત્યારે ઊભા થાય તો ગૃહસ્થોનો આદર કરવાથી દોષ લાગે, અને જો ઊભા ન થાય તો તેને ખોટું લાગે. આ દોષ ન લાગે એટલા માટે આવે એ પહેલાં જ આસન ગોઠવી રાખે, અને આચાર્ય મહારાજ ઊભા થઇ જાય. ધનાઢ્ય શ્રાવક આ પ્રમાણે આડંબરથી સાધુ પાસે આવીને 'કરેમિ ભંતે' સૂત્રનું ઉચ્ચારણ કરીને સામાયિક કરે. પછી ઇરિયાવહિયા કહીને પૂર્વની જેમ (સામાન્ય શ્રાવક સંબંધી સામાયિક વિધિમાં કહ્યું તેમ) વંદનવિધિ કરીને ગુરુને પ્રશ્ન પૂછે કે પાઠ કરે. રાજા સામાયિક કરતી વખતે મુકુટ, કુંડલ અને નામમુદ્રા (=નામવાળી વીંટી) થોડે દૂર રાખે અને પુષ્પ, તાંબુલ, ઉત્તરીય વસ્ત્ર આદિનો પણ ત્યાગ કરે. આ સામાયિકનો વિધિ છે. (૨૯૨)

अत्राह–

कयसामइयो सो साहुरेव ता इत्तरं न किं सव्वं ।
वज्जेइ य सावज्जं, तिविहेण वि संभवाभावा ॥ २९३ ॥

[कृतसामायिकः असौ साधुरेव तस्मादित्वरं न किं सर्वम् ।
वर्जयति च सावद्यं त्रिविधेनापि संभवाभावात् ॥ २९३ ॥]

कृतसामायिकः प्रतिपन्नसामायिकः **सन्नसौ** श्रावको वस्तुतः **साधुरेव** सावद्ययोगनिवृत्तेर्यस्मादेवं **तस्मात्**साधुवदे**वेत्वरम**ल्पकालं **न किं** किं न **सर्वं** निरवशेषं **वर्जयति** परिहरत्येव **सावद्यं** सपापं योगमिति गम्यते **त्रिविधेनापि** मनसा वाचा कायेन चेति । अत्रोच्यते **संभवाभावात्** श्रावकमधिकृत्य त्रिविधेनापि सर्वसावद्ययोगवर्जनासंभवादिति ॥ २९३ ॥

અહીં (પૂર્વપક્ષ-ઉત્તરપક્ષને) કહે છે–

ગાથાર્થ– પ્રશ્ન– જેણે સામાયિક કર્યું છે તે સાધુ જ છે. તેથી તે થોડા કાળ સુધી સર્વ સાવદ્યને ત્રિવિધે પણ ત્યાગ કેમ કરતો નથી ? **ઉત્તર–** અસંભવ હોવાથી.

ટીકાર્થ– પૂર્વપક્ષ– જેણે સામાયિક કર્યું છે તે શ્રાવક સાવદ્ય યોગોની નિવૃત્તિ કરી હોવાથી પરમાર્થથી સાધુ જ છે, તેથી જ સાધુની જેમ જ

થોડા સમય માટે મન-વચન-કાયાથી એમ ત્રિવિધથી પણ સર્વ સાવદ્યનો ત્યાગ શું નથી કરતો ? અર્થાત્ કરે જ છે. તો પછી (ન કરવું, ન કરાવવું, ન અનુમોદવું એમ) ત્રણ પ્રકારે પણ ત્યાગ કેમ કરતો નથી ?

ઉત્તરપક્ષ– શ્રાવકને આશ્રયીને ત્રિવિધથી પણ (ન કરવું-ન કરાવવું-ન અનુમોદવું એમ ત્રિવિધથી પણ) સર્વ સાવદ્ય યોગના ત્યાગનો અસંભવ છે. (૨૯૩)

અસંભવમેવાહ–

આરંભાણુમઈઓ, કણગાઇસુ અગ્ગહાણિવિત્તીઓ ।
ભુજ્જો પરિભોગાઓ, ભેઓ એસિં જઓ ભણિઓ ॥ ૨૯૪ ॥

[આરમ્ભાનુમતેઃ કનકાદિષુ આગ્રહાનિવૃત્તેઃ ।
ભૂયઃ પરિભોગાત્ ભેદઃ એતયોઃ યતઃ ભણિતઃ ॥ ૨૯૪ ॥]

આરમ્ભાનુમતેઃ શ્રાવકસ્યારમ્ભેષ્વનુમતિરવ્યવચ્છિન્નૈવ તથા તેષાં પ્રવર્તિતત્વાત્ **કનકાદિષુ** દ્રવ્યજાતેષુ **આગ્રહાનિવૃત્તેરા**ત્મીયાભિમાનાનિવૃત્તેરનિવૃત્તિશ્ચ **ભૂયઃ પરિભોગાદ**ન્યથા સામાયિકોત્તરકાલમપિ તદપરિભોગપ્રસઙ્ગઃ સર્વથા ત્યક્તત્વાત્ **ભેદશ્ચૈતયોઃ** સાધુશ્રાવકયોઃ **યતો ભણિત** ઉક્તઃ પરમમુનિભિરિતિ ॥ ૨૯૪ ॥

અસંભવને જ કહે છે–

ગાથાર્થ– આરંભની અનુમતિથી અને ફરી પરિભોગ થતો હોવાના કારણે સુવર્ણ આદિમાં મમત્વની નિવૃત્તિ ન થઇ હોવાથી સાધુ અને શ્રાવકમાં ભેદ કહ્યો છે.

ટીકાર્થ– આરંભની અનુમતિથી– શ્રાવકને આરંભોમાં અનુમોદનાનો નાશ થયો નથી. કારણ કે તેમણે આરંભને તે રીતે પ્રવર્તાવેલા છે. (પોતે હમણાં આરંભોથી નિવૃત્ત હોવા છતાં સામાયિક પાર્યા પછી સામાયિક દરમિયાન સંબંધી વગેરેએ આરંભથી તૈયાર કરેલી વસ્તુનો ઉપયોગ કરે છે. એથી સામાયિક દરમિયાન થઇ રહેલા આરંભોમાં તેની અનુમોદના રહેલી જ છે. સામાયિકમાં શ્રાવકને અનુમતિ દોષ લાગતો હોવાથી શ્રાવક સાધુની જેમ ન કરવું-ન કરાવવું-ન અનુમોદવું એમ ત્રિવિધ સાવદ્યનો ત્યાગ ન કરી શકે.)

શ્રાવક સામાયિક પાર્યા પછી પણ સુવર્ણ આદિનો પરિભોગ કરે છે. એથી તેણે સુવર્ણ આદિમાં મમતાનો ત્યાગ કર્યો નથી. જો તેણે સુવર્ણ

આદિમાં મમતાનો ત્યાગ કર્યો હોય તો સામાયિક પાર્યા પછી તેનો પરિભોગ ન કરી શકે. કારણ કે સર્વથા ત્યાગ કર્યો છે.

આમ આરંભની અનુમતિ રહેલી હોવાથી અને સુવર્ણાદિમાં મમતાનો ત્યાગ કર્યો ન હોવાથી પરમ મુનિઓએ સાધુ અને શ્રાવકમાં ભેદ કહ્યો છે. (૨૯૪)

ભેદાભિધિત્સયાહ–

सिक्खा दुविहा गाहा, उववायट्ठिइगईकसाया य ।
बंधंता वेयंता, पडिवज्जाइक्कमे पंच ॥ २९५ ॥

[शिक्षा द्विविधा गाथा उपपातस्थितिगतिकषायाश्च ।
बन्धः वेदना प्रतिपत्तिरतिक्रमाः पञ्च ॥ २९५ ॥

शिक्षाकृतः साधुश्रावकयोर्भेदः । सा च **द्विविद्या** ग्रहणासेवनारूपेति वक्ष्यति । तथा **गाथा** भेदिका, सामाइयंमि उ कए इत्यादिरूपेति वक्ष्यत्येव। तथोपपातो भेदकः । स्थितिर्भेदिका । गतिर्भेदिका । कषायाश्च भेदका । बन्धश्च भेदकः । वेदना भेदिका । प्रतिपत्तिर्भेदिका । अतिक्रमो भेदक इत्येतत् सर्वमेव प्रतिद्वारं स्वयमेव वक्ष्यति ग्रन्थकारः । पञ्चाथवा किं चेति पाठान्तरार्थसहितमपि । इति द्वारगाथासमुदायार्थः ॥ २९५ ॥

ભેદને કહેવાની ઇચ્છાથી કહે છે–

ગાથાર્થ– બે પ્રકારની શિક્ષા, ગાથા, ઉપપાત, સ્થિતિ, ગતિ, કષાય, બંધ, વેદ, પ્રતિપત્તિ અને અતિક્રમ કારણોથી સાધુ અને શ્રાવકમાં ભેદ છે.

ટીકાર્થ– ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા એમ બે પ્રકારની શિક્ષા છે. **सामायम्मि उ कए** ઇત્યાદિ ગાથા છે. આ ગાથા કહેશે જ.

બે પ્રકારની શિક્ષા વગેરે બધા વિષયો ગ્રંથકાર જાતે જ દરેક દ્વારમાં કહેશે. તથા ગાથાના અંતે **पञ्च** શબ્દના સ્થાને **किञ्च** એવો પાઠાંતર પણ અર્થસહિત કહેશે. આ પ્રમાણે દ્વાર ગાથાનો સામુદાયિક અર્થ છે. (૨૯૫)

અધુનાદ્યદ્વારાવયવાર્થપ્રતિપાદનાયાહ–

गहणासेवणरूवा, सिक्खा भिन्ना य साहुसड्ढाणं ।
पवयणमाईचउदसपुव्वंता पढमिया जइणो ॥ २९६ ॥

[ग्रहणासेवनरूपा शिक्षा भिन्ना च साधुश्राद्धयोः ।
प्रवचनमात्रादिचतुर्दशपूर्वान्ता प्रथमा यतेः ॥ २९६ ॥]

ગ્રહણાસેવનરૂપા શિક્ષેતિ શિક્ષાભ્યાસઃ સા દ્વિપ્રકારા ગ્રહણરૂપાસેવનરૂપા ચ। **ભિન્ના ચેયં સાધુશ્રાવકયોઃ**। અન્યથારૂપા સાધોરન્યથારૂપા શ્રાવકસ્યેતિ। તથા **ચાષ્ટપ્રવચનમાત્રાદિચતુર્દશપૂર્વાન્તા પ્રથમા યતેરિ**તિ ગ્રહણશિક્ષામધિકૃત્ય સાધુઃ સૂત્રતોઽર્થતશ્ચ જઘન્યેનાષ્ટૌ પ્રવચનમાતરસ્ત્રિગુપ્તિપઞ્ચસમિતિરૂપા ઉત્કૃષ્ટતસ્તુ બિન્દુસારપર્યન્તાનિ ચતુર્દશપૂર્વાણિ ગુહ્ણાતીતિ ॥ ૨૯૬ ॥

હવે પ્રથમ દ્વારના અવયવાર્થનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

ગાથાર્થ– સાધુ-શ્રાવકોની ગ્રહણ-આસેવનરૂપ શિક્ષા ભિન્ન છે. સાધુઓને પહેલી ગ્રહણ શિક્ષા આઠ પ્રવચન માતાથી આરંભી ચૌદ પૂર્વો સુધી હોય.

ટીકાર્થ– શિક્ષા એટલે અભ્યાસ. ગ્રહણ-આસેવનરૂપ બે પ્રકારની શિક્ષા સાધુઓને જુદી હોય છે, અને શ્રાવકોને જુદી હોય છે. પહેલી ગ્રહણ શિક્ષાને આશ્રયીને સાધુ સૂત્રથી અને અર્થથી જઘન્યથી પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચનમાતા અને ઉત્કૃષ્ટથી બિંદુસાર પર્યંત ચૌદપૂર્વો ભણી શકે છે. (૨૯૬)

પવયણમાઈછજ્જીવણિયંતા ઉભયઓ વિ ઇયરસ્સ ।
પિંડેસણા ઉ અત્થે, ઇત્તો ઇયરં પવક્ખામિ ॥ ૨૯૭ ॥

[પ્રવચનમાતૃષડ્જીવનિકાયાન્તા ઉભયતોઽપિ ઇતરસ્ય ।
પિણ્ડૈષણા ત્વર્થતઃ અતઃ ઇતરાં પ્રવક્ષ્યામિ ॥ ૨૯૭ ॥]

પ્રવચનમાતૃષડ્જીવનિકાયાન્તા ઉભયતોઽપિ સૂત્રતોઽર્થત**શ્ચેતરસ્ય** શ્રાવકસ્ય **પિણ્ડૈષણાર્થતઃ** ન સૂત્રત ઇતિ। એતદુક્તં ભવતિ– શ્રાવકઃ સૂત્રતોઽર્થતશ્ચ જઘન્યેન તા એવ પ્રવચનમાતર ઉત્કૃષ્ટતસ્તુ ષડ્જીવનિકાયં યાવદુભયતોઽર્થતસ્તુ પિણ્ડૈષણાં ન તુ તામપિ સૂત્રત ઇત્યેતાવદ્ગૃહ્ણાતિ। ઉક્તા ગ્રહણશિક્ષા, **અત ઊર્ધ્વંમિતરામા**સેવનશિક્ષાં **પ્રવક્ષ્યામિ** યથાસૌ ભેદિકા એતયોરિતિ ॥ ૨૯૭ ॥

ગાથાર્થ– ટીકાર્થ– શ્રાવકને ગ્રહણશિક્ષા સૂત્રથી અને અર્થથી જઘન્યથી ઉક્ત અષ્ટપ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી (દશવૈકાલિકના) ષડ્જીવનિકાય અધ્યયન સુધી હોય. પિંડૈષણા અધ્યયન અર્થથી હોય, પણ સૂત્રથી ન હોય. આટલું શ્રુત શ્રાવક ભણી શકે.

ગ્રહણ શિક્ષા કહી. હવે પછી આસેવન શિક્ષાને કહીશ. આસેવન શિક્ષા જે રીતે સાધુ-શ્રાવકનો ભેદ કરે છે તે રીતે કહીશ. (૨૯૭)

संपुन्नं परिपालइ, सामायारिं सदेव साहु त्ति ।
इयरो तक्कालम्मि वि, अपरिन्नाणाइओ न तहा ॥ २९८ ॥
[संपूर्णां परिपालयति सामाचारीं सदैव साधुरिति ।
इतरः तत्कालेऽपि अपरिज्ञानादेः न तथा ॥ २९८ ॥]

संपूर्णां निरवशेषां **परिपालयत्या**सेवते **सामाचारीं** मुखवस्त्रिका-प्रत्युपेक्षणादिकां क्रियां **सदैव** सर्वकालमेव **साधुरित्या**जन्म तथाप्रवृत्तेः । **इतरः** श्रावकस्**तत्कालेऽपि** सामायिकसमयेऽपि **अपरिज्ञानादेर**परिज्ञानादभिष्वङ्ग-निवृत्त्या असंभवादनभ्यासाच्च **न तथा** पालयत्येवमासेवनाशिक्षापि भिन्नैव। तयोरिति द्वारं सूत्रप्रामाण्याच्च विशेष इति ॥ २९८ ॥

ગાથાર્થ– ટીકાર્થ– સાધુ સદાય મુખવસ્ત્રિકાની પ્રતિલેખના વગેરે ક્રિયારૂપ સામાચારીનું સંપૂર્ણ પાલન કરે છે. કારણ કે દીક્ષાથી જ તે પ્રમાણે પ્રવૃત્તિ થાય છે. શ્રાવક સામાયિકના કાળે પણ સામાચારીને તે રીતે પાળતો નથી. કારણ કે સામાચારીનું તેને જ્ઞાન નથી. તે રાગથી નિવૃત્ત થયો ન હોવાથી તેને સામાચારીનું સંપૂર્ણ પાલન સંભવ નથી. તથા અભ્યાસ ન હોવાથી તેને સામાચારીનું સંપૂર્ણ પાલન ન હોય. આ પ્રમાણે સાધુ-શ્રાવકોની આસેવનશિક્ષા પણ ભિન્ન જ છે, અને સૂત્ર પ્રમાણ હોવાથી સાધુ-શ્રાવકોનો ભેદ છે. (૨૯૮)

गाथेत्युपलक्षिता तामाह–

सामाइयम्मि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।
एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥ २९९ ॥
[सामायिके तु कृते श्रमण इव श्रावको भवति यस्मात् ।
एतेन कारणेन बहुशः सामायिकं कुर्यात् ॥ २९९ ॥]

सामायिके प्राङ्निरूपितशब्दार्थे **तु**शब्दो ऽवधारणार्थः सामायिक एव **कृते** न शेषकालं **श्रमण इव** साधुरिव **श्रावको भवति यस्मादेतेन कारणेन बहुशो**ऽनेकशः **सामायिकं कुर्या**दिति । अत्र श्रमण इवोक्तं न तु श्रमण एवेति यथा समुद्र इव तडागं न तु समुद्र एवेत्यभिप्राय इति द्वारं ॥ २९९ ॥

ગાથા એ પ્રમાણે (પૂર્વે) જે ગાથા ઓળખાયેલી છે તે ગાથાને કહે છે–

ગાથાર્થ– જે કારણથી શ્રાવક સામાયિક કર્યે છતે સાધુ જેવો થાય છે તે કારણથી શ્રાવક અનેકવાર સામાયિક કરે.

ટીકાર્થ– સામાયિક શબ્દનો અર્થ પૂર્વે (૨૯૨મી ગાથામાં) જણાવ્યો છે. ગાથામાં तु શબ્દ અવધારણ અર્થવાળો હોવાથી સામાયિક કર્યે છતે એટલે સામાયિક જ કર્યે છતે એવો અર્થ થાય. શ્રાવક સામાયિક જ કર્યે છતે સાધુ જેવો થાય છે. સામાયિક સિવાયના કાળમાં સાધુ જેવો નથી.

અહીં 'સાધુ જેવો' થાય છે એમ કહ્યું છે, "સાધુ જ" થાય છે એમ નથી કહ્યું. જેમ કે તળાવ સમુદ્ર જેવું છે, પણ સમુદ્ર જ નથી. અહીં આવો અભિપ્રાય છે. (૨૯૯)

उपपातो विशेषक इत्येतदाह–

अविराहियसामन्नस्स साहुणो सावगस्स य जहन्नो ।
सोहंमे उववाओ, भणिओ तेलुक्कदंसीहिं ॥ ३०० ॥

[अविराधितश्रामण्यस्य साधोः श्रावकस्य च जघन्यः ।
सौधर्मे उपपातो भणितः त्रैलोक्यदर्शिभिः ॥ ३०० ॥]

अविराधितश्रामण्यस्य प्रव्रज्यादिवसादारभ्याखण्डितश्रमणभावस्य **साधोः श्रावकस्य च** अविराधितश्रावकभावस्येति गम्यते, **जघन्यः** सर्वस्तोकः **सौधर्मे** प्रथमदेवलोके **उपपातो** भवति जन्म **भणित** उक्तः **त्रैलोक्यदर्शिभिः** सर्वज्ञैरिति ॥ ३०० ॥

ઉપપાત સાધુ-શ્રાવકનો ભેદ કરનાર છે એ વિષયને કહે છે–

ગાથાર્થ– સર્વજ્ઞોએ દીક્ષા દિવસથી જ જેનું સાધુપણું અખંડિત છે તેવા સાધુનો અને શ્રાવકપણાની જેણે વિરાધના કરી નથી તેવા શ્રાવકનો ઉપપાત=જન્મ જઘન્યથી પ્રથમ દેવલોકમાં કહ્યો છે. (૩૦૦)

उक्कोसेण अणुत्तरअच्चुयकप्पेसु तत्थ तेसि ठिई ।
तित्तीससागराइं, बावीसं चेव उक्कोसा ॥ ३०१ ॥

[उत्कृष्टतोऽनुत्तराच्युतकल्पयोः तत्र तयोः स्थितिः ।
त्रयस्त्रिंशत्सागराणि द्वाविंशतिश्चोत्कृष्टा ॥ ३०१ ॥]

उत्कृष्टतोऽनुत्तराच्युतकल्पयोरिति साधोरनुत्तरविमानेषु श्रावकस्याच्युतकल्प उपपात इति द्वारं । **तत्र तयोरिति** तत्रानुत्तरविमानाच्युतयोस्तयोःसाधुश्रावकयोः **स्थितिर्विशिष्टप्राणसंधारणात्मिका** यथासङ्ख्यं **त्रयस्त्रिंशत्सागरोपमाणि**

द्वाविंशतिरित्युत्कृष्टा साधोस्त्रयस्त्रिंशदनुत्तरेषु श्रावकस्य तु द्वाविंशतिरच्युत इति गाथार्थः ॥ ३०१ ॥

ગાથાર્થ– સાધુ-શ્રાવકનો ઉત્કૃષ્ટથી ઉપપાત અનુક્રમે અનુત્તર વિમાનમાં અને બારમાં દેવલોકમાં થાય છે. ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમ અને બારમા દેવલોકમાં ૨૨ સાગરોપમ છે. (૩૦૧)

पलिओवमप्पुहुत्तं, तहेव पलिओवमं च इयरा उ ।
दुह्णं पि जहासंखं, भणियं तेलुक्कदंसीहिं ॥ ३०२ ॥

[पल्योपमपृथक्त्वं तथैव पल्योपमं चेतरा ।
द्वयोरपि यथासङ्ख्यं भणिता त्रैलोक्यदर्शिभिः ॥ ३०२ ॥]

पल्योपमपृथक्त्वं तथैव पल्योपमं चेतरा जघन्या सौधर्मे एव साधोः पल्योपमपृथक्त्वं स्थितिः, द्विप्रभृतिरानवभ्यः पृथक्त्वं, श्रावकस्य तु पल्योपममिति । अत एवाह– **द्वयोरपि** साधुश्रावकयो**र्भणिता त्रैलोक्यदर्शिभिः** स्थितिर्गम्यते । इति द्वारम् ॥ ३०२ ॥

ગાથાર્થ– તે જ પ્રમાણે સૌધર્મમાં સાધુની જઘન્ય સ્થિતિ પલ્યોપમ પૃથક્ત્વ (=બેથી નવ પલ્યોપમ) અને શ્રાવકની જઘન્યસ્થિતિ એક પલ્યોપમ સર્વજ્ઞોએ કહી છે. (૩૦૨)

તથા ગતિર્ભેદિકેત્યાહ–

पंचसु ववहारेणं, जइणो सड्ढस्स चउसु गमणं तु ।
गइसु चउपंचमासु, चउसु य अन्ने जहाकमसो ॥ ३०३ ॥

[व्यवहारेण पञ्चसु यतेः श्राद्धस्य चतसृषु गमनमिति ।
गतिषु चतुःपञ्चमासु चतसृषु चान्ये यथाक्रमशः ॥ ३०३ ॥]

व्यवहारेण सामान्यतो लोकस्थितिमङ्गीकृत्य **पञ्चसु यतेः** साधोः **श्रावकस्य चतसृषु गमनमिति** । कासु **गतिषु** नारकतिर्यङ्नरामरसिद्धिरूपासु **चउपंचमासु चउसु य अन्ने जहाकमसो** अन्ये त्वभिदधति साधोः सुरगतौ मोक्षगतौ च श्रावकस्य चतसृष्वपि भवान्तर्गतिष्विति द्वारम् ॥ ३०३ ॥

તથા ગતિ સાધુ-શ્રાવકનો ભેદ કરનારી છે એમ કહે છે–

ગાથાર્થ– વ્યવહારથી (=સામાન્યથી લોકસ્થિતિને સ્વીકારીને) સાધુ પાંચ ગતિમાં અને શ્રાવક ચારગતિમાં જાય. કોઈ કહે છે કે સાધુ ચોથી

(=દેવલોક) અને પાંચમી (=મોક્ષ) ગતિમાં જાય. શ્રાવક ચારેય ગતિમાં જાય. ચાર ગતિ=નારક-તિર્યંચ-મનુષ્ય-દેવગતિ. (૩૦૩)

कषायाश्च भेदका इत्याह–

चरमाण चउण्हं पि हु, उदओऽणुदओ व हुज्ज साहुस्स ।
इयरस्स कसायाणं, दुवालसट्ठाणमुदओ उ ॥ ३०४ ॥

[चरमाणां चतुर्णामपि उदयोऽनुदयो वा भवेत् साधोः ।
इतरस्य कषायाणां द्वादशानामष्टानामुदयः तु ॥ ३०४ ॥]

संज्वलनानां चतुर्णामपि क्रोधादीनां कषायाणा**मुदयोऽनुदयो वा भवेत्साधोरुदय**श्चतुस्त्रिद्व्येकभेदः, अनुदयोऽप्येवं छद्मस्थवीतरागादेर्भावनीयः । **इतरस्य** श्रावकस्य **कषायाणां द्वादशानामष्टानां चोदय एवेति** । यदा द्वादशानां तदा अनन्तानुबन्धिवर्जा गृह्यन्ते । एते चाविरतस्य विज्ञेया । यदा त्वष्टानां तदानन्तानुबन्ध्यप्रत्याख्यानवर्जाः, एते च विरताविरतस्येति द्वारम् ॥ ३०४ ॥

કષાયો સાધુ-શ્રાવકનો ભેદ કરનારા છે એમ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સાધુને સંજવલન ચારે ય કષાયનો ઉદય હોય કે ન પણ હોય. છદ્મસ્થ સાધુને કષાયનો ઉદય હોય. જ્યારે ઉદય હોય ત્યારે ચારનો, ત્રણનો, બેનો કે એકનો હોય. (આવું ક્ષપક શ્રેણિમાં કે ઉપશમ શ્રેણિમાં બને. શ્રેણિ સિવાય તો સાધુને ચારે ય કષાયનો ઉદય હોય.) જ્યારે કષાયના ઉદયનો અભાવ હોય ત્યારે પણ ચારનો, ત્રણનો, બેનો કે એકનો હોય. છદ્મસ્થ વીતરાગ સાધુને ચારે કષાયના ઉદયનો અભાવ હોય.

શ્રાવકને બાર કે આઠ કષાયનો ઉદય હોય. અવિરત શ્રાવકને અનંતાનુબંધી સિવાય બાર કષાયનો ઉદય હોય. વિરતાવિરત શ્રાવકને અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન સિવાય આઠ કષાયનો ઉદય હોય. (૩૦૪)

तथा बन्धश्च भेदक इत्येतदाह–

मूलपयडीसु जइणो, सत्तविहट्ठविहछव्विहिक्कविहं ।
बंधंति न बंधंति य, इयरे उ सत्तविहबंधा ॥ ३०५ ॥

[मूलप्रकृतिषु यतयः सप्तविधाष्टविधषड्विधैकविधबन्धकाः ।
अबन्धकाश्च भवन्ति इतरे सप्तविधबन्धकाः तु ॥ ३०५ ॥]

मूलप्रकृतिषु ज्ञानावरणादिलक्षणासु विषयभूतासु तस्मिन्विषय इति के **यतय** इति साधवः **सप्तविधाष्टविधषड्विधैकविधबन्धकाबन्धकाश्च** भवन्ति एतद्भावयिष्यति । **इतरे** श्रावकाः **सप्तविधबन्धकाः** तुशब्दादष्टविधबन्धकाश्चायुष्कबन्धकाल इति ॥ ३०५ ॥

બંધ સાધુ-શ્રાવકનો ભેદ કરનાર છે એ વિષયને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જ્ઞાનાવરણીયાદિ મૂળ પ્રકૃતિઓને આશ્રયીને સાધુઓ સપ્તવિધ, અષ્ટવિધ, ષડ્વિધ, એકવિધ બંધક હોય અને અબંધક હોય. આની ભાવના ગ્રંથકાર કરશે. શ્રાવકો સપ્તવિધ બંધક હોય અને આયુષ્યના બંધ કાળે અષ્ટવિધ બંધક હોય. (૩૦૫)

एतदेव विवृण्वन्नाह–

सत्तविहबंधगा हुंति पाणिणो आउवज्जियाणं तु ।
तह सुहुमसंपराया, छव्विहबंधा विणिद्दिट्ठा ॥ ३०६ ॥

[सप्तविधबन्धका भवन्ति प्राणिनो आयुर्वर्जितानामेव ।
तथा सूक्ष्मसंपरायाः षड्विधबन्धका विनिर्दिष्टाः ॥ ३०६ ॥]

सप्तविधबन्धका भवन्ति प्राणिनो जीवा **आयुर्वर्जितानामेव** ज्ञानावरणीयादिप्रकृतीनां सप्तानामिति । **तथा सूक्ष्मसंपरायाः** श्रेणिद्वयमध्यवर्तिनः तथाविधलोभाणुवेदकाः **षड्विधबन्धका विनिर्दिष्टास्तीर्थकृद्भिरिति** ॥ ३०६ ॥

આ જ વિષયનું વિવરણ કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– આયુષ્ય સિવાય જ્ઞાનાવરણીયાદિ સાત પ્રકૃતિઓને બાંધનારા જીવો સપ્તવિધ બંધક છે. તથા બે શ્રેણિમાં રહેલા અને તેવા પ્રકારના (=સૂક્ષ્મ) લોભના અણુઓને વેદનારા સૂક્ષ્મ સંપરાય સાધુઓને તીર્થંકરોએ ષડ્વિધબંધક કહ્યા છે. (૩૦૬)

मोहाऊवज्जाणं, पयडीणं ते उ बंधगा भणिया ।
उवसंतखीणमोहा, केवलिणो एगविहबंधा ॥ ३०७ ॥

[मोहायुर्वर्जानां प्रकृतीनां ते तु बन्धका भणिताः ।
उपशान्तक्षीणमोहाः केवलिन एकविधबन्धाः ॥ ३०७ ॥]

मोहायुर्वर्जानां प्रकृतीनां ज्ञानावरणादिरूपाणां **ते तु** सूक्ष्मसंपराया **बन्धका भणिताः**, मोहनीयं न बध्नन्ति निदानाभावात्तस्य किञ्चिच्छेषमात्रत्वा-

वस्थितावप्यसमर्थत्वात् । आयुष्कं न बध्नन्ति, तथाविधपरिणामोपात्तस्य वेदनास्थानाभावात् । **उपशान्तक्षीणमोहाः** श्रेणिद्वयोपरिवर्तिनः उपशान्तक्षीण-च्छद्मस्थवीतरागाः **केवलिनश्च** सयोगिभवस्था **एकविधबन्धका** इति ॥ ३०७ ॥

ગાથાર્થ– ટીકાર્થ– મોહ અને આયુષ્ય સિવાય જ્ઞાનાવરણીયાદિ છ પ્રકૃતિઓને બાંધનારા સૂક્ષ્મ સંપરાય સાધુઓને તીર્થંકરોએ ષડ્વિધ બંધક કહ્યાં છે. મોહનીય કર્મ ન બાંધે. કારણ કે બંધનું કોઈ કારણ નથી. જો કે મોહનીય કર્મ કંઈક અલ્પ પ્રમાણમાં બાકી રહ્યું હોવા છતાં અસમર્થ=બળરહિત છે. આયુષ્ય ન બાંધે. કારણ કે તેવા પ્રકારના પરિણામથી ગ્રહણ કરેલ આયુષ્યકર્મને વેદવાના ગુણસ્થાનનો અભાવ છે.[1]

બે શ્રેણિના ઉપરના ભાગમાં રહેલા ઉપશાંતમોહ છદ્મસ્થ વીતરાગ અને ક્ષીણમોહ છદ્મસ્થ વીતરાગ તથા ભવમાં રહેલા સયોગી કેવળી એકવિધ બંધક છે. (૩૦૭)

ते पुण दुसमयठिइस्स बंधगा न उण संपरायस्स ।
सेलेसीपडिवन्ना, अबंधगा हुंति नायव्वा ॥ ३०८ ॥

[ते पुनर्द्विसमयस्थितेः बन्धका न पुनः सांपरायिकस्य ।
शैलेशीप्रतिपन्ना अबन्धका भवन्ति ज्ञातव्याः ॥ ३०८ ॥]

ते पुनरुपशान्तमोहादयस्तस्यैकविधस्य द्विसमयस्थितेरीर्यापथस्य बन्धका न पुनः सांपरायिकस्य पुनर्भवहेतोरिति । **शैलेशीप्रतिपन्ना** अयोगि-केवलिनोऽबन्धका **भवन्ति ज्ञातव्याः** सर्वथा निदानाभावादिति द्वारम् ॥ ३०८॥

ગાથાર્થ– ટીકાર્થ– ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી કેવળી બે સમયની સ્થિતિવાળા ઈર્યાપથિક કર્મબંધના બંધક છે, પણ પુનર્ભવનું કારણ એવા સાંપરાયિક કર્મબંધના બંધક નથી. શૈલેષીને પામેલા અયોગી કેવળી અબંધક જાણવા. કારણ કે બંધનું સર્વથા કારણ નથી. (૩૦૮)

તથા વેદના ભેદિકેત્યાહ–

अट्ठण्हं सत्तण्हं, चउण्ह वा वेयगो हवइ साहू ।
कम्मपयडीण इयरो, नियमा अट्ठण्ह विन्नेओ ॥ ३०९ ॥

---

१. આ કથન ક્ષપકશ્રેણિની અપેક્ષાએ સંભવે છે. ક્ષપકશ્રેણિમાં રહેલો જીવ કર્મ ખપાવીને મોક્ષમાં જાય. આથી નવું આયુષ્ય બાંધે તો તેને વેદવાનું રહેતું નથી. અથવા બીજી કોઈ રીતે આ પદાર્થ ઘટાડવો. આ પદાર્થ મને સ્પષ્ટ સમજાયો નથી.

[अष्टानां सप्तानां चतसृणां वा वेदको भवति साधुः ।
कर्मप्रकृतीनां इतरः नियमादष्टानां विज्ञेयः ॥ ३०९ ॥]

अष्टानां सप्तानां चतसृणां वा वेदको भवति साधुः, कासां **कर्मप्रकृतीनामिति**। तत्राष्टानां यः कश्चित्, सप्तानामुपशान्तक्षीणमोहच्छद्मस्थवीतरागो, मोहनीयरहितानां चतसृणामुत्पन्नकेवलो वेदनीयनामगोत्रायूरूपाणां । **इतरः** श्रावको देशविरतिपरिणामवर्ती **नियमादष्टानां विज्ञेयो** वेदक इति द्वारं॥ ३०९ ॥

તથા વેદના સાધુ-શ્રાવકનો ભેદ કરનાર છે એમ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સાધુ આઠ, સાત કે ચાર કર્મપ્રકૃતિઓનો વેદક (=ઉદયથી ભોગવનાર) હોય છે. તેમાં જે કોઇ સાધુ હોય તે આઠનો વેદક હોય. ઉપશાંતમોહ છદ્મસ્થ વીતરાગ અને ક્ષીણમોહ છદ્મસ્થવીતરાગ મોહનીયરહિત સાતના વેદક હોય. કેવળી વેદનીય-નામ-ગોત્ર-આયુષ્ય એ ચારના વેદક હોય. દેશવિરતિના પરિણામમાં રહેલ શ્રાવકને નિયમા આઠનો વેદક જાણવો. (૩૦૯)

प्रतिपत्तिकृतो भेद इति अत्र आह–

पंच महव्वय साहू, इयरो इक्काइणुव्वए अहवा ।
सइ सामइयं साहू, पडिवज्जइ इत्तरं इयरो ॥ ३१० ॥

[पञ्चमहाव्रतानि साधुः इतर एकादीनि अणुव्रतानि अथवा
सकृत् सामायिकं साधुः प्रतिपद्यते इत्वरं इतरः ॥ ३१० ॥]

पञ्च महाव्रतानि प्राणातिपातादिविरमणादीनि संपूर्णान्येव **साधुः** प्रतिपद्यत इति योगः । **इतरः** श्रावकः **एकादीनि अणुव्रतानि** प्रतिपद्यत इत्येकं द्वे त्रीणि चत्वारि पञ्च चेति ॥ **अथवा सकृत्सामायिकं साधुः प्रतिपद्यते** सर्वकालं च धारयति । **इत्वरमितर**श्रावकोऽनेकशो न च सदा पालयतीति द्वारम् ॥ ३१० ॥

પ્રતિપત્તિથી (=વ્રતના સ્વીકારથી) સાધુ-શ્રાવકનો ભેદ કરાયેલો છે એ પ્રમાણે અહીં કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સાધુ પ્રાણાતિપાત વિરમણ વગેરે પાંચ મહાવ્રતો સંપૂર્ણ જ સ્વીકારે છે. શ્રાવક એક, બે, ત્રણ, ચાર કે પાંચ અણુવ્રતો સ્વીકારે છે. અથવા સાધુ એકવાર સામાયિક સ્વીકારે છે, અને

જીવનપર્યંત ધારણ કરે છે. શ્રાવક અનેકવાર સામાયિક સ્વીકારે છે અને તેનું પાલન સદા કરતો નથી. (૩૧૦)

अतिक्रमो भेदक इति एतदाह–

इक्कस्सइक्कमे खलु, वयस्स सव्वाणइक्कमो जइणो ।
इयरस्स उ तस्सेव य, पाठंतरमो हवा किंच ॥ ३११ ॥

[एकस्यातिक्रमे खलु सर्वेषामतिक्रमो यतेः ।
इतरस्य तु तस्यैव पाठान्तरमेवाथवा किञ्च ॥ ३११ ॥]

एकस्यातिक्रमे केनचित्प्रकारेण **व्रतस्य सर्वेषामतिक्रमो यते**स्तथाविधैकपरिणामत्वात् । **इतरस्य तु** श्रावकस्य **तस्यैवा**धिकृतस्याणुव्रतस्य न शेषाणां विचित्रविरतिपरिणामात् । **पाठान्तरमेवाथवा** द्वारगाथायां, तच्चेदं **किञ्च** "सव्वं ति भाणिऊणं" इत्यादिग्रन्थान्तरापेक्षमन्यत्रेति ॥ ३११ ॥

અતિક્રમ સાધુ-શ્રાવકનો ભેદ કરનાર છે એ વિષયને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સાધુને કોઇક રીતે એક વ્રતનો અતિક્રમ (=ભંગ) થતાં સર્વવ્રતોનો અતિક્રમ થાય. કારણ કે બધા વ્રતોનો તેવા પ્રકારનો એક જ પરિણામ હોય છે. (એક મહાવ્રતનો અલગ પરિણામ, બીજા મહાવ્રતનો અલગ પરિણામ એમ દરેક વ્રતનો અલગ અલગ પરિણામ ન હોય, કિંતુ બધા વ્રતોનો મળીને તેવા પ્રકારનો એક જ પરિણામ હોય. એથી એક વ્રતનો ભંગ થતાં સર્વ વ્રતનો ભંગ થાય.) શ્રાવકને જે અણુવ્રતનો અતિક્રમ થયો હોય તે જ એક અણુવ્રતનો અતિક્રમ થાય, બાકીનાં અણુવ્રતોનો અતિક્રમ ન થાય. કારણ કે દેશવિરતિનો પરિણામ વિચિત્ર છે.

અથવા દ્વાર ગાથામાં (૨૯૫મી ગાથામાં) **પઞ્ચ**ના સ્થાને **કિઞ્ચ** એવો પાઠાંતર છે. **કિઞ્ચ** એટલે વળી. એ **કિઞ્ચ** શબ્દ **सव्वं ति भाणिऊणं** એ ગાથાની અપેક્ષાએ છે. વળી **सव्वं ति भाणिऊणं** એ ગાથાની અપેક્ષાએ પણ સાધુ-શ્રાવકમાં ભેદ છે. **सव्वं ति भाणिऊणं** (ઉપદેશમાળા ગાથા ૫૦૩) એ ગાથાનો અર્થ આ પ્રમાણે છે– કરેમિ ભંતે સૂત્ર ઉચ્ચરવા દ્વારા "હું જીવનપર્યંત ત્રિવિધ-ત્રિવિધે સર્વ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરું છું" એમ બોલવા છતાં જેને સર્વવિરતિ નથી અને

---

૧. सव्वं ति भाणिऊणं विरई खलु जस्स सव्विया नत्थि ।
सो सव्वविरइवाई चुक्कइ देसं च सव्वं च ॥

એથી વ્રતને સ્વીકારતી વખતે સર્વવિરતિવાદી તે દેશવિરતિ અને સર્વવિરતિ એ ઉભયથી ભ્રષ્ટ થાય છે. કારણ કે જેની પ્રતિજ્ઞા કરી છે તેનું પાલન કરતો નથી. (૩૧૧)

उक्तमानुषङ्गिकं । प्रकृतं प्रस्तुमः । इदमपि च शिक्षापदव्रतमतिचाररहित-मनुपालनीयमिति तानाह—

मणवयणकायदुप्पणिहाणं सामाइयम्मि वज्जिज्जा ।
सइअकरणयं अणवट्ठियस्स तह करणयं चेव ॥ ३१२ ॥

[मनोवाक्कायदुःप्रणिधानं सामायिके वर्जयेत् ।
स्मृत्यकरणतां अनवस्थितस्य तथा करणं चैव ॥ ३१२ ॥]

मनोवाक्कायदुःप्रणिधानं मनोदुष्टचिन्तनादि **सामायिके** कृते सति **वर्जयेत्** स्मृत्यकरणतां **अनवस्थितस्य तथा करणं चैव** वर्जयेत् । तत्र **स्मृत्यकरणं** नाम सामायिकविषया या स्मृतिस्तस्या अनासेवनमिति । एतदुक्तं भवति प्रबलप्रमादान्नैव स्मरत्यस्यां वेलायां सामायिकं कर्तव्यं कृतं न कृतमिति वा । स्मृतिमूलं च मोक्षसाधनानुष्ठानमिति । सामायिकस्यानवस्थितस्य करणं अनवस्थितमल्पकालं करणानन्तरमेव त्यजति यथाकथञ्चिद्वानवस्थितं करोतीति ॥ ३१२ ॥

આનુષંગિક કહ્યું. હવે પ્રસ્તુત શરૂ કરીએ છીએ. સામાયિક શિક્ષાપદ વ્રત પણ નિરતિચાર પાળવું જોઈએ. આથી અતિચારોને કહે છે—

ગાથાર્થ— સામાયિકમાં મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન, સ્મૃતિ-અકરણ અને અનવસ્થિત-કરણનો ત્યાગ કરે.

ટીકાર્થ— સામાયિક કર્યે છતે મનમાં દુષ્ટ ચિંતવવું, એ મનો દુષ્પ્રણિધાન છે. વચનથી પાપવચન બોલવું એ વચન દુષ્પ્રણિધાન છે. કાયાથી પાપ કરવું એ કાયદુષ્પ્રણિધાન છે.

સ્મૃતિ-અકરણ— સામાયિકને યાદ ન કરવું. આનો ભાવાર્થ આ પ્રમાણે છે— અતિશય પ્રમાદના કારણે અત્યારે મારે સામાયિક કરવાનું છે, મેં સામાયિક કર્યું કે નહિ વગેરે ભૂલી જાય. મોક્ષસાધનાના અનુષ્ઠાનોનું મૂળ સ્મૃતિ છે. (જે અનુષ્ઠાન યાદ જ ન હોય તેનુ આચરણ શી રીતે થાય ?)

અનવસ્થિત-કરણ— અનવસ્થિત સામાયિક કરે, અનવસ્થિત એટલે

અલ્પકાળ, અર્થાત્ સામાયિક લીધા પછી તરત જ પારે. અથવા ગમે તેમ (=ચિત્તની સ્થિરતા વિના) સામાયિક કરે. (૩૧૨)

एतदेव अतिचारजातं विधिप्रतिषेधाभ्यां स्पष्टयति–

सामाइयं ति काउं, परचिंतं जो उ चिंतई सड्ढो ।
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामइयं ॥ ३१३ ॥

[सामायिकमिति कृत्वा परचिन्तां यस्तु चिन्तयति श्राद्धः ।
आर्तवशार्तोपगतः निरर्थकं तस्य सामायिकम् ॥ ३१३ ॥]

सामायिकमित्येवं कृत्वा आत्मानं संयम्य **परचिन्तां** संसारे इति-कर्तव्यताविषयां **यस्तु चिन्तयति श्रावकः, आर्तवशार्तश्च** स **उपगतश्चेति** समासः, आर्तध्यानसामर्थ्येनार्तः, उप सामीप्येन गतो भवस्येति भावार्थः, **निरर्थकं तस्य सामायिकं** अनात्मचिन्तावतो निःफलं सामायिकमित्यर्थः । आत्मचिन्ता च सद्ध्यानरूपेति ।१। ॥ ३१३ ॥

આ જ અતિચારસમૂહને વિધિ-પ્રતિષેધથી સ્પષ્ટ કરે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જે શ્રાવક સામાયિક કરીને એટલે કે આત્માને સંયમવાળો કરીને, સંસારમાં આ કાર્ય આ રીતે કરવાનું છે, આ કાર્ય આ રીતે કરવાનું છે, એમ પરચિંતા કરે છે, તે આર્તધ્યાનના બળથી દુઃખી થાય છે, અને સંસારની નજીક જાય છે. આત્મચિંતાથી રહિત તેનું સામાયિક નિરર્થક છે. આત્મચિંતા શુભધ્યાનરૂપ છે. (૩૧૩)

उक्तो मनोदुःप्रणिधानविधिः । सांप्रतं वाग्दुःप्रणिधानमाह–

कयसामइओ पुव्विं, बुद्धीए पेहिऊण भासिज्जा ।
सइ अणवज्जं वयणं, अन्नह सामाइयं न भवे ॥ ३१४ ॥

[कृतसामायिकः पूर्वं बुद्ध्या प्रेक्ष्य भाषेत ।
सदा निरवद्यं वचनं अन्यथा सामायिकं न भवेत् ॥ ३१४ ॥]

कृतसामायिकः सन् श्रावकः **पूर्वमाद्यं बुद्ध्या प्रेक्ष्यालोच्य भाषेत** ब्रूयात् **सदा निरवद्यवचनं** प्रणालिकयापि न कस्यचित्पीडाजनकं, **अन्यथानालोच्य** भाषमाणस्य **सामायिकं न भवेत्** । वाग्दुःप्रणिहितत्वादिति ।२। ॥ ३१४ ॥

મનોદુષ્પ્રણિધાનનો વિધિ કહ્યો. હવે વચન દુષ્પ્રણિધાનને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– શ્રાવક સામાયિકમાં પહેલાં બુદ્ધિથી વિચારીને સદા પાપરહિત વચન બોલે, પરંપરાએ પણ કોઈને પણ પીડા ઉત્પન્ન કરે તેવું વચન ન બોલે. વિચાર્યા વિના બોલનારને પરમાર્થથી સામાયિક ન હોય. કારણ કે તે વચનના દુષ્પ્રયોગવાળો છે. (૩૧૪)

भणितो वाग्दुःप्रणिधानातिचारः । सांप्रतं कायप्रणिधानमुररीकृत्याह–

अनिरिक्खियापमज्जिय, थंडिल्ले ठाणमाइ सेवंतो ।
हिंसाभावे वि न सो, कडसामइओ पमायाओ ॥ ३१५ ॥

[अनिरीक्ष्य अप्रमृज्य स्थण्डिले स्थानादि सेवमानः ।
हिंसाभावेऽपि नासौ कृतसामायिकः प्रमादतः ॥ ३१५ ॥]

अनिरीक्ष्य चक्षुषा **अप्रमृज्य** च मृदुवस्त्रान्तेन **स्थण्डिले** कल्पनीयभूभागे **स्थानादि** कायोत्सर्गनिषीदनादि **सेवमानः** सन् **हिंसाभावेऽपि** प्राण्यभावेन कथञ्चिद्व्यापत्त्यभावेऽपि **नासौ कृतसामायिकः** । कुतः **प्रमादात्काये** दुः-प्रणिधानादिति ।३। ॥ ३१५ ॥

વચન દુષ્પ્રણિધાન સંબંધી અતિચાર કહ્યો. હવે કાયદુષ્પ્રણિધાનને આશ્રયીને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સામાયિકમાં કલ્પી શકે તેવા પૃથ્વી સ્થળમાં ચક્ષુથી જોયા વિના અને કોમળ વસ્ત્રના છેડાથી પ્રમાર્જન કર્યા વિના કાયોત્સર્ગ અને બેસવું વગેરે કરનારે જીવો ન હોવાથી કોઈક રીતે જીવહિંસા ન થવા છતાં પરમાર્થથી સામાયિક કર્યું નથી. કારણ કે પ્રમાદના કારણે કાયાનો દુષ્પ્રયોગ કર્યો છે. (૩૧૫)

प्रतिपादितः कायदुःप्रणिधानमार्गः । साम्प्रतं स्मृत्यकरणमधिकृत्याह–

न सरइ पमायजुत्तो, जो सामइयं कया उ कायव्वं ।
कयमकयं वा तस्स उ, कयं पि विफलं तयं नेयं ॥ ३१६ ॥

[न स्मरति प्रमादयुक्तः यः सामायिकं कदा तु कर्तव्यम् ।
कृतमकृतं वा तस्य कृतमपि विफलं तकं ज्ञेयम् ॥ ३१६ ॥]

न स्मरति प्रमादयुक्तः सन् **यः सामायिकं कदा तु कर्तव्यं** कोऽस्य काल इति **कृतमकृतं वा** न स्मरति, **तस्येत्थम्भूतस्य कृतमपि** सद् **विफलं तत् ज्ञेयं** स्मृतिमूलत्वाद्धर्मानुष्ठानस्य, तदभावे तदभावात् ।४। ॥ ३१६ ॥

કાયદુષ્પ્રણિધાનનો માર્ગ (=કેવી રીતે કાયદુષ્પ્રણિધાન થાય તે) કહ્યો. હવે સ્મૃતિ-અકરણને આશ્રયીને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જે પ્રમાદી બનીને મારે સામાયિક ક્યારે કરવાનું છે, સામાયિકનો કાળ કયો છે, મેં સામાયિક કર્યું કે નહિ ? એમ યાદ ન રાખે, તેનું કરેલું પણ સામાયિક નિષ્ફળ જાણવું. કારણ કે ધાર્મિક અનુષ્ઠાનોનું મૂળ સ્મૃતિ છે. તેથી સ્મૃતિના અભાવમાં ધાર્મિક અનુષ્ઠાન ન હોય. (૩૧૬)

व्याख्यातं स्मृत्यकरणमधुनानवस्थितकरणमाह–

काऊण तक्खणं चिय, पारेइ करेइ वा जहिच्छाए ।
अणवट्ठियसामइयं, अणायराओ न तं सुद्धं ॥ ३१७ ॥

[कृत्वा तत्क्षणमेव पारयति करोति वा यदृच्छया ।
अनवस्थितसामायिकं अनादरान्न तच्छुद्धम् ॥ ३१७ ॥]

कृत्वा तत्क्षणमेव करणानन्तरमेव **पारयति, करोति वा यदृच्छया** यथाकथञ्चिदेव**मनवस्थितं सामायिकमनादरादबहुमानान्नैतच्छुद्धं** भवति न निरवद्यमिति ।५। ॥ ३१७ ॥

સ્મૃતિ-અકરણનું વ્યાખ્યાન કર્યું. હવે અનવસ્થિત-કરણને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સામાયિક કરીને તુરત પારે, અથવા વ્યાકુલ-ચિત્તથી ગમે તેમ સામાયિક કરે, આવું સામાયિક અનવસ્થિત છે. સામાયિક ઉપર બહુમાનભાવ ન હોવાથી આ સામાયિક શુદ્ધ નથી=નિર્દોષ નથી. (૩૧૭)

उक्तं सातिचारं प्रथमं शिक्षापदमधुना द्वितीयमाह–

दिसिवयगहियस्स दिसापरिमाणस्सेह पइदिणं जं तु ।
परिमाणकरणमेयं, बीयं सिक्खावयं भणियं ॥ ३१८ ॥

[दिग्व्रतगृहीतस्य दिग्परिमाणस्य इह प्रतिदिनं यदेव ।
परिमाणकरणमेतद् द्वितीयं शिक्षापदं भणितम् ॥ ३१८ ॥]

दिग्व्रतं प्राङ्निरूपितस्वरूपं, **तद्गृहीतस्य दिक्परिमाणस्य** योजनशतादे-र्दीर्घकालिकस्य **इह** लोके **प्रतिदिनं यदेव परिमाणकरणमे**तावदेव गन्तव्यं

न परत **इत्येतद्द्वितीयं शिक्षापदं भणितमिह** प्रवचने इति । प्रतिदिवसग्रहणं प्रतिप्रहराद्युपलक्षणं प्रतिप्रहरं प्रतिघटिकमिति ॥ ३१८ ॥

અતિચાર સહિત પહેલું શિક્ષાપદ કહ્યું. હવે બીજું શિક્ષાપદ કહે છે–

ગાથાર્થ– દિગ્વ્રતમાં ગ્રહણ કરેલા દિશાપરિમાણનું દરરોજ પરિમાણ કરવું તેને પ્રવચનમાં શિક્ષાવ્રત કહ્યું છે.

ટીકાર્થ– દિગ્વ્રતમાં ઘણા કાળ સુધીનું ઘણું દિશાપરિમાણ કર્યું હોય, તેનો દરરોજ સંક્ષેપ કરીને આટલું જ જવું, આનાથી આગળ ન જવું એમ પરિમાણ કરવું તે બીજું શિક્ષાવ્રત છે. દરરોજના ઉપલક્ષણથી દરેક પ્રહરે અને દરેક ઘડીએ પરિમાણ કરી શકાય. (૩૧૮)

देसावगासियं नाम सप्पविसनायओऽपमायाओ ।
आसयसुद्धीइ हियं, पालेयव्वं पयत्तेणं ॥ ३१९ ॥

[देशावकासिकं नाम सर्पविषज्ञातात् अप्रमादात् ।
आशयशुद्ध्या हितं पालयितव्यं प्रयत्नेन ॥ ३१९ ॥]

दिग्व्रतगृहीतदिक्परिमाणैकदेशो देशस्तस्मिन्नवकाशो गमनादिचेष्टास्थानं तेन निर्वृत्तं **देशावकाशिकमिति** । **नामेति** संज्ञा । एतच्च **सर्पविषज्ञातात्** सर्पोदाहरणेन विषोदाहरणेन च । जहा सप्पस्स पुव्वं बारस जोययाणि विसओ आसी दिट्ठीए पच्छा विज्जावाइएण ओसारंतेण जोयणे ठविओ । एवं सावगो दिसिव्वयाहिगारे बहुयं अवरज्झियाइओ पच्छा देसावगासिएणं तं पि ओसारइ । अहवा विसदिट्ठंतो । अगएण एगाए अंगुलीए ठवियं एवं विभासा । एवम**प्रमादात्**प्रतिदिनादिपरिमाणकरणे अप्रमादस्तथा **चाशयशुद्धिः** चित्तवैमल्यं, ततो **हितमि**दमिति **पालयितव्यं प्रयत्नेनेति** । इदमपि चातिचाररहितमनुपालनीयमिति ॥ ३१९ ॥

ગાથાર્થ– સર્પ અને વિષના દૃષ્ટાંતથી, અપ્રમાદથી અને આશયશુદ્ધિથી દેશાવગાશિક હિતકર છે, તેથી પ્રયત્નથી પાળવું જોઈએ.

ટીકાર્થ– અપ્રમાદથી– પ્રતિદિન આદિમાં પરિમાણ કરવામાં પ્રમાદનો અભાવ થાય છે.

આશય શુદ્ધિથી– પ્રતિદિન આદિમાં પરિમાણ કરવાથી ચિત્ત નિર્મળ બને છે.

દેશાવગાશિક– દેશાવગાશિક શબ્દમાં દેશ, અવગાશ અને ઇક એમ ત્રણ શબ્દો છે. દેશ એટલે દિગ્વ્રતમાં લીધેલ દિશા પરિમાણનો એક ભાગ, અર્થાત્ દિગ્વ્રતમાં દિશાનું જેટલું પરિમાણ રાખ્યું હોય, તેમાંથી પણ ઓછું કરીને થોડું પરિમાણ રાખવું તે દેશ. દેશમાં અવગાશ=ગમનાદિ ચેષ્ટાનું (=જવા-આવવાનું) સ્થાન તે દેશાવગાશ. દેશાવગાશથી થયેલું વ્રત તે દેશાવગાશિક.

દૃષ્ટિવિષ સર્પનું દૃષ્ટાંત

કોઇક જંગલમાં દૃષ્ટિવિષ સર્પ રહેતો હતો. તેની દૃષ્ટિમાં મહાવિષ હોવાથી તેની દૃષ્ટિનો વિષય બાર યોજન હતો. તેથી બાર યોજન જેટલી ભૂમિમાં કબૂતરી વગેરે જે કોઇ પક્ષી હોય, સસલો વગેરે જે કોઇ સ્થલચર જીવ હોય, તે બધાનો તેણે નાશ કર્યો. તેથી તે માર્ગે ચકલો પણ ફરકતો નથી. એકવાર પોતાની મિત્રમંડલીથી પરિવરેલો એક મહાન મંત્રવાદી તે પ્રદેશમાં આવ્યો. એણે એ પ્રદેશને બધી તરફથી પ્રાણીઓના સંચારથી રહિત જોયો. એ પ્રદેશની હદમાં રહેતા કોઇક માણસને તેણે પૂછ્યું: આ પ્રદેશ આ રીતે પ્રાણીઓના સંચારથી રહિત કેમ છે ? તેણે કહ્યું: અહીં એક મહાન દૃષ્ટિવિષ સર્પ છે. તેની દૃષ્ટિનો વિષય બાર યોજન છે. તેથી એણે આ પ્રદેશને અગ્નિથી બળેલા જંગલ સમાન કરી નાખ્યું, એટલે મરણના ભયથી આ પ્રદેશમાં કોઇ પણ જીવ સંચાર કરતો નથી, વિશેષથી શું ? ચકલો વગેરે પ્રાણીઓએ પણ સ્વજીવનના રક્ષણની ઇચ્છાથી આ પ્રદેશનો ત્યાગ કર્યો છે. મંત્રવાદીએ કહ્યું: જો એમ છે તો, મારી પાસે ગુરુપરંપરાથી આવેલો એક ગારુડ મંત્ર છે. તેના પ્રભાવથી હું આ સર્પની દૃષ્ટિના આટલા વિષયનો નિરોધ (=સંક્ષેપ) કરું. પછી તેણે સર્પની નજીકના પ્રદેશમાં જઇને તેના વિષયનો નિરોધ કર્યો. બાર યોજન પ્રમાણ વિષયની માત્ર યોજનપ્રમાણ મર્યાદા કરી, તેથી પણ અધિક સંક્ષેપ કરીને પરિમિત, અતિશય પરિમિત એમ કરતાં કરતાં છેક દૃષ્ટિની નજીક અંગુલ વગેરે પ્રમાણવાળી મર્યાદા કરી. અહીં ઉપનય તો પૂર્વની જેમ જ સ્વબુદ્ધિથી કરવો.

વૈદ્યનું દૃષ્ટાંત

મહા બલવાન શત્રુરાજાના ભયથી કોઇ રાજાએ પોતાના દેશમાં રહેલા પાણી અને ઘાસ વગેરેનો નાશ કરવાની ઇચ્છાથી પોતાના મંડલનો વિષનો

કર (=ટેક્ષ) નાખ્યો. તેથી કોઇ દશ [1]પલ, કોઇ વીસ પલ, કોઇ પચાસ પલ, કોઇ સો પલ જેટલું વિષ લઇ આવ્યા. રાજાના જ વૈદ્યે માત્ર જવ જેટલુ વિષ લઇને રાજાને આપ્યું. તેટલું જ વિષ આપવાથી રાજા રોષ પામ્યો. ઇંગિત આકારમાં (=અભિપ્રાયને અનુરૂપ ચેષ્ટામાં) કુશળ વૈદ્યે રાજાને રોષવાળો જાણીને કહ્યું: હે દેવ ! આ મહાવિષ છે, યવ જેટલા પણ આ વિષથી સો ભાર થાય છે. કારણ કે આ વિષ શતવેધી (=સો જીવોને મારનાર) છે. રાજાએ કહ્યું: એની ખાતરી શી ? વૈદ્યે કહ્યું: કોઇ મરવાની ઇચ્છાવાળા (=થોડા સમયમાં મૃત્યુ પામે તેવા) હાથીને મંગાવો. તેના વચનથી રાજાએ તુરત જ વૃદ્ધાવસ્થાથી શિથિલ થઇ ગયેલ અને રોગથી વિહ્વલ એક મોટો હાથી મંગાવ્યો. વૈદ્યે તેના પુંછડાનો એક વાળ તોડીને તેના (=વાળના) સ્થાનમાં નખના અગ્રભાગથી વાળના અગ્રભાગ જેટલું વિષ મૂક્યું. તે જ ક્ષણે આખા શરીરમાં વિષ ફેલાઇ ગયું. હાથી નીચે પડ્યો અને ચેષ્ટા વિનાનો બની ગયો, તથા જાણે ગળીના રંગથી રંગ્યો હોય તેમ અતિશય લીલાવર્ણવાળો થઇ ગયો. વૈદ્યે કહ્યું: હે દેવ ! આ સંપૂર્ણ હાથી વિષરૂપ થઇ ગયો છે. એનું જે ભક્ષણ કરશે તે શ્વાન અને શિયાળ વગેરે પણ વિષરૂપ બની જશે. આ પ્રમાણે સોમા[2] સ્થાનને પણ આ વિષ મારે છે, એથી આ મહાવિષ છે. તેથી રાજાએ કહ્યું: અહો ઉત્તમવૈદ્ય ! આવા પ્રકારના મહાવિષનો કોઇ પ્રતીકાર છે ? વૈદ્યે કહ્યું: હે દેવ ! છે. રાજાને વિશ્વાસ પમાડવા માટે વૈદ્યે ફરી કહ્યું: હે દેવ ! બલવાન શરીરવાળો બીજો કોઇ મોટો હાથી મંગાવો. રાજાએ વૈદ્યનું વચન તે જ પ્રમાણે કર્યું. વૈદ્યે પણ તે જ પ્રમાણે વિષ મૂક્યું. તે જ ક્ષણે તેના આખા શરીરમાં વિષ ફેલાઇ ગયું. તેથી વૈદ્યે તે જ વખતે તે જ સ્થાનમાં ઔષધ મૂક્યું. ઔષધે વિષને ખસેડીને એક પગમાં લાવી મૂક્યું. ત્યાંથી પણ ખસેડીને પગના અંગુઠામાં લાવી મૂક્યું. ત્યાંથી પણ ખસેડીને અંગુઠાના અગ્રભાગમાં લાવી મુક્યું. તેથી ખુશ થયેલા રાજાએ વૈદ્ય ઉપર મહાકૃપા કરી. વૈદ્ય પણ રાજાના પ્રભાવથી આ લોકનાં સુખોનો ભાગી બન્યો.

એ પ્રમાણે શ્રાવક પણ દિશાપરિમાણવ્રતમાં સો યોજન વગેરે ક્ષેત્રપ્રમાણ લીધું હોય, દેશાવગાશિક વ્રતમાં તેનો જ સંક્ષેપ કરીને એક ગાઉ વગેરે પ્રમાણ

૧. પલ=ચાર તોલા, ભાર=વીસ તોલા.

૨. શિયાળ વગેરેનું ભક્ષણ કરનાર વિષરૂપ બની જાય એમ પરંપરાએ સોમા સ્થાનને પણ આ વિષ મારે.

કરે, અથવા તેનાથી પણ ઓછું કરીને ઘરની ડેલી સુધી પ્રમાણ કરે. અહીં દિશાપરિમાણવ્રતમાં લીધેલું ક્ષેત્રપ્રમાણ હાથીના દેહ તુલ્ય છે. શ્રાવકની ગમન-આગમન વગેરે પ્રવૃત્તિ વિષના ફેલાવા સમાન છે. દેશાવગાશિક ઔષધ તુલ્ય છે. તેથી શ્રાવક તેનાથી ઘણા કે અધિક ઘણા ક્ષેત્રનો સંક્ષેપ કરે. (૩૧૯)

अतस्तानाह–

वज्जिज्जा आणयणप्पओगपेसप्पओगयं चेव ।
सद्दाणुरूववायं, तह बहिया पुग्गलक्खेवं ॥ ३२० ॥

[वर्जयेत् आनयनप्रयोगं प्रेष्यप्रयोगं चैव ।
शब्दानुपातं रूपानुपातं तथा बहिःपुद्गलक्षेपम् ॥ ३२० ॥]

प्रतिपन्नदेशावकाशिकः सन् **वर्जयेत्** किं **आनयनप्रयोगं प्रेष्यप्रयोगं चैव शब्दानुपातं रूपानुपातं** च **तथा बहिर्वा पुद्गलक्षेपं** वर्जयेदिति पदघटना। भावार्थस्तु इह विशिष्टावधिके भूदेशाभिग्रहे परतः स्वयं गमनायोगाद्योऽन्यः सचित्तादिद्रव्यानयने प्रयुज्यते, संदेशकप्रदानादिना "त्वयेदमानेयम्" इति अयमानयनप्रयोगः ॥ तथा प्रेष्यप्रयोगः बलाद्विनियोज्यः प्रेष्यस्तस्य प्रयोगो, यथाभिगृहीतप्रविचारदेशव्यतिक्रमभयात् "त्वयावश्यमेव गत्वा मम गवाद्यानेयमिदं वा तत्र कर्तव्यमेव" एवम्भूतः ।२। तथा शब्दानुपातः स्वगृहवृत्तिप्राकारादिव्यवच्छिन्नभूप्रदेशाभिग्रहे बहिः प्रयोजनोत्पत्तौ, तत्र स्वयंगमनायोगाद् वृत्तिप्राकारप्रत्यासन्नवर्तिनो बुद्धिपूर्वकं क्षुत्कासितादिकशब्दकरणेन समवसितकान्बोधयतः शब्दानुपातनमुच्चारणं तादृग्येन परकीयश्रवणविवरमनुपतत्यसाविति ।३। तथा रूपानुपातो गृहीतदेशाद् बहिः प्रयोजनभावे शब्दमनुच्चारयत एव परेषां समीपानयनार्थं स्वशरीररूपप्रदर्शनं रूपानुपातः ।४। तथा बहिः पुद्गलक्षेपो–ऽभिगृहीतदेशाद् बहिः प्रयोजनभावे परेषां प्रबोधनाय लेष्ट्वादिक्षेपः पुद्गलप्रक्षेप इति भावना ।५। देशावकाशिकमेतदर्थमभिगृह्यते मा भूद् बहिर्गमनागमनादिव्यापारजनितः प्राण्युपमर्द इति । स च स्वयं कृतोऽन्येन वा कारितः इति न कश्चित्फले विशेषः । प्रत्युत गुणः स्वयं गमन ईर्यापथविशुद्धेः परस्य पुनरनिपुणत्वात्तदशुद्धिरिति ॥ ३२० ॥

આ પણ અતિચાર રહિત પાળવું જોઈએ. આથી અતિચારોને કહે છે–

ગાથાર્થ– આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને બહિઃપુદ્ગલક્ષેપનો ત્યાગ કરે.

ટીકાર્થ– શ્રાવક દેશાવગાશિક વ્રતમાં આનયન પ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને બહિઃપુદ્ગલ પ્રક્ષેપ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) આનયનપ્રયોગ– (લાવવા માટે બીજાને) જોડવો તે આનયન પ્રયોગ. આનયન શબ્દનો આ શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે છે–) મારે આજે અમુક પ્રદેશથી બહાર ન જવું એમ વિશિષ્ટ મર્યાદાવાળા પૃથ્વીપ્રદેશનો અભિગ્રહ કર્યા પછી અભિગ્રહવાળા સ્થાનથી આગળ પોતે ન જઇ શકવાથી સચિત્ત વગેરે દ્રવ્ય લાવવા માટે તારે આ વસ્તુ લાવવી એમ સંદેશો આપીને બીજા પાસેથી વસ્તુ મંગાવવી તે આનયન પ્રયોગ.

(૨) પ્રેષ્યપ્રયોગ– (પ્રેષ્ય એટલે નોકર. નોકરની જેમ બીજાને બળાત્કારથી પોતાના કામમાં જોડવો તે પ્રેષ્યપ્રયોગ. પ્રેષ્યપ્રયોગ શબ્દનો આ શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે છે–) જવા-આવવાના અભિગ્રહવાળા સ્થાનનું ઉલ્લંઘન થવાના ભયથી "અમુક સ્થળે અવશ્ય જઈને તારે મારી ગાયો વગેરે વસ્તુ લાવવી, અથવા ત્યાં આ કામ કરવું" એમ વસ્તુ લાવવા માટે કે કામ કરવા માટે બીજાને મોકલવો તે પ્રેષ્યપ્રયોગ.

(૩) શબ્દાનુપાત– અનુપાત એટલે ઉચ્ચાર. શબ્દનો ઉચ્ચાર કરવો તે શબ્દાનુપાત. પોતાના ઘરની વાડના પૃથ્વીપ્રદેશથી આગળ ન જવું અથવા પોતાના ઘરના કિલ્લાથી આગળ ન જવું એ પ્રમાણે અભિગ્રહ લીધા પછી અભિગ્રહવાળા સ્થાનથી બહારના સ્થાનમાં કોઇ કામ પડતાં ત્યાં પોતે ન જઇ શકવાથી વાડ કે કિલ્લાની નજીક રહીને બીજાઓ સાંભળે તે રીતે બુદ્ધિપૂર્વક (સમજપૂર્વક) છીંક, ખાંસી આદિ શબ્દ કરીને પરિચિતોને જણાવનારને શબ્દાનુપાત અતિચાર લાગે.

(૪) રૂપાનુપાત– અનુપાત એટલે બતાવવું. પોતાના શરીરનું રૂપ બતાવવું તે રૂપાનુપાત. (અર્થાત્ પોતાનું શરીર બતાવવું તે રૂપાનુપાત.) અભિગ્રહ કરેલા સ્થાનથી બહાર કોઇ કામ પડતાં શબ્દનો ઉચ્ચાર કર્યા વિના જ બીજાને પોતાની નજીક લાવવા માટે પોતાનું શરીર બતાવવું તે રૂપાનુપાત અતિચાર છે.

(૫) બહિઃપુદ્ગલ પ્રક્ષેપ– અભિગ્રહવાળા સ્થાનથી બહાર કામ પડતાં બીજાઓને જણાવવા માટે ઢેફું વગેરે ફેંકવું તે બહિઃપુદ્ગલ પ્રક્ષેપ.

જવા-આવવાથી જીવહિંસા ન થાય તે માટે દેશાવગાશિક વ્રત છે.

જીવહિંસા પોતે કરે કે બીજા પાસે કરાવે તેમાં ફળમાં કોઇ ફેર પડતો નથી. બલ્કે બીજાને મોકલે તેના કરતાં પોતે જાય તેમાં દોષો ઓછા લાગે. કારણ કે પોતે ઇર્યાસમિતિપૂર્વક જાય, જ્યારે બીજો નિપુણ ન હોવાથી ઇર્યાસમિતિ વિના જાય. (૩૨૦)

व्याख्यातं सातिचारं द्वितीयं शिक्षापदमधुना तृतीयमुच्यते–

आहारपोसहो खलु, सरीरसक्कारपोसहो चेव ।
बंभव्वावारेसु य, तइयं सिक्खाववं नाम ॥ ३२१ ॥

[आहारपौषधः खलु शरीरसत्कारपौषधश्चैव ।
ब्रह्माव्यापारयोश्च तृतीयं शिक्षापदं नाम ॥ ३२१ ॥]

आहारपौषधः खलु शरीरसत्कारपौषधश्चैव ब्रह्माव्यापारयोश्चेति ब्रह्मचर्यपौषधो ऽव्यापारपौषधश्चेति । इह पौषधशब्दः रूढ्या पर्वसु वर्तते । पर्वाणि चाष्टम्यादितिथयः । पूरणात्पर्व धर्मोपचयहेतुत्वादिति । तत्राहारः प्रतीतः । तद्विषयस्तन्निमित्तो वा पौषधः आहारपौषधः । आहारादिनिवृत्तिनिमित्तं धर्मपूरणं पर्वेति भावना । एवं शरीरसत्कारपौषधः । ब्रह्मचर्यपौषधः, अत्र चरणीयं चर्यं 'अचो यत्' इत्यस्मादधिकारात् "गदमदचरयमश्चानुपसर्गे" इति यत् । ब्रह्म कुशलानुष्ठानं । यथोक्तं– "ब्रह्म वेदो ब्रह्म तपो ब्रह्म ज्ञानं च शाश्वतं ।" ब्रह्म च तच्चर्यं चेति समासः । शेषं पूर्ववत् । तथाव्यापारपौषधः **तृतीयं शिक्षाव्रतं** नामेति सूचनात्सूत्रमिति न्यायात्तृतीयं शिक्षापदव्रतमिति ॥ ३२१ ॥

અતિચાર સહિત બીજા શિક્ષાવ્રતનું વ્યાખ્યાન કર્યું. હવે ત્રીજું શિક્ષાવ્રત કહેવાય છે–

ગાથાર્થ– આહાર પૌષધ, શરીર સત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ અને અવ્યાપાર પૌષધ એમ (ચાર પ્રકારે) ત્રીજું શિક્ષાપદ વ્રત છે.

ટીકાર્થ– અહીં પૌષધ શબ્દ રૂઢિથી પર્વોમાં વર્તે છે, અર્થાત્ પૌષધ એટલે પર્વ. આઠમ આદિ તિથિઓ પર્વો છે. જે ધર્મને પૂરે તે પર્વ. કારણ કે પર્વ ધર્મવૃદ્ધિ-પુષ્ટિનું કારણ છે.

આહાર પૌષધ– આહાર પ્રસિદ્ધ છે. આહાર સંબંધી પૌષધ તે આહાર પૌષધ. અથવા આહાર નિમિત્તે પૌષધ તે આહાર પૌષધ. આહારાદિની નિવૃત્તિના નિમિત્તથી ધર્મને પૂરે તે પર્વ એવો અહીં ભાવ છે.

શરીર સત્કાર પૌષધ– શરીર સત્કારની નિવૃત્તિના નિમિત્તથી ધર્મની પુષ્ટિને કરનારું પર્વ તે શરીર સત્કાર પૌષધ.

બ્રહ્મચર્ય પૌષધ– બ્રહ્મચર્ય પૌષધમાં બ્રહ્મચર્યનો અર્થ આ પ્રમાણે છે– બ્રહ્મ એટલે કુશલ અનુષ્ઠાન. કહ્યું છે કે– "બ્રહ્મ દેવ છે, બ્રહ્મ તપ છે, બ્રહ્મ શાશ્વત જ્ઞાન છે. ચર્ય એટલે આચરણ. કુશલ અનુષ્ઠાનરૂપ આચરણ તે બ્રહ્મચર્ય. (કુશલ અનુષ્ઠાન રૂપ આચરણના નિમિત્તથી ધર્મની પુષ્ટિને કરનારું પર્વ તે બ્રહ્મચર્ય પૌષધ.)

અવ્યાપાર પૌષધ– અવ્યાપાર એટલે પાપવ્યાપારનો ત્યાગ. પાપવ્યાપારની નિવૃત્તિના નિમિત્તથી ધર્મની પુષ્ટિને કરનારું પર્વ તે અવ્યાપાર પૌષધ.

મૂળગાથામાં શિક્ષાવ્રત એમ કહ્યું છે. તેમાં પદ શબ્દનો ઉલ્લેખ નથી. આમ છતાં સૂત્ર માત્ર સૂચન કરે છે એ ન્યાયથી ત્રીજું શિક્ષાપદવ્રત છે એમ સમજવું. (૩૨૧)

एतदेव विशेषेणाह–

देसे सव्वे य दुहा, इक्किक्को इत्थ होइ नायव्वो ।
सामाइए विभासा, देसे इयरम्मि नियमेण ॥ ३२२ ॥

[देशे सर्वस्मिन् च द्विधैव एकैकः अत्र भवति ज्ञातव्यः ।
सामायिके विभाषा देशे इतरस्मिन्नियमेन ॥ ३२२ ॥]

देश इति देशविषयः **सर्व** इति सर्वविषयश्च **द्विधा** द्विप्रकार **एकैक** आहारपौषधादिरत्र प्रवचने **भवति ज्ञातव्यः । सामायिके विभाषा** कदाचित्क्रियते कदाचिन्नेति **देशपौषधे । इतरस्मिन्** सर्वपौषधे **नियमेन** सामायिकं अकरणादात्मवञ्चनेति ।

भावत्थो पुण इमो– आहारपोसहो दुविहो देसे सव्वे य । देसे अमुगा विगती आयंबिलं वा एक्कसिं वा दो वा । सव्वे चउव्विहो आहारो अहोरत्तं पच्चक्खाओ। सरीरसक्कारपोसहो न्हाणुव्वट्टणवन्नगविलेवणपुप्फगंधतंबोलाणं वत्थाहरणपरिच्चागो य । सो दुविहो देसे सव्वे य । देसे अमुगं सरीरसक्कारं न करेमि । सव्वे सव्वं न करेमि त्ति । बंभचेरपोसहो वि देसे सव्वे य। देसे दिवा रत्तिं वा एक्कसिं वा दो वारे त्ति । सव्वे अहोरत्तं बंभचारी भवति। अव्वावारपोसहो वि दुविहो देसे सव्वे य । देसे अमुगंमि वावारंमि । सव्वे

सव्वं वावारं चेव हलसगडघरकम्माइयं ण करेमि । एत्थ जो देसपोसहं करेइ सो सामायिकं करेइ वा ण वा । जो सव्वपोसहं करेइ सो नियमा कयसामाइओ । जइ ण करे तो णियमा वंचिज्जइ । तं कहिं करेइ ? चेइयघरे साहुमूले वा घरे वा पोसहसालाए वा । उम्मुक्कमणिसुवन्नो पढंतो पोत्थगं वा वायंतो धम्मज्झाणं वा झायइ । जहा एए साहुगुणा अहमस(म)त्थो मंदभग्गो धारेउं विभासा। इदमपि च शिक्षापदव्रतमतिचाररहितमनुपालनीयमिति ॥ ३२२ ॥

ગાથાર્થ– આહાર પૌષધ વગેરે દરેક પૌષધ દેશથી અને સર્વથી એમ બે પ્રકારે જાણવો. દેશ પૌષધમાં સામાયિક કરે કે ન પણ કરે. સર્વ પૌષધમાં અવશ્ય સામાયિક કરે.

ટીકાર્થ– અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– આહાર પૌષધના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. અમુક વિગઈનો કે બધી વિગઈઓનો ત્યાગ, આયંબિલ, એકાસણું, બેસણું, (તિવિહાર ઉપવાસ) વગેરે દેશથી આહાર પૌષધ છે. દિવસ-રાત સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ તે સર્વથી આહાર પૌષધ છે.

સ્નાન કરવું, તેલ ચોળવું, મેંદી વગેરે લગાડવું, ચંદન આદિનું વિલેપન કરવું, મસ્તકમાં પુષ્પ નાંખવાં, અત્તર આદિ સુગંધી પદાર્થો લગાડવા, તાંબૂલ-પાન ચાવીને હોઠને તાંબૂલ-પાનથી રંગવા, સુંદર કિંમતી રંગીન વસ્ત્રો પહેરવાં, આભૂષણો પહેરવાં વગેરે શરીર સત્કાર છે. શરીર સત્કારનો ત્યાગ તે શરીર સત્કાર પૌષધ છે. તેના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. કોઈ અમુક શરીરસત્કારનો ત્યાગ તે દેશથી શરીરસત્કાર પૌષધ છે. સર્વ પ્રકારના શરીરસત્કારનો ત્યાગ તે સર્વથી શરીરસત્કાર પૌષધ છે.

બ્રહ્મચર્ય પૌષધના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. દિવસે કે રાત્રે મૈથુનનો ત્યાગ અથવા એક કે બે વખતથી વધારે મૈથુનનો ત્યાગ તે દેશથી બ્રહ્મચર્ય પૌષધ છે. સંપૂર્ણ અહોરાત્ર સુધી મૈથુનનો ત્યાગ તે સર્વથી બ્રહ્મચર્ય પૌષધ છે.

અવ્યાપારપૌષધના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. કોઈ અમુક (રસોઈ કરવી નહિ, વેપાર નહિ કરવો, કપડા નહિ ધોવા વગેરે રીતે) પાપવ્યાપારનો ત્યાગ તે દેશથી અવ્યાપાર પૌષધ છે. હળ ચલાવવું, ગાડું ચલાવવું, ઘર સમારવું વગેરે સર્વ પાપવ્યાપારોનો ત્યાગ તે સર્વથી અવ્યાપાર પૌષધ છે.

જે દેશથી અવ્યાપારપૌષધ કરે તે સામાયિક કરે અથવા ન પણ કરે, પણ જે સર્વથી અવ્યાપારપૌષધ કરે તે નિયમા સામાયિક કરે, જો ન કરે તો અવશ્ય તેના ફળથી વંચિત રહે.

પૌષધ જિનમંદિરમાં, સાધુ પાસે, ઘરમાં કે પૌષધશાળામાં કરવો. પૌષધમાં મણિ, સુવર્ણ આદિના અલંકારોનો ત્યાગ કરવો જોઈએ. પૌષધ લીધા પછી સૂત્ર વગેરેનો પાઠ કરે, પુસ્તક વાંચે, અથવા હું સાધુના ગુણોને ધારણ કરવા અસમર્થ છું, આથી મંદભાગી છું, વગેરે શુભ ભાવના ભાવવા રૂપ ધર્મધ્યાન કરે. (૩૨૨)

અત આહ–

अप्पडिदुप्पडिलेहियसिज्जासंथारयं विवज्जिज्जा ।
अपमज्जियदुपमज्जिय, तह उच्चाराइभूमिं च ॥ ३२३ ॥

[अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितशय्यासंस्तारकौ वर्जयेत् ।
अप्रमार्जितदुष्प्रमार्जितं तथा उच्चारादिभुवमपि ॥ ३२३ ॥]

अप्रत्युपेक्षितदुःप्रत्युपेक्षितशय्यासंस्तारकौ वर्जयेत् । इह संस्तीर्यते यः प्रतिपन्नपौषधोपवासेन दर्भकुशकम्बलवस्त्रादिः स संस्तारकः । शय्या प्रतीता। अप्रत्युपेक्षणं गोचरापन्नस्य शय्यादेः चक्षुषाऽनिरीक्षणं, दुष्टमुद्भ्रान्तचेतसः प्रत्युपेक्षणं दुष्प्रत्युपेक्षणं । ततश्चाप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितौ च शय्यासंस्तारकौ चेति समासः । शय्यैव वा संस्तारक इति । एवमन्यत्रापि अक्षरगमनिका कार्येति। उपलक्षणं च शय्यासंस्तारकावुपयोगिनः पीढफलकादेरपि ।

एत्थं सामायारी– कडपोसहो णो अप्पडिलेहिय सेज्जं दुरुहइ संथारगं वा दुरुहइ पोसहसालं वा सेवइ दब्भवत्थं वा सुद्धवत्थं वा भूमीएं संथारेइ काइयभूमीउ वा आगओ पुणरवि पडिलेहइ, अन्नहातियारो । एवं पीढफलगादिसु वि विभासा ।

तथा अप्रमार्जितदुःप्रमार्जितशय्यासंस्तारकावेव । इहाप्रमार्जनं शय्यादेरासेवनकाले वस्त्रोपान्तादिनेति, दुष्टमविधिना प्रमार्जनं । शेषं भावितमेव। **एवमुच्चारप्रस्त्रवणभुवमपि** । उच्चारप्रस्त्रवणं निष्ठ्यूतस्वेदमलाद्युपलक्षणं । शेषं भावितमेव ॥ ३२३ ॥

આ શિક્ષાપદવ્રત પણ નિરતિચાર પાળવું જોઈએ. આથી અતિચારોને કહે છે–

ગાથાર્થ– શ્રાવક પૌષધમાં અપ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક, દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક, અપ્રમાર્જિત શય્યાસંસ્તારક અને દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારકનો ત્યાગ કરે, તથા અપ્રત્યુપેક્ષિત-દુષ્પ્રત્યુપેક્ષિત, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર (=સ્થંડિલ) ભૂમિનો ત્યાગ કરે.

ટીકાર્થ– (૧) અપ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક– શય્યા એટલે શરીર પ્રમાણ સંથારો. સંસ્તારક એટલે પૌષધમાં સૂવા માટે ઉપયોગી ડાભનું ઘાસ, કામળી, (ગરમ) વસ્ત્ર વગેરે. અથવા શય્યા અને સંસ્તારક એમ બે વસ્તુ ન સમજતાં શય્યા એ જ સંસ્તારક એમ એક જ વસ્તુ સમજવી. અપ્રત્યુપેક્ષિત એટલે આંખોથી નહિ જોયેલું. શય્યા સંસ્તારકના ઉપલક્ષણથી પીઠ વગેરે વસ્તુઓ પણ સમજી લેવી. આંખોથી નિરીક્ષણ કર્યા વિના સંથારો પાથરવો, સંથારામાં સૂવું, બીજી પણ પીઠ આદિ કોઇ વસ્તુ લેવી-મૂકવી તે અપ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક અતિચાર છે.

(૨) દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક– દુષ્પ્રત્યુપેક્ષિત એટલે ભટકતા ચિત્તથી જોયેલું, અર્થાત્ ઉપયોગ વિના જોયેલું. બરોબર નિરીક્ષણ કર્યા વિના સંથારો પાથરવો વગેરે દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક અતિચાર છે.

(૩) અપ્રમાર્જિત શય્યાસંસ્તારક– અપ્રમાર્જિત એટલે વસ્ત્રના છેડા વગેરેથી નહિ પૂંજેલું. પૂંજ્યા વિના સંથારો પાથરવો વગેરે અપ્રમાર્જિત શય્યાસંસ્તારક અતિચાર છે.

(૪) દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક– દુષ્પ્રમાર્જિત એટલે ઉપયોગ વિના પૂંજેલું, બરોબર ન પૂંજેલું. બરોબર પૂંજ્યા વિના સંથારો પાથરવો વગેરે દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક અતિચાર છે.

અહીં સામાચારી આ પ્રમાણે છે– પૌષધવાળો શ્રાવક પડિલેહણ કર્યા વિના શય્યા, સંથારો અને પૌષધશાલાનો ઉપયોગ કરે નહિ, પડિલેહણ કર્યા વિના ડાભઘાસનું વસ્ત્ર કે શુદ્ધ વસ્ત્ર ભૂમિ ઉપર પાથરે નહિ. પેશાબની ભૂમિથી આવીને ફરી સંથારાનું પડિલેહણ કરે. અન્યથા અતિચાર લાગે. એ પ્રમાણે પીઠ આદિ માટે પણ સમજવું.

એ પ્રમાણે ઉચ્ચાર (સ્થંડિલ) ભૂમિ અને પ્રસ્રવણ (માત્રુ) ભૂમિ વિષે પણ સમજવું. અહીં ઉચ્ચાર-પ્રસ્રવણના ઉપલક્ષણથી થુંક, પસીનો, મેલ આદિ વિષે પણ સમજવું, અર્થાત્ આ બધું બરોબર નિરીક્ષણ-પ્રમાર્જન કરીને કરવું જોઇએ, અન્યથા અતિચાર લાગે. (૩૨૩)

गाहा—

तह चेव य उज्जुत्तो, विहीइ इह पोसहम्मि वज्जिज्जा ।
सम्मं च अणणुपालणमाहाराईसु सव्वेसु ॥ ३२४ ॥

[तथैव च उद्युक्तः विधिना इह पौषधे वर्जयेत् ।
सम्यगननुपालनं च आहारादिषु सर्वेषु ॥ ३२४ ॥]

तथैव च यथानन्तरोदित**मुद्युक्तो विधिना** प्रवचनोक्तक्रियया निःप्रकम्पेन मनसा **इह पौषधे** पौषधविषयं **वर्जयेत्** किं **सम्यगननुपालनं चे**ति क्व **आहारादिषु सर्वेषु** सर्वाहारादिविषयमिति गाथाक्षरार्थः ।

एत्थ भावणा— कयपोसहो अथिरचित्तो आहारे ताव सव्वं देसं वा पत्थेइ। बीयदिवसे पारणगस्स वा अप्पणोट्ठाए आढत्तिं करेइ, कारवेइ वा इमं इमं वत्ति करेह । न वट्टइ सरीरसक्कारे सरीरमुव्वट्टेइ दाढियाउ केसे वा रोमांइ वा सिंगाराभिप्पाएण संठवेइ दाहे वा सरीरं सिंचइ एवं सव्वाणि सरीरविभूसाकारणाणि परिहरइ । बंभचेरे इहलोइए वा परलोइए भोगे पत्थेइ संवाहेइ वा अहवा सद्दफरिसरसरूवगंधे वा अभिलसइ कइया बंभचेरपोसहो पूरिहिइ चइयामो बंभचेरेणंति । अव्वावारे सावज्जाणि वावारेइ कयमकयं वा चिंतेइ एवं पंचातियारसुद्धो अणुपालेयव्वोत्ति गाथाद्वयभावार्थः ॥ ३२४॥

ગાથાર્થ— તે જ પ્રમાણે ઉદ્યમી શ્રાવક શાસ્ત્રોક્ત ક્રિયાથી અને નિષ્પ્રકંપ મનથી આહાર પૌષધાદિ સર્વ પૌષધમાં પૌષધ સંબંધી સમ્યગ્ અનનુપાલનનો ત્યાગ કરે.

ટીકાર્થ— (૫) સમ્યગ્ અનનુપાલન— આહારપૌષધ આદિ ચાર પૌષધનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ પાલન ન કરવું. અહીં ભાવના આ પ્રમાણે છે— પૌષધ લીધા પછી અસ્થિર ચિત્તવાળો બનીને આહારમાં દેશથી કે સર્વથી આહારની અભિલાષા કરે, અથવા પૌષધના બીજા દિવસે પોતાના પારણા માટે આ વસ્તુ બનાવું, તે વસ્તુ બનાવું એમ આદર કરે, અથવા બીજા પાસે આ કરો, તે કરો એમ આદર કરાવે. આમ ન કરવું જોઈએ. શરીર સત્કારમાં શરીરનો સત્કાર કરવામાં ન પ્રવર્તે. શરીરે તેલ વગેરે ચોળે. દાઢી, મસ્તક અને રૂંવાટાઓના વાળને સૌંદર્યની અભિલાષાથી વ્યવસ્થિત રાખે. દાહ થતાં શરીરે પાણી નાખે. આ પ્રમાણે શરીર વિભૂષાનાં સર્વ કારણોનો પૌષધમાં ત્યાગ કરે. બ્રહ્મચર્યમાં આ લોક અને પરલોકના

ભોગની માગણી કરે અથવા અંગમર્દન કરે, અથવા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ વિષયોની અભિલાષા રાખે, બ્રહ્મચર્ય પૌષધ ક્યારે પૂર્ણ થશે એવી આતુરતા રાખે, બ્રહ્મચર્ય વડે અમે ભોગોથી વંચિત કરાયા એ પ્રમાણે વિચારે. અવ્યાપારપૌષધમાં સાવદ્ય કાર્યો કરે, મેં અમુક અનુષ્ઠાન કર્યું કે નહિ એ પ્રમાણે વિચારે, અર્થાત્ મેં અમુક અનુષ્ઠાન કર્યું કે નહિ એ યાદ ન હોય. આ પ્રમાણે પાંચ અતિચારોથી વિશુદ્ધ પૌષધનું પાલન કરવું જોઈએ. (૩૨૪)

उक्तं सातिचारं तृतीयं शिक्षापदव्रतमधुना चतुर्थमुच्यते–

नायागयाण अन्नाइयाण तह चेव कप्पणिज्जाणं ।
देसद्धसद्धसक्कारकमजुयं परमभत्तीए ॥ ३२५ ॥

[न्यायागतानां अन्नादीनां तथा चैव कल्पनीयानाम् ।
देशकालश्रद्धासत्कारक्रमयुक्तं परमभक्त्या ॥ ३२५ ॥]

न्यायागतानामिति, न्यायो द्विजक्षत्रियविट्शूद्राणां स्ववृत्त्यनुष्ठानं । स्ववृत्तिश्च प्रसिद्धैव प्रायो लोकहेर्या । तेनेदृशन्यायेनागतानां प्राप्तानामनेनान्यायागतानां प्रतिषेधमाह । **अन्नादीनां** द्रव्याणां आदिग्रहणात्पानवस्त्रपात्रौषधभेषजादिपरिग्रहः । अनेनापि हिरण्यादिव्यवच्छेदमाह । **कल्पनीयानामिति** उद्गमादिदोषपरिवर्जितानां । अनेनाकल्पनीयानां निषेधमाह । **देशकालश्रद्धासत्कारक्रमयुक्तं** नानाव्रीहिकोद्रवकङ्गुगोधूमादिनिष्पत्तिभाग्देशः । सुभिक्षदुर्भिक्षादिः कालः । विशुद्धचित्तपरिणामः श्रद्धा । अभ्युत्थानासनदानवंदनाद्यनुव्रजनादिः सत्कारः । पाकस्य पेयादिपरिपाट्या प्रदानं क्रमः । एभिर्देशादिभिर्युक्तं समन्वितं । अनेनापि विपक्षव्यवच्छेदमाह । **परमया** प्रधानया **भक्त्या** इत्यनेन फलप्राप्तौ भक्तिकृतमतिशयमाहेति ॥ ३२५ ॥

आयाणुग्गहबुद्धीइ संजयाणं जमित्थ दाणं तु ।
एयं जिणेहि भणियं, गिहीण सिक्खावयं चरिमं ॥ ३२६ ॥

[आत्मानुग्रहबुद्ध्या संयतेभ्यः यदत्र दानं तु ।
एतद् जिनैः भणितं गृहिणां शिक्षापदं चरमम् ॥ ३२६ ॥]

आत्मानुग्रहबुद्ध्या न पुनर्यत्यनुग्रहबुद्ध्येति, तथाहि– आत्मपरानुग्रहपरा एव यतयः । **संयता** मूलोत्तरगुणसंपन्नाः साधवस्तेभ्यो **दानमिति** । **एतज्जिनैस्तीर्थकरैर्भणितं गृहिणः** श्रावकस्य **शिक्षापदमिति** शिक्षापदव्रतं **चरमं**

अतिथिसंविभागाभिधानम् । इह भोजनार्थं भोजनकालोपस्थाय्यतिथिरुच्यते । आत्मार्थनिष्पादिताहारस्य गृहिणो व्रती साधुरेवातिथिः । यत उक्तं–

तिथिः पर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।

अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः ॥

तस्य संविभागो अतिथिसंविभागः। संविभागग्रहणात्पश्चात्कर्मादिपरिहारमाहेति ।

एत्थ सामायारी– सावगेण पोसहं पारंतेण नियमा साधूणमदाउं न पारेयव्वं दाउं पारेयव्वं । अन्नया पुण अनियमो दाउं वा पारेइ पारिए वा देइ त्ति । तम्हा पुव्वं साहूणं दाउं पच्छा पारेयव्वं । कहं ? जाहे देसकालो ताहे अप्पणो सरीरस्स विभूसं काउं साहुपडिस्सयं गंतुं णिमंतेइ भिक्खं गेण्हह त्ति । साहूणं का पडिवत्ती ? ताहे अन्नो पडलयं अन्नो मुहणंतगं अन्नो भायणं पडिलेहेइ, मा अंतराइयदोसा ठवणा दोसो य भविस्सन्ति । सो जइ पढमाए पोरिसीए णिमंतेइ अत्थि णमोक्कारसहियाइत्ता तो गच्छइ । अह नत्थि न गच्छइ । तं ठवियव्वं होइ । जइ घणं लगेज्जा ताहे गेण्हइ संचिक्खाविज्जइ । जो व उग्घाडाए पोरसीए पारेइ पारणाइत्तो अन्नो वा तस्स दिज्जइ सामन्नेणं नाए कहिए । पच्छा तेण सावगेण समं संघाडगो वच्चइ । एगो न वट्टइ पट्ठवेउं। साहू पुरओ सावगो मग्गओ घरं णेऊण आसणेण उवणिमंतिज्जइ । जइ णिविट्ठो लट्ठयं अह ण णिविसति तहा वि विणओ पयत्तो । ताहे भत्तपाणं देइ सयं चेव, अहवा भाणं धरेइ, भज्जा से देइ, अहव ठिओ अच्छइ जहा दिन्नं । साहूवि सावसेसं दव्वं गेह्णइ पच्छाकम्मपरिहरणट्ठा । दाउं वंदिऊण विसज्जेइ । विसज्जित्ता अणुगच्छइ । पच्छा सयं भुंजइ । जं च किर साहूण ण दिन्नं तं सावगेण न भोत्तव्वं । जइ पुण साहू णत्थि ताहे देसकालवेलाए दिसालोओ कायव्वो । विसुद्धभावेण चिंतियव्वं साहुणो जइ होंता नाम नित्थारिओ होंतो त्ति विभासा ॥ ३२६ ॥

અતિચારસહિત ત્રીજું શિક્ષાપદ વ્રત કહ્યું. હવે ચોથું શિક્ષાપદ વ્રત કહેવાય છે–

ગાથાર્થ– ન્યાયથી મેળવેલા અને કલ્પનીય અન્નાદિનું પરમભક્તિથી અને આત્માનુગ્રહ બુદ્ધિથી દેશ-કાલ-શ્રદ્ધા-સત્કાર-ક્રમપૂર્વક સંયતોને દાન કરવું એને જિનશાસનમાં તીર્થંકરોએ શ્રાવકનું છેલ્લું અતિથિસંવિભાગ નામનું શિક્ષાપદવ્રત કહ્યું છે.

ટીકાર્થ– ન્યાયથી મેળવેલા– બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રોનો પોતપોતાની જાતિને ઉચિત વ્યવસાય (=ધંધો) ન્યાય છે. પોતપોતાની જાતિને ઉચિત વ્યવસાય કયો છે તે લોકાચરણથી પ્રાયઃ પ્રસિદ્ધ છે. આનાથી અન્યાયથી મેળવેલા અન્નાદિના દાનનો નિષેધ કર્યો છે.

કલ્પનીય=ઉદ્ગમ આદિ દોષોથી રહિત. આનાથી (કારણ વિના) અકલ્પનીય દાનનો નિષેધ કર્યો છે.

અન્નાદિનું– અન્ન-પાન-વસ્ત્ર-પાત્ર-ઔષધ-ભેષજ વગેરે (સંયમમાં સહાયક બને તેવાં) દ્રવ્યોનું દાન કરવું. આનાથી સુવર્ણ વગેરેના દાનનો નિષેધ કર્યો છે.

પરમ ભક્તિથી=ઉત્તમ ભક્તિથી. આનાથી ફળપ્રાપ્તિમાં ભક્તિથી કરાયેલી વિશેષતા કહી છે, અર્થાત્ જેમ જેમ ભક્તિ વધારે તેમ તેમ ફળ વધારે મળે.

આત્માનુગ્રહબુદ્ધિથી– સાધુને આપવાથી મારા ઉપર (કર્મ નિર્જરાદિરૂપ) અનુગ્રહ થાય એવી બુદ્ધિથી આપવું જોઈએ. પણ સાધુ ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી ન આપવું જોઈએ.[1] કારણ કે સાધુઓ સ્વ-પરના અનુગ્રહમાં તત્પર હોય છે.

દેશ– વિવિધ ચોખા, કોદરા, કાંગ, ઘઉં, વગેરેની ઉત્પત્તિવાળો દેશ. (આ દેશમાં અમુક વસ્તુ સુલભ છે કે દુર્લભ ઇત્યાદિ વિચાર કરીને દુર્લભ વસ્તુ અધિક પ્રમાણમાં આપવી વગેરે.)

કાળ– સુકાળ-દુકાળ વગેરે કાળ. (દુષ્કાળ હોય અને પોતાને સુલભ હોય તો સાધુઓને અધિક પ્રમાણમાં વહોરાવવું. કયા કાળે કેવી વસ્તુની અધિક જરૂર પડે, વર્તમાનમાં કઈ વસ્તુ સુલભ છે કે દુર્લભ છે, ઇત્યાદિ વિચાર કરીને તે પ્રમાણે દાન કરવું જોઈએ.)

શ્રદ્ધા=વિશુદ્ધ ચિત્તપરિણામથી આપવું.

---

૧. તત્ત્વાર્થાધિગમ (અ-૭ સૂ.૩૩)નાં ભાષ્યમાં સ્વ-પરના અનુગ્રહ માટે પોતાની વસ્તુને બીજાને (સાધુઓને) આપવી તે દાન એમ કહ્યું છે. આથી અહીં સાધુ ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી ન આપવું જોઈએ એનો અર્થ એ થાય કે સાધુ ઉપર હું ઉપકાર કરું છું એવી બુદ્ધિથી ન આપવું જોઈએ. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પરના અનુગ્રહ માટે એટલે પરને સહાય-મદદ થાય એ માટે એવો અર્થ કરવો જોઈએ.

સત્કાર– આવે ત્યારે ઊભા થવું, બેસવા માટે આસન આપવું, વંદન કરવું, જતા હોય ત્યારે થોડા માર્ગ સુધી પાછળ જવું વગેરે સત્કાર છે.

ક્રમ– રાબ આદિના ક્રમથી રસોઈ વહોરાવવી. (અથવા શ્રેષ્ઠ વસ્તુ પહેલા આપવી, પછી સામાન્ય વસ્તું આપવી. અથવા જે દેશમાં જે ક્રમ પ્રસિદ્ધ હોય તે ક્રમથી આપવી.)

સંયત=મૂલગુણ-ઉત્તરગુણોથી યુક્ત સાધુ.

અતિથિ સંવિભાગ– ભોજન માટે ભોજનકાળે ઉપસ્થિત થનાર અતિથિ કહેવાય છે. જેણે પોતાના માટે આહાર તૈયાર કર્યો છે એવા ગૃહસ્થના અતિથિ વ્રતધારી સાધુ જ છે. કારણ કે કહ્યું છે કે– "લૌકિક તિથિઓ, પર્વો અને ઉત્સવો જે મહાત્માએ છોડી દીધા છે, તે અતિથિ જાણવો. બાકીના અભ્યાગત જાણવા." અતિથિનો સંવિભાગ તે અતિથિસંવિભાગ.

અહીં સંવિભાગ શબ્દના ઉલ્લેખથી પશ્ચાત્ કર્મ આદિ દોષોનો ત્યાગ કરવાનું કહ્યું છે. (સંવિભાગ શબ્દમાં સં અને વિભાગ એમ બે શબ્દો છે. સં એટલે સંગત, અર્થાત્ પશ્ચાત્કર્મ આદિ દોષો ન લાગે તે રીતે, વિભાગ એટલે પોતાની વસ્તુનો અંશ. પશ્ચાત્કર્મ આદિ દોષો ન લાગે તે રીતે પોતાની નિર્દોષ વસ્તુનો અંશ આપવો તે સંવિભાગ.)

અહીં સામાચારી આ પ્રમાણે છે– શ્રાવકે પૌષધના પારણે અવશ્ય સાધુઓને દાન દઈને પારણું કરવું જોઈએ. તે સિવાય (-પૌષધના પારણા સિવાય) નિયમ નથી. અર્થાત્ પૌષધના પારણા સિવાય સાધુઓને વહોરાવીને પ્રત્યાખ્યાન પારે કે પ્રત્યાખ્યાન પાર્યા પછી વહોરાવે. આથી પૌષધના પારણે સાધુઓને દાન આપીને જ પારણું કરવું જોઈએ.

તેનો વિધિ એવો છે કે જો તેવો દેશ-કાળ હોય તો પોતાના શરીરને સુંદર વસ્ત્ર, અલંકાર આદિથી વિભૂષિત બનાવીને સાધુના ઉપાશ્રયે જઈને "ભિક્ષા લેવા માટે પધારો." એમ નિમંત્રણ કરે. આ વખતે સાધુ માટે એવો વિધિ છે કે એક સાધુ પડલાનું પડિલેહણ કરે, એક સાધુ મુહપત્તિનું પડિલેહણ કરે, એક સાધુ પાત્રાનું પડિલેહણ કરે. જેથી જલદી જઈ શકાય. જો જલદી ન જાય તો શ્રાવકને પારણામાં મોડું થવાથી અંતરાય થાય. અથવા સાધુઓ પછી આવશે એમ વિચારીને વહોરાવવા કોઈ વસ્તુ રાખે તો સ્થાપના દોષ લાગે. શ્રાવક પહેલી પોરિસીમાં આમંત્રણ કરે તો જો નવકારશીના પ્રત્યાખ્યાનવાળો કોઈ સાધુ વાપરનાર હોય તો વહોરવા જાય, જો વાપરનાર ન હોય તો ન જાય, ગૃહસ્થને ના પાડે. કોઈ સાધુ

વાપરનાર ન હોય અને વહોરવા જાય તો વહોરેલું રાખી મૂકવું પડે. (રાખી મૂકવાથી તેમાં કીડીઓ આવે વગેરે દોષોનો સંભવ છે.) પણ જો ગૃહસ્થ ઘણો આગ્રહ કરે તો વહોરવા જાય અને રાખી મૂકે. પછી પાત્રપડિલેહણ કરવાની પોરિસી વખતે જે પ્રત્યાખ્યાન પારે તેને આપે, અથવા સામાન્યથી અમુક સાધુને પારણું છે એમ જણાયે છતે અથવા મારે પારણું છે એમ સાધુએ કહ્યે છતે બીજા કોઈ સાધુને પારણું હોય તો તેને આપે.

વહોરવા જવાનો વિધિ એવો છે કે શ્રાવક સાથે બે સાધુઓ જાય. (એકલા જવામાં અનેક દોષોનો સંભવ હોવાથી) એક સાધુને ન મોકલવો જોઈએ. રસ્તામાં સાધુ આગળ ચાલે અને શ્રાવક પાછળ ચાલે. સાધુઓને ઘરે લઈ જઈને શ્રાવક બેસવા માટે સાધુઓને આસનનું નિમંત્રણ કરે. સાધુઓ બેસે તો સારું, ન બેસે તો પણ વિનંતિ કરવાથી વિનયનો લાભ થાય. પછી આહાર-પાણી જાતે જ વહોરાવે, અથવા આહારનું વાસણ પોતે પકડી રાખે અને પત્ની વગેરે બીજા વહોરાવે. અથવા જ્યાં સુધી વહોરે ત્યાં સુધી બેસી રહે. સાધુઓ પશ્ચાત્કર્મ આદિ દોષો ન લાગે એટલા માટે વાસણમાં થોડું બાકી રહે તે રીતે વહોરે. વહોરાવ્યા પછી સાધુઓને વંદન કરીને વિદાય આપે.

પછી થોડાં પગલાં સુધી વળાવવા તેમની પાછળ જાય. પછી પોતે ભોજન કરે. સાધુઓને જે ન વહોરાવ્યું હોય તે વસ્તુ શ્રાવકે નહિ વાપરવી જોઈએ. જો ગામડા વગેરેમાં સાધુઓ ન હોય તો ભોજન વખતે દિશા અવલોકન કરે=બારણા આગળ ઊભા રહીને સાધુઓને આવવાના રસ્તા તરફ જુએ અને વિશુદ્ધ ભાવથી વિચારે કે જો સાધુઓ હોત તો મારો ઉદ્ધાર થાત. [1](**त्ति विभासा**)=આમ અહીં બે વિકલ્પ છે. (૧) સાધુઓ હોય તો વહોરાવીને પારણું કરે. (૨) સાધુઓ ન હોય તો દિશાવલોકન કરીને પારણું કરે. (૩૨૫-૩૨૬)

इदमपि शिक्षापदव्रतमतिचाररहितमनुपालनीयमिति एतदाह–

सच्चित्तनिक्खिवणयं, वज्जे सच्चित्तपिहणयं चेव ।
कालाइक्कमदाणं, परववएसं च मच्छरियं ॥ ३२७ ॥

सचित्तनिक्षेपणं वर्जयेत् सचित्तपिधानं चैव ।
कालातिक्रमदानं परव्यपदेशं मात्सर्यं च ॥ ३२७ ॥

१. ઉપ.મા.ગા. ૨૩૮-૨૩૯

विवर्जयेत् तत्र **सचित्तनिक्षेपणं** सचित्तेषु व्रीह्यादिषु निक्षेपणमन्नादेरदेय-बुद्ध्या मातृस्थानतः ॥१॥ एवं **सचित्तपिधानं** सचित्तेन फलादिना पिधानं स्थगनमिति समासः । भावार्थः प्राग्वत् ॥२॥ **कालातिक्रम** इति काल-स्यातिक्रमः कालातिक्रमः, उचितो यो भिक्षाकालः साधूनां तमतिक्रम्य उल्लङ्घ्य भुंङ्क्ते तदा च किं तेन लब्धेनापि कालातिक्रान्तत्वात्तस्य । उक्तं च—

काले दिन्नस्स पहेणयस्स अग्घो ण तीरए काउं ।

तस्सेव काले परिणामियस्स गिण्हंतया नत्थि ॥३॥

परव्यपदेश इति आत्मव्यतिरिक्तो योऽन्यः स परस्तद्व्यपदेश इति समासः । साधोः पौषधोपवासपारणकाले भिक्षायै समुपस्थितस्य प्रकटमन्नादि पश्यतः श्रावकोऽभिधत्ते परकीयमिदमिति नात्मीयमतो न ददामि । किञ्चिद्याचितो वाभिधत्ते विद्यमान एवामुकस्येदमस्ति तत्र गत्वा मार्गय तद्यूयमिति ॥४॥ **मात्सर्यमिति** याचितः कुप्यते, सदपि न ददाति । परोन्नतिवैमनस्यं च मात्सर्यमिति "तेन तावद् द्रमकेण याचितेन दत्तं, किमहं ततोऽपि न्यूनः" इति मात्सर्याद्ददाति कषायकलुषितेन वा चित्तेन ददतो मात्सर्यमिति ॥५॥ ॥ ३२७ ॥

આ શિક્ષાપદવ્રત પણ નિરતિચાર પાળવું જોઈએ. આથી અતિચારોને કહે છે—

ગાથાર્થ— સચિત્ત નિક્ષેપ, સચિત્ત પિધાન, કાલાતિક્રમદાન, પરવ્યપદેશ અને માત્સર્યનો ત્યાગ કરે.

ટીકાર્થ— **(૧) સચિત્ત નિક્ષેપ**— નહિ આપવાની બુદ્ધિથી માયા કરીને જ સાધુને આપવા લાયક વસ્તુ સચિત્ત ડાંગર આદિ ઉપર મૂકી દેવી.

(૨) સચિત્ત પિધાન— નહિ આપવાની બુદ્ધિથી માયા કરીને જ સાધુને આપવા લાયક વસ્તુને ફળ આદિથી ઢાંકી દેવી.

(૩) કાલાતિક્રમ— ભિક્ષાનો સમય વીતી ગયા પછી કે ભિક્ષા સમય થયા પહેલાં નિમંત્રણ કરવું. અવસર વિના ભોજન મળે તો પણ તેનાથી શો લાભ ? કહ્યું છે કે— "કાલે આપેલા મિષ્ટાન્નની કિંમત થઈ શકતી નથી. તે જ મિષ્ટાન્ન અનવસરે (=ધરાઈ ગયા પછી કે ભિક્ષા પૂરી થયા ગયા પછી) કોઈ ન લે."

(૪) **પરવ્યપદેશ–** આ વસ્તુ પરની=બીજાની છે એમ વ્યપદેશ કરવો=કહેવું તે પરવ્યપદેશ. પૌષધમાં કરેલા ઉપવાસના પારણે સાધુ ભિક્ષા માટે ઘરે પધાર્યા હોય અને અન્ન વગેરેને પ્રત્યક્ષ જોતા હોય ત્યારે શ્રાવક સાધુને કહે કે આ વસ્તુ બીજાની છે, અમારી નથી. આથી હું કંઈ આપતો નથી. અથવા સાધુએ કોઈ વસ્તુ માગી હોય અને એ વસ્તુ હોય તો પણ આ વસ્તુ અમુકની છે, તમે ત્યાં જઈને માગો, એમ કહેવું એ પરવ્યપદેશ છે.

(૫) માત્સર્ય– માત્સર્ય એટલે સહન ન કરવુ. સાધુ કોઈ વસ્તુ માગે તો ગુસ્સો કરવો. અથવા માત્સર્ય એટલે પરની ઉન્નતિની ઈર્ષ્યા કરવી. પેલા રંકે સાધુની માંગણીથી આપ્યું તો શું હું તેનાથી ઉતરતો છું ? એમ ઈર્ષ્યાથી સાધુને વહોરાવવું. અથવા કષાયથી કલુષિત થયેલા ચિત્તથી આપવું તે માત્સર્ય. (૩૨૭)

उक्तं च सातिचारं चतुर्थं शिक्षापदव्रतम्। अधुनैषामणुव्रतादीनां यानि यावत्कथिकानि यानि चेत्वराणि तदेतदाह–

इत्थ उ समणोवासगधम्मे अणुव्वयगुणव्वयाइं च ।
आवकहियाइ सिक्खावयाइं पुण इत्तराइं ति ॥ ३२८ ॥

[अत्र तु श्रमणोपासकधर्मे अणुव्रतानि गुणव्रतानि च ।
यावत्कथिकानि शिक्षाव्रतानि पुनरित्वराणीति ॥ ३२८ ॥]

अत्र पुनः श्रमणोपासकधर्मे तुशब्दः पुनःशब्दार्थः स चावधारणे अत्रैव न शाक्याद्युपासकधर्मे तत्र सम्यक्त्वाभावेन अणुव्रताद्यभावात्, उपास्ते इत्युपासकः सेवकः इत्यर्थः, श्रमणानामुपासकस्तस्य धर्म इति समासः । **अणुव्रतानि गुणव्रतानि चेति** पञ्चाणुव्रतानि प्रतिपादितरूपाणि त्रीणि गुणव्रतानि उक्तलक्षणान्येव **यावत्कथिकानीति** सकृद्गृहीतानि यावज्जीवमपि भावनीयानि, न तु नियोगतो यावज्जीवमेवेति गुरवो व्याचक्षते । प्रतिचातुर्मासकमपि तद्ग्रहणं वृद्धपरम्परायाततथासामाचार्युपलब्धेः । **शिक्षापदव्रतानि पुनरित्वराणि,** शिक्षा अभ्यासस्तस्याः पदानि स्थानानि तान्येव व्रतानि शिक्षापदव्रतानि इत्वराणीति । तत्र प्रतिदिवसानुष्ठेये सामायिकदेशावकाशिके

पुनः पुनरुच्चार्येते इति भावना । पौषधोपवासातिथिसंविभागौ तु प्रति-नियतदिवसानुष्ठेयौ न प्रतिदिवसाचरणीयाविति ।

श्रावकधर्मे च प्रत्याख्यानभेदानां सप्तचत्वारिंशदधिकं भङ्गशतं भवति चित्रत्वाद्देशविरतेः ॥ ३२८ ॥

અતિચારસહિત ચોથું શિક્ષાપદ વ્રત કહ્યું. હવે અણુવ્રતો વગેરેમાં જે યાવત્કથિક છે અને ઇત્વર છે તેને કહે છે–

ગાથાર્થ– અહીં શ્રમણોપાસકધર્મમાં જ અણુવ્રતો અને ગુણવ્રતો યાવત્કથિક છે અને શિક્ષાવ્રતો ઇત્વર છે.

ટીકાર્થ– શ્રમણોપાસકધર્મમાં જ– શ્રમણોના ઉપાસક (=સેવા કરનારા) તે શ્રમણોપાસક. શ્રમણોપાસકોમાં જ અણુવ્રતો વગેરે હોય છે, બૌદ્ધ સાધુઓના ઉપાસકો વગેરેમાં ન હોય. કારણ કે તેમનામાં સમ્યક્ત્વ ન હોવાથી અણુવ્રતો વગેરે ન હોય.

યાવત્કથિક– એકવાર સ્વીકારેલા જીવનપર્યંત પાળવાના હોય તે યાવત્કથિક. જ્યારે સ્વીકારે ત્યારે જો જીવનપર્યંત સુધી સ્વીકાર્યા હોય તો જીવનપર્યંત પાળવા જોઇએ. પણ જીવનપર્યંત સુધી જ સ્વીકારવા પડે એવો નિયમ નથી એમ ગુરુઓ કહે છે. દરેક ચોમાસા સુધી પણ આ વ્રતોનો સ્વીકાર થાય છે. કારણ કે વૃદ્ધ પુરુષોની પરંપરાથી આવેલી તેવી સામાચારી જોવામાં આવે છે.

પણ શિક્ષાવ્રતો થોડા કાળ સુધી હોય છે. તેમાં સામાયિક અને દેશાવગાશિક દરરોજ કરવાનાં હોય છે, અને એ બેનું પ્રત્યાખ્યાન વારંવાર કરાય છે. પૌષધ અને અતિથિ સંવિભાગ નિયત દિવસે કરવાના હોય છે, દરરોજ નહિ. શિક્ષા એટલે અભ્યાસ. શિક્ષાનાં વ્રતો તે શિક્ષાવ્રતો, અર્થાત્ વિરતિની શિક્ષા (=અભ્યાસ) કરવા માટેનાં વ્રતો તે શિક્ષાવ્રતો. (૩૨૮)

પ્રત્યાખ્યાનના ભાંગા (ગા. ૩૨૯-૩૩૧)

तदाह–

सीयालं भंगसयं, गिहिपच्चक्खाणभेयपरिमाणं ।
तं च विहिणा इमेणं, भावेयव्वं पयत्तेणं ॥ ३२९ ॥

[सप्तचत्वारिंशदधिकं भङ्गशतं गृहिप्रत्याख्यानभेदपरिमाणं ।
तच्च विधिना अनेन भावयितव्यं प्रयत्नेन ॥ ३२९ ॥]

सप्तचत्वारिंशदधिकं शतं गृहिप्रत्याख्यानभेदानां परिमाणमियत्ता तच्च विधिना अनेन वक्ष्यमाणेन **भावयितव्यं प्रयत्नेना**वहितचेतोभिरिति ॥ ३२९॥

શ્રાવક ધર્મમાં પ્રત્યાખ્યાનભેદોના ૧૪૭ ભાંગા થાય છે. કારણ કે દેશવિરતિના અનેક પ્રકારો છે. આ જ વિષયને કહે છે–

ગાથાર્થ– ગૃહસ્થ પ્રત્યાખ્યાનના ભેદોનું પરિમાણ ૧૪૭ ભાંગા છે. તેને એકાગ્ર ચિત્તવાળા થઈને વિચારવું. (૩૨૯)

વિધિમાહ–

तिन्नि तिया तिन्नि दुया, तिन्निक्किक्का य हुंति जोगेसु ।
ति दु एक्कं ति दु एक्कं, ति दु एक्कं चेव करणाइं ॥ ३३० ॥

[त्रयस्त्रिकाः त्रयो द्विकाः त्रय एककाश्च भवन्ति योगेषु ।
त्रीणि द्वयमेकं त्रीणि द्वयमेकं त्रीणि द्वयमेकं चैव करणानि ॥ ३३० ॥][1]

त्रयस्त्रिकास्त्रयो द्विकास्त्रय एककाश्च भवन्ति योगेषु कायवाग् मनोव्यापारलक्षणेषु **त्रीणि द्वयमेकं ३ चैव** करणानि मनोवाक्कायलक्षणानीति पदघटना । भावार्थस्तु स्थापनया निर्दिश्यते । सा चेयं–

योगाः	३	३	३	२	२	२	१	१	१
करणानि	३	२	१	३	२	१	३	२	१
—	१	३	३	३	९	९	३	९	९

कात्र भावना ? न करेइ न कारवेइ करंतंपि अन्नं न समणुजाणइ मणेणं वायाए काएण एको भेओ १/१ ।१। इयाणिं बिइओ– ण करेइ न कारवेइ करंतंपि अन्नं न समणुजाणइ मणेणं वायाए एक्को १/२, मणेणं काएण २/३, तहा वायाए काएण ३/४, बीओ मूलभेओ गओ ।२। इयाणिं तइयओ– ण करेइ ण करावेइ करंतं पि अन्नं न समणुजाणइ मणेणं १/५, वायाए २/६, काएणं ३/७; ।३। इदानीं चतुर्थः– न करेइ न कारवेइ मणेणं वायाए काएणं १/८, ण करेइ करतं पि नाणुजाणइ

१. One MS. of the original text adds the following गाथा
पढमे लब्भइ इक्को सेसेसु पएसु तिय तिय तिय त्ति ।
दो नव तिय दो नवगा तिगुणिय सीयालभंगसयं ॥

२/९, ण कारवेइ करंतं पि नाणुजाणइ तइओ ३/१०; चउत्थो मूलभेओ ।४। इदानीं पंचमो, न करेइ न कारवेइ मणेणं वायाए एक्को १/११, न करेइ करंतं नाणुजाणइ २/१२, ण कारवेइ करंतं नाणुजाणइ ३/१३, एए तिन्नि वि भंगा मणेणं वायाए लद्धा; अन्ने वि तिन्नि मणेणं काएण य एवमेव लब्भंति ४/१४, ५/१५, ६/१६; तहा अवरे वि वायाए काएण य लब्भंति ७/१७, ८/१८, ९/१९; एवमेव एते सव्वे नव, पंचमोऽप्युक्तो मूलभेदः ।५। इयाणिं छट्ठो, ण करेइ ण कारवेइ मणेणं एक्को १/२०, तहा ण करेइ करंतं पि नाणुजाणइ मणेणं २/२१, ण कारवेइ करंतं नाणुजाणइ मनसैव तृतीय ३/२२; एवं वायाए ४/२३, ५/२४, ६/२५; काएण य ७/२६, ८/२७, ९/२८; सव्वे नव, उक्तो षष्ठो मूलभेदः ।६। इदानीं सप्तमोऽभिधीयते, ण करेइ मणेणं वायाए काएण य एक्को १/२९, एवं ण कारवेइ मणाईहिं २/३०, करंतं णाणुजाणइ ३/३१; ।७। इदानीमष्टमो भण्यते न करेइ मणेण वायाए एक्को १/३२, तहा मणेण काएण य २/३३, तहा वायाए काएण य ३/३४; एवं न करावेइ ४/३५, ५/३६, ६/३७; करंतं नाणुजाणइ ७/३८, ८/३९, ९/४०; सव्वे वि णव ।८। इदानीं नवमो भण्यते न करेइ मणेणं १/४१, न कारवेइ २/४२, करंतं नाणुजाणइ ३/४३, एवं वायाए वि ४/४४, ५/४५, ६/४६; काएण वि ७/४७, ८/४८, ९/४९; सव्वे वि नव नवमो मूलभेदः ।९। आगतगुणनेदानीं क्रियते ॥

लद्धफलमाणमेयं, भंगाउ भवंति अउणपन्नासं ।
तीयाणागयसंपयगुणियं कालेण होइ इमं ॥

सीयालं भंगसयं, कह कालतिएण होइ गुणणाउ ।
तीयस्स पडिक्कमणं, पच्चुप्पन्नस्स संवरणम् ॥

पच्चक्खाणं व तहा, होइ य एस्सस्स एस गुणणाओ ।
कालतिएण य भणियं, जिणगणहरवायगेहिं च ॥ इति ॥ ३३० ॥

વિધિને કહે છે—

ગાથાર્થ—યોગોના ત્રણ ત્રિક, ત્રણ દ્વિક, ત્રણ એક એક તથા કરણના ત્રણ, બે, એક, ત્રણ, બે, એક, ત્રણ, બે, એક છે. મન-વચન-કાયા કરણ છે.

ટીકાર્થ– ભાવાર્થ સ્થાપનાથી બતાવાય છે. તે સ્થાપના આ છે–

૩	૩	૩	૨	૨	૨	૧	૧	૧	**યોગ**
૩	૨	૧	૩	૨	૧	૩	૨	૧	**કરણ**
૧	૩	૩	૩	૯	૯	૩	૯	૯	**ફળ**

અહીં ભાવના આ પ્રમાણે છે– **પહેલો ભાંગો–** મન-વચન-કાયાથી ન કરે, ન કરાવે અને કરતા એવા બીજાની અનુમોદના ન કરે. **બીજો ભાંગો–** ન કરે-ન કરાવે-ન અનુમોદે મન-વચનથી પહેલો ભાંગો, તે પ્રમાણે મન-કાયાથી બીજો અને વચન-કાયાથી ત્રીજો. **ત્રીજો ભાંગો–** ન કરે-ન કરાવે-ન અનુમોદે મનથી પહેલો, વચનથી બીજો અને કાયાથી ત્રીજો. **ચોથો ભાંગો–** મન-વચન-કાયાથી ન કરે-ન કરાવે પહેલો, ન કરે-ન અનુમોદે બીજો, ન કરાવે-ન અનુમોદે ત્રીજો. **પાંચમો ભાંગો–** મન-વચનથી ન કરે-ન કરાવે પહેલો, ન કરે-ન અનુમોદે બીજો, ન કરાવે-ન અનુમોદે ત્રીજો. આ પ્રમાણે મન-વચનથી ત્રણ ભાંગા થાય. એ જ પ્રમાણે બીજા પણ ત્રણ મન-કાયાથી થાય. એ જ પ્રમાણે અન્ય પણ ત્રણ વચન-કાયાથી થાય. આ પ્રમાણે આ બધા ય મળીને નવ થાય. **છઠ્ઠો ભાંગો–** મનથી ન કરે-ન કરાવે પહેલો, મનથી ન કરે-ન અનુમોદે બીજો, મનથી ન કરાવે-ન અનુમોદે ત્રીજો. આ પ્રમાણે વચનથી અને કાયાથી ત્રણ ત્રણ ભાંગા થાય. કુલ નવ થાય. **સાતમો ભાંગો–** મન-વચન-કાયાથી ન કરે પહેલો, ન કરાવે બીજો અને ન અનુમોદે ત્રીજો. **આઠમો ભાંગો–** ન કરે મન-વચનથી પહેલો, ન કરે મન-કાયાથી બીજો, ન કરે વચન-કાયાથી ત્રીજો. તે રીતે ન કરાવે એ સ્થાનની સાથે ત્રણ અને ન અનુમોદે એ સ્થાનની સાથે ત્રણ. આમ કુલ નવ થાય. **નવમો ભાંગો–** મનથી ન કરે પહેલો, ન કરાવે બીજો, ન અનુમોદે ત્રીજો. એ પ્રમાણે વચનથી ત્રણ અને કાયાથી ત્રણ. કુલ નવ થાય. આ પ્રમાણે બધા મળીને ૪૯ થાય.

આવેલા ભાંગાઓની હવે ગણના કરાય છે– "મૂળ નવ ભેદોમાં પ્રત્યેક ભેદના ભાંગાઓને ભેગા કરતાં ૪૯ ભાંગા થાય. ૪૯ ભાંગાઓને ભૂત-ભવિષ્ય-વર્તમાન એ ત્રણ કાળથી ગુણતાં ૧૪૭ ભાંગા થાય.

પ્રશ્ન– ત્રણ કાળથી શા માટે ગુણવામાં આવે છે ?

ઉત્તર– ભૂતકાળમાં થયેલ પ્રાણાતિપાત વગેરે પાપનું પ્રતિક્રમણ કરવામાં આવે છે, વર્તમાનમાં તેને રોકવામાં આવે છે અને ભવિષ્ય માટે તેનું પચ્ચક્ખાણ કરવામાં આવે છે. આમ ૪૯ ભાંગા ત્રણ કાળની સાથે સંબંધવાળા હોવાથી તેમને ત્રણ કાળથી ગુણવામાં આવે છે. આ પ્રમાણે અરિહંતોએ, ગણધરોએ અને પૂર્વધરોએ કહ્યું છે." (૩૩૦)

उक्तभङ्गकानामाद्यभङ्गस्वरूपाभिधित्सयाह–

न करइ न करावेइ य, करंतमन्नं पि नाणुजाणेइ ।
मणवयकायेणिक्को, एवं सेसा वि जाणिज्जा ॥ ३३१ ॥

[न करोति न कारयति कुर्वन्तमन्यमपि नानुजानाति ।
मनोवाक्कायैः एकः एवं शेषानपि जानीयात् ॥ ३३१ ॥]

न करोति स्वयं **न कारयत्यन्यैः कुर्वन्तमन्यमपि** स्वनिमित्तं स्वयमेव **नानुजानाति** कथं **मनोवाक्कायै**र्मनसा वाचा कायेन चेत्येवमेको विकल्पः, **एवं शेषानपि** द्व्यादीन् **जानीयात्** यथोक्तान् प्रागिति ॥ ३३१ ॥

ઉક્ત ભાંગાઓના પહેલા ભાંગાના સ્વરૂપને કહેવાની ઇચ્છાથી કહે છે–

ગાથાર્થ– મનથી-વચનથી-કાયાથી ન કરે, ન કરાવે અને કરતા એવા બીજાની અનુમોદના ન કરે. આ પ્રમાણે પહેલો એક ભાંગો છે. એ પ્રમાણે બાકીના પણ ભાંગાઓને પૂર્વે જે પ્રમાણે કહ્યા છે તે પ્રમાણે જાણવા. (૩૩૧)

શ્રાવકને ત્રિવિધ-ત્રિવિધથી પ્રત્યાખ્યાન (ગા. 332-338)

अत्राह–

न करेईच्चाइतियं, गिहिणो कह होइ देसविरयस्स ।
भन्नइ विसयस्स बहिं, पडिसेहो अणुमईए वि ॥ ३३२ ॥

[न करोति इत्यादित्रिकं गृहिणः कथं भवति देशविरतस्य ।
भण्यते विषयाद्बहिः प्रतिषेधो अनुमतेरपि ॥ ३३२ ॥]

न करोतीत्यादित्रिकं अनन्तरोक्तं **गृहिणः** श्रावकस्य **कथं भवति देशविरतस्य** विरताविरतस्य सावद्ययोगेष्वनुमतेरव्यवच्छिन्नत्वात्, नैव भवतीत्यभिप्रायः, एवं चोदकाभिप्रायमाशङ्क्य गुरुराह– **भण्यते** तत्र प्रतिवचनं **विषयाद्बहिः प्रतिषेधोऽनुमतेरपि,** यत आगतं भाण्डाद्यपि न गृह्णातीत्यादाविति ॥ ३३२ ॥

અહીં (પ્રશ્ન-ઉત્તર) કહે છે–

ગાથાર્થ– પ્રશ્ન–દેશવિરત ગૃહસ્થને ન કરવું- ન કરાવવું-ન અનુમોદવું એ ત્રિક કેવી રીતે હોય ?

ઉત્તર– વિષયની બહાર અનુમતિનો પણ નિષેધ છે.

ટીકાર્થ– દેશવિરત શ્રાવકને અનુમોદનાનો વિચ્છેદ થતો નથી. તેથી દેશવિરત શ્રાવકને ન કરવું-ન કરાવવું એ ભાંગાથી પ્રત્યાખ્યાન થઈ શકે, પણ ન કરવું-ન કરાવવું-ન અનુમોદવું એ ભાંગાથી પ્રત્યાખ્યાન કેવી રીતે થઈ શકે ? અર્થાત્ ન જ થઈ શકે. એવો પ્રશ્નકારનો આશય છે. પ્રશ્નકારના આવા અભિપ્રાયની આશંકા કરીને ગુરુ ઉત્તર આપે છે– વિષયથી (=ક્ષેત્રથી) બહાર દેશવિરતને પણ અનુમતિનો નિષેધ છે. વિષયથી (=ધારેલા ક્ષેત્રથી) બહારથી આવેલ ઉપકરણ વગેરે પણ ન ગ્રહણ કરે વગેરેમાં અનુમતિનો પણ ત્યાગ થઈ શકે છે.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– કોઈ શ્રાવક મારે હિંદુસ્તાનની બહાર હિંસા ન કરવી, ન કરાવવી અને ન અનુમોદવી એવું પ્રત્યાખ્યાન કરે તો કરી શકે છે. આવું પ્રત્યાખ્યાન કર્યા પછી તેનાથી હિંદુસ્તાનની બહાર કોઈ જાતનો સંબંધ ન રાખી શકાય. હિંદુસ્તાનની બહારથી આવેલી કોઈ વસ્તુનો ઉપયોગ ન કરી શકાય. પત્રાદિ પણ ન મોકલી શકાય. પણ હિંદુસ્તાનમાં અનુમોદનાનો ત્યાગ ન કરી શકે. કારણ કે હિંદુસ્તાનની વસ્તુનો ઉપયોગ અનિવાર્ય છે.

આથી હિંદુસ્તાનને આશ્રયીને હિંસા ન કરવી-ન કરાવવી એ ભાંગાથી જ પ્રત્યાખ્યાન કરી શકે. (૩૩૨)

અત્રૈવં વ્યવસ્થિતે સતિ–

केई भणंति गिहिणो, तिविहं तिविहेण नत्थि संवरणं ।
तं न जओ निद्दिट्ठं, पन्नत्तीए विसेसेउं ॥ ३३३ ॥

[केचन भणन्ति गृहिणः त्रिविधं त्रिविधेन नास्ति संवरणम् ।
तन्न यतो निर्दिष्टं प्रज्ञप्तौ विशिष्य ॥ ३३३ ॥]

केचनार्हन्मतानुसारिण एवापरिणतसिद्धान्ता **भणन्ति,** किं **गृहिणः त्रिविधं** न करोतीत्यादि **त्रिविधेन** मनसेत्यादिना **नास्ति संवरणं** न विद्यते प्रत्याख्यानं, **तन्न** तदेतदयुक्तं, किमिति **यतो निर्दिष्टं प्रज्ञप्तौ** भगवत्यां **विशेषः** (विशिष्य ?) अविषये "तिविहं पि" इत्यादिनेति ॥ ३३३ ॥

આ પ્રમાણે નિશ્ચિત થયે છતે–

ગાથાર્થ– કોઇ કહે છે કે ગૃહસ્થને ત્રિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ ન હોય. આ તેમનું કહેવું યુક્ત નથી. કારણ કે ભગવતી સૂત્રમાં વિશેષથી કહેવામાં આવ્યું છે કે ગૃહસ્થ પોતાના ક્ષેત્રથી (=ભરતક્ષેત્રના મધ્યખંડથી) બહારના ક્ષેત્રની અપેક્ષાએ ત્રિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કરી શકે છે.

ટીકાર્થ– કોઇ=જેમને સિદ્ધાંત પરિણમ્યો નથી એવા જિનમતના અનુયાયીઓ જ.

ત્રિવિધ=ન કરવું-ન કરાવવું-ન અનુમોદવું.

ત્રિવિધથી=મન-વચન-કાયાથી. (૩૩૩)

આહ–

ता कह निज्जुत्तीए, णुमतिनिसेहु त्ति से सविसयम्मि ।
सामन्ने वान्नत्थ उ, तिविहं तिविहेण को दोसो ॥ ३३४ ॥

[तत्कथं निर्युक्तौ अनुमतिनिषेध इति स स्वविषये ।
सामान्ये वा अन्यत्र तु त्रिविधं त्रिविधेन को दोषः ॥ ३३४ ॥]

यद्येवं **तत्कथं निर्युक्तौ** प्रत्याख्यानसंज्ञितायां **अनुमतिनिषेध इति** "दुविहं तिविहेण पढमउ" इत्यादिवचनेन । अत्रोच्यते– **स स्वविषये** यत्रानुमतिरस्ति तत्र तन्निषेधः **सामान्ये वा** प्रत्याख्याने स इति, **अन्यत्र तु** विशेषे स्वयंभूरमणजलधिमत्स्यादौ **त्रिविधं त्रिविधेन** कुर्वतः **को दोषो,** न कश्चिदिति ॥ ३३४ ॥

અહીં (પ્રશ્ન-ઉત્તર) કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– પ્રશ્ન– જો ભગવતી સૂત્રમાં અનુમતિનો નિષેધ કર્યો નથી તો પછી પ્રત્યાખ્યાન નિર્યુક્તિમાં **"दुविहं तिविहेणं पढमउ"** ઇત્યાદિ વચનથી અનુમતિનો નિષેધ કેમ કર્યો ?

ઉત્તર– નિર્યુક્તિમાં સ્વવિષયમાં અનુમતિનો નિષેધ કર્યો છે, અર્થાત્ જ્યાં અનુમતિ છે (=અનુમતિનો સંભવ છે) ત્યાં અનુમતિનો નિષેધ કર્યો છે. અથવા સામાન્ય પ્રત્યાખ્યાનમાં નિષેધ કર્યો છે. સ્વયંભૂરમણ સમુદ્રના માછલાનું માંસ ન ખાવું ઇત્યાદિ વિશેષ પ્રત્યાખ્યાનમાં નિષેધ કર્યો નથી. આથી વિશેષ પ્રત્યાખ્યાન ત્રિવિધ-ત્રિવિધથી કરે તેમાં શો દોષ છે ? અર્થાત્ કોઇ દોષ નથી. (૩૩૪)

परिहारान्तरमाह–

पुत्ताइसंतइनिमित्तमित्तमेगारसिं पवन्नस्स ।
जंपंति केइ गिहिणो, दिक्खाभिमुहस्स तिविहं पि ॥ ३३५ ॥

[पुत्रादिसन्ततिनिमित्तमात्रम् एकादशीं प्रपन्नस्य ।
जल्पन्ति केचन गृहिणो दीक्षाभिमुखस्य त्रिविधमपि ॥ ३३५ ॥]

पुत्रादिसन्ततिनिमित्तमात्रं प्रव्रजितोऽस्य पितेत्येवं विज्ञाय परिभवन्ति केचन तत्सुतमप्रव्रजिते तु न । एतावद्भिश्चाहोभिरसौ मानुषीभवत्येवेति तत ऊर्ध्वं गुणमुपलभ्य एतन्निमित्तं प्रविव्रजिषुरपि कश्चित्पर्यन्तवर्तिनीमुपासकप्रतिमां प्रतिपद्यत इति तदाह– **एकादशीं प्रपन्नस्य** श्रवणभूताभिधानामुपासक-प्रतिमामाश्रितस्य **जल्पन्ति केचन गृहिणो दीक्षाभिमुखस्य त्रिविधमपि** प्रत्याख्यानमिति ॥ ३३५ ॥

ઉક્ત પ્રશ્નનું બીજી રીતે નિરાકરણ કરે છે–

ગાથાર્થ– દીક્ષાભિમુખ થયો હોવા છતાં પુત્રાદિ સંતતિનિમિત્તે અગિયારમી પ્રતિમાને સ્વીકારનાર શ્રાવકને ત્રિવિધ પણ પ્રત્યાખ્યાન હોય એમ કોઇ કહે છે.

ટીકાર્થ– આના પિતાએ દીક્ષા લીધી છે એમ જાણીને કોઇ તેના પુત્રનો પરાભવ કરે. પણ દીક્ષા ન લીધી હોય તો પરાભવ ન કરે. આથી પિતા વિચારે કે આટલા દિવસોથી પુત્ર સમર્થ થઇ જ જાય. આમ વિચાર્યા પછી લાભ જોઇને દીક્ષા લેવાની ભાવનાવાળો હોવા છતાં પુત્ર નિમિત્તે દીક્ષા ન લે અને શ્રાવકની છેલ્લી અગિયારમી શ્રમણભૂત નામની

प्रतिमाने स्वीकारे. आ प्रमाणे दीक्षाभिमुख थयो होवा छतां पुत्रादिना निमित्ते अगियारमी[1] प्रतिमाने स्वीकारनारा श्रावकने त्रिविध पण प्रत्याख्यान होय एम कोई कहे छे. (३३५)

आह कहं पुण मणसा, करणं कारावणं अणुमई य ।
जह वइतणुजोगेहिं, करणाई तह भवे मणसा ॥ ३३६ ॥

[आह कथं पुनर्मनसा करणं कारणं अनुमतिश्च ।
यथा वाक्तनुयोगाभ्यां करणादयः तथा भवेत् मनसा ॥ ३३६ ॥]

आह चोदकः **कथं पुनर्मनसा करणं कारणमनुमतिश्चान्तर्व्यापारत्वेन** परैरनुपलक्ष्यमाणत्वादनुपपत्तिरित्यभिप्रायः । गुरुराह– **यथा वाक्तनुयोगाभ्यां करणादयः** करणकारणानुमोदनानि **तथा** भवेद् **मनसापीति** ॥ ३३६ ॥

गाथार्थ– प्रश्न– मनथी करवुं-करावबुं-अनुमोदन केवी रीते थाय ? कारण के मन आंतरिक व्यापार रूप होवाथी बीजाओ वडे जाणी शकातुं न होवाथी मनथी करवुं-करावबुं-अनुमोदन घटी शकतुं नथी.

उत्तर– जेवी रीते वचनथी अने शरीरथी करवुं-करावबुं-अनुमोदन थाय छे तेवी रीते मनथी पण करवुं-करावबुं-अनुमोदन थाय छे. (३३६)

---

१. **अगियारमी प्रतिमा–** अस्त्राथी के लोचथी मस्तक मुंडावी, रजोहरण, पात्र वगेरे साधुनां सघळां उपकरणो लई, घरमाथी नीकळीने मात्र मनथी नहि, किंतु कायाथी पण समिति-गुप्ति आदि चारित्रधर्मनुं पालन करतो एथी ज साधु जेवो बनेलो ते साधुनी जेम गामादिमां विचरे. (उप)

मभत्वभावनो सर्वथा अभाव न होवाथी स्वजननां दर्शन माटे स्वजनना गाम वगेरेमां जाय तो पण (स्वजनना घरोमांथी) साधुनी जेम प्रासुक अने एषणीय आहार ले. प्रेमनो सर्वथा नाश न थयो होवाथी स्वजनना गाम वगेरेमां जाय तो पण तेने (जवा बदल) दोष लागतो नथी. स्वजनो स्नेहना कारणे अनेषणीय अशनादि आहार करे अने लेवानो अति आग्रह पण करे, प्रायः स्वजनोने अनुसरवुं पडे, आथी दोषित आहार लेवानी संभावना छे, पण श्रमणभूत प्रतिमाधारी दोषित आहार न ले. (उह)

स्वजनोना घरे गया पहेलां जेने रांधवानी शरूआत करी दीधी होय ते भात, मसुरनी दाळ वगेरे सर्व प्रकारनो आहार श्रमणभूत प्रतिमाधारीने लेवो कल्पे, पण गया पछी जेने रांधवानी शरूआत करी होय ते लेवो न ज कल्पे, कारण के गृहस्थो तेना माटे भात वगेरे अधिक बनाववानो संकल्प करे एवी संभावना रहे छे. (दशमुं पंचाशक)

कथमित्याह–

तयहीणत्ता वयतणुकरणाईण अहवा उ मणकरणं ।
सावज्जजोगमणणं, पन्नत्तं वीयरागेहिं ॥ ३३७ ॥

[तदधीनत्वात् वाक्तनुकरणादीनां अथवा तु मनःकरणं ।
सावद्ययोगमननं प्रज्ञप्तं वीतरागैः ॥ ३३७ ॥]

तदधीनत्वादिति मनोयोगाधीनत्वात् **वाक्तनुकरणादीनां** तेन ह्यालोच्य वाचा कायेन वा करोति कारयति चेत्यादि अभिसंधिमन्तरेण प्रायस्तदनुपपत्तेः । प्रकारान्तरं चाह– **अथवा मनःकरणं** किं **सावद्ययोगमननं** करोम्यहं एतदिति सपापव्यापारचिन्तनं **प्रज्ञप्तं वीतरागैरिति** ॥ ३३७ ॥

મનથી કરવું-કરાવવું-અનુમોદન કેવી રીતે ઘટે છે તે જણાવે છે–

ગાથાર્થ– ટીકાર્થ– વચનથી અને કાયાથી કરવું વગેરે મનોયોગને આધીન છે. પહેલાં મનથી વિચારીને વચન-કાયાથી કરવું-કરાવવું વગેરે થાય છે. ફળના ઉદ્દેશ વિના પ્રાયઃ વાચિક-કાયિક પ્રવૃત્તિ ઘટી શકતી નથી.

મનથી કરવું-કરાવવું-અનુમોદન કેવી રીતે થાય તે બીજી રીતે કહે છે– હું આ કાર્ય કરું એમ પાપવાળા વ્યાપારનું ચિંતન કરવું એ મનથી કરવું છે. (૩૩૭)

कारवणं पुण मणसा, चिंतेइ करेउ एस सावज्जं ।
चिंतेई य कए पुण, सुट्ठुकयं अणुमई होइ ॥ ३३८ ॥

[कारवणं पुनर्मनसा चिन्तयति करोतु एष सावद्यम् ।
चिन्तयति च कृते पुनः सुष्ठुकृतमनुमतिर्भवति ॥ ३३८ ॥]

कारवणं पुनर्मनसा चिन्तयति करोतु एष सावद्यं असावपि चेङ्गितज्ञोऽभिप्रायात्प्रवर्तत एव, **चिन्तयति च कृते पुनः सुष्ठुकृतमनुमतिर्भवति** मानसी अभिप्रायज्ञो विजानात्यपीति ॥ ३३८ ॥

ગાથાર્થ– ટીકાર્થ– "આ (=મનમાં ધારેલ જીવ) પાપવાળું કાર્ય કરે" એમ મનમાં વિચારવું તે મનથી કરાવવું છે. ઇંગિતને જાણનારો એ પણ અભિપ્રાય પ્રમાણે પ્રવૃત્તિ કરે જ છે. કાર્ય કરાયે છતે સારું કર્યું એમ વિચારે એ માનસિક અનુમોદના છે. આ અનુમોદનાને અભિપ્રાયને જાણનારો જાણે પણ છે. (૩૩૮)

निवास सामाचारी (गा. 33९-3४२)

उक्तः प्रत्याख्यानविधिरधुना श्रावकस्यैव निवासादिविषयां सामाचारीं प्रतिपादयन्नाह–

निवसिज्ज तत्थ सड्ढो, साहूणं जत्थ होइ संपाओ ।
चेइयघराइ जत्थ य, तयन्नसाहम्मिया चेव ॥ ३३९ ॥

[निवसेत्तत्र श्राद्धः साधूनां यत्र भवति संपातः ।
चैत्यगृहाणि च यस्मिन् तदन्यसाधर्मिकाश्चैव ॥ ३३९ ॥]

निवसेत्तत्र नगरादौ **श्रावकः साधूनां यत्र भवति संपातः** संपतनं संपातः आगमनमित्यर्थः । **चैत्यगृहाणि च यस्मिंस्तदन्या साधर्मिकाश्चैव** श्रावकादय इति गाथासमासार्थः ॥ ३३९ ॥

प्रत्याख्यानનો વિધિ કહ્યો. હવે શ્રાવકની જ નિવાસ આદિની સામાચારીને કહે છે–

ગાથાર્થ– જ્યાં સાધુઓનું આગમન થતુ હોય, જ્યાં જિનમંદિરો હોય, જ્યાં બીજા સાધર્મિકો હોય તે નગર વગેરેમાં શ્રાવક રહે. (૩૩૯)

अधुना प्रतिद्वारं गुणा उच्यन्ते । तत्र साधुसंपाते गुणानाह–

साहूण वंदणेणं, नासइ पावं असंकिया भावा ।
फासुयदाणे निज्जर, उवग्गहो नाणमाईणं ॥ ३४० ॥

[साधूनां वन्दनेन नश्यति पापं अशङ्किता भावाः ।
प्रासुकदाने निर्जरा उपग्रहो ज्ञानादीनाम् ॥ ३४० ॥]

साधूनां वन्दनेन करणभूतेन किं **नश्यति पापं** गुणेषु बहुमानात्तथा **अशङ्किता भावा**स्तत्समीपे श्रवणात् **प्रासुकदाने निर्जरा** कुतः **उपग्रहो ज्ञानादीनां** ज्ञानादिमन्त एव साधव इति ॥ ३४० ॥

હવે દરેક દ્વારમાં ગુણો કહેવાય છે. તેમાં સાધુ આગમનમાં ગુણોને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સાધુઓને વંદન કરવાથી ગુણ બહુમાન દ્વારા પાપ નાશ પામે છે. તેમની પાસે ધર્મશ્રવણ કરવાથી જીવાદિ તત્ત્વોમાં શંકા રહેતી નથી. તેમને અચિત્ત વસ્તુનું દાન કરવાથી નિર્જરા થાય છે. કારણ

કે દાનથી સાધુઓના જ્ઞાનાદિનું પોષણ થાય છે. સાધુઓ જ્ઞાનાદિવાળા જ હોય છે. (૩૪૦)

उक्ताः साधुसंपाते गुणाः । चैत्यगृहे गुणानाह–

मिच्छादंसणमहणं, सम्मद्दंसणविसुद्धिहेउं च ।
चिइवंदणाइ विहिणा, पन्नत्तं वीयरागेहिं ॥ ३४१ ॥

[मिथ्यादर्शनमथनं सम्यग्दर्शनविशुद्धिहेतु च ।
चैत्यवन्दनादि विधिना प्रज्ञप्तं वीतरागैः ॥ ३४१ ॥]

मिथ्यादर्शनमथनं मिथ्यादर्शनं विपरीतपदार्थश्रद्धानरूपं मथ्यते विलोड्यते येन तत्तथा । न केवलमपायनिबन्धनकदर्थनमेव किन्तु कल्याणकारणोपकारि चेत्याह– **सम्यग्दर्शनविशुद्धिहेतु च** सम्यगविपरीतं तत्त्वार्थश्रद्धानलक्षणं दर्शनं सम्यग्दर्शनं मोक्षादिसोपानं तद्विशुद्धिकरणं च किं **तच्चैत्यवन्दनादि** आदिशब्दात्पूजादिपरिग्रहः **विधिना** सूत्रोक्तेन **प्रज्ञप्तं** प्ररूपितं **वीतरागैरर्हद्भिः** स्थाने शुभाध्यवसायप्रवृत्तेरेतच्च चैत्यगृहे सति भवतीति गाथार्थः ॥ ३४१ ॥

સાધુના આગમનમાં ગુણો કહ્યા. હવે જિનમંદિરમાં ગુણોને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અરિહંતોએ કહ્યું છે કે– વિધિપૂર્વક કરેલા ચૈત્યવંદન અને જિનપૂજા આદિ મિથ્યાત્વનો નાશ કરે છે, ચૈત્યવંદન આદિ માત્ર અનર્થના કારણનો નાશ જ કરે છે એવું નથી, કિંતુ કલ્યાણનું કારણ એવો ઉપકાર પણ કરે છે. આથી અહીં કહે છે– વિધિપૂર્વક કરેલાં ચૈત્યવંદન અને જિનપૂજા આદિ સમ્યગ્દર્શનની વિશુદ્ધિનું કારણ છે. કારણ કે યોગ્યસ્થાને શુભ અધ્યવસાયની પ્રવૃત્તિ થાય છે. આ બધું જિનમંદિર હોય તો થાય. (૩૪૧)

उक्ताश्चैत्यगृहगुणाः । साम्प्रतं समानधार्मिकगुणानाह–

साहम्मियथिरकरणं, वच्छल्ले सासणस्स सारो त्ति[1] ।
मग्गसहायत्तणओ, तहा अणासो य धम्माओ ॥ ३४२ ॥

[साधर्मिकस्थिरीकरणं वात्सल्ये शासनस्य सार इति ।
मार्गसहायत्वात्तथा अनाशश्च धर्मात् ॥ ३४२ ॥]

---

१. अ. सार आसेवितो भवति उक्तजिणसासणस्स सारो इत्यादि ।
ब. सारश्च सेवेतो भवता उत्तापगागण भासण सरो इत्यादि ।

समानधार्मिकस्थिरीकरणमिति यदि कश्चित्कथञ्चिद् धर्मात् प्रच्यवते ततस्तं स्थिरीकरोति, महांश्चायं गुणः। तथा **वात्सल्ये** क्रियमाणे **शासनस्य सार इति** सार आसेवितो भवति। उक्तं च– "जिणसासणस्स सारो" इत्यादि। सति च तस्मिन् वात्सल्यमिति। तथा तेन तेनोपबृंहणादिना प्रकारेण सम्यग्दर्शनादिलक्षण-**मार्गसहायत्वादनाशश्च** भवति कुतो **धर्मात्** तत एवेति गाथार्थः ॥ ३४२॥

જિનમંદિરના ગુણો કહ્યા. સાધર્મિકના (=સાધર્મિક સાથે રહેવાથી થતા) ગુણોને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જો કોઈ જીવ કોઈક રીતે ધર્મથી ભ્રષ્ટ થાય તો સાધર્મિક તેને સ્થિર કરે. આ મહાન ગુણ છે. સાધર્મિક વાત્સલ્ય કરવામાં શાસનનો સાર સેવાયેલો (=આચરાયેલો) થાય. કહ્યું છે કે– "સાધર્મિક વાત્સલ્ય શાસનનો સાર છે." સાધર્મિક હોય તો સાધર્મિક વાત્સલ્ય કરી શકાય. તથા ઉપબૃંહણા આદિથી તે તે રીતે સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગમાં સહાય કરવાના કારણે ધર્મથી પતિત ન બને. સાધર્મિકથી જ આ બને. (૩૪૨)

દિનચર્યા (ગા. ૩૪૩-૩૬૩)

उक्ताः समानधार्मिकगुणाः। साम्प्रतं तत्र निवसतो विधिरुच्यते। तत्रापि च प्रायो भावसुप्ताः श्रावकाः ये प्राप्यापि जिनमतं गार्हस्थ्यमनुपालयन्त्यतो निद्रावबोधद्वारेणाह–

नवकारेण विबोहो, अणुसरणं सावओ वयाइंमि ।
जोगो चिइवंदणमो, पच्चक्खाणं च विहिपुव्वं ॥ ३४३ ॥

[नवकारेण विबोधः अनुस्मरणं श्रावकः व्रतादौ ।
योगः चैत्यवन्दनं प्रत्याख्यानं च विधिपूर्वकम् ॥ ३४३ ॥]

नमस्कारेण विबोध इति सुप्तोत्थितेन नमस्कारः पठितव्यः। तथा**नुस्मरणं** कर्तव्यं **श्रावको**ऽहमिति **व्रतादौ** विषये। ततो **योगः** कायिकादिः। **चैत्य-वन्दनमिति** प्रयत्नेन चैत्यवन्दनं कर्तव्यं। ततो गुर्वादीनभिवन्द्य **प्रत्याख्यानं च विधिपूर्वकं** सम्यगाकारशुद्धं ग्राह्यमिति ॥ ३४३ ॥

સાધર્મિક ગુણો કહ્યા. હવે ત્યાં રહેનારનો વિધિ કહેવાય છે. તેમાં પણ જે શ્રાવકો જિનશાસનને પામીને પણ ગૃહસ્થપણાનું પાલન કરે છે તે શ્રાવકો ભાવથી સૂતેલા છે. આથી નિદ્રાવબોધ દ્વારથી કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ①સૂઈને (પ્રાતઃકાળે) ઊઠેલો શ્રાવક (સાત-આઠ) નવકાર ગણે. ②ત્યારબાદ હું શ્રાવક છું, મારે અણુવ્રતો વગેરે નિયમો છે, એમ વ્રત આદિનું સ્મરણ કરે. ③ત્યારબાદ માત્રુ વગેરેની હાજત ટાળે. ④ત્યારબાદ પ્રયત્નપૂર્વક ચૈત્યવંદન કરે. ⑤ત્યારબાદ ગુરુ વગેરેને વંદન કરીને વિધિપૂર્વક પ્રત્યાખ્યાન ગ્રહણ કરે. **વિધિપૂર્વક**=આગારોથી સારી રીતે શુદ્ધ. (૩૪૩)

गोसे सयमेव इमं, काउं तो चेइयाण पूयाई ।
साहुसगासे कुज्जा, पच्चक्खाणं अहागहियं ॥ ३४४ ॥

[प्रत्युषसि स्वयमेव इदं कृत्वा ततः चैत्यानां पूजादीनि ।
साधुसकाशे कुर्यात्प्रत्याख्यानं यथागृहीतम् ॥ ३४४ ॥]

गोसे **प्रत्युषसि स्वयमेवेदं कृत्वा** गृहादौ **ततश्चैत्यानां पूजादीनि** संमार्जनोपलेपपुष्पधूपादिसंपादनानि कुर्यात्ततः **साधुसकाशे कुर्यात्कि प्रत्याख्यानं यथागृहीतमिति** ॥ ३४४ ॥

ગાથાર્થ– ટીકાર્થ– પ્રાતઃકાળે ઘર વગેરેમાં આ જાતે જ કરીને પછી પ્રતિમાઓની પૂજા વગેરે કરે, અર્થાત્ સંમાર્જન, વિલેપન, પુષ્પ, ધૂપ આદિ પૂજા કરે. ત્યાર બાદ સાધુ પાસે જઈને પહેલાં પોતે જે રીતે પ્રત્યાખ્યાન કર્યું હોય તે રીતે પ્રત્યાખ્યાન ગ્રહણ કરે. (૩૪૪)

अत्र केचिदनधिगतसम्यगागमा ब्रुवत इति चोदकमुखेन तदभिप्रायमाह–

पूयाए कायवहो, पडिकुट्ठो सो अ नेव पुज्जाणं ।
उवगारिणि त्ति तो सा, नो कायव्व त्ति चोएइ ॥ ३४५ ॥

[पूजायां कायवधः, प्रतिकुष्टः स च, नैव पूज्यानां ।
उपकारिणी इति तत् सा न कर्तव्या इति चोदयति ॥ ३४५ ॥]

पूजायां भगवतोऽपि किल क्रियमाणायां **कायवधो** भवति पृथिव्याद्युपमर्दमन्तरेण तदनुपपत्तेः । **प्रतिकुष्टः स च** कायवधः "सव्वे जीवा न हंतव्वे"त्यादि वचनात् । किं च न च **पूज्यानामर्हतां** तच्चैत्यानां वा **उपकारिणी** पूजा अर्हतां कृतकृत्यत्वात् तच्चैत्यानामचेतनत्वात् । **इति**शब्दो यस्मादर्थे । यस्मादेवं **ततस्तस्मादेव पूजा न कर्तव्येति चोदक** इति ॥ ३४५ ॥

અહીં આગમને સારી રીતે નહિ જાણનારા કોઇ કહે છે. એથી શિષ્યના મુખથી તેના અભિપ્રાયને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ભગવાનની પણ પૂજા કરવામાં જીવ હિંસા થાય છે. કારણ કે પૃથ્વીકાય આદિની હિંસા વિના પૂજા ન થઇ શકે. "સર્વ જીવો ન હણવા જોઇએ" ઇત્યાદિ વચનથી જીવહિંસાનો નિષેધ કર્યો છે. વળી– પૂજા પૂજ્ય અરિહંતોને કે તેમની પ્રતિમાઓને ઉપકાર કરનારી થતી નથી, અર્થાત્ પૂજાથી અરિહંતોને કે તેમની પ્રતિમાઓને કોઇ લાભ થતો નથી. કારણ કે અરિહંતો કૃતકૃત્ય છે, અને તેમની પ્રતિમાઓ જડ છે. આથી ભગવાનની પૂજા ન કરવી જોઇએ. એમ શિષ્ય કહે છે. (૩૪૫)

अत्राह–

आह गुरू पूयाए, कायवहो होइ जइ वि हुं[1] जिणाणं ।
तह वि तई कायव्वा, परिमाणविसुद्धिहेऊओ ॥ ३४६ ॥

[आह गुरुः पूजायां कायवधः भवत्येव यद्यपि जिनानाम् ।
तथापि सा कर्तव्या परिणामविशुद्धिहेतुत्वात् ॥ ३४६ ॥]

आह गुरुरित्युक्तवानाचार्यः पूजायां क्रियमाणायां **कायवधः** पृथिव्याद्युपमर्दो **यद्यपि भवत्येव जिनानां** रागादिजेतृणामित्यनेन तस्याः सम्यग्विषयमाह– **तथाप्यसौ** पूजा **कर्तव्यैव** कुतः **परिणामविशुद्धिहेतुत्वादिति** न चायं हेतुरसिद्ध इति ॥ ३४६ ॥

અહીં ઉત્તર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અહીં આચાર્યે કહ્યું કે, જો કે જિનોની પૂજા કરવામાં પૃથ્વીકાય આદિની હિંસા થાય જ છે, તો પણ પૂજા પરિણામની વિશુદ્ધિનો હેતુ હોવાથી પૂજા કરવી જ જોઇએ. **જિન**=રાગાદિને જીતનારા. અહીં 'જિનોની' એમ કહીને પૂજાનો વિષય શુભ છે એમ કહ્યું છે. (૩૪૬)

परिहरति–

भणियं च कूवनायं, दव्वत्थवगोयरं इहं सुत्ते ।
नियआरंभपवत्ता, जं च गिही तेण कायव्वा ॥ ३४७ ॥

---

१. कायवहो जइ वि होइ उ जिणाणं ।

[भणितं च कूपज्ञातं द्रव्यस्तवगोचरं इह सूत्रे ।
नियतारम्भप्रवृत्ता यच्च गृहिणः तेन कर्तव्या ॥ ३४७ ॥]

भणितं च प्रतिपादितं च **कूपज्ञातं** कूपोदाहरणं किं विषयमित्याह– **द्रव्यस्तवगोचरं** द्रव्यस्तवविषयं **इह सूत्रे** जिनागमे "दव्वत्थए कूवदिट्ठंतो" इति वचनात् । तृडपनोदार्थं कूपखननेऽधिकतरपिपासाश्रमादिसंभवेऽप्युद्भवति तत एव काचिच्छिरा यदुदकाच्छेषकालमपि तृडाद्यपगम इति । एवं द्रव्यस्तवप्रवृत्तौ सत्यपि पृथिव्याद्युपमर्दे पूज्यत्वाद्भगवत उपायत्वात्तत्पूजाकरणस्य श्रद्धावतः समुपजायते तथाविधः शुभः परिणामो यतोऽशेषकर्मक्षपणमपीति । उपपत्त्यन्तरमाह– **नियतारम्भप्रवृत्ता यच्च गृहिण** इत्यनवरतमेव प्रायस्तेषु तेषु परलोकप्रतिकूलेष्वारम्भेषु प्रवृत्तिदर्शनात् **तेन कर्तव्या** पूजा, कायवधेऽपि उक्तवदुपकारसम्भवात्, तावन्तीं वेलामधिकताधिकरणाभावादिति ॥ ३४७ ॥

આ હેતુ અસિદ્ધ નથી એમ નિરાકરણ કરે છે–

ગાથાર્થ– ટીકાર્થ– અહીં જિનાગમમાં દ્રવ્યસ્તવમાં કૂવાનું દૃષ્ટાંત કહ્યું છે. કારણ કે "દ્રવ્યસ્તવમાં કૂપનું દૃષ્ટાંત છે." એવું વચન છે. તૃષાને દૂર કરવા માટે કૂવો ખોદવામાં પૂર્વ કરતાં અધિક તૃષા થાય, શ્રમ વગેરે પણ થાય. આમ છતાં કૂવામાંથી જ કોઈ શિરા નીકળે છે કે જેના પાણીથી તે કાળે થયેલ તૃષા વગેરે તો દૂર થાય જ છે, કિંતુ બીજા કાળે પણ તૃષા વગેરે દૂર થાય છે.

આ પ્રમાણે દ્રવ્યસ્તવની પ્રવૃત્તિમાં પૃથ્વીકાય આદિની હિંસા થતી હોવા છતાં ભગવાન પૂજ્ય હોવાથી અને જિનપૂજા[1] શુભ પરિણામનો હેતુ હોવાથી શ્રદ્ધાવાળા જીવને પૂજાથી તેવા પ્રકારનો શુભ પરિણામ થાય છે, કે જેથી સઘળાં કર્મોનો ક્ષય પણ થાય.

બીજી યુક્તિને કહે છે– ગૃહસ્થો સતત આરંભમા પ્રવૃત્ત હોય છે. કારણ કે પરલોક માટે પ્રતિકૂળ હોય તેવા તે તે આરંભોમાં ગૃહસ્થોની પ્રાયઃ સતત જ પ્રવૃત્તિ જોવામાં આવે છે. તેથી જીવહિંસા થવા છતાં પૂજા કરવી જોઈએ. કેમ કે પૂજાથી હમણાં કહ્યું તેમ ઉપકાર=લાભ થાય છે. તેટલો સમય અધિક અધિકરણનો (પાપક્રિયાનો) અભાવ થાય છે. (૩૪૭)

---

૧. વાક્ય ક્લિષ્ટ બને એ હેતુથી **करण** શબ્દનો અનુવાદ કર્યો નથી.

यदुक्तं न च पूज्यानामुपकारिणीत्येतत्परिजिहीर्षयाह–

उवगाराभावंमि वि, पुज्जाणं पूयगस्स उवगारो ।
मंताइसरणजलणाइसेवणे जह तहेहं पि ॥ ३४८ ॥

[उपकाराभावेऽपि पूज्यानां पूजकस्य उपकारः ।
मन्त्रादिस्मरणज्वलनादिसेवने यथा तथेहापि ॥ ३४८ ॥]

उक्तन्यायादु**पकाराभावेऽपि पूज्यानाम**र्हदादीनां **पूजकस्य** पूजाकर्तु-**रुपकारः** । दृष्टान्तमाह– **मन्त्रादिस्मरणज्वलनादिसेवने यथेति** तथाहि– मन्त्रे स्मर्यमाणे न कश्चित्तस्योपकारोऽथ च स्मर्तुर्भवत्येवं ज्वलने सेव्यमाने न कश्चित्तस्योपकारोऽथ च तत्सेवकस्य भवति शीतापनोदादिदर्शनात् । आदिशब्दाच्चिन्तामण्यादिपरिग्रहः । **तथेहापीति** यद्यप्यर्हदादीनां नोपकारः तथापि पूजक-स्य शुभाध्यवसायादिर्भवति तथोपलब्धेरिति ॥ ३४८ ॥

પૂજાથી પૂજ્યોને ઉપકાર થતો નથી એમ જે કહ્યું તેનું નિરાકરણ કરવાની ઇચ્છાથી કહે છે–

ગાથાર્થ– પૂજ્યોને ઉપકાર ન થવા છતાં પૂજકને ઉપકાર થાય છે. જેવી રીતે મંત્રાદિના સ્મરણમાં અને અગ્નિ આદિના સેવનમાં બને છે તેવી રીતે અહીં પણ જાણવું.

ટીકાર્થ– પૂર્વે કહ્યું તે રીતે અરિહંત આદિ પૂજ્યોને પૂજાથી ઉપકાર=લાભ ન થતો હોવા છતાં પૂજા કરનારને લાભ થાય છે. કોઇ મનુષ્ય મંત્રનું સ્મરણ કરે તો મંત્ર સ્મરણથી મંત્રને કોઇ લાભ થતો નથી, પણ મંત્રનું સ્મરણ કરનારને લાભ થાય છે તથા અગ્નિનું સેવન કરવાથી અગ્નિને કોઇ લાભ થતો નથી, પણ સેવન કરનારને લાભ થાય છે. કારણ કે ઠંડી દૂર થવી વગેરે જોવામાં આવે છે. આદિ શબ્દથી ચિંતામણિ આદિ વસ્તુઓ સમજવી. તે રીતે પ્રસ્તુતમાં પણ પૂજાથી અરિહંત આદિને લાભ થતો નથી, તો પણ પૂજકને શુભ અધ્યવસાય આદિ લાભ થાય છે. કારણ કે તે પ્રમાણે જોવામાં આવે છે. (૩૪૮)

किं च–

देहाइनिमित्तं पि हु, जे कायवहंमि तह पयट्टंति ।
जिणपूयाकायवहंमि तेसिं पडिसेहणं मोहो ॥ ३४९ ॥

[देहादिनिमित्तमपि ये खलु कायवधे तथा प्रवर्तन्ते ।
जिनपूजाकायवधे तेषां प्रतिषेधनं मोहः ॥ ३४९ ॥]

देहादिनिमित्तमप्यसारशरीरहेतोरपीत्यर्थः **ये कायवधे** पृथिव्याद्युपमर्दे **तथा प्रवर्तन्ते** तथेति झटिति कृत्वा **जिनपूजाकायवधे तेषां प्रतिषेधनं मोहो** अज्ञानं । न हि ततो भगवत्पूजा न शोभनेति ॥ ३४९ ॥

વળી–

ગાથાર્થ– ટીકાર્થ– અસાર શરીર આદિ માટે પણ જેઓ ઝડપથી જીવહિંસામાં પ્રવર્તે છે, તેમનો જિનપૂજામાં થનારી જીવહિંસામાં પ્રતિષેધ મોહ=અજ્ઞાન છે. તેમના નિષેધથી જિનપૂજા સારી નથી એવું નથી, અર્થાત્ તેમના નિષેધથી જિનપૂજા અકર્તવ્યરૂપ બની જતી નથી. (૩૪૯)

निगमयन्नाह–

सुत्तभणिएण विहिणा, गिहिणा निव्वाणमिच्छमाणेण ।
लोगुत्तमाण पूया, निच्चं चिय होइ कायव्वा ॥ ३५० ॥

[सूत्रभणितेन विधिना गृहिणा निर्वाणमिच्छता ।
लोकोत्तमानां पूजा नित्यमेव भवति कर्तव्या ॥ ३५० ॥]

सूत्रभणितेनागमोक्तेन **विधिना** यतनालक्षणेन **गृहिणा** श्रावकेन **निर्वाण-मिच्छता** मोक्षमभिलषता **लोकोत्तमानाम**र्हदादीनां **पूजा** अभ्यर्थनादिरूपा नित्यमेव भवति कर्तव्या । ततश्च न युक्तः प्रतिषेध इति ॥ ३५० ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– મોક્ષને ઇચ્છતા શ્રાવકે આગમમાં કહેલી યતનારૂપ વિધિથી અરિહંતોની સત્કાર આદિ રૂપ પૂજા નિત્ય જ કરવી જોઈએ. તેથી જિનપૂજાનો પ્રતિષેધ કરવો એ યુક્ત નથી. (૩૫૦)

अवसितमानुषङ्गिकं । साम्प्रतं यदुक्तं साधुसकाशे कुर्यात्प्रत्याख्यानं यथागृहीतमित्यत्र तत्करणे गुणमाह–

गुरुसक्खिओ उ धम्मो, संपुन्नविही कयाइ य विसेसो ।
तित्थयराण य आणा, साहुसमीवंमि वोसिरउ ॥ ३५१ ॥

---

१. शरीरार्थमपि

[गुरुसाक्षिक एव धर्मः संपूर्णविधिः कदाचिच्च विशेषः ।
तीर्थकराणां च आज्ञा साधुसमीपे व्युत्सृजतः ॥ ३५१ ॥]

गुरुसाक्षिक एव धर्म इत्यतः स्वयं गृहीतमपि तत्सकाशे ग्राह्यमिति । तथा **संपूर्णविधिरित्थमेव** भवतीत्यभिप्रायः । **कदाचिच्च विशेषः** प्रागप्रत्याख्यातमपि किञ्चित्साधुसकाशे संवेगे प्रत्याख्यातीति । **तीर्थकराणां चाज्ञा** संपादिता भवतीत्येते गुणाः **साधुसमीपे व्युत्सृजतः** प्रत्याख्यानं कुर्वत इति ॥ ३५१ ॥

આનુષંગિક વર્ણન પૂર્ણ થયું. હવે પૂર્વે (૩૪૪મી ગાથામાં) "સાધુની પાસે જઈને પહેલાં પોતે જે રીતે પ્રત્યાખ્યાન કર્યું હોય તે રીતે પ્રત્યાખ્યાન ગ્રહણ કરે" એમ જે કહ્યું હતું તે કરવામાં થતા લાભને કહે છે–

ગાથાર્થ– સાધુની પાસે પ્રત્યાખ્યાન કરનારને (૧) ગુરુ સાક્ષિક જ ધર્મ છે, (૨) વિધિ સંપૂર્ણ થાય, (૩) ક્યારેક વિશેષ થાય, (૪) તીર્થંકરોની આજ્ઞાનું પાલન થાય.

ટીકાર્થ– (૧) ધર્મ ગુરુની સાક્ષીએ જ સ્વીકારવાનો છે. આથી જાતે લીધેલું પણ પ્રત્યાખ્યાન ગુરુની પાસે ગ્રહણ કરવું જોઈએ. (૨) જાતે લીધેલું પ્રત્યાખ્યાન ગુરુની પાસે લેવાથી જ વિધિ સંપૂર્ણ થાય છે. (૩) ગુરુની પાસે પચ્ચક્ખાણ કરવામાં કોઈક વાર સંવેગ થતાં પૂર્વે નહિ લીધેલું પણ પ્રત્યાખ્યાન કરે. (૪) ગુરુની પાસે પ્રત્યાખ્યાન લેવાથી તીર્થંકરોની આજ્ઞાનું પાલન થાય. ગુરુની પાસે પ્રત્યાખ્યાન કરનારને આ લાભો થાય છે. (૩૫૧)

सामाचारीशेषमाह–

सुणिऊण तओ धम्मं, अहाविहारं च पुच्छउमिसीणं ।
काऊण य करणिज्जं, भावम्मि तहा ससत्तीए ॥ ३५२ ॥

[श्रुत्वा ततो धर्मं यथाविहारं च पृष्ट्वा ऋषीणाम् ।
कृत्वा च करणीयं भावे तथा स्वशक्त्या ॥ ३५२ ॥]

श्रुत्वा ततो धर्मं क्षान्त्यादिलक्षणं साधुसकाशे इति गम्यते । **यथाविहारं च** तथाविधचेष्टारूपं **पृष्ट्वा ऋषीणां** संबन्धिनं । **कृत्वा च करणीयं** ऋषीणामेव संबन्धि **भाव** इत्यस्तितायां करणीयस्य **स्वशक्त्या** स्वविभवाद्यौचित्येनेति ॥ ३५२ ॥

બાકીની સામાચારીને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ–⑥પછી સાધુની પાસે ક્ષમાદિરૂપ ધર્મનું શ્રવણ કરે. પછી સાધુઓની તેવા પ્રકારની ચેષ્ટારૂપ સંયમચર્યાને પૂછે, અર્થાત્ સંયમનું પાલન બરોબર થાય છે કે નહિ ? કોઈ કામ છે ? કોઈ વસ્તુની જરૂરિયાત છે ? ઇત્યાદિ પૂછે. પૂછ્યા પછી જો સાધુઓનું કોઈ કામ કરવાનું હોય તો સ્વશક્તિ[1] પ્રમાણે કરે. (૩૫૨)

तत्तो अणिंदियं खलु, काऊण जहोचियं अणुट्ठाणं ।
भुत्तूण जहा विहिणा, पच्चक्खाणं च काऊण ॥ ३५३ ॥

[ततः अनिन्द्यं खलु कृत्वा यथोचितमनुष्ठानम् ।
भुक्त्वा यथाविधिना प्रत्याख्यानं च कृत्वा ॥ ३५३ ॥]

ततस्तदनन्तरमनिन्द्यं खलु इहलोकपरलोकानिन्द्यमेव **कृत्वा यथोचितमनुष्ठानं** यथा वाणिज्यादि तथा **भुक्त्वा यथाविधिना** अतिथिसंविभागसंपादनादिना **प्रत्याख्यानं च कृत्वा** तदनन्तरमेव पुनर्भोगेऽपि ग्रन्थिसहितादीनि ॥ ३५३ ॥

ગાથાર્થ– ટીકાર્થ–⑦પછી (ધનોપાર્જન કરવા માટે) આ લોકની અને પરલોકની અપેક્ષાએ જે અનિંદ્ય હોય તે જ યથોચિત વેપાર આદિમાં પ્રવૃત્તિ કરે. ⑧પછી અતિથિસંવિભાગ કરવો આદિ વિધિપૂર્વક ભોજન કરે. પછી તુરત જ પ્રત્યાખ્યાન કરે. કદાચ ફરી ભોજન કરવું હોય તો પણ ગ્રંથસહિત[2] આદિ પચ્ચક્ખાણ કરે. (અહીં 'પણ' શબ્દથી ટીકાકાર એમ કહેવા માગે છે કે ફરીવાર ખાવું-પીવું હોય તેથી તિવિહાર-ચોવિહાર પચ્ચક્ખાણ ન થઇ શકે તો ગંઠિ સહિત વગેરે પણ પચ્ચક્ખાણ અવશ્ય કરવું, પચ્ચક્ખાણ વિના ન રહેવું.) (૩૫૩)

सेविज्ज तओ साहू, करिज्ज पूयं च वीयरागाणं ।
चिइवंदण सगिहागम, पइरिक्कमि य तुयट्टिज्जा ॥ ३५४ ॥

---

१. **स्वविभवाद्यौचित्येन** - પોતાના વૈભવને ઉચિત હોય તે રીતે કરે. આનાથી પોતાની ધનની શક્તિ પ્રમાણે કરવાનું કહ્યું. આદિ શબ્દથી પોતાની બુદ્ધિ પોતાના સંયોગો, પોતાનું શરીરબળ વગેરે સમજવું.

૨. કપડામાં ગાંઠ બાંધીને હું આ ગાંઠ છોડું નહિ ત્યાં સુધી કંઈ પણ મુખમાં નાખવું નહિ=ખાવુ-પીવું નહિ એવા નિયમને ગંઠિસહિત કહેવામાં આવે છે.

[सेवेत ततः साधून् कुर्यात्पूजां च वीतरागाणाम् ।
चैत्यवनदनं स्वगृहागमनं तथा एकान्ते त्वग्वर्तनम् ॥ ३५४ ॥]

सेवेत ततः साधुन् पर्युपासनविधिना **कुर्यात् पूजां च वीतरागाणां** स्वविभवौचित्येन ततश्चैत्यवन्दनं कुर्यात् ततः **स्वगृहागमनं तथैकान्ते** तु **त्वग्वर्तनं** कुर्यात्स्वपेदिति ॥ ३५४ ॥

ગાથાર્થ– ટીકાર્થ– ⑨ પછી સેવાની વિધિથી સાધુઓની સેવા કરે. ⑩ પછી સ્વવૈભવને ઉચિત હોય તે રીતે જિનપૂજા કરે. ⑪ પછી ચૈત્યવંદન કરે. ⑫ પછી પોતાના ઘરે આવીને એકાંતમાં શયન કરે. (૩૫૪)

कथमित्याह–

उस्सग्गबंभयारी, परिमाणकडो उ नियमओ चेव ।
सरिऊण वीयरागे, सुत्तविबुद्धो विचिंतिज्जा ॥ ३५५ ॥

[उत्सर्गतः ब्रह्मचारी कृतपरिमाणस्तु नियमादेव च ।
स्मृत्वा वीतरागान् सुप्तविबुद्धः विचिन्तयेत् ॥ ३५५ ॥]

उत्सर्गतः प्रथमकल्पेन **ब्रह्मचारी** आसेवनं प्रति **कृतपरिमाणस्तु नियमादेव** आसेवनपरिमाणाकरणे महामोहदोषात् तथा **स्मृत्वा वीतरागान् सुप्तविबुद्धः** सन् **विचिन्तयेद्** वक्ष्यमाणमिति ॥ ३५५ ॥

કેવી રીતે શયન કરે તે કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ઉત્સર્ગથી બ્રહ્મચર્યનું પાલન કરે. બ્રહ્મચર્યનું પાલન ન કરી શકે તો અવશ્ય અબ્રહ્મસેવનનું પરિમાણ કરે. કારણ કે અબ્રહ્મસેવનનું પરિમાણ ન કરવામાં મહામોહરૂપ દોષ થાય. તથા નિદ્રામાંથી જાગેલો શ્રાવક અરિહંતોનું સ્મરણ કરીને હવે કહેવાશે તે પ્રમાણે ચિંતન કરે. (૩૫૫)

भूएसु जंगमत्तं, तेसु वि पंचेंदियत्तमुक्कोसं ।
तेसु वि अ माणुसत्तं, मणुयत्ते आरिओ देसो ॥ ३५६ ॥

[भूतेषु जङ्गमत्वं तेष्वपि पञ्चेन्द्रियत्वमुत्कृष्टम् ।
तेष्वपि च मानुषत्वं मनुजत्वे आर्यो देशः ॥ ३५६ ॥]

भूतेषु प्राणिषु **जङ्गमत्वं** द्वीन्द्रियादित्वं **तेष्वपि पञ्चेन्द्रियत्वमुत्कृष्टं** प्रधानं **तेष्वपि** पञ्चेन्द्रियेषु **मानुषत्वमुत्कृष्टमिति** वर्तते **मनुजत्वे आर्यो देश** उत्कृष्ट इति ॥ ३५६ ॥

देसे कुलं पहाणं, कुले पहाणे य जाइ उक्कोसा ।
तीइवि रूवसमिद्धी, रूवे य बलं पहाणयरं ॥ ३५७ ॥
[देशे कुलं प्रधानं कुले प्रधाने च जातिरुत्कृष्टा ।
तस्यामपि रूपसमृद्धिः रूपे च बलं प्रधानतरम् ॥ ३५७ ॥]

देशे आर्ये **कुलं प्रधानं** उग्रादि, **कुले प्रधाने च जातिरुत्कृष्टा** मातृसमुत्था **तस्यामपि** जातौ **रूपसमृद्धिरुत्कृष्टा** सकलाङ्गनिष्पत्तिरित्यर्थः **रूपे च** सति **बलं प्रधानतरं** सामर्थ्यमिति ॥ ३५७ ॥

होइ बले वि य जीयं, जीए वि पहाणयं तु विन्नाणं ।
विन्नाणे सम्मत्तं, सम्मत्ते सीलसंपत्ती ॥ ३५८ ॥
[भवति बलेऽपि च जीवितं जीवितेऽपि प्रधानकं तु विज्ञानम् ।
विज्ञानेऽपि सम्यक्त्वं सम्यक्त्वे शीलसंपत्तिः ॥ ३५८ ॥]

भवति बलेऽपि च जीवितं प्रधानतरमिति योगः, **जीवितेऽपि** च **प्रधानतरं विज्ञानं विज्ञाने सम्यक्त्वं** क्रिया पूर्ववत् **सम्यक्त्वे शीलसंप्राप्तिः** प्रधानतरेति ॥ ३५८ ॥

सीले खाइयभावो, खाइयभावे य केवलं नाणं ।
केवलिए पडिपुन्ने, पत्ते परमक्खरे मुक्खो ॥ ३५९ ॥
[शीले क्षायिकभावो क्षायिकभावे च केवलज्ञानम् ।
कैवल्ये प्रतिपूर्णे प्राप्ते परमाक्षरे मोक्षः ॥ ३५९ ॥]

शीले क्षायिकभावः प्रधानः **क्षायिकभावे च केवलज्ञानं,** प्रतिपक्ष-योजना सर्वत्र कार्येति **कैवल्ये प्रतिपूर्णे प्राप्ते परमाक्षरे मोक्ष** इति ॥ ३५९ ॥

न य संसारम्मि सुहं, जाइजरामरणदुक्खगहियस्स ।
जीवस्स अत्थि जम्हा, तम्हा मुक्खो उवादेओ ॥ ३६० ॥
न च संसारे सुखं जातिजरामणदुःखगृहीतस्य ।
जीवस्यास्ति यस्मादेवं तस्मान्मोक्ष उपादेयः ॥ ३६० ॥
किंविशिष्ट इत्याह–

जच्चाइदोसरहिओ, अव्वाबाहसुहसंगओ इत्थ ।
तस्साहणसामग्गी, पत्ता य मए बहू इन्हिं ॥ ३६१ ॥
जात्यादिदोषरहितोऽव्याबाधसुखसंगतोऽत्र (संसारे)
तत्साधनसामग्री प्राप्ता च मया बह्वीदानीम् ॥ ३६१ ॥

ता इत्थ जं न पत्तं, तयत्थमेवुज्जमं करेमित्ति ।
विबुहजणनिंदिएणं, किं संसाराणुबंधेणं ॥ ३६२ ॥

तदत्र (सामग्र्यां) यत्र प्राप्तं तदर्थमेवोद्यमं करोमीति ।
विबुधजननिन्दितेन किं संसारानुबन्धेन ॥ ३६२ ॥

इति निगदसिद्धो गाथात्रयार्थः ।

ગાથાર્થ– ટીકાર્થ– જીવોમાં ત્રસપણું (=બેઇંદ્રિયાદિપણું) શ્રેષ્ઠ છે. ત્રસપણામાં પંચેંદ્રિયપણું શ્રેષ્ઠ છે. પંચેંદ્રિયોમાં મનુષ્યપણું શ્રેષ્ઠ છે. મનુષ્યપણામાં આર્યદેશ શ્રેષ્ઠ છે. (૩૫૬) આર્ય દેશમાં ઉગ્રકુળ વગેરે આર્યકુળ શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ કુળમાં જાતિ શ્રેષ્ઠ છે. જાતિ માતાથી ઉત્પન્ન થયેલી હોય છે. અર્થાત્ માતાનો વંશ તે જાતિ. જાતિમાં પણ સર્વ અંગોની પરિપૂર્ણતારૂપ રૂપ સમૃદ્ધિ શ્રેષ્ઠ છે. રૂપમાં બળ શ્રેષ્ઠ છે. (૩૫૭) બળમાં પણ જીવિત (=દીર્ઘાયુ) શ્રેષ્ઠ છે. જીવિતમાં પણ વિજ્ઞાન (=વિશિષ્ટ બુદ્ધિ) શ્રેષ્ઠ છે. વિજ્ઞાનમાં સમ્યક્ત્વ શ્રેષ્ઠ છે. સમ્યક્ત્વમાં શીલની (=ચારિત્રની) પ્રાપ્તિ શ્રેષ્ઠ છે. (૩૫૮) શીલમાં ક્ષાયિકભાવ શ્રેષ્ઠ છે. ક્ષાયિકભાવમાં કેવલજ્ઞાન શ્રેષ્ઠ છે. ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ સંપૂર્ણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતાં મોક્ષ થાય છે. (**प्रतिपक्षयोजना सर्वत्र कार्या**=) આ વિષયને ઊલટ રીતે પણ વિચારવો. જેમ કે ક્ષાયિકભાવ વિનાનું શીલ, શીલ વિનાનું સમ્યક્ત્વ, સમ્યક્ત્વ વિનાનું વિજ્ઞાન, એમ ઉત્તર-ઉત્તરના અભાવે પૂર્વ-પૂર્વ ભાવો નિષ્ફળ કે ઊલટા હાનિકારક પણ બને. (૩૫૯) જન્મ-જરા-મરણ-દુઃખથી ગ્રહણ કરાયેલા જીવને સંસારમાં સુખ નથી. માટે મોક્ષ મેળવવા યોગ્ય છે. (૩૬૦) મોક્ષ કેવો છે તે કહે છે– મોક્ષ જન્માદિ દોષથી રહિત છે, અને દુઃખરહિત સુખથી યુક્ત છે. મનુષ્યભવમાં મેં હમણાં મોક્ષને સાધવાની સામગ્રી ઘણી પ્રાપ્ત કરી છે. (૩૬૧) તેથી અહીં જે પ્રાપ્ત થયું નથી તેના માટે જ ઉદ્યમ કરું. વિચક્ષણ જનથી નિંદાયેલી સંસારની પરંપરાથી શું ? (૩૬૨)

इत्थं चिन्तनफलमाह–

वैरग्गं कम्मक्खय विसुद्धनाणं च चरणपरिणामो ।
थिरया आउ य बोही, इय चिंताए गुणा हुंति ॥ ३६३ ॥

[वैराग्यं कर्मक्षयः विशुद्धज्ञानं च चरणपरिणामः ।
स्थिरता आयुः च बोधिः इत्थं चिन्तायां गुणा भवन्ति ॥ ३६३ ॥]

इत्थं चिन्तयतो **वैराग्यं** भवत्यनुभवसिद्धमेवैतत् । तथा **कर्मक्षयः** तत्त्व-चिन्तनेन प्रतिपक्षत्वात् । **विशुद्धज्ञानं च** निबन्धनहानेः । **चरणपरिणामः** प्रशस्ताध्यवसायत्वात् । **स्थिरता** धर्मे प्रतिपक्षासारदर्शनात् । **आयुरिति** कदाचि-त्परभवायुष्कबन्धस्ततस्तच्छुभत्वात्सर्वं कल्याणं **बोधिरित्थं** तत्त्वभावना-भ्यासादेवं **चिन्तायां** क्रियमाणायां **गुणा भवन्त्येवं** चिन्तया वेति ॥ ३६३ ॥

આ પ્રમાણે ચિંતન કરવાથી થતા ફળને કહે છે–

ગાથાર્થ– આ પ્રમાણે ચિંતન કરવામાં વૈરાગ્ય, કર્મક્ષય, વિશુદ્ધજ્ઞાન, ચારિત્રપરિણામ, સ્થિરતા, આયુષ્ય અને બોધિ આ ગુણો થાય છે.

ટીકાર્થ– વૈરાગ્ય– આ પ્રમાણે વિચારનારને વૈરાગ્ય થાય. આ અનુભવસિદ્ધ જ છે.

કર્મક્ષય– તત્ત્વચિંતનથી કર્મક્ષય થાય. કારણ કે તત્ત્વચિંતન કર્મબંધનું વિરોધી છે.

વિશુદ્ધજ્ઞાન– તત્ત્વચિંતનથી વિશુદ્ધજ્ઞાન થાય છે. કારણ કે અશુદ્ધજ્ઞાનના કારણની હાનિ=ક્ષય થાય છે.

ચારિત્ર પરિણામ=તત્ત્વચિંતનથી ચારિત્રનો પરિણામ પ્રગટે.કારણ કે તત્ત્વચિંતન પ્રશસ્ત અધ્યવસાયરૂપ છે.

સ્થિરતા– તત્ત્વચિંતનથી ધર્મમાં સ્થિરતા થાય. કારણ કે તત્ત્વચિંતનથી અધર્મની=પાપની અસારતા દેખાય છે.

આયુષ્ય– તત્ત્વચિંતન કરતાં જો પરભવનું આયુષ્ય બંધાય તો શુભ આયુષ્ય બંધાય, અને એથી સઘળું સારું થાય.

બોધિ– આ પ્રમાણે તત્ત્વભાવનાના અભ્યાસથી બોધિની (=સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ થાય. (૩૬૩)

गोसम्मि पुव्वभणिओ, नवकारेणं विबोहमाईओ ।
इत्थ विही गमणम्मिय, समासओ संपवक्खामि ॥ ३६४ ॥

[गोसे (प्रत्युषसि) पूर्वभणितो नमस्कारेण विबोधादिः ।
अत्र विधिः (इति) गमने च समासतः संप्रवक्ष्यामि ॥ ३६४ ॥]

ગાથાર્થ– અહીં (=આ ગ્રંથમાં પૂર્વે) પ્રાતઃકાળે જાગેલો શ્રાવક નમસ્કાર મહામંત્ર ગણે વગેરે (જાગે ત્યારથી આરંભી સુવે ત્યાં સુધીનો) વિધિ કહ્યો. (એક સ્થળેથી બીજા સ્થળે) જવાના વિધિને સંક્ષેપથી કહીશ. (૩૬૪)

શ્રાવકપ્રવાસની અને સાધુવિહારની વિશેષ સામાચારી (ગા. ૩૬૫-૩૭૫)

विधिमिति–

अहिगरणखामणं खलु, चेइयसाहूण वंदणं चेव ।
संदेसम्मि विभासा, जइगिहिगुणदोसविक्खाए ॥ ३६५ ॥

[अधिकरणक्षामणं खलु चैत्यसाधूनां वन्दनमेव च ।
संदेशे विभाषा यतिगृहिगुणदोषापेक्षया ॥ ३६५ ॥]

अधिकरणक्षामणं खलु माभूत्तत्र मरणादौ वैरानुबन्ध इति । तथा **चैत्यसाधूनामेव च वन्दनं** नियमतः कुर्यात् गुणदर्शनात् । **संदेशे विभाषा यतिगृहिगुणदोषापेक्षये**ति यतेः संदेशको नीयते न सावद्यो गृहस्थस्य इति ॥ ३६५ ॥

જવાના વિધિને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– (સાધુ વિહાર કરીને અને શ્રાવક યાત્રા વગેરે માટે બીજા સ્થળે જાય ત્યારે) અધિકરણની (=કોઈની સાથે કલહ વગેરે થયું હોય તેની) ક્ષમાપના કરે. જેથી ત્યાં મરણ વગેરે થઈ જાય તો વૈરનો અનુબંધ ન થાય તથા જિનમંદિરોમાં અને સાધુઓને અવશ્ય વંદન કરે. કારણ કે તેમાં લાભ દેખાય છે. બીજાનો સંદેશો લઈ જવામાં સાધુ અને ગૃહસ્થને આશ્રયીને થતા ગુણ-દોષની અપેક્ષાએ વિકલ્પ છે. તે આ પ્રમાણે– સાધુનો સંદેશો લઈ જવાય. ગૃહસ્થનો પાપવાળો સંદેશો ન લઈ જવાય. અહીં ભાવાર્થ આ છે– સાધુઓ એક સ્થળેથી બીજા સ્થળે જાય ત્યારે સાધુઓનો સંદેશો લઈ જાય. ગૃહસ્થ એક સ્થળેથી બીજા સ્થળે જાય ત્યારે સાધુનો સંદેશો લઈ જાય. પણ ગૃહસ્થનો સંદેશો લઈ જવાનો હોય તો ધર્મસંબંધી સંદેશો લઈ જાય, પણ પાપવાળો સંદેશો ન લઈ જાય. (૩૬૫)

चैत्यसाधूनां वन्दनं चेति यदुक्तं तद्विस्फारयति–

साहूण सावगाण य, सामायारी विहारकालंमि ।
जत्थत्थि चेइयाइं, वंदावंती तहिं संघं ॥ ३६६ ॥

[साधूनां श्रावकानां च सामाचारी विहरणकाले ।
यत्र सन्ति चैत्यानि वन्दयन्ति तत्र संघम् ॥ ३६६ ॥]

साधूनां श्रावकाणां चोक्तशब्दार्थानां (२), **सामाचारी** व्यवस्था कदा **विहरणकाले** विहरणसमये किंविशिष्टेत्याह– **यत्र** स्थाने **सन्ति चैत्यानि वन्दयन्ति तत्र सङ्घं** चतुर्विधमपि प्रणिधानं कृत्वा स्वयमेव वन्दत इति ॥ ३६६॥

पढमं तओ य पच्छा, वंदंति सयं सिया ण वेल त्ति ।
पढमं चिय पणिहाणं, करंति संघंमि उवउत्ता ॥ ३६७ ॥

[प्रथमं ततश्च पश्चात् वन्दन्ते स्वयं स्यान्न वेला इति ।
प्रथममेव प्रणिधानं कुर्वन्ति सङ्घे उपयुक्ताः ॥ ३६७ ॥]

प्रथममिति पूर्वमेव सङ्घं वन्दयन्ति **ततः पच्छात्**सङ्घवन्दनोत्तरकालं **वन्दन्ते स्वयमा**त्मना आत्मनिमित्तमिति **स्यान्न वेलेति** स्तेनादिभयसार्थगमनादौ तत्रापि **प्रथममेव** वन्दने **प्रणिधानं कुर्वन्ति सङ्घ**विषय**मुपयुक्ताः** सङ्घं प्रत्येत-द्वन्दनं सङ्घोऽयं वन्दत इति ॥ ३६७ ॥

पच्छा कयपणिहाणा, विहरंता साहुमाइ दट्ठूण ।
जंपंति अमुगठाणे, देवे वंदाविया तुब्भे ॥ ३६८ ॥

[पश्चात् कृतप्रणिधाना विहरन्तः साध्वादीन्दृष्ट्वा ।
जल्पन्ति अमुकस्थाने देवान् वन्दिता यूयम् ॥ ३६८ ॥]

पश्चात् तदुत्तरकालं **कृतप्रणिधानाः** सन्तस्तदर्थस्य संपादितत्वाद् **विहरन्तः** सन्तः **साध्वादीन् दृष्ट्वा** साधुं साध्वीं श्रावकं श्राविकां वा **जल्पन्ति** व्यक्तं च भणन्ति किं **अमुकस्थाने** मथुरादौ **देवान्वन्दिता यूयमिति** ॥ ३६८ ॥

ते वि य कयंजलिउडा, सद्धासंवेगपुलइयसरीरा ।
अवणामिउत्तमंगा, तं बहु मन्नंति सुहझाणा ॥ ३६९ ॥

[तेऽपि च कृताञ्जलिपुटाः श्रद्धासंवेगपुलकितशरीराः ।
अवनामितोत्तमाङ्गाः तद् बहु मन्यन्ते शुभध्यानाः ॥ ३६९ ॥]

तेऽपि च साध्वादयः **कृताञ्जलिपुटा** रचितकरपुटाञ्जलयः **श्रद्धासंवेग-पुलकितशरीराः** श्रद्धाप्रधानसंवेगतो रोमाञ्चितवपुषो **ऽवनामितोत्तमाङ्गाः** सन्तस्तद्वन्दनं **बहु मन्यन्ते शुभध्यानाः** प्रशस्ताध्यवसाया इति ॥ ३६९ ॥

उभयोः फलमाह–

तेसिं पणिहाणाओ, इयरेसिं पि य सुभाउ झाणाओ ।
पुन्नं जिणेहिं भणियं, नो संकमउ त्ति ते मेरा ॥ ३७० ॥

[तेषां प्रणिधानात् इतरेषामपि च शुभाद्ध्यानात् ।
पुण्यं जिनैर्भणितं न संक्रमतः इति अतो मर्यादा ॥ ३७० ॥]

तेषामाद्यानां वन्दननिवेदकानां **प्रणिधानात्** तथाविधकुशलचित्ताद् **इतरेषामपि च** वन्द्यमानानां **शुभध्यानात्** तच्छ्रवणप्रवृत्त्या **पुण्यं जिनैर्भणितं** अर्हद्भिरुक्तं **न च संक्रमत इति** न निवेदकपुण्यं निवेद्यसंक्रमेण यतश्चैवमतो **मर्यादेयमवश्यं कार्येति** ॥ ३७० ॥

જિનમંદિરોમાં અને સાધુઓને અવશ્ય વંદન કરે એમ જે કહ્યું તેને વિસ્તારે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સાધુઓની અને શ્રાવકોની વિહાર કરતી વખતે આ સામાચારી છે કે જે સ્થાને જિનમંદિરો=જિનપ્રતિમાઓ હોય ત્યાં ચારે ય પ્રકારના સંઘને વંદાવે, અર્થાત્ ચારે પ્રકારના સંઘનું પ્રણિધાન કરીને જાતે જ વંદન કરે. (હું આ વંદન ચાર પ્રકારના સંઘવતી કરું છું એમ મનમાં બોલીને પોતે વંદન કરે.) (૩૬૬) પહેલાં સંઘને વંદાવે પછી સ્વનિમિત્તે વંદન કરે. હવે જો ચોર વગેરેનો ભય હોય, સાર્થ જલદી આગળ જતો હોય વગેરે કારણથી વધારે સમય ન હોય તો પહેલાં જ સંઘના ઉપયોગવાળા થયા છતાં પ્રણિધાન કરે, અર્થાત્ આ સંઘવતી વંદન છે અથવા આ સંઘ વંદન કરે છે એમ મનમાં બોલીને સંઘને વંદાવે. (૩૬૬મી ગાથામાં સંઘને વંદાવીને પોતે વંદન કરે એમ કહ્યું છે.આ ગાથામાં જો સમય વધારે ન હોય અને એથી સંઘને વંદાવવું અને પોતે વંદન કરવું એ બેમાંથી એક જ થઇ શકે તેમ હોય તો શું કરવું ? એના જવાબમાં અહીં કહ્યું કે સંઘને વંદાવે, અર્થાત્ સંઘવતી વંદન કરે.) (૩૬૭) જેમણે પ્રણિધાન કર્યું છે=જેમણે પ્રણિધાનનું કાર્ય જે સંઘવંદન, તે સંઘવંદન જેમણે કર્યું છે એવા તેઓ, વિહાર કરતાં કરતાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓને જોઇને સ્પષ્ટ કહે કે, મથુરા નગરી વગેરે અમુક સ્થળે તમે દેવોને વંદન કરાવાયા છો, અર્થાત્ અમોએ તમારા વતી દેવોને વંદન કર્યું છે. (૩૬૮) તે સાધુ વગેરે પણ બે હાથ જોડી મસ્તકે અંજલિ કરીને, મસ્તકને નમાવીને, શ્રદ્ધાની પ્રધાનતાવાળા સંવેગથી રોમાંચિત શરીરવાળા બનીને અને શુભ અધ્યવસાયવાળા બનીને તે વંદનનું બહુમાન કરે, અર્થાત્ [૧]પોતે પણ વંદન કરે. (૩૬૯) વંદન જણાવનારાઓને તેવા

૧. આ અર્થ ૩૭૨મી ગાથાના આધારે સિદ્ધ થાય છે.

પ્રકારનું કુશલચિત્ત થવાથી અને જેમને વંદન[1] જણાવાઈ રહ્યું છે તેમને વંદન શ્રવણરૂપ પ્રવૃત્તિથી શુભધ્યાન થવાથી પુણ્ય થાય એમ જિનોએ કહ્યું છે. (ટૂંકમાં– વંદન જણાવનારા અને વંદન સાંભળનારા એ બંનેને પુણ્ય થાય છે.) વળી– નિવેદકના (=જણાવનારાઓના) પુણ્યનું નિવેદ્યમાં (=જેમને જણાવવામાં આવે છે તેમનામાં) સંક્રમણ થતું નથી. આથી આ મર્યાદા અવશ્ય પાળવી જોઈએ. (૩૭૦)

વિપર્યયે દોષમાહ–

जे पुणऽकयपणिहाणा, वंदित्ता नेव वा निवेयंति ।
पच्चक्खमुसावाई, पावा हु जिणेहिं ते भणिया ॥ ३७१ ॥

[ये पुनरकृतप्रणिधाना वन्दित्वा नैव वा निवेदयन्ति ।
प्रत्यक्षमृषावादिनः पापा एव जिनैः ते भणिताः ॥ ३७१ ॥]

ये पुनरनाभोगादितो **अकृतप्रणिधाना वन्दित्वा नैव वा** वन्दित्वा **निवेदयन्ति** અમુકસ્થાને દેવાન્વન્દિતા યૂયમિતિ **प्रत्यक्ष मृषावादिनो**-ऽकृतनिवेदनात्**पापा एव जिनैस्ते भणिता** મૃષાવાદિત્વાદેવેતિ ॥ ૩૭૧ ॥

जे वि य कयंजलिउडा, सद्धासंवेगपुलइयसरीरा ।
बहु मन्नंति न सम्मं, वंदणगं ते वि पाव त्ति ॥ ३७२ ॥

[येऽपि च कृताञ्जलिपुटाः श्रद्धासंवेगपुलकितशरीराः ।
बहु मन्यन्ते न सम्यग्वन्दनकं तेऽपि पापा इति ॥ ३७२ ॥]

येऽपि च साध्वादयो નિવેદિતે સતિ **कृताञ्जलिपुटाः श्रद्धासंवेग-पुलकितशरीरा** इति પૂર્વવત્ર **बहु मन्यन्ते न सम्यक् वन्दनकं** कुर्वन्ति **तेऽपि पापा** गुणवति સ્થાનેऽવજ્ઞાકરણા**दिति** ॥ ૩૭૨ ॥

વિપરીતમાં (=મર્યાદા ન પાળવામાં) દોષને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જેઓ અનાભોગ આદિથી સંઘનું પ્રણિધાન કરીને સંઘવતી વંદન કરતા નથી, અથવા વંદન કરીને અમારાથી અમુક સ્થળે તમે દેવોને વંદાવાયા છો=અમોએ તમારા વતી દેવોને વંદન કર્યું છે એમ જણાવતા નથી, તેઓને જિનોએ પ્રત્યક્ષ મૃષાવાદી અને પાપી કહ્યાં છે. સંઘવતી વંદન ન કરવાથી કે ન જણાવવાથી પ્રત્યક્ષ મૃષાવાદી છે

૧. ટીકામાં **'वन्द्यमानानां'** એ સ્થળે **'निवेद्यमानानां'** એમ હોવું જોઈએ.

અને મૃષાવાદી હોવાથી જ પાપી જ છે. (૩૭૧) જે સાધુ વગેરે પણ બે હાથ જોડી અંજલિ કરીને શ્રદ્ધાની પ્રધાનતાવાળા સંવેગથી રોમાંચિત શરીરવાળા થઈને વંદનનું બહુમાન કરતા નથી=જાતે પણ સમ્યગ્ વંદન કરતા નથી તે પણ ગુણવાળા સ્થાનમાં અવજ્ઞા કરવાથી પાપી છે. (૩૭૨)

ક્વચિદ્ વલાભાવેઽપિ વિધિમાહ–

जइ वि न वंदणवेला, तेणाइभएण चेइए तहवि ।
दट्ठूणं पणिहाणं, नवकारेणावि संघंमि ॥ ३७३ ॥

[यद्यपि न वन्दनवेला स्तेनादिभयेषु चैत्यानि तथापि ।
दृष्ट्वा प्रणिधानं नमस्कारेणापि सङ्घे ॥ ३७३ ॥]

यद्यपि क्वचिच्छून्यादौ **न वन्दनवेला स्तेनश्वापदादिभयेषु चैत्यानि तथापि दृष्ट्वा** अवलोकननिबन्धनमपि **प्रणिधानं नमस्कारेणापि सङ्घ** इति सङ्घविषयं कार्यमिति ॥ ३७३ ॥

तंमि य कए समाणे, वंदावणगं निवेइयव्वं ति ।
तयभावंमि पमादा, दोसो भणिओ जिणिंदेहिं ॥ ३७४ ॥

[तस्मिन्नपि कृते सति वन्दनं निवेदयितव्यमिति ।
तदभावे प्रमादात् दोषः भणितः जिनेन्द्रैः ॥ ३७४ ॥]

तस्मिन्नपि एवम्भूते प्रणिधाने **कृते सति वन्दनं निवेदयितव्यमेव** वस्तुतः संपादितत्वात्तदभावे **तथाविधप्रणिधानाकरणे प्रमादाद्धेतोर्दोषो भणितो जिनेन्द्रैर्**विभागायातशक्यकुशलाप्रवृत्तेरिति ॥ ३७४ ॥

ક્યાંક સમયનો અભાવ હોય ત્યાં પણ વિધિને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જો કે ક્યાંક શૂન્ય સ્થાન વગેરે સ્થળે ચોર કે વનપશુ આદિનો ભય હોય ત્યારે જિનમંદિરમાં જઈને વંદનનો સમય ન હોય તો પણ ચૈત્યોને=જિન મંદિરોને જોઈને નમસ્કારથી પણ સંઘનું પ્રણિધાન[1] કરવું જોઈએ, અર્થાત્ "આ નમસ્કાર ચાર પ્રકારના સંઘવતી કરું છું એમ મનમાં બોલીને બે હાથ જોડીને જિનમંદિરને નમસ્કાર કરે. (૩૭૩) આવા પ્રકારનું પણ પ્રણિધાન કરાયે છતે એ વંદન સાધુ આદિને

---

૧. **अवलोकननिबन्धनमपि प्रणिधानम्**=દર્શન છે કારણ જેનું એવું પ્રણિધાન. આ શબ્દાર્થ છે. ભાવાર્થ તો અનુવાદમાં લખ્યો છે તે જ છે.

જણાવવું જ જોઈએ. કારણ કે પરમાર્થથી પ્રણિધાન કર્યું છે. પ્રમાદના કારણે તેવા પ્રકારનું પ્રણિધાન ન કરવામાં જિનેશ્વરોએ દોષ કહ્યો છે. કારણ કે વિભાગથી આવેલા શક્યકુશલમાં પ્રવૃત્તિ કરી નથી. (૩૭૪)

उपसंहरन्नाह–

एयं सामायारिं, नाऊण विहीइ जे पउंजंति ।
ते हुंति इत्थ कुसला, सेसा सव्वे अकुसला उ ॥ ३७५ ॥

[एतां सामाचारीं ज्ञात्वा विधिना ये प्रयुञ्जते ।
ते भवन्त्यत्र कुशलाः शेषाः सर्वे अकुशला एव ॥ ३७५ ॥]

एतामनन्तरोदितां सामाचारीं व्यवस्थां **ज्ञात्वा विधिना ये प्रयुञ्जते** यथावद्ये कुर्वन्तीत्यर्थः **ते भवन्त्यत्र** विहरणविधौ **कुशलाः शेषा अकुशला एव**निपुणा एव न चेयमयुक्ता संदिष्टवन्दनकथनतीर्थस्नपनादिदर्शनादिति ॥ ३७५ ॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– હમણાં કહેલી આ સામાચારીને જાણીને જેઓ વિધિપૂર્વક કરે છે તેઓ વિહારવિધિમાં કુશળ છે, બાકીના અકુશળ છે.

પૂર્વપક્ષ– આ સામાચારી યોગ્ય નથી.

ઉત્તરપક્ષ– આ સામાચારી યોગ્ય છે. કેમ કે મારા વતી વંદન કરજો એમ જેણે કહ્યું હોય તેના વતી વંદન કરે, તે વંદન તેને કહે, તેના વતી તીર્થમાં અભિષેક કરે વગેરે જોવામાં આવે છે. (૩૭૫)

संलेखना (गा. ३७६-३८५)

श्रावकस्यैव विधिशेषमाह–

अन्ने अभिग्गहा खलु, निरईयारेण हुंति कायव्वा ।
पडिमादओ वि य तहा, विसेसकरणिज्जजोगाओ ॥ ३७६ ॥

[अन्ये चाभिग्रहाः खलु निरतिचारेण भवन्ति कर्तव्याः ।
प्रतिमादयो ऽपि च तथा विशेषकरणीययोगात् ॥ ३७६ ॥]

अन्ये चाभिग्रहाः खलु अनेकरूपा लोचकृतघृतप्रदानादयः **निरतिचारेण** सम्यक् भवन्ति **कर्तव्या** आसेवनीया इति । **प्रतिमादयोऽपि च तथा शेषकरणीययोगा** इति प्रतिमा दर्शनादिरूपा यथोक्तं "दंसणवये" त्यादि। आदिशब्दादनित्यादिभावनापरिग्रह इति ॥ ३७६ ॥

શ્રાવકના જ બાકી રહેલા કર્તવ્યને કહે છે–

ગાથાર્થ– બીજા અભિગ્રહો અતિચાર ન લાગે તે રીતે કરવા જોઈએ. તથા વિશેષ કર્તવ્યરૂપ પ્રતિમા આદિ યોગો કરવા જોઈએ.

ટીકાર્થ– બીજા અભિગ્રહો– જેમણે લોચ કર્યો હોય તેમને ઘી વહોરાવવું વગેરે અનેક પ્રકારના બીજા અભિગ્રહો કરવા જોઈએ.

પ્રતિમા– દર્શનપ્રતિમા વગેરે પ્રતિમા. કહ્યું છે કે– "દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, કાયોત્સર્ગ, અબ્રહ્મવર્જન, સચિત્તવર્જન, આરંભવર્જન, પ્રેષ્યવર્જન, ઉદ્દિષ્ટવર્જન, શ્રમણભૂત એમ શ્રાવકની અગિયાર પ્રતિમાઓ છે." (પંચાશક ભાગ-૧, ૧૦/૩)

આદિ શબ્દથી અનિત્ય વગેરે ભાવનાઓ ગ્રહણ કરવી. (૩૭૬)

एवं च विहरिऊणं, दिक्खाभावंमि चरणमोहाओ ।
पत्तंमि चरमकाले, करिज्ज कालं अहाकमसो ॥ ३७७ ॥

[एवं च विहृत्य दीक्षाभावे चरणमोहात् ।
प्राप्ते चरमकाले कुर्यात्कालं यथाक्रमशः ॥ ३७७ ॥]

एवं यथोक्तविधिना **विहृत्य** नियतानियतेषु क्षेत्रेषु कालं नीत्वा **दीक्षाभाव** इति प्रव्रज्याभावे सति **चरणमोहादिति** चारित्रमोहनीयात्कर्मणः **प्राप्ते चरमकाले** क्षीणप्राये आयुषि सतीत्यर्थः **कुर्यात्कालं यथाक्रमशो** यथाक्रमेण परिकर्मादिनेति ॥ ३७७ ॥

ગાથાર્થ– ટીકાર્થ– ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી દીક્ષા પ્રાપ્ત ન થાય તો અહીં કહેલી વિધિ પ્રમાણે નિયત-અનિયત ક્ષેત્રોમાં કાળ પસાર કરીને આયુષ્ય લગભગ ક્ષીણ થઈ ગયું હોય ત્યારે પરિકર્મ આદિ ક્રમથી કાળ કરે. (૩૭૭)

भणिया अपच्छिमा मारणंतिया वीयरागदोसेहिं ।
संलेहणाझोसणमो, आराहणयं पवक्खामि ॥ ३७८ ॥

[भणिता अपश्चिमा मारणान्तिकी वीतरागदोषैः ।
संलेखनाजोषणा आराधना तां प्रवक्ष्यामि ॥ ३७८ ॥]

भणिता चोक्ता च कैर्**वीतरागद्वेषैर्**र्हद्भिरिति योगः, का **अपच्छिमा मारणान्तिकी संलेखना जोषणाराधने**ति। पश्चिमैवानिष्टाशयपरिहारायापश्चिमा। मरणं प्राणपरित्यागलक्षणम्, इह यद्यपि प्रतिक्षणमावीचीमरणमस्ति तथापि न तद्

गृह्यते, किं तर्हि सर्वायुष्कक्षयलक्षणमिति, मरणमेवान्तो मरणान्तः, तत्र भवा मारणान्तिकी, बह्वच-इति ठञ्, संलिख्यतेऽनया शरीरकषायादीति संलेखना तपोविशेषलक्षणा, तस्या जोषणं सेवनं, मो इति निपातस्तत्कालश्लाघ्यत्वप्रदर्शनार्थः, तस्या **आराधना** अखण्डना, कालस्य करणमित्यर्थः, **तां प्रवक्ष्यामी**ति । एत्थ सामायारी– आसेवियगिहिधम्मेण किल सावगेण पच्छा णिक्कमियव्वं । एवं सावगधम्मो उज्जमिओ होइ । ण सक्कइ ताहे भत्तपच्चक्खाणकाले संथारगसमणेण होयव्वं ति । ण सक्कइ ताहे अणसणं कायव्वंति विभासा ॥ ३७८ ॥

ગાથાર્થ– ટીકાર્થ– અરિહંતોએ અપશ્ચિમ મારણાંતિકી સંલેખનાની આરાધનાને કહી છે. હું તે આરાધનાને કહીશ.

અપશ્ચિમ– અપશ્ચિમ એટલે પશ્ચિમ. પશ્ચિમ એટલે છેલ્લી.

પ્રશ્ન– જો અપશ્ચિમ શબ્દનો પશ્ચિમ અર્થ છે તો ગ્રંથકારે અપશ્ચિમના બદલે પશ્ચિમ શબ્દ કેમ ન લખ્યો ?

ઉત્તર– પશ્ચિમ શબ્દ અનિષ્ટ આશયનો સૂચક હોવાથી અનિષ્ટ આશયનો ત્યાગ કરવા માટે અપશ્ચિમ શબ્દ લખ્યો છે.

મારણાંતિકી– મરણ એટલે પ્રાણોનો ત્યાગ. જો કે પ્રતિક્ષણ આયુષ્ય ઘટવારૂપ આવીચી મરણ છે. તો પણ તે મરણ અહીં ગ્રહણ કરાતું નથી. અહીં સર્વ આયુષ્યના ક્ષય રૂપ મરણ ગ્રહણ કરાય છે. અહીં મરણ એ જ અંત છે. મરણરૂપ અંતમાં જે થાય તે મારણાંતિકી.

(મારણાંતિકી એ સંલેખનાની આરાધનાનું વિશેષ છે. એથી મરણરૂપ અંતે થનારી સંલેખનાની આરાધના તે મારણાંતિકી.)

સંલેખના– જેનાથી શરીર-કષાય વગેરે કૃશ કરાય તે સંલેખના. સંલેખના વિશેષ પ્રકારના તપ સ્વરૂપ છે.

મો નિપાત છે, અને મરણકાળે સંલેખના પ્રશંસનીય છે એ બતાવવા માટે છે.

અહીં સામાચારી આ પ્રમાણે છે– ગૃહસ્થ ધર્મનું પાલન કર્યા પછી શ્રાવકે દીક્ષા લેવી જોઈએ. એમ કરવાથી શ્રાવકધર્મ ઉદ્યમવાળો થાય, અર્થાત્ શ્રાવકધર્મમાં ઉદ્યમ કર્યો ગણાય. તેમ શક્ય ન બને તો ભક્તપ્રત્યાખ્યાનના સમયે સંથારકશ્રમણ થવું જોઈએ, અર્થાત્ અનશન સ્વીકારીને દીક્ષા લેવી જોઈએ. તેમ શક્ય ન બને તો અનશન કરવું જોઈએ. આમ વિકલ્પ છે. (૩૭૮)

अत्राह–

काऊण विगिट्ठतवं, जहासमाहीइ वियडणं दाउं ।
उज्जालियं अणुव्वय, तिचउद्धाहारवोसिरणं ॥ ३७९ ॥

[कृत्वा विकृष्टतपः यथासमाधि विकटनां दत्त्वा ।
उज्ज्वाल्य अणुव्रतानि त्रिविधचतुर्विधाहारव्युत्सर्जनम् ॥ ३७९ ॥]

कृत्वा विकृष्टतपः षष्ठाष्टमादि **यथासमाधिना** शुभपरिणामपातविरहेण तथा **विकटनाम**ालोचनां **दत्त्वा उज्ज्वाल्य** पुनःप्रतिपत्त्या निर्मलतराणि कृत्वा **अणुव्रतानि** प्रसिद्धान्यणुव्रतग्रहणं गुणव्रताद्युपलक्षणमिति **त्रिविधचतुर्विधाहारव्युत्सर्जनमिति** कदाचित्त्रिविधाहारपरित्यागं करोति कदाचिच्चतुर्विधाहारमिति ॥ ३७९ ॥

અહીં કોઇ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– શુભ પરિણામ પડે નહિ તે રીતે છઠ્ઠ-અઠ્ઠમ વગેરે વિકૃષ્ટ તપ કરીને, આલોચના કરીને, અણુવ્રતો-ગુણવ્રતો વગેરે ફરી સ્વીકાર વડે અધિક નિર્મલ કરીને ત્રિવિધ કે ચતુર્વિધ આહારનો ત્યાગ કરે. (૩૭૯)

अत्र प्रागुक्तमेव लेशतः सम्यगनवगच्छन्नाह–

चरमावत्थाइ तहा, सव्वारंभकिरियानिवित्तीए ।
पव्वज्जा चेव तओ, न पवज्जइ केण कज्जेण ॥ ३८० ॥

[चरमावस्थायां तथा सर्वारम्भक्रियानिवृत्तेः ।
प्रव्रज्यामेव चासौ न प्रतिपद्यते केन कार्येण ॥ ३८० ॥]

चरमावस्थायां मरणावस्थायामित्यर्थः **तथा** तेन प्रकारेणाहारपरित्यागादिनापि **सर्वारम्भक्रियानिवृत्तेः** कारणात्**प्रव्रज्यामेवासौ** श्रावको **न प्रतिपद्यते केन कार्येण** केन हेतुना इति ॥ ३८० ॥

અહીં પૂર્વોક્ત જ વિગતને સારી રીતે નહિ જાણતો તે સંક્ષેપથી કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– મરણાવસ્થામાં આહારત્યાગ વગેરે રીતે સર્વ આરંભક્રિયાની નિવૃત્તિ થવાથી તે કયા કારણથી દીક્ષાને જ નથી સ્વીકારતો ? અર્થાત્ શ્રાવકે અંતિમ સમયે સર્વ આરંભ ક્રિયાની નિવૃત્તિ થતી હોવાથી દીક્ષા સ્વીકારવી જોઇએ. (૩૮૦)

अत्रोच्यते–

चरणपरिणामविरहा, नारंभादप्पवित्तिमित्तो सो ।
तज्जुत्तुवसग्गसहाण जं न भणिओ तिरिक्खाणं ॥ ३८१ ॥

[चरणपरिणामविरहात् नारम्भाद्यप्रवृत्तिमात्रोऽसौ ।
तद्युक्तोपसर्गसहानां यन्न भणितस्तिरश्चामिति ॥ ३८१ ॥]

चरणपरिणामविरहादित्युक्तमेव स एव तथानिवृत्तस्य किं न भवतीत्याशङ्क्याह– **नारम्भाद्यप्रवृत्तिमात्रोऽसौ** चरणपरिणाम इति कुतस्**तद्युक्तोपसर्गसहानां यन्न भणितस्तिरश्चामि**ति तथाह्यारम्भाद्यप्रवृत्तियुक्तानामपि पिपीलिकाद्युपसर्गसहानां चण्डकौशिकादीनां न चारित्रपरिणामः अतोऽयमन्य एवात्यन्तप्रशस्तोऽचिन्त्यचिन्तामणिकल्प इति ॥ ३८१ ॥

અહીં ઉત્તર કહેવાય છે–

ગાથાર્થ– ટીકાર્થ– ચારિત્રપરિણામ ન થવાથી દીક્ષા સ્વીકારતો નથી.

પ્રશ્ન– સર્વ આરંભની ક્રિયાથી નિવૃત્તને ચારિત્રપરિણામ જ કેમ ન થાય ? અર્થાત્ સર્વ આરંભની ક્રિયાથી નિવૃત્તને ચારિત્રપરિણામ થવા જ જોઈએ.

ઉત્તર– ચારિત્રપરિણામ આરંભાદિમાં અપ્રવૃત્તિમાત્ર નથી, અર્થાત્ આરંભાદિમાં પ્રવૃત્તિ ન કરવી એ જ ચારિત્રપરિણામ નથી. કારણ કે આરંભાદિમાં અપ્રવૃત્તિવાળા અને ઉપસર્ગને સહનારા તિર્યંચોને ચારિત્રનો પરિણામ કહ્યો નથી. તે આ પ્રમાણે– આરંભાદિમાં અપ્રવૃત્તિવાળા અને કીડી આદિના ઉપસર્ગને સહન કરનારા ચંડકૌશિક સર્પ વગેરે તિર્યંચોને ચારિત્રપરિણામ કહ્યો નથી. આથી અત્યંત પ્રશસ્ત અને અચિંત્ય ચિંતામણિસમાન ચારિત્રપરિણામ (આરંભાદિમાં અપ્રવૃત્તિથી) અન્ય જ છે. (૩૮૧)

पुनरपि केषाञ्चिन्मतमाशङ्क्यते–

केई भणंति एसा, संलेहणा मो दुवालसविहंमि ।
भणिया गिहत्थधम्मे, न जओ तो संजए तीए ॥ ३८२ ॥

[केचन भणन्ति एषा संलेखना द्वादशविधे ।
भणिता गृहस्थधर्मे न यतः ततः संयतः तस्याम् ॥ ३८२ ॥]

केचनागीतार्था **भणन्ति एषा** अनन्तरोदिता **संलेखना द्वादशविधे**

પઞ્ચાણુવ્રતાદિરૂપે **भणिता गृहस्थधर्मे** શ્રાવકધર્મ ઇત્યર્થઃ **न यतस्तत-स्तस्मात्कारणात्संयतः** પ્રવ્રજિત એવ **तस्या**મિતિ ॥ ૩૮૨ ॥

ફરી પણ કોઇકના મતની આશંકા કરીને કહે છે—

ગાથાર્થ– ટીકાર્થ– કોઇ અગીતાર્થો કહે છે કે હમણાં કહેલી સંલેખના શ્રાવકધર્મમાં કહી નથી. તેથી સંલેખનામાં સંયત જ છે, અર્થાત્ સંલેખના સંયતને જ હોય. (૩૮૨)

અત્રોચ્યતે ન ભણિતેત્યસિદ્ધમ્—

भणिया तयणंतरमो, जीवंतस्सेस बारसविहो उ ।
एसा य चरमकाले, इत्तरिया चेव ता ण पुढो ॥ ३८३ ॥

[भणिता तदनन्तरमेव जीवत एष द्वादशविधः ।
एषा च चरमकाले इत्वरा चेयमेवं तस्मान्न पृथक् ॥ ૩૮૩ ॥]

भणिता तदनन्तरमेव દ્વાદશવિધશ્રાવકધર્માનન્તરમેવ તન્મધ્ય એવાભણને કારણમાહ– **जीवत एष द्वादशविधः** પ્રદીર્ઘકાલપરિપાલનીયઃ, **एषा** સંલેખના **चरमकाले** ક્ષીણપ્રાયે આયુષિ સતિ ક્રિયતે **इत्वरा चेयम-ल्पकालावस्थायिनी** યસ્માદેવં **तस्मान्न पृथगियं** શ્રાવકધર્માદિતિ ॥ ૩૮૩ ॥

અહીં ઉત્તરમાં અમે કહીએ છીએ કે "નથી કહી" એ તમારો હેતુ અસિદ્ધ છે.

ગાથાર્થ– ટીકાર્થ– શ્રાવક ધર્મના વર્ણનમાં બાર પ્રકારના શ્રાવકધર્મ પછી તુરત જ સંલેખના કહી છે. કારણ કે બાર પ્રકારનો શ્રાવક ધર્મ ઘણા દીર્ઘકાળ સુધી પાળવાનો હોય છે. સંલેખના આયુષ્ય લગભગ ક્ષીણ થઇ ગયું હોય ત્યારે કરાય છે, તથા અલ્પકાળ રહેનારી હોય છે. આ પ્રમાણે હોવાથી સંલેખના શ્રાવકધર્મથી જુદી નથી. (૩૮૩)

उपपत्त्यन्तरमाह—

जं चाइयारसुत्तं, समणोवासगपुरस्सरं भणियं ।
तम्हा न इमीइ जई, परिणामा चेवं[1] अवि य गिही ॥ ३८४ ॥

[यच्चातिचारसूत्रं श्रमणोपासकपुरस्सरं भणितम् ।
तस्मान्नास्यां यतिः परिणामादेव अपि च गृही ॥ ૩૮૪ ॥]

---

१. सुत्तंतरयो अ

यच्च यस्माच्च **अतिचारसूत्रमस्याः श्रमणोपासकपुरःसरं भणितमागमे** तच्चेदं– "इमीए समणोवासएणं इमे पंचइयारा जाणियव्वा न समायरियव्वा। तं जहा इहलोगासंसप्पओगेत्यादि" **तस्मान्नास्यां** संलेखनायां **यतिरसौ** श्रावकः **अपि च गृही**ति संबन्धः किं तु श्रावक एवेत्यर्थः कुत इत्याह– **परिणामादेव** तस्यामपि देशविरतिपरिणामसंभवादनशनप्रतिपत्तावपीषन्ममत्वापरित्यागोपलब्धेः सर्वविरतिपरिणामस्य दुरापत्वात्सति तु तस्मिन् स्यात् यतिरिति। सूत्रान्तरतश्च यत उक्तं सूत्रकृताङ्गे इत्यादीति। इयमपि चातिचाररहिता सम्यक्पालनीयेति ॥ ३८४ ॥

અહીં બીજા હેતુને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– જિનાગમમાં સંલેખનાનું અતિચારસૂત્ર શ્રમણોપાસક શબ્દના ઉલ્લેખપૂર્વક કહ્યું છે. તે સૂત્ર આ પ્રમાણે છે– "શ્રમણોપાસકે સંલેખનાના આ પાંચ અતિચારો જાણવા જોઈએ, પણ આચરવા ન જોઈએ. તે અતિચારો આ પ્રમાણે છે– ઈહલોક આશંસા પ્રયોગ વગેરે." તેથી (=જિનાગમમાં સંલેખનાનું અતિચાર સૂત્ર શ્રમણોપાસક શબ્દના ઉલ્લેખપૂર્વક કહ્યું છે તેથી) આ સંલેખનામાં (=શ્રાવકધર્મના વર્ણનમાં કહેલી સંલેખનામાં) યતિ નથી, કિંતુ શ્રાવક જ છે. કારણ કે સંલેખનામાં પણ દેશવિરતિના પરિણામનો સંભવ છે. અનશનનો સ્વીકાર કરવા છતાં કંઈક મમતા જોવામાં આવે છે. સર્વવિરતિનો પરિણામ દુર્લભ છે. સર્વવિરતિનો પરિણામ થયે છતે સર્વવિરતિ થાય. આ પ્રમાણે સૂત્રકૃત અંગમાં અન્ય સૂત્રથી કહ્યું છે. (૩૮૪)

तानाह–

इहपरलोगासंसप्पओग तह जीयमरणभोगेसु ।
वज्जिज्जा भाविज्ज य, असुहं संसारपरिणामं ॥ ३८५ ॥

[इहपरलोकाशंसाप्रयोगौ तथा जीवितमरणभोगेषु ।
वर्जयेत् भावयेच्चाशुभं संसारपरिणामम् ॥ ३८५ ॥]

इह लोको मनुष्यलोकः तस्मिन्नाशंसाभिलाषः तस्याः **प्रयोग** इति समासः श्रेष्ठी स्याममात्यो वेति ।१। एवं **परलोकाशंसाप्रयोगः** परलोको देवलोकः ।२। एवं **जीविताशंसाप्रयोगः** जीवितं प्राणधारणं तत्राभिलाषप्रयोगः "यदि बहुकालं जीवेयम्" इति । इयं च वस्त्रमाल्यपुस्तकवाचनादि–

पूजादर्शनाद्बहुपरिवारदर्शनाच्च लोकश्लाघाश्रवणाच्चैवं मन्यते जीवितमेव श्रेयः प्रत्याख्याताशनस्यापि यत एवंविधा मदुद्देशेनेयं विभूतिर्वर्तते ।३। **मरणाशंसाप्रयोगः** न कश्चित्तं प्रतिपन्नानशनं गवेषते न सपर्यायामाद्रियते न कश्चिच्छ्लाघते ततस्तस्यैवंविधचित्तपरिणामो भवति यदि शीघ्रं म्रियेऽहं अपुण्यकर्मेति मरणाशंसा ।४। **कामभोगाशंसाप्रयोगः** जन्मान्तरे चक्रवर्ती स्याम् वासुदेवो महामण्डलिकः सुभगो रूपवानित्यादि । एतद् **वर्जयेद्भावयेच्चाशुभं** जन्मपरिणामादिरूपं **संसारपरिणाममिति** तथा ।५। ॥ ३८५ ॥

આ સંલેખના પણ નિરતિચાર સારી રીતે પાળવી જોઈએ. આથી અતિચારોને કહે છે—

ગાથાર્થ— ઈહલોક આશંસાપ્રયોગ, પરલોક આશંસાપ્રયોગ, જીવિત આશંસાપ્રયોગ, મરણ આશંસાપ્રયોગ અને કામ-ભોગ આશંસાપ્રયોગ આ પાંચ અતિચારોનો ત્યાગ કરે. તથા સંસારપરિણામ અશુભ છે એમ વિચારે.

ટીકાર્થ— ઈહલોક આશંસાપ્રયોગ— મનુષ્યલોક સંબંધી આશંસા કરવી તે ઈહલોક આશંસા પ્રયોગ. જેમ કે હું શ્રેષ્ઠી થાઉં, અથવા હું પ્રધાન બનું વગેરે.

પરલોક આશંસાપ્રયોગ— દેવલોક સંબંધી આશંસા કરવી તે પરલોક આશંસાપ્રયોગ.

જીવિત આશંસાપ્રયોગ— હું ઘણા કાળ સુધી જીવું એવી આશંસા કરવી તે જીવિત આશંસાપ્રયોગ. કોઈ સુંદર વસ્ત્ર આપે, કોઈ માળા પહેરાવે, કોઈ સમાધિ આપવા પોતાની સમક્ષ પુસ્તક વાંચે વગેરે પૂજા જોવાથી, પોતાના દર્શન આદિ માટે આવતા ઘણા જનપરિવારને જોવાથી, અને લોકમુખેથી પોતાની પ્રશંસા સાંભળવાથી એમ માને કે અનશનનું પ્રત્યાખ્યાન કરનારને પણ જીવવું એ જ શ્રેયસ્કર છે. કારણ કે મારા નિમિત્તે આવા પ્રકારની આ વિભૂતિ છે. આવી ઈચ્છા તે જીવિત આશંસાપ્રયોગ છે.

મરણ આશંસાપ્રયોગ— હું જલદી મરી જાઉં એવી આશંસા કરવી તે મરણ આશંસાપ્રયોગ છે. અનશન સ્વીકારનારને કોઈ શોધે નહિ=કેમ છે ? ઈત્યાદિ પૂછે નહિ, તેની પૂજા ન કરે, કોઈ પ્રશંસા ન કરે, તેથી તેનો આવા પ્રકારનો ચિત્તપરિણામ થાય કે હું જલદી મરી જાઉં, હું પુણ્યકર્મથી રહિત છું. આવી ઈચ્છા તે મરણ આશંસાપ્રયોગ છે.

કામ-ભોગ આશંસાપ્રયોગ– ભવાંતરમાં હું ચક્રવર્તી, વાસુદેવ, મહામાંડલિક, સુભગ, રૂપવાન થાઉં ઇત્યાદિ ઇચ્છવું તે કામ-ભોગ આશંસાપ્રયોગ છે.

આ અતિચારોનો ત્યાગ કરે. જન્મપરિણામ આદિ સ્વરૂપ સંસારનો પરિણામ અશુભ છે એમ વિચારે. (૩૮૫)

શ્રાવકની ભાવના (ગા. ૩૮૬-૩૯૧)

जिणभासियधम्मगुणे, अव्वाबाहं च तत्फलं परमं ।
एवं उ भावणाओ, जायइ पिच्चा वि बोहि त्ति ॥ ३८६ ॥

[जिनभाषितधर्मगुणान् अव्याबाधं च तत्फलं परमं ।
एवं तु भावनातो जायते प्रेत्यापि बोधिरिति ॥ ३८६ ॥]

जिनभाषितधर्मगुणानिति क्षान्त्यादिगुणान् भावयेद**व्याबाधं च** मोक्षसुखं च **तत्फलं** क्षान्त्यादिकार्यं **परमं** प्रधानं भावयेद**ेवमेव भावनातः** चेतोभ्यासातिशयेन **जायते प्रेत्यापि** जन्मान्तरेऽपि **बोधि**धर्मप्राप्तिरिति ॥ ३८६ ॥

ગાથાર્થ– જિનભાસિત ધર્મગુણોને વિચારે. ધર્મગુણોના પ્રધાન અવ્યાબાધ ફળને વિચારે. આ પ્રમાણે જ ભાવનાથી ભવાંતરમાં પણ બોધિની પ્રાપ્તિ થાય છે.

ટીકાર્થ– ધર્મગુણોને=ક્ષમા આદિ ધર્મના ગુણોને=લાભને.

અવ્યાબાધ=મોક્ષસુખ.

ભાવનાથી=ચિત્તના અતિશય અભ્યાસથી.

બોધિ=ધર્મપ્રાપ્તિ.

જિને કહેલા ક્ષમા આદિ ધર્મથી થતા ગુણોને=લાભને વિચારે. ક્ષમા વગેરે ધર્મનું પ્રધાન ફળ મોક્ષસુખ છે એમ વિચારે. આ પ્રમાણે વિચારવાથી જ ચિત્તનો અતિશય અભ્યાસ થવાથી (આત્મા ક્ષમાદિની ભાવનાથી વાસિત થવાથી) ભવાંતરમાં પણ ધર્મની પ્રાપ્તિ થાય છે. (૩૮૬)

कुसुमेहि वासियाणं, तिलाण तिल्लं पि जायइ सुयंधं ।
एतोवमा हु बोही, पन्नत्ता वीयरागेहिं ॥ ३८७ ॥

[कुसुमैः वासितानां तिलानां तैलमपि जायते सुगन्धि ।
एतदुपमैव बोधिः प्रज्ञप्ता वीतरागैः ॥ ३८७ ॥]

कुसुमैर्मालतीकुसुमादिभि**र्वासितानां** भावितानां **तिलानां तैलमपि जायते सुगन्धि** तद्गन्धवदित्यर्थः **एतदुपमैव बोधिरिति** अनेनोक्तप्रकारेणोपमा यस्याः सा तथा **प्रज्ञप्ता वीतरागैरर्हद्भिरिति** ॥ ३८७ ॥

ગાથાર્થ– ટીકાર્થ– માલતી વગેરે પુષ્પોથી વાસિત થયેલા તલનું તેલ પણ સુગંધી (=પુષ્પોની ગંધવાળું) થાય છે. વીતરાગ ભગવાને બોધિને આવી ઉપમાવાળી કહી છે.

અહીં ભાવાર્થ આ છે– જેમ માલતી વગેરે પુષ્પોથી વાસિત થયેલ તલનું તેલ પણ સુગંધી થાય છે તેમ ક્ષમાદિ ધર્મથી મળતા ફળની વિચારણા કરવાથી આત્મા ક્ષમાદિ ધર્મની ભાવનાથી વાસિત થાય છે. એથી પરલોકમાં પણ ધર્મની પ્રાપ્તિ થાય છે. (૩૮૭)

कुसुमसमा अब्भासा, जिणधम्मस्सेह हुंति नायव्वा ।
तिलतुल्ला पुण जीवा, तिल्लसमो पिच्च तब्भावो ॥ ३८८ ॥

[कुसुमसमा अभ्यासा जिनधर्मस्य इह भवन्ति ज्ञातव्याः
तिलतुल्याः पुनर्जीवाः तैलसमः प्रेत्य तद्भावः ॥ ३८८ ॥]

कुसुमसमाः कुसुमतुल्या **अभ्यासा जिनधर्मस्य** क्षान्त्यादे**रिह** जन्मनि **भवन्ति ज्ञातव्याः तिलतुल्याः पुनर्जीवा** भाव्यमानत्वात् **तैलसमः प्रेत्य तद्भावो** जन्मान्तरे बोधिभाव इति ॥ ३८८ ॥

ગાથાર્થ– ટીકાર્થ– અહીં જિને કહેલા ક્ષમાદિ ધર્મનો અભ્યાસ પુષ્પતુલ્ય જાણવો. જીવો તલ સમાન જાણવા. કારણ કે જીવ ભાવિત કરાય છે. ભવાંતરમાં બોધિની પ્રાપ્તિ તેલ સમાન છે. (૩૮૮)

બોધિફલમાહ–

इय अप्परिवडियगुणाणुभावओ बंधहासभावाओ ।
पुव्विल्लस्स य खयओ, सासयसुक्खो धुवो मुक्खो ॥ ३८९ ॥

[एवं अप्रतिपतितगुणानुभावतः बन्धह्रासभावात् ।
प्राक्तनस्य च क्षयात् शाश्वतसौख्यो ध्रुवो मोक्षः ॥ ३८९ ॥]

एवमुक्तेन प्रकारेण **अप्रतिपतितगुणानुभावतः** सततसमवस्थितगुणसामर्थ्येन **बन्धह्रासात्प्रायो** बन्धाभावादित्यर्थः **प्राक्तनस्य च** बन्धस्य **क्षयात्** तेनैव सामर्थ्येन एवमुभयथा बन्धाभावे **शाश्वतसौख्यो ध्रुवो मोक्षो**ऽवश्यंभावीति ॥ ३८९ ॥

ધર્મના ફળને કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ઉક્ત રીતે ધર્મરૂપ ગુણ સતત ટકી રહેવાના સામર્થ્યથી કર્મબંધનો હ્રાસ થાય છે. પ્રાયઃ કર્મબંધ થતો નથી તથા ધર્મરૂપ ગુણના સતત ટકી રહેવાના સામર્થ્યથી જ પૂર્વે થયેલા કર્મબંધનો ક્ષય થાય છે. આ પ્રમાણે બંને રીતે બંધનો અભાવ (=પૂર્વે બંધાયેલા કર્મનો ક્ષય થાય છે તેથી કર્મનો અભાવ થાય છે અને પ્રાયઃ નવા કર્મો બંધાતા નથી. એથી પણ કર્મબંધનો અભાવ થાય છે. આમ બંને રીતે કર્મબંધનો અભાવ) થતાં શાશ્વત સુખવાળો મોક્ષ અવશ્ય થાય. (૩૮૯)

एतदेव सूत्रान्तरेण भावयन्नाह–

समत्तंमि य लद्धे, पलियपहुत्तेण सावओ हुज्जा ।
चरणोवसमखयाणं, सागरसंखंतरा हुंति ॥ ३९० ॥

[सम्यक्त्वे च लब्धे पल्योपमपृथक्त्वेन श्रावको भवति ।
चरणोपशमक्षयाणां सागराणि संख्येयान्यन्तरं भवन्ति ॥ ३९० ॥]

सम्यक्त्वे च लब्धे तत्त्वतः **पल्योपमपृथक्त्वेन श्रावको भवति** एतदुक्तं भवति– यावति कर्मण्यपगते सम्यक्त्वं लभ्यते तावतो भूयः पल्योपमपृथक्त्वेऽपगते देशविरतो भवति । पृथक्त्वं द्विःप्रभृतिरानवभ्य इति । क्लिष्टेतरविशेषाच्च द्व्यादिभेद इति । **चरणोपशमक्षयाणामिति** चारित्रोपशमश्रेणिक्षपकश्रेणीनां **सागराणीति** सागरोपमाणि **संख्येयान्यन्तरं भवन्ति** । एतदुक्तं भवति– यावति कर्मणि क्षीणे देशविरतिरवाप्यते तावतः पुनरपि संख्येयेषु सागरोपमेष्वपगतेषु चारित्रं सर्वविरतिरूपमवाप्यते एवं श्रेणिद्वये भावनीयमिति ॥ ३९० ॥

આ જ વિષયને બીજા સૂત્રથી વિચારતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે પલ્યોપમ પૃથક્ત્વના ક્ષયથી શ્રાવક થાય. ચારિત્ર, ઉપશમ શ્રેણિ અને ક્ષપક શ્રેણિ સંખ્યાતા સાગરોપમના ક્ષયથી થાય છે.

ટીકાર્થ– પરમાર્થથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે રહેલી (=અંતઃકોડાકોડિ સાગરોપમ) કર્મસ્થિતિમાંથી પલ્યોપમ પૃથક્ત્વ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે શ્રાવક થાય છે=દેશવિરત થાય છે.

પૃથક્ત્વ એટલે બેથી નવ સુધી.

પ્રશ્ન– બે વગેરે ચોક્કસ સંખ્યા ન કહેતાં બેથી નવ એમ અચોક્કસ કેમ કહ્યું ?

ઉત્તર– ક્લિષ્ટ અને અક્લિષ્ટ પરિણામના ભેદના કારણે બેથી નવ એમ કહ્યું છે. કોઈને બે પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થતાં દેશવિરતિની પ્રાપ્તિ થાય, કોઈને ત્રણ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થતાં દેશવિરતિની પ્રાપ્તિ થાય, યાવત્ કોઈને નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો હ્રાસ થતાં દેશવિરતિની પ્રાપ્તિ થાય. આમ દરેક જીવ માટે ચોક્કસ સંખ્યા ન હોવાથી અહીં 'બેથી નવ' એમ કહ્યું છે.

દેશવિરતિની પ્રાપ્તિ વખતે રહેલી કર્મસ્થિતિમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે ઉપશમશ્રેણિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય છે. (૩૯૦)

एवं अप्परिवडिए, संमत्ते देवमणुयजंमेसु ।
अन्नयरसेढिवज्जं, एगभवेणं च सव्वाइं ॥ ३९१ ॥

[एवमप्रतिपतिते सम्यक्त्वे देवमनुजजन्मसु ।
अन्यतरश्रेणिवर्जमेकभवेनैव सर्वाणि ॥ ३९१ ॥]

एवमप्रतिपतिते सम्यक्त्वे सति **देवमनुजजन्मसु** चारित्रादेर्लाभः उक्त-परिणामविशेषतः पुनस्तथाविधकर्मविरहादन्यतरश्रेणिवर्जमेकभवेनैव **सर्वाण्य**-वाप्नोति सम्यक्त्वादीनीति ॥ ३९१ ॥

ગાથાર્થ– ટીકાર્થ– સમ્યક્ત્વ ટકી રહે તો દેવ-મનુષ્યભવમાં ઉત્પત્તિ થાય છે. દેવ-મનુષ્યભવમાં ઉત્પન્ન થતા તે જીવને (મનુષ્યભવમાં) ચારિત્ર આદિનો લાભ થાય છે. અથવા પૂર્વોક્ત પરિણામવિશેષથી તેવા પ્રકારના કર્મનો ક્ષય થવાથી એક જ ભવમાં બે શ્રેણિમાંથી કોઈ એક શ્રેણિ સિવાય સમ્યક્ત્વ આદિ બધા જ ગુણોને પામે છે. (૩૯૧)

મોક્ષસુખ (ગા. ૩૯૨-૪૦૦)

यदुक्तं शाश्वतसौख्यो मोक्ष इति तत्प्रतिपादयन्नाह–

रागाईणमभावा, जम्माईणं असंभवाओ य ।
अव्वाबाहाओ खलु, सासयसुक्खं तु सिद्धाणं ॥ ३९२ ॥

[रागादीनामभावाद् जन्मादीनामसंभवाच्च ।
अव्याबाधातः खलु शाश्वतसौख्यमेव सिद्धानाम् ॥ ३९२ ॥]

रागादीनामभावाज्जन्मादीनामसंभवाच्च, तथा **अव्याबाधातः खलु शाश्वतसौख्यमेव सिद्धानां** इति गाथाक्षरार्थः ॥ ३९२ ॥

મોક્ષ શાશ્વત સુખવાળો છે એમ (ગા. ૩૮૯માં) જે કહ્યું, તેનું પ્રતિપાદન કરતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– રાગાદિનો અભાવ થવાથી, જન્મ વગેરે ન થવાથી અને (કોઇ પણ પ્રકારની) પીડા ન હોવાથી સિદ્ધોને શાશ્વત સુખ હોય છે. (૩૯૨)

ભાવાર્થમાહ–

रागो दोसो मोहो, दोसाभिस्संगमाइलिंग त्ति ।
अइसंकिलेसरूवा, हेऊ वि य संकिलेसस्स ॥ ३९३ ॥

[रागो द्वेषो मोहो दोषा अभिष्वङ्गादिलिङ्गा इति ।
अतिसंक्लेशरूपा हेतवोऽपि च संक्लेशस्य ॥ ३९३ ॥]

रागो द्वेषो मोहो दोषा अभिष्वङ्गादिलिङ्गा इति अभिष्वङ्गलक्षणो रागः अप्रीतिलक्षणो द्वेषः अज्ञानलक्षणो मोह इति । **अतिसंक्लेशरूपास्तथानुभवोपलब्धेः हेतवोऽपि च संक्लेशस्य** क्लिष्टकर्मबन्धनिबन्धनत्वादिति ॥ ३९३ ॥

પૂર્વોક્ત ગાથાના ભાવાર્થને કહે છે–

ગાથાર્થ– રાગ-દ્વેષ અને મોહ એ ત્રણ દોષોનું અભિષ્વંગ વગેરે લક્ષણ છે. આ દોષો અતિશય સંક્લેશરૂપ છે અને સંક્લેશના હેતુ પણ છે.

ટીકાર્થ– રાગનું લક્ષણ અભિષ્વંગ છે, અર્થાત્ રાગ અભિષ્વંગથી ઓળખાય છે. દ્વેષનું લક્ષણ અપ્રીતિ છે. મોહનું લક્ષણ અજ્ઞાન છે. આ ત્રણે દોષો અતિશય સંક્લેશરૂપ છે. કારણ કે તેવો અનુભવ જોવામાં આવે છે. આ ત્રણે દોષો સંક્લેશના હેતુ પણ છે. કારણ કે ક્લિષ્ટ કર્મબંધનું કારણ છે. (૩૯૩)

एएहभिभूआणं, संसारीणं कुओ सुहं किंचि ।
जम्मजरामरणजलं, भवजलहिं परियडंताणं ॥ ३९४ ॥

[एभिः अभिभूतानां संसारिणां कुतः सौख्यं किञ्चित् ।
जन्मजरामरणजलं भवजलधिं पर्यटताम् ॥ ३९४ ॥]

एभी रागादिभिरभिभूतानामस्वतन्त्रीकृतानां **संसारिणां** सत्त्वानां **कुतः**

सुखं किंचिन्न किञ्चिदित्यर्थः किंविशिष्टानां **जन्मजरामरणजलं भवजलधिं** संसारार्णवं **पर्यटतां** भ्रमतामिति ॥ ३९४ ॥

गाथार्थ– टीकार्थ– જેમાં જન્મ-જરા-મરણરૂપ પાણી રહેલું છે તેવા સંસાર રૂપ સમુદ્રમાં ભમતા અને રાગાદિથી પરાધીન કરાયેલા સંસારી જીવોને સુખ ક્યાંથી હોય ? અર્થાત્ જરા પણ સુખ ન હોય. (૩૯૪)

एतदभावे सुखमाह–

रागाइविरहओ जं, सुक्खं जीवस्स तं जिणो मुणइ ।
न हि सन्निवायगहिओ, जाणइ तदभावजं सातं ॥ ३९५ ॥

[रागादिविरहतो यत्सौख्यं जीवस्य तज्जिनो मुणति ।
न हि सन्निपातगृहीतः जानाति तदभावजं सातम् ॥ ३९५ ॥]

रागादिविरहतो रागद्वेषमोहाभावेन **यत्सौख्यं जीवस्य** संक्लेशवर्जितं **तज्जिनो मुणति** अर्हन्नेव सम्यग्विजानाति नान्यः । किमिति **चेन्न हि** यस्मात्**सन्निपातगृहीतः** सत्येव तस्मिन् **जानाति तदभावजं** सन्निपाताभावोत्पन्नं **सातं** सौख्यमिति । अतो रागादिविरहात्सिद्धानां सौख्यमिति स्थितं जन्मादीनामभावाच्चेति ॥ ३९५ ॥

રાગાદિના અભાવમાં સુખ હોય એમ કહે છે–

ગાથાર્થ– રાગાદિના અભાવથી જીવને જે સુખ હોય તેને જિન જાણે છે. સન્નિપાતથી ગ્રહણ કરાયેલો જીવ તેના અભાવથી થતા સુખને ન જાણે.

ટીકાર્થ– રાગ-દ્વેષ-મોહનો અભાવ થતાં જીવને સંક્લેશરહિત જે સુખ હોય તેને અરિહંત જ સારી રીતે જાણે છે, અન્ય નહિ.

પ્રશ્ન– આનું શું કારણ ? **ઉત્તર–** સન્નિપાતથી ગ્રહણ કરાયેલ જીવ સન્નિપાત હોય ત્યારે સન્નિપાતના અભાવથી ઉત્પન્ન થયેલા સુખને જાણતો નથી. (તેમ રાગ-દ્વેષ-મોહના અભાવથી થતા સંક્લેશરહિત સુખને રાગ-દ્વેષ-મોહવાળો જીવ જાણી શકતો નથી.) આથી રાગાદિના અભાવથી અને જન્માદિના અભાવથી સિદ્ધોને સુખ હોય એમ નિશ્ચિત થયું. (૩૯૫)

यथोक्तं तथावस्थाप्यते तत्रापि जन्माद्यभावमेवाह–

दड्ढंमि जहा बीए, न होइ पुण अंकुरस्स उप्पत्ती ।
तह चेव कम्मबीए, भवंकुरस्सावि पडिकुट्ठा ॥ ३९६ ॥

[दग्धे यथा बीजे न भवति पुनः अङ्कुरस्योत्पत्तिः ।
तथैव कर्मबीजे भवाङ्कुरस्यापि प्रतिकुष्टा ॥ ३९६ ॥]

दग्धे यथा बीजे शाल्यादौ **न भवति पुनरङ्कुरस्योत्पत्तिः** शाल्यादिरूपस्य **तथैव कर्मबीजे** दग्धे सति **भवाङ्कुरस्याप्युत्पत्तिः प्रतिकुष्टा** निमित्ताभावादिति ॥ ३९६ ॥

જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે નિશ્ચિત કરાય છે. તેમાં પણ જન્માદિના અભાવને જ કહે છે–

ગાથાર્થ–ટીકાર્થ– જેવી રીતે ડાંગર વગેરે બીજ બળી ગયે છતે ડાંગર આદિના અંકુરની ઉત્પત્તિ થતી નથી તેવી રીતે કર્મરૂપ બીજ બળી ગયે છતે ભવરૂપ અંકુરની ઉત્પત્તિનો (જિનોએ) નિષેધ કર્યો છે. કારણ કે નિમિત્ત નથી. (૩૯૬)

जंमाभावे न जरा, न य मरणं न य भयं न संसारो ।
एएसिमभावाओ, कहं न सुक्खं परं तेसिं ॥ ३९७ ॥
[जन्माभावे न जरा न च मरणं न च भयं न संसारः ।
एतेषामभावात्कथं न सौख्यं परं तेषाम् ॥ ३९७ ॥]

जन्माभावे न जरा वयोहानिलक्षणा आश्रयाभावान्न **च मरणं** प्राणत्याग-रूपं तदभावादेव **न च भयमि**हलोकादिभेदं निबन्धनाभावान्न च **संसारः** कारणाभावादेव **एतेषां** जन्मादीनाम**भावात्कथं न सौख्यं परं तेषां** सिद्धानां किन्तु सौख्यमेव, जन्मादीनामेव दुःखरूपत्वादिति अव्याबाधमिति ॥ ३९७ ॥

ગાથાર્થ– જન્મના અભાવમાં જરા ન હોય, મરણ ન હોય, ભય ન હોય અને સંસાર ન હોય. જન્માદિના અભાવથી તેમને શ્રેષ્ઠ સુખ કેમ ન હોય ?

ટીકાર્થ– જન્મના અભાવમાં વયની હાનિરૂપ જરા ન હોય. કેમ કે આશ્રયનો અભાવ છે. (જન્મ આશ્રય છે.) જન્મના અભાવમાં આશ્રયનો અભાવ થવાથી જ પ્રાણત્યાગરૂપ મરણ ન હોય. જન્મના અભાવમાં કારણનો અભાવ થવાથી ઈહલોક આદિ ભેદવાળો ભય ન હોય. જન્મના અભાવમાં કારણનો અભાવ થવાથી જ સંસાર ન હોય. જન્માદિના અભાવથી સિદ્ધોને શ્રેષ્ઠ સુખ કેમ ન હોય ? અર્થાત્ સુખ જ હોય. કારણ કે જન્મ વગેરે જ દુઃખરૂપ છે. (૩૯૭)

यदुक्तं तदाह–

अव्वाबाहाउ च्चिय, सयलिंदियविसयभोगपज्जंते ।
उस्सुक्कविणिवत्तीए, संसारसुहं व सद्धेयं ॥ ३९८ ॥

[अव्याबाधत एव सकलेन्द्रियविषयभोगपर्यन्ते ।
औत्सुक्यविनिवृत्तेः संसारसुखमिव श्रद्धेयम् ॥ ३९८ ॥]

अव्याबाधत एव अव्याबाधादेव **सकलेन्द्रियविषयभोगपर्यन्ते** अशेष-चक्षुरादीन्द्रियप्रकृष्टरूपादिविषयानुभवचरमकाले **औत्सुक्यविनिवृत्तेर**भिलाष-व्यावृत्तेः कारणात्**संसारसुखमिव श्रद्धेयं** तस्यापि तत्त्वतो विषयोपभोगतस्त-दौत्सुक्यविनिवृत्तिरूपत्वात्तदर्थं भोगक्रियाप्रवृत्तेरेति ॥ उक्तं च—

वेणुवीणामृदङ्गादि-नादयुक्तेन हारिणा ।
श्लाघ्यस्मरकथाबद्ध-गीतेन स्तिमितं सदा ॥ १ ॥

कुट्टिमादौ विचित्राणि, दृष्ट्वा रूपाण्यनुत्सुकः ।
लोचनानन्ददायीनि, लीलावन्ति स्वकानि हि ॥ २ ॥

अम्बरागुरुकर्पूर-धूपगन्धान्वितस्ततः ।
पटवासादिगन्धांश्च, व्यक्तमाघ्राय निस्पृहः ॥ ३ ॥

नानारससमायुक्तं, भुक्त्वान्नमिह मात्रया ।
पीत्वोदकं च तृप्तात्मा, स्वादयन् स्वादिमं शुभम् ॥ ४ ॥

मृदुतूलीसमाक्रान्त-दिव्यपर्यङ्कसंस्थितः ।
सहसाम्भोदसंशब्दं, श्रुतेर्भयधनं भृशं ॥ ५ ॥

इष्टभार्यापरिष्वक्तः, तद्रतान्तेऽथवा नरः ।
सर्वेन्द्रियार्थसंप्राप्त्या, सर्वबाधानिवृत्तिजं ॥ ६ ॥

यद्वेदयति संह्लादं, प्रशान्तेनान्तरात्मना ।
मुक्तात्मनस्ततोऽनन्तं, सुखमाहुर्मनीषिणः ॥ ७ ॥ इत्यादीति ॥ ३९८ ॥

પૂર્વે (ગા. ૩૮૬)માં 'अव्याबाध' એમ જે કહ્યું હતું તેને કહે છે—

ગાથાર્થ— ટીકાર્થ— સર્વ ઇંદ્રિયોના વિષયોના ભોગના અંતે અભિલાષની નિવૃત્તિ થવાના કારણે સંસારનું સુખ છે. કારણ કે સંસારનું સુખ પણ પરમાર્થથી વિષયોનો ઉપભોગ થવાના કારણે થનારી વિષયોપભોગની અભિલાષાની નિવૃત્તિરૂપ છે.

અહીં ભાવાર્થ આ છે— જીવોને પહેલાં વિષયોપભોગની અભિલાષા થાય છે. પછી વિષયોપભોગ કરે છે. વિષયોપભોગ થઈ જતાં વિષયોપભોગની અભિલાષા નિવૃત્ત થાય છે. એથી જીવ મને સુખ મળ્યું

એમ માને છે. આમ સંસાર સુખ પણ વિષયોપભોગની અભિલાષાની નિવૃત્તિરૂપ છે.

પ્રશ્ન– સંસારનું સુખ વિષયોપભોગની અભિલાષાની નિવૃત્તિરૂપ છે તેનું શું કારણ ?

ઉત્તર– જીવો ઉત્પન્ન થયેલી વિષયોપભોગની અભિલાષાને નિવૃત્ત કરવા માટે ભોગક્રિયામાં પ્રવૃત્તિ કરે છે. માટે સંસાર સુખ વિષયોપભોગની અભિલાષાની નિવૃત્તિરૂપ છે. કહ્યું છે કે–

"વાંસળી, વીણા અને મૃદંગ આદિના નાદથી યુક્ત, પ્રશંસનીય એવી કામકથાથી યુક્ત અને મનોહર એવા ગીતથી સદા સ્થિર થયેલ, (૧) રત્નમય ભૂમિમાં વિચિત્ર રૂપોને (=ચિત્રોને) જોઈને અને આનંદ આપનારા પોતાના લીલાયુક્ત રૂપોને જોઈને ઉત્સુકતાથી રહિત બનેલ, (૨) અંબર, અગરચંદન, કપૂર અને ધૂપની ગંધથી યુક્ત થયેલો, પટવાસ (=સુગંધી ચૂર્ણ) આદિની સુગંધને સ્પષ્ટ (=સુગંધનો અનુભવ થાય તે રીતે) સુંઘીને નિઃસ્પૃહ થયેલ, (૩) વિવિધ રસથી યુક્ત અન્નનું પ્રમાણથી ભોજન કરીને અને પાણી પીને સુંદર સ્વાદિષ્ટ વસ્તુનો આસ્વાદ લેતો તથા તૃપ્ત થયેલો, (૪) જેમાં કોમળ તળાઈ (=ગાદલો) પાથરેલો છે તેવા પલંગમાં રહેલો અને ઘણા ભયથી યુક્ત મેઘનો ગર્જારવ સહસા સાંભળવાથી પ્રિય પત્નીના આલંગિનને પામેલો મનુષ્ય મૈથુનના અંતે પ્રશાંત આત્માથી જે મનોહર સુખને અનુભવે છે, અથવા સર્વ ઇંદ્રિયોના વિષયોની સમ્યક્ પ્રાપ્તિ થવાથી મનુષ્ય સર્વ પીડાની નિવૃત્તિથી થયેલું જે મનોહર સુખ પ્રશાંત આત્માથી અનુભવે છે, તેનાથી અનંતગણું સુખ મુક્ત જીવોને હોય છે એમ વિદ્વાનો કહે છે. (૫-૬-૭) (૩૯૮)

संसारसुखमप्यौत्सुक्यविनिवृत्तिरूपमेवेत्युक्तमिह विशेषमाह–

इयमित्तरा निवित्ती, सा पुण आवकहिया मुणेयव्वा ।
भावा पुणो वि नेयं, एगंतेणं तई नियमा ॥ ३९९ ॥

[इयं इत्वरा निवृत्तिः सा पुनः यावत्कथिका मुणितव्या ।
भावाः पुनरपि नेयं एकान्तेन असौ नियमात् ॥ ३९९ ॥]

इयमिन्द्रियविषयभोगपर्यन्तकालभाविनी इत्वरा अल्पकालावस्थायिनी **निवृत्तिरौत्सुक्यव्यावृत्तिः सा पुनः** सिद्धानां संबन्धिनी औत्सुक्यविनिवृत्ति-

र्यावत्कथिका सार्वकालिकी **मुणितव्या** ज्ञेया पुनरप्रवृत्तेस्तथाभावात्पुनरपि प्रवृत्तेः भूयोऽपि **नेयमिन्द्रियविषयभोगपर्यन्तकालभाविनी एकान्तेन** सर्वथा निवृत्तिरेवौत्सुक्यस्य बीजाभावेन पुनस्तत्प्रवृत्त्यभावात् **असौ** सिद्धानां संबन्धिनी औत्सुक्यविनिवृत्तिः **नियमादे**कान्तेन निवृत्तिरेव ततश्च महदेतत्सुखमिति ॥ ३९९॥

સંસાર સુખ પણ અભિલાષાની નિવૃત્તિરૂપ જ છે એમ કહ્યું. અહીં એ વિષે વિશેષ કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– ઇંદ્રિય સંબંધી વિષયભોગના અંતકાળે થનારી ઇચ્છાનિવૃત્તિ અલ્પકાળ રહેનારી અને સિદ્ધોની ઇચ્છાનિવૃત્તિ ફરી ઇચ્છા ન થવાના કારણે સદાકાળે રહેનારી જાણવી. ઇંદ્રિય સંબંધી વિષયભોગના અંતકાળે થનારી ઇચ્છાનિવૃત્તિ ફરી પણ ઇચ્છા થતી હોવાના કારણે એકાંતે (=સર્વથા) નથી. સિદ્ધોની ઇચ્છાનિવૃત્તિ એકાંતે છે. કારણ કે ઇચ્છાનું બીજ ન હોવાથી ફરી ઇચ્છાની પ્રવૃત્તિ થતી નથી. તેથી સિદ્ધોનું સુખ મહાન છે. (૩૯૯)

उपसंहरन्नाह–

इय अणुहवजुत्तीहेउसंगयं हंदि निट्ठियट्ठाणं ।
अत्थि सुहं सद्धेयं, तह जिणचंदागमाओ य ॥ ४०० ॥

[इति अनुभवयुक्तिहेतुसंगतं हन्दि निष्ठितार्थानाम् ।
अस्ति सुखं श्रद्धेयं तथा जिनचन्द्रागमाच्च ॥ ४०० ॥]

इति एवमुक्तेन प्रकारेण**अनुभवयुक्तिहेतुसंगतमिति** अत्रानुभवः संवेदनं युक्तिरुपपत्तिर्हेतुरन्वयव्यतिरेकलक्षणः एभिर्घटमानकं **हन्दी**त्युपप्रदर्शने एवं गृहाण **नानिष्ठितार्थानां** सिद्धानां**अस्ति सुखं** विद्यते सातं **श्रद्धेयं** प्रतिपत्तव्यं **तथा जिनचन्द्रागमाच्चा**र्हद्वचनाद्वेति ॥ ४०० ॥

ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– જેમના સર્વ કાર્યો સમાપ્ત થયા છે તેવા સિદ્ધોનું સુખ ઉક્ત રીતે અનુભવ, યુક્તિ અને હેતુથી ઘટી શકે તેવું છે તથા જિનેશ્વરના આગમથી તે સુખની શ્રદ્ધા કરવી જોઇએ.

ટીકાર્થ– અનુભવ=સંવેદન. **યુક્તિ**=ઉપપત્તિ. **હેતુ**=અન્વય-વ્યતિરેકરૂપ હેતુ. (૪૦૦)

अधुना आचार्योऽनुद्धतत्वमात्मनो दर्शयन्नाह– अथवा प्रकरणविहितार्थं विशिष्ट-श्रमणपर्यायप्राप्यं सत्क्रियया सर्वेषामासन्नीकृत्यात्मनोऽपराधस्थानमाशङ्क्याह–

जं उद्धियं सुयाओ, पुव्वाचरियकयमहव समईए ।
खमियव्वं सुयहरेहि, तहेव सुयदेवयाए च ॥ ४०१ ॥[1]

[यदुद्धृतं सूत्रात् पूर्वाचार्यकृतं अथवा स्वमत्या ।
क्षंतव्यं श्रुतधरैः तथैव श्रुतदेवतया च ॥ ४०१ ॥]

यदुद्धृतं सूत्रात्सूत्रकृतादेः कालान्तरप्राप्यं **पूर्वाचार्यकृतं** वा यदुद्धृतं **अथवा स्वमत्या** तत्क्षन्तव्यं **श्रुतधरैस्तथैव श्रुतदेवतया च** क्षन्तव्यमिति वर्तते ॥ ४०१ ॥

હવે પોતાની ઉદ્ધતાઇના અભાવને બતાવતા આચાર્ય કહે છે–

અથવા પ્રસ્તુત પ્રકરણમાં કહેલા તથા સત્ક્રિયાથી અને વિશિષ્ટ શ્રમણપર્યાયથી પ્રાપ્ત કરી શકાય તેવા અર્થને બધાની નજીક કરીને પોતાના અપરાધ સ્થાનની આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ટીકાર્થ– સૂત્રકૃત વગેરે સૂત્રમાંથી જે ઉદ્ધર્યું હોય, કાલાંતરે પ્રાપ્ત કરી શકાય તેવા પૂર્વાચાર્ય કૃત શ્રુતમાંથી જે ઉદ્ધર્યું હોય, અથવા જે સ્વમતિથી રચ્યું હોય (=તેમાં રહેલી ક્ષતિઓની) શ્રુતધરો અને શ્રુતદેવતા ક્ષમા કરે. (૪૦૧)

॥ इति दिक्प्रदा नाम श्रावकप्रज्ञप्तिटीका समाप्ता ॥

આ પ્રમાણે શ્રાવકપ્રજ્ઞપ્તિ ગ્રંથની દિક્પ્રદા નામની ટીકા પૂર્ણ થઇ.

कृतिरियं सिताम्बराचार्यस्य जिनभट्टपादसत्कस्याचार्यहरिभद्रस्येति ।

આ કૃતિ શ્વેતાંબર આચાર્ય પૂજ્ય શ્રી જિનભટ્ટ આચાર્યના શિષ્ય શ્રી હરિભદ્રસૂરિની છે.

આ પ્રમાણે શ્રાવકપ્રજ્ઞપ્તિ નામનું પ્રકરણ ટીકાસહિત પૂર્ણ થયું.

॥ इति सटीकश्रावकप्रज्ञप्त्याख्यप्रकरणम् ॥

---

१. All Mss of the original text end thus,,
"श्रीउमास्वातिवाचककृता सावयपन्नत्ती सम्मत्ता" ॥

અનુવાદકારની પ્રશસ્તિ

પૂ. પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત અને સુગૃહીત નામધેય પૂ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત ટીકા સહિત શ્રાવકપ્રજ્ઞપ્તિ પ્રકરણનો સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ સ્વ.પૂ. આચાર્યદેવશ્રી હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી લલિતશેખર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય પંચસૂત્ર, ધર્મબિંદુ, યોગબિંદુ, શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, અષ્ટક પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, પંચવસ્તુક, પંચાશક, પ્રશમરતિ, ગુરુતત્ત્વવિનિશ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ઉપદેશમાલા (પુષ્પમાલા), ઉપદેશપદ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર આચાર્ય રાજશેખરસૂરિએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ થયો.

પ્રારંભ સમય :
વિ.સં.-૨૦૬૨, ચૈ.સુ.-૧૨

પ્રારંભ સ્થળ :
નવસારી - શાંતાદેવી રોડ
રમણલાલ છગનલાલ આરાધના ભવન.
(શ્રી આદિનાથ ભગવાનની છત્રછાયામાં)

સમાપ્તિ સમય :
વિ.સં.-૨૦૬૨, જે.વ.-૨

સમાપ્તિ સ્થળ :
છાણી (જિ. વડોદરા)
(શ્રી શાંતિનાથ સ્વામીની છત્રછાયામાં)

परिशिष्ट

गाथानामकाद्यनुक्रमणिका

गाथा	गाथाङ्क	गाथा	गाथाङ्क
[अ]		अविराहियसामन्नस्स	३००
अकयागमकयनासा	२१९	अविहीए होइच्चिय	११५
अच्चंतदारुणाइं	१०२	अव्वाबाहाउच्चिय	३९८
अज्झीणे पुव्वकए	१९३	अह उ अणन्नो देह	१७९
अट्ठण्हं सत्तण्हं	३०९	अह उ तहाभावंमि हु	१६१
अट्टेण तं न बंधइ	२९०	अह उभयक्खयहेऊ	१४५
अण अप्पच्चक्खाणा	१७	अह तं अहेउगं चिय	१४८
अणिवित्ती वि हु एवं	१७३	अह तं सयंचिय तओ	१५२
अणुवक्कमिओ नासइ	२०५	अह परपीडाकरणे	२४५
अतसवहनिवित्तीए	१२६	अह परिणामाभावे	२३०
अत्थिच्चिय अभिसंधी	२५१	अह सगयं वहणं चिय	१४४
अनिरिक्खियापमज्जिय	३१५	अहिगरणखामणं खलु	३६५
अन्नकयफलुवभोगे	१८७	[आ]	
अन्नाणकारणं जइ	१४१	आइज्जमणाइज्जं	२४
अन्नुन्नाणुगमाओ	१९०	आइल्लाणं तिण्हं	२८
अन्ने अकालमरणस्स-	१९२	आउस्स उवक्कमणं	२०७
अन्ने अभिग्गहा खलु	३७६	आउं च एत्थ कम्मं	१९
अन्ने आगंतुगदोस-	१६४	आऊ य नाम गोयं	११
अन्ने उ दुहियसत्ता	१३३	आगम मुक्खाउ ण किं	४२
अन्ने भणंति कम्मं	२०९	आयवउज्जोवविहाय	२२
अन्ने वि य अइयारा	९४	आणाणुग्गहबुद्धीइ	३२६
अपइट्ठाणंमि वि सं-	१३८	आरंभाणुमईओ	२९४
अप्पडिदुप्पडिलेहिय-	३२३	आवडियाकरणंपि हु	२४४
अरहंते वंदित्ता	१	आसवनिरोहसंवर	८१
अवहे वि नो पमाणं	२३९	आह कहं पुण मणसा	३३६

गाथा	गाथाङ्क
आह गुरु पूयाए	३४६
आह सुहे परिणामे	९७
आहारपोसहो खलु	३२१
[इ]	
इक्स्स इक्कमे खलु	३११
इत्तरियपरिग्गहिया	२७३
इत्तुच्चिय अफलत्ता	१४९
इत्तो य इमा जुत्ता	२५४
इत्थ उ समणोवासग	३२८
इत्थ य परिणामो खलु	५४
इत्थ वि समोहया मूढ	१५७
इत्थीपुरिसनपुंसग	१८
इत्थीपुरिसनपुंसग	७७
इय अणुभवलोगागम	१७४
इय अणुहवजुत्तीहेउ	४००
इय अविसेसा तसपाण	१२१
इय अहिए फलभावे	११२
इय एवं पुव्वावर	१६३
इय तस्स तयं कम्मं	२१६
इय परिणामा बंधे	२२९
इयमित्तरा निवित्ती	३९९
इयरस्स किं न कीरइ	१५३
इह अप्परिवडियगुणाणु-	३८९
इहपरलोगासंसप्पओग	३८५
इह लोगम्मि वि दिट्ठो	९१
इंगालीवणसाडी-	२८७
[उ]	
उक्कोसेण अणुत्तर	३०१
उचियं मुत्तूण कलं	३६९
उच्चालियंमि पाए	२२३
उड्ढमहे तिरियं पि य	२८०
उड्ढमहे तिरियं पि य	२८३
उदयक्खयखओवसमो-	१९७
उदयाभावे हिंसा	२२८
उवउत्तो गुरुमूले	१०८
उवगाराभावंमि वि	३४८
उवभोगपरीभोगे	२८४
उवसमगसेढिगयस्स	४५
उस्सग्गबंभयारी	३५५
[ऊ]	
ऊसरदेसं दड्ढिल्लयं व	४७
[ए]	
एएण कारणेणं	१६०
एएहभिभूआणं	३९४
एगसहावो निच्चो	१७७
एगंतेण सरीरा-	१८६
एगाइ तिन्निसमाया	६९
एत्तोच्चिय ववहारो	१८३
एयमिह ओहविसयं	३८
एयमिह सद्दहंतो	८४
एयस्स एगपरिणाम	२७
एयस्स मूलवत्थू	७
एयस्स य जो हेऊ	२०८
एयं पि न जुत्तिखमं	२२२
एवं अप्परिवडिए•	३९१
एवं कंखाईसु वि	९२

गाथा	गाथाङ्क
एवं खु जंतपीलणं	२८८
एवं च जा निवित्ती	२४७
एवं च जीवदव्वस्स	१८५
एवं च मुत्तबंधादओ	१६२
एवं च विहरिऊणं	३७७
एवं ठिइयस्स जया	३१
एवं पि य वहविरई	२२०
एवं मिच्छादंसण	२५६
एवंविहपरिणामो	६०
एवं सामायारि	३७५
[ओ]	
ओवंमे तादत्थे	१२४
ओवंमे देसो खलु	१२५
[क]	
कत्थइ जीवो बलीओ	१०१
कम्मोवक्कामिज्जइ	१९४
कयसामाइओ पुव्वि	३१४
कयसामइओ सो साहु-	२९३
कंदप्पं कुक्कुइयं	२९१
काऊण तक्खणं चिय	३१७
काऊण विगिट्ठतवं	३७९
कायवयमणोकिरिया	७९
कारवणं पुण मणसा	३३८
किं इय न तित्थहाणी	१६९
किं च सरीरा जीवो	१७८
किंचिदकाले वि फलं	२००
किं चिंतेइ न मणसा	२५५
किं चेहुवाहिभेया	५२
किं ताव तव्वहु च्चिय	२३७
किं वा तेणावहिओ	१७०
कुसुमसमा अब्भासा	३८८
कुसुमेहि वासियाणं	३८७
केइ बालाइवहे	२२१
केई भणंति एसा	३८२
केई भणंति गिहिणो	३३३
[ख]	
खित्ताइहिरन्नाई	२७८
खीणंमि उइन्नंमि	४६
खीणे दंसणमोहे	४८
[ग]	
गहणमणंताण न किं	४१
गहणासेवणरूवा	२९६
गुरुसक्खिओ उ धम्मो	३५१
गोयं च दुविहभेयं	२५
गोसम्मि पुव्वभणिओ	३६४
गोसे सयमेव इमं	३४४
[च]	
चरणपरिणामविरहा	३८१
चरमाण चउन्नं पि हु	३०४
चरमावत्थाइ तहा	३८०
चारियकहिए वज्झा	११७
चिट्ठउ ता इह अन्नं	१४०
[ज]	
जइ ताव तव्वहु च्चिय	२३८
जइ तेण तहा अकए	२११
जइयाणुभूइओ च्चिय	१९८

गाथा	गाथाङ्क	गाथा	गाथाङ्क
जइ वि न वंदणवेला	३७३	तत्तु च्चिय सो भावो	२१५
जच्चाइदोसरहिओ	३६१	तत्तो अर्णिदियं खलु	३५३
जच्चाईओ अहओ	२४०	तत्तो णंतगुणा खलु	१०३
जम्हा सो परिणामो	२३२	तत्तो तित्थुच्छेओ	१६६
जह कंचणस्स कंचण	१८४	तत्तो य तन्निमित्तं	२५०
जह वा दीहा रज्जू	२०३	तप्पज्जायविणासो	१९१
जं उद्धियं सुयाओ	४०१	तब्भावंमि अ जं किंचि	१४७
जं चाइयारसुत्तं	३८४	तम्हा ते वहमाणो	१३९
जं जह भणियं तं तह	४९	तम्हा निच्चसईए	१०४
जं जीवकम्मजोए	८	तम्हा नेव निवित्ती	१६७
जं नेरइओ कम्मं	१५९	तम्हा पाणवहोवज्जिय-	१५०
जंमाभावे न जरा	३९७	तम्हा विसुद्धचित्ता	१७५
जं मोणं तं सम्मं	६१	तम्हा विसेसिऊणं	१२३
जं साइयारमेयं	९६	तम्हा सव्वेसिं चिय	२३४
जिणभासियधम्मगुणे	३८६	तयहीणत्ता वयतणु	३३७
जीवाजीवासवबंध	६३	तवसा उ निज्जरा इह	८२
जीवो अणाइनिहणो	९	तव्विहखओवसमओ	५१
जे नियमवेयणिज्जस्स	१००	तसपाणघायविरई	११९
जे पुणऽकयपणिहाणा	३७१	तसभूयपाणविरई	१२२
जे वि य कयंजलिउडा	३७२	तसभूयावि तसच्चिय	१२९
जेसिमवड्ढो पुग्गल-	७२	तह चेव य उज्जुत्तो	३२४
जेसि मिहो कुलवेरं	२४९	तह तुल्लंमि वि कम्मे	२०२
[त]		तह वन्नगंधरसफास	२१
तक्कयसहकारित्तं	२१०	तह वहभावे पाव-	१३५
तग्गहणउ च्चिय तओ	११३	तं उवसमसंवेगाइ	५३
तत्तत्थसद्दहाणं	६२	तं जाविह संपत्ती	३४
तत्तायगोलकप्पो	२८१	तं दाणलाभभोगो	२६
तत्तु च्चिय मरियव्वं	२१४	तंमि य कए समाणे	३७४

गाथा	गाथाङ्क
ता इत्थ जं न पत्तं	३६२
ता कह निज्जुत्तीए	३३४
ता तिव्वरागदोसा	१५८
तादत्थे पुण एसो	१२७
ता पाणवहनिवित्ती	१३४
ता बंधमणिच्छंतो	२५३
तिन्नि तिया तिन्नि दुया	३३०
तीइ वि य थोवमित्ते	३२
तीत्थंकरभत्तीए	१०५
ते पुण दुसमयठिइस्स	३०८
ते वि य कयंजलिउडा	३६९
तेसि पणिहाणाओ	३७०
तेसि वहिज्जमाण वि	१३६
[थ]	
थावरसंभारकडेण	१३०
थूलगपाणाइवायं	११४
थूलगपाणिवहस्सा-	१०७
थूलमदत्तादाणे	२६५
थूलमुसावायस्स उ	२६०
[द]	
दट्ठूण पाणिनिवहं	५८
दड्ढंमि जहा बीए	३९६
दिसिवयगहियस्स दिसा	३१८
दुन्ह वि य मुसावाओ	११०
दुविहं च मोहणियं	१५
दुविहं चरित्तमोहं	१६
दुहिओ वि नरगगामी	१५५
देवा नेरइया वा	७४
देवीतुट्ठो राया	११६
देसविरइपरिणामे	१०९
देसावगासियं नाम	३१९
देसे कुलं पहाणं	३५७
देसे सव्वे य दुहा	३२२
देहाइनिमित्तं पि हु	३४९
[ध]	
धम्माधम्मागासा	७८
[न]	
न करइ न करावेइ य	३३१
न करेइच्चाइतियं	३३२
नणु तं न जहोवचियं	२०४
न य चेयणा वि अणु	१८८
न य तस्स तन्निमित्तो	२२४
नयणेयरेहिकेवल	१४
न य सइ तसभावंमि	१३२
न य सव्वो सव्वं चिय	२१२
न य संसारम्मि सुहं	३६०
नरगाउबंधविरहा	१३७
नरविबुहेसरसुक्खं	५६
नव नव संवेगो खलु	३
न वि तं करेइ देहो	४
न सरइ पमायजुत्तो	३१६
न हि दीहकालियस्स वि	१९५
नागरगंमि वि गामा	१३१
नाणाभवाणुभवणा-	१९९
नाणावरणादुदया	९८
नामस्स य गोयस्स य	२९

गाथा	गाथाङ्क
नामं दुचत्तभेयं	२०
नायागयाण अन्नाइयाण	३२५
नारगदेवाईसुं	२४३
नारयतिरियनरामर	५७
नारयदेवा तिरिमणुय	७०
नासइ इमीए नियमा	९०
निच्चस्स सहावंतर	१८२
निच्चाण वहाभावा	१७६
निच्चाणिच्चो जीवो	१८०
निच्चाणिच्चो संसार	१८१
निद्दानिद्दानिद्दा	१३
नियकयकम्मुवभोगे	२१३
नियमो न संभवो इह	२४२
निरुवमसुक्खो मुक्खो	१५४
निवसिज्ज तत्थ सड्ढो	३३९
नीसेसकम्मविगमो	८३
नेगंतेणं चिय जे	९९
नेरइयाण वि तह देह-	१५६
नो अविसए पवित्ती	२३६
नो खलु अप्परिवडिए	९५
[प]	
पच्चक्खायंमि इहं	१२०
पच्छाकयपणिहाणा	३६८
पडिवज्जिऊण य वयं	२५७; २६२, २६७, २७२, २७७
पडिवन्नम्मि य विहिणा	२८२
पढमं नाणावरणं	१०
पढमंतओ य पच्छा	३६७
पढमं पंचवियप्पं	१२
पत्तेयं साहारण	२३
पयईइ व कम्माणं	५५
परकयकम्मनिबंधा	२१८
परदारपरिच्चाओ	२७०
परपासंडपसंसा	८८
परिसुद्धजलग्गहणं	२५९
पलिओवमप्पुहुत्तं	३०२
पल्ले महइमहल्ले	३५,३६,३७
पवयणमाईछज्जीव	२९७
पंच उ अणुव्वयाइं	१०६
पंच महव्वय साहू	३१०
पंचसु ववहारेणं	३०३
पंचेव अणुव्वयाइं	६
पायमिह कूरकम्मा	७३
पावइ बंधाभावो	३९
पुत्ताइसंतइनिमित्त	३३५
पूयाए कायवहो	३४५
[ब]	
बहुतरकम्मोवक्कम	२३३
बंधवहच्छविछेए	२५८
बुद्धीए निएऊणं	२६४
[भ]	
भणियं च कूवनायं	३४७
भणिया अपच्छिमा	३७८
भणिया तयणंतरमो	३८३
भव्वा जिणेहि भणिया	६६

गाथा	गाथाङ्क	गाथा	गाथाङ्क
भव्वाहारगपज्जत्त	६५	वज्जिज्जा आणयण-	३२०
भाविज्ज य संतोसं	२७९	वज्जिज्जा तेणाहड	२६८
भिन्नंमि तंमि लाभो	३३	वज्जिज्जा मोहकरं	२७४
भिन्नो जहेह कालो	२०१	वहमाणो ते नियमा	१४३
भूएसु जंगमत्तं	३५६	वावाइज्जइ कोई	२४१
भेएण खित्तवत्थू-	२७६	विग्गहगइमावन्ना	६८
भेएण लवणघोडग-	२६६	विरई अणत्थदंडे	२८९
[म]		विवरीयसद्दहाणे	८५
मणवयणकायदुप्पणि-	३१२	विवरीया उ अभव्वा	६७
मन्नइ तमेव सच्चं	५९	विहिउत्तरमेवेयं	२४६
मंदपगासे देसे	२२५	वेयणिस्स य बारस	३०
मिगवहपरिणामगओ	२२७	[स]	
मिच्छत्तं जसुदिन्नं	४४	सग्गं कम्मक्खय	३६३
मिच्छादंसणमहणं	३४१	सकयं पि अणेगविहं	२१७
मुत्ता अणेगभेया	७६	सकसायत्ता जीवो	८०
मुत्ताण कम्मबंधो	१४२	सगचंदणविससत्थाइ	१८९
मूलपयडीसु जइणो	३०५	सुचित्ताचित्तेसुं इच्छा	२७५
मोक्खोऽसंखिज्जाओ	४०	सचित्ताहारं खलु	२८६
मोहाऊवज्जाणं	३०७	सच्चित्तनिक्खिवणयं	३२७
[र]		सत्तविहबंधगा हुंति	३०६
रागाइविरहओ जं	३९५	सप्पवहाभावंमि वि	२२६
रागाईणमभावा	३९२	सम्मत्तस्सइयारा	८६
रागो दोसो मोहो	३९३	सम्मत्तं पि य तिविहं	४३
रायामच्चो विज्जा	९३	सम्मत्तंमि य लद्धे	३९०
रायासड्ढो वणिया	११८	सयमवि य अपरिभोगो	१७२
[व]		सयमिह मिच्छदिट्ठी	५०
वज्जणमिह पुव्वुत्तं	२६१	सव्वपवित्तिअभावो	१७१
वज्जणमिह पुव्वुत्तं	२७१	सव्ववहसमत्थेणं	१६५

गाथा	गाथाङ्क	गाथा	गाथाङ्क
सव्वं च पएसतया	१९६	सिय न वहे परिणामो	२३१
सव्वेसि विराहणओ	२५२	सीयालं भंगसयं	३२९
सहसा अब्भक्खाणं	२६३	सीले खाइयभावो	३५९
संकाए मालिन्नं	८९	सीहवहरक्खिओ सो	१६८
संते विय परिणामे	१११	सुणिऊण तओ धम्मं	३५२
संपत्तदंसणाई	२	सुत्तभणिएण विहिणा	३५०
संपुन्नं परिपालइ	२९८	सुहिएसु वि वहविरई	१५१
संभवइ वहो जेसिं	२३५	सेविज्ज तओ साहू	३५४
संसयकरणं संका	८७	सेसा उ तिरियमणुया	७१
संसारिणो य मुत्ता	६४	सेसा संसारत्था	७५
सामाइयम्मि उ कए	२९९	सो दुविहो भोयणओ	२८५
सामाइयं ति काउं	३१३	सोवक्कममिह सज्झं	२०६
साहम्मियथिरकरणं	३४२	हिमजणियं सीयंचिय	१४६
साहूण वंदणेणं	३४०	[ह]	
साहूण सावगाण य	३६६	हिंसाइपायगाओ	२४८
सिक्खा दुविहा गाहा	२९५	होइ दढं अणुराओ	५
सिक्खापयं च पढमं	२९२	होइ बले वि य जीवं	३५८
सिय जीवजाइमहि-	१२८		



સિદ્ધાંત મર્મજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ આદિ દ્વારા લેખિત – સંપાદિત – અનુવાદિત પ્રાપ્ય પુસ્તકો

સંપૂર્ણ ટીકાના ભાવાનુવાદવાળા પુસ્તકો

- પંચસૂત્ર
- ધર્મબિંદુ
- યોગબિંદુ
- પ્રતિમાશતક
- આત્મપ્રબોધ
- પાંડવ ચરિત્ર
- વીતરાગ સ્તોત્ર
- શ્રાદ્ધદિનકૃત્ય
- અષ્ટક પ્રકરણ
- યોગદષ્ટિ સમુચ્ચય
- પ્રશમરતિ પ્રકરણ
- શ્રાદ્ધવિધિ પ્રકરણ
- ઉપદેશપદ ભાગ ૧–૨
- પંચવસ્તુક ભાગ ૧–૨
- ભવભાવના ભાગ ૧–૨
- શ્રાવક ધર્મવિધિ પ્રકરણ
- ઉપદેશમાલા (પુષ્પમાલા) ભાગ ૧–૨

ગુજરાતી વિવેચનવાળા પુસ્તકો

- પ્રભુભક્તિ
- શ્રાવકના બાર વ્રતો
- જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ
- શત્રુંજય તીર્થ સોહામણું
- આહાર શુદ્ધિથી આત્મશુદ્ધિ
- ચિત્ત પ્રસન્નતાની જડીબુટ્ટીઓ
- સ્વાધીન રક્ષા–પરાધીન ઉપેક્ષા
- તપ કરીએ ભવજલ તરીએ
  (બાર પ્રકારના તપ ઉપર વિસ્તારથી વિવેચન)
- આધ્યાત્મિક પ્રગતિનાં પાંચ પગથિયાં
- એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ
- નિત્ય ઉપયોગી સાધના સંગ્રહ

સૂત્રોના અનુવાદવાળા પુસ્તકો

- ચૈત્યવંદન મહાભાષ્ય
- યતિ લક્ષણ સમુચ્ચય
- હીર પ્રશ્ન

સંસ્કૃત પ્રાકૃત પ્રત

- સિરિસિરિવાલકહા
- શ્રાદ્ધદિનકૃત્ય
- આત્મપ્રબોધ

અભ્યાસી વર્ગને ઉપયોગી પુસ્તકો

- સિદ્ધહેમ શબ્દાનુશાસન (મધ્યમવૃત્તિ ભાગ ૧–૨–૩)
- તત્ત્વાર્થાધિગમ સૂત્ર
  (મહેસાણા પાઠશાળા દ્વારા પ્રકાશિત)
- તત્ત્વાર્થાધિગમ સૂત્ર (પોકેટ બુક)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ–ટીકાર્થ)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ–ભાવાર્થ)
- પ્રશમરતિ (અન્વય સહિત શબ્દાર્થ–ભાવાર્થ)
- જ્ઞાનસાર (અન્વય સહિત શબ્દાર્થ–ભાવાર્થ)
- અષ્ટક પ્રકરણ (અન્વય સહિત શબ્દાર્થ–ભાવાર્થ)
- સંસ્કૃત શબ્દ રૂપાવલી
- સંસ્કૃત ધાતુ રૂપાવલી – કૃદંતાવલી

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટના આગામી પ્રકાશનો

આચાર પ્રદીપ, સંબોધ પ્રકરણ, ગુરુતત્વ વિનિશ્ચય

પ્રાપ્તિસ્થાન : શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ

હિન્દુસ્તાન મીલ સ્ટોર્સ : ૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે,
મુંબઈ–આગ્રા રોડ, ભિવંડી–૪૨૧ ૩૦૫. ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, ૨૩૩૮૧૪

Tejas Printers
AHMEDABAD PH. (079) 26601045